ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# ES-113
# સામાજિક વિજ્ઞાનનું અધ્યાપન
# Teaching of Social Science

વિભાગ

# 1

## સામાજિક વિજ્ઞાન અને તેનું શિક્ષણ


એકમ-1 સામાજિક વિજ્ઞાનનો અર્થ અને મહત્ત્વ

એકમ-2 સામાજિક વિજ્ઞાન શિક્ષણના ધ્યેયો અને હેતુઓ

એકમ-3 સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં આયોજન

એકમ-4 સામાજિક વિજ્ઞાનનો અભ્યાસક્રમ

# ES-113, સામાજિક વિજ્ઞાનનું અધ્યાપન (વિભાગ-1)


**લેખક**

**ડૉ. વાઘજીભાઈ વી. બારૈયા (નિવૃત્ત)** આણંદ એજ્યુકેશન કૉલેજ, આણંદ

**પરામર્શક (વિષય)**

**ડૉ. રાકેશભાઈ પટેલ** પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ

**પરામર્શક (ભાષા)**

**ડૉ. બીજલ આર. મિસ્ત્રી** આણંદ એજ્યુકેશન કૉલેજ, આણંદ.

**સંપાદન અને સંયોજન**

**પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** નિયામકશ્રી (શિક્ષણશાસ્ત્ર)
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી.
અમદાવાદ.

**સંયોજન સહાય**

**ડૉ. મીના આઈ. રાજપૂત** ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી.
અમદાવાદ.



**પ્રકાશક :** કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ-382481

**આવૃત્તિ :** પ્રથમ આવૃત્તિ-2020, **નકલ :** 600
દ્વિતીય આવૃત્તિ-2020, **નકલ :** 260
તૃતીય આવૃત્તિ-2021, **નકલ :** 1200

**ISBN : 978-93-5598-098-4**



Copyright © Registrar, Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad.
December 2020

While all efforts have been made by editors to check accuracy of the content, the representation of facts, principles, descriptions and methods are that of the respective module writers. Views expressed in the publication are that of the authors, and do not necessarily reflect the views of Dr. Babasaheb Ambedkar Open University. All products and services mentioned are owned by their respective copyrights holders, and mere presentation in the publication does not mean endorsement by Dr. Babasaheb Ambedkar Open University. Every effort has been made to acknowledge and attribute all sources of information used in preparation of this Self Learning Material. Readers are requested to kindly notify missing attribution, if any.

## ES-113 સામાજિક વિજ્ઞાનનું અધ્યાપન

### વિભાગ-1 : સામાજિક વિજ્ઞાન અને તેનું શિક્ષણ

1. સામાજિક વિજ્ઞાનનો અર્થ અને મહત્ત્વ
2. સામાજિક વિજ્ઞાન શિક્ષણના ધ્યેયો અને હેતુઓ
3. સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં આયોજન
4. સામાજિક વિજ્ઞાનનો અભ્યાસક્રમ

### વિભાગ-2 : સામાજિક વિજ્ઞાનના મહત્ત્વના પાસાંઓ

5. સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં શિક્ષણ પદ્ધતિઓ
6. સામાજિક વિજ્ઞાન પાઠ્યપુસ્તક
7. સામાજિક વિજ્ઞાન શિક્ષક
8. સામાજિક વિજ્ઞાન મંડળ

### વિભાગ-3 : મૂલ્યાંકન અને સાધનો

9. સામાજિક વિજ્ઞાનમાં મૂલ્યાંકન-૧
10. સામાજિક વિજ્ઞાનમાં મૂલ્યાંકન-૨
11. સામાજિક વિજ્ઞાનમાં શૈક્ષણિક સાધનો-૧
12. સામાજિક વિજ્ઞાનમાં શૈક્ષણિક સાધનો-૨

### વિભાગ-3 : સંશોધન અને પ્રયુક્તિઓ

13. સામાજિક વિજ્ઞાન ખંડ
14. સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં અનુબંધ
15. ક્રિયાત્મક સંશોધન
16. સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં પ્રયુક્તિઓ

## દૂરવર્તી અધ્યયનમાં સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીની ભૂમિકા

દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં અસરકારક સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રી અનિવાર્ય છે. આ અભ્યાસ-સામગ્રીના લેખકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એકબીજાથી ઘણાં દૂર અને ક્યારેક તો ક્યારેય ન મળી શકે તેવી સ્થિતિમાં હોવાથી આવી અધ્યયન સામગ્રી સુગમ અને અસરકારક હોવી જરૂરી છે. દૂરવર્તી શિક્ષણ માટેની અભ્યાસ-સામગ્રીમાં વિદ્યાર્થીના બૌદ્ધિક ચિંતનને ઉદ્દીપ્ત કરવાની ક્ષમતા તથા આવશ્યક તમામ અધ્યયન પ્રવૃત્તિઓ હોવી જોઈએ. આ સામગ્રી પાઠ્યક્રમના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓના અનુસંધાને વિદ્યાર્થીને પર્યાપ્ત માર્ગદર્શન આપવા સક્ષમ હોવી જોઈએ. સ્વ-અધ્યયન સામગ્રીમાં અભ્યાસક્રમમાં સૂચિત તમામ બાબતોનો સમાવેશ થાય તે જરૂરી છે.

અસરકારક અધ્યયન સિદ્ધ કરવા માટે અનેક પ્રકારના આયોજનનો ઉપયોગ કરવામાં આવે છે; જેનાથી વિદ્યાર્થી જ્ઞાનોપાર્જન કરી શકે. બૌદ્ધિક અને મનોશારીરિક કૌશલ્યો કેળવી શકે અને વર્તન તથા અભિગમમાં આવશ્યક પરિવર્તનો સાધી શકે. આથી જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન પણ પાઠ્યસામગ્રીમાં આવરી લેવામાં આવ્યું છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન અભ્યાસ સામગ્રીમાં ઉપયોગમાં લેવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સ્વરૂપ તે શિક્ષણના જ્ઞાનાત્મક, ભાવાત્મક કે મનોશારીરિક હેતુમાંથી કયા હેતુને સંલગ્ન છે ? તેના પર આધારિત છે. આ હેતુઓ ભવિષ્યમાં અનુક્રમે જ્ઞાન, બૌદ્ધિક કૌશલ્યો અને મનોશારીરિક કૌશલ્યોની ઉપલબ્ધિમાં પરિણમે છે. વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનની પ્રાપ્તિ, ઉપયોગ અને અભિવ્યક્તિ કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો અને અનુભવોનો આધાર લઈને રચવામાં આવેલ શિક્ષણ સામગ્રી દ્વારા બૌદ્ધિક કૌશલ્યના હેતુને સિદ્ધ કરી શકાય છે અને તેના દ્વારા નવીન જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ પ્રશસ્ત થાય છે.

અભ્યાસ-સામગ્રીમાં સ્વાધ્યાય પ્રોજેક્ટ અને પ્રતિપૃષ્ટિ(Feedback)ના સ્વરૂપે અભ્યાસનું આયોજન જરૂરી છે. શારીરિક કૌશલ્ય સંબંધિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ચિત્રાત્મક રજૂઆત હોવી જોઈએ અને ત્યારબાદ ઉચિત અભ્યાસનું આયોજન હોવું જોઈએ. વર્તન અને અભિગમમાં પરિવર્તન માટે આયોજિત શિક્ષણ પ્રવૃત્તિઓ રસ જન્માવે તેવી તથા આ પરિવર્તન દ્વારા થતાં લાભ અને તેની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે તેવી હોવી જોઈએ. ત્યાર પછી નવાં અભિગમોને અપનાવવાની અને તે સંબંધિત પ્રક્રિયાના યોગ્ય અભ્યાસનું ઉચિત આલેખન થવું જોઈએ.

## દૂરવર્તી શિક્ષણની ભૂમિકા.

પ્રત્યક્ષ અધ્યાપનમાં જોવા મળતી પ્રત્યાયનની વિશેષતાઓ; જેવી કે અંતરાલાપ, પૂર્વઅભિસંધાન, યોગ્ય સ્થાને વિરામ, આરોહ-અવરોહ, ભાવ-ભંગીમાં, સ્વરભાર વગેરે દૂરવર્તી અધ્યયનમાં ઉપલબ્ધ નથી. આ ઉણપ વિશેષતઃ મુદ્રિત સાહિત્યમાં (લેખિત સાહિત્યમાં) જોવા મળે છે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના વ્યવહારની આ ખૂટતી કડીને જોડવા માટે જ દૂરવર્તી સ્વ-અધ્યયન સામગ્રીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. માટે જ આવી પ્રવૃત્તિઓનું આયોજન વૈકલ્પિક નહીં; પરંતુ અનિવાર્ય છે.

સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીને નાના એકમોમાં વિભાજિત કરીને શિક્ષણના ઉત્તમ સાધન તરીકે વિકસાવવાની સંકલ્પના છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય દ્વારા શિક્ષણના વિવિધ ક્ષેત્રના હેતુઓ સિદ્ધ થાય તેવો પ્રયત્ન કરવાનો છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન સામગ્રીનું આયોજન પૂર્વનિશ્ચિત શૈક્ષણિક નીપજને ધ્યાનમાં લઈને કરવાનું હોવાથી તેના હેતુઓ અને ધ્યેયો નિશ્ચિત હોય છે. વળી અધ્યેતાઓ દૂરસ્થ હોવાથી આ સામગ્રી દ્વારા તેઓ નિશ્ચિત અધ્યયન પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહે તેવું આયોજન કરવામાં આવે છે. જેથી અધ્યેતાઓ સંબંધિત સંકલ્પનાઓને બરાબર સમજી શકે. સ્વ-અધ્યયન સામગ્રીમાં સાથે સંકળાયેલ સ્વાધ્યાયો, પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને પ્રકલ્પોનો પણ આ જ હેતુ છે. આ સામગ્રી માટે ઉચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની ઉદાહરણરૂપ સૂચિ ઘણી મોટી હોઈ શકે. આ સંદર્ભે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને અભિપ્રેરિત કરે છે, માર્ગદર્શન આપે છે અને વિદ્યાર્થીની પ્રગતિ અને પ્રદર્શનનું સતત માપન-મૂલ્યાંકન પણ કરે છે.

**એકમ 1**

# સામાજિક વિજ્ઞાનનો અર્થ અને મહત્ત્વ

**: રૂપરેખા :**

**૧.૦ ઉદ્દેશો**

**૧.૧ પ્રસ્તાવના**

**૧.૨ સામાજિક વિજ્ઞાનનો અર્થ**

**૧.૩ સામાજિક વિજ્ઞાનની વ્યાખ્યાઓ**

**૧.૪ સામાજિક વિજ્ઞાનની સંકલ્પના—વિભાવના**

**૧.૫ સામાજિક વિજ્ઞાનના શિક્ષણનું મહત્ત્વ**

**૧.૬ સામાજિક વિજ્ઞાનનું સ્વરૂપ**

**૧.૭ સામાજિક વિજ્ઞાનનું કાર્યક્ષેત્ર**

**૧.૮ સામાજિક વિજ્ઞાનની વિશેષતાઓ**

**૧.૯ સામાજિક વિજ્ઞાનની જરૂરિયાત**

**૧.૧૦ સારાંશ**

**૧.૧૧ એકમ સ્વાધ્યાય**

**૧.૧૨ તમારી પ્રગતિ ચકાસો**

**૧.૧૩ તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો**

**૧.૧૪ સૂચિત વાંચન સામગ્રી**

## ૧.૦ ઉદ્દેશો : Objectives

- આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે ...

(૧) સામાજિક વિજ્ઞાનનો અર્થ સમજી શકશો.

(૨) સામાજિક વિજ્ઞાનની વ્યાખ્યા સમજી શકશો.

(૩) સામાજિક વિજ્ઞાનની સંકલ્પના સમજી શકશો.

(૪) સામાજિક વિજ્ઞાનના શિક્ષણનું મહત્ત્વ સમજી શકશો.

(૫) સામાજિક વિજ્ઞાનનું સ્વરૂપ સમજી શકશો.

(૬) સામાજિક વિજ્ઞાનનું કાર્યક્ષેત્ર સમજી શકશો.

(૭) સામાજિક વિજ્ઞાનની વિશેષતાઓ સમજી શકશો.

(૮) મનોવિજ્ઞાનની વિવિધ શાખાઓ સમજી શકશો.

(૯) સામાજિક વિજ્ઞાનની જરૂરિયાત સમજી શકશો.

## ૧.૦ પ્રસ્તાવના :

- ૧૯૬૪—૬૬ના કોઠારી શિક્ષણ પંચની ભલામણો બાદ દેશમાં ૧૯૮૬ની શિક્ષણ નીતિ અને ૧૯૮૬ની નવી શિક્ષણ નીતિ આવી, જેના પરિણામે એન.સી.ઈ.આર.ટી.એ સૌ પ્રથમ 'પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ માટેનો રાષ્ટ્રીય અભ્યાસક્રમ: એક માળખું દેશ સમક્ષ મૂક્યો, જેના પરિણામે કાર્યક્રમ અમલીકરણ યોજના ૧૯૯૨ અસ્તિત્વમાં આવી.

- બાર વર્ષના ગાળા પછી અને ૨૦૦૦માં એન.સી.ઈ.આર.ટી.એ શાળા શિક્ષણ માટે રાષ્ટ્રીય અભ્યાસક્રમની રૂપરેખાનો ચર્ચા માટેનો મુદ્દો રજૂ કર્યો, જેના પર ચારેક વર્ષ સુધી ચર્ચા–વિચારણાઓ થઈ. એ દરમિયાન યુનેસ્કોએ નીમેલ વિશ્વ પંચનો 'શિક્ષણ : ભણતરનો ખજાનો' અહેવાલ પ્રગટ થયો જેમાં શિક્ષણના ચાર આધાર સ્તંભો :

  - સર્જન માટે શિક્ષણ

  - જ્ઞાન માટે શિક્ષણ

  - માનવ વિકાસ માટેનું શિક્ષણ

  - સામુદાયિક જીવન માટે શિક્ષણ આપ્યા.

- આ બધાના સંદર્ભોને આધારે પ્રો. યશપાલજીની અધ્યક્ષતામાં એન.સી.ઈ.આર.ટી.એ રાષ્ટ્રીય અભ્યાસક્રમ–૨૦૦૫નો અહેવાલ ૭–૬–૨૦૦૫ના રોજ 'કેન્દ્રિય શિક્ષણ સલાહકાર સમિતિ' સમક્ષ મૂક્યો, જેનો અમલ જૂન–૨૦૦૬થી થયો.
- આ અભ્યાસક્રમોની રૂપરેખામાં 'સમાજવિદ્યા'ને બદલે 'સામાજિક વિજ્ઞાન' વિષય અસ્તિત્વમાં આવ્યો, જે જૂન–૨૦૦૪થી ગુજરાત રાજ્યમાં ધોરણ–૮માં, ૨૦૦૫માં ધોરણ–૯માં અમલી બન્યો, ૨૦૦૬થી ધોરણ–૧૦માં તેનું અમલીકરણ થયું. આ સુસંકલિત અભ્યાસક્રમમાં :– ઈતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર અને સમાજ નવરચના 'અભ્યાસક્રમ'ને સંયોજિત કરી, સુસંકલિત અભિગમથી તૈયાર કર્યો છે.
- આપણાં અધ્યાપન વિદ્યાલયોએ પણ હવે 'સામાજિક વિજ્ઞાન'ની પદ્ધતિ સ્વીકારી છે.
- જ્ઞાન અવિભાજ્ય અને અખંડ છે. શિક્ષણકાર્ય સરળ બનાવવા જ્ઞાનનું વિભાજન જુદાં જુદાં વિષયોમાં વિજ્ઞાન અને સમાજ વિજ્ઞાન જ્ઞાનના મુખ્ય વિભાગો છે. માનવ અને માનવ સમાજની વિવિધ ક્રિયા અને પ્રતિક્રિયાનું વર્ણન સામાજિક વિજ્ઞાન દ્વારા કરવામાં આવે છે.
- પ્રાકૃતિક વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન એમ જ્ઞાનની બે મુખ્ય શાખા છે. પ્રાકૃતિક વિજ્ઞાનમાં ભૌતિક શાસ્ત્ર, રસાયણ શાસ્ત્ર, ખગોળ શાસ્ત્ર અને વનસ્પતિ શાસ્ત્રનો સમાવેશ થાય છે.
- જ્યારે સામાજિક વિજ્ઞાનમાં ઈતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન અને નૃવંશ શાસ્ત્રનો સમાવેશ થાય છે.
- આ બધા જ વિષયો માનવ અને માનવ સમાજના ઉદ્ભવ, સંગઠન અને વિકાસની પ્રક્રિયા સાથે ગાઢ સંબંધ ધરાવે છે. સમગ્ર માનવ સમાજની રહેણીકરણી, જીવનશૈલી અને વિવિધ પ્રવૃત્તિઓની માહિતી આ વિષયોના અભ્યાસક્રમ દ્વારા પ્રાપ્ત થાય છે.
- માનવ સમાજની તમામ પ્રવૃત્તિઓ પર અસર થાય છે. જીવન વિકાસ સાથે સુમેળ સાધવા પ્રાકૃતિક પરિબળોનો વધુને વધુ લાભ લેવા માનવીએ અનેક વૈજ્ઞાનિક શોધોના સૂક્ષ્મ પરિણામો હાંસલ કર્યા છે, પરિણામે માનવીના વ્યક્તિગત જીવનમાં અને સાથોસાથ સમાજમાં ઝડપી પરિવર્તન થયું છે.
- આમ સામાજિક વિજ્ઞાન એ માનવ સમાજના વિકાસ સાથે આવેલા પરિવર્તનોની સમજ વિકસાવતી વિદ્યા છે. આ અર્થમાં જ સમાજવિદ્યાને સામાજિક વિજ્ઞાન તરીકે ઓળખવામાં આવે છે.

## ૧.૨ સામાજિક વિજ્ઞાનનો અર્થ : (Meaning of Social Science)

- સામાજિક વિજ્ઞાન એટલે સમાજનાં ઐતિહાસિક, રાજકીય, બંધારણીય, ભૌગોલિક, અર્થશાસ્ત્રીય, સમાજ નવરચનાનાં વિવિધ પાસાંઓનું અભ્યાસ કરતું વિજ્ઞાન.
- કોદાળીથી કમ્પ્યુટર સુધીની માનવ સમાજની વિકાસયાત્રા એટલે જ સામાજિક વિજ્ઞાન.
- સામાજિક વિજ્ઞાનનો અભ્યાસક્રમ દરેક નાગરિકને સમાજ વ્યવસ્થા, રાજ્ય વ્યવસ્થા અને

અર્થ વ્યવસ્થા વિશે વૈજ્ઞાનિક અને વૈજ્ઞાનિક જ્ઞાન પૂરું પાડે છે. આ ત્રણેય બાબતો લોકશાહીની સફળતાના આધારસ્તંભો હોવાથી દરેક નાગરિકે તેનું જ્ઞાન હસ્તગત કરવું પડે. સામાજિક વિજ્ઞાન એ જીવનમાં આચરવાનું વિજ્ઞાન છે અને તે પ્રત્યેક નાગરિકના જીવન વ્યવહારોને જીવન પર્યંત સ્પર્શે છે.

- સમાજ સાથે સંકળાયેલા વિવિધ પાસાંઓનો અભ્યાસ કરતા શાસ્ત્રને સામાજિક વિજ્ઞાન કહે છે. માનવીના સંબંધોને વર્ણવતાં શાસ્ત્રને સામાજિક વિજ્ઞાન કહે છે.

*ડૉ. આર. એચ. દવે –*

- સામાજિક વિજ્ઞાન વિષયનો સંબંધ પ્રજાના સામાજિક અને પ્રાકૃતિક પર્યાવરણીય આંતર પ્રક્રિયા સાથે છે.
- માનવીય સંબંધોનો વિકાસ સામાજિક પરિસ્થિતિમાં થાય છે. માનવીય સંબંધોના વિકાસમાં પ્રાકૃતિક વાતાવરણ વચ્ચે સામાજિક પરિસ્થિતિ કઈ રીતે અસર કરે છે તેની સમજ સામાજિક વિજ્ઞાન વિષયનું હાર્દ ગણાય છે.
- સામાજિક વિજ્ઞાનને બીજાં શબ્દોમાં વર્ણવીએ તો...
- સામાજિક વિજ્ઞાન એટલે ઈતિહાસના પરિપ્રેક્ષ્યમાં પૃથ્વીના રંગમંચ ઉપર વિકસાવેલાં માનવીય સંબંધોની વિકાસ ગાથા. આ વિકાસગાથામાં પરિવર્તન પામતા સામાજિક રીત રિવાજો અને પરંપરાઓનો સમાવેશ થાય છે. માનવીએ સમાજમાં રહી જીવન જીવવાની જે કળા વિકસાવી તેની ક્રમબદ્ધ વિગત આ વિષય દ્વારા જ જાણી શકાય છે.
- એન.સી.ઈ.આર.ટી. દ્વારા પ્રકાશિત પત્રિકામાં સામાજિક વિજ્ઞાન વિશેનો ખ્યાલ આ રીતે રજૂ થયો છે – 'સામાજિક વિજ્ઞાનને લોકો અને સામાજિક તથા પ્રાકૃતિક પર્યાવરણ વચ્ચેની આંતરક્રિયા સાથે સંબંધ છે.'
- સામાજિક વિજ્ઞાન વિદ્યાર્થી જે સમાજમાં ઉછરે છે અને જીવે છે તે સમાજની પ્રવર્તમાન અને ભૂતકાલીન પરિસ્થિતિ, વિશ્વના અન્ય દેશોની કે પ્રદેશોની પરિસ્થિતિઓ સાથેનો સંબંધ સમજાવતું–સ્પષ્ટ કરતું સામાજિકશાસ્ત્ર છે.
- સામાજિક વિજ્ઞાનના જે અંતભૂત વિષયો છે, તેમાં ઈતિહાસ દ્વારા ભૂતકાલીન પરિસ્થિતિ, નાગરિક શાસ્ત્ર દ્વારા પ્રવર્તમાન પરિસ્થિતિ, ભૂગોળ દ્વારા દુનિયાના વિવિધ દેશો અને પ્રદેશોની પરિસ્થિતિની, અર્થશાસ્ત્ર દ્વારા આર્થિક સ્થિતિ વગેરે અંગેની સમજ વિકસે છે.

  ટૂંકમાં સામાજિક વિજ્ઞાન એટલે...

- માનવ સમાજના વિવિધ સંગઠનો અને સંગઠનોની કાર્યપદ્ધતિની માનવ સમાજના વિકાસ પર થયેલી અસરોની સમજ આપતો વિષય.
- વ્યક્તિગત વિકાસ અને સામાજિક વિકાસ માટેના માનવ પ્રયત્નોનો અભ્યાસ.
- માનવ સમાજના વિકાસ સાથે આવેલાં પરિવર્તનોની સમજ આપતો વિષય.
- વ્યક્તિની રહેણી–કરણી, જીવનશૈલી, આહાર–વિહાર, આવકનો અભ્યાસ કરતો વિષય.
- વ્યક્તિની સામાજિક પરિસ્થિતિઓનો અભ્યાસ કરતો વિષય.
- સમાજનો વ્યક્તિ સાથેનો અને વ્યક્તિનો સમાજ સાથેનો સંબંધ દર્શાવતું શાસ્ત્ર એટલે સામાજિક વિજ્ઞાન.
- દેશ અને દુનિયાની વર્તમાન, આર્થિક, રાજકીય પરિસ્થિતિના વિકાસમાં ભૂતકાલીન, ઐતિહાસિક, ભૌગોલિક, સામાજિક ઘટનાઓની અસર તપાસતું શાસ્ત્ર એટલે સામાજિક વિજ્ઞાન.
- પૃથ્વીના પટ પર જુદાં જુદાં સ્થળે આવેલાં દેશોની રાજકીય, સામાજિક, આર્થિક અને ધાર્મિક બાબતોની માહિતીના આધારે દેશો–દેશો વચ્ચેના પરસ્પર સંબંધને સમજાવતો વિષય.

- સમાજમાં રહી વ્યક્તિને જીવન જીવવાની કળા શીખવતું શાસ્ત્ર એટલે સામાજિક વિજ્ઞાન.
- વિદ્યાર્થી જીવન દરમિયાન દેશ અને વિશ્વની જવાબદારી, ફરજો, હકો વગેરે શીખવતો વિષય એટલે સામાજિક વિજ્ઞાન.
- આમ, સામાજિક વિજ્ઞાન માનવ, સમાજ, સરકારી સંસ્થાઓ, સ્વૈચ્છિક સંસ્થા તથા ભૌગોલિક વિસ્તાર અને ઘટનાઓ વચ્ચેના આંતર સંબંધોને સમજાવતો વિષય એટલે સામાજિક વિજ્ઞાન.

## ૧.૩ સામાજિક વિજ્ઞાનની વ્યાખ્યાઓ : (Definition)

- સામાજિક વિજ્ઞાનની વ્યાખ્યાઓ નીચે મુજબ દર્શાવી શકાય :

(૧) સામાજિક વિજ્ઞાન એટલે સમાજનાં ઐતિહાસિક, રાજકીય, બંધારણીય, ભૌગોલિક, અર્થશાસ્ત્રીય, સમાજ નવરચનાના વિવિધ પાસાંઓનું અભ્યાસ કરતું વિજ્ઞાન.

(૨) સામાજિક વિજ્ઞાન વિષયનો સંબંધ પ્રજાના સામાજિક અને પ્રાકૃતિક પર્યાવરણની આંતરક્રિયા સાથે છે.

(૩) એ.એસ.કોનિલ :

'માનવીય સંબંધોને માહિતી આપતા શાસ્ત્રને સામાજિક વિજ્ઞાન કહેવાય.'

(૪) ન્યુ સેન્ચ્યુરી ડિક્ષનરી :

'જે વિજ્ઞાનો માનવીની સામાજિક પરિસ્થિતિ સાથે સંકળાયેલ હોય કે સંગઠિત સમુદાયના સભ્ય તરીકે માનવીના અસ્તિત્વ અને કલ્યાણના અભ્યાસ સાથે સંકળાયલા હોય તેવા વિજ્ઞાનોને સામાજિક વિજ્ઞાન કહેવાય.'

(૫) સ્ટુઅર્ટ ચેઈઝ :

'માનવ સંબંધોના અભ્યાસમાં વૈજ્ઞાનિક પદ્ધતિનો ઉપયોગ કરતાં વિજ્ઞાનોને સામાજિક વિજ્ઞાન કહેવાય.'

(૬) હિલેર :

'સામાજિક વિજ્ઞાન એટલે વ્યક્તિઓના પરસ્પર સંબંધોનું અધ્યયન, એકબીજાં સાથેનો તેમનો વ્યવહાર, તેમનો માપદંડ જેના વડે તેઓ પોતાના વ્યવહારને નિયંત્રિત કરે છે.'

(૭) યંગ અને મેક :

'વૈજ્ઞાનિક પદ્ધતિના ઉપયોગ દ્વારા માનવીની આંતરક્રિયાના સ્વરૂપો અને અંતર્ગત વસ્તુના અભ્યાસ સાથે સંકળાયેલાં વિજ્ઞાનો સામાજિક વિજ્ઞાન છે.'

## ૧.૪ સામાજિક વિજ્ઞાનની વિભાવના–સંકલ્પના : (Concept)

- રાષ્ટ્રીય અભ્યાસક્રમની રૂપરેખા ૨૦૦૫ : સામાજિક વિજ્ઞાનને અંતર્ગત વિવિધ વિષયોનો સમાવેશ કરવામાં આવેલ છે, એથી એનું વિષયવસ્તુ ખૂબ વિવિધ છે, જેમાં ઈતિહાસ, ભૂગોળ, રાજ્યશાસ્ત્ર, અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર જેવા વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- વિદ્યાર્થીઓ હકારાત્મક અભિગમ ધરાવતા, માહિતગાર, બુદ્ધિશાળી અને જવાબદાર નાગરિકો બને એ માટે સામાજિક વિજ્ઞાનને ખૂબ જ મહત્ત્વનો ગણી શકાય, તેના ઉપર ખૂબ જ ભાર મૂકવામાં આવે છે.
- પ્રો. યશપાલ જણાવે છે કે શિક્ષણ કોઈ ભૌતિક વસ્તુ નથી જેનું વિતરણ ટપાલ કે શિક્ષક દ્વારા કરી શકાય. ઉપજાઉ અને સમૃદ્ધ શિક્ષણનાં મૂળ હંમેશાં બાળકની ભૌતિક અને સાંસ્કૃતિક ભૂમિમાં જડાયેલા હોય છે અને તેમને માતા– પિતા, શિક્ષકો, સહપાઠીઓ અને સમુદાયો સાથે પારસ્પરિક ક્રિયાઓથી સિંચન મળે છે.

- NCF ૨૦૦૫ના અનુસંધાનમાં બધા જ વિષયોના અભ્યાસક્રમોની વિષયવસ્તુને વિવિધ કક્ષાઓને ધ્યાનમાં રાખીને નવેસરથી ગોઠવવામાં આવી છે.
- નવા અભ્યાસક્રમ પર આધારિત આ પુસ્તકમાં એક સુસંકલિત અભિગમ અપનાવવામાં આવ્યો છે, એમાં મુખ્યત્વે ઉપર દર્શાવેલ ઈતિહાસ, ભૂગોળ, રાજ્યશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર જેવા વિવિધ સમાજ વિજ્ઞાનના વિષય– વસ્તુનો સમાવેશ કરવામાં આવ્યો છે. માનવ સમાજનાં જુદાં જુદાં પાસાંઓ અને નિસબતોને, સ્થળ અને કાળ બંને સંદર્ભમાં અને તેમની વચ્ચેના સંબંધોને ધ્યાનમાં રાખીને રજૂ કરવાનો નિષ્ઠાપૂર્વકનો પ્રયાસ કરવામાં આવ્યો છે. વિષયવસ્તુની માત્રા અને સંકલ્પનાઓનું ભારણ ઘટાડવાનો પણ પ્રયત્ન કરવામાં આવ્યો છે.
- સામાજિક વિજ્ઞાનોને આવરી લેતાં ચાર અલગ અલગ પુસ્તકોને સ્થાને અભ્યાસના એક સ્વતંત્ર વિષય તરીકે સામાજિક વિજ્ઞાનોને એક જ પાઠ્યપુસ્તકમાં સમાવવામાં આવ્યા છે.
- સમકાલીન ભારતના વિષયવસ્તુને વણી લેતા ત્રણ એકમોમાં પુસ્તકનું આયોજન કરવામાં આવ્યું છે. ત્રણેય એકમોમાં સમાવિષ્ટ અભ્યાસ–વિષયો વચ્ચેના આંતરસંબંધ સ્પષ્ટ રીતે સમજાય એ દૃષ્ટિએ તેમની રજૂઆત કરવામાં આવી છે.
- **એકમ ૧ : વીસમી સદી–વિશ્વ અને ભારત :**

  આ એકમમાં ૨૦ મી સદીમાં વિશ્વની મુખ્ય ઘટનાઓની સાથે ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. આ એકમ સમકાલીન ભારતના અભ્યાસ અંગેના ત્યાર પછીના એકમ માટે પૂર્વ ભૂમિકા પૂરી પાડે છે.
- **એકમ ૨ : આધુનિક રાષ્ટ્રનું નિર્માણ :**

  સ્વાતંત્ર્ય પછીના સમયમાં ભારતના પુનઃરચના, ભારતના બંધારણનું ઘડતર, તેનાં મુખ્ય લક્ષણો, ભારતીય સરકારનું માળખું, મૂળભૂત હકો, ફરજો અને ભારતીય લોકશાહી વગેરે મુદ્દાઓની ચર્ચા આ એકમમાં કરવામાં આવી છે. દુનિયાની સૌથી મોટી લોકશાહી વ્યવહારમાં કેવી રીતે કામ કરે છે, એ સમજવામાં આ એકમ ઉપયોગી પૂરવાર થશે.
- **એકમ ૩ : ભૂમિ અને લોકો :**

  ભારતની ભૂમિ, પ્રાકૃતિક સૃષ્ટિ અને લોકો, ભારતનાં સમૃદ્ધ સંસાધનો અને કુદરતી પર્યાવરણ વગેરે મુદ્દાઓની ચર્ચા આ એકમમાં કરવામાં આવી છે. આપણા પર્યાવરણના વૈવિધ્ય અને સમૃદ્ધિને સમજવામાં આ એકમ વિદ્યાર્થીઓને ઉપયોગી નીવડશે.
- સામાજિક વિજ્ઞાન એ માધ્યમિક શાળા કક્ષાએ શીખવવામાં આવતો વિષય છે. કિશોરવયના વિદ્યાર્થીઓને તેઓ જે વિશ્વમાં જીવે છે, તેનો આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક વિકાસ જુએ તે મહત્ત્વની ઘટના છે.
- સમયના પરિવર્તનની સાથે જે ફેરફારો આવે છે, તે સમાજને સમજવામાં મદદ કરે છે. આમ સામાજિક વિજ્ઞાન એ સમાજના વિવિધ પાસાંઓને અભ્યાસ કરે છે. અત્યાર સુધી તે શાસ્ત્ર કે વિદ્યા હતું હવેથી વિજ્ઞાન બને છે.
- માનવ સમાજનો વિકાસ એ સતત ચાલતી પ્રક્રિયા છે તે બાબત સમજે એ મહત્ત્વનું છે. ધોરણ–૮નો અભ્યાસક્રમ જોતાં..

  એકમ–૧માં ભારતમાં યુરોપિયન પ્રજાનું આગમન

  એકમ–૨માં આપણી આસપાસ શું ? વાતાવરણ, મુદ્દાવરણ અને જલાવરણ એકમ–૩માં ભારતનું બંધારણ

  એકમ–૬માં અંગ્રેજ શાસનની ભારત પર અસર
- એકમ–૯માં ઈ.સ. ૧૮૫૭નો સ્વતંત્ર્ય સંગ્રામ – આ અભ્યાસક્રમ જોતાં ક્યાંયે મારી મચડીને વિષયોનો અનુબંધ જોવા નહીં મળે.

- આજના સમાજનું અને વિશ્વનું ઐતિહાસિક, ભૌગોલિક, સામાજિક, સાંસ્કૃતિક, રાજકીય, આર્થિક, સર્વગ્રાહી વગેરે ચિત્ર સમજવામાં આ વિજ્ઞાન વિદ્યાર્થીને સહાય કરે છે.
- આજે બધા વિષયો વચ્ચે ઊંચી ઊંચી જડબે સલાક દીવાલો ઊભી કરી દેખાઈ છે, તેમના ભણતરને તાસોમાં વહેંચી દેવાયું છે, જાણે તેમની વચ્ચે કોઈ સંબંધ જ ન હોય. જ્ઞાનની આ દીવાલોની વચ્ચે બારીઓ ખોલવા માટે સામાજિક વિજ્ઞાન એક ઉમદા તક પૂરી પાડે છે.

## ૧.૫ સામાજિક વિજ્ઞાનના શિક્ષણનું મહત્ત્વ : (Importance)

- સામાજિક વિજ્ઞાન એ ભારત માટે નવો જ વિષય છે. ભારતના બધાં રાજ્યોમાં તે કદાચ જલદી નહીં સ્વીકારાય પરંતુ સી.બી.એસ.સી. તેનો સ્વીકાર અવશ્ય કરશે જ. ગુજરાત સરકારે આ પ્રગતિશીલ અભ્યાસક્રમ ૨૦૦૪થી અમલી બનાવી. અગ્રીમ હરોળમાં બેસી શકે તેવું કાર્ય કર્યું છે, તેનું મહત્ત્વ આપણે નીચેના મુદ્દાઓ પરથી સ્પષ્ટ કરીશું.
- વિદ્યાર્થીના જીવનમાં સામાજિક વિજ્ઞાન શિક્ષણનું મહત્ત્વ :

વ્યક્તિગત જીવનમાં મહત્ત્વ | સામાજિક વિકાસ માટે જાગૃતિ

- **વ્યક્તિગત જીવનમાં મહત્ત્વ :**

**(૧) વ્યક્તિગત ગુણોનો વિકાસ :**

- વિદ્યાર્થીના વ્યક્તિગત ગુણોનો વિકાસ કરવામાં સામાજિક વિજ્ઞાનનું મહત્ત્વ ઘણું વધારે છે. લોકશાહી દેશના એક આદર્શ નાગરિક તરીકે સારું વ્યક્તિત્વ વિકસાવવા સામાજિક વિજ્ઞાન મદદરૂપ બને છે.
- વિદ્યાર્થી શાળામાં પ્રવેશ મેળવે ત્યાંથી સંપ, સહકાર, સેવા, સહાનુભૂતિ, સહિષ્ણુતા, સહનશીલતા અને સમ– ભાવના વગેરે જેવાં ગુણો સામાજિક વિજ્ઞાનના શિક્ષણ દ્વારા વિકસે છે. આ બધાના ગુણોના વિકાસ સાથે વ્યક્તિનું ઘડતર થાય જેથી સમાજના વિકાસમાં એક આદર્શ નાગરિક મળી રહે તે જરૂરી છે.

**(૨) વ્યહારિક સમસ્યાઓની સમજ વિકસાવવા :**

- વિદ્યાર્થી સમાજમાં રહે છે, તેનો સામાજિક વિકાસ પણ સમાજમાં રહીને થાય છે. યોગ્ય સામાજિક વિકાસ થાય તો કુટુંબમાં સારી રીતે રહી શકે. વિદ્યાર્થી પોતાનો અભ્યાસ પૂર્ણ કર્યા પછી સમાજમાં રહેવાનું છે. જવાબદારી અદા કરવાની, કુટુંબમાં માતા–પિતાની સેવા કરવાની છે. વિવિધ સમસ્યાઓનો સામનો કરવો પડે છે. કુટુંબની જે સમસ્યા ઊભી થાય તેનો યોગ્ય ઉકેલ લાવવા પડે છે, ધીરજપૂર્વક ઉકેલ લાવે, યોગ્ય નિર્ણય લેતો થાય, તેમનામાં નિર્ણય લેવાની સૂઝ અને સમજ સામાજિક વિજ્ઞાનના શિક્ષણ દ્વારા પ્રાપ્ત થાય છે. સામાજિક વિજ્ઞાનનું શિક્ષણ વિદ્યાર્થીને સમાજમાં રહી સામાજિક વિકાસમાં તેની ભૂમિકા અને જવાબદારી સમજાવે છે, તેની સ્પષ્ટ કરવા માટે જરૂરી છે.

**(૩) જવાબદારીઓની સમજ વિકસાવવા :**

- વ્યક્તિગત જવાબદારીઓની સમજ વિકસાવવા માટે સામાજિક વિજ્ઞાનનું શિક્ષણ જરૂરી છે. વિદ્યાર્થી નાનો હોય ત્યારે માતા–પિતા જવાબદારી ઉઠાવે છે. મુશ્કેલીમાં પણ અભ્યાસ કરાવે છે. ખૂબ જ મહેનત કરીને ભણાવે છે. વિદ્યાર્થી પોતાનો અભ્યાસ પૂર્ણ કરે પછી વ્યક્તિગત જવાબદારી સંભાળવાની હોય છે. માતા–પિતાની સેવા કરવી, કુટુંબની સંભાળ લેવી, કુટુંબના પ્રશ્નોનું સમાધાન કરવું વગેરે. કુટુંબની જવાબદારી સાથે સાથે સમાજ અને દેશના સારા નાગરિક તરીકેની ફરજો પણ બજાવવાની હોય છે. વિદ્યાર્થી અવસ્થામાં વ્યક્તિએ આગળ

જતાં કઈ કઈ ફરજો કયા સ્વરૂપે અને કયા કારણસર બજાવવી પડે છે, તેની વિવિધ માહિતી સામાજિક વિજ્ઞાનના શિક્ષણ દ્વારા મળે છે.

**(૪) જીવન ઘડતરની સમજ વિકસાવવા :**

- સામાજિક વિજ્ઞાનનું શિક્ષણ વ્યક્તિગત જીવન ઘડતર કરવા માટેની સમજ વિકસાવવા મદદરૂપ થાય તે માટે જરૂરી છે. બાળક શાળામાં પ્રવેશ કરે ત્યારે તેનામાં કેટલીક સારી ટેવો અને કેટલીક ખરાબ ટેવોનું ઘડતર થાય છે. સામાજિક વિજ્ઞાનનું શિક્ષણ બાળકમાં સારા ગુણો વિકસે, હકારાત્મક વલણો કેળવાય, મહાન પુરુષોના જીવન ચરિત્રોના આધારે તેમના ગુણો અપનાવવાનું વલણ કેળવાય તે જરૂરી છે. રાજ્યતંત્રની નીતિ વિષયક બાબતોના આધારે મૂલ્ય આધારિત જીવન જીવવાનું વલણ ઘડાય છે. વિવિધ સમાજની સામાજિક, સાંસ્કૃતિક માહિતીના આધારે વ્યક્તિગત ભાવનાઓ વિશાળ બને છે. આમ, સામાજિક વિજ્ઞાનનું શિક્ષણ વ્યક્તિગત જીવનનું પાયાનું ઘડતરનું કાર્ય કરે છે.

**(૫) અનુકૂલનની ભાવના વિકસાવવા :**

- વિદ્યાર્થીના જીવનમાં અનુકૂલનની ભાવના વિકસે તે જરૂરી છે. વિદ્યાર્થી સમાજમાંરહે છે, સમાજમાં તેનો વિકાસ થાય છે, તેથી વિદ્યાર્થીઓનું જીવન સામાજિક અને પ્રાકૃતિક પર્યાવરણની છાયામાં વિકસે છે.
- સામાજિક પર્યાવરણમાં સમાજમાં બનતી ઘટનાઓ પરિવર્તન લાવે છે. આ સામાજિક પરિવર્તન સાથે વ્યક્તિએ અનુકૂલન સાધવાનું છે. વિદ્યાર્થીએ સ્વસ્થ રહી અનુકુલન સાધવાનું છે. વિદ્યાર્થીએ સ્વસ્થ રહી અનુકૂલન સાધવાની શક્તિ વિકસાવવાની રહે છે. સમાજમાં વિવિધ પ્રશ્નો અને સમસ્યાઓ હોય છે, તેની સામે ટકી રહેવું ખૂબ જ જરૂરી છે.
- જ્યારે પ્રાકૃતિક પર્યાવરણ પ્રાકૃતિક ઘટનાઓને આધારે નિર્માણ થતું હોય છે. આ પ્રાકૃતિક પર્યાવરણની અસર પણ સમજ અને વ્યક્તિ પર થાય છે. આ બંને પર્યાવરણો વ્યક્તિના વિકાસ માટે કઈ રીતે અસર કરે છે તેની સમજ સામાજિક વિજ્ઞાન શિક્ષણ આપે છે. પર્યાવરણનું નુકસાન થતું જોઈએ છીએ, વૃક્ષોને કાપવામાં આવે છે. વૃક્ષોને કાપવાનો વિરોધ કરવો, નવા વૃક્ષો વાવવા, વૃક્ષોનું જતન કરવું વગેરે. બાબતો સામાજિક વિજ્ઞાન શિક્ષણ દ્વારા શીખવવામાં આવે છે.

**(૬) માનસિક શક્તિઓનો વિકાસ કરવા :**

- વિદ્યાર્થીઓમાં વિવિધ માનસિક શક્તિઓનો વિકાસ કરવો ખૂબ જ જરૂરી છે. વિદ્યાર્થીઓમાં વિચાર શક્તિનો વિકાસ કરવો, તર્ક શક્તિનો વિકાસ, કલ્પના શક્તિનો વિકાસ, યોગ્ય નિર્ણય લેવાની શક્તિનો વિકાસ, સામાજિક સમસ્યાઓ ઓળખવી, સામાજિક સમસ્યાઓનો ઉકેલ લાવવો, યોગ્ય અર્થઘટન શક્તિ વિકસાવવી, તરવણી શક્તિનો વિકાસ, વગેરે જેવી માનસિક શક્તિઓનો વિકાસ ખૂબ જ જરૂરી છે. સામાજિક વિજ્ઞાનના શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓમાં સ્વસૂઝ વિકસે અને તે સાથે અનેક માનસિક શક્તિઓનો વિકાસ થાય તે જરૂરી છે.

**(૭) ભવિષ્યની સમજનો વિકાસ કરવા :**

- વિદ્યાર્થી પોતાનો અભ્યાસ પૂરો કર્યા પછી શું ? તેને સમાજમાં રહીને શું કરવાનું થશે ? કેવી રીતે જવાબદારી ઉઠાવવાની થશે. વગેરે બાબતો સામાજિક વિજ્ઞાનના શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓમાં વિકાસ થાય તે જરૂરી છે. ભવિષ્યની જવાબદારી ઉઠાવવાની સંપૂર્ણ સમજ સામાજિક વિજ્ઞાનના શિક્ષણ દ્વારા આપવામાં આવે છે.

**(૮) યોગ્ય વ્યવહારની શક્તિ વિકસાવવા :**

- વિદ્યાર્થીએ વડીલો સાથે કુટુંબમાં કેવો વ્યવહાર કરવો, તેનું માન અને સન્માન જળવાઈ તે

માટે શું કરવું વગેરે બાબતોની સમજ સામાજિક વિજ્ઞાન શિક્ષણ દ્વારા આવે છે. યોગ્ય વ્યવહાર કરી શકે.

(૯) **માહિતીનું એકત્રીકરણ કરવા :**

- વિદ્યાર્થી માટે કઈ માહિતી જરૂરી છે, કઈ માહિતી જરૂરી નથી તેની સમજ વિકસાવવી જરૂરી છે. વિદ્યાર્થીના જીવન ઘડતરમાં ઉપયોગી થાય તેવી માહિતી ભેગી કરવી, સાચવી રાખવી વગેરે બાબતો સામાજિક વિજ્ઞાનના શિક્ષણ દ્વારા શીખવા મળે છે. ભેગી કરેલી માહિતી પોતાનો અભ્યાસ પૂર્ણ કર્યા પછી ઉપયોગી નીવડે.

- **સામાજિક વિકાસ માટે જાગૃતિ :**

(૧૦) **સામાજિક પરિવર્તન માટે જાગૃતિ લાવવા :**

- સમાજમાં સામાજિક પરિવર્તન થાય તે જરૂરી છે. સામાજિક પરિવર્તન કરવા, સમાજની સુધારણા થાય, સામાજિક રીત–રિવાજો, રૂઢિઓ, દહેજ પ્રથા, સ્ત્રી–ભ્રૂણ હત્યા, કુરિવાજો વગેરે બાબતોમાં પરિવર્તન લાવવું જરૂરી છે. વિદ્યાર્થીને શરૂઆતથી આ અંગે સમજ આપવામાં આવે તો સામાજિક પરિવર્તન લાવવામાં પોતાનો ફાળો આપી શકે. દા.ત. – દહેજ ન લેવું, સ્ત્રી–ભ્રૂણ હત્યા ન કરવી વગેરે.
- વિદ્યાર્થી સામાજિક પરિવર્તન લાવવા માટે પોતાની ભૂમિકા સમજતો થાય તે માટે સમજ વિકસાવીને, તેમનામાં જાગૃતિ લાવવી જરૂરી છે. સામાજિક પરિવર્તનની શરૂઆત 'સ્વ'થી કરે છે. સામાજિક સુધારણામાં પોતાનો ફાળો આપી શકે.

(૧૧) **આંતરાષ્ટ્રીય સમજ વિકસાવવા :**

- વર્તમાન સમયમાં રાષ્ટ્ર–રાષ્ટ્ર વચ્ચેનું અંતર ઘણું ઘટી ગયું છે. રાષ્ટ્ર–રાષ્ટ્ર વચ્ચેના સંબંધો આગળ વધી રહ્યા છે. પ્રત્યેક રાષ્ટ્ર પોતાના વિકાસ માટે પ્રત્નશીલ બની રહ્યો છે. એક રાષ્ટ્ર એ બીજા રાષ્ટ્ર પર આધાર રાખવો પડે છે. કોઈ પણ દેશમાં જરૂરિયાતની વસ્તુઓ બનતી નથી, બીજા દેશ પર આધાર રાખવો પડે છે. એકબીજા દેશે, એક– બીજા સાથે સારા સંબંધો રાખવા પડે છે.
- વિદ્યાર્થીઓમાં નાનપણથી જ આંતરરાષ્ટ્રીય સમજનો વિકાસ થાય તેવા પ્રયત્ન સામાજિક વિજ્ઞાન શિક્ષણ દ્વારા કરવામાં આવે છે.

(૧૨) **સામાજિક સમાનતાની ભાવનાનો વિકાસ કરવા :**

- સમાજમાં વિવિધ ધર્મો પાળતી પ્રજા વસવાટ કરે છે. વિવિધતામાં એકતા લાવવી જરૂરી છે. સમાજમાં વસવાટ કરતી પ્રત્યેક પ્રજા સમાન છે અને સમાન અધિકારો ભોગવવા, સમાન ફરજો અદા કરવા નૈતિક રીતે બંધાયેલી છે, તેવી ભાવના આ વિષયના શિક્ષણ દ્વારા વિકસે તે જરૂરી છે. સમાજમાં રહેલી અસમાનતાઓ અનેક સમસ્યાનો જન્મ આપે છે. સમસ્યાઓનું સરળ રીતે નિરાકરણ લાવવા સામાજિક સમાનતાનું નિર્માણ કરવું જરૂરી છે. પ્રજામાં સામાજિક સમાનતા થશે તો જ સમજનો વિકાસ થશે.

(૧૩) **સાંસ્કૃતિક વારસાનું જતન કરવા :**

- માનવ સમાજે પેઢી દર પેઢી વિકસાવેલ અને જતન કરેલ સાંસ્કૃતિક વારસાથી વિદ્યાર્થીઓને સમજ આપે છે. સાંસ્કૃતિક વારસાથી વિદ્યાર્થીઓને સમજ આપે છે. સાંસ્કૃતિક વારસાની ગૌરવ ગાથાથી પોતાના સમાજ અને રાષ્ટ્ર પ્રત્યે ગૌરવની લાગણી જન્માવે છે. ઉત્તમ સાંસ્કૃતિક વારસાના જતન માટે ભૂતકાલીન પ્રજાનો ફાળો વિશેષ છે.
- વ્યક્તિગત રીતે સમાજમાં સારો સાંસ્કૃતિક વારસો ફેલાઈ, તેવું જતન થાય, નબળી સાંસ્કૃતિક વારસોની કડીઓથી દૂર રહેવું વગેરે બાબતોનું શિક્ષણ મળી રહે તે જરૂરી છે. સાથે મળી સંઘ ભાવના દ્વારા સાંસ્કૃતિક વારસાના જતન માટે કર્તવ્યભાવના જાગૃત કરવા, સાંસ્કૃતિક વારસાના જતન માટે સારાં–માઠા પાસાંઓનો ભેદ સમજે તે માટે શિક્ષણ આપવું જરૂરી છે.

### (૧૪) વિશાળ દૃષ્ટિકોણ વિકસાવવા :

- સામાજિક રીતે વિશાળ દૃષ્ટિકોણનો વિકાસ સામાજિક પરિવર્તન લાવવા માટે જરૂરી છે. સહકારની ભાવના ઓછી થતી જાય છે. વ્યક્તિઓમાં સામાજિકપણું ઓછું થતું જણાય છે. આ સંજોગોમાં સમાજનો વિકાસ થતો નથી. સમાજનો વિકાસ કરવા માટે સામાજિક પરિવર્તન લાવવા માટે વિદ્યાર્થીઓમાં વિશાળ કક્ષાએ, રાજ્ય સ્તરે અને વિશ્વ સ્તરે બનતી ઘટનાઓને સ્પષ્ટ રીતે સમજાવી, સ્થિર જીવનના નિર્માણ માટે જરૂરી છે.

### (૧૫) તંદુરસ્ત સમાજનું નિર્માણ કરવા :

- તંદુરસ્ત સમાજનું નિર્માણ કરવા માટે સામાજિક વિજ્ઞાનનું શિક્ષણ જરૂરી છે. સમાજમાં વસવાટ કરતી વિવિધ પ્રજા પોતપોતાના રીત–રિવાજો, પેઢી દર પેઢી ચાલી આવતી પરંપરાઓ પ્રમાણે વ્યવહાર કરતી હોય છે. આમ છતાં તમામ પ્રજા વચ્ચે તંદુરસ્ત પ્રણાલિકાઓ અપનાવાય અને સમગ્ર સમાજનું હિત જળવાય તેવી પ્રવૃત્તિઓ સમજદારીપૂર્વક થાય, તેવી સમજ આ વિષયના શિક્ષણ દ્વારા મળે તે જરૂરી છે.

### (૧૬) લોકશાહી સમાજની રચના કરવા :

- સામાજિક વિજ્ઞાનની અભ્યાસ સામગ્રી એવી હોય છે કે જેથી વિદ્યાર્થીને કેટલાંક કૌશલ્યો અને ટેવ ઘડતરની સુંદર તાલીમ મળી રહે છે અને તેનાથી એવી આદર્શ ભાવના અને માનસિક વલણ બંધાય છે, જે લોકશાહી સમાજના એક કાર્યશીલ સભ્ય બનાવવામાં તેને ખૂબ ઉપયોગી નીવડે છે.

### (૧૭) વિશ્વના પ્રશ્નો સમજવા :

- વર્તમાન સમયમાં વિશ્વના પ્રશ્નો કયા છે તેની સમજ કેળવવા સામાજિક વિજ્ઞાન શિક્ષણ મદદરૂપ થાય તે જરૂરી છે. વિશ્વના પ્રશ્નો સમજીને તેના ઉકેલ માટે મદદરૂપ થઈ શકે તે માટે જરૂરી છે.


### (૧૮) વિશ્વ નાગરિક બનાવવા :

- સામાજિક વિજ્ઞાન એ એવો વિષય છે કે વિદ્યાર્થીની શક્તિ 'સ્વ'થી શરૂ થઈને 'વિશ્વ એક કુટુંબ છે' તે પોતાની જાતને, આસપાસના પર્યાવરણને, પોતાના અતીતને, પોતાના વર્તમાનને, પોતાના ભવિષ્યને સમજી શકે છે. સમાજમાં રહેલી ભૌતિક સંપદા અને માનવીય સંપદાને સમજી શકે છે, તેનો ઉપયોગ રાષ્ટ્રના હિતમાં કરવું એવું તે સમજે છે.
- આમ, સામાજિક વિજ્ઞાનથી વિદ્યાર્થી આ રાષ્ટ્રનો ઉત્તમ નાગરિક તો બને જ છે. ઉપરાંત વિશ્વ નાગરિક પણ બને છે.
- આ ઉપરાંત માનવ–માનવ વચ્ચેના સંબંધો સ્વમાન સાથે જળવાય, સમગ્ર માનવજાત શાંતિ અનુભવી શકે, પરસ્પર આનંદ સાથે તંદુરસ્ત સંબંધો વિકસાવી શકે તથા દ્વેષરહિત જીવન જીવી શકે તેવી સમજ આ વિષયના શિક્ષણ દ્વારા પ્રાપ્ત થાય છે.
- અંતમાં, વ્યક્તિને વ્યક્તિગત રીતે પ્રગતિના પંથે દોરી માનવ સમાજમાં ઈષ્ટ પરિવર્તનો લાવવાની ભૂમિકા પ્રસ્થાપિત કરવાની સમજદારી સામાજિક વિજ્ઞાન શિક્ષણ વિકસાવે છે.
- આ ઉપરાંત આવતીકાલ સમજવા, સંશોધકવૃત્તિવાળો બનાવવા, માનવ સંબંધોના મૂલ્યો સમજવા, સળંગસૂત્રતા લાવવા, માનસિક વલણનું સર્જન વગેરે કરવા જરૂરી છે.

## ૧.૬ સામાજિક વિજ્ઞાનનું સ્વરૂપ : (Forms)

- સામાજિક વિજ્ઞાનએ માનવ અને માનવ સમાજના વિકાસ સાથે સંબંધ ધરાવતી ઐતિહાસિક, ભૌગોલિક અને પર્યાવરણ સંબંધની બાગની વચ્ચે આંતરસંબંધ અને આંતરપ્રક્રિયા ધરાવતો વિષય છે.

- સામાજિક વિજ્ઞાનનું આગવું સ્વરૂપ વિકસાવવામાં સામાજિક વિજ્ઞાનના અંગભુત વિષયો ઈતિહાસ, ભૂગોળ, નાગરિક શાસ્ત્ર, અર્થશાસ્ત્ર, રાજ્યશાસ્ત્રમાંથી પ્રાપ્ત થતી માહિતી મદદરૂપ બને છે.
- સામાજિક વિજ્ઞાન સાથે સંકળાયેલ વિષયોનું સંકલન અને પરસ્પર જોડાણ નીચેની આકૃતિ વધુ સ્પષ્ટ કરે છે.




- સામાજિક વિજ્ઞાન માનવીના સંબંધો, માનવીય સંસ્થાઓ અને માનવ વ્યવહારો સાથે સંબંધ ધરાવે છે. ઈતિહાસ ભૂતકાલીન બનાવોની અસરો વર્તમાન સાથે સ્પષ્ટ કરે છે, માનવ સમાજ ઈતિહાસના આધારે વિકાસની દિશામાં આગળ વધે છે.
- માનવ વિકાસની દિશામાં ભૌગોલિક પરિબળો અને સમગ્ર પર્યાવરણ અસર કરે છે. માનવના ખોરાક, પોશાક, રહેઠાણ, ઉદ્યોગધંધાનો વિકાસ ભૌગોલિક પર્યાવરણમાં થાય છે.
- માનવ જાતે સ્થાપેલા વિવિધ ઉદ્યોગોના આધારે અર્થતંત્રનો વિકાસ થાય છે. અર્થતંત્રની સ્થિરતા માનવ વિકાસ માટે અનિવાર્ય બાબત છે, જે સમગ્ર માનવ સમાજના વિકાસ પર અસર કરે છે.
- સામાજિક વિજ્ઞાન માનવને જીવન જીવવાની સૂઝ અને કળા શીખવે છે. માનવ સંબંધો રીત–રિવાજો વગેરે બાબતો સ્પષ્ટ કરે છે.
- સામાજિક વિજ્ઞાનના વિષયવસ્તુમાં રાજ્યશાસ્ત્રનો પણ સમાવેશ થાય છે. રાજ્યની સ્થિરતાનો આધાર માનવ સમાજની જવાબદારી નિભાવવાની જાગૃતિ પર રહેલી હોય છે. રાજકીય પરિસ્થિતિમાં ચઢાવ–ઉતાર આવ્યા કરે છે, તે માનવ સમાજના વિકાસ પર અસર કરે છે.
- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૧૦૮૬માં સામાજિક વિજ્ઞાનને સંકલિત અભ્યાસક્રમ પર ભાર મૂકવામાં આવ્યો છે, જેમાં માનવીને સમાજમાં રહી સારું જીવન જીવી શકે તેવી કળા શીખવી શકે. સામાજિક પર્યાવરણ પરિસ્થિતિ સાથે અનુકૂલન સાધવાની શક્તિ વિકસાવી શકે.
- આમ, સામાજિક વિજ્ઞાનનું સ્વરૂપ સમાજ સાથે સંકળાયેલ તમામ પાસાંઓ સાથે સંબંધ ધરાવે છે. સામાજિક વિજ્ઞાન એટલે એવી વિદ્યા જે સમાજનું સાચું સ્વરૂપ સાચા અર્થમાં રજૂ કરે. સમાજનું સાચું સ્વરૂપ વૈજ્ઞાનિક પદ્ધતિએ સમજાવી શકાય તે હેતુથી જ સમાજવિદ્યાને સામાજિક વિજ્ઞાન કહેવામાં આવે છે.
- સામાજિક વિજ્ઞાનમાં માનવ અને માનવ સમાજ સાથેના તમામ સંબંધો વિકસાવાની આંતરક્રિયા વૈજ્ઞાનિક અભિગમ દ્વારા રજૂ કરી શકાય છે.
- માનવ સમાજની સામાજિક અને પ્રાકૃતિક ઘટનાઓ કાર્યકારણના સંબંધ દ્વારા જોડાયેલી હોય છે. આ કાર્ય કારણના સંબધનો અભ્યાસ વૈજ્ઞાનિક પદ્ધતિએ કરી શકાય છે.
- જૂન ૨૦૦૪થી સમાજ વિદ્યાને સ્થાને સામાજિક વિજ્ઞાનનો વિષય અમલમાં આવ્યો છે. આ વિષયમાં જૂના અભ્યાસક્રમ કરતાં વધુ સંકલન થયેલ છે. જે માનવવિકાસ સાથે સંબંધો અને આંતરક્રિયા વધુ સારી રીતે રજૂ કરે છે, આમ છતાં તેમાં પણ કેટલીક મર્યાદાઓ સ્વીકારવી જ રહી.

## ૧.૭ સામાજિક વિજ્ઞાનનું કાર્યક્ષેત્ર : (Scope of Social Science)

- સામાજિક વિજ્ઞાનનું કાર્યક્ષેત્ર ખૂબ જ વિશાળ છે. સામાજિક વિજ્ઞાનના અભ્યાસમાં સમાજ અને માનવ કેન્દ્ર સ્થાને છે. આ કાર્યક્ષેત્ર વિશ્વના વિસ્તાર જેટલું પહોળું અને માનવ ઈતિહાસ જેટલું લાંબુ છે. આ કાર્યક્ષેત્રમાં માનવના માનવ સાથેના તથા માનવના પ્રાકૃતિક પર્યાવરણ સાથેના સંબંધોનો સમાવેશ થાય છે.
- ઈતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર વગેરે સામાજિક વિજ્ઞાનની વિષયવસ્તુનો સમાવેશ થાય છે. આ વિષયવસ્તુમાં ભૂતકાલીન ઘટનાઓનો અને તેની વ્યાપક અસરોનો સમાવેશ થાય છે.
- વર્તમાન સમયની કેટલીક સમસ્યાઓ અને તેના ઉકેલ માટેના પ્રયાસોની વિગતનો પણ સમાવેશ થાય છે. સામાજિક વિજ્ઞાનના કાર્યક્ષેત્રમાં બે પ્રકારના વાતાવરણનો સમાવેશ થાય છે. (૧) સામાજિક વાતારવણ અને (૨) પ્રાકૃતિક પર્યાવરણ—વાતાવરણ આ બંને વાતાવરણો પરસ્પર એકબીજા પર અસર કરે છે, જેની સમગ્ર અસર માનવ સમાજના વિકાસ પર થાય છે.
- સમાજની વિવિધતા સ્થળ અને કાળ પર આધારિત હોય છે, જેના આધારે માનવને મળેલા અધિકારો, તેનું સામાજિક જીવન, આર્થિક જીવન તથા ધાર્મિક જીવન તેની સાથે તેની ફરજો સંકળાયેલી હોય છે. આમ સામાજિક વિજ્ઞાન માનવ માનવ સમાજનું સંપૂર્ણ ચિત્ર રજૂ કરવાનો પ્રયાસ કરે છે.
- સમાજની એક ખાસિયત પરિવર્તનશીલતા છે. સમાજ જડ નથી, એ ગતિશીલ છે. વિકાસલક્ષી અને પરિવર્તનશીલ છે. અમુક સમયે સતત પરિવર્તન થતું રહે છે. જરૂરિયાત મુજબ પરિવર્તન થાય છે.
- ૧૯મી સદીમાં ઔદ્યોગિક ક્રાંતિ થયા પછી વિજ્ઞાનનો ઝડપી વિકાસ થયો.
- ૨૦મી સદી વિજ્ઞાન અને ટેક્નોલોજીની સદી બની. ૨૧મી સદી ઈન્ફોર્મેશન ટેક્નોલોજીની સદી છે. સમાજનો ઝડપી વિકાસ થતો ગયો છે તેની નવરચના થઈ છે. આધુનિકીકરણના પરિણામે વિવિધ ક્ષેત્રે પરિવર્તનો આવ્યા છે.
- આ બધી બાબતો—ઘટનાઓની અસરો સામાજિક વિજ્ઞાનના કાર્યક્ષેત્રને સતત વિશાળ અને વ્યાપક બનાવે છે. શહેરીકરણ વધ્યું છે. માનવીનાં મૂલ્યોમાં પરિવર્તન આવ્યું છે.
- માનવી—માનવી વચ્ચેના સંબંધો, દેશ—દેશ વચ્ચેના સંબંધોમાં પરિવર્તન જોવા મળે છે. આ પરિવર્તનો અને નવરચના સામાજિક વિજ્ઞાન જ વિષય વસ્તુ બનતા તેનું કાર્યક્ષેત્ર વ્યાપક બને છે.
- સમૂહ માધ્યમોએ પણ સામાજિક પરિવર્તનને ઝડપી બનાવ્યું છે.
- આમ વર્તમાન સમયમાં સામાજિક વિજ્ઞાનના કાર્યક્ષેત્રમાં ફક્ત ઈતિહાસ, નાગરિકશાસ્ત્ર, ભૂગોળ અને અર્થશાસ્ત્ર જેવા સામાજિક વિજ્ઞાનોની એકીકૃત (સમન્વિત) કરેલી વિષયવસ્તુ કે સામગ્રીનો જ સમાવેશ નથી, પરંતુ તેમાં વૈશ્વિક દૃષ્ટિકોણ છે અને આંતરાષ્ટ્રીય, રાષ્ટ્રીય, સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક સંબંધોના શિક્ષણનો પણ સમાવેશ થાય છે.
- પરસ્પરાવલંબન, શાંતિમય સહઅસ્તિત્વ જે સમગ્ર માનવજાત માટે આજે પાયાની જરૂરિયાત છે તેનો પણ સામાજિક વિજ્ઞાનના કાર્યક્ષેત્રમાં સમાવેશ થાય છે.
- સામાજિક વિજ્ઞાનનું કાર્યક્ષેત્ર માત્ર ઈતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર પૂરતું મર્યાદિત રહ્યું નથી, પરંતુ તેનું કાર્યક્ષેત્ર ઘણું વ્યાપક બન્યું છે.
- આ કાર્યક્ષેત્રમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે.

(૧) **માનવીય સંબંધોનો અભ્યાસ :**

- સામાજિક વિજ્ઞાનમાં માનવીય સંબંધોનો અભ્યાસ કરવામાં આવે છે. વ્યક્તિનો કુટુંબ સાથે, શાળા સાથે, અન્ય સાથે માનવ સંબંધો કેવા રાખવા તેનો સમાવેશ કરે છે.

(૨) **સામાજિક અને પ્રાકૃતિક પર્યાવરણનો અભ્યાસ :**

- સામાજિક પર્યાવરણમાં સામાજિક રીત–રિવાજો, રૂઢિઓ વગેરે સમાજમાં બનતી ઘટનાઓનો સમાવેશ થાય છે, જ્યારે પ્રાકૃતિક પર્યાવરણ પ્રાકૃતિક ઘટનાઓનો સમાવેશ થાય છે.આ બંને પર્યાવરણનો વ્યક્તિના વિકાસ માટે કઈ રીતે અસર કરે છે તેનો સમાવેશ સામાજિક વિજ્ઞાનના કાર્યક્ષેત્રમાં કરવામાં આવે છે.

(૩) **ભૂતકાલીન અને સમકાલીન ઘટનાઓનો અભ્યાસ :**

- ભૂતકાલીન અને સમકાલીન ઘટનાઓનો અભ્યાસ સામાજિક વિજ્ઞાનના કાર્યક્ષેત્રમાં સમાવેશ થાય છે.કેટલીક ઘટનાઓ માનવ સર્જિત હોય છે, કેટલીક ઘટનાઓ કુદરતી સર્જિત હોય છે. બંને બાબતો કાર્યક્ષેત્રમાં સમાવેશ થાય છે. દા.ત. જ્વાળામુખી, ધરતીકંપ.

(૪) **વિશ્વ સ્તરે વિકસેલ સંસ્કૃતિ અને આંતરરાષ્ટ્રીય સંબંધોનો અભ્યાસ :**

- વિશ્વ સ્તરે વિકસેલ સંસ્કૃતિનો અભ્યાસ સામાજિક વિજ્ઞાનના કાર્યક્ષેત્રમાં સમાવેશ થાય છે. પેઢીદર પેઢી સાંસ્કૃતિક વારસો ચાલ્યો આવે છે. સાંસ્કૃતિક વારસાનું જતન કરવું વગેરે બાબતો.
- આંતરરાષ્ટ્રીય સંબંધોથી એકબીજાં દેશો જોડાયેલાં છે. એકબીજાં દેશો સાથે સારા સંબંધો રાખવા પડે છે. રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચેના સંબધો વિકસાવવામાં માનવ સમુદાયો પોતાનો ફાળો આપે છે.

(૫) **રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચેના સંબંધો અને રાષ્ટ્રોના પરસ્પરાવલંબી થવાના કારણોનો અભ્યાસઃ**

- રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચે સંબધો સારા રાખવા પડે છે. એક દેશે બીજાં દેશ સાથે વ્યવહાર કરવો પડે છે. સારા સંબંધો હોય તો જ વ્યવહાર શક્ય બને. રાષ્ટ્રો એકબીજાં દેશ પર આધાર રાખવો પડે છે. કોઈ પણ દેશ સંપૂર્ણ જરૂરિયાતની વસ્તુઓ ઉત્પન્ન કરી શકતો નથી, તેથી અન્ય દેશ પર આધાર રાખવો પડે છે. આ બાબતોનો સમાવેશ સામાજિક વિજ્ઞાનના કાર્યક્ષેત્રમાં સમાવેશ થાય છે.

(૬) **રાષ્ટ્ર સ્તરની સંસ્કૃતિ તથા આંતર રાષ્ટ્રીય સ્તરની સંસ્કૃતિનો તુલનાત્મક અભ્યાસ :**

- પોતાના દેશની સંસ્કૃતિ અને અન્ય દેશની સંસ્કૃતિ બંને વચ્ચે કેવો તફાવત છે તેનો અભ્યાસ સામાજિક વિજ્ઞાનના કાર્યક્ષેત્રમાં સમાવેશ થાય છે. આથી બંનેની સારી સાંસ્કૃતિની બાબતો જાણવા મળે.

(૭) **વર્તમાન સમયની સમસ્યાઓનો અભ્યાસ :**

- સામાજિક વિજ્ઞાન વર્તમાન સમયની સમસ્યાઓનો અભ્યાસ કરે છે. દા.ત.– જ્ઞાતિવાદ, લઘુમતિઓ, આતંકવાદ, નકસલવાદ, આંદોલન, ઉત્તર–પૂર્વમાં બળવાખોરી, કશ્મીરમાં આતંકવાદ અને તેની અસરો વગેરેનો સમાવેશ કાર્યક્ષેત્રમાં કરવામાં આવે છે.

(૮) **નાગરિક શિક્ષણ અને નાગરિકતાનો અભ્યાસ :**

– મૂળભૂત હકો, મૂળભૂત ફરજો, જેમાં માનવ હકો, માનવ અધિકારો

(૧) **મૂળભૂત હકો :**

| | | | | | |
|---|---|---|---|---|---|
| સમાનતાના હક | સ્વાતંત્ર્યનો હક | શોષણ વિરુદ્ધનો અધિકાર | ધાર્મિક સ્વાતંત્ર્યનો હક | સાંસ્કૃતિક અને શૈક્ષણિક હક | બંધારણીય ઈલાજોનો હક |

(૨) **મૂળભૂત ફરજો :**

- દેશ પ્રેમ, રાષ્ટ્રીય ભાવના, રાષ્ટ્ર ગીત, રાષ્ટ્ર ધ્વજનો આદર કરવો.
- જાહેર માલ–મિલકતનું રક્ષણ કરવું.
- પર્યાવરણનું રક્ષણ, ભાઈચારાની ભાવના વગેરે.

(૯) **રાષ્ટ્ર સ્તરની તથા વિશ્વ સ્તરની રાજકીય ઘટનાઓનો અભ્યાસ :**

- ભારતની રાષ્ટ્રીય ચળવળો, ભારતની આઝાદી, ૧૯૪૫ પછીનું વિશ્વ વગેરે બાબતોનો સમાવેશ કાર્યક્ષેત્રમાં થાય છે.
- રાષ્ટ્ર સ્તરની તથા વિશ્વ સ્તરની રાજકીય ઘટનાઓનો અભ્યાસ સામાજિક વિજ્ઞાનના કાર્યક્ષેત્રમાં કરવામાં આવે છે.

(૧૦) **સામાજિક તથા રાજકીય ક્ષેત્રે મહાન પુરુષોએ આપેલા યોગદાનનો અભ્યાસ :**

- સામાજિક અને રાજકીય ક્ષેત્રે રાષ્ટ્રીય કક્ષાએ દેશ માટે યોગદાન આપેલ છે તેનો સમાવેશ અભ્યાસક્રમના કાર્યક્ષેત્રમાં થાય છે. દા.ત– ગાંધીજી, સરદાર પટેલ, વાસુદેવ બળવંત ફડકે, ખુદીરામ બોઝ, રામપ્રસાદ બિસ્મિલ, અશફાક ઉલ્લાખાં, ચંદ્રશેખર આઝાદ, સરદાર ભગતસિંહ, શિવરામ રાજગુરુ, સુખદેવ થાપર, બાળ ગંગાધર ટિળક, વીર સાવરકર, શ્યામજી કૃષ્ણ વર્મા, મેડમ કામા વગેરે બાબતો સામાજિક વિજ્ઞાનના કાર્યક્ષેત્રની બાબત છે.
- સામાજિક વિજ્ઞાન શિક્ષણનું હાર્દ માનવ સંબંધોને વિકાસ અને આંતરક્રિયાઓનો વિકાસ છે. અલબત્ત વર્તમાન સમસ્યાઓના કારણો અને સંભવિત ઉકેલોનો પણ તેમાં સમાવેશ થાય છે. ૨૦મી અને ૨૧મી સદીમાં સામાજિક ક્ષેત્રે આવેલાં તમામ પરિવર્તનોની ભૂમિકા સામાજિક વિજ્ઞાન વિષયનું કાર્યક્ષેત્ર બને છે.

## ૧.૮ સામાજિક વિજ્ઞાનની વિશેષતાઓ : (Differs)

- સામાજિક વિજ્ઞાન માનવ સમાજની વિકાસયાત્રાને જીવંત બનાવનાર કેટલીક વિશેષતાઓ આપે છે. ઈતિહાસ, ભૂગોળ,નાગરિકશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, માનવ જીવનની કોઈ એક બાબતને કેન્દ્રમાં રાખી વિષય સામગ્રી રજૂ કરે છે, જ્યારે સામાજિક વિજ્ઞાન તેનાથી આગળ વધી શક્ય તેટલું સંકલન સાધવા પ્રયાસ કરે છે.

(૧) **માનવી કેન્દ્ર સ્થાને :**

- સામાજિક વિજ્ઞાનમાં માનવ કેન્દ્ર સ્થાને છે. મનુષ્યને કેન્દ્રમાં રાખીને માનવજીવનમાં બનતી તમામ બાબતોને સમાવવામાં આવે છે. માનવી માનવી વચ્ચે આંતરસંબંધો તેમજ આંતરક્રિયા માનવ જીવન માટે કેન્દ્રથાને હોય છે.

(૨) **માનવ સમાજની વિકાસયાત્રા :**

- સમાજ સાથે સંકળાયેલી વિવિધ શાખાઓમાંથી જ્ઞાનની પસંદગી કરી માનવ જગત સમક્ષ નવા સ્વરૂપે રજૂ કરે છે. અહીં માનવ સમાજની વિકાસયાત્રા ક્રમબદ્ધ રીતે રજૂ થાય છે.

(૩) **વ્યવહારુ શાખા :**

- સામાજિક વિજ્ઞાન એ વ્યવહારું શાખા છે. એક નક્કર વાસ્તવિક ભૂમિકા તરફ લઈ જનારો વિષય છે. વિદ્યાર્થી જીવનમાં ઉમદા નાગરિકના વલણો કેળવાય અને પરિસ્થિતિ સાથે અનુકૂલન સાધવાની શક્તિ વિકસી શકે તેવી તમામ અંતર્ગત બાબતોને આ વિષય રજૂ કરે છે. ઉત્તમ નાગરિક તરીકેના ગુણો વિદ્યાર્થીકાળથી જ વ્યક્તિમાં વિકાસ પામે તે બાબતો રજૂ કરે છે.

(૪) **અનુકૂલન સાધવાની શક્તિ :**

- વિદ્યાર્થી જીવનમાં ઉમદા નાગરિકના ગુણો વિકસે, સમાજ સાથે અનુકૂલન સાધવાની શક્તિ કેળવાય તેવી તમામ બાબતોને આ વિષય રજૂ કરે છે.

(૫) **માનવીય જીવનની ઘટનાક્રમ :**

- સામાજિક વિજ્ઞાન આધુનિક સભ્યતાને સ્પષ્ટ કરતો વિષય છે. સામાજિક વિજ્ઞાનનું વિષયવસ્તુ, માનવીય જીવનની ઘટમાળમાંથી રજૂ થાય છે. ભૂતકાલીન અને સમકાલીન જીવનની પ્રણાલિકાઓ માનવીય સભ્યતાને સ્પષ્ટ કરે છે.

(૬) **રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સમસ્યાઓ સમજાવે :**

- સામાજિક વિજ્ઞાન આંતરિક અને આંતર રાષ્ટ્રીય સમસ્યાઓ સમજાવતો વિષય છે. વિશ્વ સ્તરે બનતી રાજકીય, સામાજિક, પ્રાકૃતિક કે માનવ સર્જિત ઘટના કે જે વ્યક્તિના વિકાસને અસર કરે છે, તે બધી જ બાબતોનું વર્ણન સામાજિક વિજ્ઞાનમાં કરવામાં આવે છે. સાથે સાથે પ્રાદેશિક, રાષ્ટ્ર કે વિશ્વસ્તરની સમસ્યાઓથી માહિતગાર કરી નાગરિક તરીકે વિદ્યાર્થીને પોતાની જવાબદારી સમજાવે છે.

(૭) **નાગરિક તરીકેની જવાબદારીની માહિતી :**

- પ્રાદેશિક, રાષ્ટ્ર, વિશ્વ વગેરે સ્તરની સમસ્યાઓથી માહિતગાર કરી નાગરિક તરીકે વિદ્યાર્થીને પોતાની જવાબદારી સમજાવે છે. સમસ્યા ઊભી થાય ત્યારે નાગરિક તરીકેની જવાબદારી કઈ તે સ્પષ્ટ કરે છે.

(૮) **સમસ્યા ઉકેલના માર્ગો :**

– સામાજિક વિજ્ઞાન સાંપ્રત સમયે રાષ્ટ્રીય અને વિશ્વ સ્તરની સમસ્યાઓ રજૂ કરી તેના ઉકેલના માર્ગો પણ દર્શાવે છે.

(૯) **સંસ્કૃતિઓની માહિતી આપે :**

– સામાજિક વિજ્ઞાન માનવ સમુદાય છે. રાષ્ટ્રીય અને વિશ્વ સ્તરે વિકસાવેલી સંસ્કૃતિઓની માહિતી આપે છે.

(૧૦) **ભૌતિક વાતાવરણની રજૂઆત :**

- સામાજિક વિજ્ઞાન સામાજિક વાતાવરણ સાથે ભૌતિક વાતાવરણને એક સાથે રજૂ કરે છે.ભૌતિક ઘટનાઓની અસરો ઝીલી માનવ સમાજ પોતાના વિકાસ સાથે સામાજિક વાતાવરણ સર્જન કરે છે ,જે સમગ્ર માનવ સમાજની પ્રતિભા ઉપાસવે છે. દેશ, કાળ અને પરિસ્થિતિ પ્રમાણે આ સામાજિક વાતાવરણ અલગ અલગ હોય છે, જેની સાચી સમજ આ વિષય દ્વારા થાય છે.

(૧૧) **માનવ વિકાસમાં સમુદાયોનો ફાળો :**

- માનવ સમુદાયના વિકાસ અર્થે સ્થાપેલ વિવિધ સંસ્થાઓના ઉદ્ભવ, કાર્ય પદ્ધતિ અને વિકાસની સમજ સામાજિક વિજ્ઞાન આપે છે. સ્થાનિક, રાજ્ય સ્તરે, આંતરરાષ્ટ્રીય સ્તરે માનવ સમાજના વિકાસ અર્થે વિવિધ સંસ્થાઓ દ્વારા થતા કાર્યોની સમજ આ વિષય આપે છે.

(૧૨) **રાજકીય ઘટનાઓ રજૂ કરે :**

– સામાજિક વિજ્ઞાન માનવ સમાજ સાથે સંકળાયેલ રાજકીય ઘટનાઓ કે અર્થતંત્રની આંટીઘૂંટીને સરળ રીતે સમજાવે છે.

(૧૩) **પથદર્શકનું કાર્ય :**

– સામાજિક વિજ્ઞાન ભૂતકાલીન, સમકાલીન, ઘટનાઓની આરસી રજૂ કરી ભવિષ્ય માટે પથદર્શકનું કામ કરે છે.

**(૧૪) નાગરિક નિર્માણ કરે :**

- ભારત દેશ લોકશાહીને વરેલો દેશ છે. લોકશાહી દેશમાં વિવિધ સમસ્યાઓ જોવા મળે છે. વિવિધ સમસ્યાઓનો ઉકેલ લાવવો જરૂરી છે. લોકશાહીની સમસ્યાનો ઉકેલ ઉત્તમ નાગરિકો છે. સામાજિક વિજ્ઞાન ઉત્તમ નાગરિકોના નિર્માણમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપે છે.

**(૧૫) વિવિધ કૌશલ્યનું ઘડતર કરે :**

- મનુષ્યમાં હકારાત્મક વલણો, ટેવોનું ઘડતર, મૂલ્યો, રૂચિઓ વગેરેનું ઘડતર સામાજિક વિજ્ઞાનના શિક્ષણ દ્વારા થાય છે, તેના અધ્યયનથી વિવિધ કૌશલ્યોની ખિલવણી થાય છે. સાથે સાથે યોગ્ય અને અયોગ્ય બાબતો વચ્ચેનો ભેદ ઓળખવાની શક્તિ તથા માનસિક શક્તિઓનો વિકાસ શક્ય છે.
- ટૂંકમાં, સામાજિક વિજ્ઞાન એ માનવ સમાજનો વિષય છે, જે સમાજ દ્વારા પ્રાપ્ત થાય છે અને સમાજ માટે શીખવાય છે. સામાજિક વિજ્ઞાનનો વિષય સ્થળકાળના ભેદભાવ વિના શીખવાય છે. માનવ વિકાસ કરી રાષ્ટ્ર અને આંતરરાષ્ટ્રીય વિકાસ તરફ દોરી જાય છે.

## ૧.૯ સામાજિક વિજ્ઞાનની જરૂરિયાતો : (Need of Social Science)

- સામાજિક વિજ્ઞાનની જરૂરિયાત નીચે પ્રમાણે દર્શાવી શકાય :

**(૧) સામાજિક મૂલ્યનો વિકાસ કરવા :**

- મૂલ્યો જાળવણીની સાચી સમજ આ વિષયના શૈક્ષણિક દષ્ટિબિંદુના આધારે વિકસાવી શકાય છે. માનવ–માનવ વચ્ચેના સંબંધોમાં સમભાવ જાળવવામાં તથા તંદુરસ્ત માનવીય સંબંધો વિકસાવવામાં સામાજિક વિજ્ઞાન મદદરૂપ બને છે. વ્યક્તિ સારો નાગરિક બની દેશ પ્રત્યેની જવાબદારી નિભાવે તથા રાજ્યની સેવાકીય પ્રવૃત્તિઓમાં પોતાનું યોગદાન આપે, સમયનો સદ્ઉપયોગ કરી એક મૂલ્ય નિષ્ઠ વ્યક્તિ તરીકે પોતાની ફરજો અદા કરે તેવી સાચી સમજ આ વિષય દ્વારા વિકસે તે જરૂરી છે.

**(૨) સમયનો યોગ્ય ઉપયોગ કરવા :**

- એક સારો નાગરિક બની દેશ પ્રત્યે જવાબદારી નિભાવવા માટે, લોકોની સેવા કરવા માટે સમયનો યોગ્ય ઉપયોગ કરવા માટે એવું માનવીય વલણ વિકસાવવા સામાજિક વિજ્ઞાન શિક્ષણ જરૂરી છે.

**(૩) માનવીય સંબંધો વિકસાવવા :**

- માનવ–માનવ વચ્ચેના સંબંધો સારા બનાવવા, ઘર પ્રત્યે, અન્ય વ્યક્તિ તરફ સારો વ્યવહાર કરી માનવીય સંબંધમાં વધારો થાય તેવો વ્યવહાર કરવા સામાજિક વિજ્ઞાનના શિક્ષણની જરૂર છે.

**(૪) સમસ્યાના ઉકેલ માટે :**

- આપણા દેશમાં લોકશાહી રાજ્યતંત્રછે. રાજકીય લોકશાહીની મર્યાદાઓ જાણવામાં અને તેની મર્યાદાઓને કારણે ઉદ્ભવતી સમસ્યાઓના ઉકેલમાં આ વિષય મદદરૂપ બને છે.

**(૫) લોકશાહી જીવનશૈલી વિકસાવવા :**

- આપણા દેશમાં લોકશાહી રાજ્યતંત્ર છે. વિદ્યાર્થીઓ લોકશાહી પ્રણાલિકાઓ સમજે અને સામાજિક તેમજ વ્યક્તિગત જીવન માટે લોકશાહી અભિગમ અપનાવે તેવી સમજ આ વિષયના શિક્ષણ દ્વારા વિકસાવી શકાય છે. લોકશાહી જીવનશૈલી માટે સમાનતા, સંઘભાવના, સહકાર, પરસ્પર જવાબદારી નિભાવી નૈતિક મૂલ્યો જાળવવાનું વલણ વિકસાવી શકાય છે.

**(૬) પરિસ્થિતિ સાથે અનુકૂલન સાધવા :**

- સામાજિક વિજ્ઞાનની વિષયવસ્તુ વિદ્યાર્થીઓ જે જગતમાં જીવે છે, જે સમાજમાં જીવે છે,તેની રીત–રસમો, વ્યક્તિ–વ્યક્તિ વચ્ચેના વ્યવહારો અને સંબંધો તથા સામાજિક જવાબદારીઓની

સમજ આપે છે. સામાજિક પરિવર્તનો સ્વીકારીને પરિસ્થિતિને અનુકૂલન બનવાની સમજ આપે છે.

**(૭) સામાજિક જવાબદારીની સમજ વિકસાવવા :**

- વ્યક્તિ એ સામાજિક પ્રાણી છે. તે સમાજમાં રહે છે, સમાજમાં રહીને તેમનો વિકાસ થાય છે, વ્યક્તિ જે સમાજમાં જીવે છે તે સમાજના રીત–રસમો, વ્યક્તિ–વ્યક્તિ વચ્ચેના વ્યવહારો અને સંબંધો તથા સામાજિક જવાબદારીઓની સમજ વિકસાવવા આ વિષયના શિક્ષણની જરૂરી છે. વિદ્યાર્થી પોતાનો અભ્યાસ પૂર્ણ કરે પછી કુટુંબની જવાબદારી ઉપાડવી પડે છે. કુટુંબનો વ્યવહાર, ઘર ખર્ચ વગેરે સંભાળવું પડે છે. આ વિષયના શિક્ષણ દ્વારા સામાજિક જવાબદારીની સમજ વિકસાવવા જરૂરી છે.

**(૮) સામાજિકતા વિકસાવવા :**

- વ્યક્તિગત વિકાસ માટે વ્યક્તિ એ સમાજ સાથેના સંબંધો વિકસાવવા પડે છે. સામાજિકતા વધે તે માટે વ્યક્તિ–વ્યક્તિ વચ્ચે, કુટુંબ–કુટુંબ સાથે વ્યવહાર અને સંબંધો વિકસાવવા પડે છે. વિશ્વ સ્તરે કોઈ પણ સ્થળે વસતા માનવીમાં સામાજિકપણું વિકસાવવા સામાજિક વિજ્ઞાનની અત્યંત જરૂરિયાત રહે છે.

**(૯) સારું જીવન જીવવા :**

- સારું જીવન જીવવા માટે હકારાત્મક વલણ હોવું જોઈએ. સામાજિકતાનો વિકાસ થયેલો હોવો જોઈએ. સામાજિક સમસ્યા ન ઊભી થાય, જવાબદારી સંભળવાની તૈયારી હોવી જોઈએ. સારા જીવન માટે સામાજિક વિજ્ઞાન જરૂરી માહિતી પૂરી પાડે છે.

**(૧૦) માનસિક શક્તિ વિકસાવવા :**

- વિષય શિક્ષણનો હેતુ વિદ્યાર્થીઓમાં વિવિધ માનસિક શક્તિઓ વિકસાવવાનો રહેલો છે. સામાજિક વિજ્ઞાનના શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓમાં વિવિધ માનસિક શક્તિઓનો વિકાસ થાય છે. દા.ત. – વિચારશક્તિ, તર્કશક્તિ, કલ્પના શક્તિ, યોગ્ય નિર્ણય લેવાની શક્તિ વગેરે.

**(૧૧) વ્યાવહારિક સમસ્યાઓની સમજ વિકસાવવા :**

- વ્યક્તિએ સમાજમાં રહીને વ્યાવહારિક બનવું પડે છે. સામાજિક જવાબદારીઓ નિભાવવી પડે છે. કૌટુંબિક સંબંધો વિકસાવવા પડે છે. સામાજિકતા કેળવવા તેને સમસ્યાઓનો સામનો કરવો પડે છે .આ સમયે ધીરજપૂર્વક સમસ્યાના સુખદ નિવારણ માટે તેણે પ્રયત્ન કરવાના રહે છે. આ પરિસ્થિતિમાં ધીરજ ધરી માનસિક સમતુલા જાળવી પરસ્પર લાભદાયી નીવડે એ રીતે નિર્ણય લેવાની સૂઝ અને સમજ સામાજિક વિજ્ઞાનના શિક્ષણ દ્વારા પ્રાપ્ત થાય છે. સામાજિક વિજ્ઞાનનું શિક્ષણ બાળકને સમાજમાં રહી સામાજિક વિકાસમાં તેની ભૂમિકા સમજાવે છે.

**(૧૨) વ્યક્તિગત ગુણો વિકસાવવા :**

- વિદ્યાર્થીઓમાં નાનપણથી જ સંપ, સહકાર, સેવા, સહનશીલતા, સહાનુભૂતિ, સહિષ્ણુતા અને સમભાવના ગુણો સામાજિક વિજ્ઞાનના શિક્ષણ દ્વારા વિકસે છે. આ બધા જ ગુણોના વિકાસ સાથે વ્યક્તિનું ઘડતર થાય જેથી સમાજના વિકાસમાં એક ચારિત્ર્યવાન સારા નાગરિકનું પ્રદાન મળી રહે.

**(૧૩) પર્યાવરણ સાથે અનુકૂલન સાધવાની સમજ માટે :**

- વિદ્યાર્થીઓનું જીવન સામાજિક અને પ્રાકૃતિક પર્યાવરણની છાયામાં વિકસે છે. સામાજિક પર્યાવરણમાં સમાજમાં બનતી ઘટનાઓ પરિવર્તન લાવે છે. આ સામાજિક પરિવર્તન સાથે વ્યક્તિએ તાલ–મેળ સાધવાનો રહે છે. વિદ્યાર્થીએ સ્વસ્થ રહી અનુકૂલન સાધવાની શક્તિ વિકસાવવાની રહે છે, જ્યારે પ્રાકૃતિક પર્યાવરણ પ્રાકૃતિક ઘટનાઓને આધારે નિર્માણ થતું

હોય છે. આ પ્રાકૃતિક પર્યાવરણની અસર પણ સમજ અને વ્યક્તિ પર થાય છે. આ બંને પર્યાવરણો વ્યક્તિના વિકાસ માટે કઈ રીતે અસર કરે છે તેની સમજ સામાજિક વિજ્ઞાન આપે છે.

**(૧૪) વ્યક્તિગત જીવન ઘડતરની સમજ વિકસાવવા :**

- સામાજિક વિજ્ઞાનનું શિક્ષણ વિદ્યાર્થીઓમાં સુટેવો વિકસાવે છે. વિશાળ વચનના આધારે વિદ્યાર્થીઓમાં હકારાત્મક વલણો કેળવાય છે. મહાન પુરુષોના ચરિત્રોના આધારે તેમના ગુણો અપનાવવાનું વલણ કેળવાય છે. રાજ્યતંત્રની નીતિ વિષયક બાબતોના આધારે મૂલ્ય આધારિત જીવન જીવવાનું વલણ ઘડાય છે. વિવિધ સમાજની સામાજિક, સાંસ્કૃતિક માહિતીના આધારે વ્યક્તિગત ભાવનાઓ વિશાળ બને છે. આમ, સામાજિક વિજ્ઞાનનું શિક્ષણ વ્યક્તિગત રીતે જીવન ઘડતરમાં મદદરૂપ બને છે.

## ૧.૧૦ સારાંશ : Let us sum up

- સામાજિક વિજ્ઞાન માનવ સમાજના વિકાસ સાથે આવેલાં પરિવર્તનોની સમજ આપતો વિષય.
- વ્યક્તિની સામાજિક પરિસ્થિતિઓનો અભ્યાસ કરતો વિષય.
- એન.સી.ઈ.આર.ટી.ના જણાવ્યા પ્રમાણે – 'સામાજિક વિજ્ઞાન વિષયનો સંબંધ સામાજિક અને પ્રાકૃતિક પર્યાવરણની આંતરક્રિયા સાથે સંબંધ છે.'
- **સામાજિક વિજ્ઞાનનું મહત્ત્વ :**
- અનુકૂલનની ભાવના વિકસાવવા માટે જરૂર છે. વિદ્યાર્થી સમાજમાં રહે છે, સમાજમાં તેનો વિકાસ થાય છે, તેથી વિદ્યાર્થીઓનું જીવન સામાજિક અને પ્રાકૃતિક પર્યાવરણની છાયામાં વિકસે છે. સામાજિક પર્યાવરણમાં સમાજમાં બનતી ઘટનાઓ પરિવર્તન લાવે છે. આ સામાજિક પરિવર્તન સાથે વ્યક્તિએ અનુકૂલન સાધવાનું છે. વિદ્યાર્થીએ સ્વસ્થ રહી અનુકૂલન સાધવાનું છે. સમાજમાં વિવિધ પ્રશ્નો અને સમસ્યાઓ હોય છે, તેની સામે ટકી રહેવું ખૂબ જ જરૂરી છે. પર્યાવરણનું જતન કરવાનું શીખવવામાં આવે છે, વૃક્ષને કાપવાનો વિરોધ કરવો, નવા વૃક્ષો વાવવા વગેરે.
- **સામાજિક વિજ્ઞાનનું કાર્યક્ષેત્ર :**
- સામાજિક વિજ્ઞાનમાં માનવીય સંબંધોનો અભ્યાસ કરવામાં આવે છે. વ્યક્તિનો કુટુંબ સાથે, શાળા સાથે, અન્ય સાથે માનવ સંબંધો કેવા રાખવા તેનો સમાવેશ કરે છે.
- સામાજિક વિજ્ઞાન વર્તમાન સમયની સમસ્યાઓનો અભ્યાસ કરે છે. દા.ત. જ્ઞાતિવાદ, આંતકવાદ, કશ્મીરમાં આંતકવાદ અને તેની અસરો વગેરેનો સમાવેશ કરવામાં આવે છે.
- **સામાજિક વિજ્ઞાનનું કાર્યક્ષેત્ર :**
- સામાજિક મૂલ્યનો વિકાસ કરવા, સમયનો યોગ્ય ઉપયોગ કરવા, માનવીય સંબંધો વિકસાવવા, સમસ્યાના ઉકેલ માટે, લોકશાહી જીવન શૈલી વિકસાવવા, પરિસ્થિતિ સાથે અનુકૂલન સાધવા વગેરે માટે જરૂરિયાત રહેલી છે.

## ૧.૧૧ એકમ સ્વાધ્યાય : Unit Exercises

(૧) સામાજિક વિજ્ઞાનનો અર્થ જણાવો.

(૨) સામાજિક વિજ્ઞાનની વ્યાખ્યાઓ જણાવો.

(૩) સામાજિક વિજ્ઞાનના શિક્ષણનું મહત્ત્વ જણાવો.

(૪) સામાજિક વિજ્ઞાનનું સ્વરૂપ જણાવો.

(૫) સામાજિક વિજ્ઞાનનું કાર્યક્ષેત્ર જણાવો.

(૬) સામાજિક વિજ્ઞાનની વિશેષતાઓ જણાવો.

(૭) સામાજિક વિજ્ઞાન શિક્ષણની જરૂરિયાત જણાવો.

## ૧.૧૨ તમારી પ્રગતિ ચકાસો :

(૧) સામાજિક વિજ્ઞાનનો અર્થ સ્પષ્ટ કરો.

(૨) સામાજિક મનોવિજ્ઞાનની વ્યાખ્યા આપો.

(૩) સામાજિક વિજ્ઞાનના શિક્ષણનું મહત્ત્વ જણાવો. (કોઈ પણ ચાર)

(૪) સામાજિક વિજ્ઞાનનું કાર્યક્ષેત્ર જણાવો. (કોઈ પણ ચાર)

(૫) સામાજિક વિજ્ઞાનની વિશેષતાઓ જણાવો. (કોઈ પણ ચાર)

(૬) સામાજિક વિજ્ઞાનની જરૂરિયાત જણાવો. (કોઈ પણચાર)

(૭) સામાજિક વિજ્ઞાનનું સ્વરૂપ જણાવો.

## ૧.૧૩ તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો : Answers to check your progress

**(૧) સામાજિક વિજ્ઞાનનો અર્થ :**

- સમાજિક વિજ્ઞાન એટલે સમાજનાં ઐતિહાસિક, રાજકીય, બંધારણીય, ભૌગોલિક, અર્થશાસ્ત્રીય, સમાજ નવરચનાનાં વિવિધ પાસાંઓનું અભ્યાસ કરતું વિજ્ઞાન.

**(૨) સામાજિક વિજ્ઞાનની વ્યાખ્યા :**

- કોનિલ :

  'માનવીય સંબંધોને માહિતી આપતા શાસ્ત્રને સામાજિક વિજ્ઞાન કહેવાય.'

**(૩) સામાજિક વિજ્ઞાનનું મહત્ત્વ :**

〈૧〉 વ્યક્તિગત જીવનમાં મહત્ત્વ અને સામાજિક વિકાસ માટે જાગૃતિ લાવવા માટે મહત્ત્વ રહેલું છે.

〈૨〉 વ્યક્તિગત ગુણોનો વિકાસ કરવો, જવાબદારીઓની સમજ વિકસાવવા, જીવન ઘડતરની સમજ વિકસાવવી, અનુકૂલનની ભાવના વિકસાવવા વગેરે માટે મહત્ત્વ રહેલું છે.

**(૪) સામાજિક વિજ્ઞાનનું કાર્યક્ષેત્ર :**

〈૧〉 માનવીય સંબંધોનો વિકાસ

〈૨〉 સામાજિક અને પ્રાકૃતિક પર્યાવરણનો અભ્યાસ

〈૩〉 વર્તમાન સમયની સમસ્યાઓનો અભ્યાસ

〈૪〉 રાષ્ટ્રીય સ્તરનો અભ્યાસ વગેરે

**(૫) સામાજિક વિજ્ઞાનની વિશેષતાઓ :**

〈૧〉 માનવી કેન્દ્ર સ્થાને

〈૨〉 માનવ સમાજની વિકાસ યાત્રા

〈૩〉 વ્યવહારુ શાખા

〈૪〉 અનુકૂલન સાધવાની શક્તિ વગેરે

**(૬) સામાજિક વિજ્ઞાનની જરૂરિયાત :**


〈૧〉 સામાજિક મૂલ્યનો વિકાસ કરવા

〈૨〉 સમયનો યોગ્ય ઉપયોગ કરવા

〈૩〉 માનવીય સંબંધો વિકસાવવા

(૪) સમસ્યા ઉકેલ માટે

**(૭) સામાજિક વિજ્ઞાનનું સ્વરૂપ :**




## ૧.૧૪ સૂચિત વાંચન સામગ્રી : Suggested Readings


૧. બારૈયા વી.વી. તથા અન્ય : સામાજિક વિજ્ઞાન શિક્ષણ, પ્રતીક પ્રકાશન, આણંદ

૨. બારૈયા વી.વી. તથા અન્ય : અર્થશાસ્ત્ર શિક્ષણ પદ્ધતિ, પ્રતીક પ્રકાશન, આણંદ

૩. રાવલ નટુભાઈ વી. તથા અન્ય : સમાજવિદ્યાનું અભિનવ અધ્યાપન, નીરવ પ્રકાશન, અમદાવાદ

૪. પંડ્યા પ્રતાપરાય તથા અન્ય : સમાજવિદ્યાનું આદર્શ અધ્યાપન, વારિષેણ પ્રકાશન, અમદાવાદ

૫. જાની ગૌરાંગ તથા અન્ય : સમાજશાસ્ત્ર ધોરણ–૧૧, ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર

૬. જાની ગૌરાંગ તથા અન્ય : સમાજશાસ્ત્ર ધોરણ–૧૨, ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર

૭. પટેલ મોતીભાઈ એમ. તથા અન્ય : સામાજિક વિજ્ઞાનના અધ્યાપનનું પરિશીલન, બી.એસ.શાહ પ્રકાશન, અમદાવાદ

૮. પાઠક ઉપેન્દ્રભાઈ તથા અન્ય : સામાજિક વિજ્ઞાન, સેમી.–૧, નીરવ પ્રકશન, અમદાવાદ

૯. પાઠક ઉપેન્દ્રભાઈ તથા અન્ય : સામાજિક વિજ્ઞાન, સેમી.–૨, નીરવ પ્રકાશન, અમદાવાદ

**એકમ 2**

# સામાજિક વિજ્ઞાન શિક્ષણના ધ્યેયો અને હેતુઓ

**: રૂપરેખા :**


૨.૦ ઉદ્દેશો

૨.૧ પ્રસ્તાવના

૨.૨ સામાજિક વિજ્ઞાન શિક્ષણના ધ્યેયો

૨.૩ સામાજિક વિજ્ઞાન શિક્ષણના સામાન્ય હેતુઓ અને વિશિષ્ટ હેતુઓ

૨.૪ માધ્યમિક કક્ષાએ સામાજિક વિજ્ઞાન શિક્ષણના હેતુઓ

૨.૫ સારાંશ

૨.૬ એકમ સ્વાધ્યાય

૨.૭ તમારી પ્રગતિ ચકાસો

૨.૮ તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

૨.૯ સૂચિત વાંચન સામગ્રી


## ૨.૦ ઉદ્દેશો : Objectives

- આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે ...

(૧) સામાજિક વિજ્ઞાન શિક્ષણના ધ્યેયો સમજી શકશો.

(૨) વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાનના જ્ઞાનનો હેતુ સમજી શકશો.

(૩) વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાનના જ્ઞાનના હેતુનો વિશિષ્ટ હેતુઓ સમજી શકશો.

(૪) વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાનના જ્ઞાનના હેતુનો અપેક્ષિત વર્તન પરિવર્તન હેતુઓ સમજી શકશો.

(૫) વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાનના જ્ઞાનની સમજ સમજી શકશો.

(૬) વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાનના જ્ઞાનનો ઉપયોગ સમજી શકશો.

(૭) વિદ્યાર્થીઓમાં કેટલાક કૌશલ્યનો વિકાસ થાય હેતુ સમજી શકશો.

(૮) વિદ્યાર્થીઓમાં કેટલીક માનસિક શક્તિઓનો વિકાસ થાય હેતુ સમજી શકશો.

(૯) વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાનના શિક્ષણ પ્રત્યે રસ, વલણ અને અભિરૂચિ વિકસાવે હેતુ સમજી શકશો.

## ૨.૧ પ્રસ્તાવના :

- કોઈ પણ માનવી આખો દિવસ કોઈ પ્રવૃત્તિમાં રોકાયેલ જોવા મળે છે. માનવીની દરેક પ્રવૃત્તિ ધ્યેયલક્ષી હોય છે. પોતાનો ધ્યેય નક્કી કરીને કોઈ પ્રવૃત્તિમાં રોકાયેલો જોવા મળે છે. માનવીની કોઈ પણ પ્રવૃત્તિ ધ્યેય વગરની વિચારી ન શકાય, તેથી ધ્યેય વગરનું માનવજીવન વિચારી પણ ન શકાય, તેવી જ રીતે ધ્યેય વગરની શિક્ષણની પણ કલ્પના અશક્ય છે. ધ્યેયનો શાબ્દિક અર્થ પ્રવૃત્તિનું અંતિમ લક્ષ્ય (Goal) એવો કરી શકાય.
- આપણી શિક્ષણની સમગ્ર પ્રક્રિયાને અંતે જે સિદ્ધ કરવા માંગીએ છીએ તે શિક્ષણનું ધ્યેય(Aim) કે લક્ષ્ય (Goal) છે એમ કહેવાય છે.
- માનવીની દરેક પ્રવૃત્તિ પછી તે નાની હોય કે મોટી, આર્થિક પ્રવૃત્તિ હોય કે બિન આર્થિક

પ્રવૃત્તિ હોય, એની પાછળનો હેતુ કે લક્ષ્ય રહેલા હોય છે જ, તો પછી વિદ્યાર્થીને અપાતું શિક્ષણ હેતુ વિનાનું શા માટે હોઈ શકે ?

- આપણે જ્યારે વિદ્યાર્થીના સર્વાંગી વિકાસની વાતો કરતાં હોઈએ ત્યારે તેને જે વિષયો શીખવીએ તે વિષયો શીખવવા પાછળના સ્પષ્ટ હેતુઓ હોવા જોઈએ. હેતુલક્ષી શિક્ષણ દ્વારા જ વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ થઈ શકે.
- મોટા ભાગે આપણે હેતુઓ અને ધ્યેયોને એકબીજાના પર્યાય તરીકે પ્રયોજીએ છીએ તે ભૂલ ભરેલ છે.
- ધ્યેય એ લાંબે ગાળે સિદ્ધ થાય છે, તેને માટે લક્ષ્ય શબ્દ પ્રયોજી શકાય. ધ્યેયો માટે અંગ્રેજીમાં Aims શબ્દ વપરાય છે. જ્યારે હેતુઓ માટે અંગ્રેજીમાં Objective વપરાય છે. હેતુઓ ટૂંકા ગાળામાં સિદ્ધ થાય છે. ધ્યેયો અતિશય વિશાળ છે, જ્યારે હેતુનો સીમિત હોય છે.
- શિક્ષણ એ વિકાસની પ્રક્રિયા છે. તે હેતુલક્ષી પ્રવૃત્તિ છે તે દ્વારા જ વિદ્યાર્થીઓમાં અપેક્ષિત વર્તન ફેરફારો લાવી શકાય છે. આ પરિવર્તન કેવી રીતે લાવીશું તેનો ચિતાર તે હેતુ. આ રીતે શિક્ષણમાં હેતુઓની વિચારણા શરૂ થઈ.
- શાળાઓમાં અપાતું શિક્ષણ એ હેતુલક્ષી પ્રક્રિયા છે. આપણે ત્યાં હેતુલક્ષી શિક્ષણનો પ્રચાર ડો. બેન્જામીન બ્લૂમે કર્યો છે. શાળામાં શિક્ષક પોતે જે વિષયનું શિક્ષણ કાર્ય કરતો હોય તે વિષયને શાળામાં શા માટે શીખવે છે ? એ અંગેની સમજ અને સ્પષ્ટતા તેને હોવી જોઈએ કે તેણે મેળવી લેવી જોઈએ. આ માટે ટૂંકમાં એટલું જરૂર કહી શકાય કે દરેક શિક્ષકે પોતાના વિષય શિક્ષણના વિશાળ ધ્યેયો, સામાન્ય હેતુઓ, વિશિષ્ટ હેતુઓ અને સાથે સાથે વિદ્યાર્થીઓનાં અપેક્ષિત વર્તન પરિવર્તનોનું જ્ઞાન અને સમજ મેળવી લેવાં જોઈએ.
- શિક્ષક વિદ્યાર્થીઓનો પથદર્શક, સાથી અને માર્ગદર્શક છે. અધ્યાપન કલાના કસબી અને રાહબર એવા શિક્ષકને મંઝિલ તેની નજર સમક્ષ હોવી જોઈએ, તો જ શિક્ષણ કાર્ય સારી રીતે કરી શકે.
- સામાજિક વિજ્ઞાનના વિશાળ ધ્યેયો જેમ કે... 'માનવ સમજની ખિલવણીનું ધ્યેય' લાંબા ગાળે સિદ્ધ થતાં હોય છે. ટૂંકા ગાળામાં આમાં ફેરફાર શક્ય નથી. મોટા ભાગે સામાજિક વિજ્ઞાનના હેતુઓ વર્ષના અંતે અભ્યાસ પૂરો થાય ત્યારે પૂર્ણ થતા જોઈએ છીએ. કેટલાંક વિશિષ્ટ હેતુઓ કે વિદ્યાર્થીનું વર્તન—પરિવર્તન અભિગમ તો કદાચ આપણને એક તાસ પૂરો થતાં સિદ્ધ થતાં જોવા મળે છે.
- દા.ત.— કેટલાંક કૌશલ્યનો વિકાસ કે રસ, રૂચિ, વલણ કેળવાતું આપણે જોઈ શકીએ છીએ. આવા વિશિષ્ટ હેતુઓ કે વર્તન પરિવર્તન ચોક્કસ માપી શકાય એવા હોય છે. સામાન્ય રીતે દરેક ચોક્કસ સામાન્ય હેતુના જુદાં જુદાં વિશિષ્ટ હેતુઓ હોય છે અને દરેક વિશિષ્ટ હેતુના વિવિધ વર્તન પરિવર્તન હોય છે. સામાજિક વિજ્ઞાનના શિક્ષકે વર્ગમાં શિક્ષણ કાર્ય કરતાં પહેલાં આ બધા માટેની ચોક્કસ સમજ અને સ્પષ્ટતા મેળવી લેવી જોઈએ.
- સામાજિક વિજ્ઞાનના શિક્ષકે શિક્ષણ કાર્યના હેતુઓ, વિશિષ્ટ હેતુઓના સંદર્ભમાંજ શિક્ષક શિક્ષણની પદ્ધતિઓ, પ્રવૃત્તિઓ, અભિગમો, અધ્યયન અનુભવો, શૈક્ષણિક સાધનો, સંદર્ભ સાહિત્ય સામગ્રી, મૂલ્યાંકન, સ્વાધ્યાય તથા વિદ્યાર્થીનું પૂર્વજ્ઞાન આ બધાની પૂર્વ વિચારણા કરીને શિક્ષણકાર્ય અસરકારક કરે છે અને આ રીતે પૂર્વે વિચારેલા હેતુઓ, વિશિષ્ટ હેતુઓ, અપેક્ષિત વર્તન પરિવર્તન સિદ્ધ થાય છે.
- પ્રવર્તમાન સમયમાં એક નવો વિચાર શિક્ષણ જગતમાં વહેતો થયો છે, તે છે શિક્ષણ દ્વારા વિદ્યાર્થીની વિવિધ શક્તિઓ વિકસાવવી, પાઠ્યપુસ્તકમાં પણ આ બાબતો પર ભાર મૂકવામાં આવ્યો છે.

## ૨.૨ સામાજિક વિજ્ઞાન શિક્ષણના ધ્યેયો :

- ધ્યેયો માટે અંગ્રેજીમાં Aims શબ્દ વપરાય છે. જ્યારે હેતુઓ માટે અંગ્રેજીમાં Objective વપરાય છે. હેતુઓ ટૂંકા ગાળામાં સિદ્ધ થાય છે. ધ્યેયો અતિશય વિશાળ છે, જ્યારે હેતુનો સીમિત હોય છે.
- સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં ધ્યેયો નક્કી કરતાં પહેલાં વિદ્યાર્થી, સમાજ, મૂલ્યો, નૈતિક મૂલ્યો, બૌદ્ધિક મૂલ્યો, સામાજિક મૂલ્યો, આંતર રાષ્ટ્રીય મૂલ્યો તરફ લક્ષ આપવું જોઈએ.
- ધ્યેયો અંગે વિવિધ અર્થશાસ્ત્રીઓએ પોતાનો મત વ્યક્ત કર્યો છે. પ્રો. પીગુ, પ્રો. બ્રાઈનીંગ અને બ્રાઈનીંગ, માર્શલ વગેરેના મતે ધ્યેય નીચે મુજબ વિચારી શકાય.
- જ્ઞાન પ્રાપ્ત કરવું.
- વ્યવહારિક જીવનની સમસ્યાઓનો ઉકેલ કરવો.
- સામાજિક જીવનમાં માર્ગદર્શન મેળવવાનું.
- સામાજિક વિજ્ઞાન શિક્ષણનાં ધ્યેયો વ્યાપક અને વિશાળ છે. જુદાં જુદાં વિદ્વાનો એ ધ્યેયો અને મૂલ્યોનું વર્ગીકરણ જુદી જુદી રીતે કર્યું છે, પરંતુ સામાજિક વિજ્ઞાન શિક્ષણના વિવિધ ધ્યેયોનું મૂલ્યાંકન કરતાં નીચે મુજબ પ્રાપ્ત થાય છે.

**(૧) જ્ઞાન પ્રાપ્તિનું ધ્યેય :**

- સામાજિક વિજ્ઞાનના સિદ્ધાંતોના જ્ઞાનનો ઉપયોગ વ્યક્તિ પોતાના રોજિંદા જીવનમાં કરે તે માટે તેને જ્ઞાન આપવું જોઈએ. સામાજિક વિજ્ઞાનના જ્ઞાનને આધારે વ્યક્તિ પોતાના દેશનું અર્થતંત્ર સમજે, દેશના આર્થિક સાધનો, દેશની આર્થિક સમસ્યાઓ સમજે અને દેશના વિકાસમાં મદદરૂપ થઈ શકે. માનવ જીવનના વિવિધ પાસાંઓ પર આર્થિક પરિબળોની અસરો જાણવા માટે તથા ખેતી ઉદ્યોગ, વાણિજ્ય, વાહન વ્યવહાર, સંદેશા વ્યવહાર, નોકરી, સેવાઓ વગેરે માટે સામાજિક વિજ્ઞાનનું જ્ઞાન જરૂરી છે. અર્થતંત્રની વિવિધતા, તેમાં આપેલાં પરિવર્તનો, સમસ્યાઓની જટિલતા, તેની સામે લેવાયેલા ઉપાયો વગેરેની ચર્ચા કરવામાં આવે છે.

**(૨) તર્ક શક્તિનો વિકાસ :**

- આજે આર્થિક સમસ્યાનો વ્યાપ ખૂબ વધ્યો છે. કોઈ પણ દેશમાં કોઈને કોઈ આર્થિક સમસ્યા જટિલ સ્વરૂપે જોવા મળે છે, તેમાં અલ્પ વિકસિત દેશોમાં વધુ સમસ્યાઓ જોવા મળે છે. વર્તમાન સમયમાં આર્થિક સમસ્યાઓ કઈ કઈ છે તે શોધવું અને તેના નિવારણ માટે શું કરવું તે સામાજિક વિજ્ઞાન વિચારે છે. આર્થિક સમસ્યાઓ, જટિલતા, કારણો, ઉપાયોનાં મનન કરતી વખતે સામાજિક વિજ્ઞાનના વિદ્યાર્થીએ અનિવાર્ય પણે તર્કશક્તિનો ઉપયોગ કરવો જ પડે છે. કુદરતને ખોળે જઈને અભ્યાસ કરવાથી આ પ્રકારની શક્તિઓ વિકસી શકે છે.

**(૩) રાષ્ટ્રીય નીતિ ઘડતર અંગે સમજણ પ્રાપ્ત કરવી :**

- આપણા દેશની આર્થિક નીતિના ઘડતરના અનુસંધાનને વિદ્યાર્થીઓ સાચી સમજ કેળવે તે સામાજિક વિજ્ઞાનનું ધ્યેય છે. આજે બારમી પંચવર્ષીય યોજનાની શરૂઆત થઈ ગઈ છે. આ પંચવર્ષીય યોજનાની સફળતા કેવળ સરકાર કે આયોજકો પર આધાર રાખતી નથી, પરંતુ સમાજના તમામ વર્ગોની જાગૃતિ પર આધાર રાખે છે. દેશની આર્થિક નીતિ, કૃષિ વિષયક નીતિ અને ઔદ્યોગિક નીતિના ઘડતરમાં અનેક આર્થિક પરિબળો ભાગ ભજવે છે. સામાજિક વિજ્ઞાનના વિદ્યાર્થીઓમાં આ સમજણ થાય તે ખૂબ આવશ્યક છે. સરકાર યોજનાઓ શા માટે ઘડે છે ? સમાજવાદી સમાજ રચનાને શા માટે મહત્ત્વ આપી રહ્યું છે ? જાહેરક્ષેત્રનો વિકાસ ઝડપી શા માટે રહ્યો છે ? મિશ્ર અર્થતંત્રમાં જાહેર સાહસોએ કઈ રીતે વર્તવું ? ઔદ્યોગિક તંત્રોના ઉદ્યોગોને શા માટે મહત્ત્વનું સ્થાન અપાઈ રહ્યું છે ? આ બધા જ પ્રશ્નોના જવાબો સામાજિક વિજ્ઞાનના જ્ઞાન અને સમજણ દ્વારા વિદ્યાર્થી મેળવે તે જરૂરી ગણાયું છે.

**(૪) નૈતિક ભાવનાનો વિકાસ કરવો :**

– સામાજિક વિજ્ઞાનના વિદ્યાર્થીઓ આદર્શલક્ષી વિજ્ઞાન અને કલા તરીકે અભ્યાસ કરે તે જરૂરી છે.

- ગાંધીજીએ નૈતિક અને રાષ્ટ્રીય ભાવનાના વિકાસ પર ખૂબ ભાર મૂક્યો છે. સાદાઈ, શ્રમ, સમાનતા, આત્મ નિર્ભરતા વગેરે ગાંધીવાદી સામાજિક વિજ્ઞાનના પાયાની બાબત છે. સામાજિક વિજ્ઞાનનું કાર્ય ગાંધીજીના મતે વ્યક્તિમાં શ્રમની પ્રતિષ્ઠા અને ગૌરવનું વિકાસ કરવો.
- સામાજિક વિજ્ઞાન સાદું જીવન અને ઉચ્ચ વિચારોને જીવનમાં ઉતારવામાં મદદ કરવાની છે. સામાજિક વિજ્ઞાનમાં માનવીમાં નૈતિકતા અને રાષ્ટ્રીયતાને વિકસાવવામાં મદદ કરવાની છે. સામાજિક ચારિત્ર્યનું નિર્માણ કરવાનું છે.

**(૫) સામાજિક મહત્તમ કલ્યાણ સાધવા :**

- સામાજિક વિજ્ઞાન અનેકવિધ આર્થિક સમસ્યાઓ પીડી રહી છે. બધી જ સમસ્યાઓના નિવારણને અંતે મહત્તમ સામાજિક કલ્યાણ સિદ્ધ થાય તે માટે સામાજિક વિજ્ઞાનનું ધ્યેય રહ્યું છે. સાધનોનો ઉપયોગ સારો અને યોગ્ય થાય જેથી સમાજનું કલ્યાણ વધે. વ્યક્તિની સાથે સમાજનું કલ્યાણ પણ યોગ્ય રીતે થાય એ સામાજિક વિજ્ઞાનનું ધ્યેય રહ્યું છે.

**(૬) વાસ્તવિક સ્થિતિનો ખ્યાલ મેળવવા :**

- વિજ્ઞાન તરીકે સામાજિક વિજ્ઞાન વાસ્તવિક સ્થિતિનો ખ્યાલ જરૂરી ગણે છે. આજે સરકાર શિક્ષણ પાછળ જે ખર્ચ કરે છે તે ફળદાયી બને તે જરૂરી છે. શિક્ષણમાં પણ આયોજનની જરૂર છે. શિક્ષણ પાછળ જે ખર્ચ કરવામાં આવે છે તે ખર્ચ માનવ મૂડી રોકાણ છે. યંત્રો અને કાચા માલ પાછળ થતાં મૂડીરોકાણ કરતાં પણ માનવ મૂડી રોકાણ વધુ અગત્યનું છે. આ મૂડીરોકાણ અંગેનો ખ્યાલ સામાજિક વિજ્ઞાન આપે છે. દેશ અને વિશ્વમાં વાસ્તવિક સ્થિતિ કેવા પ્રકારની છે તેની સમજ જરૂરી છે.
- દા.ત. બનતી ઘટનાઓ, સમસ્યાઓ, સાંસ્કૃતિક જતન વગેરે
- માનવી આજે લાચાર પરિસ્થિતિમાં મૂકાયો છે. આ પરિસ્થિતિમાં તેને વાસ્તવિકતા અને સત્ય સમજાવવાનું કામ સામાજિક વિજ્ઞાને કરવાનું છે. સમાજમાં પ્રવર્તતી ગરીબાઈ, બેરોજગારી વધતાં જતાં ભાવો, નીચા વેતનદરો, શોષણ, ઈજારો, ઉત્પાદનનાં સાધનોનો બગાડ, અર્થતંત્રની તેજી–મંદી વગેરે. આરોહ–અવરોહ આ તમામ બાબતે પૂર્ણ વાસ્તવિક પરિસ્થિતિથી વિદ્યાર્થી જ્ઞાત બને અને કલ્પનાને બદલે વ્યવહારુ બને એ સામાજિક વિજ્ઞાનનું ધ્યેય રહ્યું છે.

**(૭) વ્યવહારિક સમસ્યાઓને ઉકેલવો :**

- રોજિંદા વ્યવહારમાં વિદ્યાર્થીઓને સામાજિક વિજ્ઞાનનું જ્ઞાન આપવું જરૂરી છે. સામાજિક વિજ્ઞાનના જ્ઞાનનાં આધારે વ્યક્તિ પોતાના વ્યવહારિક જીવનની સમસ્યાઓ ઉકેલી શકે તે માટે તેને જરૂરી છે.
- વિદ્યાર્થીઓ અંદાજપત્રની અસર સમજે, સામાજિક જીવનમાં માનવીને માર્ગદર્શન આપે છે. ભૌગોલિક પરિસ્થિતિ પ્રમાણે સ્વભાવ, રહેઠાણ, પોશાક, ખોરાક, ધંધા વગેરે.

**(૮) યોગ્ય ઉપભોક્તાની ભાવના વિકસાવવા :**

- વિદ્યાર્થીઓમાં યોગ્ય ઉપભોક્તાની ભાવના વિકસાવવી જરૂરી છે. આ માટે દરેક વિદ્યાર્થી પોતાનું અંદાજપત્ર બનાવે તે પ્રમાણે પોતાનો આર્થિક વ્યવહાર ગોઠવે તેવી ભાવના વિકસાવવી.

**(૯) રાષ્ટ્રીય આવકમાં વૃદ્ધિ કરવી :**

- રાષ્ટ્રીય આવકમાં વૃદ્ધિ કેવી રીતે કરવી ? તે બાબતનું જ્ઞાન સામાજિક વિજ્ઞાન આપે છે. સારી ગુણવત્તાવાળી વસ્તુઓ તૈયાર કરવી, સમાજની જરૂરિયાતને ધ્યાનમાં લેવી.
- રાષ્ટ્રનો વિકાસ થાય તેવા પ્રયત્નો કરવા. રાષ્ટ્રના વિકાસના અવરોધક પરિબળો કયા છે તેની સમજ આપવી.

**(૧૦) બજેટનો ઉપયોગ કરતા શીખવવો :**

- સરકાર દર વર્ષે બજેટ તૈયાર કરે છે, તેના આધારે વિદ્યાર્થી પોતાનું તેમજ કુટુંબનું બજેટ તૈયાર કરે તે બાબત શીખવવી. આવકને ધ્યાનમાં રાખી પોતાના વ્યવહારો ગોઠવે તે જરૂરી છે.

**(૧૧) રાષ્ટ્રીય જીવન ધોરણ ઉચ્ચ બનાવવા :**

- રાષ્ટ્રીય જીવન ધોરણ ઉચ્ચ બને તે જરૂરી છે. રાષ્ટ્રીય જીવન ધોરણ ઉચ્ચ બનાવવા માટે વિદ્યાર્થીએ શું કરવું જોઈએ તે બાબત શીખવવામાં આવે છે. દા.ત.– રાષ્ટ્રીય એકતા

**(૧૨) નાગરિકતાના ગુણનો વિકાસ કરવા :**

- આર્થિક નાગરિકતા એટલે વ્યક્તિમાં નિર્માણ થતો એવો ભાવ છે કે જેના પરિણામે વ્યક્તિ આર્થિક બાબતોમાં પોતાના આશ્રિતોને સમજવામાં અને તેમનો યોગ્ય રીતે જીવન નિર્વાહ કરવાની ક્ષમતા ધરાવે. પોતાનું ભરણપોષણ જાતે કરે, સમસ્યાઓની જાણકારી મેળવે, જવાબદારી ઉઠાવે, કુશળ ઉપભોકતા બને, શિસ્તબદ્ધ રીતે જીવન વ્યતિત કરે.

**(૧૩) આર્થિક સમસ્યાઓ માટે :**

- વિદ્યાર્થીઓને આર્થિક સમસ્યાઓથી પરિચિત કરવા, તેના ઉકેલ માટે મદદરૂપ થાય.
- દા.ત. અન્ન સમસ્યા, વસ્તી સમસ્યા, બેકારીની સમસ્યા વગેરે.

**(૧૪) જાહેર ખર્ચના મહત્ત્વને સમજાવવા :**

- સરકાર લોકોના કલયાણ માટે જે ખર્ચ કરે છે તે જાહેર ખર્ચને સમજવા માટે વિદ્યાર્થીઓને સામાજિક વિજ્ઞાનના જ્ઞાનના આધારે સમજ વિકસાવી શકાય, જેથી વિદ્યાર્થીઓ જાહેર મિલકતને નુકસાન ન કરે.
- આ રીતે સામાજિક વિજ્ઞાન શિક્ષણનાં વિશાળ ધ્યેયોની દષ્ટિએ જોતા એ વ્યાપક છે, પરંતુ ચોક્કસ ટૂંકા ગાળાના હેતુઓ દ્વારા એ સિદ્ધ કરી શકાય છે. શિક્ષણ કાર્ય કરવા માટે શિક્ષક પાસે સ્પષ્ટ ધ્યેય હોવું જરૂરી છે, તો જ પોતાનું શિક્ષણ કાર્ય ધ્યેયને ધ્યાનમાં રાખી ગોઠવી શકે.

**(૧૫) સાંસ્કૃતિક વારસાના વિકાસની સમજનું ધ્યેય :**

- માનવી સંસ્કૃત નાગરિક તરીકે ઉત્તમ જીવન જીવે અને રાષ્ટ્રના સાંસ્કૃતિક વારસાનું ગૌરવ વધારે અને તેનું જતન કરે એ સામાજિક વિજ્ઞાનના શિક્ષણનું અત્યંત મહત્ત્વનું અને ઉમદા ધ્યેય છે.
- સામાજિક વિજ્ઞાનના શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓમાં દેશના અને વિશ્વના સાંસ્કૃતિક વારસા પ્રત્યે ગૌરવ અને સન્માનની ભાવના પ્રગટે એ માટે તેમને સાંસ્કૃતિક વારસાનો પરિચય મળી રહે તે માટે શાળામાં વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન અવાર–નવાર થવું જોઈએ.

**(૧૬) માનવ સમાજના ઘડતરનું ધ્યેય :**

- સામાજિક વિજ્ઞાનના શિક્ષણ દ્વારા માનવ સમાજનું ઘડતર થાય તે જરૂરી છે. સામાજિક વિજ્ઞાનને માનવ સમાજની શાંતિ અને પ્રગતિ સાથે સંબંધ છે. માનવ સમાજનું કલ્યાણમય અને સગવડતાભર્યું જીવન એ જ તેનો આદર્શ છે. આવો અમૂલ્ય આદર્શ ત્યારે જ સાકાર બને જયારે ભારતના ભાવિ નાગરિકો એવાં બાળકોમાં માનવ સમાજની ભાવનાનો વિકાસ થતો હોય, તેઓ માનવ–માનવ પ્રત્યે સદ્ભાવના દાખવવા તત્પર રહેતાં હોય. સાથે સાથે વ્યક્તિ–

વ્યક્તિ વચ્ચે તેમનમાં આદરભાવ વિકસે. સહનશીલતા, પરસ્પર સહયોગ વગેરેની ભાવના પ્રગટે એ ખાસ જરૂરી છે. આ માટે વિવિધ પ્રવૃત્તિઓ કરવી.

## ૨.૩ સામાજિક વિજ્ઞાન શિક્ષણના સામાન્ય હેતુઓ અને વિશિષ્ટ હેતુઓ :

- સામાન્ય હેતુઓ કોઈ એકાદ માસના શિક્ષણ દ્વારા સિદ્ધ થઈ શકે નહીં. હેતુઓની સિદ્ધિ માટે ટૂંકા ગાળાના હેતુઓ વિચારવા પડે. વિશિષ્ટ હેતુઓ સિદ્ધ થાય તો આપો આપો મુખ્ય હેતુ સિદ્ધ થાય છે. હેતુ અમુક સમયે સિદ્ધ થાય છે. શિક્ષણથી વિદ્યાર્થીમાં પરિવર્તન આવે છે. આપણે વિદ્યાર્થીમાં કેવું પરિવર્તન લાવવા માગીએ છીએ, તે અગાઉથી નક્કી કરવામાં આવે છે. વર્તનમાં લાવનારું પરિવર્તન અગાઉથી નક્કી કરેલું કે અપેક્ષિત હોય છે, તેથી તેને અપેક્ષિત વર્તન પરિવર્તન કહેવામાં આવે છે.

- **સામાન્ય હેતુઓ :**

(૧) વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાનનું જ્ઞાન મેળવે.

(૨) વિદ્યાર્થીઓ પ્રાપ્ત સામાજિક વિજ્ઞાનના જ્ઞાનની સમજ કેળવે.

(૩) વિદ્યાર્થીઓ પ્રાપ્ત સામાજિક વિજ્ઞાન જ્ઞાનનો ઉપયોગ કરે.

(૪) વિદ્યાર્થીઓમાં કેટલાંક કૌશલ્યનો વિકાસ થાય.

(૫) વિદ્યાર્થીઓમાં કેટલીક માનસિક શક્તિઓનો વિકાસ થાય.

(૬) વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાનના શિક્ષણ પ્રત્યે રસ, વલણ અને અભિરૂચિ વિકસાવે.

**(૧) વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાનનું જ્ઞાન મેળવે :**

- સામાજિક વિજ્ઞાન શિક્ષણનો મૂળભૂત હેતુ છે. શિક્ષણની દૃષ્ટિ બદલાય છતાં વિષયની માહિતી આપવાનો હેતુ દૂર કરી શકાય તેમ નથી. જ્ઞાનનો હેતુ બીજા હેતુઓની સિદ્ધિ માટે ખૂબ જરૂરી છે.

**૧〉 વિશિષ્ટ હેતુઓ :**

૧} સામાજિક વિજ્ઞાનના મૂળભૂત ખ્યાલોનું જ્ઞાન મેળવે. દા.ત. – લોકશાહી, સમાજવાદ, સમાનતા, શોષણ, ન્યાયતંત્ર, વડી અદાલત, સર્વોચ્ચ અદાલત, ફોજદારી, ખડક, આબોહવા, અક્ષાંશ, રેખાંશ, ભૂકંપ, જ્વાળામુખી વગેરે.

૨} વિદ્યાર્થીઓ અર્થતંત્રોના પ્રકારોનું જ્ઞાન મેળવે. દા.ત. – મૂડીવાદી, સામૂહિક મિશ્ર અર્થતંત્ર, સામ્યવાદી અર્થતંત્ર, સમાજવાદી અર્થતંત્ર, સહકારી અર્થતંત્ર વગેરે.

૩} વિદ્યાર્થીઓ દેશ અને વિશ્વમાં બનતી રાજકીય અને પ્રાકૃતિક ઘટનાઓથી પરિચિત થાય.

૪} વિદ્યાર્થીઓ પૃથ્વીની ઉત્ક્રાંતિથી અને માનવીએ કુદરતનાં બળો સામે કરેલા પ્રયત્નોથી પરિચિત થાય.

**૨〉 અપેક્ષિત વર્તન પરિવર્તન :**

★ ઉપરોક્ત હેતુ સિદ્ધ થાય તો વિદ્યાર્થીઓમાં નીચે મુજબ અપેક્ષિત વર્તન પરિવર્તન આવે એવી અપેક્ષા છે.

૧} વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાનના મૂળભૂત ખ્યાલોની યાદી કરી શકે.

૨} વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાનના મૂળભૂત ખ્યાલોની વ્યાખ્યા આપી શકે.

દા.ત. – લોકશાહી એટલે શું ?

– સમાજવાદ એટલે શું ?

– શોષણ એટલે શું ?

૩} વિદ્યાર્થીઓ અર્થતંત્રના વિવિધ પ્રકારો જણાવી શકે

દા.ત. – મૂડીવાદ અર્થતંત્ર

૪} વિદ્યાર્થીઓ દેશ અને વિશ્વમાંબનતી ઘટનાઓ વર્ણવી શકે.

(૨) વિદ્યાર્થીઓ પ્રાપ્ત સામાજિક વિજ્ઞાનના જ્ઞાનની સમજ કેળવે :

- વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાનનું જે જે બાબતોનું જ્ઞાન મેળવે તે બાબતોની સમજ કેળવવાની છે. આથી આ હેતુ જ્ઞાનના હેતુઓ સાથે સંકળાયેલ છે. વિદ્યાર્થીઓ મેળવેલા જ્ઞાનની સમજ કેળવે તો જ તે જ્ઞાન ચિરસ્થાયી કે દઢ બને છે. આથી સામાજિક વિજ્ઞાનના શિક્ષણમાં આ હેતુ પણ મહત્ત્વનો છે. આ હેતુના વિશિષ્ટ હેતુનો નીચે મુજબ હોઈ શકે :

**૧〉 વિશિષ્ટ હેતુઓ :**

૧} વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાનના પારિભાષિક શબ્દોની સમજ કેળવે.

દા.ત. – લોકશાહી, સમાજવાદ, સામ્યવાદ વગેરે.

૨} વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાનના મૂળભૂત ખ્યાલોની સમજ કેળવે.

દા.ત.– લોકશાહી, સમાજવાદ, સામ્યવાદ વગેરે.

૩} વિદ્યાર્થીઓ જુદાં જુદાં દેશોના અર્થતંત્રની સમજ કેળવે.

૪} વિદ્યાર્થીઓ જુદાં જુદાં દેશોની વિવિધ સમસ્યાઓ અને તેનાં કારણોની સમજ કેળવે.

૫} વિદ્યાર્થીઓ માહિતીના આધારે તેના પરસ્પર સંબંધની સમજ કેળવે.

૬} વિદ્યાર્થીઓ ભૌગોલિક પરિસ્થિતિ પરથી આગાહી કરવાની ક્ષમતાની સમજ કેળવે.

**૨〉 અપેક્ષિત વર્તન પરિવર્તન :**

૧} વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાનના મૂળભૂત ખ્યાલોના અર્થ આપી શકે.

૨} વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાનના મૂળભૂત ખ્યાલોને સ્પષ્ટ કરતું ઉદાહરણ આપી શકે.

૩} વિદ્યાર્થીઓ જુદાં જુદાં ખ્યાલો વચ્ચેનો ભેદ પારખી શકે.

દા.ત. – સમાજવાદ અને સામ્યવાદ

૪} વિદ્યાર્થીઓ જુદાં જુદાં દેશોની વિવિધ સમસ્યાઓના ઉકેલ આપી શકે. દા.ત. – બેકારી દૂર કરવાના ઉપાયો

૫} વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય પ્રશ્નોની સમીક્ષા કરી શકે.

દા.ત.– પંચવર્ષીય યોજના

**(૩) વિદ્યાર્થીઓ પ્રાપ્ત સામાજિક વિજ્ઞાનના જ્ઞાનનો ઉપયોગ કરે :**

- આ હેતુના પાયામાં સામાજિક વિજ્ઞાનના જ્ઞાન પ્રાપ્તિનો અને જ્ઞાનની સમજનો આ બે હેતુઓ રહેલા છે.
- વિદ્યાર્થી મેળવેલા જ્ઞાનની સમજ કેળવાઈ હોય તો જ તે પ્રાપ્ત જ્ઞાનનો ઉપયોગ કરી શકે. મેળવેલા જ્ઞાનો ઉપયોગ ન થાય તો તે નિરર્થક છે.
- સામાજિક વિજ્ઞાનના શિક્ષણમાં આ હેતુ પણ વિદ્યાર્થી માટે ખૂબ જ મહત્ત્વનો છે. આ હેતુના વિશિષ્ટ હેતુનો નીચે મુજબ હોઈ શકે :

**૧〉 વિશિષ્ટ હેતુઓ :**

૧} વિદ્યાર્થીઓ દેશની સમસ્યાઓ દૂર કરવામાં સામાજિક વિજ્ઞાનનાં જ્ઞાનનો ઉપયોગ કરે.

૨} વિદ્યાર્થીઓ ભૂતકાળની સમસ્યાઓ પરથી વર્તમાન સમસ્યાઓના ઉકેલ શોધતાં શીખે.

૩}	વિદ્યાર્થીઓ રોજબરોજ જીવનમાં બનતી સમસ્યાઓ પાછળના પરિબળો નક્કી કરે.

૪}	વિદ્યાર્થીઓ દેશની આર્થિક પરિસ્થિતિને અનુરૂપ બનાવવામાં સામાજિક વિજ્ઞાનના જ્ઞાનનો ઉપયોગ કરે.

૫}	વિદ્યાર્થીઓ સારું જીવન જીવવા સામાજિક વિજ્ઞાનના જ્ઞાનનો ઉપયોગ કરી શકે.

**૨〉	અપેક્ષિત વર્તન પરિવર્તન :**

૧}	વિદ્યાર્થીઓ દેશની સમસ્યાઓ દૂર કરવામાં જ્ઞાનનો ઉપયોગ કરી શકે.

૨}	વિદ્યાર્થીઓ ભૂતકાળની સમસ્યાઓ પરથી વર્તમાન સમસ્યાઓના ઉકેલ શોધતાં જ્ઞાનનો ઉપયોગ કરી શકે.

૩}	વિદ્યાર્થીઓ રોજબરોજ જીવનમાં બનતી સમસ્યાઓ પાછળના પરિબળો સમજવામાં જ્ઞાનનો ઉપયોગ કરી શકે.

૪}	વિદ્યાર્થીઓ દેશની આર્થિક પરિસ્થિતિને અનુરૂપ બનાવવામાં જ્ઞાનનો ઉપયોગ કરી શકે.

૫}	વિદ્યાર્થીઓ સારું જીવન જીવવન સામાજિક વિજ્ઞાનના જ્ઞાનનો ઉપયોગ કરી શકે.

**(૪)	વિદ્યાર્થીઓમાં કેટલાક કૌશલ્યનો વિકાસ થાય :**

- સામાજિક વિજ્ઞાનનું સાચું શિક્ષણ મેળવવા માટે વિદ્યાર્થીઓમાં કેટલાંક કૌશલ્યો કેળવવા આવશ્યક છે.

– સમયરેખા સમજવા માટે તેમજ તૈયાર કરવાનું અને અર્થઘટન કરવાનું તેમજ આલેખ ને આકૃતિના અર્થઘટનનું કૌશલ્ય કેળવવું આવશ્યક છે. આ હેતુના વિશિષ્ટ હેતુનો નીચે મુજબ હોઈ શકે :

**૧〉	વિશિષ્ટ હેતુઓ :**

૧}	વિદ્યાર્થીઓ આલેખ, આકૃતિઓ, નકશાઓ તૈયાર કરવાનું કૌશલ્ય કેળવે.

૨}	વિદ્યાર્થીઓ માહિતીએકઠી કરવાનું ,પૃથક્કરણ કરવાનું, તારવવાનું અને અર્થઘટન કરવાનું કૌશલ્ય કેળવે.

૩}	વિદ્યાર્થીઓ દૃશ્ય–શ્રાવ્ય સાધનોના ઉપયોગનું કૌશલ્ય કેળવે.

૪}	વિદ્યાર્થીઓ સમયરેખા તૈયાર કરવાનું કૌશલ્ય કેળવે.

૫}	વિદ્યાર્થીઓ વ્યક્તિગત અને કૌટુંબિક સમસ્યા નક્કી કરે.

૬}	વિદ્યાર્થીઓ યોગ્ય જીવન જીવવાની ટેવો કેળવાય.

૭}	વિદ્યાર્થીઓ જરૂરિયાત અનુસાર વિવિધ ભૌગોલિક સાધનોનો ઉપયોગ કરવાનું કૌશલ્ય કેળવે.

૮}	વિદ્યાર્થીઓ ભૌગોલિક બનાવોના અવલોકનનું કૌશલ્ય કેળવે.

૯}	વિદ્યાર્થીઓ ભૌગોલિક ચીજવસ્તુઓના સંગ્રહનું વર્ગીકરણ કરવાનું કૌશલ્ય કેળવે.

**૨〉	અપેક્ષિત વર્તન પરિવર્તન :**

૧}	વિદ્યાર્થીઓ સમયરેખામાં રજૂ થયેલી બાબતો પરથી આકૃતિ દોરી શકે.

૨}	વિદ્યાર્થીઓ સમયરેખા તૈયાર કરી શકે.

૩}	વિદ્યાર્થીઓ દૃશ્ય–શ્રાવ્ય સાધનોનો ઉપયોગ કરી શકે.

૪}	વિદ્યાર્થીઓ આકૃતિ, આલેખમાં રહેલી ખામીઓ શોધી શકે.

૫}	વિદ્યાર્થીઓ તેમના જીવનમાં યોગ્ય ટેવો કેળવી શકે.

૬}	વિદ્યાર્થીઓ કોઠાઓમાં રજૂ થયેલી બાબતો પરથી આલેખ દોરી શકે.

**(૫) વિદ્યાર્થીઓમાં કેટલીક માનસિક શક્તિઓનો વિકાસ થાય :**

- આર્થિક બાબતોના અવલોકનની સાથે તર્ક કરવાની જરૂર પડે છે.
- સામાજિક વિજ્ઞાનના શિક્ષણના હેતુનો નક્કી કરતાં બાળકોમાં કેટલીક માનસિક શક્તિઓનો વિકાસ થાય તે અંગે પણ વિચારણા થવી જોઈએ.

– સામાજિક વિજ્ઞાનના શિક્ષણમાં દ્વારા બાળકોમાં નીચે મુજબની કેટલીક શક્તિઓનો વિકાસ થઈ શકે :

**૧〉 વિશિષ્ટ હેતુઓ :**

૧} વિદ્યાર્થીઓમાં તર્ક શક્તિનો વિકાસ થાય.

૨} વિદ્યાર્થીઓમાં નિર્ણય શક્તિનો વિકાસ થાય.

૩} વિદ્યાર્થીઓમાં ચિંતન શક્તિનો વિકાસ થાય.

૪} વિદ્યાર્થીઓમાં નિદર્શન, અભિવ્યક્તિ જેવી શક્તિઓનો વિકાસ થાય.

૫} વિદ્યાર્થીઓમાં કલ્પના શક્તિનો વિકાસ થાય.

૬} વિદ્યાર્થીઓમાં અવલોકન શક્તિનો વિકાસ થાય.

**૨〉 અપેક્ષિત વર્તન પરિવર્તન :**

૧} વિદ્યાર્થીઓમાં તર્ક શક્તિનો વિકાસ થઈ શકે.

૨} વિદ્યાર્થીઓમાં નિર્ણય શક્તિનો વિકાસ થઈ શકે.

૩} વિદ્યાર્થીઓમાં ચિંતન શક્તિનો વિકાસ થઈ શકે.

૪} વિદ્યાર્થીઓમાં નિદર્શન, અભિવ્યક્તિ જેવી શક્તિઓનો વિકાસ થઈ શકે.

૫} વિદ્યાર્થીઓમાં કલ્પના શક્તિનો વિકાસ થઈ શકે.

૬} વિદ્યાર્થીઓમાં અવલોકન શક્તિનો વિકાસ થઈ શકે.

**(૬) વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાનના શિક્ષણ પ્રત્યે રસ, વલણ અને અભિરૂચિ વિકસાવે :**

- વિદ્યાર્થી તેના જીવનમાં ઉપયોગી થાય તેવાં કેટલાંક વલણો વિકસાવવાનું કામ સામાજિક વિજ્ઞાન શિક્ષણે કરવાનું છે. આ માટે સામાજિક વિજ્ઞાનના શિક્ષણ તરફ રસ પેદા કરવો જોઈએ. કોઈ પણ વિષયની જ્ઞાન પ્રાપ્તિનો આધાર વિદ્યાર્થીઓ તે વિષયના શિક્ષણમાં કેટલો રસ લે તેના પર છે.
- આથી સામાજિક વિજ્ઞાનના શિક્ષણમાં આ હેતુ પણ મહત્ત્વનો છે. આ હેતુના વિશિષ્ટ હેતુનો નીચે મુજબ હોઈ શકે :

**૧〉 વિશિષ્ટ હેતુઓ :**

૧} વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાનના શિક્ષણમાં રસ લેતા થાય

૨} વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાનના શિક્ષણ તરફ હકારાત્મક વલણ કેળવે.

૩} વિદ્યાર્થીઓમાં સામાજિક વિજ્ઞાન તરફની અભિરૂચિ પેદા થાય.

૪} વિદ્યાર્થીઓમાં ટિકિટ સંગ્રહ કરવાની ટેવ વિકસે.

૫} વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાન મંડળની પ્રવૃત્તિઓમાં રસ લેતા થાય.

૬} વિદ્યાર્થીઓ વિવિધ ઠેકાણેથી સંદર્ભ સાહિત્ય એકત્રિત કરે.

૭} વિદ્યાર્થીઓને કુદરતી દૃશ્યો જોવામાં અભિરૂચિ પેદા થાય

**૨)	અપેક્ષિત વર્તન પરિવર્તન :**

૧}	વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાન અંગેના લેખો, સામયિકો, વર્તમાનપત્રો વગેરેનું ધ્યાનપૂર્વક વાંચન કરી શકે.

૨}	વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાનનું રસપૂર્વક અધ્યયન કરી શકે.

૩}	વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાનના જરૂરી સંદર્ભો ભેગા કરી શકે.

૪}	વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાન મંડળની પ્રવૃત્તિઓમાં રસ લઈ શકે.

૫}	વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાન તરફ જોવાનું દષ્ટિબિંદુ વ્યાપક બનાવી શકે.

૬}	વિદ્યાર્થીઓ ભૌગોલિક પરિસ્થિતિનું નિરીક્ષણ અને નોંધ કરવાની ટેવ પાડી શકે.

## ૨.૪ માધ્યમિક કક્ષાએ સામાજિક વિજ્ઞાન શિક્ષણના હેતુઓ :

(૧)	વિદ્યાર્થીઓમાં સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં સામાજિક વિજ્ઞાનનો અર્થ, મહત્ત્વ, વ્યાખ્યા,વિભાવના વગેરે સમજ કેળવવી.

(૨)	વીસમી સદી–વિશ્વ અને ભારત વિશે માહિતી મેળવવી.

(૩)	૧૯૪૫ પછીના વિશ્વની માહિતી મેળવવી.

(૪)	આધુનિક રાષ્ટ્રનું નિર્માણની માહિતીથી પરિચય મેળવવો.

(૫)	ભારત ભૂમિ અને લોકો વિશે પરિચય કરાવવો.

(૬)	આપત્તિ વ્યવસ્થાપન વિશે પરિચય કરાવવો.

(૭)	ભારતનો વારસાથી પરિચય આપવો.

(૮)	આર્થિક ઉદારીકરણ અને વૈશ્વિકરણની માહિતી આપવી.

(૯)	આર્થિક સમસ્યાઓ અને પડકારોની માહિતી આપવા.

(૧૦)	ભાવ વધારો અને ગ્રાહક જાગૃતિની માહિતી આપવી.

(૧૧)	માનવ વિકાસ વિશેની માહિતી આપવી.

(૧૨)	ભારતની સામાજિક સમસ્યાઓ અને પડકારોની માહિતી આપવી.

(૧૩)	સામાજિક પરિવર્તન વિશેની માહિતી આપવી.

## ૨.૫ સારાંશ : Let us sum up

- સામાજિક વિજ્ઞાન શિક્ષણના ધ્યેયો :

  જ્ઞાન પ્રાપ્તિનું ધ્યેય, તર્ક શક્તિનો વિકાસ, રાષ્ટ્રનીતિ ઘડતર અંગે સમજણ પ્રાપ્ત કરવી, નૈતિક ભાવનાનો વિકાસ કરવો, સામાજિક મહત્તમ કલ્યાણ સાધવા, વાસ્તવિક સ્થિતિનો ખ્યાલ મેળવવા, વ્યવહારિક સમસ્યાઓનો ઉકેલવો વગેરે.

- સામાજિક વિજ્ઞાન શિક્ષણનાં
- સામાન્ય હેતુઓ
- વિશિષ્ટ હેતુઓ
- અપેક્ષિત વર્તન પરિવર્તન
- દા.ત. :

  – વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાનનું જ્ઞાન મેળવે.

- સામાજિક વિજ્ઞાનના મૂળભૂત ખ્યાલોનું જ્ઞાન મેળવે.

  દા.ત.–લોકશાહી

- વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાનના મૂળભૂત ખ્યાલોની યાદી કરી શકે. દા.ત. – લોકશાહી, સમાજવાદ, શોષણ

## ૨.૬ એકમ સ્વાધ્યાય : Unit Exercises

(૧) સામાજિક વિજ્ઞાન શિક્ષણના ઉદ્દેશો જણાવો.

(૨) સામાજિક વિજ્ઞાન શિક્ષણના સામાન્ય હેતુઓ જણાવો.

(૩) સામાજિક વિજ્ઞાન શિક્ષણના વિશિષ્ટ હેતુઓ અને અપેક્ષિત વર્તન પરિવર્તનના હેતુઓ જણાવો.

## ૨.૭ તમારી પ્રગતિ ચકાસો :

(૧) સામાજિક વિજ્ઞાન શિક્ષણના કોઈ પણ ચાર ધ્યેયો જણાવો.

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

(૨) સામાજિક મનોવિજ્ઞાનના હેતુઓ જણાવો. (કોઈ પણ ત્રણ)

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

(૩) સામાજિક વિજ્ઞાનના જ્ઞાનના હેતુઓના વિશિષ્ટ હેતુ જણાવો. (કોઈ પણ ત્રણ)

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

(૪) સામાજિક વિજ્ઞાનના જ્ઞાનના હેતુના અપેક્ષિત વર્તન પરિવર્તનના ત્રણ હેતુ જણાવો.

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

(૫) સામાજિક વિજ્ઞાનના જ્ઞાનની સમજ કેળવે તે સમજાવો. (કોઈ પણ ત્રણ)

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(૬) સામાજિક વિજ્ઞાન જ્ઞાનનો ઉપયોગ કરે તેના વિશિષ્ટ હેતુ જણાવો. (કોઈ પણ ત્રણ)

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(૭) વિદ્યાર્થીઓમાં કેટલાંક કૌશલ્યનો વિકાસ થાય તેના વિશિષ્ટ હેતુઓ જણાવો. (કોઈ પણ ત્રણ)

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

## ૨.૮ તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો : Answers to check your progress

**(૧) સામાજિક વિજ્ઞાન શિક્ષણના હેતુઓ :**

〈૧〉 જ્ઞાન પ્રાપ્તિનું ધ્યેય

〈૨〉 તર્કશક્તિનો વિકાસ

〈૩〉 રાષ્ટ્રીય નીતિ ઘડતર અંગે સમજણ પ્રાપ્ત કરવી.

〈૪〉 નૈતિક ભાવનાનો વિકાસ કરવો

**(૨) સામાજિક વિજ્ઞાનના સામાન્ય હેતુઓ :**

〈૧〉 વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાનનું જ્ઞાન મેળવે.

〈૨〉 વિદ્યાર્થીઓ પ્રાપ્ત સામાજિક વિજ્ઞાનના જ્ઞાનની સમજ કેળવે.

〈૩〉 વિદ્યાર્થીઓ પ્રાપ્ત સામાજિક વિજ્ઞાન જ્ઞાનનો ઉપયોગ કરે.

〈૪〉 વિદ્યાર્થીઓમાં કેટલાંક કૌશલ્યનો વિકાસ થાય.

**(૩) સામાજિક વિજ્ઞાનના જ્ઞાનના હેતુઓના વિશિષ્ટ હેતુઓ :**

〈૧〉 સામાજિક વિજ્ઞાનના મૂળભૂત ખ્યાલોનું જ્ઞાન મેળવે.

〈૨〉 વિદ્યાર્થીઓ અર્થતંત્રના પ્રકારોનું જ્ઞાન મેળવે.

〈૩〉 વિદ્યાર્થીઓ દેશ અને વિશ્વમાં બનતી રાજકીય અને પ્રાકૃતિક ઘટનાઓથી પરિચિત થાય.

**(૪) સામાજિક વિજ્ઞાનના જ્ઞાનના હેતુના અપેક્ષિત વર્તન પરિર્વનના હેતુઓ : :**

〈૧〉 વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાનના મૂળભૂત ખ્યાલોની યાદી કરી શકે.

〈૨〉 વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાનના મૂળભૂત ખ્યાલોની વ્યાખ્યા આપી શકે.

〈૩〉 વિદ્યાર્થીઓ અર્થતંત્રના વિવિધ પ્રકારો જણાવી શકે.

**(૫) સામાજિક વિજ્ઞાનના જ્ઞાનની સમજ કેળવે તેના વિશિષ્ટ હેતુઓ :**

〈૧〉 વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાનના પારિભાષિક શબ્દોની સમજ કેળવે.

〈૨〉 વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાનના મૂળભૂત ખ્યાલોની સમજ કેળવે.

〈૩〉 વિદ્યાર્થીઓ જુદાં જુદાં દેશોના અર્થતંત્રની વિશિષ્ટ સમજ કેળવે.

**(૬) સામાજિક વિજ્ઞાન જ્ઞાનનો ઉપયોગ કરે તેના વિશિષ્ટ હેતુ :**

〈૧〉 વિદ્યાર્થીઓ દેશની સમસ્યાઓ દૂર કરવામાં સામાજિક વિજ્ઞાનનાં જ્ઞાનનો ઉપયોગ કરે.

〈૨〉 વિદ્યાર્થીઓ ભૂતકાળની સમસ્યાઓ પરથી વર્તમાન સમસ્યાઓના ઉકેલ શોધતાં શીખે.

〈૩〉 વિદ્યાર્થીઓ રોજબરોજ જીવનમાં બનતી સમસ્યાઓ પાછળનાં પરિબળો નક્કી કરે.

**(૭) સામાજિક વિજ્ઞાનનું સ્વરૂપ :**

〈૧〉 વિદ્યાર્થીઓ આલેખ, આકૃતિઓ, નકશાઓ તૈયાર કરવાનું કૌશલ્ય કેળવે.

〈૨〉 વિદ્યાર્થીઓ દશ્ય–શ્રાવ્ય સાધનોના ઉપયોગનું કૌશલ્ય કેળવે.

〈૩〉 વિદ્યાર્થીઓ સમયરેખા તૈયાર કરવાનું કૌશલ્ય કેળવે.

## ૨.૯ સૂચિત વાંચન સામગ્રી : Suggested Readings


૧. બારૈયા વી.વી. તથા અન્ય : અર્થશાસ્ત્ર શિક્ષણ પદ્ધતિ, પ્રતીક પ્રકાશન, આંણદ

૨. પટેલ સી.કે. તથા અન્ય : ભૂગોળ અધ્યાપન પદ્ધતિ, અનડા બુક ડીપો, અમદાવાદ

૩. પંડ્યા પ્રતાપરાય તથા અન્ય : સમાજવિદ્યાનું આદર્શ અધ્યાપન, વારિષેણ પ્રકાશન, અમદાવાદ

૪. પટેલ મોતીભાઈ એમ. તથા અન્ય : સામાજિક વિજ્ઞાનના અધ્યાપનનું પરિશીલન, બી.એસ.શાહ પ્રકાશન, અમદાવાદ

એકમ 3

# સામાજિક વિજ્ઞાનનો અભ્યાસક્રમ

## : રૂપરેખા :

૩.૦ ઉદ્દેશો

૩.૧ પ્રસ્તાવના

૩.૨ અભ્યાસક્રમની સંકલ્પના

૩.૩ અભ્યાસક્રમનું મહત્ત્વ

૩.૪ સારા અભ્યાસક્રમનાં આવશ્યક લક્ષણો / સિદ્ધાંત

૩.૫ ઉચ્ચત્તર માધ્યમિક કક્ષાએ સામાજિક વિજ્ઞાનનો અભ્યાસક્રમ

૩.૬ વર્તમાન અભ્યાસક્રમની સમીક્ષા

૩.૭ સારાંશ

૩.૮ એકમ સ્વાધ્યાય

૩.૯ તમારી પ્રગતિ ચકાસો

૩.૧૦ તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

૩.૧૧ સૂચિત વાંચન સામગ્રી

## ૩.૦ ઉદ્દેશો : Objectives

- આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે ...

(૧) અભ્યાસક્રમની સંકલ્પના સમજી શકશો.

(૨) અભ્યાસક્રમનું મહત્ત્વ સમજી શકશો.

(૩) સારા અભ્યાસક્રમનાં આવશ્યક લક્ષણોની ચર્ચા કરી શકશો.

(૪) માધ્યમિક કક્ષાએ સામાજિક વિજ્ઞાનનો અભ્યાસક્રમ સમજી શકશો.

(૪) વર્તમાન અભ્યાસક્રમની સમીક્ષા કરી શકશો.

## ૩.૧ પ્રસ્તાવના :

- પ્રવર્તમાન ટેકનોલોજીના યુગમાં શિક્ષણ પ્રક્રિયા ત્રિધ્રુવી બની છે. આ ત્રિધ્રુવી પ્રક્રિયાના ત્રણ ધ્રુવો– શિક્ષક, વિદ્યાર્થી અને અભ્યાસક્રમ છે. આ ત્રણેય વચ્ચે ગાઢ પરસ્પર સંબંધ હોવો અનિવાર્ય છે, તેમજ શિક્ષણ પ્રક્રિયાને ક્રિયાશીલ અને વેગવંતી બનાવવા આ ત્રણેય અંગો મહત્ત્વનાં છે, તેમાં શિક્ષક અને વિદ્યાર્થી કરતાં અભ્યાસક્રમનું સ્થાન પણ વિશેષ મહત્ત્વનું છે અને ત્રણેય વચ્ચેનો આંતર સંબંધ પણ મહત્ત્વનો છે.
- સામાજિક વિજ્ઞાન શિક્ષણના કાર્યક્રમને સફળ બનાવવાની દૃષ્ટિએ શિક્ષણના હેતુઓ, ધ્યેયો, અભ્યાસક્રમ, શૈક્ષણિક સાધનો, શૈક્ષણિક પદ્ધતિઓ જેવી બાબતો ખૂબ જ મહત્ત્વની છે. આ બધામાં સૌથી મહત્ત્વની બાબત હેતુઓ છે, કારણ કે બધી બાબતો શિક્ષણના હેતુઓ અને ધ્યેયો પર આધાર રાખે છે.
- સામાજિક વિજ્ઞાનનો અભ્યાસક્રમ સામાજિક વિજ્ઞાન શિક્ષણના હેતુઓના આધારે જ નક્કી કરવામાં આવે છે. સામાજિક વિજ્ઞાનનો અભ્યાસક્રમ સામાજિક વિજ્ઞાન શિક્ષણના હેતુઓ અને ધ્યેયોની સિદ્ધિ હાંસલ કરી શકે તેવી ક્ષમતા ધરાવતો હોય તે જરૂરી છે, તેમાં પસંદ કરવામાં આવતી વિષયવસ્તુ હેતુઓની સિદ્ધિ માટે મદદરૂપ થઈ પડે તેવી હોય.

## ૩.૨ અભ્યાસક્રમની સંકલ્પના : Concept of Curriculum

- અભ્યાસક્રમ માટે અંગ્રેજી ભાષામાં 'Curriculum' શબ્દ પ્રચલિત છે. આ શબ્દ મૂળ લેટિન ભાષાના 'To currere' ઉપરથી ઊતરી આવ્યો છે, જેનો અર્થ દોડનું મેદાન એવો થાય છે. અભ્યાસક્રમ એટલે ગતિ આપનાર પ્રેરક બળ. આમ શિક્ષણ પ્રક્રિયાને દોડની સ્પર્ધા સાથે સરખાવી શકાય. શિક્ષણના હેતુઓ તેનું લક્ષ્ય છે અને અભ્યાસક્રમ તેનો રસ્તો છે.
- નેલ્સન અભ્યાસક્રમની આધુનિક પરિભાષા આપતાં પોતાના પુસ્તક 'Principles of Secondary Education' માં જણાવે છેકે વિદ્યાર્થીઓને શાળામાં અપાતાં તમામ નિર્દેશનો સમાવેશ અભ્યાસક્રમમાં થાય છે. અભ્યાસક્રમ આજે બે બાબતો પર ભાર મૂકે છે કે વિદ્યાર્થીઓને કયા વિષયો શીખવવા છે તે કરતાં કયા પ્રકારના અધ્યયન અનુભવો પૂરા પાડવા જોઈએ.
- માધ્યમિક શિક્ષણ પંચે પોતાના અહેવાલમાં અભ્યાસક્રમની સંકલ્પના સ્પષ્ટ કરતાં નોંધ્યું છે કે,'અભ્યાસક્રમ એટલે ફક્ત શાળેય વિષયોનું પરંપરાગત શિક્ષણ જ નહીં પણ વિદ્યાર્થીને શાળા, વર્ગ, પુસ્તકાલય, પ્રયોગશાળા, વર્કશોપ, રમતગમતનું મેદાન તથા શિક્ષકો અને અન્ય વિદ્યાર્થીઓના સતત સંપર્કથી પ્રાપ્ત થતાં અસંખ્ય વિવિધ અનૌપચારિક અનુભવોનો સમાવેશ છે. આ અર્થમાં વિદ્યાર્થીના સંતુલિત અને સર્વાંગી વિકાસ પર પ્રભાવ પાડનારું શાળાનું સમગ્ર વાતાવરણ અભ્યાસક્રમની પરિભાષામાં સમાય છે.'

**(૧) કો અને કો :**

- તેમના પુસ્તક 'Introduction of Education' માં જણાવે છે કે અભ્યાસક્રમ એટલે વિદ્યાર્થીને માનસિક, શારીરિક, સાંવેગિક, સામાજિક અને નૈતિક સ્વરૂપે વિકાસ સાધવામાં મદદરૂપ થાય એવા શાળામાંથી કે શાળા બહારથી પ્રાપ્ત થતાં અનુભવોનો એક સુયોજિત કાર્યક્રમ.

**(૨) ફ્રોબેલ :**

- 'અભ્યાસક્રમને માનવજાતિના સંપૂર્ણ જ્ઞાન અને અનુભવના આદર્શસાર તરીકે સમજવો જોઈએ.'

**(૩) કર્નિંગ હામ :**

- 'અભ્યાસક્રમ શિક્ષક રૂપી કલાકારના હાથમાં એક એવું સાધન છે કે જેનાથી તે શાળારૂપી કલા– મંદિરમાં પોતાનું શૈક્ષણિક ઉદ્દેશરૂપી આદર્શો પ્રમાણે પોતાના વિદ્યાર્થીઓ રૂપી સામગ્રીને ઘાટ અર્પી શકે છે.'

**(૪) સ્પીયર્સ :**

- 'અભ્યાસક્રમ એટલે સંપૂર્ણશાલેય જીવનનું પ્રતિનિધિત્વ.'
- 'The curriculum represents the total life of the school.'

**(૫) National society for the study of education ની પુસ્તિકામાં અભ્યાસક્રમની સંકલ્પના નીચે મુજબ જણાવી છે :**

- 'અભ્યાસક્રમ એટલે વિદ્યાર્થીના શાળાકીય જીવનની રચના કરનાર વિષયવસ્તુ, પ્રવૃત્તિઓ અને અનુભવોની સમગ્રતા.'
- 'અભ્યાસક્રમનો અર્થ શાળામાં પરંપરાગત રીતે માત્ર વિષયો શીખવવા એવો નથી, પરંતુ તેમાં તો બાળકને શાળામાં પ્રાપ્ત થતાં અનુભવોની સમગ્રતાનો અર્થ રહેલો છે. આમ અભ્યાસક્રમમાં બાળકના જીવનના પ્રત્યેક અંશને સ્પર્શનારા તથા તેના સમતોલ વ્યક્તિત્વનું મૂલ્યાંકન કરવામાં સહાયક થાય છે.'
- વિદ્યાર્થીઓને અભ્યાસક્રમમાંથી વિશેષ અનુભવો પ્રાપ્ત થાય તેવો વિચાર કરવો જોઈએ, તેનો પાયો માત્ર વિષયવસ્તુ ન રહેતા પરંતુ વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓને પૂરાં પાડવામાં આવતા અધ્યયન અનુભવો હોવા જોઈએ. અભ્યાસક્રમમાં વિદ્યાર્થીના જ્ઞાન, સમજ,

ઉપયોગ, કૌશલ્યો, રસ, રુચિ, વલણ, ટેવ, મૂલ્યો વગેરેનું ઘડતર કરે તેવી પ્રવૃત્તિ જીવન વ્યવહાર માટે એવા અધ્યયન અનુભવોનો અભ્યાસક્રમમાં સમાવેશ થવો જોઈએ.

- ટૂંકમાં, અભ્યાસક્રમમાં વિષયોના શિક્ષણ સાથે સંબંધિત પ્રવૃત્તિઓ ઉપરાંત રમતગમત પ્રવૃત્તિઓ, સમાજસેવાના કાર્યક્રમો, રચનાત્મક પ્રવૃત્તિઓ, આરોગ્ય અને સ્વાસ્થ્ય સેવાઓ, રાષ્ટ્રીય સેવા કાર્યક્રમો વગેરે પ્રવૃત્તિઓનો સમાવેશ થવો જોઈએ.
- 'શાળામાં શિક્ષણના વિવિધ ઉદ્દેશો સિદ્ધ કરવા માટે વ્યવસ્થિત રીતે યોજાતી અને અપનાવાતી તમામ પ્રવૃત્તિઓ અને શાળાનું સમગ્ર વાતાવરણ તેને અભ્યાસક્રમ કહેવામાં આવે છે.'

**(૬) હોર્ન :**

- 'વિશ્વનાં સંદર્ભમાં માનવ જાતિના વારસાનું અભ્યાસક્રમ સંયોગ્ય પ્રતિબિંબ છે.'
- વિદ્યાર્થીને જે કંઈ શીખવવામાં આવે છે તેનો સમગ્રનો અભ્યાસક્રમમાં સમાવેશ થાય છે, તેમનાં મત પ્રમાણે અભ્યાસક્રમમાં :

  ૧] શિક્ષણ અને અભ્યાસક્રમની બધી પ્રવૃત્તિઓ

  ૨] વ્યવસાયો

  ૩] ઉત્પાદન

  ૪] સિદ્ધિઓ

  ૫] વ્યાપાર

  ૬] પ્રવૃત્તિઓ : ચેષ્ટાત્મક અને ઈન્દ્રિયગમ્ય પ્રવૃત્તિઓનો સમાવેશ

- જે કંઈ ભણવાનું અને શીખવાનું છે તેની વ્યવસ્થિત ગોઠવણી એ અભ્યાસક્રમ છે.
- 'અભ્યાસક્રમ એટલે વિદ્યાર્થીના શાળાકીય જીવનની રચના કરનાર વિષયવસ્તુ, પ્રવૃત્તિઓ અને અનુભવોની સમગ્રતા. અભ્યાસનો એવો ક્રમ જેમાં શિક્ષક માટે ઉદ્દેશો જે તે વિષયના મુદ્દાઓ પ્રવૃત્તિઓ તથા અપેક્ષિત પરિણામ લાવવા માટે સહાયક પુસ્તકો વગેરે જેવી બાબતોનું દિશાસૂચન મળી રહે.'
- **વ્યાપક અર્થ :**

  અભ્યાસક્રમ એટલે વિદ્યાર્થીઓ શાળામાં કે શાળા બહાર પોતાના સર્વાંગી વિકાસ માટે તેની જરૂરિયાતો, રુચિ, અભિયોગ્યતા અને શક્તિ અનુસાર જે શૈક્ષણિક પ્રવૃત્તિઓ આદરે છે અને તે પ્રવૃત્તિઓના ફળ સ્વરૂપે જે અનુભવો પ્રાપ્ત થાય છે તે સર્વ પ્રવૃત્તિઓ અને અનુભવોનો અભ્યાસક્રમમાં સમાવેશ કરવામાં આવે છે.

- અભ્યાસક્રમમાં નીચેની બાબતોનો સમાવેશ થઈ શકે :

| | |
|---|---|
| ૧] પાઠ્યક્રમ | ૨] વર્ગની અન્ય પ્રવૃત્તિઓ |
| ૩] અભ્યાસમંડળો | ૪] વિદ્યાર્થીમંડળની પ્રવૃત્તિઓ |
| ૫] શાળા સંમેલન કાર્યક્રમો | ૬] શાળાનું મેગેઝીન કે અન્ય પ્રકાશનો |
| ૭] સાંસ્કૃતિક કાર્યક્રમો | ૮] સમાજ સેવાના કાર્યક્રમો |
| ૯] શાળાના રેડિયો કે ટી.વી.ના કાર્યક્રમો | ૧૦] પ્રવાસ કે પર્યટન |
| ૧૧] આરોગ્ય અંગેની સેવાઓ | ૧૨] રમત ગમતની હરિફાઈની પ્રવૃત્તિઓ |
| ૧૩] સામાજિક કાર્યક્રમ : વાલી, શિક્ષક સંઘ ઉજવણી | |

## ૩.૩ અભ્યાસક્રમનું મહત્ત્વ :

- ભારતનું ભાવિ તેના વર્ગખંડોમં ઘડાય છે, તેથી અભ્યાસક્રમ ભારતનું ભાવિ સાથે સંમળાયેલ હોવાથી અભ્યાસક્રમનું વિશેષ મહત્ત્વ છે. અભ્યાસક્રમને આધારે સંપૂર્ણજ્ઞાન વિદ્યાર્થીઓને

આપી શકાય નહીં, પરંતુ અભ્યાસક્રમના ભાગરૂપે જે કાંઈ વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરવામાં આવે છે તેનું આગવું મહત્ત્વ છે. અભ્યાસક્રમનું મહત્ત્વ નીચેના બાબતો પરથી સ્પષ્ટ થાય છે.

**(૧) રાષ્ટ્રીય એકતા વિકસાવવા :**

- વર્તમાન અભ્યાસક્રમ વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય એકતા વિકસાવવા મદદરૂપ થાય છે.

**(૨) સર્વાંગી વિકાસ કરવા :**

- અભ્યાસક્રમને આધારે વિદ્યાર્થીઓનો સર્વાંગી વ્યક્તિત્વનો વિકાસ કરવા માટે જરૂરી છે.

**(૩) વયકક્ષા પ્રમાણે શિક્ષણ કાર્ય કરવા :**

- વર્તમાન અભ્યાસક્રમ વયકક્ષા પ્રમાણે શિક્ષણ કરવા માટે ઉપયોગી છે.

**(૪) મુશ્કેલીઓની જાણકારી :**

- વર્તમાન સમયમાં ઊભી થનારી મુશ્કેલીઓ અંગે જાણકારી મેળવવા જરૂરી છે.

**(૫) વિશિષ્ટ વ્યક્તિઓના જ્ઞાનનો લાભ :**

- અભ્યાસક્રમને તૈયાર કરવામાં વિશિષ્ટ વ્યક્તિઓના જ્ઞાનનો લાભ મેળવવા માટે જરૂરી છે.

**(૬) હેતુઓની સિદ્ધિ પ્રાપ્ત કરવા :**

- મનોવિજ્ઞાનનાં હેતુઓ સમજવામાં અને સિદ્ધ કરવામાં મદદરૂપ થાય તે માટે જરૂરી છે.

**(૭) શિક્ષણના આયોજનમાં મદદરૂપ :**

- મનોવિજ્ઞાનનાં શિક્ષણકાર્યના આયોજન, સંચાલન અને મૂલ્યાંકન કરવામાં મદદરૂપ થાય તે માટે જરૂરી છે.

## ૩.૪ સારા અભ્યાસક્રમનાં આવશ્યક લક્ષણો / સિદ્ધાંત :

- બાળકના સર્વાંગી વ્યક્તિત્વના વિકાસમાં અભ્યાસક્રમનો મહત્ત્વનો ફાળો હોય તો શાળાકીય અભ્યાસક્રમ ધ્યેયની સિદ્ધ કરનારો હોવો જોઈએ.
- અભ્યાસક્રમની આટલી અગત્ય હોય તો સારો અને આદર્શ અભ્યાસક્રમ કેવો હોવો જોઈએ તે પણ જાણવું જરૂરી બની રહે. સારા અભ્યાસક્રમના આવશ્યક લક્ષણો નીચે પ્રમાણે છે.

**(૧) અભ્યાસક્રમ જીવનલક્ષી :**

- અભ્યાસક્રમ પૂરો કર્યા બાદ વિદ્યાર્થીઓને જીવનમાં ઉપયોગી થાય તેવો હોવો જોઈએ. જીવન જીવવાનું લક્ષ સિદ્ધ કરે તેનો જીવનલક્ષી અભ્યાસક્રમ હોવો જોઈએ.

**(૨) નિશ્ચિત સમયમાં પૂર્ણ :**

- અભ્યાસક્રમ નિશ્ચિત સમયમાં પૂર્ણ થઈ શકે તેવો હોવો જોઈએ. ખૂબ લાંબો ન હોવો જોઈએ.

**(૩) યોગ્ય વર્તન ઘડનાર :**

- અભ્યાસક્રમ વિદ્યાર્થીઓનું યોગ્ય વર્તન ઘડનાર હોવો જોઈએ. એક સારો નાગરિક બને, સ્વાર્થી ન બને તેવો અભ્યાસક્રમ હોવો જોઈએ.

**(૪) ક્રિયાશીલ :**

- અભ્યાસક્રમ ક્રિયાશીલ હોવો જોઈએ. અભ્યાસક્રમમાંથી કંઈક પ્રવૃત્તિઓને સ્થાન મળવું જોઈએ. વિદ્યાર્થી સ્વભાવે ચંચળ છે, પ્રવૃત્તિ ઝંખે છે, હાથ અને મગજનો સમન્વય થવો જોઈએ.

**(૫) વ્યવસાયલક્ષી દષ્ટિ વિકસાવે :**

- અભ્યાસક્રમ પૂર્ણ કર્યા બાદ વિદ્યાર્થી કંઈક વ્યવસાય તરફનો દષ્ટિકોણ વિકસાવે તેવો હોવો જોઈએ. ઉત્પાદનલક્ષી પ્રવૃત્તિ તરફ વળે તેવો અભ્યાસક્રમ હોવો જોઈએ.

**(૬) પરિવર્તનશીલ :**

- અભ્યાસક્રમ વિદ્યાર્થીના જરૂરિયાત પ્રમાણે ફેરફારને અવકાશ મળી રહે તે પ્રકારનો હોવો જોઈએ.

**(૭) અનુબંધ :**

- અભ્યાસક્રમ અન્ય વિષયો સાથે અનુબંધ બાંધી શકે તેવો હોવો જોઈએ.

**(૮) વ્યાપક અને સર્વગ્રાહી :**

- અભ્યાસક્રમ મર્યાદિત વિસ્તાર પૂરતો ન હોવો જોઈએ. ઘર, શાળા, ગામ, દેશ અને વિશ્વ પ્રત્યે વફાદાર રહી શકે તે પ્રકારનો અભ્યાસક્રમ હોવો જોઈએ.

**(૯) સામાજિક વિકાસમાં મદદરૂપ :**

- અભ્યાસક્રમ સામાજિક વિકાસમાં મદદરૂપ થાય તે પ્રકારનો હોવો જોઈએ. અભ્યાસક્રમમાં સામાજિક પ્રવૃત્તિઓને સ્થાન મળવું જોઈએ.

**(૧૦) શિક્ષણના ધ્યેયો અને મૂલ્યોને લક્ષમાં રાખીને તેની સંરચના થવી જોઈએ :**

- વિદ્યાર્થીઓ જ્ઞાન, સમજ, વલણ અને મૂલ્યો વિકસાવવામાં ઉપકારક બને તે પ્રકારનો હોવો જોઈએ.

**(૧૧) વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખી તૈયાર થયેલ :**

- વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખી તૈયાર થયેલો હોવો જોઈએ. વર્તમાન પ્રવાહો, સમસ્યાઓ અને ઘટનાઓ વગેરેનો સમાવેશ થયેલ હોવો જોઈએ.

**(૧૨) વિજ્ઞાન અને ટેકનોલોજીને ધ્યાનમાં રાખી તૈયાર થયેલ :**

- વર્તમાન અભ્યાસક્રમ વિજ્ઞાન અને ટેકનોલોજીને ધ્યાનમાં રાખી તૈયાર થયેલો હોવો જોઈએ, જેથી વિજ્ઞાન અને ટેકનોલોજીનો વિકાસ કરવામાં મદદરૂપ થઈ શકે.

**(૧૩) માનસિક કક્ષાને અનુરૂપ :**

- સેકન્ડરીના વિદ્યાર્થીઓને અનુકૂળ માનસિક કક્ષાને ધ્યાનમાં રાખી તૈયાર થયેલ હોવો જોઈએ.

**(૧૪) જરૂરિયાતને ધ્યાનમાં રાખી તૈયાર :**

- વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્રની જરૂરિયાતને ધ્યાનમાં રાખી અભ્યાસક્રમ તૈયાર થયેલો હોવો જોઈએ.

**(૧૫) ફૂરસદનાં સમયનો યોગ્ય ઉપયોગ :**

- સેકન્ડરીનાં વિદ્યાર્થીઓ પોતાના નવરાશના સમયનો યોગ્ય ઉપયોગ કરી શકે તે પ્રકારનો તૈયાર થયેલો હોવો જોઈએ.

**(૧૬) ચોક્કસ કૌશલ્યનો વિકાસ :**

- અભ્યાસક્રમ દ્વારા વિદ્યાર્થીમાં કેટલાંક ચોક્કસ કૌશલ્યનો વિકાસ કરેતે પ્રકારનો હોવો જોઈએ.

**(૧૭) રાષ્ટ્રીય એકતા વિકસાવવામાં મદદરૂપ :**

- અભ્યાસક્રમ એવો હોવો જોઈએ જે રાષ્ટ્રીય એકતા વિકસાવવામાં મદદરૂપ થાય તે પ્રકારનો હોવો જોઈએ.

**(૧૮) પ્રવર્તમાન પદ્ધતિને સ્થાન :**

- અભ્યાસક્રમમાં મનોવિજ્ઞાનની પદ્ધતિને ધ્યાનમાં રાખી તૈયાર થયેલ હોવો જોઈએ.

## ૩.૫ માધ્યમિક કક્ષાએ સામાજિક વિજ્ઞાનનો અભ્યાસક્રમ :

**સામાજિક વિજ્ઞાન ધોરણ – ૮**

**અનુક્રમણિકા**


| | | |
|---|---|---|
| ૧ | ભારતમાં યુરોપિયન પ્રજાનું આગમન | ૧ |
| ૨ | આપણી આસપાસ શું ? | ૬ |
| ૩ | ભારતનું બંધારણ | ૧૩ |
| ૪ | વેપારી શાસકો કેવી રીતે બન્યા ? | ૧૯ |
| ૫ | પ્રાકૃતિક પ્રકોપો | ૨૩ |
| ● | પુનરાવર્તન – ૧ | ૩૦ |
| ૬ | અંગ્રેજ શાસનની ભારત પર અસર | ૩૨ |
| ૭ | આબોહવાકીય ફેરફારો | ૩૭ |
| ૮ | લોકશાહી દેશમાં સંસદની ભૂમિકા | ૪૭ |
| ૯ | ઈ.સ. ૧૮૫૭નો સ્વાતંત્ર્ય સંગ્રામ | ૫૩ |
| ● | પુનરાવર્તન – ૨ | ૬૧ |
| ● | રસ્તો શોધી શાળામાં પહોંચો | ૬૩ |
| ● | શાળા પંચાયતની ચૂંટણી | ૬૪ |
| ● | આપત્તિઓ વિશે વેબસાઈટ એડ્રેસ | ૬૫ |
| ● | પારિભાષિક શબ્દો | ૬૬ |
| ● | ભારતની રાજ્યવાર માહિતી | ૬૭ |
| ● | આપણા સ્વાતંત્ર્ય સેનાનીઓ વિશે જાણીએ | ૬૮ |


**સામાજિક વિજ્ઞાન ધોરણ – ૯**

**અનુક્રમણિકા**


| | | |
|---|---|---|
| ● | સામાજિક વિજ્ઞાનની વિભાવના | ૧ |
| ● | એકમ ૧ઃ વીસમી સદી – વિશ્વ અને ભારત | ૨ |
| ૧ | ભારતમાં બ્રિટિશ સત્તાનો ઉદય | ૩ |
| ૨ | પ્રથમ વિશ્વયુદ્ધ અને રશિયન ક્રાંતિ | ૧૦ |
| ૩ | નૂતન વિશ્વ તરફ પ્રયાણ | ૧૫ |
| ૪ | ભારતની રાષ્ટ્રીય ચળવળો | ૨૩ |
| ૫ | ભારતઃ આઝાદી તરફ પ્રયાણ | ૩૧ |
| ૬ | ૧૯૪૫ પછીનું વિશ્વ | ૩૯ |
| ૭ | સ્વાતંત્ર્યોત્તર ભારત | ૪૭ |
| ● | એકમ : ૨ આધુનિક રાષ્ટ્રનું નિર્માણ | ૫૫ |
| ૮ | ભારતના રાજ્ય બંધારણનું ઘડતર અને લક્ષણો | ૫૬ |

| | | |
|---|---|---|
| ૯ | મૂળભૂત હકો, મૂળભૂત ફરજો અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો | ૬૫ |
| ૧૦ | સરકારનાં અંગો | ૭૩ |
| ૧૧ | ભારતનું ન્યાયતંત્ર | ૮૬ |
| ૧૨ | ભારતીય લોકશાહી | ૯૩ |
| ● | એકમ : ૩ ભારતભૂમિ અને લોકો | ૯૮ |
| ૧૩ | ભારત : સ્થાન, ભૂસ્તરીય રચના અને ભૂપૃષ્ઠ–૧ | ૯૯ |
| ૧૪ | ભારત : સ્થાન, ભૂસ્તરીય રચના અને ભૂપૃષ્ઠ–૨ | ૧૦૬ |
| ૧૫ | જળ પરિવાહ | ૧૧૪ |
| ૧૬ | આબોહવા | ૧૨૧ |
| ૧૭ | કુદરતી વનસ્પતિ | ૧૩૧ |
| ૧૮ | વન્યજીવન | ૧૩૭ |
| ૧૯ | ભારત : લોકજીવન | ૧૪૩ |
| ૨૦ | આપત્તિ–વ્યવસ્થાપન | ૧૪૮ |


**સામાજિક વિજ્ઞાન ધોરણ – ૧૦**

**અનુક્રમણિકા**


| | | |
|---|---|---|
| ૧ | ભારતનો વારસો | ૧ |
| ૨ | ભારતનો સાંસ્કૃતિક વારસો : પરંપરાઓ : હસ્ત અને લલિતકલા | ૮ |
| ૩ | ભારતનો સાંસ્કૃતિક વારસો : શિલ્પ અને સ્થાપત્ય | ૧૮ |
| ૪ | ભારતનો સાહિત્યિક વારસો | ૩૦ |
| ૫ | ભારતનો વિજ્ઞાન અને ટેકનોલોજીનો વારસો | ૩૭ |
| ૬ | ભારતના સાંસ્કૃતિક વારસાનાં સ્થળો | ૪૩ |
| ૭ | આપણા વારસાનું જતન | ૫૩ |
| ૮ | કુદરતી સંસાધનો | ૫૯ |
| ૯ | વન અને વન્યજીવન સંસાધન | ૬૭ |
| ૧૦ | ભારત : કૃષિ | ૭૬ |
| ૧૧ | ભારત : જળ સંસાધન | ૯૦ |
| ૧૨ | ભારત : ખનિજ અને શક્તિનાં સંસાધનો | ૯૬ |
| ૧૩ | ઉત્પાદન ઉદ્યોગો | ૧૦૩ |
| ૧૪ | પરિવહન, સંદેશાવ્યવહાર અને વ્યાપાર | ૧૧૨ |
| ૧૫ | આર્થિક વિકાસ | ૧૨૦ |
| ૧૬ | આર્થિક ઉદારીકરણ અને વૈશ્વિકીરણ | ૧૨૮ |
| ૧૭ | આર્થિક સમસ્યાઓ અને પડકારો : ગરીબી અને બેરોજગારી | ૧૩૩ |
| ૧૮ | ભાવવધારો અને ગ્રાહક જાગૃતિ | ૧૪૬ |
| ૧૯ | માનવ વિકાસ | ૧૬૦ |
| ૨૦ | ભારતની સામાજિક સમસ્યાઓ અને પડકારો | ૧૬૯ |
| ૨૧ | સામાજિક પરિવર્તન | ૧૭૭ |

## ૩.૬ વર્તમાન અભ્યાસક્રમની સમીક્ષા :

- ધોરણ ૮, ૯ અને ૧૦ ના સામાજિક વિજ્ઞાનના વર્તમાન અભ્યાસક્રમની કેટલીક વિશેષતાઓ છે અને કેટલીક ખામીઓ છે જે નીચે મુજબ છે :

### (૧) વિશેષતાઓ :

〈૧〉 સમાજના સાંપ્રત પ્રવાહોને અભ્યાસક્રમમાં સ્થાન આપવામાં આવ્યું છે તે સારી બાબત છે. સામાન્ય રીતે વિદ્યાર્થીઓ સાંપ્રત પ્રવાહોથી કેટલેક અંશે પરિચિત હોય છે. આથી તેને અભ્યાસક્રમ જીવંત, વ્યવહારુ અને વાસ્તવિક લાગે છે.

〈૨〉 માધ્યમિક કક્ષાએ વિદ્યાર્થીઓમાં તાર્કિક ખીલવણી અને ચિંતન માટે અનુકૂળ અભ્યાસક્રમ છે.

〈૩〉 અભ્યાસક્રમ વિષયાંગના ક્રમની દૃષ્ટિએ યોગ્ય રીતે ગોઠવાયો છે.

〈૪〉 ત્રણેય ધોરણો માટે અભ્યાસક્રમ નક્કી કરવાના હેતુઓ સ્પષ્ટ કરવામાં આવેલા છે.

〈૫〉 પદવી કક્ષાએ પ્રાવિણ્ય મેળવવાના હેતુથી અભ્યાસક્રમ નિયત થયો છે જે આવકાર્ય છે.

〈૬〉 ધોરણ–૮નો અભ્યાસક્રમ તા. ૧.૩.૧૫માં અમલમાં આવેલ છે, ધોરણ–૯નો અભ્યાસક્રમ તા. ૧.૩.૧૬માં અમલમાં આવેલ છે, ધોરણ–૧૦નો અભ્યાસક્રમ તા. ૧૭.૧.૧૭માં અમલમાં આવેલ છે.

〈૭〉 ધોરણ–૧૧ અને ૧૨ સામાજિકશાસ્ત્ર અભ્યાસક્રમ ઉપયોગી થાય છે.

〈૮〉 ધોરણ–૮, ૯ અને ૧૦નો સામાજિકશાસ્ત્રનો વર્તમાન અભ્યાસક્રમ માત્ર સૈદ્ધાંતિક તેમજ દેશના વર્તમાન અર્થતંત્રનું જ્ઞાન આપે તેવો છે.

〈૯〉 કિંમત યોગ્ય છે.

ધોરણ – ૮ : ૨૧ ₹

ધોરણ – ૯ : ૫૦ ₹

ધોરણ – ૧૦ : ૪૯ ₹

〈૧૦〉 મુખ્ય પૃષ્ઠ ત્રણેય પાઠ્યપુસ્તકને યોગ્ય ચિત્ર સાથે રજૂ કરેલ છે.

〈૧૧〉 કાગળ યોગ્ય વાપરવામાં આવેલ છે.

〈૧૨〉 ત્રણેય પાઠ્યપુસ્તકમાં રંગીન ચિત્રો રજૂ કરવામાં આવેલ છે.

〈૧૩〉 સ્વાધ્યાયના પ્રશ્નો ત્રણેય પાઠ્યપુસ્તકમાં મૂકવામાં આવેલ છે.

〈૧૪〉 ચાર્ટ, આકૃતિ, ચિત્રોનો સમાવેશ ત્રણેય પાઠ્યપુસ્તકમાં મૂકવામાં આવેલ છે.

〈૧૫〉 નવો અભ્યાસક્રમ અમલમાં આવેલ છે.

〈૧૬〉 શિક્ષક માટે મહત્ત્વની ભૂમિકા પૂરી પાડે છે.

〈૧૭〉 એકમને અંતે પ્રવૃત્તિઓને સ્થાન આપવામાં આવેલ છે.

### (૨) મર્યાદાઓ :

〈૧〉 અભ્યાસક્રમ પરિવર્તનશીલ બનાવવો જોઈએ.

〈૨〉 અભ્યાસક્રમમાં ગુજરાતની માહિતી મૂકવામાં આવેલ નથી.

〈૩〉 સામાજિક વિજ્ઞાનનો અભ્યાસક્રમ પરીક્ષાલક્ષી અભ્યાસક્રમ બનાવવામાં આવ્યો છે.

〈૪〉 સામાજિક વિજ્ઞાનના અભ્યાસક્રમમાં વ્યક્તિગત ભિન્નતાને ધ્યાનમાં લેવામાં આવ્યો નથી.

〈૫〉 વર્તમાન અભ્યાસક્રમ વિદ્યાર્થીઓની વિવિધ શક્તિઓને વિકસાવવામાં મદદરૂપ થતો નથી.

〈૬〉 સામાજિક વિજ્ઞાનના અભ્યાસક્રમમાં ક્રિયાશીલતાને સ્થાન આપવામાં આવ્યું નથી.

## ૩.૭ સારાંશ : Let us sum up

- અભ્યાસક્રમ એટલે સંપૂર્ણ શાલેય જીવનનું પ્રતિનિધિત્વ.
- અભ્યાસક્રમ એટલે વિદ્યાર્થીના શાળાકીય જીવનની રચના કરનાર વિષયવસ્તુ, પ્રવૃત્તિઓ અને અનુભવોની સમગ્રતા અભ્યાસનો એવો ક્રમ જેમાં શિક્ષક માટે ઉદ્દેશો જે તે વિષયના મુદ્દાઓ, પ્રવૃત્તિઓ તથા અપેક્ષિત પરિણામ લાવવા માટે સહાયક પુસ્તકો વગેરે જેવી બાબતોનું દિશાસૂચન મળી રહે.
- અભ્યાસક્રમમાં સમાવેશ બાબતો :

  પાઠ્યક્રમ, વર્ગની અન્ય પ્રવૃત્તિઓ, અભ્યાસ મંડળો, વિદ્યાર્થી મંડળની પ્રવૃત્તિઓ, શાળા સંમેલન કાર્યક્રમો, શાળાનું મેગેઝીન કે અન્ય પ્રકાશનો, સાંસ્કૃતિક કાર્યક્રમો, સમાજ સેવાના કાર્યક્રમો, શાળાના રેડિયા કે ટી.વી.ના કાર્યક્રમો, પ્રવાસ કે પર્યટન, આરોગ્ય અંગેની સેવાઓ, રમતગમતની હરિફાઈની પ્રવૃત્તિઓ, સામાજિક કાર્યક્રમ.

## ૩.૮ એકમ સ્વાધ્યાય : Unit Exercises

**૧. મુદ્દાસર ઉત્તર આપો :**

(૧) સામાજિક વિજ્ઞાનમાં અભ્યાસક્રમની સંકલ્પના જણાવી, સારા અભ્યાસક્રમનાં લક્ષણો જણાવો.

(૨) સામાજિક વિજ્ઞાનના અભ્યાસક્રમનું મહત્ત્વ સમજાવો.

(૩) માધ્યમિક કક્ષાએ સામાજિક વિજ્ઞાનના અભ્યાસક્રમની વિશિષ્ટતાઓ અને મર્યાદાઓ જણાવો.

(૪) માધ્યમિક કક્ષાએ ધોરણ–૧૧નો સામાજિક વિજ્ઞાનનો અભ્યાસક્રમ જણાવો.

(૫) માધ્યમિક કક્ષાએ ધોરણ–૧૨નો સામાજિક વિજ્ઞાનનો અભ્યાસક્રમ જણાવો.

**૨. ટૂંકમાં ઉત્તર આપો :**

(૧) અભ્યાસક્રમ એટલે શું ?

(૨) અભ્યાસક્રમમાં કઈ કઈ બાબતોનો સમાવેશ કરવામાં આવે છે ?

(૩) સામાજિક વિજ્ઞાનના અભ્યાસક્રમનું બે મહત્ત્વ જણાવો.

(૪) સામાજિક વિજ્ઞાનના સારા અભ્યાસક્રમના બે લક્ષણો જણાવો.

(૫) સામાજિક વિજ્ઞાનના અભ્યાસક્રમની બે વિશેષતાઓ જણાવો.

(૬) સામાજિક વિજ્ઞાનના વર્તમાન અભ્યાસક્રમની બે મર્યાદાઓ જણાવો.

(૭) સામાજિક વિજ્ઞાનનો અભ્યાસક્રમ કેવો છે ?

(૮) માધ્યમિક કક્ષાએ ધોરણ–૧૧નો સામાજિક વિજ્ઞાનનો અભ્યાસક્રમ જણાવો.

(૯) માધ્યમિક કક્ષાએ ધોરણ–૧૨નો સામાજિક વિજ્ઞાનનો અભ્યાસક્રમ જણાવો.

**૩. બહુવિકલ્પ પ્રશ્નો :**

નીચે આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી કાઢો.

૧) વિદ્યાર્થીઓને અમુલ ડેરીની મુલાકાતે લઈ જવામાં આવે તો શેમાં સમાવેશ થાય છે ?

(૧) પાઠ્યક્રમ (૨) અભ્યાસક્રમ

(૩) પ્રવાસ (૪) પર્યટન

૨) અભ્યાસક્રમ કેવો હોવો જોઈએ ?

(૧) નિશ્ચિત (૨) અનિશ્ચિત

(૩) કાયમી (૪) પરિવર્તનશીલ

૩) અભ્યાસક્રમમાં શેનું સ્થાન મળવું જોઈએ ?

(૧) પ્રવૃત્તિને સ્થાન (૨) સંદર્ભ પુસ્તકોને સ્થાન

(૩) સ્વાધ્યાયને સ્થાન (૪) નિરીક્ષણને સ્થાન

૪) અભ્યાસક્રમમાં શેનું મહત્ત્વ આપવું જોઈએ ?

(૧) પરિવર્તનશીલ (૨) સમાજની માહિતી

(૩) કુટુંબની માહિતી (૪) રાષ્ટ્રની માહિતી

૫) સારો અભ્યાસક્રમ કેવો હોવો જોઈએ ?

(૧) જીવનલક્ષી (૨) નિશ્ચિત સમયમાં પૂર્ણ

(૩) ક્રિયાશીલ (૪) અપરિવર્તનશીલ

૬) નિશ્ચિત અભ્યાસક્રમને કેટલાક કેળવણીકારો પસંદ કરતા નથી છતાં અભ્યાસક્રમનું સ્થાન કેવું રહ્યું છે ?

(૧) મુદતી (૨) કાયમી

(૩) કામચલાઉ (૪) બિન ઉપયોગી

૭) અભ્યાસક્રમને શા માટે વધારે મહત્ત્વ આપવામાં આવે છે ?

(૧) સર્વાંગી વિકાસ (૨) કુટુંબનો વિકાસ

(૩) સમાજનો વિકાસ (૪) ગ્રામનો વિકાસ

૮) અભ્યાસક્રમમાં શેનું મહત્ત્વ આપવું જોઈએ ?

(૧) પરિવર્તનશીલ (૨) સમાજની માહિતી

(૩) કુટુંબની માહિતી (૪) રાષ્ટ્રની માહિતી

- **બહુવિકલ્પ પ્રશ્નોના જવાબ :**

〈૧〉 અભ્યાસક્રમ 〈૨〉 પરિવર્તનશીલ

〈૩〉 પ્રવૃત્તિને સ્થાન 〈૪〉 પરિવર્તનશીલ

〈૫〉 અપરિવર્તનશીલ 〈૬〉 કાયમી

〈૭〉 સર્વાંગી વિકાસ 〈૮〉 પરિવર્તનશીલ

## ૩.૯ તમારી પ્રગતિ ચકાસો :

(૧) અભ્યાસક્રમની સંકલ્પના સ્પષ્ટ કરો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(૨) અભ્યાસક્રમનું મહત્ત્વના બે મુદ્દા જણાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

..............................................................

..............................................................

..............................................................

(૩) સારા અભ્યાસક્રમનાં બે લક્ષણો જણાવો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

(૪) અભ્યાસક્રમમાં કઈ કઈ બાબતોનો સમાવેશ કરવામાં આવે છે તે જણાવો (કોઈ પણ ચાર)

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

## ૩.૧૦ તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો : Answers to check your progress

**(૧) અભ્યાસક્રમની સંકલ્પના :**

- જે કંઈ જાણવાનું અને શીખવાનું છે તેની વ્યવસ્થિત ગોઠવણી એ અભ્યાસક્રમ છે.

**(૨) અભ્યાસક્રમનું મહત્ત્વ :**

- રાષ્ટ્રીય એકતા વિકસાવવા
- સર્વાંગી વિકાસ કરવા

**(૩) સારા અભ્યાસક્રમના આવશ્યક લક્ષણો :**

- અભ્યાસક્રમ જીવનલક્ષી
- નિશ્ચિત સમયમાં પૂર્ણ

**(૪) અભ્યાસક્રમમાં સમાવેશ બાબતો :**

- પાઠ્યક્રમ
- અભ્યાસ મંડળો
- સાંસ્કૃતિક કાર્યક્રમો
- આરોગ્ય અંગેની સેવાઓ

## ૩.૧૧ સૂચિત વાંચન સામગ્રી : Suggested Readings

૧. બારૈયા વી. વી. તથા અન્ય : અર્થશાસ્ત્ર શિક્ષણ પદ્ધતિ, પ્રતીક પ્રકાશન, આણંદ

૨. રાવલ નટુભાઈ વી. તથા અન્ય : સમાજવિદ્યાનું અભિનવ અધ્યાપન, નીરવ પ્રકાશન, અમદાવાદ

૩. પંડ્યા પ્રતાપરાય તથા અન્ય : સમાજવિદ્યાનું આદર્શ અધ્યાપન, વારિષેણ પ્રકાશન, અમદાવાદ

૪. પ્રજાપતિ હરજીભાઈ તથા અન્ય : સામાજિક વિજ્ઞાન ધોરણ–૮, ગુજરાત રાજ્ય શાળા પાઠ્ય પુસ્તક મંડળ, ગાંધીનગર

૫. કુરેશ સલીમ એસ. તથા અન્ય : સામાજિક વિજ્ઞાન ધોરણ–૯, ગુજરાત રાજ્ય શાળા પાઠ્ય પુસ્તક મંડળ, ગાંધીનગર

૬. બારોટ કે. સી. તથા અન્ય : સામાજિક વિજ્ઞાન ધોરણ–૧૦, ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર

એકમ 4

# સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં આયોજન

## : રૂપરેખા :


૪.૦ ઉદ્દેશો

૪.૧ પ્રસ્તાવના

૪.૨ શિક્ષણમાં આયોજનની સંકલ્પના

૪.૩ શિક્ષણમાં આયોજનનું મહત્ત્વ

૪.૪ શિક્ષણ કાર્યના આયોજનના પ્રકારો

૪.૪.૧ વાર્ષિક આયોજન

૧) પ્રસ્તાવના

૨) વાર્ષિક આયોજનની સંકલ્પના

૩) વાર્ષિક આયોજનમાં ધ્યાનમાં રાખવાની બાબતો

૪) વાર્ષિક આયોજનનાં લાભ

૪.૪.૨ માસિક આયોજન

૧) પ્રસ્તાવના

૨) માસિક આયોજનની સંકલ્પના

૩) માસિક આયોજનનાં સોપાનો

૪) માસિક આયોજનનું મહત્ત્વ

૪.૪.૩ સાપ્તાહિક આયોજન

૧) પ્રસ્તાવના

૨) સંકલ્પના

૩) સાપ્તાહિક આયોજનનાં ફાયદાઓ

૪.૪.૪ દૈનિક આયોજન

૧) પ્રસ્તાવના

૨) દૈનિક આયોજનમાં ધ્યાનમાં રાખવાની બાબતો

૪.૫ શિક્ષણપાઠ આયોજનના પ્રકાર

૪.૫.૧ માઈક્રો ટીચિંગ

૧) પ્રસ્તાવના

૨) માઈક્રો ટીચિંગનો અર્થ

૩) માઈક્રો ટીચિંગના લક્ષણો

૪) માઈક્રો ટીચિંગના સોપાનો

૫) માઈક્રો ટીચિંગ પાઠની ઉપયોગિતા

૬) માઈક્રો ટીચિંગની મર્યાદાઓ

૭) માઈક્રો ટીચિંગના વિવિધ કૌશલ્ય

**૪.૫.૨ સેતુ પાઠ**

**૧) પ્રસ્તાવના**

**૨) સેતુ પાઠની સંકલ્પના**

**૩) સેતુ પાઠનું મહત્ત્વ**

**૪) સેતુ પાઠનો નમૂનો**

**૪.૫.૩ છૂટો પાઠ**

**૧) પ્રસ્તાવના**

**૨) છૂટા પાઠના આયોજનની સંકલ્પના**

**૪.૫.૪ એકમ આયોજન**

**૧) પ્રસ્તાવના**

**૨) સંકલ્પના**

**૩) સારા એકમ આયોજનનાં લક્ષણો**

**૪) એકમ આયોજનનું મહત્ત્વ**

**૫) એકમ આયોજનના ઘટકો**

**૬) એકમ આયોજનનો નમૂનો**

**૭) તાસ આયોજન અને એકમ આયોજન વચ્ચેનો તફાવત**

**૪.૫.૫ પાઠ આયોજન**

**૧) પ્રસ્તાવના**

**૨) પાઠ આયોજન એટલે શું ?**

**૩) પાઠ આયોજનનાં લક્ષણો**

**૪) પાઠ આયોજનનું મહત્ત્વ**

**૫) પાઠ આયોજન તૈયાર કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો–સોપાન**

**૬) પાઠ આયોજનનો નમૂનો**

**૪.૬ સારાંશ**

**૪.૭ એકમ સ્વાધ્યાય**

**૪.૮ તમારી પ્રગતિ ચકાસો**

**૪.૯ તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો**

**૪.૧૦ સૂચિત વાંચન સામગ્રી**

---

## ૪.૦ ઉદ્દેશો : Objectives

- આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે ...

(૧) શિક્ષણમાં આયોજનની સંકલ્પના સમજી શકશો.

(૨) શિક્ષણમાં આયોજનનું મહત્ત્વ સમજી શકશો.

(૩) શિક્ષણ કાર્યના આયોજનના પ્રકારો સમજી શકશો.

(૪) શિક્ષણપાઠ આયોજનના પ્રકાર સમજી શકશો.

(૫) એકમ આયોજન વિશે સમજી શકશો.

(૬) પાઠ આયોજન વિશે સમજી શકશો.

(૭) પાઠ આયોજનનો નમૂનો તૈયાર કરી શકશો.

(૮) માઈક્રો ટીચિંગનો અર્થ સમજી શકશો.

(૯) માઈક્રો ટીચિંગના લક્ષણો સમજી શકશો.

(૧૦) માઈક્રો ટીચિંગના સોપાનો સમજી શકશો.

(૧૧) માઈક્રો ટીચિંગની ઉપયોગિતાની ચર્ચા કરી શકશો.

(૧૨) માઈક્રો ટીચિંગની મર્યાદાઓ સમજી શકશો.

(૧૩) સેતુ પાઠનો અર્થ સમજી શકશો.

(૧૪) સેતુ પાઠનું મહત્ત્વ સમજી શકશો.

(૧૫) છૂટા પાઠનો અર્થ સમજી શકશો.

(૧૬) એકમ આયોજનનાં લક્ષણો સમજી શકશો.

(૧૭) એકમ આયોજનનું મહત્ત્વ સમજી શકશો.

(૧૮) એકમ આયોજનનાં ઘટકો સમજી શકશો.

(૧૯) એકમ આયોજનનો નમૂનો તૈયાર કરી શકશો.

(૨૦) પાઠ આયોજનનાં લક્ષણો સમજી શકશો.

(૨૧) પાઠ આયોજનનું મહત્ત્વ સમજી શકશો.

(૨૨) પાઠ આયોજનનું સોપાન સમજી શકશો.

## ૪.૧ પ્રસ્તાવના :

- સચીનને ક્રિકેટ રમતા જોયો છે ? અમિતાભને ફિલ્મમાં કામ કરતો જોયો છે ? ટૂંકમાં કોઈ નિષ્ણાંત વ્યક્તિને એમના ક્ષેત્રમાં કાર્ય કરતી જોઈ છે ? સામાન્ય અવલોકન કરનાર વ્યક્તિ આવી વ્યક્તિઓને તરતા, રમતા, ગાતા જૂએ તો એને એમ જ લાગે કે રમવું, ગાવું, તરવુ, દોડવું, નૃત્ય કરવું વગેરે બાબતો બહુ સહેલી પ્રક્રિયા છે, તો પછી બધી જ વ્યક્તિઓ કેમ આ પ્રકારની સિદ્ધિ પ્રાપ્ત નથી કરી શકતી, એનો વિચાર પણ કરવો જોઈએ. આવી વિશિષ્ટ સિદ્ધિ માટે વ્યક્તિએ પોતાના ક્ષેત્રની તાલીમ લીધી હોય છે. સાધના જ કરી હોય છે. પોતાના કાર્યને સારા આયોજનમાં પાયા પર ભાર મૂક્યો હોય છે.
- શિક્ષણકાર્યમાં પણ આ વાત સાચી છે. માત્ર તાલીમ પૂરતી નથી, સારું આયોજન કરવું જરૂરી છે. તાલીમ પામેલો શિક્ષક પોતાનું શિક્ષણકાર્ય સારી રીતે કરી શકે છે એનું કારણ એજ છે કે આયોજનપૂર્વક કામ કરે છે.
- કોઈ પણ કાર્યની સફળતાનો આધાર તે માટે કરેલ આયોજન પર રહેલો છે. આયોજન એ જીવનની કોઈ પણ પ્રવૃત્તિમાં સફળતા મેળવવાની ગુરુ ચાવી છે.
- આયોજન જેટલું સારું તેટલા પ્રમાણમાં કાર્યની સફળતા મળવાની શક્યતા વધુ છે. એક શિક્ષકનું આયોજન કદાચ બીજા શિક્ષકને અનુકૂળ ન પણ થાય, છતાં શિક્ષણકાર્યનું આયોજન કરવામાં ઉપયોગી થાય તેવા કેટલાંક મુદ્દાઓની ચર્ચા કરીશું.

## ૪.૨ શિક્ષણમાં આયોજનની સંકલ્પના :

- કોઈ પણ પ્રવૃત્તિને સફળતાપૂર્વક પાર પાડવા માટે તેના વિવિધ પાસાંઓનું ઝીણવટભર્યું ચિંતન, આ ચિંતનની એક તલસ્પર્શી, સુવ્યવસ્થિત નોંધ એને આયોજન કહેવામાં આવે છે.
- શિક્ષણકાર્યનું આયોજન એટલે કાર્ય કરતા પહેલાં પૂર્વ વિચારણા છે.

- શિક્ષણકાર્ય કરતાં પહેલા હેતુઓ નક્કી કરવા, વિષયવસ્તુના મુદ્દાઓની પસંદગી કરવી, શૈક્ષણિક સાધનોની વિચારણા કરવી, શિક્ષણની પદ્ધતિઓ, સંદર્ભ પુસ્તિકા, શૈક્ષણિક પ્રવૃત્તિઓ, સમય, મૂલ્યાંકન, સ્વાધ્યાય પ્રવૃત્તિઓ, કાર્યનોંધ વગેરે બાબાતોનો સમાવેશ કરવામાં આવે છે.
- અધ્યયન–અધ્યાપન માટેની પૂર્વ વિચારણા એટલે શિક્ષણ કાર્યનું આયોજન.
- કોઈ પણ વ્યક્તિ જરૂરિયાતો સંતોષવા અનેક પ્રવૃત્તિઓ કરે છે. પ્રવૃત્તિઓની સાથે સાથે અનેક આર્થિક વ્યવહારો કરે છે. દા.ત.– પ્રવૃત્તિ કરી આવક મેળવવી. આવકને ધ્યાનમાં રાખી ખર્ચ કરવો, કેટલો ખર્ચ કરવો તે આવકને ધ્યાનમાં રાખી વિચારે છે.
- ઉપરની બાબત પરથી જાણી શકાય છે કે કોઈ પણ વ્યક્તિએ પોતાની આવક અને ખર્ચ ધ્યાનમાં રાખીને ચોક્કસ આયોજન કરવું જોઈએ, જેથી તેઓના જીવનમાં કોઈ પણ પ્રકારની આર્થિક મુશ્કેલીનો અનુભવ કરવો ન પડે.
- શિક્ષકે પણ શિક્ષણકાર્યનું આયોજન કરવું પડે છે. આયોજન પરિણામલક્ષી, વિદ્યાર્થીઓમાં નક્કી કરેલ પરિવર્તન લાવવાનું કામ કરવાનું છે. શિક્ષકે ખૂબજ ઊંડાણપૂર્વક મનન અને ચિંતન કરવું પડે છે. શિક્ષણકાર્યનું આયોજન કરવાથી શિક્ષણ કાર્ય શિક્ષક ખૂબ જ સારી રીતે અસરકારક કરી શકે છે.
- કોઈ પણ પ્રવૃત્તિ, કાર્ય કે યોજનાનું ઈચ્છિત ફળ મેળવવા સફળતાપૂર્વક પૂરું કરવા માટે તેનાં વિવિધ પાસાંઓનો ઝીણવટભર્યા ચિંતનની સંપૂર્ણ, સુઆયોજિત નોંધને આયોજન કહેવામાં આવે છે. કોઈ પણ પ્રવૃત્તિ, કાર્ય કે યોજનાની સફળતાનો આધાર તે માટે કરવામાં આવેલા આયોજન પર રહેલો છે, જેટલું આયોજન સંપૂર્ણ અને સુવ્યવસ્થિત તેટલી સફળતા વધારે. કોઈ પણ ક્ષેત્રમાં, પ્રવૃત્તિમાં સફળતા પ્રાપ્ત કરવી હોય તો એ માટે સુઆયોજન કરવું જરૂરી છે.

## ૪.૩ શિક્ષણમાં આયોજનનું મહત્ત્વ :

- રાષ્ટ્રને વિકાસ કરવા સરકાર પંચવર્ષીય યોજનાઓ વિચારે, કુટુંબનો વિકાસ કરવા, કુટુંબ નિયોજનનો વિચાર કરવો પડે, મકાન બાંધનારે ઈજનેર મકાન બાંધતા પહેલાં નકશો તૈયાર કરવો પડે, પ્રવાસે જનાર વ્યક્તિ પ્રવાસનું આયોજન કરે છે. આમ કોઈ પણ ક્ષેત્રમાં પડેલ વ્યક્તિને પોતપોતાની રીતે આયોજન કાર્ય પ્રમાણે કરે છે, તેવી જ રીતે શિક્ષણ કાર્ય માટે વર્ગમાં જતા શિક્ષકે પાઠ આયોજન કરવું જરૂરી છે. આયોજન વગર શિક્ષક વર્ગમાં જાય તો.. સુકાન વગરની નાવ જેવી તેની સ્થિતિ થાય છે.
- પાઠ આયોજન સાથે વર્ગમાં પ્રવેશેલ શિક્ષક વર્ગને સ્વર્ગ બનાવે છે. વર્ગને ક્રિયાશીલ, ચેતનવંતો, જીવંત અને ધબકતો રાખવા માટે પાઠ આયોજન એક દિશા સૂચક પાટિયું છે, એ રસ્તે જવાથી ધારેલા સ્થાને પહોંચાય છે. શિક્ષણમાં આયોજનનું મહત્ત્વ દર્શાવતાં કેટલાંક મુદ્દાઓ નીચે મુજબ છે :

**(૧) આત્મ વિશ્વાસમાં વધારો કરવાઃ**

- શિક્ષણમાં આયોજન કરવાથી શિક્ષક આત્મ વિશ્વાસ સાથે વર્ગ શિક્ષણકાર્ય કરી શકે છે. પૂર્વ તૈયારી સાથે વર્ગમાં જાય છે તેથી આત્મવિશ્વાસ વધે છે.

**(૨) પૂર્વ તૈયારીની તક મેળવવા :**

- શિક્ષક વર્ગમાં જાય તે પહેલા વિષયવસ્તુ અંગે જરૂરી માહિતી મેળવી લે છે. શિક્ષકને પૂર્વ તૈયારી કરવાની તક પૂરી પાડવા માટે જરૂરી છે.

**(૩) એકસૂત્રતા લાવવા :**

- શિક્ષકને શિક્ષણકાર્યમાં એકસૂત્રતા લાવવા તેમજ વિદ્યાર્થીઓમાં અપેક્ષિત વર્તન પરિવર્તન લાવવામાં મદદરૂપ થાય તે માટે જરૂરી છે.

**(૪) સાધન સામગ્રીનો યોગ્ય ઉપયોગ કરવા :**

- શાળા પાસે જે સાધન—સામાગ્રી છે તેનો મહત્ત્મ ઉપયોગ થાય તે માટે અગાઉ આયોજન શિક્ષક કરી શકે છે. કયા એકમ માટે કયું સાધન વાપરવું વગેરે અંગે વિચાર કરી શકે.

**(૫) હેતુઓની સિદ્ધિ કરવા :**

– શિક્ષણના નક્કી કરેલા હેતુઓની સિદ્ધિ કરવા માટે અગાઉથી સમય મળતો હોવાથી આયોજન અંગે વિચારણા થઈ શકે.

**(૬) પરિણામલક્ષી કાર્ય :**

- શિક્ષક અગાઉથી આયોજન વિચારે તો જે તે વિષયનું પરિણામ સારું લાવી શકાય છે, પરિણામલક્ષી કાર્ય કરવા માટે શિક્ષણમાં આયોજન જરૂરી છે.

**(૭) સંભવિત મુશ્કેલીઓનો સામનો કરવા :**

- વર્ગખંડમાં કેટલીક આકસ્મિક મુશ્કેલીઓ ઊભી થાય છે. શિક્ષણકાર્ય કરતી વખતે આવી અસંભવિત મુશ્કેલીઓનો શિક્ષક વિચાર કરી લે છે. મુશ્કેલીઓનો ઉકેલ પણ તે વિચારી લે છે. શિક્ષક સંભવિત મુશ્કેલીઓનો સામનો કરવામાં મદદરૂપ થાય છે.

**(૮) ચિંતામાંથી મુક્તિ :**

- શિક્ષક અગાઉથી શિક્ષણકાર્યનું આયોજન કરતા હોવાથી, સંભવિત મુશ્કેલીઓનો સામનો કરી શકે છે, તેથી ચિંતામાંથી મુક્તિ મળે છે.

**(૯) અન્ય વિષયો સાથે અનુબંધ બાંધવા:**

- વિદ્યાર્થીઓને નવી હકીકતોનું જ્ઞાન આપવાનું હોય ત્યારે અન્ય વિષયો સાથે અનુબંધ બાંધવું આવશ્યક બની રહે છે. પૂર્વ આયોજન વગર અનુબંધ બાંધવાનું શક્ય બનતું નથી. આયોજનના કારણે અનુબંધ બાંધવાનું શક્ય બને છે.

**(૧૦) નવીનતા લાવવા :**

- શિક્ષણમાં નવીનતા લાવવી હોય તો શિક્ષણ કાર્યમાં અગાઉથી આયોજન વિચારવું પડે. પૂર્વ આયોજનને કારણે શિક્ષણમાં નવીનતા લાવી શકાય.

**(૧૧) અપેક્ષિત વર્તન પરિવર્તન લાવવા :**

- શિક્ષણ એક હેતુકેન્દ્રી પ્રક્રિયા છે. એનું પાયાનું કાર્ય વિદ્યાર્થીઓમાં અપેક્ષિત વર્તન પરિવર્તન લાવવાનું છે. આ અપેક્ષિત વર્તન—પરિવર્તન લાવવા માટે શિક્ષણમાં આયોજન જરૂરી છે.

**(૧૨) સમય મર્યાદા :**

- શિક્ષણકાર્ય માટેની સમય મર્યાદા સંદર્ભમાં જ તે પોતાના ઉદ્દેશો, કાર્યપદ્ધતિ નક્કી કરી શકે તેમજ તે પ્રમાણે આયોજન વિચારી શકે.

**(૧૩) શિક્ષણકાર્ય અસરકારક બનાવવા :**

- શિક્ષણનું અગાઉથી આયોજન કરવામાં આવતું હોવાથી, શિક્ષણકાર્ય સારું અને અસરકારક બનાવી શકાય છે.
- શિક્ષણમાં આયોજન એ અધ્યયન—અધ્યાપનની પ્રક્રિયાનું કેન્દ્ર છે.
- શિક્ષક પોતાની આત્મસૂઝ, કુશળતા અને આવડત પ્રમાણે આયોજન વિચારી શકે.

## ૪.૪ શિક્ષણકાર્યના આયોજનના પ્રકારો :

**(૧) વાર્ષિક આયોજન :**

**(૧) પ્રસ્તાવના :**

- સામાજિક વિજ્ઞાનનો અભ્યાસક્રમ સામાન્ય રીતે એક વર્ષમાં કામના દિવસો દરમિયાન પૂરો કરવાની શિક્ષક પાસેથી અપેક્ષા રાખવામાં આવે છે. અભ્યાસક્રમ કામના દિવસો દરમિયાન પૂર્ણ થાય તે માટે શિક્ષક આખા વર્ષનું વાર્ષિક આયોજન કરે છે.
- વિદ્યાર્થીઓમાં વર્ષ દરમિયાન જે ધ્યેય નક્કી કરવામાં આવેલ છે તે ધ્યેય સુધી પહોંચવા માટે અભ્યાસક્રમ મહત્ત્વનું સાધન છે. હેતુઓની સફળતા અને સિદ્ધિ માટે પણ વાર્ષિક આયોજન કરવું પડે છે.
- શાળા પાસે ગમે તેટલી ભૌતિક સગવડતાઓ હોય પરંતુ અભ્યાસક્રમનું યોગ્ય આયોજન ન કરવામાં આવેલ હોય તો નક્કી કરેલા ઉદ્દેશો સિદ્ધ થાય નહિ. ભૌતિક સાધનોનો ઉપયોગ યોગ્ય રીતે થાય તે માટેનું આયોજન કરવું પડે છે.
- આજે શાળાઓ જે આયોજન કરે છે તેમાં સૌ પ્રથમ વિષય વસ્તુની માસવાર ફાળવણી કરી આયોજન કરવામાં આવે છે, જેમાં સમયને ધ્યાનમાં રાખી આયોજન વિચારવામાં આવે છે.

**(૨) વાર્ષિક આયોજનની સંકલ્પના :**

- વાર્ષિક આયોજનમાં નક્કી કરેલાં હેતુઓ સિદ્ધિ માટે શિક્ષણ પદ્ધતિઓ, શૈક્ષણિક સાધનો, મૂલ્યાંકન, સમયની ફાળવણી, અધ્યયન અનુભવો, ખર્ચની જોગવાઈઓ, વિશિષ્ટ પ્રવૃત્તિઓ વગેરેનું આયોજન જે કરવામાં આવે છે તેને વાર્ષિક આયોજન કહેવામાં આવે છે.
- કામના દિવસો દરમિયાન અભ્યાસક્રમ અંગે તમામ બાબતો ધ્યાનમાં રાખી જે આયોજન કરવામાં આવે છે તેને વાર્ષિક આયોજન કહેવામાં આવે છે.
- દરેક શિક્ષકે બધા જ વર્ગોમાં એક સરખું શિક્ષણકાર્ય થાય તે માટે વાર્ષિક આયોજન ખૂબ જરૂરી છે, જેથી શાળામાં ઉપલબ્ધ સાધન સામગ્રીનો અસરકારક ઉપયોગ શક્ય બને.

**(૩) વાર્ષિક આયોજનમાં ધ્યાનમાં રાખવાની બાબતો :**

- સામાજિક વિજ્ઞાનનો શિક્ષક અભ્યાસક્રમનુ વધુ સારું અને અસરકારક શિક્ષણકાર્ય કરવા માટે વિવિધ પદ્ધતિઓ, શૈક્ષણિક સાધનો વગેરેનો ઉપયોગ કરે છે, પરંતુ આ માટે શિક્ષકે સમયમર્યાદા ધ્યાનમાં રાખી વિચાર કરવો પડે છે. જો સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં આયોજન પણ અભ્યાસક્રમ એક વર્ષના સમયગાળામાં અભ્યાસક્રમ પૂરો કરવાનો હોય છે.
- સામાજિક વિજ્ઞાનના શિક્ષકે એક અઠવાડિયામાં કેટલા તાસ મળે છે, માસ દરમિયાન કેટલા તાસ મળશે, આખા વર્ષ દરમિયાન કેટલા તાસ મળશે તેનો શિક્ષક વિચાર કરે છે. અભ્યાસક્રમ, પૂરો કરવા માટે કુલ કેટલા તાસ જોઈશે.
- આ બધી ગણતરી કર્યા બાદ વાર્ષિક આયોજન વખતે શિક્ષણકાર્ય માટે મળતો સમય શાળાની પ્રાપ્ય ભૌતિક સગવડો વગેરે બાબતો અંગે વિચાર કરવો પડે છે.
- સામાજિક વિજ્ઞાનના શિક્ષકે વાર્ષિક આયોજન કરતી વખતે નીચેની બાબતો ધ્યાનમાં રાખી આયોજન કરવામાં આવે છે :

**૧〉 શિક્ષણના હેતુઓ :**

સામાજિક વિજ્ઞાનમાં વિષયના હેતુઓ જ્ઞાન, સમજ, ઉપયોગ, કૌશલ્ય, રસ, વલણ વગેરે હેતુઓને ધ્યાનમાં રાખી વાર્ષિક આયોજન વિચારવું જોઈએ.

**૨〉 સમય મર્યાદાઃ**

એક સપ્તાહમાં કેટલા તાસ મળશે, માસ દરમિયાન કેટલા તાસ મળશે, કામના દિવસો, રજાઓ, પ્રવૃત્તિઓ વગેરે બાબતો ધ્યાનમાં રાખી વાર્ષિક આયોજનનો વિચાર કરવો જોઈએ.

૩) **વિષયવસ્તુ :**

- વિષયવસ્તુના મુદ્દાઓ વિચારી લેવા જોઈએ જેથી કેટલા તાસની જરૂર પડશે તેની માહિતી સ્પષ્ટ થાય.

૪) **શૈક્ષણિક સાધનો :**

- કયો એકમ શીખવવા માટે કયા સાધનની જરૂર પડશે, શાળા પાસે કયા શૈક્ષણિક સાધનો છે તેની યાદી તૈયાર કરી લેવી જોઈએ. કયા સાધનો ખૂટે છે તેની માહિતી મેળવવી.

૫) **શૈક્ષણિક પ્રવૃત્તિઓ :**

- સામાજિક વિજ્ઞાનમાં વિષય માટે કઈ કઈ શૈક્ષણિક પ્રવૃત્તિઓ થઈ શકે તેમ છે, તેનો વિચાર આયોજનમાં કરવામાં આવે છે. મૂલ્યાંકન, વાર્તાલાપ, પ્રવાસ, સભા, સમય વગેરેનો વિચાર કરવો.

૬) **સંદર્ભ સાહિત્ય :**

- કયા એકમ માટે કયા સંદર્ભ પુસ્તકોની જરૂર પડશે તેની યાદી કરવામાં આવે, શાળા પાસે કયા પુસ્તકો છે તેની માહિતી મેળવી લેવી જોઈએ. સંદર્ભ પુસ્તકોના આધારે વાર્ષિક આયોજનનો વિચાર કરવામાં આવે છે.

૭) **મૂલ્યાંકન કસોટી :**

- વર્ષ દરમિયાન સામાજિક વિજ્ઞાનમાં કેટલી મૂલ્યાંકન કસોટી લેવી, ક્યારે લેવી, કેટલો સમય જોઈએ વગેરે બાબતો વિચારીને વાર્ષિક આયોજન તે બાબત ધ્યાનમાં લેવી જોઈએ.

૮) **શૈક્ષણિક પદ્ધતિ :**

- કયો એકમ કઈ પદ્ધતિ દ્વારા શીખવવો તેનું આયોજન વિચારી લેવું જોઈએ.

૯) **પુનરાવર્તન માટેનો સમય :**

- અભ્યાસક્રમ ક્યારે પૂરો થશે, પૂરો કરવા માટે કેટલા તાસની જરૂર પડશે. પુનરાવર્તન કરવા માટે કેટલો સમય મળશે, વગેરે બાબતો ધ્યાનમાં રાખી વાર્ષિક આયોજન અંગે વિચાર કરવો જોઈએ.
- ટૂંકમાં સામાજિક વિજ્ઞાનના શિક્ષણનું વાર્ષિક આયોજન કરતી વખતે શિક્ષકે સામાજિક વિજ્ઞાનના વિષયનું શિક્ષણ કાર્ય સરળતાથી થઈ શકે તે માટે તમામ બાબતો ધ્યાનમાં રાખી વાર્ષિક આયોજન વિચારવું જોઈએ.
- નીચેના કોઠા ઉપરથી તેનું આયોજન કેવી રીતે કરવું તેનો સ્પષ્ટ ખ્યાલ આવશે.

**વાર્ષિક આયોજનનો નમૂનો**

ધોરણ : ૮, ૯ અને૧૦ — વિષયઃ સામાજિક વિજ્ઞાન

શાળાનું નામ : આણંદ હાઈસ્કૂલ, આણંદ — વર્ષ : ૨૦૧૭–૧૮

શિક્ષકનું નામ :

| **માસ** | **કામના દિવસો** | **એકમ** | **શૈક્ષણિક સાધનો** | **શિક્ષણ પદ્ધતિ** | **સંદર્ભ સાહિત્ય** | **સહ અભ્યાસ પ્રવૃત્તિઓ** | **મૂલ્યાંકન કસોટી** |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | |

* ઉપરના કોઠાને ધ્યાનમાં રાખી શિક્ષકે વાર્ષિક આયોજન કરવું જોઈએ :

(૪) **વાર્ષિક આયોજનના લાભ :**

- વાર્ષિક આયોજનના લાભ નીચે મુજબ છે :

૧〉 **યોગ્ય શિક્ષણ કાર્ય :**

- વાર્ષિક આયોજનના કારણે શિક્ષણ કાર્ય યોગ્ય અને અસરકારક બનાવી શકાય છે. અગાઉથી આયોજન થતું હોવાથી શિક્ષણકાર્ય રસવંતુ બનાવી શકાય છે.

૨〉 **સંદર્ભ સાહિત્ય :**

- કયા એકમ કયા સંદર્ભ પુસ્તકનો ઉપયોગ કરવો તેનું વાર્ષિક આયોજન થતું હોવાથી વિચારી શકાય છે. સંદર્ભ પુસ્તકોનો મહત્તમ ઉપયોગ કરી શકાય છે.

૩〉 **માસવાર આયોજનમાં મદદરૂપ :**

- માસવાર આયોજન થતું હોવાથી તેના આધારે વાર્ષિક આયોજન કરવામાં મદદરૂપ થાય છે.

૪〉 **પુનરાવર્તનનો સમય :**

- સામાજિક વિજ્ઞાનનાં વિષયમાં કુલ કેટલા તાસની જરૂર પડશે. પુનરાવર્તન માટે કુલ કેટલા તાસની જરૂર પડશે. વાર્ષિક આયોજનમાં આ બાબત વિચારી શકાય છે.

૫〉 **શૈક્ષણિક સાધનોનો ઉપયોગ :**

- એકમને ધ્યાનમાં રાખી કાય એકમ માટે કયા શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરવો તેનું આયોજન થઈ શકે છે. સાધનોનો મહત્તમ ઉપયોગ થઈ શકે છે.

૬〉 **એકસૂત્રતા જળવાય :**

- વાર્ષિક આયોજન થતું હોવાથી કાર્યમાં એકસૂત્રતા જળવાય રહે છે. એકમ પ્રમાણે સળંગ આયોજન વિચારી શકાય છે. બધા વર્ગોમાં શિક્ષણકાર્યની એક સૂત્રતા જળવાઈ રહે છે.

**૭〉 આત્મવિશ્વાસમાં વધારો :**

- સામાજિક વિજ્ઞાનના વિષયના શિક્ષક વાર્ષિક આયોજન અગાઉથી કરે છે. એકમ પ્રમાણે આયોજન અગાઉથી થાય છે. એટલે શિક્ષક એકમ અંગે સંપૂર્ણ તૈયારી અગાઉથી કરી શકતાં હોવાથી શિક્ષકના પોતામાં વિશ્વાસ વધારો થાય છે.

**૮〉 નવા શિક્ષકો માટે માર્ગદર્શનરૂપ :**

- અનુભવી શિક્ષક દ્વારા વાર્ષિક આયોજન થતું હોવાથી શાળામાં નવા દાખલ થનાર શિક્ષકોને માર્ગદર્શન રૂપ નીવડે છે.

**૯〉 અનુબંધની તક :**

- અગાઉથી આયોજન થતું હોવાથી અન્ય વિષયો સાથે અનુબંધ બાંધવાનું આયોજન વિચારી શકાય છે.

**(૨) માસિક આયોજન :**

**(૧) પ્રસ્તાવના :**

- હાલમાં માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૮, ૯ અને ધોરણ ૧૦ ના સામાજિક વિજ્ઞાનના વિષય માટે વર્ષ દરમિયાન કયા માસમાં, શિક્ષણ કાર્ય માટે કેટલા તાસ મળશે અને કયા માસમાં, કયું પ્રકરણ શીખવવામાં આવશે તે માટે માસવાર આયોજન કરી શાળાઓને મોકલી આપે છે, જેથી ગુજરાતની દરેક શાળાઓમાં, માસ પ્રમાણે એક સરખો અભ્યાસક્રમ શીખવવામાં આવે.
- દરેક માસના કામના દિવસો કેટલા, કુલ દિવસોમાંથી પ્રવૃત્તિઓ માટેકે અન્ય કાર્ય માટે કેટલા દિવસ જશે. કુલ ચોખ્ખા તાસ કેટલા મળશે. માસ પ્રમાણે મળતા કુલ તાસ, માસ દરયિમાન કેટલા એકમનું શિક્ષણકાર્ય કરવાનું છે તેનું આયોજન માસિક આયોજનમાં કરવામાં આવે છે.

**(૨) માસિક આયોજનની સંકલ્પના :**

- વર્ષ દરમિયાન કયા માસમાં સામાજિક વિજ્ઞાનના શિક્ષણ કાર્ય માટે કેટલા તાસ મળશે, કયા માસમાં કયો એકમ શીખવવામાં આવશે અને તે માટે કઈ કઈ પૂર્વ તૈયારીઓ કરવી વગેરેનું આયોજન એટલે શિક્ષણકાર્યનું માસિક આયોજન.

**(૩) માસિક આયોજનનાં સોપાનો :**

- માસિક આયોજનનાં સોપાનો નીચે મુજબ છે :

૧〉 માસ દીઠ શૈક્ષણિક કાર્યના દિવસો નક્કી કરવા.

૨〉 માસ દીઠ તાસની સંખ્યા પ્રમાણે શીખવવાનાં પ્રકરણો નક્કી કરવા.

૩〉 માસ મુજબ શિક્ષણના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓ નક્કી કરવા.

૪〉 માસ પ્રમાણે અભ્યાસક્રમ મુજબ શૈક્ષણિક પદ્ધતિ, સાધનો, સંદર્ભ પુસ્તકો વગેરેની વિચારણા કરવી.

૫〉 મૂલ્યાંકન કસોટીઓનું આયોજન વિચારવું.

૬〉 વિશિષ્ટ પ્રવૃત્તિઓનું આયોજન વિચારવું.

૭〉 માસ દરમિયાન સ્વાધ્યાય યોજનાનો કાર્યક્રમ વિચારવો.

**(૪) માસિક આયોજનનું મહત્ત્વ :**

- માસિક આયોજનનું મહત્ત્વ નીચે મુજબ છે :

૧〉 માસ દીઠ મળતી તાસની સંખ્યા જાણવા.

૨〉 અભ્યાસક્રમ નિયત સમયમાં પૂરોકરવા માટે માસિક આયોજન જરૂરી છે.

૩⟩ નિદાન—ઉપચાર કાર્ય માટે સમયની ફાળવણી કરવા માટે જરૂરી છે.

૪⟩ જરૂરી સાધનો, સંદર્ભ પુસ્તકો વગેરેનું આયોજન કરવા જરૂરી છે.

૫⟩ માસ દીઠ શૈક્ષણિક કાર્યના દિવસો નક્કી કરવા.

૬⟩ માસ દીઠ શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજનની વિચારણા કરવા.

**(૩) સાપ્તાહિક આયોજન :**

**(૧) પ્રસ્તાવના :**

● સાપ્તાહિક આયોજન એ ટૂંકા ગાળાનું આયોજન છે. કુલ છ દિવસનું આયોજન વિચારવામાં આવે છે. સપ્તાહમાં કામના છ દિવસો થાય છે. આ દિવસો દરમિયાન કામના કલાકો કેટલા મળશે તેને ધ્યાનમાં રાખી આયોજન વિચારવામાં આવે છે.

**(૨) સાપ્તાહિક આયોજનની સંકલ્પના :**

● સામાજિક વિજ્ઞાનના વિષય શીખવવા માટે સપ્તાહમાં કેટલા તાસ મળશે તે તાસની ફાળવણી કયા કયા કાર્યો માટે થશે, તેને સાપ્તાહિક આયોજન કહેવામાં આવે છે.

● સાપ્તાહિક આયોજનમાં સપ્તાહ દરમિયાન કુલ કેટલા તાસ મળશે. કુલ તાસની ફાળવણીની વહેંચણી કેવી રીતે કરવી તેનું આયોજન એટલે સાપ્તાહિક આયોજન.

● કુલ કેટલા તાસ મળશે, તેમાંથી એકમ શીખવવા માટે તાસની ફાળવણી મૂલ્યાંકન માટે તાસની સંખ્યા, શૈક્ષણિક સાધનોનો ઉપયોગ વિશિષ્ટ પ્રવૃત્તિ માટે તાસની ફાળવણી વગેરે વિશે વિચારીને નોંધ કરી રાખેલ હોય છે.

**(૩) સાપ્તાહિક આયોજનના ફાયદાઓ :**

૧⟩ શિક્ષક શિક્ષણ કાર્ય માટે પૂર્વ તૈયારી કરી શકે છે.

૨⟩ શિક્ષણ કાર્ય માટે જરૂરી સાધનો અને સગવડતાઓ જે જરૂર હોય તે અગાઉથી તૈયાર રાખી શકાય છે.

૩⟩ મૂલ્યાંકન કસોટી માટે પ્રશ્નપત્રોની જરૂરી નકલો તૈયાર કરાવીને રાખી શકાય છે.

૪⟩ નિદાન—ઉપચારકાર્યનું આયોજન હાથ ધરી શકાય છે.

૫⟩ સપ્તાહ દરમિયાન કરવાની વિશિષ્ટ પ્રવૃત્તિઓ માટેની પૂર્વ તૈયારીઓ કરી શકાય છે.

૬⟩ વિદ્યાર્થીઓને જરૂરી પૂર્વ તૈયારી સાથે આવવા માટે અગાઉથી જાણ કરી શકાય છે.

૭⟩ શિક્ષક—વિદ્યાર્થી વચ્ચેનું કાર્ય સંકલન વધે છે.

**(૪) દૈનિક આયોજન :**

**(૧) પ્રસ્તાવના :**

★ શાળાના સમય દરમિયાન દિવસમાં કુલ કેટલા કલાક મળશે, દિવસ દરયિમાન કુલ કેટલા તાસ શૈક્ષણિક કાર્યો માટે ફાળવવામાં આવેલા છે. દિવસ દરમિયાન કુલ આઠ તાસ મળતા હોય તો આ આઠ તાસ દરમિયાન કયા તાસમાં શું કરવું તેનું આયોજન વિચારવામાં આવે છે.

★ દૈનિક આયોજન એ ખૂબ મહત્ત્વનું છે. એકમ, પેટા એકમ, વિશિષ્ટ હેતુઓ, શૈક્ષણિક સામગ્રી, અધ્યયન અધ્યાપન પ્રવૃત્તિઓ, સંદર્ભ સાહિત્ય, કા.પા. કાર્ય, મૂલ્યાંકન, સ્વાધ્યાય અને અનુબંધ વગેરેનો વિચાર કરીએ તે પ્રમાણે દૈનિક આયોજન તૈયાર થઈ શકે. આ દૈનિક આયોજનનું સ્વરૂપ બદલાતું રહ્યું છે.

**(૨) દૈનિક આયોજનમાં ધ્યાનમાં રાખવાની બાબતોઃ**

– દૈનિક આયોજનમાં નીચે મુજબની બાબતો ધ્યાનમાં રાખવી જોઈએઃ

**૧) હેતુ :**

- હેતુને ધ્યાનમાં રાખી દૈનિક આયોજન વિચારવું જોઈએ.

  દા.ત. – વિદ્યાર્થી શા માટે શીખશે ?

**૨) વિષયવસ્તુ :**

- એકમના વિષયવસ્તુ અંગે દૈનિક આયોજનમાં વિચારવામાં આવે છે.

  દા.ત. – વિદ્યાર્થી શું શીખશે ? મેળવશે ?

**૩) અધ્યયન :**

- વિદ્યાર્થી કયા અધ્યયન અનુભવો મેળવશે. વિદ્યાર્થી કઈ પ્રવૃત્તિઓ કરશે ? દૈનિક આયોજન અધ્યયન અંગેની બાબતો વિચારવામાં આવે છે.

**૪) શિક્ષકની પ્રવૃત્તિઓ :**

- દૈનિક આયોજનમાં શિક્ષકની પ્રવૃત્તિઓ કઈ કઈ છે તે અંગેનો વિચાર કરવો. એકમને ધ્યાનમાં રાખી શિક્ષકની પ્રવૃત્તિ કઈ કઈ થઈ શકે તેમ છે.

**૫) મૂલ્યાંકન :**

- મૂલ્યાંકન કસોટી અંગે દૈનિક આયોજનમાં વિચારવામાં આવે છે. એકમ અંગે મૂલ્યાંકન કસોટી શી રીતે થશે ?

**૬) શૈક્ષણિક સાધનો :**

- શિક્ષણ કાર્ય માટે કયા કયા શૈક્ષણિક સાધનો જોઈએ તે દૈનિક આયોજનમાં વિચારવું જોઈએ.

**૭) સંદર્ભ સાહિત્ય :**

- શિક્ષણ કાર્ય વધુ સારું અને અસરકારક બનાવવા માટે કયા કયા સંદર્ભ સાહિત્યની જરૂર પડશે તેનો વિચાર કરવામાં આવે છે.

## ૪.૫ શિક્ષણમાં પાઠ આયોજનના પ્રકારો :

શિક્ષણમાં આયોજનના પ્રકાર નીચે મુજબ વિચારી શકાય :

**પ્રકાર**

(૧) માઈક્રો ટીચિંગ પાઠ
(૨) સેતુ પાઠ
(૩) છૂટો પાઠ
(૪) એકમ આયોજન
(૫) પાઠ આયોજન

**(૧) માઈક્રો ટીચિંગ :**

**(૧) પ્રસ્તાવના :**

શિક્ષણની તાલીમી કોલેજોમાં તાલીમાર્થીઓને પોતાની યુનિવર્સિટીએ નક્કી કર્યા મુજબ માઈક્રો પાઠ આપવાના ફરજિયાત હોય છે. માઈક્રો પાઠ આપતા પહેલાં તેનો પરિચય દરેક તાલીમાર્થીએ મેળવવો જરૂરી બને છે.

માઈક્રો અધ્યાપનનો ખ્યાલ આપનાર સૌ પ્રથમ વ્યક્તિ એલન ડવાઈટ હતા, તેમણે ઈ.સ. ૧૯૬૩માં માઈક્રો ટીચિંગનો સૌ પ્રથમ પ્રયોગ શરૂ કર્યો, તેઓ સ્ટનેફર્ડ યુનિવર્સિટી, કેલિફોર્નિયાના પ્રોફેસર હતાં, તેમણે વિવિધ અધ્યાપન કૌશલ્યની ઘનિષ્ટ તાલીમ આપવા માટે માઈક્રો ટીચિંગની હિમાયત કરી.

(૨) **માઈક્રો ટીચિંગનો અર્થ :**

- માઈક્રો એટલે સૂક્ષ્મ અથવા નાનું એવો અર્થ થાય છે. ટીચિંગ એટલે શિક્ષણ.
- આમ માઈક્રો ટીચિંગનો શાબ્દિક અર્થ સૂક્ષ્મ શિક્ષણ એવો થાય છે.
- માઈક્રો ટીચિંગ એ વિદ્યાર્થીઓને શિખવવાની અધ્યાપન પદ્ધતિ નથી, પરંતુ અધ્યાપકે અધ્યાપન કાર્યકરવા માટે જરૂરી એવાં કેટલાંક કૌશલ્યો વિકસાવવા માટેની એક પ્રયુક્તિ છે.
- માઈક્રો ટીચિંગ પ્રયુક્તિ દ્વારા અધ્યાપક એકાદ નાની સંકલ્પના માત્ર પાંચથી સાત વિદ્યાર્થીઓ સાથે માત્ર પાંચથી સાત મિનિટ માટે અધ્યાપન કાર્ય કરે છે.
- પાઠનું વિષયવસ્તુ નાનું કે ઓછું, વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી, પાઠનો સમય ઓછો, માઈક્રો ટીચિંગના જુદી જુદી વ્યક્તિઓએ આપેલ અર્થ નીચે મુજબ છે.

(૧) **એલન અને ઈવ :**

- માઈક્રો ટીચિંગ એ નિયંત્રિત પરિસ્થિતિમાં, અધ્યાપક દ્વારા કરવામાં આવતો મહાવરો છે કે જેના દ્વારા એકી વખતે એકજ કૌશલ્યની તાલીમ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે અને એ કૌશલ્યપૂર્ણ રીતે હસ્તગત કર્યા પછી જ બીજા કૌશલ્યની તાલીમ લેવા તરફ ધ્યાન કેન્દ્રિત કરે છે.

(૨) **મેરેના :**

– માઈક્રો ટીચિંગ એ માપી શકાય એવો અધ્યાપનનો નમૂનો છે.

(૩) **પેક અને ટૂકર :**

- માઈક્રો ટીચિંગ એ અધ્યાપન કૌશલ્યના વિકાસને સરળ બનાવવા વીડિયો રેકર્ડર વાપરી પ્રતિપોષણ સાથે વિશિષ્ટ અધ્યાપન કૌશલ્યોનો સંક્ષિપ્ત રીતે સમજાવવાની પ્રયુક્તિ છે.

(૪) **કેલન બેક :**

– માઈક્રો ટીચિંગ એ વર્ગ શિક્ષણ માટેના શિક્ષકના વર્તનમાં ફેરફાર લાવવા માટેની અસરકારક પ્રયુક્તિ છે.

(૫) **બ્રુસ :**

- માઈક્રો ટીચિંગ એ એક એવી તાલીમ આપવાની પ્રયુક્તિ છે કે જે શિક્ષકોને સુવ્યાખ્યાયિત કરેલાં નાના અધ્યેતાઓના જૂથ સમક્ષ વિનિયોગ કરવાની અને બહુધા પાઠનાં પરિણામો વીડિયો ટેપ પર જોવાની તક પૂર પાડે છે.

(૬) **મેકોલમ અને લોટ :**

- માઈક્રો ટીચિંગ રૂઢિગત શિક્ષણ પ્રણાલીમાં પ્રવેશતા પહેલાં શિક્ષકને તેના વર્ગવ્યવહારનાં કૌશલ્યોમાં પ્રાવીણ્ય મેળવવામાં સહાય કરનાર કાર્યક્રમ છે.

(૭) **ભટ્ટાચાર્ય :**

– શિક્ષકના વર્તનોને પરોક્ષ રીતે વિકસાવવા માટેની માઈક્રો ટીચિંગ એક અસરકારક પ્રયુક્તિ છે.

(૩) **માઈક્રો ટીચિંગના લક્ષણો :**


- એકાદ નાની સંકલ્પના કે મુદ્દાનું શિક્ષણ
- નાનું જૂથ – ૫ કે ૭ ની સંખ્યા
- ઓછો સમય – ૫ કે ૭ મિનિટ
- ચોક્કસ કૌશલ્યનો વિકાસ – કોઈ પણ એક જ કૌશલ્ય ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું.

- **કૃત્રિમ વર્ગખંડ પરિસ્થિતિ :**

  તાલીમાર્થીઓને વર્ગ શિક્ષણમાં જે કૌશલ્યની વધુ જરૂરી પડતી હોય તે કૌશલ્યની તાલીમ આપવામાં આવે છે.

**(૪) માઈક્રો ટીચિંગના સોપાનો :**

– માઈક્રો ટીચિંગનો ખ્યાલ આકૃતિ દ્વારા નીચે પ્રમાણે આપી શકાય :




– ઉપરની આકૃતિમાં એક માઈક્રો ચક્ર નો અમલ સમજાવેલ છે, જેના પાંચ તબક્કા આ પ્રમાણે છે :

  ૧〉 શિક્ષણ (Teaching) ૨〉 પ્રતિપોષણ (Feed back)

  ૩〉 પુન : આયોજન (Replanning) ૪〉 પુન : શિક્ષણ (Reteach)

  ૫〉 પુન : પ્રતિપોષણ (Refeed back)

**૧〉 શિક્ષણ :**

- જે મુદ્દો કે સંકલ્પના અંગે શિક્ષણકાર્ય કરવાનું હોય તેનું શિક્ષણકાર્ય શરૂ થાય છે. આ શિક્ષણકાર્ય પાંચ થી સાત મિનિટ સુધીનું હોય છે. શિક્ષણકાર્યનું આયોજન કરવામાં આવે છે
- વિદ્યાર્થી તરીકે તાલીમાર્થીઓ પસંદ કરવામાં આવે છે, તેમજ નિરીક્ષણકાર્ય પણ તાલીમાર્થીઓ દ્વારા કરવામાં આવે છે.

**૨〉 પ્રતિ પોષણ :**

- નક્કી કરેલા એકમના મુદ્દા પર શિક્ષણ કાર્ય કરવામાં આવે છે. શિક્ષણ પૂરું થયાં બાદ તેના પર ચર્ચા કરવામાં આવે છે. આ ક્રિયાને પ્રતિશિક્ષણ કહેવામાં આવે છે.

**૩〉 પુનઃ આયોજન :**

- પ્રતિ શિક્ષણ દરયિમાન થયેલ ચર્ચા પ્રમાણે જરૂરી સુધારા વધારા કરી ફરી વખત આયોજન કરવામાં આવે છે, જેને પુનઃ આયોજનના નામે ઓળખવામાં આવે છે.

**૪〉 પુનઃ શિક્ષણ :**

- પુનઃ આયોજન બાદ ફરી પાઠ મહાવરા સાથે આપવામાં આવે છે. આપેલ પાઠ અંગે ચર્ચા–વિચારણા કરવામાં આવે છે. જરૂરી સુધારા વધારા સૂચવવામાં આવે છે.

**૫〉 પુનઃ પ્રતિ પોષણ :**

- ફરી ચર્ચા થાય છે. જરૂરી સુધારા–વધારા કરવામાં આવે છે. આ રીતે માઈક્રો ટીચિંગનું કાર્ય પૂર્ણ થાય છે.

**(૫) માઈક્રો ટીચિંગ પાઠની ઉપયોગિતા :**

– માઈક્રો ટીચિંગ પાઠની ઉપયોગિતા નીચે મુજબ છે :

**૧) સહી સલામત વ્યવહાર :**

- માઈક્રો પાઠને કારણે કેટલાંક કૌશલ્યનો વિકાસ થાય છે, જ્યારે વર્ગમાં પાઠ આપવાનો થાય છે ત્યારે સહી સલામત વ્યવહાર કરી શકે છે.

**૨) ધ્યાન કેન્દ્રિત :**

- માઈક્રો પાઠને કારણે તાલીમ મળતી હોવાથી જ્યારે વર્ગમાં પાઠ આપવાનો થાય ત્યારે વિદ્યાર્થીઓનું ધ્યાન કેન્દ્રિત કરાવી શકાય છે. વિદ્યાર્થીઓને ધ્યાન કેન્દ્રિત કરવા માટેની ટેક્નિક આવી જાય છે.

**૩) પૂર્વ તાલીમ પ્રાપ્ત થાય :**

- વર્ગ અધ્યાપન અંગે પૂર્વ તાલીમ મળતી હોવાથી વધુ સમય માટે પાઠ આપવાની તાલીમ મળી જાય છે. પ્રથમ ઓછા સમય માટેની તાલીમ મળે છે, ત્યારબાદ વધુ સમય માટે પાઠ આપવાની તાલીમ મળી જાય છે.

**૪) સમયની બચત :**

- માઈક્રો પાઠને કારણે આયોજન અંગેની તાલીમ મળી જાય છે, જ્યારે વર્ગ શિક્ષણમાં શિક્ષણકાર્ય કરવાનું હોય ત્યારે ઓછા સમયમાં કાર્ય કરી શકે છે, તેથી સમયની બચત થાય છે.

**૫) સતત તાલીમ માટેનું વહન :**

- માઈક્રો પાઠ માટે જુદાં જુદાં કૌશલ્યો ઉપર પાઠનું આયોજન થતું હોવાથી સતત તાલીમ માટે ઉપયોગી બધી જ પ્રયુક્તિ મળી રહે છે.

**૬) આત્મ વિશ્વાસમાં વધારો :**

- માઈક્રો પાઠ દરમિયાન જરૂરી દિશા સૂચન મળી રહેતું હોવાથી વધુ સમયના શિક્ષણકાર્ય માટે આત્મ વિશ્વાસમાં વધારો થાય છે. આત્મવિશ્વાસ સાથે કાર્ય થઈ શકે છે.

**૭) શાળાના બોજમાં ઘટાડો :**

- માઈક્રો પાઠને કારણે જેટલા પાઠ માઈક્રોના આપવામાં આવે ત્યારે તેટલા પાઠનો શાળામાં બોજમાં ઘટાડો થાય છે.

**૮) સ્વ મૂલ્યાંકનની તક :**

- માઈક્રો પાઠને કારણે તાલીમાર્થીને સ્વ મૂલ્યાંકનની તક મળી રહે છે, જેથી જરૂરી ફેરફાર કરવાની તક મળી રહે છે.

**૯) નિરીક્ષણ માટેનો નૂતન અભિગમ :**

- માઈક્રો પાઠ નિરીક્ષણ કરવા માટે એક નૂતન અભિગમ છે. વર્ગ વ્યવહાર દરમિયાન કાર્ય કેવી રીતે કરવું તેની તાલીમ મળી રહે છે, જેથી વર્ગ વ્યવહાર દરમિયાન નિરીક્ષણ કાર્ય ઉત્તમ રીતે થઈ શકે છે.

**૧૦) પ્રતિ પોષણ સ્પષ્ટ અને દિશા સૂચક :**

- માઈક્રો પાઠ દરમિયાન શિક્ષણકાર્ય કરવામાં આવે ત્યારે જરૂરી પાઠ ઉપર ચર્ચા થાય છે. સુધારા વધારા સૂચવવામાં આવે છે. માઈક્રો પાઠ દરમિયાન સ્પષ્ટ પ્રતિ પોષણ મળતું હોવાથી સતત નિરીક્ષણ કાર્ય માટે જરૂરી દિશાસૂચન મળી રહે છે.

**૧૧) શિક્ષણ કાર્યના કૌશલ્યો વિકસાવવામાં મદદરૂપ :**

- માઈક્રો પાઠમાં કેટલાંક કૌશલ્યો વિકસાવવા માટેની તાલીમ આપવામાં આવે છે, જેથી કરીને શિક્ષણ કાર્ય માટેના જરૂરી કૌશલ્યો વિકસાવી શકાય છે.

**૧૨〉 મર્યાદા ઝડપથી સમજાય :**

- માઈક્રો પાઠને કારણે કેટલાંક કૌશલ્યોનો વિકાસ થાય છે. શિક્ષણકાર્ય દરમિયાન જ્યારે ભૂલ થાય ત્યારે ખબર પડી જાય છે.

**(૬) માઈક્રો ટીચિંગની મર્યાદાઓ :**

- માઈક્રો ટીચિંગની મર્યાદાઓ નીચે મુજબ છે :

**૧〉 વધુ સમય :**

- વિષય પ્રમાણે જુદાં જુદાં જૂથમાં તાલીમાર્થીઓને વિભાજન કરવું પડે, માર્ગદર્શન આપવું, આયોજન કરવું વગેરે માટે વધુ સમય જાય છે.

**૨〉 વહીવટી કાર્યમાં વધારો :**

- માઈક્રો પાઠને કારણે વહીવટી કાર્યમાં વધારો થાય છે. આખી કૉલેજમાંથી વિષય પ્રમાણે જૂથ વિભાજન કરવું, સમય પત્રકમાં ફેરફાર કરવો પડે વગેરેને કારણે વહીવટી કાર્ય વધી જાય છે.

**૩〉 શિસ્તના પ્રશ્નો હલ કરવામાં મુશ્કેલી :**

- માઈક્રો ટીચિંગ કૌશલ્ય શિસ્તના પ્રશ્નો હલ કરવામાં મદદરૂપ થઈ શકે નહીં, શિસ્તના પ્રશ્નો અંગે તાલીમ આ કૌશલ્ય દ્વારા મળી શકે નહીં.

**૪〉 શૈક્ષણિક સાધનોના ઉપયોગ વગર કાર્ય :**

- માઈક્રો ટીચિંગ કૌશલ્યમાં જરૂરી શૈક્ષણિક સાધનોનો ઉપયોગ થઈ શકતો નથી. સમય મર્યાદા ઓછી હોવાથી ઉપયોગ શક્ય નથી.

**૫〉 વર્ગ શિક્ષણના પ્રત્યક્ષ અનુભવથી વંચિત :**

- માઈક્રો પાઠને કારણે વર્ગ શિક્ષણનો પ્રત્યક્ષ અનુભવ મળતો નથી. કૉલેજમાં જ માઈક્રોના પાઠ આપવાની વ્યવસ્થા ગોઠવવામાં આવે છે.

**૬〉 સાધન સામગ્રીની મર્યાદા :**

- માઈક્રો પાઠ આપવા માટે કૉલેજમાંથી પૂરતા પ્રમાણમાં સાધન સામગ્રી નથી, તેથી સાધન વગર માઈક્રો પાઠ આપવામાં આવે છે.

**૭〉 નિશ્ચિત કૌશલ્ય તરફ ધ્યાન :**

- માઈક્રો પાઠ નિશ્ચિત કૌશલ્યના જ આપવામાં આવે છે. બધા જ કૌશલ્ય ઉપર પાઠ આપવામાં આવતા નથી, તેથી મર્યાદિત કૌશલ્ય પ્રાપ્ત થાય છે.

**૮〉 નિરીક્ષકોની સઘન તાલીમનો અભાવ :**

- માઈક્રો પાઠ ફકત કૉલેજમાં ગોઠવવામાં આવે છે. શાળા અંગેના અનુભવ પ્રાપ્ત થતાં નથી, તેથી નિરીક્ષક અંગેની કોઈ તાલીમ મળતી નથી.

**(૭) માઈક્રો ટીચિંગના વિવિધ કૌશલ્યો (પ્રકાર) :**

- માઈક્રો ટીચિંગના વિવિધ કૌશલ્યો નીચે મુજબ છે :

૧〉 સુદૃઢીકરણ કૌશલ્ય (Skill of Reinforcement)

૨〉 વિષયાભિમુખ કૌશલ્ય (Skill of Introducing lesson)

૩〉 ઉત્તેજના પરિવર્તન કૌશલ્ય (Skill of Stimulus Variation)

૪〉 ઉદાહરણ કૌશલ્ય (Skill of Examples)

૫〉 કા. પા. કાર્ય નોંધ કૌશલ્ય (Skill of Black borad work)

૬) સ્પષ્ટીકરણ કૌશલ્ય (Skill of Explaining)

૭) પ્રશ્ન પ્રવાહિતા કૌશલ્ય (Skill of Fluency in Questioning)

૮) પ્રશ્ન ઊંડાણ કૌશલ્ય (Skill of Fluency in Proofing Questions)

૯) વર્ગ વ્યવસ્થા કૌશલ્ય (Skill of Fluency of Class Management)

૮) મૂક અને અશાબ્દિક સંજ્ઞા કૌશલ્ય (Skill of Silence and non lerbaluses)

**(૨) સેતુ પાઠ :**

**(૧) પ્રસ્તાવના :**

- માઈક્રો ટીચિંગ કૌશલ્ય દ્વારા વિવિધ પ્રકારના કૌશલ્ય પ્રાપ્તિ માટે તાલીમાર્થીને એક પછી એક કૌશલ્ય હસ્તગત કરવાનાં હોય છે. વિવિધ કૌશલ્યની પ્રાપ્તિ થયાં પછી શાળામાં જઈ અસરકારક શિક્ષણ કાર્ય કરે છે. વર્ગખંડમાં વિવિધ કૌશલ્ય પ્રાપ્ત કર્યા પછી શિક્ષણકાર્ય સારી રીતે કરવા માટે પ્રાવિણ્ય પ્રાપ્ત કરે છે.
- એક તાસનું શિક્ષણકાર્ય અસરકારક રીતે કરી શકે છે. માઈક્રો ટીચિંગનો મુખ્ય હેતુ એક પછી એક કૌશલ્યને હસ્તગત કરી, વિવિધ કૌશલ્યોનું સંકલન કરી તાલીમાર્થી અધ્યાપન (શિક્ષણકાર્ય) કળામાં પારંગત બનાવવાનો છે.
- સેતુ પાઠને મીની ટીચિંગ પણ કહેવામાં આવે છે. સેતુ પાઠનો ઉદ્દભવ માઈક્રો ટીચિંગના જુદાં જુદાં કૌશલ્ય પર તાલીમ મેળવી લીધા પછી આવા અનેક અધ્યાપન કૌશલ્યનો છૂટા પાઠમાં ઉપયોગ કરતાં શીખવવા માટે થયો છે.

**(૨) સેતુપાઠની સંકલ્પના :**

- સેતુ પાઠનું કાર્ય માઈક્રો ટીચિંગ અને છૂટા પાઠ (Stray Lesson) વચ્ચેની ખાઈ પૂરવાનું છે. માઈક્રો ટીચિંગ પાઠમાં પાંચથી સાત મિનિટમાં કોઈ એક કૌશલ્ય પર તાલીમ આપી, કોઈ એક શિક્ષણકાર્ય કૌશલ્ય ઉપર પ્રભુત્વ મેળવવાનો તાલીમાર્થીનો પ્રયાસ છે. કોઈ એક કૌશલ્ય પર પાઠ આપવામાં આવે છે, ત્યારે પાઠ ઉપર અધ્યાપક અને તાલીમાર્થીઓ સુધારા વધારા સૂચવે છે. સુધારા વધારા કર્યા પછી, ફરી પાઠ આપી તે કૌશલ્ય પર પ્રભુત્વ મેળવવાનો પ્રયાસ કરવામાં આવે છે.
- માઈક્રો ટીચિંગ પાઠમાં ઓછો સમય, ઓછું વિષય વસ્તુ, એક જ કૌશલ્ય, કૃત્રિમ વર્ગખંડ પરિસ્થિતિ હોય છે.
- જ્યારે છૂટો પાઠ (Stray Lesson) ખરેખર વર્ગખંડ પરિસ્થિતિમાં તમામ અધ્યાપન કૌશલ્યોનો સંકલન કરીને વધુ વિષયવસ્તુને શીખવવા વધુ સમય લઈને આપવામાં આવે છે.
- માઈક્રો ટીચિંગ દ્વારા વિવિધ કૌશલ્યોની અલગ અલગ પાઠ આપીને મેળવેલી તાલીમથી જે કૌશલ્યો ઉપર પ્રભુત્વ મેળવ્યું છે, તેનો ખરેખર વર્ગખંડમાં પરિસ્થિતિમાં ઉપયોગ શીખવા માટે વીસ મિનિટ જેટલા સમયનો કૃત્રિમ વર્ગખંડ પરિસ્થિતિમાં લેવામાં આવતો સેતુ પાઠ ઉપયોગી થાય છે.
- સેતુ પાઠ એ માઈક્રો ટીચિંગ દ્વારા શીખેલાં જુદાં જુદાં અધ્યાપન કૌશલ્યનો વાસ્તવિક વર્ગખંડ પરિસ્થિતિમાં ઉપયોગ કરતાં શીખવવા માટેનો પાઠ છે. તે કૃત્રિમ વર્ગખંડ પરિસ્થિતિમાં લેવાય છે, તેનો સમય માઈક્રો ટીચિંગ કરતાં વધુ અને છૂટા પાઠ કરતાં ઓછો હોય છે.
- માઈક્રો ટીચિંગ પાઠ અને છૂટો પાઠ એ બે વચ્ચે જે ખાઈ છે, તે પસાર કરવાનો આધાર કે સેતુ પૂરો પાડવાનું કાર્ય સેતુ પાઠ કરે છે, તેથી તેને સેતુ પાઠ કહેવાય છે.

**(૩) સેતુપાઠનું મહત્ત્વ :**

- સેતુ પાઠનું મહત્ત્વ નીચે મુજબ છે :

**૧) વિવિધ કૌશલ્યનો વિકાસ કરવા :**

- તાલીમાર્થી સેતુપાઠના આયોજનમાં એકથી વધુ કૌશલ્યનો ઉપયોગ કરવો જરૂરી છે. વધુ કૌશલ્યનો વિકાસ સેતુ આયોજનથી કરવા માટે જરૂરી છે.

**૨) આત્મવિશ્વાસ વધારવા :**

- તાલીમાર્થીઓનો આત્મવિશ્વાસ વધારવા માટે સેતુ પાઠ જરૂરી છે. સમય મર્યાદા વધુ હોય છે તેથી આત્મવિશ્વાસ વધારી શકાય.

**૩) શિક્ષણકાર્યનો વાસ્તવિક અનુભવ મેળવવા :**

- માઈક્રો ટીચિંગ પાઠ કરતાં સમય વધુ હોય છે. શિક્ષણ કાર્યનો વાસ્તવિક અનુભવ મેળવવા માટે સેતુપાઠ જરૂરી છે.

**૪) શિક્ષણ કાર્ય સુધારણા માટે :**

- તાલીમાર્થી વધુ સમય માટે શિક્ષણ કાર્ય કરે છે, તેમાં કોઈ ભુલ ન થાય તો તેમાં તરત જ સુધારો કરી શકાય છે. સેતુ પાઠમાં તરત જ સુધારો થઈ શકતો હોવાથી શિક્ષણકાર્યવખતે તેમાં સુધારો થઈ શકે તે માટે જરૂરી છે.

**૫) માઈક્રો ટીચિંગની મર્યાદા દૂર કરવા :**

- માઈક્રો ટીચિંગની મર્યાદા દૂર કરવા માટે સેતુ પાઠનું આયોજન જરૂરી છે. માઈક્રો પાઠમાં મર્યાદિત સમય મર્યાદા, મર્યાદિત વિદ્યાર્થી સંખ્યા વગેરે અહીં દૂર થાય છે.

**૬) વર્ગ અધ્યયન કાર્યની તાલીમ આપવા :**

★ વિદ્યાર્થીની સંખ્યા અને સમયમાં વધારો કરીને વર્ગ અધ્યાપન કાર્યની તાલીમ આપવા પર ભાર મૂકવામાં આવે છે.

(૪) **સેતુપાઠ નમૂનો :**

**સેતુ પાઠ આયોજન નિરિક્ષણ પત્રક**

તાલીમાર્થીનું નામ : ..............................................રોલ નં. ..........તારીખ : ................

ધોરણ :.......... વિષય : .................................... વિષયાંગ : ............................

સમય : .................. ક્રમાંક : ..........

કૌશલ્યો : (૧) પ્રશ્ન પ્રવાહિતા કૌશલ્ય ($S_1$) (૨) સુદૃઢીકરણ કૌશલ્ય ($S_h$) (૩) ઉત્તેજના – પરિવર્તન કૌશલ્ય ($S_3$) (૪) વિષયાભિમુખ કૌશલ્ય ($S_4$) (૫) કા.પા. કૌશલ્ય ($S_5$)

- નીચેના ઘટકોમાંથી જે ઘટકોનો ઉપયોગ થયો હોય તેમની ગુણવત્તાને ધ્યાનમાં રાખી જે તે ખાનામાં નિશાની કરો. સૌથી ઓછી ગુણવત્તાએ નંબર ૧ આપો અને સૌથી વધુ ગુણવત્તામાં નંબર ૫ આપો.

| ક્રમ | પ્રશ્નનો પ્રકાર | શિક્ષણ | | | | | પુનઃ શિક્ષણ | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | પ્રશ્નપ્રવાહિત કૌશલ્ય | | | | | | | | | | |
| | (અ) પ્રશ્નનું બંધારણ | | | | | | | | | | |
| | ૧) વ્યાકરણની દૃષ્ટિએ શુદ્ધ | | | | | | | | | | |
| | ૨) એકમ સાથે સુસંગત | | | | | | | | | | |
| | ૩) સ્થળ | | | | | | | | | | |
| | ૪) મિતાક્ષરી | | | | | | | | | | |
| | (બ) પ્રશ્ન પૂછવાની રીત | | | | | | | | | | |
| | ૧) સમગ્ર વર્ગ સમક્ષ | | | | | | | | | | |
| | ૨) યોગ્ય ઝડપ | | | | | | | | | | |
| | ૩) યોગ્ય આવાજ | | | | | | | | | | |
| ૨. | પ્રશ્નપ્રવાહિત કૌશલ્ય | | | | | | | | | | |
| | (અ) શાબ્દિક હકારાત્મક સુદૃઢકો | | | | | | | | | | |
| | (બ) અશાબ્દિક હકારાત્મક સુદૃઢકો | | | | | | | | | | |
| ૩. | ઉત્તેજના પરિવર્તન કૌશલ્ય | | | | | | | | | | |
| | (અ) હલન–ચલન | | | | | | | | | | |
| | (બ) હાવભાવ, વાણીમાં ફેરફાર | | | | | | | | | | |
| | (ક) વર્તન વ્યવહારની શૈલી | | | | | | | | | | |
| | (ડ) વિરામ | | | | | | | | | | |
| | (ઈ) ધ્યાન કેન્દ્રી કરણ | | | | | | | | | | |
| ૪. | વિષયાભિમુખ કૌશલ્ય | | | | | | | | | | |
| | (અ) પૂર્વજ્ઞાનનો ઉપયોગ | | | | | | | | | | |
| | (બ) પ્રયુક્તિઓનો ઉપયોગ | | | | | | | | | | |
| | (ક) શૈક્ષણિક સાધન સામગ્રી | | | | | | | | | | |
| | (ડ) સ્વાભાવિક પૂર્વ ભૂમિકા | | | | | | | | | | |
| ૫. | કા.પા. કાર્ય કૌશલ્ય | | | | | | | | | | |
| | (અ) હસ્તાક્ષરની સુવાચ્યતા | | | | | | | | | | |
| | (બ) સ્વચ્છતા | | | | | | | | | | |
| | (ક) યથાર્થતા | | | | | | | | | | |

માર્ગદર્શકની સહી ..........................

તારીખ : ..........................

**માઈક્રોટીચિંગ પાઠનોંધ**

તાલીમાર્થીનું નામ : ડો. વાઘજીભાઈ વી. બારૈયા રોલ નં. ..........

તારીખ : જુલાઈ –૧૮

કૌશલ્ય : સેતુપાઠ

ધોરણ : ૯ વિષય : સામાજિક વિજ્ઞાન વિષયાંગ : આપત્તિ વ્યવસ્થાપન સમય : ૧૫ મિનિટ

આ પાઠ સાથે આપેલા પાઠની કુલ સંખ્યા :

પદ્ધતિ : ૧) ( ) શિક્ષણ

૨) ( ) પુનઃ શિક્ષણ

---

શિક્ષક : વિદ્યાર્થીમિત્રો આજે આપણે આપત્તિ વ્યવસ્થાપન વિશે ચર્ચા કરીશું.

માનવીનો વિનાશ કેવી રીતે થાય છે ?

વિદ્યાર્થી : આપત્તિને લીધે માનવીનો વિનાશ થાય છે.

શિક્ષક : બરાબર

આપત્તિ એટલે શું ?

વિદ્યાર્થી : કુદરતી રીતે કે માનવ સર્જિત રીતે નુકસાન પહોંચાડનારની વ્યવસ્થા.

શિક્ષક : યોગ્ય છે.

કુદરતી આપત્તિ એટલે શું ?

વિદ્યાર્થી : કુદરતી તરફથી જે માનહાનિ કે નુકસાન થાય તેને કુદરતી આપત્તિ કહેવામાં આવે છે.

શિક્ષક : ઉત્તમ

કુદરતી આપત્તિના ઉદાહરણ આપો.

વિદ્યાર્થી : પૂર, વાવાઝોડું, ત્સુનામી, દુકાળ, ભૂકંપ, જ્વાળામુખી, દાવાનળ વગેરે. શિક્ષક : સરસ જવાબ આપ્યો.

કુદરતી આપત્તિ વખતે શું નુકસાન થાય છે ?

વિદ્યાર્થી : કુદરતી આપત્તિ વખતે જાનહાનિને વધુ નુકસાન થાય છે. મનુષ્ય અને પશુઓ વગેરેને પણ નુકસાન થાય છે. દા.ત.– વાવાઝોડું આવે ત્યારે

શિક્ષક : સુંદર જવાબ – કા.પા. કાર્ય

માનવ સર્જિત આપત્તિ એટલે શું ?

વિદ્યાર્થી : માનવ દ્વારા જે કંઈ નુકસાન કરવામાં આવે છે તેને માનવ સર્જિત આપત્તિ કહે છે. દા.ત. – આગ, હુલ્લડ કરવું વગેરે

શિક્ષક : હા

માનવ સર્જિત આપત્તિ વખતે કેવા પ્રકારનું નુકસાન થાય છે ?

વિદ્યાર્થી : માનવ સર્જિત આપત્તિ વખતે બોમ્બ વિસ્ફોટ થાય તો મકાન, મિલકત, માણસ, જાનવર વગેરેને નુકસાન થાય છે. માણસ ઘાયલ થાય કે મૃત્યુ પામે છે. મકાન પડી જાય છે વગેરે.

શિક્ષક : કા.પા. કાર્ય

માનવ સર્જિત આપત્તિના બીજા કોઈ ઉદાહરણ આપો.

વિદ્યાર્થી : ઔદ્યોગિક અકસ્માત

શિક્ષક : બરાબર છે.

કુદરતી આપત્તિ વખતે શું કરવું જોઈએ ?

વિદ્યાર્થી : પૂર આવે તો સલામત સ્થળે પોતાની કિંમતી તથા અંગત જરૂરિયાતી વસ્તુઓ લઈ આશ્રય લેવો.

શિક્ષક : કા.પા. કાર્ય

માનવ સર્જિત આપત્તિ વખતે શું કરવું જોઈએ ?

વિદ્યાર્થી : આંતકવાદી હુકલો થયો હોય તો કોઈ પણ વ્યક્તિની શંકાસ્પદ હિલચાલની પોલીસને જાણ કરવી જોઈએ.

શિક્ષક : ઉત્તમ

ભૂકંપ થાય તો શું થાય છે ?

વિદ્યાર્થી : ભૂકંપ થાય તો પૃથ્વી સપાટી કંપવા લાગે છે. પૃથ્વીના પેટાળમાં તિરાડ પડે છે.

શિક્ષક : કા.પા. કાર્ય સરસ

ભૂકંપ થાય ત્યારે શું કરવું જોઈએ ?

વિદ્યાર્થી : ભૂકંપ થાય ત્યારે મોટી પાટલી કે ટેબલ નીચે બેસી જવું જોઈએ. જો શાળામાં હોય તો પાટલીઓ નીચે બેસી જવું જોઈએ.

શિક્ષક : ધન્યવાદ

ભૂકંપ થાય ત્યારે શું ન કરવું જોઈએ.

વિદ્યાર્થી : ભૂકંપ થાય ત્યારે ગભરાઈને બૂમાબૂમ કે નાસભાગ ના કરવી.

શિક્ષક : ખૂબ જ સારો જવાબ

| કા.પા. કાર્ય | |
|---|---|
| વિષય : સામાજિક વિજ્ઞાન | એકમ : આપત્તિ વ્યવસ્થાપન |
| કા.પા. કાર્ય કરવું. | |
| તારીખ : | ધોરણ : ૯ |

(૩) **છૂટો પાઠ :**

(૧) **પ્રસ્તાવના :**

- માઈક્રો ટીચિંગ કે સેતુપાઠમાં તાલીમાર્થીઓને કૃત્રિમ પરિસ્થિતિ ઊભી કરી પાઠ આપવાનું આયોજન કરવામાં આવે છે. વાસ્તવિક પરિસ્થિતિ ઊભી ન થતી હોવાથી વર્ગની પરિસ્થિતિમાં ઊભી થતી સમસ્યાનો ખ્યાલ આવતો નથી. આ મર્યાદા દૂર કરવાના હેતુથી છૂટાપાઠનું આયોજન વિચારવામાં આવે છે.
- તાલીમાર્થીઓને વાસ્તવિક વર્ગખંડ પરિસ્થિતિ શિક્ષણ કાર્ય કરવાની તાલીમ અપવાના હેતુથી એક તાસ જેટલો સમય આપવામાં આવે છે. તાલીમાર્થી એક તાસનું શીખવવાનું આયોજન કરીને વાસ્તવિક વર્ગખંડ પરિસ્થિતિમાં પાઠ આપે છે. નિરીક્ષક પાઠનું અવલોકન કરી ગુણાંકન કરે છે. તાલીમાર્થીમાં સુધારા વધારા કરવા માટે નિરીક્ષક અવલોકન નોંધ લખે છે.
- શાળાઓમાં શિક્ષણ કાર્ય કરતાં શિક્ષકોએ દરરોજ પાંચથી સાત પાઠનું શિક્ષણકાર્ય કરવાનું હોય છે.
- શિક્ષક દરરોજ જેટલા પાઠનું શિક્ષણ કાર્ય કરે તે બધા પાઠનું વિસ્તૃત આયોજન કરવું મુશ્કેલ છે. અનુભવી શિક્ષકો વિષય વસ્તુ અને શિક્ષણ કાર્યના જાણકાર હોય છે, તેમના માટે દરેક

પાઠનું વિસ્તૃત આયોજન કરવું જરૂરી નથી, તેથી શાળાઓમાં શિક્ષકો તેમની દૈનિક આયોજન નોંધમાં તાસ દીઠ ચાર–પાંચ લીટીમાં તેમના શિક્ષણ કાર્યનો ટૂંકમાં સાર લખે છે.

- તાલીમી સંસ્થાઓમાં શિક્ષક બનવાની તાલીમ લઈ રહેલા તાલીમાર્થીઓ પાઠ આપતાં પહેલાં તેમના પાઠનું વિસ્તૃત આયોજન કરવું પડે છે. પાઠ આયોજનમાં તેમની પદ્ધતિના અધ્યાપક જરૂરી માર્ગદર્શન આપે છે. તાલીમાર્થીઓ પાઠ આપવા માટે વર્ગમાં (શાળામાં) જાય છે. જરૂરી માર્ગદર્શન મેળવે છે.

(૨) **છૂટા પાઠના આયોજનની સંકલ્પના :**

- **બોસિંગના મતે :**

  'પાઠ આયોજન એ અધ્યેતા દ્વારા કયા સામાન્ય અને વિશિષ્ટ ઉદ્દેશોનું કયા વિશિષ્ટ સાધનો દ્વારા તે ઉદ્દેશો સિદ્ધ કરવામાં આવશે, તે સહિતનું સુગ્રથિત નિવેદન છે.'

- **લેસ્ટર બી. સેન્ડઝ :**

  'પાઠ આયોજન એ શિક્ષક વર્ગખંડમાં, જે અનુભવો આપવાનું આયોજન કરે છે તે અંગેનો તેનો માનસિક અને ભાવાત્મક દષ્ટિપાત છે.'

- છૂટાપાઠનું આયોજન એક તાસમાં જે શિક્ષણકાર્ય કરવાનું છે, તે કાર્ય કરવા માટેની કાર્ય યોજના છે. આ પાઠમાં સામાન્ય હેતુ,વિશિષ્ટ હેતુઓ, અપેક્ષિત વર્તન પરિવર્તનનાં હેતુઓ, સંદર્ભ સાહિત્ય, શૈક્ષણિક પદ્ધતિઓ, શૈક્ષણિક સાધનો, શિક્ષકની પ્રવૃત્તિ, વિદ્યાર્થીની પ્રવૃત્તિ, કા.પા. નોંધ, મૂલ્યાંકન, સ્વાધ્યાય વગેરે બાબતો નોંધેલી હોય છે.

(૪) **એકમ આયોજન :**

(૧) **પ્રસ્તાવના :**

- શિક્ષકો માટેની તાલીમી સંસ્થાઓમાં ઘણાં વર્ષોથી એક તાસ માટેના પાઠ આયોજન શીખવવામાં આવે છે. એક તાસને ધ્યાનમાં રાખી શિક્ષણ કાર્ય થાય છે. કોઈ આખા એકમનો ફક્ત પેટા મુદ્દા માટે જ આયોજન થાય છે. આવા વ્યક્તિગત આયોજનમાં વિષય વસ્તુની સળંગ સૂત્રતા જળાવતી નથી, તેમજ એક જ તાસમાં પ્રવૃત્તિઓનું આયોજન કરવું શક્ય બનતું નથી, અપેક્ષિત હેતુઓ સિદ્ધ થઈ શકતા નથી. વિદ્યાર્થીઓના વલણમાં ફેરફાર જોવા મળતો નથી.
- શિક્ષણ એ સતત ચાલતી પ્રક્રિયા છે, તેમાં ક્રમિકતા અને એક સૂત્રતા જળવાવી જોઈએ, તો જ શિક્ષણ કાર્ય વધુ રસ ઉત્પન્ન થશે અને વધુ અસરકારક બનશે.
- તાસ આયોજનની મર્યાદાઓનો અનુભવ થવાથી આ એકમ આયોજનનો વિચાર ઉદ્દભવ્યો છે. સતત શિક્ષણ કાર્ય વખતે એકમ આયોજન શક્ય બને છે. એકમ આયોજનમાં કોઈ પણ એક આખો એકમ લેવામાં આવે છે અને તે એકમના વિષય વસ્તુઓના મુદ્દાઓનું પેટા વિભાજન કરવામાં આવે છે. આમ, એક એકમનું શિક્ષણકાર્ય એક કરતાં વધુ તાસમાં કરવામાં આવે છે.

(૨) **સંકલ્પના :**

- એકમ એટલે વિષયવસ્તુનો ઉપવિભાગ. એ ઉપવિભાગ પસંદ કરી, એ આખા એકમનું આયોજન કરવું તેને એકમ આયોજન કહેવાય છે.
- એકમ એટલે સમાન કક્ષાવાળા અધ્યયન અનુભવોનું સંકલન, અનુભવોની પૂર્ણતા.
- એકમ એ એક એવો શૈક્ષણિક મુદ્દો કે અનુભવ છે કે જેમાં એ મુદ્દા કે અનુભવ સાથે સંબંધ ધરાવતા શક્ય એટલા અનેક મુદ્દાઓ, અનુભવો કે શૈક્ષણિક પાસાંનું સંકલન થાય છે. દા.ત.– આપત્તિ વ્યવસ્થાપન વગેરે મુદ્દાઓનું સંકલન થાય.
- આ રીતે એકબીજા સાથે સંબંધ ધરાવતાં મુદ્દાઓના સંદર્ભમાં સમાન કક્ષાવાળા અધ્યયન અનુભવોનું સંકલન કરતું આયોજન, તે એકમ આયોજન કહેવાય છે.

- એકમ એ સળંગ શિક્ષણની પ્રક્રિયા છે. એકમના આયોજનમાં મુદ્દાઓનું એકબીજાં સાથે સંકલન કરવામાં આવે છે. વિષય વસ્તુનું જ્ઞાન એક બીજા મુદ્દાના અનુસંધાનમાં અપાય છે. ટૂંકમાં વિષય વસ્તુના એક સંકલિત મુદ્દાને એકમ કહેવાય.
- એકમની વ્યાખ્યા અંગે શિક્ષણશાસ્ત્રીઓ એક મત પર આવ્યા નથી. એકમનો વિચાર તો હરબર્ટે આપ્યો, પરંતુ એનો ઉપયોગ ૧૯૨૦ પછી શરૂ થયો.
- સામાન્ય શિક્ષણમાં આપણે કોઈ એક એકમનો છૂટો છવાયો એકમ કે મુદ્દો કહીએ છીએ. એકમમાં સંબંધ ધરાવતાં ઘણા એકમો ભેગા થાય છે.
- 'એકમ' એ એક એવો શૈક્ષણિક મુદ્દો કે અનુભવ છે કે જેનાં એ મુદ્દા કે અનુભવ સાથે સંબંધ ધરાવતા શક્ય એટલા અનેક મુદ્દાઓ, અનુભવોને શૈક્ષણિક પાસાંનું સંકલન થાય છે.
- રેલ્વે સ્ટેશન પર અનેક પાટાઓ જેમ જુદાં જુદાં કાર્ય માટે રાખેલા હોવા છતાં, બધા જ પાટાઓ છેવટે એક જ પાટામાં રેલ્વેમાં મળી જાય છે, તે રીતે અનેક નાના નાના એકમો કોઈ એક મુખ્ય એકમમાં મળી ભળી જાય છે.
- એકમ પદ્ધતિમાં તે બધા જ મુખ્ય મુદ્દા—અનુભવ સાથે સંકળાયેલા એકમો વચ્ચેના સંબંધો જાણવા, તેના કારણો શોધવાં, તે એકબીજાં સાથે શી રીતે કામ કરે છે તે જોવું, વિચારવું, શોધવું અને એક નિર્ણય પર પહોંચવું – આ બધા કાર્યો થાય છે.

(૩) **સારા એકમ આયોજનનાં લક્ષણો :**

- સારા એકમ આયોજનનાં લક્ષણો નીચે મુજબ છે :

૧) **સ્પષ્ટ હેતુઓ :**

★ હેતુઓ સ્પષ્ટ વિદ્યાર્થીઓને સમજાય તેવાં હોવાં જોઈએ. મુદ્દા સાથે હેતુઓ સ્પષ્ટ હોવા જોઈએ.

૨) **વિષય વસ્તુ :**

★ વિષય વસ્તુને ધ્યાનમાં રાખી હેતુઓ નક્કી કરવાં જોઈએ.

૩) **શૈક્ષણિક સાધનોઃ**

★ એકમને અનુરૂપ બધાંજ શૈક્ષણિક સાધનોનો તેમાં સમાવેશ થતો હોવો જોઈએ.

૪) **સમસ્યા ઉકેલ :**

★ સારો એકમ સમસ્યાના ઉકેલ તરફ દોરી જતો હોવો જોઈએ.

૫) **સ્વતંત્ર રીતે કાર્ય :**

★ સારો એકમ સમસ્યાના ઉકેલ તરફ દોરી જતો હોવો જોઈએ.

૬) **સ્થાનિક જરૂરિયાત :**

★ સારો એકમ એવો હોવો જોઈએ કે જે સ્થાનિક જરૂરિયાત ધ્યાનમાં રાખી માહિતી પૂરી પાડતી હોય.

૭) **ક્રમિક ગોઠવણી :**

★ સારો એકમ હેવો હોવો જોઈએ કે જે ક્રમિક રીતે ગોઠવણી થયેલ હોય.

૮) **વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓનું સ્થાન :**

★ સારા એકમમાં વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓનું સ્થાન હોવું જોઈએ. વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓનું સ્થાન હોવાને કારણે વિદ્યાર્થીઓને રસ પડે છે.

૯) **સ્વાધ્યાયનું પ્રમાણ :**

★ સારા એકમમા સ્વાધ્યાયનાં પ્રશ્નો યોગ્ય હોવા જોઈએ. પ્રશ્નો વિવિધતાવાળા હોવાં જોઈએ.

**૧૦〉 સમયની ગોઠવણી :**

★ સારા એકમમાં દરેક મુદ્દા માટે સમયનો અંદાજ નક્કી હોય છે. મુદ્દાને ધ્યાનમાં રાખી સમય નક્કી કરવો જોઈએ.

**(૪) એકમ આયોજનનું મહત્ત્વ :**

● એકમ આયોજનનું મહત્ત્વ નીચે મુજબ છે :

**૧〉 સમયની બચત :**

★ એકમ માટેનું આયોજન અગાઉથી થતું હોવાથી સમય, શક્તિ અને શ્રમનો બચાવ થાય છે.

**૨〉 પૂર્વ તૈયારી :**

★ એકમ આયોજન અંગે અગાઉ પૂર્વે તૈયારી થતી હોવાથી વર્ગ અંગેની સમસ્યાનો ઉકેલ મેળવી શકાય છે.

**૩〉 શૈક્ષણિક સાધનોનો ઉપયોગ :**

★ એકમ આયોજનને કારણે સમગ્ર એકમનું શિક્ષણકાર્ય કરતી વખતે કયા કયા સાધનો જોઈએ, કઈ કઈ પ્રવૃત્તિઓ કરવી પડશે, કઈ પદ્ધતિઓ અપનાવવી પડશે, તેઓ અગાઉથી ખ્યાલ આવે છે. આથી તે નક્કી કરેલા જરૂરી સાધનો સમય પહેલાં મંગાવી શકાય છે.

**૪〉 વ્યક્તિગત તફાવત :**

★ એકમ આયોજનમાં અગાઉથી આયોજન થતું હોવાથી વ્યક્તિગત તફાવતને ધ્યાનમાં રાખી આયોજન વિચારવામાં આવે છે.

**૫〉 શિક્ષણકાર્ય ક્રિયાશીલ :**

★ એકમ આયોજનનું અગાઉથી આયોજન થતું હોવાથી શિક્ષણ કાર્ય ક્રિયાશીલ બનાવવાનું આયોજન વિચારી શકાય છે.

**૬〉 વાર્ષિક આયોજન :**

★ એકમ આયોજનનું અગાઉથી આયોજન થતું હોવાથી સમયનો અંદાજ મેળવી શકાય છે. સમયનો અંદાજ મળવાને કારણે વાર્ષિક આયોજન કરવામાં મદદરૂપ થાય છે.

**૭〉 ચોક્કસ અધ્યયન અનુભવો :**

★ એકમ આયોજનનું અગાઉથી આયોજન થતું હોવાથી વિદ્યાર્થીઓને કેટલાંક ચોક્કસ અધ્યયન અનુભવો પ્રાપ્ત થાય તેવું આયોજન વિચારી શકાય છે.

**૮〉 પ્રવૃત્તિમાં વિવિધતા :**

★ અગાઉથી આયોજન વિચારવામાં આવતું હોવાથી પ્રવૃત્તિમાં વિવિધતા આવે તેવું આયોજન વિચારવામાં આવે છે. વિવિધ પ્રવૃત્તિઓ અંગે વિચારી આયોજન થઈ શકે છે.

**૯〉 શિક્ષકની સજ્જતા વધારી શકાય :**

★ શિક્ષક એકમ આયોજન અંગે તાસ પ્રમાણે આયોજન કરતાં હોવાથી શિક્ષકનું કાર્ય સારું થઈ શકે છે. આથી શિક્ષકની સજ્જતા વધારી શકાય છે.

**૧૦〉 શિક્ષણકાર્ય અસરકારક :**

★ શિક્ષક એકમ અંગે આયોજન અંગે તાસ પ્રમાણે આયોજન કરતાં હોવાથી શિક્ષણ કાર્ય કાર્ય સારું અને અસરકારક કરી શકે છે.

**૧૧〉 અનુબંધ :**

★ એકમ આયોજન દ્વારા એકમના વિવિધ પેટા મુદ્દા સાથે અનુબંધ બાંધીને શિક્ષણ કાર્ય કરવાની આંતરસૂઝ શિક્ષકમાં વિકસાવી શકાય છે. આથી એકમના વિવિધ પેટા મુદ્દાઓ સાથે અનુબંધ અને સંકલન શક્ય બને છે. અનુબંધવાળું શૈક્ષણિક કાર્ય શક્ય બને છે.

(૫) **એકમ આયોજનના ઘટકો :**

- એકમ આયોજન વખતે મુખ્યત્વે નીચેની બાબતો ધ્યાનમાં લેવી જોઈએ :

૧〉 **એકમનું નામ :**

★ આ મુખ્ય ઘટકમાં એકમનું નામ લખવાનું હોય છે. દા.ત. – ગ્રાહક જાગૃતિ

૨〉 **પેટા એકમ :**

★ કોઈ પણ એકમ નક્કી કર્યા પછી તે એકમના પેટા એકમ નક્કી કરવામાં આવે છે. પેટા એકમ તાસ પ્રમાણે પાડવામાં આવે છે. સમગ્ર એકમને નિશ્ચિત તાસના પેટા એકમોમાં વહેંચી શકાય. એકમ પ્રમાણે પેટા એકમનું વિભાજન થઈ શકે. એક એકમને ત્રણ કે ચાર વિભાગમાં વિભાજન કરી શકાય. દા.ત. – ગ્રાહક જાગૃતિ

★ પેટા એકમ :

૧} ગ્રાહક જાગૃતિ એટલે શું ?

૨} ગ્રાહકના શોષણના કારણો.

૩} ગ્રાહક સુરક્ષા ક્ષેત્રે ગ્રાહક જાગૃતિ

૪} ગ્રાહકોના અધિકારો અંગેનો કાયદો

૫} ગ્રાહકોના અધિકારો–હકો

૬} ગ્રાહકોની ફરજો

૭} ગ્રાહક સુરક્ષાના ઉપાયો

૩〉 **તાસ વિભાજન :**

★ એકમના પેટા મુદ્દા પ્રમાણે તાસ વિભાજન કરવું. કયો મુદ્દો કયા તાસમાં શીખવીશું, તેનું પણ અગાઉથી આયોજન થવું જોઈએ. એકમના અધ્યયન પછી મૂલ્યાંકન કયા તાસમાં કરીશું તેનું પણ આયોજન થવું જોઈએ. આ રીતે સામાજિક વિજ્ઞાનના અભ્યાસક્રમમાં કેટલા તાસ જોઈએ તેનું આયોજન થઈ શકે. અભ્યાસક્રમ સમય મર્યાદામાં પૂર્ણ કરી શકાય.

૪〉 **સામાન્ય હેતુઓ :**

★ સમગ્ર એકમના વિષય વસ્તુ તેમજ શિક્ષકની પ્રવૃત્તિને ધ્યાનમાં રાખી સામાન્ય હેતુઓ નક્કી કરવામાં આવે છે. એકમ આયોજનમાં આખા એકમના સંદર્ભમાં સામાન્ય હેતુઓ નીચે પ્રમાણે નક્કી કરવામાં આવે છે.

★ દા.ત. –

– વિદ્યાર્થીઓ ગ્રાહક જાગૃતિ વિશે જ્ઞાન મેળવે.

- વિદ્યાર્થીઓ મેળવેલાં ગ્રાહક જાગૃતિના જ્ઞાનની સમજ કેળવે.
- વિદ્યાર્થીઓ મેળવેલાં ગ્રાહક જાગૃતિના જ્ઞાનનો ઉપયોગ કરે.
- વિદ્યાર્થીઓમાં માનસિક શક્તિઓનો વિકાસ થાય.
- વિદ્યાર્થીઓમાં કેટલાંક કૌશલ્યોનો વિકાસ થાય.
- વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાનના શિક્ષણ પ્રત્યે રસ, વલણ અને અભિરૂચિ વિકસાવે.

૫〉 **વિશિષ્ટ હેતુઓ :**

★ એકમમાં જે જે બાબતો આવતી હોય તે બાબતો ધ્યાનમાં રાખી વિશિષ્ટ હેતુઓ નક્કી કરવામાં આવે છે. વિશિષ્ટ હેતુઓ પણ તાસ પ્રમાણે તૈયાર કરવામાં આવે છે.

★ દા.ત. –

– વિદ્યાર્થીઓ ગ્રાહક જાગૃતિ વિશે જ્ઞાન પ્રાપ્ત કરે.

- વિદ્યાર્થીઓ મેળવેલાં ગ્રાહક શોષણના કારણો વિશે જ્ઞાન પ્રાપ્ત કરે.
- વિદ્યાર્થીઓ ગ્રાહક સુરક્ષા ક્ષેત્રે ગ્રાહક જાગૃતિ અંગે જ્ઞાન પ્રાપ્ત કરે.

**૬〉 અપેક્ષિત વર્તન પરિવર્તન :**

★ વિશિષ્ટ હેતુઓને ધ્યાનમાં રાખી અપેક્ષિત વર્તન પરિવર્તનના હેતુઓ તૈયાર કરવામાં આવે છે. સમગ્ર એકમના અંતે વિદ્યાર્થીઓમાં આવનારા અપેક્ષિત વર્તન પરિવર્તન પણ એકમ આયોજનમાં નોંધવામાં આવે છે. આથી વિશિષ્ટ હેતુઓને અપેક્ષિત વર્તન પરિવર્તન સાથે ખૂબ જ ઝીણવટભર્યો સંબંધ હોવો જોઈએ. – વિદ્યાર્થીઓ ગ્રાહક સુરક્ષા ક્ષેત્રે ગ્રાહક જાગૃતિ વિશે માહિતી આપી શકે.

દા.ત. –

– વિદ્યાર્થીઓ ગ્રાહક જાગૃતિનો અર્થ આપી શકે.

- વિદ્યાર્થીઓ મેળવેલાં ગ્રાહક શોષણના કારણો આપી શકે.
- વિદ્યાર્થીઓ ગ્રાહક સુરક્ષા ક્ષેત્રે ગ્રાહક જાગૃતિ વિશે માહિતી આપી શકે.

**૭〉 વિષયવસ્તુનું પૃથક્કરણ :**

★ એકમ આયોજનમાં શિક્ષકે એકમ શિક્ષણમાં વિષય વસ્તુના કયા કયા મુદ્દાઓ શીખવવામાં આવશે તેની નોંધ લખવામાં આવે છે. મોટા ભાગે વિષય વસ્તુના મુદ્દા ખ્યાલ, સમજ અને માહિતીને ધ્યાનમાં રાખી નોંધ તૈયાર કરવામાં આવે છે.

**૮〉 શૈક્ષણિક પદ્ધતિઓ :**

★ એક તાસ પ્રમાણે જે મુદ્દો શીખવવાનો હોય તેને ધ્યાનમાં રાખી શૈક્ષણિક પદ્ધતિઓ નક્કી કરવામાં આવે છે. એકમના મુદ્દા પ્રમાણે પદ્ધતિ પસંદ કરવાથી શિક્ષણકાર્ય રસપ્રદ બનાવી શકાય.

**૯〉 શિક્ષકની પ્રવૃત્તિઓ :**

★ શિક્ષક તાસ પ્રમાણે કઈ કઈ પ્રવૃત્તિઓ કરશે તેની નોંધ પાઠ આયોજનમાં કરવામાં આવે છે. વર્ગને ધ્યાનમાં રાખી શિક્ષક પ્રવૃત્તિ વિચારે છે. શિક્ષકની પ્રવૃત્તિ તાસ પ્રમાણે અલગ અલગ નોંધ કરવી જોઈએ.

**૧૦〉 વિદ્યાર્થીઓની પ્રવૃત્તિઓ :**

★ વિદ્યાર્થીને કેન્દ્રમાં રાખી શિક્ષકે પ્રવૃત્તિઓનું આયોજન વિચારવું જોઈએ. બધા જ વિદ્યાર્થીઓ સક્રિય બને તે બાબત ધ્યાનમાં રાખી પ્રવૃત્તિઓનું આયોજન વિચારવું જોઈએ. વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ થાય તે બાબત પણ શિક્ષકે ધ્યાનમાં રાખી આયોજન વિચારવું જોઈએ. વિદ્યાર્થીની પ્રવૃત્તિ તાસ પ્રમાણે અલગ તૈયાર કરવામાં આવે છે. પ્રવૃત્તિ મુદ્દા પ્રમાણે અલગ વિચારી શકાય.

**૧૧〉 મૂલ્યાંકન કસોટી :**

★ એક તાસમાં વિદ્યાર્થીઓ જવાબ આપી શકે તેવી હેતુલક્ષી કસોટી તૈયાર કરીને બાળકોને આપવાની હોય છે. આ કસોટી હેતુલક્ષીના પ્રકારને ધ્યાનમાં રાખી વૈવિધ્યવાળી હોવી જોઈએ. એકમના સમગ્ર મુદ્દાને ધ્યાનમાં રાખી તાસ પ્રમાણે અલગ બનાવવી જોઈએ.

**૧૨〉 શૈક્ષણિક સાધનો :**

★ એકમના પેટા એકમને ધ્યાનમાં રાખી શૈક્ષણિક સાધનો અંગે વિચારવામાં આવે છે. કયા મુદ્દા માટે કયું સાધન વાપરવું તે નક્કી કરવામાં આવે છે. તાસ પ્રમાણે શૈક્ષણિક સાધન અલગ અલગ વાપરવું પડે છે.

૧૩〉 **સ્વાધ્યાય :**

★ આખા એકમને ધ્યાનમાં રાખી તાસ પ્રમાણે સ્વાધ્યાયના પ્રશ્નો નોંધવામાં આવે છે. સ્વાધ્યાયના પ્રશ્નોમાં વિવિધતા હોવી જોઈએ. વિદ્યાર્થીઓએ શીખેલી બાબતોનું દૃઢીકરણ થાય એવો સ્વાધ્યાય આપવો જોઈએ, તેમજ સ્વ અધ્યયન દ્વારા કાર્ય કરી શકે તેવો સ્વાધ્યાય આપવો જોઈએ.

૧૪〉 **સંદર્ભ સાહિત્ય :**

★ વર્તમાન પાઠ્યપુસ્તકો શિક્ષક માટે પૂરતાં નથી. શિક્ષકને પોતાના શિક્ષણકાર્યને વધુ અસરકારક બનાવવા પાઠ્યપુસ્તક ઉપરાંત સંદર્ભ સાહિત્યનું વાંચન કરવાની જરૂર રહે છે. સંદર્ભ સાહિત્યની યાદી તૈયાર કરી નોંધ કરવી જોઈએ.

| ક્રમ | પુસ્તકનું નામ | લેખકનું નામ | પ્રકાશક | પ્રકાશન | પૃષ્ઠ નંબર |
|---|---|---|---|---|---|
| | | | | | |

(૬) **એકમ આયોજનનો નમૂનો :**

તાલીમાર્થીનું નામ :અલ્પા કે. પટેલ　　　　શાળાનું નામ : આણંદ હાઈસ્કૂલ, આણંદ

વિષય : સામાજિક વિજ્ઞાન　　　　એકમ : ગ્રાહક જાગૃતિ

૧〉 **એકમનું નામ : ગ્રાહક જાગૃતિ**

ધોરણ ૧૦

૨〉 **પેટા એકમ :**

૧} ગ્રાહક જાગૃતિ એટલે શું ?

૨} ગ્રાહકના શોષણના કારણો.

૩} ગ્રાહક સુરક્ષા ક્ષેત્રે ગ્રાહક જાગૃતિ

૪} ગ્રાહકોના અધિકારો અંગેનો કાયદો

૫} ગ્રાહકોના અધિકારો–હકો

૬} ગ્રાહકોની ફરજો

૭} ગ્રાહક સુરક્ષાના ઉપાયો

૩〉 **તાસ વિભાજન :**

| **ક્રમ** | **તાસ** | **પેટા એકમ** |
|---|---|---|
| ૧ | ૧ | ગ્રાહક જાગૃતિ, અર્થ, કારણો |
| ૨ | ૨ | ગ્રાહક સુરક્ષા અધિકારોનો કાયદો |
| ૩ | ૩ | ગ્રાહકોના અધિકારો–હકો |
| ૪ | ૪ | ગ્રાહકોની ફરજો, ગ્રાહક સુરક્ષાના ઉપાયો |

૪〉 **સામાન્ય હેતુઓ :**

૧} વિદ્યાર્થીઓ ગ્રાહક જાગૃતિ વિશે જ્ઞાન મેળવે.

૨} વિદ્યાર્થીઓ મેળવેલાં ગ્રાહક જાગૃતિના જ્ઞાનની સમજ કેળવે.

૩} વિદ્યાર્થીઓ મેળવેલાં ગ્રાહક જાગૃતિના જ્ઞાનનો ઉપયોગ કરે.

૪} વિદ્યાર્થીઓમાં માનસિક શક્તિઓનો વિકાસ થાય.

૫} વિદ્યાર્થીઓમાં કેટલાંક કૌશલ્યોનો વિકાસ થાય.

૬} વિદ્યાર્થીઓ ગ્રાહક જાગૃતિના શિક્ષણ પ્રત્યે રસ, વલણ અને અભિરૂચિ વિકસાવે.

૫〉 **વિશિષ્ટ હેતુઓ :**

★ તાસ – ૧

૧} વિદ્યાર્થીઓ ગ્રાહક જાગૃતિનો અર્થ જાણે.

૨} વિદ્યાર્થીઓ મેળવેલા ગ્રાહક જાગૃતિના ઉદાહરણ સાથે જાણે.

૩} વિદ્યાર્થીઓ ગ્રાહક જાગૃતિના કારણો જાણે.

★ તાસ – ૨

૧} વિદ્યાર્થીઓ ગ્રાહક સુરક્ષાનો અર્થ જાણે.

૨} વિદ્યાર્થીઓ મેળવેલા ગ્રાહક સુરક્ષાના અધિકારોના કાયદાઓ જાણે.

૩} વિદ્યાર્થીઓ ગ્રાહક સુરક્ષાના ઉદાહરણો વિશે જાણે.

★ તાસ – ૩

૧} વિદ્યાર્થીઓ ગ્રાહકોના અધિકારો વિશે જાણે.

૨} વિદ્યાર્થીઓ ગ્રાહકોના અધિકારોના ઉદાહરણ વિશે જ્ઞાન પ્રાપ્ત કરે.

★ તાસ – ૪

૧} વિદ્યાર્થીઓ ગ્રાહકોની ફરજો વિશે જ્ઞાન પ્રાપ્ત કરે.

૨} વિદ્યાર્થીઓ ગ્રાહકોની ફરજો વિશેના ઉદાહરણ વિશે જાણે.

૩} વિદ્યાર્થીઓ ગ્રાહક સુરક્ષાના ઉપાયો વિશે જ્ઞાન પ્રાપ્ત કરે.

૬〉 **અપેક્ષિત વર્તન પરિવર્તન :**

★ તાસ – ૧

૧} વિદ્યાર્થીઓ ગ્રાહક જાગૃતિનો અર્થ આપી શકે.

૨} વિદ્યાર્થીઓ ગ્રાહક જાગૃતિના ઉદાહરણ આપી શકે.

૩} વિદ્યાર્થીઓ ગ્રાહક જાગૃતિનો જીવનમાં ઉપયોગ કરી શકે.

૪} વિદ્યાર્થીઓ ગ્રાહક જાગૃતિના અર્થ અંગે સમજ આપી શકે.

૫} વિદ્યાર્થીઓ ગ્રાહક જાગૃતિના કારણો જણાવી શકે.

★ તાસ – ૨

૧} વિદ્યાર્થીઓ ગ્રાહક જાગૃતિનો અર્થ આપી શકે.

૨} વિદ્યાર્થીઓ ગ્રાહક સુરક્ષાના ઉદાહરણ આપી શકે.

૩} વિદ્યાર્થીઓ ગ્રાહકના અધિકારના કાયદા વિશે માહિતી આપી શકે.

૪} વિદ્યાર્થીઓ ગ્રાહકના અધિકારના કાયદા વિશે જીવનમાં ઉપયોગ કરી શકે.

★ તાસ – ૩

૧} વિદ્યાર્થીઓ ગ્રાહકોના અધિકારો વિશે માહિતી આપી શકે.

૨} વિદ્યાર્થીઓ ગ્રાહકોના અધિકારો વિશે સમજ કેળવી શકે.

૩} વિદ્યાર્થીઓ ગ્રાહકોના અધિકારો વિશે જીવનમાં ઉપયોગ કરી શકે.

૪} વિદ્યાર્થીઓ ગ્રાહકોના અધિકારો વિશે ઉદાહરણ આપી શકે.

★ તાસ – ૪

૧} વિદ્યાર્થીઓ ગ્રાહકોની ફરજો વિશે માહિતી આપી શકે.

૨} વિદ્યાર્થીઓ ગ્રાહકોની ફરજો વિશેના ઉદાહરણ આપી શકે.

૩} વિદ્યાર્થીઓ ગ્રાહકોની ફરજો વિશે જીવનમાં ઉપયોગ કરી શકે.

૪} વિદ્યાર્થીઓ ગ્રાહક સુરક્ષાના ઉપાયો વિશે માહિતી આપી શકે.

૫} વિદ્યાર્થીઓ ગ્રાહક સુરક્ષાના ઉપાયો વિશે જીવનમાં ઉપયોગ કરી શકે.

૬} વિદ્યાર્થીઓ ગ્રાહક સુરક્ષાના ઉપાયોના ઉદાહરણ આપી શકે.

૭〉 **વિષય વસ્તુનું પૃથક્કરણ :**

★ તાસ – ૧

૧} ગ્રાહક જાગૃતિનો અર્થ ૨} ગ્રાહક શોષણના કારણો

★ તાસ – ૨

૧} ગ્રાહકો સુરક્ષાનો અર્થ

૨} ગ્રાહક સુરક્ષાના અધિકારોનો કાયદો

★ તાસ – ૩

૧} ગ્રાહકોના અધિકારો

★ તાસ –૪

૧} ગ્રાહકોની ફરજો

૨} ગ્રાહક સુરક્ષાનાઉપાયો

૮〉 **શૈક્ષણિક પદ્ધતિઓ :**

| **તાસ ક્રમ** | **પેટા એકમ** | **પદ્ધતિઓનો ઉપયોગ** |
|---|---|---|
| ૧. | ગ્રાહક જાગૃતિ અર્થ<br>ગ્રાહક શોષણના કારણો | • પ્રશ્નોત્તરી પદ્ધતિ<br>• આગમન—નિગમન<br>• કથન—ચર્ચા પદ્ધતિ |
| ૨ | ગ્રાહક સુરક્ષા<br>ગ્રાહક અધિકારનો કાયદો | • પ્રશ્નોત્તરી પદ્ધતિ<br>• આગમન—નિગમન<br>• કથન—ચર્ચા પદ્ધતિ |
| ૩ | ગ્રાહકોના અધિકારો | • પ્રશ્નોત્તરી પદ્ધતિ<br>• કથન—ચર્ચા પદ્ધતિ<br>• સમસ્યાઉકેલ પદ્ધતિ |
| ૪ | ગ્રાહકની ફરજો<br>ગ્રાહક સુરક્ષાના ઉપાયો | • પ્રશ્નોત્તરી પદ્ધતિ<br>• કથન—ચર્ચા પદ્ધતિ<br>• સમસ્યાઉકેલ પદ્ધતિ |

૯〉 **શિક્ષકની પ્રવૃત્તિઓ :**

૧} શિક્ષક કથન—ચર્ચા કરશે.

૨} શિક્ષક પ્રશ્નોત્તરી કરશે.

૩} શિક્ષક કા.પા. નોંધ કરશે.

૪} સૂચના આપશે.

૫} ઉદાહરણ રજૂ કરશે.

૬} સ્વાધ્યાય આપશે... વગેરે

**૧૦〉 વિદ્યાર્થીઓની પ્રવૃત્તિઓ :**

૧} વિદ્યાર્થીઓ શ્રવણ કરશે.

૨} જવાબ આપશે.

૩} કા.પા. નોંધ કરશે.

૪} ચર્ચાકરશે.

૫} પ્રશ્નો પૂછશે.

૬} ઉદાહરણ આપશે.

**૧૧〉 મૂલ્યાંકન કસોટી :**

★ શિક્ષક ગ્રાહક જાગૃતિના એકમને આધારે વસ્તુલક્ષી કસોટીના પ્રકાર પર આધારિત મૂલ્યાંકન માટે કસોટી તૈયાર કરી શકે.

★ વસ્તુલક્ષી કસોટીના નમૂનો મૂકવો.

૧} ખાલી જગ્યા

૨} બહુ વિકલ્પ કસોટી

૩} ખરા ખોટા પ્રકાર

૪} જોડકાં

**૧૨〉 શૈક્ષણિક સાધનો :**

૧} ગ્રાહકના શોષણનાં કારણોનો ચાર્ટ

૨} ગ્રાહકના શોષણ કરવા માટેના સાધનો

૩} ગ્રાહકોના અધિકારોના ચાર્ટ

૪} ગ્રાહકોની ફરજોનો ચાર્ટ

૫} ગ્રાહક સુરક્ષાના ઉપાયોનો ચાર્ટ

૬} ગ્રાહકોના અધિકારો અંગેના કાયદાનો ચાર્ટ

**૧૩〉 સ્વાધ્યાય :**

૧} ગ્રાહક જાગૃતિ એટલે શું ? તેના ઉદાહરણો આપો

૨} ગ્રાહક સુરક્ષા ક્ષેત્રે ગ્રાહક જાગૃતિ એટલે શું ?

૩} ગ્રાહકોના અધિકારો અંગેનાં કયા કયા કાયદાઓ છે ?

૪} ગ્રાહકોને કયા કયા અધિકારો મળે છે ?

૫} ગ્રાહકોની કઈ કઈ ફરજ છે ?

૬} ગ્રાહક સુરક્ષાના ઉપાયો કેવી રીતે કરી શકાય ?

## ૧૪〉 સંદર્ભ સાહિત્ય :

| ક્રમ | પુસ્તકનું નામ | લેખકનું નામ | પ્રકાશક | પૃષ્ઠ નંબર |
|---|---|---|---|---|
| ૧ | અર્થ શાસ્ત્ર – ધો. ૧૧ | પી.એમ. નાળિયેરવાલા તથા અન્ય | બી.એસ.શાહ પ્રકાશન, અમદાવા | |
| ૨ | અર્થ શાસ્ત્ર | કુમાર | કુમાર પ્રકાશન, અમદાવાદ | |
| ૩ | સામાજિક વિજ્ઞાનના અધ્યાપનનું પરિશીલન | ડો. મોતીભાઈ એમ. પટેલ તથા અન્ય | બી.એસ.શાહ પ્રકાશન, અમદાવાદ | |

## (૭) તાસ આયોજન અને એકમ આયોજન વચ્ચેનો તફાવત :

| | તાસ આયોજન | | એકમ આયોજન |
|---|---|---|---|
| ૧ | તાસ આયોજનમાં કોઈ પણ એકમના એકાદ મુદ્દો જ ધ્યાનમાં લેવાય છે. | ૧ | એકમ આયોજનમાં ઘણાં બધા મુદ્દાઓ ધ્યાનમાં લેવાય છે. |
| ૨ | તાસ આયોજન એક તાસ માટેનું આયોજન હોય છે. | ૨ | એકમ આયોજન ૪ થી માંડી ૬ તાસનું આયોજન હોય છે. |
| ૩ | તાસ આયોજનમાં શૈક્ષણિક સાધનોનો ઉપયોગ મર્યાદિત બને છે. | ૩ | એકમ આયોજનમાં શૈક્ષણિક સાધનોનો ઉપયોગ અસરકારક રીતે કરી શકાય છે. |
| ૪ | શૈક્ષણિક કાર્યમાં સળંગ સૂત્રતા જળવાતી નથી. | ૪ | એકમ આયોજનમાં સળંગ સૂત્રતા જળવાય છે. |
| ૫ | સંપૂર્ણ ચર્ચા થઈ શકતી નથી. | ૫ | સંપૂર્ણ ચર્ચા થઈ શકે છે. |
| ૬ | મૂલ્યાંકન કાર્ય આંશિક થાય છે. | ૬ | મૂલ્યાંકન સંપૂર્ણ થઈ શકે છે. |
| ૭ | શિક્ષકે તાસ પ્રમાણે આયોજન તાસનું વિચારવું પડે છે. | ૭ | શિક્ષક ત્રણ કે ચાર સળંગ આયોજન કરી શકે છે. |
| ૮ | શિક્ષણકાર્ય ઊંડાણ વગરનું થાય છે. | ૮ | શિક્ષણ કાર્ય ઊંડાણપૂર્વક થાય છે. |
| ૯ | વિદ્યાર્થી પ્રવૃત્તિ માટે સમય ફાળવી શકતો નથી. | ૯ | વિદ્યાર્થીને પ્રવૃત્તિ માટે સમય મળે છે. |
| ૧૦ | તાસની છેલ્લી પાંચ મિનિટમાં આંશિક મૂલ્યાંકન થાય છે. | ૧૦ | છેલ્લો એક આખો તાસ સર્વાંગી મૂલ્યાંકન માટે ફાળવી શકાય છે. |
| ૧૧ | ઓછી શિક્ષણ પદ્ધતિનો ઉપયોગ થાય છે. | ૧૧ | વધુ શિક્ષણ પદ્ધતિઓનો ઉપયોગ કરી શકાય છે. |
| ૧૨ | ઓછા અધ્યયન અનુભવો આપી શકાય છે. | ૧૨ | વધુ અધ્યયન અનુભવો આપી શકાય છે. |
| ૧૩ | જ્ઞાનના નાના નાના ટૂકડાઓ થાય છે. | ૧૩ | જ્ઞાનની સમગ્રતા જળવાય છે. |
| ૧૪ | શિક્ષક એક તાસ પૂરતી તૈયારી કરે છે. | ૧૪ | મુદ્દા પ્રમાણે સર્વાંગી તૈયારી કરે છે. |
| ૧૫ | એક જ મુદ્દો શીખવી શકાય. | ૧૫ | વધુ મુદ્દાઓ શીખવી શકાય. |

## (૫) પાઠ આયોજન :

### (૧) પ્રસ્તાવના :

- કોઈ પણ કાર્યની શરૂઆત આયોજનથી થાય છે. કોઈ પણ પ્રવૃત્તિમાં આયોજન કરવું પડેછે. આયોજન એ જીવનની હર કોઈ પ્રવૃત્તિમાં સફળતા મેળવવાની ગુરુચાવી છે. સરકાર રાષ્ટ્રના સામાજિક, શૈક્ષણિક અને આર્થિક વિકાસ માટે ટૂંકા અને લાંબા ગાળાની યોજના કરે છે. પ્રવાસે જનાર વ્યક્તિ પ્રવાસનું આયોજન કરે છે. મકાન બાંધનાર એન્જિનિયર મકાનનો

નકશો બ્લ્યુપ્રિન્ટ તૈયાર કરે છે. કોઈ પણ પ્રવૃત્તિ–યોજનાને સફળતાપૂર્વક પાર પાડવા માટે તેનાં વિવિધ પાસાંઓનું ઝીણવટભર્યું ચિંતન, આ ચિંતનની એક તલસ્પર્શી, સુવ્યવસ્થિત નોંધ એને આયોજન કહી શકાય.

- પરીક્ષા માટે વાંચન કરતો વિદ્યાર્થી, ધંધો કરનાર વ્યક્તિ આયોજન વિચારે છે.
- શિક્ષકે પણ પોતાના શિક્ષણકાર્યમાં આયોજન જરૂરી છે. આયોજન વગરનું કાર્ય સૂકાન વગરના વહાણ જેવું થઈ જાય.

(૨) **પાઠ આયોજન એટલે શું ? :**

- 'શિક્ષણકાર્યના સફળતાપૂર્વક સંચાલન માટે સંપૂર્ણપણે વિચારેલી પૂર્વ તૈયારી એટલે પાઠ આયોજન.'
- ' A Lesson plan is in many ways the heart of effectile teaching'
- એન્જિનિયર જેમ મકાન બનાવતાં પહેલા, 'બ્લ્યુ પ્રિન્ટ' તૈયાર કરે છે, તેવી રીતે શિક્ષક વર્ગમાં ગયા પછી એકમ કેમ શીખવવો તેની કાર્ય પદ્ધતિની રૂપરેખા એટલે પાઠ આયોજન.
- અધ્યયન–અધ્યાપનની સમગ્ર પ્રક્રિયાની વિગતપૂર્ણ વિચારણા એટલે પાઠ આયોજન.
- પાઠ આયોજનમાં શિક્ષક શૈક્ષણિક હેતુઓ, વિષયવસ્તુ, અધ્યાપન પદ્ધતિ, પ્રયુક્તિ, સાધન સામગ્રી વર્ગની પ્રવૃત્તિ વગેરે પૂર્વ વિચારણા કરે છે અને વિદ્યાર્થીઓમાં રહેલી વિશિષ્ટ શક્તિઓ ઓળખવા પ્રયાસ કરે છે. આ ઉપરાંત હેતુઓની પ્રાપ્તિ થઈ છે કે કેમ તે ચકાસવા મૂલ્યાંકન યોજના પણ વિચારે છે. શિક્ષક વર્ગમાં પ્રવેશ કરે તે પહેલાં એ ઘણી બાબતોનું ચિંતન કરે છે.
- ડેવીસના મત પ્રમાણે :

  વર્ગમાં જતાં પહેલા શિક્ષકે પૂર્વ તૈયારી કરવી જોઈએ કારણ કે શિક્ષકની પ્રગતિ માટે શિક્ષકની અપૂર્ણ તૈયારી સિવાય અન્ય કોઈ બાબત અવરોધક બનતી નથી.

(૩) **આદર્શ પાઠ આયોજનના લક્ષણો :**

- આદર્શ પાઠ આયોજનનાં લક્ષણો નીચે મુજબનાં હોવાં જોઈએ :

૧〉 પાઠ આયોજન લેખિત સ્વરૂપમાં હોવો જોઈએ.

૨〉 પાઠ આયોજનમાં સામાન્ય, વિશિષ્ટ અને અપેક્ષિત વર્તન પરિવર્તનનાં હેતુઓ નોંધાયેલ જોઈએ.

૩〉 પાઠ આયોજન વર્ગને ધ્યાનમાં રાખી તૈયાર કરેલ હોવો જોઈએ.

૪〉 પાઠ આયોજન વિદ્યાર્થીની વય, રૂચિ, જ્ઞાન, વૃદ્ધિ, શક્તિ, અપેક્ષાઓ અને વર્ગના વાતાવરણ ધ્યાનમાં રાખી તૈયાર કરવો જોઈએ.

૫〉 પાઠ આયોજનમાં શૈક્ષણિક પદ્ધતિનો ઉલ્લેખ થયેલ હોવો જોઈએ.

૬〉 પાઠ આયોજનમાં સંદર્ભ પુસ્તકોનો ઉલ્લેખ થયેલ હોવો જોઈએ.

૭〉 પાઠ આયોજનમાં શૈક્ષણિક સાધનોની માહિતી હોવી જોઈએ.

૮〉 પાઠ આયોજનમાં વિદ્યાર્થીની પ્રવૃત્તિઓનો ઉલ્લેખ થયેલ હોવો જોઈએ.

૯〉 પાઠ આયોજનમાં મૂલ્યાંકન અંગેની માહિતી હોવી જોઈએ.

૧૦〉 પાઠ આયોજનમાં કાપા કાર્યનું આયોજન થયેલ હોવું જોઈએ.

૧૧〉 પાઠ આયોજનમાં સ્વાધ્યાયનાં પ્રશ્નોની રજૂઆત થયેલ હોવી જોઈએ.

૧૨〉 પાઠ આયોજનમાં સમયનો ઉલ્લેખ થયેલ હોવો જોઈએ.

**(૪) પાઠ આયોજનનું મહત્ત્વ :**

- પાઠ આયોજનનું મહત્ત્વ નીચે મુજબ છે :

**૧〉 આત્મવિશ્વાસમાં વધારો કરવા :**

★ પાઠ આયોજન કરવાથી તાલીમાર્થીમાં આત્મવિશ્વાસનો વધારો કરવા જરૂરી છે. તૈયારી સાથે શિક્ષણ કાર્ય થતું હોવાથી તાલીમાર્થીમાં આત્મવિશ્વાસ વધે છે.

**૨〉 સંભવિત મુશ્કેલીનો સામનો કરવા :**

★ વર્ગમાં શિક્ષણ કાર્ય દરમિયાન કઈ કઈ મુશ્કેલીઓ આવે છે. મુશ્કેલીને ધ્યાનમાં રાખી આયોજન વિચારવામાં આવે છે. વર્ગમાં આવતી મુશ્કેલીઓનો સામનો કરવા જરૂરી છે.

**૩〉 પૂર્વ તૈયારી કરવા :**

★ પાઠ આયોજન અગાઉથી થતું હોવાથી પૂર્વ તૈયારી સારી રીતે કરવા માટે જરૂરી છે. એકમને ધ્યાનમાં રાખી તૈયારી વિચારી શકાય.

**૪〉 હેતુની સિદ્ધિ કરવા :**

★ પાઠ આયોજન અગાઉથી આયોજન થતું હોવાથી હેતુની સિદ્ધિ કરવા જરૂરી છે.

**૫〉 શિક્ષણમાં સાતત્ય લાવવા :**

★ પાઠ આયોજનનું અગાઉથી આયોજન કરવામાં આવતું હોવાથી શિક્ષણમાં સાતત્ય લાવવા જરૂરી છે.

**૬〉 અપેક્ષિત વર્તન પરિવર્તન લાવવા :**

★ શિક્ષણ કાર્યને કારણે વિદ્યાર્થીઓમાં કયા અપેક્ષિત વર્તન પરિવર્તન આવશે તે નક્કી કરવા માટે જરૂરી છે.

**૭〉 શૈક્ષણિક સાધન સામગ્રીનો યોગ્ય ઉપયોગ કરવા :**

★ શાળા પાસે કયાં સાધનો ઉપલબ્ધ છે તેનો ઉપયોગ કરવા માટે શાળા આયોજનનું મહત્ત્વ રહેલું છે. શૈક્ષણિક સાધનોને ધ્યાનમાં રાખી પાઠ આયોજન વિચારી શકાય.

**૮〉 સમય મર્યાદા જાળવી રાખવા :**

★ પાઠ આયોજનને કારણે સમય મર્યાદા જાળવી શકાય છે. સમયનો યોગ્ય ઉપયોગ કરી શકાય છે.

**૯〉 સમસ્યાનો ઉકેલ લાવવા :**

★ વર્ગમાં જે કાંઈ સંભવિત મુશ્કેલીઓ આવી પડે તેમ હોય તો તેનો ઉકેલ લાવી શકાય.

**૧૦〉 શિક્ષણકાર્યમાં થતી ઉતાવળ અટકાવવા :**

★ પાઠ આયોજન કરવાથી શિક્ષણ કાર્ય યોગ્ય રીતે કરી શકાય છે. સમયનો યોગ્ય ઉપયોગ કરીને આયોજન વિચારવામાં આવે છે, એટલે શિક્ષણ કાર્યમાં થતી ઉતાવળ અટકાવી શકાય.

**૧૧〉 શિક્ષકની સારી છાપ ઊભી કરવા :**

★ પાઠનું અગાઉથી આયોજન કરવામાં આવે તો શિક્ષક શિક્ષણકાર્ય તૈયાર સાથે કરી શકે છે, તેથી તેમની સારી છાપ ઊભી કરી શકાય છે.

**૧૨〉 નિયત સમયમાં અભ્યાસક્રમ પૂર્ણ કરવા :**

★ સમયનું યોગ્ય આયોજન થતું હોવાથી નિયત સમયમાં અભ્યાસક્રમ પૂર્ણ કરી શકાય છે.

**૧૩〉 નવીન બાબતોનું જ્ઞાન આપવા :**

★ પાઠ આયોજન અગાઉથી થતું હોવાથી શિક્ષણકાર્યમાં કેટલીક નવીન બાબતોનું જ્ઞાન આપી શકાય છે.

**૧૪〉 અનુબંધ વધારવા :**

★ પાઠનું અગાઉથી આયોજન થતું હોવાથી અન્ય વિષય સાથે અનુબંધ વધારી શકાય છે.

**૧૫〉 આનંદમાં વધારો કરવા :**

★ શિક્ષણકાર્યનું આયોજન અગાઉથી થતું હોવાથી, શિક્ષણકાર્ય કરવાથી આનંદ થાય છે, તેથી આનંદમાં વધારો કરી શકાય છે.

**૧૬〉 અભ્યાસ અંગેની સુટેવ વિકસાવવા :**

★ અભ્યાસ અંગેની સારી ટેવો અગાઉથી આયોજન થતું હોવાથી વિકસાવી શકાય છે.

**(૫) પાઠ આયોજન તૈયાર કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો—સોપાન :**

● પાઠ આયોજનનું માળખું જુદી જુદી તાલીમી કૉલેજોનું એક સરખું જોવા મળતું નથી, છતાં પાઠ આયોજનમાં કેટલીક બાબતો સરખી જોવા મળે છે. ભલે પાઠ આયોજન નોંધ જુદી જુદી જોવા મળશે, પરંતુ બધી કૉલેજો નીચેની કેટલીક બાબતોમાં સામ્ય ધરાવે છે.

● સામાજિક વિજ્ઞાન પાઠના આયોજનની નોંધ તૈયાર કરતી વખતે નીચે મુજબની બાબતો ધ્યાનમાં લેવી. પાઠ આયોજન સામાજિક વિજ્ઞાનનો કોઈ એક એકમ પસંદ કરી એક તાસમાં શિક્ષણકાર્યની પાઠનોંધ તૈયાર કરવામાં આવે છે.

**૧〉 સામાન્ય માહિતી :**

* પાઠ નોંધમાં શાળાનું નામ, ધોરણ, એકમ, તારીખ, તાસ, સમય વગેરે જેવી સામાન્ય માહિતીની નોંધ કરવામાં આવે છે. આ નોંધને પરિણામે શિક્ષક પોતાના શિક્ષણકાર્યથી વધુ માહિતગાર થાય છે. આયોજન કેટલાં સમય, ધોરણ વગેરે માટે છે તેથી એકમની પસંદગી સરળ બને છે. તારીખ, તાસ અને શાળાનું નામ પણ મહત્ત્વનું છે, જેથી નક્કી કરેલ તારીખે, નક્કી કરેલા સમયે અને નક્કી કરેલ શાળામાં પહોંચી શકાય. પાઠની સંખ્યા પણ નોંધેલ હોય છે.

**૨〉 પાઠ્યપુસ્તક :**

★ જે ધોરણમાં પાઠ આપવાનો હોય તે ધોરણનું પાઠ્યપુસ્તક નક્કી કરવામાં આવે છે. પાઠ્યપુસ્તકને આધારે એક તાસનું આયોજન થઈ શકે છે.

**૩〉 સંદર્ભ પુસ્તક :**

★ સામાજિક વિજ્ઞાન માટે એકમને ધ્યાનમાં રાખી કયા સંદર્ભે પુસ્તકની જરૂર પડશે તેની યાદી પાઠ આયોજનમાં મૂકવામાં આવે છે.

**૪〉 અધ્યાપન પદ્ધતિઓ :**

★ સામાજિક વિજ્ઞાન વિષય ફક્ત માહિતી આપી દેવાનો વિષયના શિક્ષકે એકમને અનુરૂપ એવી પદ્ધતિઓ પસંદ કરી શિક્ષણ કાર્યમાં ઉપયોગ કરવો જોઈએ. વિદ્યાર્થીની કક્ષા અને શાળાને ધ્યાનમાં રાખી પદ્ધતિઓનો ઉપયોગ કરવો જોઈએ.

**૫〉 સામાન્ય હેતુઓ :**

★ વિદ્યાર્થી સમાજ, રાષ્ટ્રની જરૂરિયાતને ધ્યાનમાં રાખી હેતુઓ નક્કી કરવામાં આવે છે.સામાજિક વિજ્ઞાન શિક્ષણના હેતુઓ સ્પષ્ટ હોવા જોઈએ.

૧} વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાનનું જ્ઞાન મેળવે.

૨} વિદ્યાર્થીઓ મેળવેલા જ્ઞાનની સમજ કેળવે.

૩} વિદ્યાર્થીઓ મેળવેલા જ્ઞાનનો ઉપયોગ કરે.

૪} વિદ્યાર્થીઓમાં કેટલીક માનસિક શક્તિઓનો વિકાસ થાય.

૫} વિદ્યાર્થીઓમાં કેટલાક કૌશલ્યનો વિકાસ થાય.

૬} વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાનના શિક્ષણ પ્રત્યે રસ, વલણ અને અભિરૂચિ વિકસાવે.

૬〉 **વિશિષ્ટ હેતુઓ :**

★ વિશિષ્ટ હેતુઓ પાઠના એકમ પર આધારિત છે. પાઠ આયોજનમાં જે મુદ્દો પસંદ કરેલ હોય તે પ્રમાણે વિશિષ્ટ હેતુઓ નક્કી થતા હોય છે. પ્રત્યેક શૈક્ષણિક મુદ્દાનો અલગ વિશિષ્ટ હેતુ હોય છે. વિશિષ્ટ હેતુઓ તો સીડીના એક એક પગથિયા જેવા છે, જેમ કોઈ માણસ એક એક પગથિયું ચડીને, છેલ્લે બધાં પગથિયાં ચડવાનું પૂરું કરીને પોતાની મંઝિલે પહોંચે છે. તે પ્રમાણે એક એક વિશિષ્ટ હેતુ સિદ્ધ કરીને, અંતે જ્યારે બધા જ વિશિષ્ટ હેતુઓ સિદ્ધ થાય છે ત્યારે જ સામાન્ય હેતુઓની પ્રાપ્તિ થાય છે.

૭〉 **અપેક્ષિત વર્તન—પરિવર્તન :**

★ તાસના અંતે જ્યારે પાઠ પૂર્ણ કરવામાં આવે છે, ત્યાર બાદ વિદ્યાર્થીઓમાં કેટલાક વર્તન પરિવર્તન જોવા મળે છે. આ વર્તન પરિવર્તનો શિક્ષકની અપેક્ષા પ્રમાણે હોવા જોઈએ. શિક્ષક જે હેતુ સાથે વર્ગખંડમાં પ્રવેશ્યો હતો તે અપેક્ષિત વર્તન પરિવર્તન જોવા મળે છે તે હેતુ સિદ્ધ થયો કે નહીં તે જાણી શકાય છે.

★ શિક્ષણના અંતે વિદ્યાર્થીઓમાં કેટલાક વર્તન પરિવર્તન આવશે એવી અપેક્ષા રાખવામાં આવે છે. આથી તેને અપેક્ષિત વર્તન પરિવર્તન કહેવામાં આવે છે.

★ પાઠ નોંધમાં અપેક્ષિત વર્તન પરિવર્તન નોંધવાની પદ્ધતિ પણ તાલીમમાં જુદી જુદી જોવા મળે છે.

૮〉 **પ્રારંભ :**

★ પ્રારંભ જેટલો સારો તેટલું શિક્ષણ કાર્ય સારું થાય.

★ થોર્નડાઈકના 'તત્પરતાના નિયમ' પર આ સોપાન આધારિત છે. આ નિયમ અનુસાર વિદ્યાર્થી જ્યાં સુધી નવું શીખવા તત્પર ન થાય ત્યાં સુધી શિક્ષણ પ્રક્રિયા નિષ્ફળ બની રહે તેવી શક્યતાઓ રહે છે. આથી પ્રારંભમાં જ શિક્ષકે વિદ્યાર્થીઓની જિજ્ઞાસા જાગ્રત કરી એમને મનોવૈજ્ઞાનિક રીતે નવું જ્ઞાન મેળવવા કે કૌશલ્ય હસ્તગત કરવા તત્પર કરવા જોઈએ.

★ પ્રારંભ માટે શિક્ષક જુદી જુદી રીતનો ઉપયોગ કરે છે. દા.ત. પ્રશ્નોત્તરી, કથન, વાર્તા, ચિત્ર દ્વારા, ટેપ દ્વારા, કાવ્ય દ્વારા, જાહેરતાનું વાંચન કરી, પંક્તિ દ્વારા વગેરે. પ્રારંભ એકમને અનુરૂપ હોય તે વધુ યોગ્ય છે.

૯〉 **વિષયવસ્તુના મુદ્દા :**

★ શિક્ષક ને એકમનું શિક્ષણકાર્ય કરવાના છે તે એકમના વિષયવસ્તુના મુદ્દા પાઠ નોંધમાં સ્પષ્ટ દર્શાવેલા હોવા જોઈએ. વિષયવસ્તુના મુદ્દા સ્પષ્ટ કરવાથી શિક્ષણ કાર્યનું ચિત્ર સ્પષ્ટ થાય છે. શિક્ષકનો આત્મવિશ્વાસ વધે છે.

★ શિક્ષણકાર્ય સરળ બને છે. વિષયવસ્તુના મુદ્દા સ્પષ્ટ અને ટૂંકમાં મુદ્દાસર નોંધાયેલા હોવાં જોઈએ.

૧૦〉 **શિક્ષકની પ્રવૃત્તિ :**

★ શિક્ષકને એકમને ધ્યાનમાં રાખી વર્ગમાં કેટલીક પ્રવૃત્તિઓ કરે છે. શિક્ષણકાર્ય દરમિયાન જે પ્રવૃત્તિ કરવામાં આવે છે તે નીચે મુજબ છે.

★ દા.ત. – પ્રશ્નો પૂછવાની, સમસ્યા રજૂ કરવી, આકૃતિ દોરવાની, શૈક્ષણિક સાધનોની રજૂઆત, કા.પા. કાર્ય, ઉદાહરણ રજૂ કરવા, સંદર્ભ રજૂ કરવા, કથન કરે, વિદ્યાર્થીઓને જરૂરી પ્રોત્સાહન પૂરું પાડવું વગેરે જેવી પ્રવૃત્તિઓ કરે છે.

★ વિદ્યાર્થીઓ વધુ સક્રિય બને તેવા પ્રકારની પ્રવૃત્તિઓ હાથ ધરવી જોઈએ. વિદ્યાર્થીઓ પ્રવૃત્તિઓમાં સામેલ થાય તેવી પ્રવૃત્તિઓ વિચારવી જોઈએ.

**૧૧〉 વિદ્યાર્થીઓની પ્રવૃત્તિ :**

★ એકમને અનુરૂપ શિક્ષકને કેટલીક પ્રવૃત્તિઓનું આયોજન કરે છે. વિદ્યાર્થીઓ શિક્ષણ કાર્યમાં પ્રવૃત્તિશીલ રહે તેવી પ્રવૃત્તિઓ કરવી જોઈએ. પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓને કેટલાંક અનુભવો પૂરાં પાડે છે, જે પ્રવૃત્તિઓ ગુણવત્તા સુધારવામાં મદદરૂપ થાય છે.

★ સાંભળવું, બોલવું, ઉત્તર આપવો, લખવું, વાંચવું, ગાન કરવું, આકૃતિ દોરવી, ચર્ચામાં ભાગ લેવો, કા.પા. પર લખવું, નમૂના તૈયાર કરવા, અવલોકન કરવું, ઉદાહરણ રજૂ કરવા વગેરે.

**૧૨〉 મૂલ્યાંકન :**

★ તાસના અંતે વિદ્યાર્થીઓમાં અપેક્ષિત વર્તન પરિવર્તન કેટલા પ્રમાણમાં આવ્યા તે જાણવા માટે મૂલ્યાંકન કાર્ય થવું ખૂબ જરૂરી છે. મૂલ્યાંકનની વિવિધ રીતોમાંથી એકમને અનુરૂપ મૂલ્યાંકન કસોટી તૈયાર કરવામાં આવે છે. સામાન્ય રીતે વર્ગ ખંડમાં પાંચ મિનિટમાં આ મૂલ્યાંકન કરી વર્ગમાં રજૂ કરવામાં આવે છે. મૂલ્યાંકન માટે શિક્ષક સામૂહિક પ્રશ્નો પૂછી વ્યક્તિગત જવાબ મેળવવા પ્રયત્ન કરે છે. શિક્ષણ કાર્યની સફળતા—નિષ્ફળતાની એ આરસી છે. શિક્ષણ કાર્ય નિષ્ફળ ગયું જણાય તો શિક્ષકને સુધારવાની તક રહે છે. શિક્ષક પોતાના શિક્ષણ કાર્ય અંતે પુનઃ વિચારણા કરી જરૂરી ફેરફાર કરી શકે છે. શિક્ષક પોતાના શિક્ષણ કાર્યોની ગુણવત્તા સુધારવામાં મૂલ્યાંકન સહાયરૂપ થાય છે. મૂલ્યાંકન કોઈ પરીક્ષા નથી. નક્કી કરેલ વિશિષ્ટ હેતુઓને ચકાસવા માટેની એ સતત ચાલતી પ્રક્રિયા છે.

**૧૩〉 સ્વાધ્યાય :**

★ પાઠ દરમિયાન વિદ્યાર્થી જે કંઈ શીખ્યા હોય તે બાબત તાજી કરે.

★ પ્રાપ્ત કરેલ જ્ઞાનનો ઉપયોગ કરતા થાય તે માટે શિક્ષકે તાસને અંતે સ્વાધ્યાય કાર્ય આપવામાં આવે છે. પાઠને ધ્યાનમાં રાખી સ્વાધ્યાય કાર્યો આપવામાં આવે છે. શિક્ષક ને સ્વાધ્યાય આપવાનો છે તેની નોંધ પાઠ નોધમાં થયેલ હોય છે. સ્વાધ્યાય આપ્યા પછી તપાસવાની બાબત અંગે શિક્ષકે વિચારવું જોઈએ, જેથી વિદ્યાર્થીઓ સ્વાધ્યાય કરી લાવતા થાય.

**૧૪〉 કા.પા.કાર્ય :**

★ એકમને અનુરૂપ કાળા પાટિયાની નોંધ પાઠ આયોજનમાં મહત્ત્વની બાબત છે. એકમને ધ્યાનમાં રાખી શિક્ષક કા.પા. નોંધ કરે છે. કા.પા. નોંધ કરવામાં જરૂરી રંગીન ચોકનો ઉપયોગ કરે છે. વિદ્યાર્થીઓ સાથે સાથે શિક્ષકે કરેલ કા.પા. નોંધ લખે છે. કા.પા. નોંધમાં જોડણી શુદ્ધ હોવી જોઈએ. સુંદર અક્ષરે થાય તે જરૂરી છે.

## (૬) પાઠ આયોજનનો નમૂનો :

તાલીમાર્થીનું નામ : રોલ નં.

શાળાનું નામ :

તારીખ : તાસ : ૪ સમય : ૩૫ મિનિટ

ધોરણ : ૯ વિષય : સામાજિક વિજ્ઞાન એકમ : ગ્રાહક સુરક્ષા

પાઠની સંખ્યા : પ્રશ્નપત્ર—૪ અર્થશાસ્ત્ર ( ) પ્રશ્નપત્ર—૫ સામાજિક વિજ્ઞાન

- પાઠ્યપુસ્તક :
  - સામાજિક વિજ્ઞાન ધોરણ – ૯
  - ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર

- સંદર્ભ સાહિત્ય :

| પુસ્તકનું નામ | લેખક | પ્રકાશક |
|---|---|---|
| સામાજિક વિજ્ઞાન શિક્ષણ પદ્ધતિ | ડો.વી.વી. બારૈયા તથા અન્ય | પ્રતીક પ્રકાશન, આંણદ |

- શૈક્ષણિક સાધનો :
  - ભેળસેળ માટેના જુદાં જુદાં નમૂનાઓ
  - ગ્રાહક સુરક્ષાનો અર્થ, મહત્ત્વ

- શૈક્ષણિક પદ્ધતિઓ :
  - કથન ચર્ચા પદ્ધતિ
  - પ્રશ્નોત્તરી પદ્ધતિ
  - સમસ્યા ઉકેલ પદ્ધતિ
  - આગમન—નિગમન પદ્ધતિ
  - દાર્શનિક પદ્ધતિ

- પાઠના સામાન્ય હેતુઓ :
  - વિદ્યાર્થીઓ ગ્રાહક સુરક્ષા અંગેનું જ્ઞાન પ્રાપ્ત કરે
  - વિદ્યાર્થીઓ પ્રાપ્ત જ્ઞાનની સમજ કેળવે
  - વિદ્યાર્થીઓ પ્રાપ્ત જ્ઞાનનો ઉપયોગ કર.
  - વિદ્યાર્થીઓ પ્રાપ્ત સામાજિક વિજ્ઞાન વિષયક કૌશલ્યો કેળવે
  - વિદ્યાર્થીઓની કેટલીક માનસિક શક્તિઓનો વિકાસ થાય
  - વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાન વિષય પ્રત્યે રસ, વલણ અને અભિરૂચિ વિકસાવે

| એકમ વસ્તુ અને તેની સમજના મુદ્દા | હેતુનિર્દેશ (અપેક્ષિત વર્તન પરિવર્તનના સ્વરૂપમાં) |
| --- | --- |
| • પ્રારંભ – પ્રશ્નોત્તરી દ્વારા<br>– ગુણવત્તા, વજન, કિંમત<br>– ફરિયાદ કરીશું<br>– ગ્રાહક સુરક્ષાને નામે ઓળખવામાં આવે છે. | • વિદ્યાર્થીઓ વિષયાભિમુખ થાય<br>– વિદ્યાર્થીઓ અધ્યયન માટે ઉત્પ્રેરિત થઈ શકે.<br>– વિદ્યાર્થીઓ જૂના જ્ઞાનને નવા જ્ઞાન સાથે જોડી શકે. |
| • ગ્રાહક સુરક્ષા :<br>– અર્થ<br>ગ્રાહક જે વસ્તુ કે સેવા ખરીદે તે નિશ્ચિત ગુણવત્તા, વજન અને વ્યાજબી કિંમતે મેળવી શકે તેવી વ્યવસ્થાને ગ્રાહક સુરક્ષા કહે છે.<br>– ઉદાહરણ | • વિદ્યાર્થીઓ ગ્રાહક સુરક્ષા અંગે જ્ઞાન પ્રાપ્ત કરે.<br>– વિદ્યાર્થીઓ ગ્રાહક સુરક્ષાનો અર્થ આપી શકે.<br>– વિદ્યાર્થીઓ ગ્રાહક સુરક્ષાનું ઉદાહરણ આપી શકે. |
| • મહત્ત્વ – શા માટે<br>૧. ભેળસેળ અટકાવવા<br>– મરચું, હળદર, મરી, ઘી વગેરે<br>૨. આરોગ્યને થતું નુકસાન અટકાવવા<br>– ભેળસેળવાળી વસ્તુ ખાવાથી આરોગ્ય બગડે છે.<br>૩. ગ્રાહકને છેતરાતો અટકાવવા<br>– ગુણવત્તા, વજન, કિંમત વગેરેમાં છેતરાય છે.<br>૪. અસામાજિક પ્રવૃત્તિ અટકાવવા<br>– વેપારી સારી વસ્તુ ન આપે તો અસામાજિક પ્રવૃત્તિ ઊભી થાય.<br>૫. પરસ્પર વિશ્વાસ ટકાવી રાખવા<br>– વેપારી સારી વસ્તુ આપે તો પરસ્પર વિશ્વાસ ટકે.<br>૬. સંઘર્ષ દૂર કરવા<br>– વેપારી સારી વસ્તુ ન આપે તો સંઘર્ષ થાય.<br>૭. સારા સમાજની રચના કરવા<br>- સારી વસ્તુ વેપારી આપીને સારો સમાજ બને. | • વિદ્યાર્થીઓ ગ્રાહક સુરક્ષા મહત્ત્વ વિશે જ્ઞાન મેળવે<br>– વિદ્યાર્થીઓ કઈ કઈ વસ્તુમાં ભેળસેળ થાય છે તે વિશે જણાવી શકે.<br>– વિદ્યાર્થીઓ નુકસાનવાળી વસ્તુ ખાવાથી આરોગ્યને નુકસાન થાય છે તે વિશે સમજ કેળવે.<br>– વિદ્યાર્થીઓ વેપારીઓ ક્યારે છેતરે છે તે વિશે જ્ઞાનનો ઉપયોગ કરી શકે.<br>– વિદ્યાર્થીઓ અસામાજિક પ્રવૃત્તિઓ ક્યારે ઊભી થાય છે તેની માહિતી આપી શકે.<br>– વિદ્યાર્થીઓ પરસ્પર વિશ્વાસ ટકાવી રાખવા શું કરવું જોઈએ તે વિશે જણાવી શકે.<br>– વિદ્યાર્થીઓ વસ્તુઓમા ભેળસેળ કઈ રીતે થાય છે તે અંગેનું કૌશલ્ય પ્રાપ્ત કરી શકે.<br>– વિદ્યાર્થીઓ વસ્તુઓમાં ભેળસેળ કઈ રીતે થાય છે તે અંગેનું કૌશલ્ય પ્રાપ્ત કરી જણાવી શકે. |

| વર્ગ વ્યવહારનો સ્પષ્ટ નિર્દેશ (અધ્યયન પ્રવૃત્તિના સંદર્ભમાં) | સમય | મૂલ્યાંકન |
|---|---|---|
| • શિક્ષક વિદ્યાર્થીઓને પ્રારંભ માટે નીચેના જેવાં કેટલાંક પ્રશ્નો પૂછી પ્રારંભ કરશે. | ૫ | |
| - તમે વસ્તુઓ ખરીદતા કઈ કઈ બાબતો ધ્યાનમાં રાખશો ? | | |
| - વેપારીઓ વસ્તુઓ સારી ન આપે તો તમે શું કરશો ? | | |
| – આને કયા નામે ઓળખવામાં આવે છે ? | ૨૫ | • નીચેના વિધાનો ખરાં છે કે ખોટા તે |
| • શિક્ષક જરૂરી ઉદાહરણ રજૂ કરી નીચેના જેવા કેટલાક જણાવો. | | |
| પ્રશ્નો પૂછી વર્ગ વ્યવહારમાં ભાગીદાર બનાવી, કા.પા. કાર્ય કરી, કા.પા. કાર્ય કરવાનું રહેશે. | | ૧. ગ્રાહક સુરક્ષા ભેળસેળ ચાલુ રાખવા જરૂરી છે. |
| – તમે શાકભાજી ખરીદતા કઈ કઈ બાબતો ધ્યાનમાં લેશો ? | | ૨. આરોગ્ય બગાડવા ગ્રાહક સુરક્ષા જરૂરી છે. |
| – બીજી કઈ બાબતો ધ્યાનમાં લેશો ? | | |
| – ગ્રાહક સુરક્ષા એટલે શું ? | | ૩. ગ્રાહક સુરક્ષાથી સંઘર્ષ ઘટે છે. |
| – ગ્રાહક સુરક્ષાનું ઉદાહરણ આપો. | | ૪. ગ્રાહક સુરક્ષાથી સારા સમાજની રચના થતી નથી. |
| – કઈ કઈ વસ્તુઓમાં ભેળસેળ જોવા મળે છે ? | | |
| – ભેળસેળવાળી વસ્તુ વાપરવાથી ગ્રાહકોના આરોગ્ય પર કેવી અસર થાય છે ? | | ૫. ગ્રાહક સુરક્ષાથી ગ્રાહક છેતરાય છે. |
| – ગ્રાહકો કેવી રીતે છેતરાય છે ? | | |
| – ગ્રાહકો ન છેતરાય તે માટે શું કરવું જોઈએ ? | ૫ | |
| – સમાજમાં અસામાજિક પ્રવૃત્તિ કેમ ઊભી થાય છે ? | | |
| – તેને અટકાવવા શું કરવું જોઈએ ? | | સ્વાધ્યાય : |
| – પરસ્પર વિશ્વાસ ટકાવી રાખવા શું કરવું જોઈએ ? | – | જુદી જુદી વસ્તુઓમાં ભેળસેળ કેવી રીતે કરવામાં આવે છે તેની માહિતી ભેગી કરવી. |
| – સમાજમાં સંઘર્ષ કેમ ઊભો થાય છે ? | | |
| – તેને અટકાવવા શું કરવું જોઈએ ? | | |
| – સારા સમાજની રચના કેવી રીતે થઈ શકે ? | | |

# કા.પા. નોંધ

ધોરણ – ૯ | વિષય : સામાજિક વિજ્ઞાન

એકમ : ગ્રાહક સુરક્ષા | તારીખ : ૨૫–૨–૧૮

| | |
|---|---|
| • ગ્રાહક સુરક્ષા :<br>– અર્થ<br>ગ્રાહક જે વસ્તુ કે સેવા ખરીદે તે નિશ્ચિત ગુણવત્તા, વજન અને વ્યાજબી કિંમતે મેળવી શકે તેવી વ્યવસ્થાને ગ્રાહક સુરક્ષા કહે છે. | • મહત્ત્વ :<br>૧. ભેળસેળ અટકાવવા<br>૨. આરોગ્યને થતું નુકસાન અટકાવવા<br>૩. ગ્રાહકને છેતરાતો અટકાવવા<br>૪. અસામાજિક પ્રવૃત્તિ અટકાવવા<br>૫. પરસ્પર વિશ્વાસ ટકાવી રાખવા<br>૬. સંઘર્ષ દૂર કરવા<br>૭. સારા સમાજની રચના કરવા |


| **પાઠની વિશેષતા** | **સૂચનો** |
|---|---|
| | |

તારીખ : ....................


નિરીક્ષકની સહી ..............................

## ૪.૬ સારાંશ : Let us sum up

- શિક્ષણકાર્યનું આયોજન એટલે કાર્ય કરતા પહેલાં પૂર્વ વિચારણા છે.
- શિક્ષણમાં આયોજનનું ખૂબ જ મહત્ત્વ છે, આયોજન વગરમાં કાર્યમાં સફળતા મળતી નથી. કાર્યમાં સફળતા મેળવવા માટે આયોજન કરવું પડે છે.
- પ્રવાસમાં જતાં પહેલા પ્રવાસ અંગેનું સંપૂર્ણપણે આયોજન કરવામાં આવે છે. આયોજનમાં તો જ સફળતા મળે કે તેનું સંપૂર્ણ આયોજન કરવામાં આવે.
- શિક્ષણમાં આયોજન કરવાથી આત્મવિશ્વાસમાં વધારો કરવા પૂર્વ તૈયારી કરવા, સાધન સામગ્રીનો યોગ્ય ઉપયોગ કરવા, ચિંતામાંથી મુક્તિ મેળવવા વગેરે.
- **શિક્ષણકાર્યના આયોજનનાં પ્રકારો**




- **શિક્ષણમાં આયોજનનાં પ્રકારો**




## ૪.૭ એકમ સ્વાધ્યાય : Unit Exercises

**૧. મુદ્દાસર ઉત્તર આપો :**

(૧) શિક્ષણમાં આયોજન એટલે શું ? તેનું મહત્ત્વ જણાવો.
(૨) શિક્ષણ કાર્યના આયોજનના પ્રકારો જણાવો.
(૩) વાર્ષિક આયોજનમાં ધ્યાનમાં રાખવાની બાબતો જણાવો.
(૪) વાર્ષિક આયોજનનાં લાભ જણાવો.
(૫) માસિક આયોજનનો અર્થ જણાવો, તેના સોપાન જણાવો.
(૬) માસિક આયોજનનું મહત્ત્વ જણાવો.
(૭) સાપ્તાહિક આયોજનનો અર્થ જણાવી, તેના ફાયદાઓ જણાવો.
(૮) દૈનિક આયોજનનો અર્થ જણાવી, દૈનિક આયોજનમાં ધ્યાનમાં રાખવાની બાબતો જણાવો.
(૯) માઈક્રો ટીચિંગનો અર્થ જણાવી, તેના લક્ષણો જણાવો.
(૧૦) માઈક્રો ટીચિંગના સોપાનો જણાવો.
(૧૧) માઈક્રો ટીચિંગ પાઠની ઉપયોગિતા જણાવો.
(૧૨) માઈક્રો ટીચિંગ પાઠની મર્યાદા જણાવો.
(૧૩) માઈક્રો ટીચિંગ પાઠની મર્યાદા જણાવો.
(૧૪) માઈક્રો ટીચિંગના વિવિધ કૌશલ્યો જણાવો.
(૧૫) સેતુ પાઠનો અર્થ જણાવી, તેનો નમૂનો તૈયાર કરો.
(૧૬) છૂટો પાઠનો અર્થ જણાવો.
(૧૭) એકમ આયોજનનો અર્થ જણાવી, તેના લક્ષણો જણાવો.

(૧૮) એકમ આયોજનનું મહત્ત્વ જણાવો.

(૧૯) એકમ આયોજનનાં ઘટકો જણાવો.

(૨૦) એકમ આયોજનનો નમૂનો તૈયાર કરો.

(૨૧) તાસ આયોજન અને એકમ આયોજન વચ્ચેનો તફાવત જણાવો.

(૨૨) પાઠ આયોજનનો અર્થ જણાવી, આદર્શ પાઠ આયોજનનાં લક્ષણો જણાવો.

(૨૩) પાઠ આયોજનનું મહત્ત્વ જણાવો.

(૨૪) પાઠ આયોજન તૈયાર કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો જણાવો.

(૨૫) પાઠ આયોજનનો કોઈ એકમ પસંદ કરી તૈયાર કરો.

(૨૬) આપેલ વિધાનની નીચે જણાવેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.

૧) વાર્ષિક આયોજનમાં કઈ બાબતો ધ્યાનમાં રાખી આયોજન કરવામાં આવે છે ?

(૧) કામના દિવસો (૨) રજાના દિવસો

(૩) સમયપત્રક (૪) પાઠ્યક્રમ

૨) વાર્ષિક આયોજન શેમાં મદદરૂપ થાય છે ?

(૧) માસવાર આયોજન (૨) દૈનિક આયોજન

(૩) સાપ્તાહિક આયોજન (૪) પાઠ આયોજન

૩) માસિક આયોજનમાં કઈ બાબત જોવામાં આવે છે.

(૧) કામના દિવસો (૨) રજાના દિવસો

(૩) દિવાળીના દિવસો (૪) મોટું વેકેશન

૪) માસિક આયોજન કરવાથી શું થઈ શકે ?

(૧) કામના દિવસો નક્કી થાય (૨) વેકેશનના દિવસો નક્કી થાય

(૩) રજાના દિવસો નક્કી થાય (૪) એકેય નહી

૫) સાપ્તાહિક આયોજનમાં કરવાથી શું થાય ?

(૧) શિક્ષણકાર્યની પૂર્વતૈયારી કરી શકાય

(૨) રજાના દિવસો નક્કી થાય

(૩) કામના દિવસો નક્કી થાય

(૪) વાર્ષિક આયોજન થઈ શકે

૬) દૈનિક આયોજનમાં કઈ બાબત વિચારવામાં આવે છે ?

(૧) કુલ તાસની સંખ્યા (૨) અભ્યાસક્રમ

(૩) પાઠ્યક્રમ (૪) એકેય નહીં

૭) માઈક્રો પાઠમાં કેટલો સમય હોય છે ?

(૧) ૬ મિનિટ (૨) ૧૦ મિનિટ

(૩) ૧૫ મિનિટ (૪) ૩૦ મિનિટ

૮) માઈક્રો પાઠ કઈ જગ્યાએ આપવામાં આવે છે ?

(૧) વર્ગમાં (૨) શાળામાં

(૩) ઘેર (૪) એકેય નહીં

૯) માઈક્રો પાઠ માં સંખ્યા મોટા ભાગે કેટલી હોય છે ?

(૧) ઓછી સંખ્યા (૨) વધુ સંખ્યા

(૩) આખો વર્ગ (૪) સંખ્યાની મર્યાદા નથી

૧૦) માઈક્રો પાઠ મોટા ભાગે કેટલા કૌશલ્યને ધ્યાનમાં રાખી આપવામાં આવે છે ?

(૧) કોઈ એક (૨) એકથી વધુ

(૩) સર્વાંગી કૌશલ્ય (૪) એકેય નહીં

૧૧) માઈક્રો પાઠ આપવામાં કેવી પરિસ્થિતિ જોવા મળે છે ?

(૧) કૃત્રિમ વર્ગખંડ (૨) કુદરતી સાનિધ્ય

(૩) રમતગ મતનું મેદાન (૪) એકેય નહીં

૧૨) સેતુ પાઠનો સમય મોટા ભાગે કેટલો હોય છે ?

(૧) ૬ મિનિટ (૨) ૧૦ મિનિટ

(૩) ૧૫ મિનિટ (૪) એક તાસ

૧૩) સેતુ પાઠ આપવામાં કેવી પરિસ્થિતિ જોવા મળે છે ?

(૧) કૃત્રિમ વર્ગખંડ (૨) ખરેખર વર્ગખંડ

(૩) કુદરતી સાંનિધ્ય (૪) એકેય નહીં

૧૪) સેતુ પાઠ આપવો કેમ જરૂરી છે ?

(૧) વિવિધ કૌશલ્યનો વિકાસ કરવા (૨) એક કૌશલ્યનો વિકાસ કરવા

(૩) કૃત્રિમ અનુભવ આપવા (૪) આત્મવિશ્વાસ ઘટાડવા

૧૫) એકમ આયોજન એટલે શું ?

(૧) આખા એકમનું આયોજન કરવું (૨) પેટા એકમનું આયોજન કરવું

(૩) કોઈ મુદ્દાનું આયોજન કરવું (૪) દૈનિક આયોજન કરવું

૧૬) એકમ આયોજન કરવાથી શું થાય ?

(૧) સમયની બચત (૨) સમયનો દુરઉપયોગ

(૩) દૈનિક આયોજન વિચારી શકાય (૪) એકેય નહીં

૧૭) પાઠ આયોજન કેવા સ્વરૂપમાં હોય છે ?

(૧) લેખિત (૨) મૌખિક

(૩) લેખિત અને મૌખિક (૪) એકેય નહીં

૧૮) પાઠ આયોજન અધ્યયન અને અધ્યાપન પ્રક્રિયને શું ગણવામાં આવે છે ?

(૧) હૃદય (૨) મન

(૩) મગજ (૪) એકેય નહીં

૧૯) પાઠ આયોજન એ નામાનું શું છે ?

(૧) સાધન (૨) સાધ્ય

(૩) બંને (૪) એકેય નહીં

૨૦) પાઠ આયોજન કેવી પરિસ્થિતિમાં આપવામાં આવે છે ?

(૧) કૃત્રિમ (૨) ખરેખર

(૩) કુદરતી (૪) એકેય નહીં

૨૧) પાઠ આયોજનમાં શેનું ધ્યાન રાખવામાં આવે છે ?

(૧) સમય (૨) પદ્ધતિ

(૩) વર્ગ (૪) વિષયવસ્તુ

૨૨) દૈનિક આયોજન કેટલા તાસનું હોય છે ?

(૧) ૮ તાસ (૨) ૬ તાસ

(૩) ૯ તાસ (૪) ૧૦ તાસ

૨૩) દૈનિક આયોજન કઈ કઈ બાબત ધ્યાનમાં રાખી આયોજન કરવામાં આવે છે ?

(૧) વિષયવસ્તુ (૨) શિક્ષકની લાયકાત

(૩) વિદ્યાર્થીની શક્તિ (૪) આચાર્યની નેતાગીરી

૨૪) માઈક્રો ટીચિંગની શું ઉપયોગિતા છે ?

(૧) આત્મ વિશ્વાસ વધારવા (૨) આત્મ વિશ્વાસ ઘટાડવા

(૩) લાયકાતમાં વધારો (૪) શાળાનો બોજ વધારવા

૨૫) માઈક્રો ટીચિંગ પાઠની મર્યાદા કઈ જોવા મળે છે ?

(૧) વધુ સમય (૨) ઓછા સમય

(૩) વધુ સંખ્યા (૪) ઓછી સંખ્યા

૨૬) સેતુ પાઠ કરવાથી તાલીમાર્થીઓમાં કેવું પરિવર્તન જોવા મળે છે ?

(૧) આત્મ વિશ્વાસ વધારો (૨) આત્મ વિશ્વાસ ઘટાડો

(૩) સમયનો ઉપયોગ (૪) સમયનો દુરઉપયોગ

૨૭) એકમ આયોજનમાં શું જોવા મળે છે ?

(૧) આખા એકમનું આયોજન (૨) પેટા મુદ્દાનું આયોજન

(૩) પાઠ્યક્રમનું આયોજન (૪) એક તાસનું આયોજન

૨૮) સારા એકમ આયોજનમાં શું જોવા મળે છે ?

(૧) સ્પષ્ટ હેતુઓ (૨) પદ્ધતિઓની સ્પષ્ટતા

(૩) પદ્ધતિઓની અસ્પષ્ટતા (૪) સાધનોની અસ્પષ્ટતા

૨૯) એકમ આયોજનમાં કેટલા મુદ્દા ધ્યાનમાં લેવાય છે ?

(૧) બધા જ મુદ્દા (૨) કોઈ એક મુદ્દો

(૩) કોઈ બે મુદ્દા (૪) એકેય નહીં

૩૦) પાઠ આયોજન કોને ધ્યાનમાં રાખી તૈયાર કરવામાં આવે છે ?

(૧) વિદ્યાર્થીઓ (૨) આચાર્ય

(૩) શિક્ષક (૪) સમાજ

૩૧) પાઠ આયોજન તૈયાર કરવાથી શું પ્રાપ્ત થાય છે ?

(૧) આત્મ વિશ્વાસ વધે (૨) આત્મ વિશ્વાસ ઘટે

(૩) વિદ્યાર્થીનો આનંદ વધે (૪) વિદ્યાર્થીનો આનંદ ઘટે

- **બહુવિકલ્પ પ્રશ્નના જવાબ :**

〈૧〉 કામના દિવસો 〈૨〉 માસવાર આયોજન

〈૩〉 કામના દિવસો 〈૪〉 કામના દિવસો નક્કી થાય

⟨૫⟩ શિક્ષણકાર્યની પૂર્વતૈયારી કરી શકાય ⟨૬⟩ કુલ તાસની સંખ્યા

⟨૭⟩ ૬ મિનિટ ⟨૮⟩ વર્ગમાં

⟨૯⟩ ઓછી સંખ્યા ⟨૧૦⟩ કોઈ એક

⟨૧૧⟩ કૃત્રિમ વર્ગખંડ ⟨૧૨⟩ ૧૫ મિનિટ

⟨૧૩⟩ ખરેખર વર્ગખંડ ⟨૧૪⟩ વિવિધ કૌશલ્યનો વિકાસ કરવા

⟨૧૫⟩ આખા એકમનું આયોજન કરવું ⟨૧૬⟩ સમયની બચત

⟨૧૭⟩ લેખિત ⟨૧૮⟩ હૃદય

⟨૧૯⟩ સાધન ⟨૨૦⟩ ખરેખર

⟨૨૧⟩ સમય ⟨૨૨⟩ ૮ તાસ

⟨૨૩⟩ વિષયવસ્તુ ⟨૨૪⟩ આત્મ વિશ્વાસ વધારવા

⟨૨૫⟩ વધુ સમય ⟨૨૬⟩ આત્મ વિશ્વાસ વધારો

⟨૨૭⟩ આખા એકમનું આયોજન ⟨૨૮⟩ સ્પષ્ટ હેતુઓ

⟨૨૯⟩ બધા જ મુદ્દા ⟨૩૦⟩ વિદ્યાર્થીઓ

⟨૩૧⟩ આત્મવિશ્વાસ વધે

## ૪.૮ તમારી પ્રગતિ ચકાસો : Answer to check your progress

(૧) શિક્ષણમાં આયોજન એટલે શું ?

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(૨) શિક્ષણમાં આયોજનનું મહત્ત્વ જણાવો. (કોઈ પણ ત્રણ)

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(૩) વાર્ષિક આયોજન એટલે શું ?

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(૪) માસિક આયોજન એટલે શું ?

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(૫) સાપ્તાહિક આયોજન એટલે શું ?

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(૬) દૈનિક આયોજન એટલે શું ?

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(૭) માઈક્રો ટીચિંગ એટલે શું ?

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(૮) માઈક્રો ટીચિંગના લક્ષણો જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(૯) સેતુ પાઠ એટલે શું ?

..................................................................

......................................................................
......................................................................
......................................................................
......................................................................
......................................................................

(૧૦) છૂટો પાઠ એટલે શું ?

......................................................................
......................................................................
......................................................................
......................................................................
......................................................................
......................................................................

(૧૧) એકમ આયોજન એટલે શું ?

......................................................................
......................................................................
......................................................................
......................................................................
......................................................................
......................................................................

(૧૨) પાઠ આયોજન એટલે શું ?

......................................................................
......................................................................
......................................................................
......................................................................
......................................................................
......................................................................

## ૪.૯ તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો : Answers to check your progress

**(૧) શિક્ષણમાં આયોજન એટલે :**

- કોઈપણ પ્રવૃત્તિને સફળતાપૂર્વક પાર પાડવા માટે તેના વિવિધ પાસાંઓનું ઝીણવટભર્યું ચિંતન, આ ચિંતનની એક તલસ્પર્શી, સુવ્યવસ્થિત નોંધ એને આયોજન કહેવામાં આવે છે.

**(૨) શિક્ષણમાં આયોજનનું મહત્ત્વ :**

- આત્મ વિશ્વાસમાં વધારો કરવા
- પૂર્વ તૈયારીની તક મેળવવા
- સાધન સામગ્રીનો યોગ્ય ઉપયોગ કરવા

**(૩) વાર્ષિક આયોજન એટલે શું ?**

- કામના દિવસો દરમિયાન અભ્યાસક્રમ અંગે તમામ બાબતો ધ્યાનમાં રાખીને જે આયોજન કરવામાં આવે છે તેને વાર્ષિક આયોજન કહેવામાં આવે છે.

**(૪) માસિક આયોજન એટલે શું ?**

- વર્ષ દરમિયાન કયા માસમાં સામાજિક વિજ્ઞાનના શિક્ષણ કાર્ય માટે કેટલા તાસ મળશે, કયા માસમાં કયો એકમ શીખવવામાં આવશે અને તે માટે કઈ કઈ પૂર્વ તૈયારીઓ કરવી વગેરેનું આયોજન એટલે શિક્ષણકાર્યનું માસિક આયોજન.

**(૫) સાપ્તાહિક આયોજન એટલે શું ?**

- સામાજિક વિજ્ઞાનનો વિષય શીખવવા માટે સપ્તાહમાં કેટલા તાસ મળશે, તે તાસની ફાળવણી કયા કયા કાર્યો માટે થશે, તેને સાપ્તાહિક આયોજન કહેવામાં આવે છે.

**(૬) દૈનિક આયોજન એટલે શું ?**

- શાળાના સમય દરમિયાન દિવસમાં કુલ કેટલા કલાક મળશે, દિવસ દરમિયાન કુલ કેટલા તાસ શૈક્ષણિક કાર્યો માટે ફાળવવામાં આવેલા છે, દિવસ દરમિયાન કુલ આઠ તાસ મળતા હોય તો આ આઠ તાસ દરમિયાન કયા તાસમાં શું કરવું તેનું આયોજન વિચારવામાં આવે છે.

**(૭) માઈક્રો ટીચિંગ એટલે શું ?**

- માઈક્રો ટીચિંગ એ માપી શકાય તેનો અધ્યાપનનો નમૂનો છે.
- માઈક્રો ટીચિંગ રૂઢિગત શિક્ષણ પ્રણાલીમાં પ્રવેશતા પહેલાં શિક્ષકને તેના વર્ગવ્યવહારમાં કૌશલ્યોમાં પ્રાવીણ્ય મેળવવામાં સહાય કરનાર કાર્યક્રમ છે.

**(૮) માઈક્રો ટીચિંગના લક્ષણો :**

- એકાદ નાની સંકલ્પના
- નાનું જૂથ
- ઓછો સમય
- ચોક્કસ કૌશલ્યનો વિકાસ
- કૃત્રિમ વર્ગખંડની પરિસ્થિત.

**(૯) સેતુ પાઠ એટલે શું ?**

- સેતુ પાઠ એ માઈક્રો ટીચિંગના જુદાં જુદાં કૌશલ્યનો વાસ્તવિક વર્ગખંડ પરિસ્થિતિમાં ઉપયોગ કરતાં શીખવવા માટેનો પાઠ છે, તે કૃત્રિમ વર્ગખંડ પરિસ્થિતિમાં લેવાય છે, તેનો સમય માઈક્રો ટીચિંગ કરતાં વધુ અને છૂટા પાઠ કરતાં ઓછો હોય છે.

**(૧૦) છૂટો પાઠ એટલે શું ?**

- છૂટા પાઠનું આયોજન એક તાસમાં જે શિક્ષણકાર્ય કરવાનું છે, તે કાર્ય માટેની કાર્ય યોજના છે.

**(૧૧) એકમ આયોજન એટલે શું ?**

- એકમ એટલે વિષય વસ્તુનો ઉપવિભાગ, એ ઉપવિભાગ પસંદ કરી, એ આખા એકમનું આયોજન કરવું તેને એકમ આયોજન કહેવાય છે.

**(૧૨) પાઠ આયોજન એટલે શું ?**

- શિક્ષણકાર્યના સફળતાપૂર્વક સંચાલન માટે સંપૂર્ણપણે વિચારેલી પૂર્વ તૈયારી એટલે પાઠ આયોજન.

## ૪.૧૦ સૂચિત વાંચન સામગ્રી : Suggested Readings


| | | |
|---|---|---|
| ૧. બારૈયા વી.વી. | : | અર્થશાસ્ત્ર શિક્ષણ પદ્ધતિ, અક્ષર પબ્લિકેશન, અમદાવાદ |
| ૨. બારૈયા વી.વી. તથા અન્ય | : | અર્થશાસ્ત્ર શિક્ષણ પદ્ધતિ, પ્રતીક પ્રકાશન, આણંદ |
| ૩. બારૈયા વી.વી. | : | શિક્ષણમાં પ્રાયોગિક કાર્ય, પ્રતીક પ્રકાશન, આણંદ |
| ૪. બારૈયા વી.વી. તથા અન્ય | : | વાણિજ્ય શિક્ષણ પદ્ધતિ, પ્રતીક પ્રકાશન, આણંદ |
| ૫. પ્રજાપતિ હરજીભાઈ તથા અન્ય | : | સામાજિક વિજ્ઞાન ધોરણ–૮, ૯, ૧૦ ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર |
| ૬. પટેલ મોતીભાઈ એમ. તથા અન્ય | : | સામાજિક વિજ્ઞાનના અધ્યાપનનું પરિશીલન, બી.એસ. શાહ પ્રકાશન, અમદાવાદ |
| ૭. પટેલ અશોકભાઈ | : | માઈક્રો ટીચિંગ, વારિષેણ પ્રકાશન, અમદાવાદ |

BAOU
Education for All
ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# ES-113
# સામાજિક વિજ્ઞાનનું અધ્યાપન
# Teaching of Social Science

વિભાગ

# 2

## સામાજિક વિજ્ઞાનના મહત્ત્વના પાસાંઓ

એકમ-5 સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં શિક્ષણ પદ્ધતિઓ

એકમ-6 સામાજિક વિજ્ઞાનનું પાઠ્ય પુસ્તક

એકમ-7 સામાજિક વિજ્ઞાનનો શિક્ષક

એકમ-8 સામાજિક વિજ્ઞાન મંડળ

# ES-113, સામાજિક વિજ્ઞાનનું અધ્યાપન (વિભાગ-2)

**લેખક**

**ડૉ. વાઘજીભાઈ વી. બારૈયા (નિવૃત્ત)** આણંદ એજ્યુકેશન કૉલેજ, આણંદ

**પરામર્શક (વિષય)**

**ડૉ. રાકેશભાઈ પટેલ** પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ

**પરામર્શક (ભાષા)**

**ડૉ. બીજલ આર. મિસ્ત્રી** આણંદ એજ્યુકેશન કૉલેજ, આણંદ.

**સંપાદન અને સંયોજન**

**પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** નિયામકશ્રી (શિક્ષણશાસ્ત્ર)
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી.
અમદાવાદ.

**સંયોજન સહાય**

**ડૉ. મીના આઈ. રાજપૂત** ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી.
અમદાવાદ.

**પ્રકાશક :** કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ-382481

**આવૃત્તિ :** પ્રથમ આવૃત્તિ-2020, **નકલ :** 600
દ્વિતીય આવૃત્તિ-2020, **નકલ :** 260
તૃતીય આવૃત્તિ-2021, **નકલ :** 1200

**ISBN : 978-93-5598-099-1**

Copyright © Registrar, Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad.
December 2020

While all efforts have been made by editors to check accuracy of the content, the representation of facts, principles, descriptions and methods are that of the respective module writers. Views expressed in the publication are that of the authors, and do not necessarily reflect the views of Dr. Babasaheb Ambedkar Open University. All products and services mentioned are owned by their respective copyrights holders, and mere presentation in the publication does not mean endorsement by Dr. Babasaheb Ambedkar Open University. Every effort has been made to acknowledge and attribute all sources of information used in preparation of this Self Learning Material. Readers are requested to kindly notify missing attribution, if any.

## ES-113 સામાજિક વિજ્ઞાનનું અધ્યાપન

**વિભાગ-1 : સામાજિક વિજ્ઞાન અને તેનું શિક્ષણ**

1. સામાજિક વિજ્ઞાનનો અર્થ અને મહત્ત્વ
2. સામાજિક વિજ્ઞાન શિક્ષણના ધ્યેયો અને હેતુઓ
3. સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં આયોજન
4. સામાજિક વિજ્ઞાનનો અભ્યાસક્રમ

**વિભાગ-2 : સામાજિક વિજ્ઞાનના મહત્ત્વના પાસાંઓ**

5. સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં શિક્ષણ પદ્ધતિઓ
6. સામાજિક વિજ્ઞાન પાઠ્યપુસ્તક
7. સામાજિક વિજ્ઞાન શિક્ષક
8. સામાજિક વિજ્ઞાન મંડળ

**વિભાગ-3 : મૂલ્યાંકન અને સાધનો**

9. સામાજિક વિજ્ઞાનમાં મૂલ્યાંકન-૧
10. સામાજિક વિજ્ઞાનમાં મૂલ્યાંકન-૨
11. સામાજિક વિજ્ઞાનમાં શૈક્ષણિક સાધનો-૧
12. સામાજિક વિજ્ઞાનમાં શૈક્ષણિક સાધનો-૨

**વિભાગ-3 : સંશોધન અને પ્રયુક્તિઓ**

13. સામાજિક વિજ્ઞાન ખંડ
14. સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં અનુબંધ
15. ક્રિયાત્મક સંશોધન
16. સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં પ્રયુક્તિઓ

## દૂરવર્તી અધ્યયનમાં સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીની ભૂમિકા

દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં અસરકારક સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રી અનિવાર્ય છે. આ અભ્યાસ-સામગ્રીના લેખકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એકબીજાથી ઘણાં દૂર અને ક્યારેક તો ક્યારેય ન મળી શકે તેવી સ્થિતિમાં હોવાથી આવી અધ્યયન સામગ્રી સુગમ અને અસરકારક હોવી જરૂરી છે. દૂરવર્તી શિક્ષણ માટેની અભ્યાસ-સામગ્રીમાં વિદ્યાર્થીના બૌદ્ધિક ચિંતનને ઉદ્દીપ્ત કરવાની ક્ષમતા તથા આવશ્યક તમામ અધ્યયન પ્રવૃત્તિઓ હોવી જોઈએ. આ સામગ્રી પાઠ્યક્રમના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓના અનુસંધાને વિદ્યાર્થીને પર્યાપ્ત માર્ગદર્શન આપવા સક્ષમ હોવી જોઈએ. સ્વ-અધ્યયન સામગ્રીમાં અભ્યાસક્રમમાં સૂચિત તમામ બાબતોનો સમાવેશ થાય તે જરૂરી છે.

અસરકારક અધ્યયન સિદ્ધ કરવા માટે અનેક પ્રકારના આયોજનનો ઉપયોગ કરવામાં આવે છે; જેનાથી વિદ્યાર્થી જ્ઞાનોપાર્જન કરી શકે. બૌદ્ધિક અને મનોશારીરિક કૌશલ્યો કેળવી શકે અને વર્તન તથા અભિગમમાં આવશ્યક પરિવર્તનો સાધી શકે. આથી જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન પણ પાઠ્યસામગ્રીમાં આવરી લેવામાં આવ્યું છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન અભ્યાસ સામગ્રીમાં ઉપયોગમાં લેવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સ્વરૂપ તે શિક્ષણના જ્ઞાનાત્મક, ભાવાત્મક કે મનોશારીરિક હેતુમાંથી કયા હેતુને સંલગ્ન છે ? તેના પર આધારિત છે. આ હેતુઓ ભવિષ્યમાં અનુક્રમે જ્ઞાન, બૌદ્ધિક કૌશલ્યો અને મનોશારીરિક કૌશલ્યોની ઉપલબ્ધિમાં પરિણમે છે. વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનની પ્રાપ્તિ, ઉપયોગ અને અભિવ્યક્તિ કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો અને અનુભવોનો આધાર લઈને રચવામાં આવેલ શિક્ષણ સામગ્રી દ્વારા બૌદ્ધિક કૌશલ્યના હેતુને સિદ્ધ કરી શકાય છે અને તેના દ્વારા નવીન જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ પ્રશસ્ત થાય છે.

અભ્યાસ-સામગ્રીમાં સ્વાધ્યાય પ્રોજેક્ટ અને પ્રતિપૃષ્ટિ(Feedback)ના સ્વરૂપે અભ્યાસનું આયોજન જરૂરી છે. શારીરિક કૌશલ્ય સંબંધિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ચિત્રાત્મક રજૂઆત હોવી જોઈએ અને ત્યારબાદ ઉચિત અભ્યાસનું આયોજન હોવું જોઈએ. વર્તન અને અભિગમમાં પરિવર્તન માટે આયોજિત શિક્ષણ પ્રવૃત્તિઓ રસ જન્માવે તેવી તથા આ પરિવર્તન દ્વારા થતાં લાભ અને તેની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે તેવી હોવી જોઈએ. ત્યાર પછી નવાં અભિગમોને અપનાવવાની અને તે સંબંધિત પ્રક્રિયાના યોગ્ય અભ્યાસનું ઉચિત આલેખન થવું જોઈએ.

**દૂરવર્તી શિક્ષણની ભૂમિકા.**

પ્રત્યક્ષ અધ્યાપનમાં જોવા મળતી પ્રત્યાયનની વિશેષતાઓ; જેવી કે અંતરાલાપ, પૂર્વઅભિસંધાન, યોગ્ય સ્થાને વિરામ, આરોહ-અવરોહ, ભાવ-ભંગીમાં, સ્વરભાર વગેરે દૂરવર્તી અધ્યયનમાં ઉપલબ્ધ નથી. આ ઉણપ વિશેષતઃ મુદ્રિત સાહિત્યમાં (લેખિત સાહિત્યમાં) જોવા મળે છે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના વ્યવહારની આ ખૂટતી કડીને જોડવા માટે જ દૂરવર્તી સ્વ-અધ્યયન સામગ્રીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. માટે જ આવી પ્રવૃત્તિઓનું આયોજન વૈકલ્પિક નહીં; પરંતુ અનિવાર્ય છે.

સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીને નાના એકમોમાં વિભાજિત કરીને શિક્ષણના ઉત્તમ સાધન તરીકે વિકસાવવાની સંકલ્પના છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય દ્વારા શિક્ષણના વિવિધ ક્ષેત્રના હેતુઓ સિદ્ધ થાય તેવો પ્રયત્ન કરવાનો છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન સામગ્રીનું આયોજન પૂર્વનિશ્ચિત શૈક્ષણિક નીપજને ધ્યાનમાં લઈને કરવાનું હોવાથી તેના હેતુઓ અને ધ્યેયો નિશ્ચિત હોય છે. વળી અધ્યેતાઓ દૂરસ્થ હોવાથી આ સામગ્રી દ્વારા તેઓ નિશ્ચિત અધ્યયન પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહે તેવું આયોજન કરવામાં આવે છે. જેથી અધ્યેતાઓ સંબંધિત સંકલ્પનાઓને બરાબર સમજી શકે. સ્વ-અધ્યયન સામગ્રીમાં સાથે સંકળાયેલ સ્વાધ્યાયો, પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને પ્રકલ્પોનો પણ આ જ હેતુ છે. આ સામગ્રી માટે ઉચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની ઉદાહરણરૂપ સૂચિ ઘણી મોટી હોઈ શકે. આ સંદર્ભે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને અભિપ્રેરિત કરે છે, માર્ગદર્શન આપે છે અને વિદ્યાર્થીની પ્રગતિ અને પ્રદર્શનનું સતત માપન-મૂલ્યાંકન પણ કરે છે.

એકમ 5

# સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં શિક્ષણ પદ્ધતિઓ

## : રૂપરેખા :


૫.૦ ઉદ્દેશો

૫.૧ પ્રસ્તાવના

૫.૨ શિક્ષણ પદ્ધતિનો અર્થ

૫.૩ શિક્ષણ પદ્ધતિનું મહત્ત્વ

૫.૪ શિક્ષણ પદ્ધતિઓ

(૧) કથન ચર્ચા પદ્ધતિ

૧) પ્રસ્તાવના

૨) સંકલ્પના

૩) કથન—ચર્ચા પદ્ધતિના લક્ષણો

૪) કથન—ચર્ચા પદ્ધતિના ફાયદા

૫) કથન—ચર્ચા પદ્ધતિની મર્યાદા

૬) કથન—ચર્ચા પદ્ધતિની સફળતાની શરતો

૭) વર્ગખંડમાં વિનિયોગ

(૨) આધાર પદ્ધતિ

૧) પ્રસ્તાવના

૨) આધાર પદ્ધતિ એટલે શું ?

૩) આધાર પદ્ધતિનાં લક્ષણો

૪) આધારોનું વર્ગીકરણ

૫) આધાર પદ્ધતિના ફાયદાઓ

૬) આધાર પદ્ધતિની મર્યાદાઓ

૭) આધાર પદ્ધતિની સફળતાની શરતો

૮) વર્ગ અધ્યાપનમાં આધાર પદ્ધતિનો ઉપયોગ

(૩) નાટયકરણ પદ્ધતિ

૧) પ્રસ્તાવના

૨) અર્થ

૩) નાટયકરણ પદ્ધતિના લાક્ષણિકતાઓ

૪) નાટયકરણ પદ્ધતિના લાભો

૫) નાટયકરણ પદ્ધતિની મર્યાદાઓ

૬) નાટયકરણ પદ્ધતિનો ઉપયોગ કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો

૭) નાટયકરણ પદ્ધતિનો વર્ગખંડમાં વિનિયોગ

૮) નાટયકરણ માટેના એકમોના નમૂના

(૪) પ્રવાસ પદ્ધતિ

૧) પ્રસ્તાવના

૨) અર્થ

૩) પ્રવાસ પદ્ધતિના લાભ

૪) પ્રવાસ પદ્ધતિની મર્યાદાઓ

૫) પ્રવાસ પદ્ધતિના સોપાન

૬) પ્રવાસ પદ્ધતિ ઉપયોગ વખતે ધ્યાનમાં લેવાની બાબતો

(૫) પ્રદર્શન પદ્ધતિ

૧) પ્રસ્તાવના

૨) પ્રદર્શનનો અર્થ

૩) પ્રદર્શન પદ્ધતિની લાક્ષણિકતાઓ

૪) પ્રદર્શન પદ્ધતિનું મહત્ત્વ

૫) પ્રદર્શન પદ્ધતિની મર્યાદાઓ

૬) પ્રદર્શન પદ્ધતિમાં ઉપયોગ વખતે ધ્યાનમાં રાખવાની બાબતો

૭) પ્રદર્શન પદ્ધતિનો વર્ગ શિક્ષણમાં વિનિયોગ

(૬) પ્રોજેક્ટ પદ્ધતિ

૧) પ્રસ્તાવના

૨) સંકલ્પના

૩) પ્રોજેક્ટ પદ્ધતિના સોપાન

૪) પ્રોજેક્ટ પદ્ધતિના ફાયદા

૫) પ્રોજેક્ટ પદ્ધતિની મર્યાદાઓ

૬) પ્રોજેક્ટ પદ્ધતિને સફળ બનાવવા માટે આવશ્યક એવી કઈ કઈ બાબતો તમે યાનમાં રાખશો

(૭) નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિ

૧) પ્રસ્તાવના

૨) નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિ એટલે શું ?

૩) નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિનાં લક્ષણો

૪) નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિનાં ફાયદા

૫) નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિની મર્યાદા

૬) નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિના ઉપયોગમાં ધ્યાનમાં રાખવા જેવી બાબત

૭) વર્ગમાં ક્યારે ઉપયોગમાં લઈ શકાય ?

૮) નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિના સોપાન

૯) નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિનો સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં વિનિયોગ

(૮) જીવનચરિત્ર પદ્ધતિ

૧) પ્રસ્તાવના

૨) જીવનચરિત્ર પદ્ધતિ એટલે શું ?

૩) જીવનચરિત્ર પદ્ધતિના લાભ

૪) જીવનચરિત્ર પદ્ધતિની મર્યાદાઓ

૫) જીવનચરિત્ર પદ્ધતિની સફળતાની શરતો

૬) વર્ગ શિક્ષણમાં વિનિયોગ

(૯) સ્વાધ્યાય પદ્ધતિ

૧) પ્રસ્તાવના

૨) સંકલ્પના

૩) સ્વાધ્યાય પદ્ધતિના લક્ષણો

૪) સ્વાધ્યાય પદ્ધતિના ફાયદાઓ

૫) સ્વાધ્યાય પદ્ધતિની મર્યાદાઓ

૬) સ્વાધ્યાય બનાવતી વખતે ધ્યાનમાં રાખવાના મુદ્દા

૭) શિક્ષકે સ્વાધ્યાયનો ઉપયોગ ક્યારે કરવો ?

૮) સ્વાધ્યાય પદ્ધતિનો સામાજિક વિજ્ઞાનના શિક્ષણમાં વિનિયોગ

(૧૦) જૂથ અધ્યાપન પદ્ધતિ

૧) પ્રસ્તાવના

૨) સંકલ્પના

૩) ટીમ ટીચિંગના લક્ષણો

૪) ટીમ ટીચિંગના ફાયદા

૫) ટીમ ટીચિંગની મર્યાદા

૬) ટીમ ટીચિગના ઉપયોગ વખતે ધ્યાનમાં રાખવાની બાબતો

(૧૧) જૂથ ચર્ચા પદ્ધતિ

૧) પ્રસ્તાવના

૨) સંકલ્પના

૩) જૂથ ચર્ચા પદ્ધતિના હેતુઓ

૪) જૂથ ચર્ચા પદ્ધતિની સફળતા માટેની શરતો

૫) જૂથ ચર્ચા પદ્ધતિના અમલનાં પગથિયા

૬) જૂથ ચર્ચા પદ્ધતિના ફાયદા

૭) જૂથ ચર્ચા પદ્ધતિની મર્યાદા

(૧૨) વ્યાખ્યાન પદ્ધતિ

૧) પ્રસ્તાવના

૨) સંકલ્પના

૩) પ્રવચન પદ્ધતિના ફાયદા

૪) પ્રવચન પદ્ધતિની મર્યાદા

૫) પ્રવચન પદ્ધતિને સફળ બનાવવા માટેના ઉપાયો

૫.૫ સારાંશ

૫.૬ **એકમ સ્વાધ્યાય**

૫.૭ **તમારી પ્રગતિ ચકાસો**

૫.૮ **તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો**

૫.૯ **સૂચિત વાંચન સામગ્રી**

## ૫.૦ ઉદ્દેશો : Objectives

- આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે ...

(૧) શિક્ષણ પદ્ધતિનો અર્થ સમજી શકશો.

(૨) શિક્ષણ પદ્ધતિનું મહત્ત્વ સમજી શકશો.

(૩) શિક્ષણ પદ્ધતિઓ સમજી શકશો.

(૪) કથન—ચર્ચા પદ્ધતિ વિશે સમજી શકશો.

(૫) આધાર પદ્ધતિ વર્ણવી શકશો.

(૬) નાટયકરણ પદ્ધતિ સમજી શકશો.

(૭) પ્રવાસ પદ્ધતિની ચર્ચા કરી શકશો.

(૮) પ્રદર્શન પદ્ધતિ સમજાવી શકશો.

(૯) પ્રોજેક્ટ પદ્ધતિ સમજી શકશો.

(૧૦) નિરીક્ષિત અભયાસ પદ્ધતિ વિશે સમજી શકશો.

(૧૧) જીવનચરિત્ર પદ્ધતિ વિશે ચર્ચા કરી શકશો.

(૧૨) સ્વાધ્યાય પદ્ધતિ વિશે ચર્ચા કરી શકશો.

(૧૩) જૂથ અધ્યયન પદ્ધતિ વિશે સમજી શકશો.

(૧૪) જૂથ ચર્ચા પદ્ધતિ વિશે સમજી શકશો.

(૧૫) વ્યાખ્યાન પદ્ધતિ વિશે સમજી શકશો.

## ૫.૧ પ્રસ્તાવના :

- વિદ્યાર્થી જુદાં જુદાં વિસ્તારમાંથી શાળામાં આવે છે. એટલે વ્યક્તિગત તફાવત જોવા મળે છે. વ્યક્તિગત તફાવતને કારણે શિક્ષકે વર્ગ શિક્ષણની પદ્ધતિ એવી રીતે ગોઠવી પડે છે કે જેથી વ્યક્તિગત તફાવતને કારણે દરેક વિદ્યાર્થીઓને યોગ્ય સંતોષ મળી રહે. સારું અને ગુણવત્તાવાળું શિક્ષણ આપવા માટે ત્રણ બાબતોનો વિચાર કરી શિક્ષણ કાર્ય કરવું પડે છે. શું શીખવવું (what to teach), શા માટે શીખવવું (why to teach)અને કઈ રીતે શીખવવું (how to teach). કેળવણીની સમગ્ર પ્રક્રિયાના ત્રણ પાયાના પ્રશ્નો છે. આ ત્રણ પૈકી 'કઈ રીતે શીખવવું' એ શિક્ષણની પ્રક્રિયાની 'પદ્ધતિ'નો નિર્દેશ કરે છે. બહુ સ્વાભાવિક છે કે વર્ગખંડમાં શિક્ષણનું કામ તો શિક્ષક તેના શિક્ષણકાર્ય અંગે કોઈ ચોક્કસ પદ્ધતિ, કોઈ ચોક્કસ હિત અંગે વિચાર્યા સિવાય શિક્ષણકાર્ય કરે તો શિક્ષકની રજૂઆત અર્થહીન બને છે, તે દ્વારા બાળકો જે જ્ઞાન સંપાદિત કરે છે તે પર્વત પરથી વહી જતાં પાણીના ધોધ જેવું વહી જતું જ્ઞાન બને છે. આમ ન બને તે માટે શિક્ષકે ચોક્કસ પદ્ધતિના સંદર્ભમાં જ શિક્ષણકાર્ય કરવું રહ્યું.
- શિક્ષક વિદ્યાર્થીને ત્યારે જ પ્રસન્ન કરી શકે જ્યારે તેની પાસે પોતાના જ્ઞાનને રસપ્રદ અને અસરકારક રીતે રજૂ કરવાની સૂઝ હોય, શિક્ષક એક સાચા અર્થમાં કલાકાર બની જ્ઞાનને વિવિધ રીતે રજૂઆત કરવાની પદ્ધતિથી માહિતગાર હોય. શિક્ષણના નક્કી કરેલાં ધ્યેયોને સિદ્ધ કરવા પદ્ધતિ ઉપયોગી થાય છે. કોઈ પણ વિષયના શિક્ષણમાં પદ્ધતિનું મહત્ત્વ એટલું જ છે જેટલું કોઈ નિશ્ચિત જગ્યાએ પહોંચવા માટે યોગ્ય માર્ગનું હોય, જે રીતે યોગ્ય માર્ગની

પસંદગીને અભાવે વ્યક્તિ નક્કી કરેલાં સ્થળે પહોંચી શકતી નથી, તે જ રીતે પદ્ધતિને અભાવે પણ યોગ્ય શિક્ષણકાર્ય થઈ શકતું નથી.

- શિક્ષક ગમે તેટલો વિદ્વાન હોય, પરંતુ તેની વિષય વસ્તુની રજૂઆત યોગ્ય ન હોય તો સફળ શિક્ષક ગણી શકાય નહીં. શિક્ષક વિષય વસ્તુના દરેક મુદ્દાઓ માટે એક જ સરખી શિક્ષણ પદ્ધતિનો ઉપયોગ ન કરી શકે. એકમની વિવિધતા પ્રમાણે શિક્ષણ પદ્ધતિમાં વિવિધતા લાવવી જોઈએ. યોગ્ય શિક્ષણ પદ્ધતિ વગર શિક્ષણ કાર્ય કરે તો તેની વિષય વસ્તુની રજૂઆત અસરકારક રહેતી નથી. શિક્ષકે પોતાના વિષયનું શિક્ષણ કાર્ય સારી રીતે કરવું હોય તો પોતાના વિષયની વિવિધ વિશિષ્ટ પદ્ધતિઓનું જ્ઞાન મેળવવું ખૂબ જ જરૂરી છે. જો શિક્ષક વિષય વસ્તુ અને શિક્ષણ પદ્ધતિ બંનેમાં નિષ્ણાંત હશે તો યોગ્ય પદ્ધતિથી શિક્ષણ કાર્ય કરશે. આથી શિક્ષણ કાર્ય વધુ અસરકારક અને વધુ ફળદાયી બનાવી શકશે. શિક્ષક વર્ગને સ્વર્ગ બનાવી શકશે. આમ, શિક્ષણની અસરકારકતા માટે પદ્ધતિઓનું સ્થાન ખૂબ જ મહત્ત્વનું છે.

## ૫.૨ શિક્ષણ પદ્ધતિઓનો અર્થ :

- **ડો. કે.સી. જૈનના મત મુજબ :**

  ‘શિક્ષણ પદ્ધતિ એ એક એવી પ્રણાલી છે, જેના દ્વારા શિક્ષક વિદ્યાર્થી સાથે તેના સ્તર પર સંબંધ પ્રસ્થાપિત કરે છે અને વિદ્યાર્થીઓની રુચિ અને સમસ્યાઓના આધાર પર જ શિક્ષણનો આરંભ કરીને એવી સ્થિતિનું નિર્માણ કરે છે, જેથી તે તેના પૂર્વ નિર્ધારિત ઉદ્દેશોને પ્રભાવશાળી રીતે સિદ્ધ કરી શકે.’
- ચોક્કસ વિષયવસ્તુને વિદ્યાર્થીઓ સમક્ષ કેવી રીતે રજૂ કરવું. વિદ્યાર્થીઓને કેવી રીતે સક્રિય રસ લેતા કરવા, તેનો મુખ્ય આધાર યોગ્ય શિક્ષણ પદ્ધતિની પસંદગી પર જ રહે છે. શિક્ષકે એકમને ધ્યાનમાં રાખી પદ્ધતિ પસંદ કરવી પડે છે.
- નિર્ધારિત શૈક્ષણિક હેતુઓની સિદ્ધિ માટે વિદ્યાર્થીઓને વ્યવસ્થિત અને ક્રમિક રીતે અનુભવો પૂરાં પાડવામાં આવે છે તેને શિક્ષણ પદ્ધતિ કહેવામાં આવે છે.
- વર્ગમાં સામાજિક વિજ્ઞાનના શિક્ષકની નવી રસપ્રદ અને અસરકારક રજૂઆત કરવાની રીતને પદ્ધતિ કહેવાય.
- એકમના પેટા મુદ્દાના ચોક્કસ વિષયવસ્તુને કેવી રીતે ભાગીદાર બનાવવા, કેવી રીતે રસ લેતા કરવા વગેરે અંગેનો મુખ્ય આધાર યોગ્ય શિક્ષણ પદ્ધતિની પસંદગી પર જ રહે છે.

## ૫.૩ શિક્ષણ પદ્ધતિનું મહત્ત્વ :

- શિક્ષણ પદ્ધતિનું મહત્ત્વ નીચે પ્રમાણે છે :

(૧) શિક્ષણની અસરકારકતા વધારવા :

– શિક્ષણ યોગ્ય પદ્ધતિના ઉપયોગથી શિક્ષણની અસરકારકતા વધે છે.

**(૨) કઠિન એકમો સરળતાથી સમજાવવા :**

- પાઠ્યક્રમમાં કેટલાંક એકમો સમજાવવા કઠિન હોય છે. આ કઠિન એકમો સરળતાથી સમજાવવા યોગ્ય પદ્ધતિની જરૂરી પડે છે.

**(૩) વિદ્યાર્થીઓને સક્રિય બનાવવા :**

– વર્ગમાં યોગ્ય પદ્ધતિનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓને સક્રિય બનાવવા જરૂરી છે.

**(૪) શિક્ષણકાર્ય સરળ બનાવવા :**

– વર્ગમાં યોગ્ય પદ્ધતિનો ઉપયોગ કરી શિક્ષણ કાર્ય સરળ બનાવવા જરૂરી છે.

**(૫) શિક્ષકની સારી છાપ ઊભી કરવા :**

- એકમ પ્રમાણે યોગ્ય પદ્ધતિનો ઉપયોગ કરવાથી શિક્ષકની સારી છાપ ઊભી કરી શકાય છે. યોગ્ય પદ્ધતિનો ઉપયોગ કરવા માટે અગાઉથી આયોજન થઈ શકે છે.

(૬) **શિક્ષણનો હેતુ સિદ્ધ કરવા :**

- શિક્ષણનો હેતુ સિદ્ધ કરવા માટે એકમ પ્રમાણે તેમજ વર્ગના વિદ્યાર્થીઓના વ્યક્તિગત તફાવતને ધ્યાનમાં રાખી પદ્ધતિનો ઉપયોગ થઈ શકે..

(૭) **વિદ્યાર્થીઓનું ધ્યાન કેન્દ્રિત કરવા :**

– એકમને ધ્યાનમાં રાખી યોગ્ય પદ્ધતિનો ઉપયોગ કરવાથી વિદ્યાર્થીઓનું ધ્યાન કેન્દ્રિત કરવા જરૂરી છે.

(૮) **સમયના બચાવ માટે :**

– યોગ્ય પદ્ધતિનો ઉપયોગ કરવાથી ઓછા સમયમાં વિષયવસ્તુની રજૂઆત અસરકારક રીતે થઈ શકે છે.

## ૫.૪ શિક્ષણ પદ્ધતિઓ :

(૧) **કથન ચર્ચા પદ્ધતિ :**

(૧) **પ્રસ્તાવના :**

- આ પદ્ધતિનો ઉપયોગ સામાજિક વિજ્ઞાનમાં વધુ પ્રમાણમાં થાય છે. તાલીમાર્થીઓને સામાન્ય રીતે આ પદ્ધતિનો વધુ પ્રમાણમાં ઉપયોગ કરે છે. પ્રવચન પદ્ધતિ અને ચર્ચા પદ્ધતિની મર્યાદા દૂર કરવા માટે આ પદ્ધતિ સંકલન કરવામાં આવ્યું છે.
- આ પદ્ધતિમાં શિક્ષક ક્યારેક ક્યારેક વિષયવસ્તુના મુદ્દાઓ, કથન કે પ્રવચન દ્વારા રજૂઆત કરે છે, તો ક્યારેક વિદ્યાર્થીઓને ચર્ચામાં સાંકળે છે. આમ કથન અને ચર્ચા બંનેનો ઉપયોગ થાય છે.
- આ પદ્ધતિમાં એકમને પેટા મુદ્દાઓમાં વિભાજિત કરવા જોઈએ. કયો મુદ્દો કથન દ્વારા અને કયો મુદ્દો ચર્ચા દ્વારા સમજાવવા માગે છે તેનું આયોજન શિક્ષકે કરવું જોઈએ. આ પદ્ધતિનો વધુ સારો ઉપયોગ થઈ શકે તે માટે જરૂરી શૈક્ષણિક સાધનોનો ઉપયગો કરવો જોઈએ તેમજ ચર્ચાની સાથે સાથે જરૂરી કાપા કાર્ય પણ કરવું જોઈએ.
- આ પદ્ધતિની સફળતાનો આધાર શિક્ષક પર છે. શિક્ષક કેવા પ્રશ્નો પૂછે છે. કેવું આયોજન કરે છે, તૈયારી વગેરે ઉપર આધારિત છે.

(૨) **સંકલ્પના :**

- કથન પદ્ધતિ અને ચર્ચા પદ્ધતિ બંનેનું મિશ્રણ એટલે કથન—ચર્ચા પદ્ધતિ.
- આ પદ્ધતિ પ્રમાણે શિક્ષક જયારે શિક્ષણ કાર્ય કરવું હોય ત્યારે એકમને પેટા વિભાગમાં વહેંચણી કરી નાંખવી જોઈએ. કયો મુદ્દો કથન દ્વારા શીખવવો અને કયો મુદ્દો ચર્ચા દ્વારા શીખવવો તે નક્કી કરી લેવું જોઈએ.
- **અર્થ :**
- કુદરતી આપત્તિઓ
- માનવ સર્જિત આપત્તિઓ
- બંને વચ્ચેનો તફાવત
- ઉપરના મુદ્દાઓ વિષે કયો મુદ્દો કથન કરીને સમજાવવો અને કયો મુદ્દો ચર્ચા કરીને સમજાવવો તે અગાઉથી શિક્ષકે આયોજન કરવું જોઈએ.
- જરૂર જણાય ત્યાં જરૂરી ઉદાહરણ રજૂ કરવા. જરૂરી શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરવો, વિદ્યાર્થીઓને ભાગીદાર બનાવવા પ્રયત્ન કરવો જોઈએ તો જ કાર્ય સારી રીતે થઈ શકે.
- એકમના મુદ્દાઓને કથન દ્વારા રજૂઆત કરી વિદ્યાર્થીઓને પ્રશ્નોત્તરી દ્વારા ચર્ચામાં ભાગીદાર બનાવવાની પદ્ધતિ એ કથન ચર્ચા પદ્ધતિ.દા.ત – આપત્તિ વ્યવસ્થાપન

- માનવ સર્જિત આપત્તિ કઈ કઈ છે ? તેનાથી કેવા પ્રકારનું નુકસાન થાય છે ?
- કુદરતી આપત્તિ એટલે શું ? તેનાથી કેવા પ્રકારનું નુકસાન થાય છે ?
- બંને વચ્ચેનો તફાવત પ્રશ્નોત્તરી દ્વારા ચર્ચા કરી વિદ્યાર્થીઓને ભાગીદાર બનાવી આ પદ્ધતિનો ઉપયગો થાય છે.

**(૩) કથન—ચર્ચા પદ્ધતિના લક્ષણો :**

- કથન ચર્ચા પદ્ધતિના નીચેના જેવા લક્ષણો જોવા મળે છે. ૧) વિવિધ કૌશલ્ય :

★ આ પદ્ધતિમાં વિવિધ કૌશલ્યનો વિકાસ થતો જોવા મળે છે. દા.ત.– ચર્ચા કૌશલ્ય, શ્રવણ કૌશલ્ય, પ્રશ્નોત્તર કૌશલ્ય, કથન કૌશલ્ય વગેરે.

★ આ પદ્ધતિના ઉપયોગથી વિદ્યાર્થીઓની માનસિક શક્તિનો વિકાસ થાય છે. દા.ત.– નિર્ણય શક્તિ, વિચાર શક્તિ, તર્ક, તફાવત, સામ્યતા વગેરે.

**૩〉 પ્રશ્નોત્તરી દ્વારા ચર્ચા :**

★ શિક્ષક એકમ ઉપર આધારિત , આયોજન પ્રમાણે પ્રશ્નો પૂછીને, વિદ્યાર્થીઓને ચર્ચામાં ભાગીદાર બનાવી શકાય છે.

★ આ પદ્ધતિમાં બંનેની ભાગીદારી જોવા મળે છે. શિક્ષક કથન કરે છે, વિદ્યાર્થીઓ પ્રશ્નોના ઉત્તર આપે છે. બંનેની ભાગીદારી જોવા મળે છે.

**૫〉 સરળ પદ્ધતિ :**

★ આ પદ્ધતિનો ઉપયોગ કરવો સરળ છે. શિક્ષક કથન કરે છે. વિદ્યાર્થી પ્રશ્નોનો જવાબ આપે છે. બંને કાર્યો થાય છે, સરળતાથી થાય છે.

**૬〉 સરળ અને સ્પષ્ટ પ્રશ્નો :**

★ આ પદ્ધતિમાં સરળ અને સ્પષ્ટ પ્રશ્નો હોય છે. પ્રશ્નો કક્ષા પ્રમાણે હોય છે.

**૭〉 શરમાળ વૃત્તિ દૂર થાય :**

★ વર્ગમાં આ પદ્ધતિનો ઉપયોગ કરવાથી વિદ્યાર્થીઓમાં શરમાળ વૃત્તિ દૂર થાય છે. શિક્ષક પ્રશ્નોત્તરી દ્વારા ભાગીદારી બનાવે છે, પ્રશ્નોત્તર દ્વારા ઉત્તર મેળવવા પ્રયત્ન કરે છે તેથી શરમાળ વૃત્તિ દૂર થાય છે.

★ વિદ્યાર્થીઓમાં પ્રશ્નોત્તર કૌશલ્ય, ચર્ચા કૌશલ્ય, શ્રવણ કૌશલ્ય, અભિવ્યક્તિ કૌશલ્ય વગેરે જેવાં કૌશલ્યો વિકસાવી શકાય છે.

**૯〉 સરળ પદ્ધતિ :**

★ આ પદ્ધતિનો ઉપયોગ સરળતાથી કરી શકાય છે. કથન કરવાનું, કથન કરી તેના ઉપર આધારિત પ્રશ્નો પૂછવાનું, ચર્ચા કરવાનું સરળ પડે છે. શિક્ષકે ફક્ત ઓછા આયોજન કરવાની જરૂર પડે છે.

**૧૦〉 સ્વ વિકાસ :**

★ વિદ્યાર્થીઓનો સ્વ વિકાસ થાય છે. જાતે વિચારવાની, જાતે નિર્ણય લેવા, પ્રશ્નોના જવાબ આપવા વગેરે સંકોચ દૂર થાય છે.

**૧૧〉 વિવિધ અધ્યયન અનુભવોની પ્રાપ્તિ :**

★ આ પદ્ધતિના ઉપયોગથી વિદ્યાર્થીઓને વિવિધ અધ્યયન અનુભવો પ્રાપ્ત થાય છે. દા.ત.– પ્રશ્નોના જવાબ આપવા, નોંધ કરવી, ચાર્ટ હોય તો તેનું નિરીક્ષણ કરવું.

**૧૨〉 સમયની બચત :**

★ ઓછા સમયમાં વધુ માહિતી રજૂઆત થઈ શકે. નિયત સમયમાં અભ્યાસક્રમ પૂર્ણ થઈ શકે.

(૪) **કથન—ચર્ચા પદ્ધતિના ફાયદા :**

● શિક્ષણ કાર્યમાં બધી પદ્ધતિઓમાં આ વધુ વપરાતી પદ્ધતિ છે, તેથી તેના ઉપયોગ દ્વારા નીચે પ્રમાણેના ફાયદાઓ મેળવી શકાય છે :

૧〉 સતત બોલવાની જરૂર પડતી નથી :

★ આ પદ્ધતિમાં બે પદ્ધતિનું સંયોજન થયેલ હોવાંથી સતત બોલવાની જરૂર પડતી નથી.

૨〉 વિદ્યાર્થીઓને ભાગીદાર બનાવી શકાય :

★ આ પદ્ધતિમાં વિદ્યાર્થીઓને ચર્ચા કરીને ભાગીદાર બનાવી શકાય છે.

★ આ પદ્ધતિમાં વિદ્યાર્થીઓને શિક્ષણ કાર્ય કરવાની વિવિધ અધ્યયન અનુભવો આપી શકાય છે.

૪〉 અઘરા મુદ્દાઓની સ્પષ્ટતા કરાવી શકાય :

★ આ પદ્ધતિમાં અઘરા મુદ્દાઓની સ્પષ્ટતા કરાવી શકાય છે. કેટલાંક મુદ્દાનો કથન કરી સમજાવી શકાય છે, તેના ઉપર ચર્ચા કરી શકાય છે. વિદ્યાર્થીઓને સમસ્યા હોય તો પ્રશ્નો પૂછી શકે છે.

૫〉 તર્ક શક્તિનો વિકાસ :

★ આ પદ્ધતિમાં શિક્ષક જે મુદ્દો સમજાવવાનો હોય તે મુદ્દો કથન કરીને સમજાવે છે. શિક્ષક કથન કરતાં હોય ત્યારે વિદ્યાર્થીઓ વિચારે છે, તર્ક કરે છે, તેથી તર્ક શક્તિનો વિકાસ થાય છે.

૬〉 પ્રવચન પદ્ધતિ અને ચર્ચા પદ્ધતિ બંનેથી થતા લાભો મેળવી શકાય અને બંનેની મર્યાદાઓ દૂર થાય છે.

(૫) **કથન—ચર્ચા પદ્ધતિની મર્યાદા :**

– આ પદ્ધતિની કેટલીક મર્યાદાઓ પણ જોવા મળે છે, જે નીચે પ્રમાણે છે :

૧〉 **વિષયાંતર થવાની શક્યતા :**

★ આ પદ્ધતિમાં બંને પદ્ધતિનું મિશ્રણ હોવાંથી વિષયાંતર થવાની શક્યતા રહેલી છે.

૨〉 **ઉપલી કક્ષા માટે જ ઉપયોગી :**

★ આ પદ્ધતિનો ઉપયોગ મર્યાદિત બની જાય છે. નીચલી કક્ષા માટે ઉપયોગી બનતી નથી.

૩〉 **પૂર્વ આયોજન થયેલ ન હોય તો ચર્ચા ઉપર છલ્લી જ થાય :**

★ આ પદ્ધતિનું પૂર્વ આયોજન કરેલ ન હોય તો ચર્ચા યોગ્ય રીતે થતી નથી.

૪〉 **વિદ્યાર્થીઓની અલ્પ ભાગીદારી :**

★ શિક્ષક વિદ્યાર્થીઓને ભાગીદાર ન બનાવી શકે તો બરાબર રીતે માહિતી વિદ્યાર્થીઓ પ્રાપ્ત કરી શકતા નથી.

૫〉 **કથન અને ચર્ચાનું પ્રમાણ :**

★ કથન અને ચર્ચાનું પ્રમાણ ઘણીવાર સરખું ન થાય તો કથન કે ચર્ચાનું પ્રમાણ વધી જાય છે.

૬〉 **શિક્ષકની તૈયારી બરાબર ન હોય :**

★ આ પદ્ધતિમાં શિક્ષકે તૈયારી બરાબર રીતે કરવી પડે છે. જો તૈયારી બરાબર ન કરી હોય તો કાર્ય બરાબર થઈ શકતું નથી.

૭〉 **સંદર્ભ સાહિત્યનો અભાવ :**

★ શાળામાં પૂરતા પ્રમાણમાં સંદર્ભ સાહિત્ય ન હોય તો ઉપયોગ મર્યાદિત બની જાય છે. પૂરતી માહિતી અને સંપૂર્ણ તૈયારી હોય તો જ ઉપયોગ શક્ય બને.

૮〉 **શૈક્ષણિક સાધનનો અભાવ :**

★ શાળામાં પૂરતા શૈક્ષણિક સાધનો નથી. સામાજિક વિજ્ઞાનમાં પૂરતા સાધનો હોવાં જોઈએ. ચાર્ટના આધારે વિદ્યાર્થીઓ સરળતાથી જવાબ આપી શકે.

૯〉 **અલગ ખંડની વ્યવસ્થાનો અભાવ :**

★ શાળામાં સામાજિક વિજ્ઞાન ખંડની વ્યવસ્થા હોતી નથી. પૂરતા આધારોનો ઉપયોગ થઈ શકતો નથી. બીજા વર્ગમાં લઈ જવા પડે છે. આ બાબત શિક્ષક પસંદ કરતાં નથી.

**(૫) કથન—ચર્ચા પદ્ધતિની સફળતાની શરતો :**

● કથન—ચર્ચા પદ્ધતિની સફળતાની શરતો નીચે મુજબ છેઃ

૧〉 શિક્ષક પક્ષે સંપૂર્ણ તૈયાર કરવી જોઈએ.

૨〉 કથન અને ચર્ચા અતિશય લાંબુ ન હોવું જોઈએ.

૩〉 જરૂરી સંદર્ભ સાહિત્યનો ઉપયોગ કરવો જોઈએ.

૪〉 કથન કે ચર્ચાનું વિષયાંતર ન થાય તેની કાળજી રાખવી જોઈએ.

૫〉 વય કક્ષા ધ્યાનમાં રાખી કાર્ય કરવું જોઈએ.

૬〉 વિદ્યાર્થીઓને ભાગીદાર બનાવવા પ્રયત્ન કરવો જોઈએ.

૭〉 ચર્ચાની સાથે સાથે જરૂરી હાવભાવ કરવા જોઈએ.

૮〉 અગાઉથી આયોજન કરવું જોઈએ.

૯〉 આ પદ્ધતિના ઉપયોગ વખતે જરૂરી શૈક્ષણિક સાધન સામગ્રીનો ઉપયોગ કરવો જોઈએ.

૧૦〉 જરૂરી કાપા કાર્ય કરવું જોઈએ.

૧૧〉 મુદ્દાઓની રજૂઆત ક્રમિત રીતે કરવી જોઈએ.

૧૨〉 વિદ્યાર્થીઓને વિવિધ અધ્યયન અનુભવ પ્રાપ્ત થાય તે પ્રકારનું આયોજન વિચારવું જોઈએ.

૧૩〉 સમૂહમાં પ્રશ્નો નપૂછવા, ઓછા પ્રશ્નો પૂછવા જોઈએ. કક્ષા ધ્યાનમાં રાખવી જોઈએ.

**(૬) વર્ગ ખંડમાં વિનિયોગ :**

– વર્ગખંડમાં આ પદ્ધતિનો ઉપયોગ સરળતાથી કરાવી શકાય છે :

૧〉 વિષય પ્રવેશ કરવો હોય ત્યારે ઉપયોગ કરી શકાય. દા.ત.— ગાંધીજીનું જીવનકાર્યના પ્રસંગનું કથન કરી, પ્રશ્નો પૂછીને વિષય પ્રવેશ કરી શકાય છે.

૨〉 વિષયવસ્તુ સ્પષ્ટતાઓ માટે :

★ એકમના પેટા મુદ્દાની સ્પષ્ટતા માટે આ પદ્ધતિનો ઉપયોગ કરી શકાય. વિષયવસ્તુના સંદર્ભે વિશેષ માહિતી આપવા માટે વર્ગખંડમાં કથન—ચર્ચા પદ્ધતિ ઉપયોગી બને છે.

**(૨) આધાર પદ્ધતિ :**

**(૧) પ્રસ્તાવના :**

● આધાર પદ્ધતિ સામાજિક વિજ્ઞાનના શિક્ષણ માટે ઉપયોગી છે. આ વિષયમાં દસ્તાવેજી આધારો મળી રહે છે, જે તે સમયના લોક જીવનની ચર્ચા માટે દસ્તાવેજી આધારોનો ઉપયોગ કરીને શિક્ષણને અસરકારક બનાવી શકાય છે.

● આધાર પદ્ધતિનો ઉપયોગ સામાજિક વિજ્ઞાન માટે પણ કરી શકાય છે. સામાજિક વિજ્ઞાન પરિવર્તન પામતું શાસ્ત્ર છે. કેટલાંક મુદ્દાઓ જેવા કે નાણું, શાખી સાધનો, મનુષ્યની આર્થિક પ્રવૃત્તિ, ઉદ્યોગો તથા તેનો વિકાસ, અંદાજપત્ર વગેરે બાબતો આ પદ્ધતિ ઉપયોગમાં લઈ શકાય છે.

- કોઈપણ લેખક ભૂતકાળમાં જઈ શકતો નથી એટલે જેઓએ તે કાળની બનાવોના ઘડયા કે જોયા હોય તેની તેઓએ જે નોંધ રાખેલી હોય તેના પર લેખકને આધાર રાખવો પડે છે.
- આધુનિક યુગમાં, કાગળ પર લખાયેલાં અને પ્રાચીન કાળમાં તામ્રપત્ર પર કે શિલાઓ પર લખાયેલા લેખો ઈતિહાસના મુખ્ય આધારો છે, પરંતુ આ લખાણો સિવાય સિક્કાઓ, સ્તંભો, ઈમારતો વગેરેનો પણ ઈતિહાસકાર ઉપયોગ કરે છે.
- આધાર પદ્ધતિ એ ઈતિહાસ શિક્ષણની પદ્ધતિઓમાં ક્રાંતિ કરી નાખી એમ કહીએ તો ખોટું નથી. અસલ ખતપત્ર, દસ્તાવેજોને આધારે જ્ઞાન ઈતિહાસ લખે છે.
- પુરાણા સિક્કાઓ પરથી તે વખતે કોણ રાજ કરતું હતું તેની માહિતી મળે છે. વળી મોહેં–જો–દડો જેવા ખોદી કાઢવામાં આવેલાં અવશેષો પરથી પણ પ્રાચીન સંસ્કૃતિ વિશે અનુમાન કરવા જેવી માહિતી પ્રાપ્ત થાય છે.
- ઈતિહાસના શિક્ષણમાં સાચી પ્રમાણભૂત માહિતીની જરૂર પડે છે, આ માહિતી એવા સમયની હોય કે જેને થયે વર્ષો વીતી ગયાં હોય, ભૂતકાળ વિશેની શુદ્ધ , સાચી અને સંપૂર્ણ માહિતી મેળવવી અનિવાર્ય છે; પરંતુ જેને થયે સદીઓ વીતી ગઈ છે એવી ભૂતકાલીન બાબતો પ્રમાણભૂત માહિતી મેળવવા માટે કેટલાંક સાધનો વિચારાયાં છે. ઈતિહાસ શિક્ષણમાં જ્યારે આ આધારભૂત સામગ્રીનો ઉપયોગ થાય, આધારોની મદદથી ઈતિહાસ કેવી રીતે રચાય તેનો વિદ્યાર્થીને પરિચય કરાવાય ત્યારે આધાર પદ્ધતિનો ઉપયોગ થયો કહેવાય.

**(૨) આધાર પદ્ધતિ એટલે શું ? :**

- સામાજિક વિજ્ઞાનના શિક્ષણ માટે પૂરક માહિતી જ્યાંથી મળે તે સામાજિક વિજ્ઞાનનો સોર્સ (આધાર) અને આ સોર્સનો ઉપયોગ તે સોર્સ પદ્ધતિ.
- સામાજિક વિજ્ઞાનને લખવાં જે આધાર સામગ્રીનો ઉપયોગ થાય છે તે સામાજિક વિજ્ઞાનનો આધાર બને છે.
- સામાજિક વિજ્ઞાનની વિવિધ આધાર સામગ્રી ભિન્ન ભિન્ન આર્થિક, રાજકીય, સામાજિક, ભૌગોલિક, ઐતિહાસિક ઘટના તર્કબદ્ધ અને ક્રમબદ્ધ રજૂઆત માટે ઉપયોગી બને છે.
- આ પદ્ધતિના ઉપયોગને પરિણામે વિદ્યાર્થીઓ ભૂતકાળની ઘટનાઓ અને પરિસ્થિતિનું વાસ્તવિક દર્શન કરવાનો અનુભવ મેળવે છે. આથી સામાજિક વિજ્ઞાન વિષય પ્રત્યે રસ અને રુચિ વધે છે.
- લેખિત કે અલેખિત પ્રમાણભૂત સાધન–સામગ્રીમાંથી એક કે એકથી વધુ સામગ્રીનો ઉપયોગ કરી શિક્ષણકાર્ય કરવામાં આવે ત્યારે તેને આધાર પદ્ધતિ કહેવાય છે.
- ભૂતકાળના ઈતિહાસની પ્રમાણભૂત માહિતી મેળવવા માટે કેટલાંક સાધનોની મદદથી ઈતિહાસ કેવી રીતે રચાય તેનો વિદ્યાર્થીને પરિચય કરાવાય ત્યારે આધાર પદ્ધતિનો ઉપયોગ થયો લેખાય.
- ભૂતકાળમાં બનેલી ઘટનાઓની સ્પષ્ટતા, સ્પષ્ટ પ્રમાણો અને વાસ્તવિક આધારો દ્વારા વિદ્યાર્થીઓ સમક્ષ રજૂઆત કરવાની પદ્ધતિ એટલે આધાર પદ્ધતિ.

**(૩) આધાર પદ્ધતિના લક્ષણોઃ**

– આધાર પદ્ધતિના લક્ષણો નીચે જેવાં દર્શાવી શકાય :

**૧〉 જીવંત ઉદાહરણ :**

★ આધાર પદ્ધતિ દ્વારા વિદ્યાર્થીઓને કેટલાંક જીવંત ઉદાહરણો પૂરા પાડે છે. દા.ત.– લોક–જીવન, કલા, શિલ્પ, સાંસ્કૃતિ વિકાસ, વ્યવસ્થા વગેરે.

૨〉 **સરખામણી કરાવતી પદ્ધતિ :**

★ આધારોને આધારે વિદ્યાર્થીઓ વિગતો જોઈને સરખામણી કરે છે, તેના આધારે વિષયવસ્તુ અંગે તારવણી પણ કરી શકે છે.

૩〉 **ક્રિયાશીલ પ્રવૃત્તિ :**

★ આધારનો આધાર લઈ વિવિધ પ્રવૃત્તિઓ કરાવી શકાય છે. દા.ત.— ચર્ચાસભા, પ્રશ્નોત્તરી, વાંચન વગેરે.

૪〉 **રસવૃત્તિ કેળવાય :**

★ આધારનો આધાર લેવાથી વિદ્યાર્થીઓમાં રસવૃત્તિ કેળવાતી જોવા મળે છે. નવી નવી બાબતો જોવાનો રસ ઉત્પન્ન થાય છે.

૫〉 **જિજ્ઞાસાવૃત્તિ સંતોષાય :**

★ આધારના ઉપયોગથી વિદ્યાર્થીઓમાં જિજ્ઞાસાવૃત્તિ સંતોષાય છે. નવું નવું જાણે છે.

૬〉 **સત્યતાની ચકાસણી :**

★ આધારોનો ઉપયોગ કરવાથી સત્યતાની ચકાસણી કરી શકાય છે. આધારોને આધારે સત્યતા ચકાસવામાં આવે છે.

(૪) **આધારોનું વર્ગીકરણઃ**

● સામાજિક વિજ્ઞાન પદ્ધતિમાં આધાર પદ્ધતિ એક મહત્ત્વની પદ્ધતિ છે, તેનો વધારે ઉપયોગ ઈતિહાસ શિક્ષણમાં કરી શકાય તેમ છે, તેમ છતાં તેનો ઉપયોગ ભૂગોળ અને નાગરિક શાસ્ત્રના શિક્ષણકાર્ય માટે કરી શકાય તેમ છે. આપણે જાણીએ છીએ કે ઈતિહાસનું લેખન વિદ્વાનો પ્રાપ્ત થયેલ પ્રમાણભૂત ઐતિહાસિક સાધન સામગ્રીના આધારે કરે છે. આ સાધન સામગ્રી પુરાતત્વીય અવશેષો તરીકે ઓળખાય છે. ઘણી વખત ખોદકામ દરમિયાન પ્રાચીન અવશેષો મળી આવેલ છે. આ સાધન સામગ્રી લેખિત કે અલેખિત સ્વરૂપમાં હોય છે. આ સાધન સામગ્રીમાંથી એક કે એકથી વધુ સામગ્રીનો ઉપયોગ કરી શિક્ષણકાર્ય પૂર્ણ કરવામાં આવે ત્યારે તેને આધાર પદ્ધતિ કહે છે.

● જે સમય માટે લેખિત નોંધ ઉપલબ્ધ છે તે માટેની સાધન સામગ્રી ખડક પર કોતરેલાં લેખો, તામ્રપત્રી, નોંધપોથીઓ, તવારીખો, જીવનચરિત્રો, પત્ર વ્યવહારો, પરવાનાઓ, વર્તમાન પત્રો, કરારો, કાયદાઓ, રોજનીશીઓ, ગ્રંથો વગેરેનો સમાવેશ થાય છે. મૂળ આધારોને આધારે ઈતિહાસ લેખકોએ લખેલો ઈતિહાસ પણ આ આધારોમાં સમાવી શકાય.

● જે સમય માટે લેખિત નોંધ ઉપલબ્ધ નથી તે સમયની સાધન સામગ્રીમાં સિક્કાઓ, ચિત્રો, સ્થાપત્ય, મુદ્રાઓ માટે કામના નમૂનાઓ, શિલ્પ કલાના નમૂનાઓ, પુરાતનકાળની કબરો વગેરેનો સમાવેશ થાય છે.

– વિદ્યાર્થીઓ માટે નીચેના આધારોનો ઉપયોગ કરી શિક્ષણ કાર્ય કરાવવામાં આવે તો આધાર પદ્ધતિએ શીખવ્યું કહેવાય.

**આધારો**

(૧) આલેખિત આધાર — (૨) લેખિત આધાર

| (૧) આલેખિત આધાર | રાજકીય | સાહિત્યિક |
|---|---|---|
| ૧) ચિત્રો | ૧) સરકારી આદેશો | ૧) વર્તમાન પત્રો |
| ૨) રસ્તા | ૨) કાયદાઓ | ૨) સામયિકો |
| ૩) વસ્ત્રો | ૩) દસ્તાવેજો | ૩) રોજનીશીઓ |
| ૪) ઘરેણાં | ૪) માનપત્રો | ૪) આત્મકથાઓ |
| ૫) મકાનો | ૫) રાજ્ય બંધારણો | ૫) પરદેશી પ્રવાસીઓની નોંધ |
| ૬) ખંડેરો | ૬) સંધિકરારો | ૬) અનુવાદિત પુસ્તકો |
| ૭) હથિયારો | ૭) આજ્ઞાપત્રો | ૭) સંદર્ભ પુસ્તકો |
| ૮) મૂર્તિઓ | ૮) રાજાશાહી હુકમો | ૮) જીવનચરિત્રો |
| ૯) મંદિર | ૯) ઢંઢેરા | ૯) આજ્ઞાપત્રો |
| ૧૦) મસ્જિદ | ૧૦) તાડપત્રો | ૧૦) સરકારી આદેશો |
| ૧૧) શસ્ત્રો | ૧૧) શિલાલેખો | ૧૧) સંધિ કરારો |
| ૧૨) પૂતળાં | ૧૨) મુદ્રાઓ | ૧૨) જૂના કરારો |
| ૧૩) શિલ્પો | | ૧૩) પત્ર વ્યવહારો |
| ૧૪) સ્થાપત્યો | | ૧૪) નોંધપોથી |
| ૧૫) રમકડાં | | |
| ૧૬) કબરો | | |
| ૧૭) શિલ્પ કલાના નમૂનાઓ | | |

**(૫) આધાર પદ્ધતિના ફાયદાઓ :**

– આધાર પદ્ધતિના ફાયદાઓ નીચે મુજબ દર્શાવી શકાય :

**૧〉 શિક્ષણકાર્યમાં વિદ્યાર્થીઓને ભાગીદાર બનાવી શકાય :**

★ દસ્તાવેજી આધારનો ઉપયોગ કરવાથી વિદ્યાર્થીઓની ભાગીદારીમાં વધારો કરી શકાય છે. જરૂરી દસ્તાવેજી આધાર રજૂ કરી પ્રશ્નોત્તરી કરી ભાગીદાર બનાવી શકાય.

**૨〉 માનસિક શક્તિનો વિકાસ :**

★ દસ્તાવેજી આધારનો ઉપયોગ કરવાથી વિદ્યાર્થીઓની માનસિક શક્તિનો વિકાસ થાય છે. આધાર પર વિચાર કરવો પડે છે.

**૩〉 કલ્પના શક્તિનો વિકાસ :**

★ દસ્તાવેજી આધારનો ઉપયોગ કરવાથી વિદ્યાર્થીઓની કલ્પના શક્તિનો વિકાસ થાય છે. આધાર પર વિચાર કરવો પડે છે, તેથી કલ્પના શક્તિનો વિકાસ થાય છે.

**૪) ભૂતકાળ સાથે સંબંધ બંધાય :**

★ આધાર ભૂતકાળ સાથે સંબંધ રાખે છે. આધાર ભૂતકાળના હોય છે, તેથી ભૂતકાળ સાથે સંબંધિત બાબતો સાથે સંબંધ બંધાય છે.

**૫) અર્થઘટન શક્તિનો વિકાસ :**

★ દસ્તાવેજી આધારોને આધારે જુદાં જુદાં આધારોનું નિરીક્ષણ કરવાથી અર્થઘટન શક્તિનો વિકાસ ıથય છે.

**૬) આધારનો સંગ્રહ કરવાની ટેવ વધે :**

★ જુદાં જુદાં આધારો જોવાથી સંગ્રહ કરવાની ટેવ વધે છે. દા.ત.– ધાતુ નાણુ, જૂના ચલણમાં ઉપયોગમાં લેવાતા સિક્કાનો સંગ્રહ કરવાની ટેવ પડે છે.

**૭) વિષય વસ્તુની સ્પષ્ટતા :**

★ સામાજિક વિજ્ઞાનમાં આધારનો ઉપયોગ કરવાથી વિષયવસ્તુની સ્પષ્ટતા થાય છે. ઈતિહાસની ઘણી બધી બાબતોની વિષયવસ્તુની સ્પષ્ટતા કરવામાં આધારનો ઉપયોગ થાય છે.

**૮) શિક્ષણકાર્ય અસરકારક બને :**

★ જરૂરી દસ્તાવેજી આધારનો ઉપયોગ કરવાથી શિક્ષણ કાર્ય અસરકારક બને છે. રસવંતુ બને છે. વિદ્યાર્થીઓ વધુ ધ્યાન આપે છે તેથી શિક્ષણકાર્ય અસરકારક બને છે.

**૯) જિજ્ઞાસા જાગૃત થાય :**

★ દસ્તાવેજી આધાર જોવાથી વિદ્યાર્થીઓની જિજ્ઞાસા વૃત્તિ જાગૃત થાય છે. નવું નવું જાણવાની ઈચ્છા થાય છે. દા.ત. – પ્રવાસ, પર્યટન, સંગ્રહ, વાંચન, સર્જનાત્મક અભિગમ વગેરે.

**૧૦) સતત કથન કરવામાંથી મુક્ત :**

★ શિક્ષકોને આધાર દસ્તાવેજનો ઉપયોગ કરવાથી સતત બોલવાની જરૂર રહેતી નથી. આધારનો ઉપયોગ કરીને શિક્ષણકાર્ય કરાવી શકાય છે.

**૧૧) ભૂતકાળ જીવંત બનાવવા :**

★ સામાજિક વિજ્ઞાનમાં આધારોનો ઉપયોગ કરવાથી ભૂતકાળ જીવંત બને છે. ભૂતકાળના આધારો વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરી શિક્ષણકાર્ય કરાવી શકાય છે.

**૧૨) શોધ–તપાસ વલણ વિકસાવવા :**

★ વિદ્યાર્થીઓ માટે શિક્ષણકાર્યમાં આધારનો ઉપયોગ કરવાથી શોધ વિકસાવવા માટેનું વલણ વિકસે છે.

**૧૩) ભાગીદારી વધે :**

★ શિક્ષણકાર્યમાં વિદ્યાર્થીઓની ભાગીદારી વધે છે. વધુ રસ પડે છે. જાણવાની વધુ ઈચ્છા થાય છે, તેથી ભાગીદારી વધે છે.

**૧૪) વૈજ્ઞાનિક દષ્ટિકોણ :**

★ આધાર પદ્ધતિના ઉપયોગથી વિદ્યાર્થીઓમાં માનવ સમાજના વિકાસ દરમિયાન બનેલી ઘટનાઓને વૈજ્ઞાનિક દષ્ટિકોણથી વલણ વિકસે છે.

**(૬) આધાર પદ્ધતિની મર્યાદાઓ :**

– આધાર પદ્ધતિની મર્યાદાઓ નીચે પ્રમાણે છે :

**૧) આધાર સામગ્રી પ્રાપ્ત કરવું મુશ્કેલરૂપ :**

★ સામાજિક વિજ્ઞાનના અભ્યાસ માટે જરૂરી એવી બધી જ આધાર સામગ્રી ઉપલબ્ધ હોતી નથી. મૂળ માહિતી પ્રાપ્ત કરવાનું કાર્ય શિક્ષક માટે મુશ્કેલરૂપ છે.

**૨〉 કુશળતા ભર્યો ઉપયોગ કરવાની જરૂર :**

★ મળેલ આધારનો શિક્ષકે કુશળતા ભર્યો ઉપયોગ કરવો પડે છે. કુશળતા ભર્યો ઉપયોગ કરવાનું કૌશલ્ય ન હોય તો યોગ્ય ઉપયોગ થઈ શકતો નથી.

**૩〉 વધુ સમય :**

★ આધાર પદ્ધતિનો ઉપયોગ કરવા માટે પૂરતો સમય જોઈએ. પૂરતો સમય ન આપવામાં આવે તો ઉપયોગ અર્થહિન બને છે.

**૪〉 અલ્પ માહિતી :**

★ મળેલ આધારની માહિતી ઘણી વખત અલ્પ પ્રમાણમાં મળે છે. અલ્પ માહિતી ઉપરથી અર્થઘટન કરવું મુશ્કેલરૂપ છે.

**૫〉 અર્થઘટન કરવું મુશ્કેલરૂપ :**

★ મળેલ આધાર જૂના પુરાણા હોવાંથી તેના ઉપરથી અર્થઘટન કરવું મુશ્કેલરૂપ છે. આધાર પરના લખાણનું અર્થઘટન કરવું મુશ્કેલરૂપ બને છે.

**૬〉 અલ્પ ભૌતિક સગડતાઓ :**

★ આધાર પદ્ધતિના અસરકારક ઉપયોગ માટે શાળામાં અલગ સામાજિક ખંડ, સંગ્રહાલય, વિશાળ પુસ્તકાલય વગેરેની સગવડ જોઈએ. મોટાભાગની શાળાઓમાં આ ભૌતિક સગવડતાઓનો અભાવ જોવા મળે છે.

**૭〉 માતૃભાષાનો અભાવ :**

★ મૂળ લેખિત આધારો બાળકની માતૃભાષામાં મળતાં નથી. અંગ્રેજી ભાષામાં મૂળ લખાણોનો સમાવેશ કરતાં કેટલાંક પુસ્તકો છે, પરંતુ માધ્યમિક શાળાનાં બાળકો તેનો ઉપયોગ કરી શકતાં નથી. શિલા લેખો અને સિક્કાઓની ભાષા પણ બાળકો ઉકેલી શકે નહીં.

**(૭) આધાર પદ્ધતિની સફળતા માટેની શરતો :**

● આધાર પદ્ધતિની સફળતા માટે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.

૧〉 એકમ ઉપર આધારિત મળેલ માહિતી સંગ્રહ કરી તેની યોગ્ય જાળવણી કરવી જોઈએ.

૨〉 ઘણીવાર માતૃભાષામાં આધારો મળતાં નથી. આ પરિસ્થિતિમાં મળેલ આધારોનું અનુવાદ કરી તેની જાળવણી કરવી.

૩〉 પ્રમાણભૂત માહિતી મેળવવી જોઈએ.

૪〉 મળેલ માહિતીનો યોગ્ય ઉપયોગ કરવો.

૫〉 માહિતી મેળવવા પ્રયાસ કરવો.

૬〉 મળેલ માહિતીને વ્યવસ્થિત ગોઠવણી કરવી.

૭〉 વિદ્યાર્થીઓને પુસ્તકાલયમાંથી સંદર્ભ પુસ્તકોના વાંચન માટે પ્રોત્સાહિત કરવા જોઈએ.

૮〉 વિષયવસ્તુની સ્પષ્ટ સમજ પડે તેવા જ આધારોની પસંદગી કરવી જોઈએ.

૯〉 આધાર પદ્ધતિનો ઉપયોગ કરવો ત્યારે તેનું અગાઉથી આયોજન કરવું.

(૮) વર્ગ અધ્યાપનમાં આધાર પદ્ધતિનો ઉપયોગ :

● વર્ગ અધ્યાપનમાં આધાર પદ્ધતિનો ઉપયોગો નીચે પ્રમાણે કરી શકાય.

૧〉 એકમના પ્રારંભ માટે ઉપયોગ કરી શકાય.

૨〉 વિષયવસ્તુની રજૂઆત સમયે ઉપયોગ કરી શકાય. માહિતી વધુ સ્પષ્ટ થઈ શકે.

૩〉 એકમ દઢીકરણ સમયે આધારનો ઉપયોગ કરવો.

૪〉 સ્વાધ્યાય કાર્ય આપી આધારનો ઉપયોગ કરી શકાય. એકમ શીખવ્યા પછી તેના ઉપર આધારિત સ્વાધ્યાય કાર્ય આપી શકાય.

૫〉 ખોદકામ દરમિયાન મળી આવતી વસ્તુઓનાં ચિત્રો એકઠાં કરી તેનો એકમના સંદર્ભમાં ઉપયોગ કરવો.

૬〉 વિવિધ જગ્યાએથી આધારો પ્રાપ્ત કરવા. દા.ત.— વિદેશમાં વસતા સંબંધીઓ, મિત્રો પાસેથી સિક્કા, ટિકિટો, માહિતીખાતું, એલચી કચેરી

૭〉 વિવિધ આધારોનું પ્રદર્શન તૈયાર કરી તેનું નિરીક્ષણ કાર્ય કરાવીને શિક્ષણ કાર્ય થઈ શકે.

૮〉 વિષયવસ્તુ સાથે સંબંધિત આધારો મેળવીને તેનો સંગ્રહ કાળજી પૂર્વક જાળવણી કરવી જોઈએ.

**(૩) નાટયકરણ પદ્ધતિ :**

**(૧) પ્રસ્તાવના :**

- વર્તમાન સમયમાં શિક્ષણકાર્ય કંટાળાજનક બનતું જાય છે. વર્ગની ચાર દિવાલોમાં રહીને શિક્ષણકાર્ય કરવામાં આવે છે. યંત્રની માફક કાર્ય થાય છે. વિદ્યાર્થીઓ કંટાળાનો અનુભવ કરે છે. કોઈ નવીનતા જોવા મળતી નથી. શિક્ષક પ્રવચન કરે છે, વિદ્યાર્થીઓએ શાંતિથી સાંભળવાનું હોય છે, શિક્ષક સક્રિય હોય છે. વિદ્યાર્થીઓ પક્ષે કોઈ કાર્ય થતું નથી. વિદ્યાર્થીઓએ નિષ્ક્રિય બની બેસી રહેવાનું હોય છે. વર્તમાન શિક્ષણ વ્યવસ્થાની મર્યાદા દૂર કરવા નવીન પદ્ધતિનો વિકાસ કરવો જરૂરી છે. નવીન પદ્ધતિના વિકાસના એક ભાગરૂપે નાટયકરણ પદ્ધતિનો વિકાસ થયો. આ પદ્ધતિ વિદ્યાર્થી કેન્દ્ર પદ્ધતિ છે. વિદ્યાર્થીના ભાગીદારી સાથે કાર્ય થાય છે .વિદ્યાર્થી સક્રિય રહીને કાર્ય કરે છે. વિદ્યાર્થી દ્વારા જ કાર્ય થાય છે. વિદ્યાર્થીઓ જ નાટકના રૂપે વિષયવસ્તુની સ્પષ્ટતા કરાવી શકાય છે. શિક્ષણકાર્ય કરવા માટે નવીન પદ્ધતિ છે. વિદ્યાર્થીઓને વધુ રસ પડે છે. વિદ્યાર્થીઓને વધુ સક્રિય બનાવી નાટકના રૂપમાં શિક્ષણકાર્ય કરાવી શકાય છે. વિદ્યાર્થીઓને વધુ રસપ ડે છે, વધુ ધ્યાન આપે છે.

**(૨) અર્થ :**

- નાટયકરણ એટલે કોઈ પ્રસંગ, ઘટના કે બનાવના સંદર્ભમાં તેનું નાટકમાં રૂપાંતર કરીને વર્ગમાં રજૂઆત કરવાની પદ્ધતિ.
- નાટક શબ્દ 'નટ' ધાતુમાંથી ઉત્પન્ન થયેલો શબ્દ છે.
- નાટક એટલે નટ(પાત્રો) દ્વારા રજૂ થતી કળા.
- કોઈ પણ ઐતિહાસિક વ્યક્તિની ભૂમિકા પસંદ કરીને ઐતિહાસિક પ્રસંગની નાની નાટિકાઓ વિદ્યાર્થીઓ ભજવે એ નાટયીકરણ થયું કહેવાય. આ પ્રયુક્તિથી સામાજિક વિજ્ઞાનમાં જીવંતતા આવે છે. અનુકરણ ને અભિનય કરનારી વૃત્તિ બાળકોમાં નાનપણથી જ દેખા દે છે. એન્જિન ડ્રાઈવર, શિક્ષક, ફેરિયો વગેરેની નકલો બાળકો કરે છે.
- એકાદ નાટક કે ચિત્ર જોયું કે તેની ભૂમિકા બાળકો બીજે દિવસે ભજવવા લાગી જાય છે, તેમને માટે 'સ્ટેજ' કે પોશાકની જરૂર પડતી નથી. બાળકોની આ વૃત્તિનો ફાયદો ઉઠાવીને ઐતિહાસિક જ્ઞાન આપવાની રીતે એટલે જ નાટયકરણ.
- ઉપરની વાતને આધારે આપણે વિચારીએ તો આપણને નીચેની ભૂમિકા મળી આવે છે :

★ બાળકને મેળવેલા જ્ઞાનને પ્રદર્શિત કરવાની તમન્ના હોય છે.

★ નાટકમાં રમતનું તત્ત્વ છે. રમત તે બાળકોનો મૂળભૂત સ્વભાવ છે.

★ નાટકમાં કલ્પનાને સ્થાન છે અને કલ્પનાની દુનિયા બાળકોને ખૂબ ગમે છે.

★ બાળકોને નાટકો કરવાં અને જોવાં ખૂબ ગમે છે, કારણ કે તેઓનાં નાટયવૃત્તિ પ્રબળ હોય છે.

★ બાળકોને અભિનય અને સંવાદ કરવો ગમે છે.

**(૩) નાટયકરણ પદ્ધતિના લાક્ષણિકતાઓઃ**

● નાટયકરણ પદ્ધતિના લક્ષણો નીચે મુજબ દર્શાવી શકાય :

**૧〉 વિદ્યાર્થીઓની ભાગીદારી :**

★ નાટયકરણ પદ્ધતિમાં વિદ્યાર્થીઓની ભાગીદારી જ કાર્ય થાય છે. વિદ્યાર્થીઓની સંપૂર્ણ ભાગીદારી હોય છે. વિદ્યાર્થી કેન્દ્રી પદ્ધતિ છે.

**૨〉 વિવિધ કૌશલ્યનો વિકાસ :**

★ નાટક દ્વારા વિવિધ કૌશલ્યનો વિકાસ થતો જોવા મળે છે. અભિનય, આરોહ– અવરોહ, સંવાદ વગેરે વિકસે છે.

**૩〉 રસપ્રદ શિક્ષણકાર્ય :**

★ આ પદ્ધતિમાં શિક્ષણકાર્ય વધુ રસપ્રદ બને છે. વિદ્યાર્થીઓને વધુ રસ પડે છે. વધુ ધ્યાનકેન્દ્રીત કરે છે.

**૪〉 તાલીમ આપતી પદ્ધતિ :**

★ આ પદ્ધતિ તાલીમ આપતી પદ્ધતિ છે. નાટકની તૈયારી, તાલીમ લેવી, સંવાદો ગોખવા, રજૂઆત કરવી વગેરે. વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ વધે તે માટેની તાલીમ આપતી પદ્ધતિ છે.

**૫〉 નવીનતાપૂર્ણ પદ્ધતિ :**

★ આ પદ્ધતિ શિક્ષણકાર્ય કરવા માટે નવીન પદ્ધતિ છે. વિષયવસ્તુની સ્પષ્ટતા સારી રીતે થઈ શકે છે. વર્ગમાં નાટક કે એકપાત્રીય રજૂ કરી વિષયવસ્તુની સ્પષ્ટતા કરાવી શકાય છે. વિદ્યાર્થીઓ વર્ગમાં નાટક ભજવાતું જોઈ નવીનતા અનુભવે છે. નાટકમાં વધુ રસ પડે છે.

**(૪) નાટયકરણ પદ્ધતિના લાભોઃ**

● નાટયકરણ પદ્ધતિના લાભો નીચે પ્રમાણે થાય છે :

**૧〉 આત્મવિશ્વાસમાં વધારો :**

* આ પદ્ધતિના ઉપયોગ દ્વારા વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસમાં વધારો થાય છે, પરિણામે જીવનમાં આવતી મુશ્કેલીઓનો સામનો કરવાની યોગ્યતા આવે છે.

**૨〉 વિકાસની તક :**

★ આ પદ્ધતિનો ઉપયોગ કરવાથી વિદ્યાર્થીઓમાં વિકાસની તક રહેલી છે. વિદ્યાર્થીઓમાં અનુકરણની વૃત્તિ રહેલી હોય છે, તેઓ સારા અભિનય અને સંવાદનો અભિનય જોવાથી વિકાસની તક ઉભી થાય છે.

**૩〉 કલ્પનાશક્તિનો વિકાસ :**

★ આ પદ્ધતિમાં નાટકનો અભિનય જોવાથી વિદ્યાર્થીઓમાં કલ્પનાશક્તિનો વિકાસ થાય છે, જે એકમ ઉપર આધારિત અભિનય હોય તેના પર વિચાર કરે છે. મનન કરે છે. આથી કલ્પનાશક્તિ વિકાસ થાય છે.

**૪〉 નૈતિક ગુણનો વિકાસ :**

★ આ પદ્ધતિનો ઉપયોગ કરવાથી વિદ્યાર્થીઓમાં નૈતિક ગુણોનો વિકાસ થાય છે.

**૫〉 વિષય પ્રત્યે રસ જાગૃત થાય :**

★ આ પદ્ધતિનો ઉપયોગ કરવાથી વિષય પ્રત્યે રસ જાગૃત થાય છે. નાટકનો અભિનય જોવાથી આનંદમાં વધારો થાય છે. નાટક જોવાનું ગમે છે. વિષય પ્રત્યે રસ જાગૃત થાય છે.

૬〉 **મનોરંજન દ્વારા શિક્ષણ :**

★ આ પદ્ધતિનો ઉપયોગ કરવાથી આનંદ ફેલાય છે. કેટલીક રજૂઆત જોવાથી આનંદ આવે છે. સાથે સાથે જ્ઞાન પણ મળે છે. ગમ્મત સાથે જ્ઞાન મળે છે.

૭〉 **સામાજિકતાનો વિકાસ :**

★ આ પદ્ધતિનો ઉપયોગ કરવાથી વિદ્યાર્થીઓમાં સામાજિકતાનો વિકાસ થાય છે. નાટક તૈયાર કરવા માટે પોશાક તૈયાર કરવા, રંગભૂમિ સજાવટ કરવા, વગેરે દ્વારા સંઘભાવના અને સામાજિકતા વિકસે છે.

૮〉 **અનુકરણ દ્વારા વિકાસ :**

★ આ પદ્ધતિનો ઉપયોગ કરવાથી વિદ્યાર્થીઓ નાટક જોઈ પ્રભાવિત થાય છે. નાટકનું અનુકરણ દ્વારા શીખે છે.

૯〉 **વિવિધ શક્તિનો વિકાસ :**

★ આ પદ્ધતિનો ઉપયોગ કરવાથી વિવિધ શક્તિનો વિકાસ થાય છે. નાટયકરણ દ્વારા વિદ્યાર્થીઓમાં સ્મરણશક્તિ, સર્જનાત્મક શક્તિ, કલ્પનાશક્તિ, મનન શક્તિ, વિચાર શક્તિ વગેરેનો વિકાસ થાય છે.

૧૦〉 **ક્રિયા દ્વારા શિક્ષણ :**

★ આ પદ્ધતિ દ્વારા નાટયકરણથી ક્રિયા દ્વારા શિક્ષણ આપી શકાય છે, તેઓને વિવિધ અનુભવો મળે છે અને તેઓને અભિવ્યક્ત કરવાની તક મળે છે.

૧૧〉 **અભિનયની તક :**

★ નાટયકરણ દ્વારા અભિનય કરવાની તક મળે છે. આરોહ–અવરોહ, હાવભાવ, બોલવાની છ્ટા વગેરે બાબતો શીખે છે.

(૫) **નાટયકરણ પદ્ધતિની મર્યાદાઓ :**

● નાટયકરણ પદ્ધતિના કેટલાંક લાભો હોવાં છતાં તેની કેટલીક મર્યાદાઓ જોવા મળે છે જે નીચે મુજબ છે :

૧〉 **સમયશક્તિનો બગાડ :**

★ આ પદ્ધતિનો ઉપયોગ કરવાથી સમય શક્તિનો બગાડ થાય છે. એકમને અનુરૂપ નાટક ન હોય તો સમયનો બગાડ થાય છે.

૨〉 **વધુ સમય :**

★ આ પદ્ધતિનો ઉપયોગ કરવાથી વધુ સમય જાય છે. નાટકની તૈયારી, પ્રેકટીસ કરવી, નાટક ભજવવું વગેરે માટે વધુ સમય જાય છે. અભ્યાસક્રમ પૂરો થતો નથી.

૩〉 **હેતુ સિદ્ધ થતા નથી :**

★ આ પદ્ધતિ હેતુ વિહીન પદ્ધતિ છે. એકમને અનુરૂપ નાટક ન હોય તો હેતુ સિદ્ધ થતો નથી.

૪〉 **સમય રેખા જળવાતી નથી :**

★ આ પદ્ધતિમાં સમયરેખા જળવાતી નથી. સમય આધારિત નાટક ભજવી શકાતું નથી.

૫〉 **શિક્ષકની જવાબદારીમાં વધારો :**

★ નાટકપદ્ધતિને ઉયપોગ કરવાથી શિક્ષકની જવાબદારીમાં વધારો થાય છે. શિક્ષક આળસુ હોય તો શિક્ષક આ પદ્ધતિના ઉપયોગમાં રસ લેતા નથી.

૬〉 **શિસ્તનો પ્રશ્ન :**

★ વર્ગમાં આ પદ્ધતિના અમલથી અશિસ્ત જન્મે છે. જો શિક્ષક તેને માટે વ્યવસ્થિત આયોજન કરે તો આ પ્રશ્ન ઓછો સતાવે તેમ બને.

૭〉 **આર્થિક મુશ્કેલીઓ :**

★ નાટક માટે જરૂરી સ્ટેજ અને પોશાકનો પ્રશ્ન આવે ત્યારે તે ખર્ચાળ નીવડે છે.

૮〉 **સંવાદ લેખનની મુશ્કેલી :**

★ આપણી શાળાઓના શિક્ષકો પાસે તે માટે સમય પણ નથી અને સૂઝ પણ નથી.

૯〉 **અભિનયનો અભાવ :**

★ અભિનય કરવા માટે શિક્ષક નિષ્ણાંત હોવો જોઈએ, તેની પાસે પૂરતું જ્ઞાન ન હોય તો અભિનય કળા વિદ્યાર્થીઓને શીખવી ન શકે. તૈયારીના અભાવે બાળકો અભિનય કરી ન શકે.

(૬) **નાટયકરણ પદ્ધતિનો ઉપયોગ કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો :**

– નાટયકરણ પદ્ધતિનો ઉપયોગ કરતી વખતે નીચેના મુદ્દા ધ્યાનમાં રાખવા જોઈએ :

૧〉 **પૂર્વ આયોજન :**

★ આ પદ્ધતિનો ઉપયોગ કરતાં પહેલા પૂર્વ આયોજન કરવું જોઈએ. નાટકની જગ્યા, સમય, પહેરવેશ વગેરેનું આયોજન વિચારવું.

૨〉 **યોગ્ય દશ્યો :**

★ આ પદ્ધતિના ઉપયોગ વખતે લડાઈ, મારામારી જેવાં દશ્યો ન લેવાય તેનું ધ્યાન રાખવું જોઈએ. દશ્યો એકમને અનુરૂપ હોવાં જોઈએ.

૩〉 **ઐતિહાસિક સત્યોની જાળવણી :**

★ નાટક ભજવતાં પહેલા ઐતિહાસિક સત્યેની જાળવણી થાય તે બાબત ધ્યાનમાં રાખવી જોઈએ.

૪〉 **સમયરેખાની જાળવણી :**

★ નાટકમાં સમયરેખાની જાળવણી થાય તે બાબત ધ્યાનમાં રાખવી જોઈએ. સમયની જાળવણી થાય તે બાબત ધ્યાનમાં લેવી.

૫〉 **વાસ્તવિક વાતાવરણ :**

★ નાટકમાં વાસ્તવિક વાતાવરણ ઊભું થાય તેવું આયોજન વિચારવું જોઈએ.

૬〉 **પૂરતી જગ્યા :**

★ નાટક ભજવવાં માટે પૂરતી જગ્યા હોવી જોઈએ. નાટક ભજવવાં માટે યોગ્ય જગ્યા હોવી જોઈએ.

૭〉 **પૂરતો સમય :**

★ નાટક ભજવવા માટે પૂરતો સમય જોઈએ. નાટકની પ્રેક્ટીસ માટે પણ પૂરતો સમય આપવો જોઈએ તો જ સારું નાટક ભજવી શકાય.

૮〉 **વિદ્યાર્થીની ભાગીદારી :**

★ નાટક તૈયાર કરવામાં વિદ્યાર્થીની ભાગીદારી સામેલ કરવી જોઈએ. વિદ્યાર્થી સક્રિય બને તે માટે આયોજન વિચારવું જોઈએ.

૯〉 **નાટક પ્રમાણે અભિનય :**

★ આ પદ્ધતિમાં નાટક પ્રમાણે અભિનય કરવો જોઈએ. અભિનય વાસ્તવિક લાગવો જોઈએ. અભિનય વાસ્તવિક બને તે માટે વધુ પ્રેક્ટીસ કરવી જોઈએ.

૧૦〉 **યોગ્ય આયોજન :**

★ નાટક માટે યોગ્ય આયોજન કરવું જોઈએ. પાત્રની પસંદગી, પ્રેક્ટીસનો સમય, પોશાક વગેરે બાબતો ધ્યાનમાં રાખવી.

**૧૧〉 યોગ્ય માર્ગદર્શન અને તાલીમ :**

★ વિદ્યાર્થીઓને નાટક ભજવવા માટે યોગ્ય માર્ગદર્શન અને તાલીમ આપવી જોઈએ.

**૧૨〉 વયકક્ષા પ્રમાણે સંવાદ :**

★ વિદ્યાર્થીઓની વય કક્ષા ધ્યાનમાં રાખી સંવાદ રચના કરવી જોઈએ. કયા ધોરણના વિદ્યાર્થીઓ નાટકમાં ભાગ લે છે. ધોરણ પ્રમાણે નાટકમાં આવતા સંવાદ તૈયાર કરવા જોઈએ.

**૧૩〉 જરૂરી સૂચનો :**

★ જરૂરી સૂચનો વિદ્યાર્થીઓ પાસેથી માંગવા જોઈએ. વિદ્યાર્થીઓ શું કહેવા માગે છે તેની માહિતી મેળવો.

**(૭) નાટયકરણ પદ્ધતિનો વર્ગખંડમાં વિનિમય :**

– નાટયકરણ પદ્ધતિનો વર્ગખંડમાં ઉપયોગ નીચેની બાબતો કરી શકાય :

**૧〉 પ્રારંભ કાર્ય માટે :**

★ નાટયકરણ દ્વારા વિદ્યાર્થીઓને એકમ તરફ અભિમુખ કરી શકાય છે. દા.ત.– 'આપત્તિ વ્યવસ્થાપન' એકમને શિક્ષણકાર્ય કરવાનું હોય તો તેમના જીવનમાં ભૂકંપ, જ્વાળામુખી, પૂર વગેરે જેવી પરિસ્થિતિના પ્રસંગનું નાટયકરણ કરીને પ્રારંભ થઈ શકે.

**૨〉 વિષયવસ્તુના સ્પષ્ટતા માટે :**

★ જે તે મુદ્દાના એકમના સ્પષ્ટતા માટે નાટયકરણ કરી શકાય. દા.ત.–રામનું જીવન, ગાંધીજીનું જીવન વગેરે માટે નાટક રજૂ કરી વિષયવસ્તુની સ્પષ્ટતા કરાવી શકાય, તેમજ ગાંધીજી વિષેની સમજ સ્પષ્ટ કરાવી શકાય.

**૩〉 મૂલ્યાંકન માટે :**

★ કોઈ પણ એકમની સ્પષ્ટતા માટે વર્ગમાં રજૂઆત કર્યા બાદ તેના મૂલ્યાંકન માટે વિદ્યાર્થીઓ પાસે તે ઘટનાની રજૂઆત સંવાદો–નાટક દ્વારા કરાવી શકાય. દા.ત. ગાંધીજીના જીવનના પ્રસંગનો કોઈ પણ એકભાગ નાટક દ્વારા રજૂ કરી વિદ્યાર્થીઓ દ્વારા સંવાદો રજૂ કરાવી મૂલ્યાંકન થઈ શકે. લેખિત કસોટી દ્વારા પણ મૂલ્યાંકન થઈ શકે.

**(૮) નાટયકરણ માટેના એકમોના નમૂનાઃ**

૧〉 આદિવાસી નૃત્ય રજૂ કરી આદિવાસી વિષેની ઓળખ કરાવી શકાય. મણિપુરી નૃત્યકલા વગેરે.

૨〉 આર્ય ભટ્ટ એકપાત્રીય અભિનય દ્વારા સ્પષ્ટતા કરાવી શકાય.

૩〉 પર્યાવરણનું સંરક્ષણ નાટકના રૂપમાં રજૂઆત કરી, પર્યાવરણ જતન વિષે સ્પષ્ટતા કરાવી શકાય.

૪〉 વિવિધતામાં એકતા નાટક દ્વારા રજૂઆત થઈ શકે.

૫〉 ટીપુ સુલતાન વિષે એકપાત્રીય અભિનાય દ્વારા ટીપુ સુલતાન વિશે સ્પષ્ટતા કરાવી શકાય.

૬〉 ખુદીરામ બોઝ, ચંદ્રશેખર આઝાખ, ભગતસિંહ, બાળ ગંગાધર ટિલક, વી સાવરકર, ગાંધીજીની દાંડી કૂચ વગેરે એકપાત્રીય અભિનય દ્વારા રજૂઆત થઈ શકે.

૭〉 ૧૮૫૭ના વિપ્લવના કારણો : વિવિધ રાજાઓની સભા નાટયરૂપાંતર દ્વારા રજૂઆત કરી શકાય.

૮〉 શિવાજીનો રાજ્યાભિષેક : એકપાત્રીય અભિનય કે નાટક દ્વારા રજૂઆત થઈ શકે.

(૪) **પ્રવાસ પદ્ધતિ :**

(૧) **પ્રસ્તાવના :**

- પ્રવાસ પદ્ધતિ એ સામાજિક વિજ્ઞાનના શિક્ષણ માટેની એક વિશિષ્ટ પદ્ધતિ છે, તેનો ઉપયોગ કોઈ પણ ધોરણમાં છૂટથી થઈ શકે તેમ છે, છતાં માધ્યમિક કક્ષાનાં ઉપલા ધોરણ માટે તેનો ઉપયોગ વધુ અનુકૂળ રહે છે.

– પ્રવાસ એ ખાસ કરીને ભૂગોળ શિક્ષણનો આત્મા ભૂગોળમાં દુનિયાના વિવિધ પ્રદેશો અને તે પ્રદેશોના માનવજીવન તથા તેના પર્યાવરણનો અભ્યાસ કરવામાં અવે છે. આ બાબતોને વાસ્તવિક સ્વરૂપે શીખવા માટે પ્રવાસ એક અસરકારક અને રસપૂર્વક કાર્ય માટેની પદ્ધતિ છે.

- જેમ્સ ફેરગ્રીવના મત પ્રમાણે વસ્તુઓના યોગ્ય નિરીક્ષણ ઉપર જ સામાજિક વિજ્ઞાનના વાસ્તવિક જ્ઞાનનો આધાર છે. વસ્તુઓના અવલોકન અને નિરીક્ષણની તક પ્રવાસમાં જ મળે છે,જે તે સ્થળની મુલાકાત પ્રવાસ દ્વારા લેવાની તક મળે છે. મુલાકાત દ્વારા ભૌગોલિક માહિતી મેળવી શકાય છે.

- પ્રવાસ પદ્ધતિ તરીકે ઓળખાતી આ પદ્ધતિમાં આસપાસનાં સ્થળો કે પ્રદેશોમાં વાસ્તવિક પ્રવાસે જઈ તે સ્થળોની મુલાકાત લઈ ત્યાંની જમીન રચના, આબોહવા, વનસ્પતિ, ખેતીના પાક, ઉદ્યોગો, સંદેશા અને વ્યવહારના માર્ગો, લોકજીવન, પહેરવેશ, રીત રીવાજ, સંસ્કૃતિ વગેરે બાબતોનો તલસ્પર્શી અભ્યાસ કરી શકાય છે. જ્યારે દૂરના દેશો કે પ્રદેશોના પ્રવાસે જવું શક્ય નથી, આથી દૂરના પ્રદેશો કે દેશોની ભૌગોલિક માહિતી વાસ્તવિક પ્રવાસ દ્વારા મેળવવી શક્ય નથી. આ સંજોગોમાં કાલ્પનિક પ્રવાસ યોજીને જે તે દેશોની ભૌગોલિક માહિતી પૂરી પાડી શકાય છે.

- સામાજિક વિજ્ઞાનમાં જે એકમોના શિક્ષણ માટે વાસ્તવિક પ્રવાસની તક હોય ત્યાં વાસ્તવિક પ્રવાસ ગોઠવવો જોઈએ.

- પ્રવાસ દ્વારા સામાજિક વિજ્ઞાનનો અભ્યાસ કરાવવામાં આવે તો જે તે દેશના પર્યાવરણ અને તેના સંદર્ભમાં માનવ જીવનની સાચી ઝાંખી થાય છે.

- પ્રવાસ પદ્ધતિ દ્વારા વિદ્યાર્થીઓમાં પ્રવાસ આયોજન શક્તિ કેળવવાનો, કલ્પના શક્તિ સતેજ કરવાનો અને ઉપલબ્ધ સાધન સામગ્રી કે શૈક્ષણિક સામગ્રીનો ઉપયગો કરવાની શક્તિ વિકસાવવાનો છે.

(૨) **અર્થ :**

- પ્રવાસ એટલે એક જગ્યાએથી બીજી જગ્યાએ જવું.

- સામાજિક વિજ્ઞાનના એકમોને ધ્યાનમાં રાખી કોઈ એક એકમના મુદ્દા માટે એક જગ્યાએથી બીજી જગ્યાએ જવું.

- વર્ગખંડની બહારની દુનિયા, કુદરત અને માનવ જીવન વચ્ચેનો સેતુ.

- પ્રા. ત્રિવેદીએ કહ્યું છે કે ... 'જે પ્રાણવાન શિક્ષકો પોતાના વિદ્યાર્થીઓને જેટલા અવકાશ નીચે વિસ્તરેલી પૃથ્વીના દર્શને ઉમંગેભર લઈ જાય છે તેનો તેમને કુદરતી વિશાળ શાળાના દ્વારમાં પ્રવેશ કરાવે છે.'

– આમ પ્રવાસ એટલે કુદરતના ખોળે જઈને વિવિધ સ્થળોની અભ્યાસક્રમને ધ્યાનમાં રાખી મુલાકાત લેવી અને જ્ઞાન પ્રાપ્ત કરવું.

- વર્ગની ચાર દિવાલોની બહાર, કુદરતના ખોળે એક જગ્યાએથી બીજી જગ્યાએ જવાની વ્યવસ્થાને પ્રવાસ કહેવામાં આવે છે.

- શિક્ષણને ધ્યાનમાં રાખી જ્ઞાન આપવાના ઉદ્દેશને શાળાની બહાર કોઈ સ્થળે એકમને ધ્યાનમાં રાખી એક જગ્યાએથી બીજી જગ્યાએ મુલાકાતે જવાની વ્યવસ્થા એટલે પ્રવાસ પદ્ધતિ કહી શકાય. દા.ત.– વન્ય જીવન, ભારતનો સાંસ્કૃતિ વારસો શિલ્પ અને સ્થાપત્ય, પાલિતાણા

મંદિર, અડાલજની વાવ, સોમનાથનું મંદિર, નાલંદા વિદ્યાપીઠ, તાજમહેલ, લાલ કિલ્લો, રાણીની વાવ, પાકો, ચા ની ખેતી વગેરે સ્થળોની મુલાકાત લઈ પ્રત્યક્ષ જ્ઞાન મેળવી શકાય છે.

**(૩) પ્રવાસ પદ્ધતિના લાભ :**

– પ્રવાસ પદ્ધતિનો લાભ નીચે મુજબ દર્શાવી શકાય :

**૧〉 જ્ઞાનમાં વધારો :**

★ પ્રવાસ પદ્ધતિનો ઉપયોગ કરવાથી વિદ્યાર્થીઓના જ્ઞાનમાં વધારો થાય છે, તેની દૃષ્ટિ વિશાળ બનાવે છે.

**૨〉 અવલોકન શક્તિનો વિકાસ :**

★ પ્રવાસ પદ્ધતિમાં નવું નવું જોવાનું મળે છે. વિદ્યાર્થીની અવલોકન કરવાની શક્તિમાં વધારો થાય છે.

**૩〉 સ્વ અધ્યયનનીતક :**

★ આ પદ્ધતિમાં નવું નવું જોવાનું મળે છે, તે અંગે વિદ્યાર્થી વિચારે છે. મનન કરે છે. સ્વ અધ્યયન કરવાની તક મળે છે. સ્વ અધ્યયયન કરીને જ્ઞાન મેળવે છે.

**૪〉 પ્રત્યક્ષ અનુભવો :**

★ આ પદ્ધતિમાં પ્રત્યક્ષ જોવાને કારણે પ્રત્યક્ષ અનુભવો પ્રાપ્ત કરવાની તક મળે છે. જોયેલ વસ્તુ વિશે વિચારે છે, તેમાંથી પ્રત્યક્ષ અનુભવ મેળવે છે. વાસ્તવિક પરિસ્થિતિ પ્રાપ્ત થાય છે.

**૫〉 સહકારની ભાવનાનો વિકાસ :**

★ આ પદ્ધતિનો ઉપયોગ કરવાથી સાથે પ્રવાસ જવાનું થાય છે. સાથે રહેવાનું, સાથે જોવાનું, સાથે જમવાનું, સાથે બેસવાનું વગેરેને લીધે વિદ્યાર્થીઓમાં સહકારની ભાવના વધે છે.

**૬〉 નેતૃત્વ શક્તિનો વિકાસ :**

★ પ્રવાસ દ્વારા વિદ્યાર્થીઓમાં નેતૃત્વ શક્તિ વિકસે. જૂથમાં રહીને પ્રવાસ કરવાનો હોય છે. જૂથમાં દરેક કાર્ય થાય છે. જવાબદારી લેવી પડે છે. નેતાએ શું કરવાનું છે તેની તાલીમ મળે છે.

**૭〉 રસ ઉત્પન્ન થાય :**

★ પ્રવાસમાં નવી નવી બાબતો જોવા મળે છે. શિક્ષણ મેળવવાની નવીન તક મળે છે. ટેક્ષ બુકમાં જેનું વર્ણન કરેલ છે તે બાબત પ્રત્યક્ષ જૂએ છે. વિદ્યાર્થીને જોવાનુંગમે છે. રસ ઉત્પન્ન થાય છે. ધ્યાન કેન્દ્રિત કરે છે.

**૮〉 નોંધ કરવાની ટેવ :**

★ પ્રવાસથી વિદ્યાર્થીમાં અવલોકન કરીને નોંધ કરે છે. પ્રવાસમાં શિક્ષક કે માર્ગદર્શક જે તે સ્થળ અંગે માહિતી આપે છે. વિદ્યાર્થીઓ માહિતીની નોંધ કરે છે.

**૯〉 રાષ્ટ્ર પ્રેમની ભાવના :**

★ ઐતિહાસિક સ્થળોની મુલાકાતથી રાષ્ટ્રીય એકતા અને રાષ્ટ્ર પ્રેમની ભાવના પ્રબળ બને છે. ભવ્ય ભૂતકાળની સમજ વિકસે છે.

**૧૦〉 તુલનાત્મક અભ્યાસ :**

★ વિદ્યાર્થી વિવિધ વિસ્તારોનો તુલનાત્મક અભ્યાસ કરે છે. બે વસ્તુ જોયેલ હોય તો બંનેની સરખામણી કરે છે. શું તફાવત છે ?

**૧૧〉 સાંસ્કૃતિક વિકાસ :**

★ ઐતિહાસિક સ્થળ સંસ્કૃતિના વિકાસને સમજવામાં મદદરૂપ બને છે. સાંસ્કૃતિક પરંપરા પ્રત્યે ગૌરવની લાગણી જન્મે છે. સાંસ્કૃતિથી પરિચિત થાય છે, સમજે છે.

**૧૨〉 સંગ્રહ કરવાનો શોખ :**

★ પ્રવાસમાં ફોટોગ્રાફી કરવાને કારણે સંગ્રહ કરવાનો શોખ કેળવાય છે. આનંદની પ્રાપ્તિ થાય છે.

**૧૩〉 સર્જનાત્મક કૌશલ્યનો વિકાસ :**

★ પ્રવાસમાં નવીન બાબતો જોવી ,નોંધ કરવી, નકશામાં પ્રવાસના સ્થળની માહિતી જોવી, મૂકવી, ચાર્ટ, ચિત્રો, નકશાઓ તૈયાર કરવા વગેરેને કારણે વિદ્યાર્થીમાં સર્જનાત્મક કૌશલ્યનો વિકાસ થાય છે.

**૧૪〉 વિવિધ મૂલ્યનો વિકાસ :**

★ પ્રવાસને કારણે વિદ્યાર્થીઓમાં સંપ, સહકાર, સામૂહિક જવાબદારીની ભાવના, નીડરતા, આત્મવિશ્વાસ, આત્મનિર્ભરતા, સમસ્યા ઉકેલ, સહનશીલતા વગેરે મૂલ્યનો વિકાસ થાય છે. વિદ્યાર્થીમાં ઉમદા ગુણનો વિકસે છે.

**૧૫〉 લોકજીવનનો પ્રત્યક્ષ પરિચય :**

★ સ્થાનિક લોકજીવનનો પ્રત્યક્ષ પરિચય મળે છે. લોકોની રહેણી–કરણી, સંસ્કૃતિ, લોકકલા, લોકસાહિત્ય, ખાનપાન, રીત–રિવાજો વગેરે સાથે સંપર્કમાં આવી સ્થાનિક સમાજનો સાંસ્કૃતિક વારસો જાણે છે.

– જે તે પ્રદેશમાં વિસ્તારની પ્રાકૃતિક પરિસ્થિતિના સંદર્ભમાં માનવીઓનો વસવાટ અને તેમનાં સામાજિક, સાંસ્કૃતિક, ઔદ્યોગિક, આર્થિક અને વ્યાવસાયિક પાસાંઓનું અધ્યયન કરે છે.

● વિદ્યાર્થીઓમાં ભૌગોલિક વલણો, દષ્ટિબિંદુ અને કૌશલ્યો વિકસે છે, તેઓ અવલોકન કરે, અવલોકન નોંધ તૈયાર કરે, પૃથક્કરણ અને વર્ગીકરણ કરે, કાર્યકારણ સંબંધ જોડે, સામાન્યીકરણો તારવે, કલ્પના અને તર્ક કરે, નકશાવાંચન કરે વગેરે.

**(૪) પ્રવાસ પદ્ધતિની મર્યાદાઓ :**

● પ્રવાસ પદ્ધતિની મર્યાદાઓ નીચે મુજબ દર્શાવી શકાય :

**૧〉 આર્થિક મુશ્કેલી :**

★ ગરીબ માતા–પિતાનાં બાળકો પણ આર્થિક મુશ્કેલીને કારણે પ્રવાસમાં આવી શકતાં નથી. આર્થિક મુશ્કેલી પ્રવાસમાં અવરોધક બને છે.

**૨〉 શિક્ષકોનો અયોગ્ય વ્યવહાર :**

★ પ્રવાસમાં કેટલાંક શિક્ષકોનો વ્યવહાર શોભનીય હોતો નથી અને અસંતોષ જન્મે છે. શિક્ષકના અયોગ્ય વ્યવહારને કારણે વાલીઓ પોતાના પુત્રને પ્રવાસમાં મોકલવાનું પસંદ કરતાં નથી.

**૩〉 જોખમોનું પ્રમાણ :**

★ પ્રવાસમાં ક્યારેક આકસ્મિક અઘટિત બનાવો બનતા હોય છે, તેથી વાલીને પ્રવાસમાં જોખમ જણાય છે.

**૪〉 વધુ સંખ્યા :**

★ પ્રવાસમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધુ હોય છે, જેથી નિયંત્રણનું કાર્ય મુશ્કેલ બની જાય છે. રહેવા– જમવાની વ્યવસ્થામાં વધુ સમય જતો રહે છે.

**૫〉 મર્યાદિત શિક્ષણ :**

★ પ્રવાસમાં અભ્યાસક્રમને ધ્યાનમાં રાખી સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થશે તેવું કહેવું મુશ્કેલરૂપ છે. ઘણીવાર અભ્યાસક્રમ આધારિત પ્રવાસ હોતો નથી.

**૬〉 મનોરંજન બની જાય :**

★ પ્રવાસ અધ્યયન અનુભવોની પ્રવૃત્તિને બદલે માત્ર મોજ–મજા અને આનંદ–પ્રમોદની પ્રવૃત્તિ બની જાય છે, જેથી તેનું શૈક્ષણિક મૂલ્ય ઘટી જાય છે.

**૭〉 સમયની અનિશ્ચિતતા :**

★ પ્રવાસમાં કેટલો સમય થશે તે કહેવું મુશ્કેલરૂપ છે. વાહન રસ્તામાં બગડે, રહેવા– જમવાની વ્યવસ્થા વગેરેમાં વધુ સમય જાય છે. આથી પ્રવાસમાંથી પાછા આવવાનો સમય અનિશ્ચિત બને છે. નિયત સમય મર્યાદામાં પ્રવાસ પૂર્ણ કરી શકાતો નથી.

**૮〉 આયોજનનો અભાવ :**

★ પ્રવાસ સંપૂર્ણ આયોજન માગી લે છે. આયોજન યોગ્ય રીતે ન થયું હોય તો મુશ્કેલી ઊભી થાય છે. રહેવા–જમવાની વ્યવસ્થા બરાબર થતી નથી. જોવાના સ્થળોની માહિતી બરાબર મેળવી શકાતી નથી.

**૯〉 શિક્ષક જોવાલાયક સ્થળોથી અજ્ઞાત :**

★ પ્રવાસના સ્થળો અંગે જો શિક્ષક જોવા લાયક સ્થળો અંગે અજ્ઞાત હોય તો વિદ્યાર્થીઓને જરૂરી જ્ઞાન મળતું નથી.

**૧૦〉 વાલીની અજ્ઞાનતા :**

★ કેટલાંક વાલીઓ પ્રવાસનું મહત્ત્વ સમજતા નથી, તેથી પોતાના પાલ્યને પ્રવાસમાં મોકલવાનું ટાળે છે.

**(૫) પ્રવાસ પદ્ધતિના સોપાન :**

● પ્રવાસ આયોજનના નીચેના સોપાન ધ્યાનમાં રાખવા જોઈએ. :

**૧〉 પ્રવાસની પૂર્વ તૈયારી :**

★ પ્રવાસની પૂર્વ તૈયારી ખૂબ જ કાળજી માગી લે છે. ખૂબ જ ચોકસાઈ પૂર્વક આયોજન કરવું પડે છે. ક્યાં જવું, કેટલા દિવસ જવું, કયાં સ્થળે જવું, કેવી રીતે જવું, રાત્રી રોકાણ ક્યાં કરવું, નાસ્તો, ભોજન વગેરે કઈ જગ્યાએ કરવા વગેરે બાબતો વિચારવી ખૂબ જ જરૂરી છે.

★ દિવસ નક્કી થયાં પછી કયા વાહનથી કેટલો ખર્ચ થશે તેનું બજેટ તૈયાર કરવું પડે છે.

★ પ્રવાસમાં આવનાર વિદ્યાર્થીઓની સંખ્યા નક્કી કરવી પડે.

★ સંખ્યા નક્કી થયા પછી વાલીઓની પૂર્વ સંમતિ લેવી પડે છે.

★ પ્રવાસના હેતુઓ, પ્રવાસ માટેનો સમય ગાળો, જોવા લાયક સ્થળોની યાદી, પ્રવાસનો માર્ગ, રોકાણ, અંદાજિત ખર્ચ, ભોજન–નાસ્તાનું વ્યવસ્થાપન, જૂથ રચના અને જૂથ કાર્યની વહેંચણી, પ્રવાસખર્ચની રકમ એકઠી કરવી અને આકસ્મિક મુશ્કેલીઓ માટેનું પૂર્વ આયોજન વગેરે પ્રવાસની પૂર્વ તૈયારીમાં આવી જાય છે.

★ આ સઘળી બાબતોનું ઝીણવટ પૂર્વક અને કાળજીથી આયોજન થાય છે. આ આયોજનમાં વિદ્યાર્થી નેતાઓને સામેલ કરવામાં આવે છે.

**૨〉 પ્રવાસ દરમિયાનની પ્રવૃત્તિઓ :**

★ પ્રવાસ દરમિયાનની પ્રવૃત્તિઓ અંગે વિદ્યાર્થીઓને અગાઉથી માહિતી આપવાની હોય છે. શું કરવું, શું ન કરવું વગેરે બાબતો જણાવવી પડે છે.

★ પ્રવાસના સ્થળોનું નિરીક્ષણ કઈ રીતે કરવું, નોંધ કેવી રીતે કરવી, ફોટોગ્રાફી કરવી, નમૂનાઓ ભેગા કરવા વગેરે પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓ પ્રવાસ દરમિયાન કરે છે. મિત્રોની સંભાળ રાખવી, પોતાનું સ્વાસ્થ્ય સાચવવું, રોજનીશીનું લેખન, વાર્તાલાપ, પ્રશ્નોત્તરી દ્વારા માહિતીની પ્રાપ્તિ કરવી. પ્રવાસ દરમિયાન ખૂબ કાળજી લેવી પડે છે, જે તે સ્થળ અંગે માર્ગદર્શન પણ આપવાનું હોય છે, તેની માહિતી અગાઉથી મેળવી લેવી કે માર્ગદર્શન સાથે રાખી માહિતી મેળવવી. પ્રવાસમાં જતા પહેલા અગાઉથી વિદ્યાર્થીઓને પ્રવાસ અંગેની માહિતી આપવાની હોય છે, જેથી વિદ્યાર્થીઓને ખબર પડે કે મારે પ્રવાસમાં શું કરવું, શું ન કરવું તેની ખબર પડે.

૩〉 **પ્રવાસનનું અનુકાર્ય :**

★ પ્રવાસ પૂર્ણ થયા બાદ પ્રવાસ અંગે નીચે જેવું અનુકાર્ય કરી શકાય :

૧} **ચર્ચા સભા :**

પ્રવાસમાંથી આવ્યા પછી ચર્ચા સભાનું આયોજન કરવામાં આવે, તેમાં પ્રાપ્ત કરેલ અનુભવો, મેળવેલ જ્ઞાન, મુશ્કેલીઓ આયોજનમાં ખામીઓ વગેરે મુદ્દાને આવરી લેતી ચર્ચા સભામાં પ્રશ્નોત્તરી કરી શકાય. શિક્ષક થયેલ પ્રશ્નોત્તરીના જવાબો આપી શકે.

૨} **જૂથ અહેવાલની રજૂઆત :**

જૂથ દ્વારા થયેલ નોંધની પ્રાર્થના સભામાં રીપોર્ટ રજૂ કરવામાં આવે.

૩} **હસ્તલિખિત અંક :**

પ્રવાસ દરમિયાન વિવિધ સ્થળોએ મેળવેલા ફોટોગ્રાફ, ચિત્રો, સ્થળની માહિતી, નકશો વગેરે બાબતોનું હસ્ત લિખિત અંક તૈયાર કરવામાં આવે.

૪} **સ્પર્ધાનું આયોજન :**

પ્રવાસ ઉપર આધારિત વિવિધ સ્પર્ધાનું આયોજન થઈ શકે. નિબંધ લેખન, મૌખિક રજૂઆત, નકશામાં માહિતીની રજૂઆત વગેરે ગોઠવી શકાય.

૫} **પ્રદર્શન :**

પ્રવાસ દરમિયાન ભેગી કરેલ માહિતીનું પ્રદર્શન ગોઠવી શકાય. વિવિધ ગ્રાફસ, ચિત્રો, સંદર્ભ માહિતી વગેરે અંગે પ્રદર્શન ગોઠવી શકાય.

૭} **ક્વિઝ કાર્યક્રમ :**

પ્રવાસ અંગેના સ્થળોની માહિતીને આધારે ક્વિઝ સ્પર્ધા યોજી શકાય. સ્પર્ધા અંગે જરૂરી માર્ગદર્શન આપવું.

૮} **ઓડિયો–વિડિયો કેસેટ નિદર્શન :**

પ્રવાસ દરમિયાન કોઈ વ્યક્તિની લીધેલી મુલાકાત, સ્થળની મુલાકાત, સ્થળની માહિતી વગેરે અંગે વીડિયોની કેસેટનું નિદર્શન કરાવી શકાય. વિડિયો ઉતારવા અંગે આયોજન કરવું પડે.

૯} **આભાર પત્ર લેખન :**

પ્રવાસ દરમિયાન મદદરૂપ થયેલ વ્યક્તિ, સંસ્થાઓ, સ્થળ સંચાલકો વગેરેને આભાર માનતા પત્રો લખવાં જોઈએ. આ માટે વિદ્યાર્થીઓનો સહયોગ લઈ શકાય.

૧૦} **વર્તમાનપત્રમાં અહેવાલ :**

પ્રવાસ સંદર્ભે શાળાના નામ અને ફોટા સાથે વર્તમાનપત્રોમાં અહેવાલ આપવો જોઈએ. આ બાબતે વિદ્યાર્થીનો સહયોગ લઈ શકાય.

**૧૧} સમગ્ર અહેવાલ રજૂઆત :**

પ્રવાસમાંથી આવ્યા પછી હોંશિયાર વિદ્યાર્થીઓ પાસે સમગ્ર પ્રવાસનો અહેવાલ–લેખન કરાવીને, શિક્ષક દ્વારા ચકાસણી કરીને જરૂરી સુધારા–વધારા સૂચવીને પુનઃલેખન કરાવીને પ્રાર્થનામાં તેની રજૂઆત કરાવવી.

★ પ્રવાસનું મૂલ્યાંકન : પ્રવાસનું મૂલ્યાંકન કરવા પ્રશ્નાવલિ કે અભિપ્રાયવલિ તૈયાર કરીને વિદ્યાર્થીઓ પાસેથી માહિતી મેળવીને મૂલ્યાંકન કરીશકાય. આ ઉપરાંત મૂલ્યાંકન કસોટી, નિબંધ લેખન, સ્મૃતિ કસોટી, પેનલ ચર્ચા વગેરે દ્વારા પણ પ્રવાસનું મૂલ્યાંકન કરી શકાય.

**(૬) પ્રવાસ પદ્ધતિના ઉપયોગ વખતે ધ્યાનમાં લેવાની બાબતો :**

- પ્રવાસ પદ્ધતિનો સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં ઉપયોગ કરતી વખતે નીચે જેવી બાબતો ધ્યાનમાં લેવી જોઈએ :

૧〉 પ્રવાસનું આયોજન કાળજીપૂર્વક કરવું, જેથી પ્રવાસ દરમિયાન કોઈ મુશ્કેલી ઊભી ન થાય.

૨〉 પ્રવાસ પદ્ધતિનો સામાજિક વિજ્ઞાનમાં ઉપયોગ કરતાં પ્રવાસ, પ્રવાસનો માર્ગ, સાધનો, રાત્રી રોકાણ વગેરે અંગેની સાચી માહિતી વિદ્યાર્થીઓને આપવી જોઈએ.

૩〉 પ્રવાસ કાર્યક્રમ તૈયાર કરી વિદ્યાર્થીઓને આપી દેવો જોઈએ, જેથી વાલીઓને કાર્યક્રમની જાણ થાય. દિવસ પ્રમાણે કાર્યક્રમ તૈયાર કરવો.

૪〉 વિદ્યાર્થીઓની સંખ્યા નક્કી થયા પછી બેઠક વ્યવસ્થા નક્કી કરી દેવી જોઈએ વધુ બસ હોય તો બસ નંબર આપી દેવા. કઈ બસમાં બેઠક નંબર છે તેની માહિતી વિદ્યાર્થીઓને આપવી.

૫〉 બસ પ્રમાણે વિદ્યાર્થીઓના નંબર પ્રમાણે યાદી તૈયાર કરવી.

૬〉 પ્રવાસના સ્થળના નિરીક્ષણ અંગે અગાઉથી માહિતી આપવી.

૭〉 પ્રવાસ પછી કરવાના અનુકાર્યની જાણ વિદ્યાર્થીઓને કરવી.

૮〉 પ્રવાસમાં સાથે લાવવાની વસ્તુઓ અંગેની યાદી વિદ્યાર્થીઓને જણાવવી.

૯〉 પ્રવાસમાં લેવાની કાળજી અંગે, તેમજ જરૂરી નોંધ કરવાની બાબત અંગે સમજ આપવી.

**(૫) પ્રદર્શન પદ્ધતિ :**

**(૧) પ્રસ્તાવના :**

- વર્તમાન સમયમાં ચાર દિવાલની વચ્ચે આપવામાં આવતું શિક્ષણ કાર્ય વિદ્યાર્થીઓને કંટાળાજનક લાગે છે. એક જ ધારું શિક્ષણકાર્ય વર્ગમાં થાય છે. કોઈ ખાસ અનુભવો વિદ્યાર્થીઓને પ્રાપ્ત થતાં નથી. કોઈ ખાસ ક્રિયા વિદ્યાર્થીઓને કરવાની હોતી નથી. શિક્ષક વર્ગમાં આવે છે કોઈ એકમ ઉપર ચર્ચા કરે છે. એકમ પૂર્ણ કરે છે. આમાં વિદ્યાર્થીઓની કોઈ ભાગીદારી, સક્રિયતા કે કાર્ય થતું નથી. વિદ્યાર્થીઓ ખાસ કોઈ જ્ઞાન પ્રાપ્ત કરતા નથી.
- વર્તમાન સમયમાં એવી કોઈ ખાસ પદ્ધતિની જરૂર છે જે વિદ્યાર્થીઓને સક્રિય રાખે, ક્રિયાશીલ રાખે, ભાગીદાર બનાવે વગેરે પ્રવૃત્તિઓ મળે તો જ સક્રિય રહે છે. વિદ્યાર્થીઓ વર્ગમાં નિષ્ક્રિય રીતે બેસી રહે છે. કોઈ પ્રવૃત્તિ મળતી નથી, કંઈક પ્રવૃત્તિ મળી રહે, સક્રિય રહે, ભાગીદાર બને તો જ વિદ્યાર્થીઓ જ્ઞાન પ્રાપ્ત કરે છે. વર્તમાન સમયમાં પ્રદર્શન પદ્ધતિનો વિકાસ થયો છે. એકમને અનુલક્ષીને ચિત્રો મૂકવાંમાં આવે તેને નિહાળીને વિદ્યાર્થીઓ એકમ અંગે માહિતી મેળવે.
- વિદ્યાર્થીઓને એકમ અંગેની માહિતી નિહાળવાથી જેમાંથી જ્ઞાન પ્રાપ્ત થાય તે પ્રદર્શન કહી શકાય. હાલમાં પ્રદર્શનની ખાસ જરૂરી છે. વિદ્યાર્થીઓને સક્રિય બનાવવા માટે, ભાગીદાર બનાવવા માટે પ્રદર્શનની જવાબદારી વિદ્યાર્થીઓને આપીને સક્રિય બનાવી શકાય છે.
- સામાજિક વિજ્ઞાનના શિક્ષણમાં પ્રદર્શન એ એક અસરકારક સાબિત થાય તેમ છે. 'ઈતિહાસને

લગતી તમામ સામગ્રી કોઈ એક યા વધુ ખંડોમાં વિભાગવાર પ્રદર્શિત કરવાની પ્રક્રિયાને ઈતિહાસનું પ્રદર્શન કહી શકીએ.' આપણી દરેક શાળામાં પ્રદર્શન ખંડ હોવો જોઈએ, નહીં તો સંગ્રહ સ્થાન ખંડમાં જ પ્રદર્શનની કાયમી વ્યવસ્થા રાખી શકાય.

- પ્રદર્શન એવી પદ્ધતિ છે કે એક જ વિષયને લગતી તમામ સાધન સામગ્રીનું દર્શન એક જ જગ્યાએ થાય છે. આને પ્રયુક્તિ પણ કહે છે.
- પ્રદર્શનનો નાના મોટા શહેરમાંય ઠીક ઠીક ભરાતા હોય છે. દા.ત. વિશ્વ પ્રદર્શન, રાષ્ટ્ર પ્રદર્શન, કલા પ્રદર્શન, સુશોભન પ્રદર્શન, હોબી પ્રદર્શન, ચિત્ર પ્રદર્શન શિલ્પ પ્રદર્શન વગેરે જેવાં વિવિધ પ્રકારનાં નાના મોટા પ્રદર્શનો ભરાતાં હોય છે. આવા પ્રદર્શનો એ શાળા બહારના પ્રદર્શનો ગણાય. જાહેરાતના હેતુ માટે મોટે ભાગે આવા પ્રદર્શનો ભરાતાં હોય છે.
- શાળા કક્ષાએ ભરાતાં પ્રદર્શનોએ વિદ્યાર્થીઓને તાલીમ અને જ્ઞાન આપવા માટે ભરાતાં હોય છે. પ્રદર્શનો વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર થતાં હોય છે. પ્રદર્શનની તૈયારી કરવાની, પ્રદર્શન ભરવાની અને જોવાની તાલીમ અપાય તો મોટા થઈને વિવિધ પ્રદર્શનો સારી રીતે જોઈ શકે.

– શાળામાં ભરાતાં પ્રદર્શન પણ વિવિધ પ્રકારનાં હોય છે. શાળામાં ભરાતાં પ્રદર્શનમાં શાળાના બધા વિદ્યાર્થીઓનો સહયોગ હોય છે. આવું પ્રદર્શન દરેક શાળા વર્ષમાં એક કે બે વાર ભરી શકે.

- શાળામાં કોઈ વિશિષ્ટ દિવસની ઉજવણી વખતે આવું પ્રદર્શન ભરી શકે. વર્ગવાર પ્રદર્શન ગોઠવી શકાય જેમાં દરેક વર્ગ પોતાની કૃતિઓ રજૂ કરે છે. દરેક વર્ગખંડમાં પોતપોતાનું પ્રદર્શન હોય, જેમાં તમામ પ્રકારની સામગ્રી હોય.
- ત્રીજા પ્રકારનું પ્રદર્શન વિષયવાર હોય છે.

(૨) **પ્રદર્શનનો અર્થ :**

- કોઈ પણ સામગ્રીને એક કે વધુ ખંડોમાં વિભાગવાર પ્રદર્શિત કરવાની ક્રિયાને પ્રદર્શન તરીકે ઓળખવામાં આવે છે.
- ધ્યાનપૂર્વક અને રસપૂર્વક જોવા જેવી સામગ્રી અને તેને નિહાળવાની ક્રિયાને પ્રદર્શન કહે છે.
- કોઈ પણ સામગ્રીને જાહેરમાં આકર્ષક રીતે પ્રદર્શિત કરવામાં આવે ત્યારે અહીં પ્રદર્શન ભરાયું છે એમ કહેવાય છે.
- એકમને ધ્યાનમાં રાખી પ્રદર્શનની સામગ્રી તૈયાર કરવામાં આવે અને તેના દ્વારા અધ્યયન પ્રક્રિયા યોજવામાં આવે તેને પ્રદર્શન પદ્ધતિ તરીકે ઓળખવામાં આવે છે.
- સામાન્ય રીતે પ્રદર્શનનું આયોજન એક બાબતની વિવિધતા દર્શાવવા માટે યોજાય છે. દા.ત. – શાળાઓમાં ચિત્ર પ્રદર્શન, કલા પ્રદર્શન, પુસ્તક પ્રદર્શન, વિજ્ઞાન પ્રદર્શન, કૃષિ પ્રદર્શન વગેરે પ્રદર્શનનો યોજાતા નથી, પરંતુ આ પ્રકારના પ્રદર્શનમાં માત્ર નિહાળવાની કે જોવાની ક્રિયા સિવાય અન્ય કોઈ કામગીરી કરવાની હોતી નથી, પરંતુ જ્યારે શાળાકીય વિષયને લગતાં પ્રદર્શન યોજવામાં આવે ત્યારે તેમાં ચોક્કસ ધ્યેયો હોય છે અને એ ધ્યેયોની પરિપૂર્ણતા માટે કેટલીક કામગીરી કરવાની હોય છે.
- વિષય શિક્ષણ માટે તેના કોઈ એકભાગ માટે આયોજનપૂર્વક પ્રદર્શન યોજવામાં આવે ત્યારે વિશેષ કરીને શિક્ષણનાં હેતુઓ સિદ્ધ થાય તે માટે ખાસ કાળજી રાખવામાં આવે છે. પ્રદર્શન દ્વારા શિક્ષણ એ વર્તમાન સમયનો નવો અભિગમ છે.
- કોઈ એક એકમને ધ્યાનમાં રાખી ગોઠવેલ સામગ્રીને પ્રદર્શન કહી શકાય.
- કોઈ એક એકમને ધ્યાનમાં રાખી, શૈક્ષણિક હેતુ સિદ્ધ કરતી સામગ્રી, એકમને સ્પષ્ટ કરતી સામગ્રીને પ્રદર્શન કહી શકાય.

- કોઈ એક એકમના હેતુ સ્પષ્ટતા માટે સ્પષ્ટ કરતી સામગ્રીને પ્રદર્શન કહી શકાય.
- પ્રદર્શનમાં એકમને ધ્યાનમાં રાખી સામગ્રી મૂકેલ છે, તે જોવાથી વિદ્યાર્થીઓમાં એકમ અંગેની સ્પષ્ટતા થાય છે.
- શાળાના કોઈ એક ખંડમાં ચાર્ટ, ચિત્રો, આકૃતિઓ, નકશાઓ, આલેખો, આલ્બમ, ફોટોગ્રાફ, નમૂનાઓ, શૈક્ષણિક સાધનો વગેરે વ્યવસ્થિત રીતે મૂકેલાં હોય એવી વ્યવસ્થિત અને યોગ્ય રજૂઆતને પ્રદર્શન કહે છે.
- કોઈ એક એકમને ધ્યાનપૂર્વક જોવા જેવી સામગ્રીને કોઈ એક વર્ગખંડમાં વ્યવસ્થિત રીતે ગોઠવીને વિદ્યાર્થીઓને ધ્યાનથી નિહાળવાની તક આપી વર્ગમાં તે એકમની ચર્ચા પ્રશ્નો દ્વારા કરીને વિદ્યાર્થીઓને એકમનું વિષયવસ્તુ શીખવવામાં આવે તે પદ્ધતિને પ્રદર્શન પદ્ધતિ કહે છે.
- સામાજિક વિજ્ઞાનાન એકમોને લગતી તમામ સામગ્રી કોઈ એકથી વધુ ખંડોમાં વિગતવાર પ્રદર્શિત કરવાની પ્રક્રિયાને સામાજિક વિજ્ઞાનનું પ્રદર્શન કહી શકાય. માહિતીને અમુક એકમ કે પેટા એકમ પ્રમાણે વિભાજિત કરીને મૂકવાંમાં આવે છે.
- વિષયવસ્તુને ધ્યાનમાં રાખી કોઈ પણ વ્યક્તિ, સંસ્થા કે વિષયાંગને અનુરૂપ તમામ સામગ્રીને એક કે વધુ ખંડોમા વિગતવાર પ્રદર્શિત કરવાની પ્રક્રિયાને પ્રદર્શન કહે છે.
- શૈક્ષણિક હેતુઓને ધ્યાનમાં રાખી પ્રદર્શનની સામગ્રી તૈયાર કરી, વિદ્યાર્થીઓને અવલોકન કરાવીને તેના દ્વારા શિક્ષણકાર્ય કરવામાં આવે તેને પ્રદર્શન પદ્ધતિ કહેવાય.
- અંગ્રેજીમાં પ્રદર્શન માટે exhibition શબ્દ વપરાય છે. તેઓ અર્થ અંગ્રેજી–ગુજરાતી કોશ પ્રમાણે જાહેરમાં બતાવવું તે પ્રદર્શન આપેલ છે. જાહેરમાં મૂકવું વિદ્યાર્થીઓ જોઈ શકે તે રીતે મૂકવું તે પ્રદર્શન કહી શકાય.
- પ્રદર્શન એટલે... હુન્નર, વિદ્યા, કલા, વિષયવસ્તુની માહિતી વગેરે દશ્યોને જાહેરમાં જોવા મૂકવાંની યોજનાઓનું આયોજન કરવાની કળા.

***– સાર્થ ગુજરાતી જોડણી કોશ***

- 'શિક્ષકના નિરીક્ષણ હેઠળ વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર થયેલ કે અન્ય રીતે પ્રાપ્ત કરેલ પ્રદર્શન સામગ્રી વગેરેના પ્રદર્શનના અવલોકન પર આધારિત વર્ગ વ્યવહાર દ્વારા એકમનું શિક્ષણકાર્ય કરવામાં આવે તેને પ્રદર્શન પ્રયુક્તિ કહે છે.'

***– હકસલી રોનાલ્ડ***

- આમ પ્રદર્શન પદ્ધતિ એટલે..
  - વર્ગમાં એકમને લગતી સામગ્રીને જોઈને જ્ઞાન મેળવવું.
  - સામગ્રીનું અવલોકન કર્યા બાદ પ્રશ્નોના જવાબ આપીને જરૂરી સમજ કેળવવી.
  - સામગ્રીનું અવલોકન કરવું, પ્રશ્નોત્તરી કરવી, ચર્ચા કરવી, સમજ પ્રાપ્ત કરી જ્ઞાન મેળવવું તે પ્રદર્શન.
  - કોઈ એકમને ધ્યાનમાં રાખી માહિતીનું અવલકોન કરી, જ્ઞાન મેળવવાની જે પ્રક્રિયા કરવામાં આવે છે તેને પ્રદર્શન પદ્ધતિ કહી શકાય.

**(૩) પ્રદર્શન પદ્ધતિની લાક્ષણિકતાઓઃ**

- પ્રદર્શન પદ્ધતિની લાક્ષણિકતાઓ નીચે મુજબ ગણાવી શકાય :

**૧) એકમ આધારિત પદ્ધતિ :**

★ કોઈ પણ એકમ પસંદ કરી તેના પેટા મુદ્દાઓને પસંદ કરીને તેના સંદર્ભમાં દશ્ય સામગ્રી તૈયાર

કરીને પ્રદર્શન ગોઠવવામાં આવે છે. કોઈ એક ચોક્કસ એકમને ધ્યાનમાં રાખીને પ્રદર્શન પદ્ધતિનો ઉપયોગ કરી શકાય છે.

૨) **હેતુની સ્પષ્ટતા :**

★ કોઈ પણ કાર્યનો ચોક્કસ હેતુ હોય છે. પ્રદર્શનનો હેતુ વિદ્યાર્થીઓ અવલોકન કરીને જ્ઞાન પ્રાપ્ત કરે. શિક્ષણ મેળવવા માટેના પ્રદર્શનમાં કોઈ એકમને સરળતાથી, દશ્ય સામગ્રી દર્શાવીને શીખવવાનો હેતુ હોય છે. આમ હેતુની સ્પષ્ટતા પ્રદર્શન પદ્ધતિમાં જોવા મળે છે.

૩) **વિવિધ અધ્યયન અનુભવો :**

★ પ્રદર્શન પદ્ધતિ દ્વારા વિવિધ અધ્યયન અનુભવો પ્રાપ્ત થાય છે. વિવિધ અનુભવો પ્રદર્શન દ્વારા પ્રાપ્ત થાય છે.

૪) **વિવિધ સામગ્રી :**

★ પ્રદર્શન પદ્ધતિમાં વિવિધ પ્રકારની સામગ્રી રજૂ કરવામાં આવે છે. દા.ત. – નમૂનાઓ, ચાર્ટ, ચિત્રો, આલેખ, નકશાઓ સમયરેખા વગેરે વિવિધ સામગ્રી પ્રદર્શનમાં મૂકવાંમાં આવે છે.

૫) **સક્રિય પદ્ધતિ :**

★ પ્રદર્શન પદ્ધતિમાં વિદ્યાર્થીઓને સક્રિય રાખે છે. પ્રદર્શનનું આયોજન કરવું, સામગ્રી તૈયાર કરવી, સામગ્રી ગોઠવવી, સમજાવવામાં, વિદ્યાર્થીઓનો સહકાર લેવામાં વગેરે. આ પદ્ધતિ વિદ્યાર્થીઓને સક્રિય રાખે છે.

૬) **અર્થઘટન શક્તિનો વિકાસ :**

★ પ્રદર્શનનું અવલોકન કરીને એકમના વિષયવસ્તુનું અર્થઘટન વિદ્યાર્થીઓને કરાવવું પડે છે. પ્રદર્શનનું અવલોકન કરીને પ્રશ્નોત્તરી દ્વારા ચર્ચા કરવામાં આવે છે, જેથી પ્રદર્શન પદ્ધતિ દ્વારા અર્થઘટન શક્તિનો વિકાસ થાય છે.

૭) **સર્વગ્રાહી શિક્ષણ પદ્ધતિ :**

★ પ્રદર્શન દ્વારા વિદ્યાર્થીઓ એકમ અંગેનું સર્વગ્રાહી શિક્ષણ કરી શકે છે. વિવિધ સામગ્રીના અવલોકન દ્વારા એકમના સમગ્ર પાસાંને આવરી લેવામાં આવે છે. પ્રદર્શન દ્વારા વિવિધ અધ્યયન અનુભવો પ્રાપ્ત થાય છે.

૮) **વિવિધ જોવા માટેની સામગ્રી :**

★ પ્રદર્શનમાં જે બાબત જોઈ નથી તેવી બાબતો મૂકવાંમાં આવે છે. વિષયવસ્તુને લગતી કેટલીક નવીન માહિતી મૂકેલ હોય છે. વિવિધ અનુભવો વિદ્યાર્થીઓ પ્રાપ્ત કરે છે.

૯) **વિષયવસ્તુનું વિભાગીકરણ :**

★ એકમના પેટા વિભાગો પ્રમાણે વિભાગીકરણ કરીને પ્રદર્શન ગોઠવવામાં આવે છે. આથી વિદ્યાર્થીઓને વિવિધ અનુભવો પ્રાપ્ત થાય છે.

૧૦) **સુંદર રજૂઆત :**

★ પ્રદર્શનની ગોઠવણીમાં જરૂરી સુશોભન કરીને સુંદર રીતે મૂકવાંમાં આવે છે, જેથી વિદ્યાર્થીઓને પ્રદર્શન જોવામાં વધુ રસ પડે છે.

૧૧) **જરૂરી માર્ગદર્શન :**

★ પ્રદર્શન જોવા માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવે છે. ઘણીવાર લેખિતમાં જોવાની માહિતી અંગે સૂચનો મૂકવાંમાં આવે છે, જેથી પ્રદર્શન જોવામાં કાળજી રાખી માહિતી જોવે.

૧૨) **જાહેર પ્રક્રિયા :**

★ પ્રદર્શન જાહેરમાં ગોઠવવામાં આવે છે. વિષયને લગતું પ્રદર્શન શાળાના કોઈ એક ખંડમાં

મૂકવાંમાં આવે છે, પ્રદર્શન શાળાના બધા જ વિદ્યાર્થીઓ અને શિક્ષકો જોઈ શકે છે.

(૪) **પ્રદર્શનપદ્ધતિનું મહત્ત્વઃ**

● પ્રદર્શન પદ્ધતિનું મહત્ત્વ નીચે મુજબ ગણાવી શકાય :

૧) **પ્રત્યક્ષ તક મેળવવા :**

* વિષય શિક્ષણની એક સાથે ઘણી બધી બાબતોનો પ્રત્યક્ષ જોવાની તક મેળવવા માટે પ્રદર્શન જરૂરી છે.

૨) **અર્થઘટન શક્તિ વિકસાવવા :**

★ પ્રદર્શનમાં વિષયને લગતી વિવિધ બાબતો રજૂ કરવામાં આવે છે. પ્રદર્શનમાં જોયેલી બાબતોના આધારે અર્થઘટન શક્તિ વિકસાવવા જરૂરી છે.

૩) **સમૂહમાં કાર્ય કરવાની તક મેળવવા :**

★ પ્રદર્શન તૈયાર કરવામાં સમૂહમાં કાર્ય કરવું પડે છે. વિદ્યાર્થીઓમાં સમૂહમાં કાર્ય કરવાની તક મળે તે માટે જરૂરી છે.

૪) **પરસ્પરના સહકારના ગુણ વિકસાવવા :**

★ વિદ્યાર્થીઓ સમૂહમાં કાર્ય કરે છે, તેનાથી પરસ્પર ગુણો વિકસાવવા માટે પ્રદર્શન જરૂરી છે.

૫) **સુષુપ્ત શક્તિ વિકસાવવા :**

★ પ્રદર્શનની ગોઠવણ, સજાવટ અને સુંદર ગોઠવણી લાવવામાં તથા તેને કલાત્મક બનાવવામાં વિદ્યાર્થીઓમાં પડેલી સુષુપ્ત શક્તિનો વિકાસ કરવા જરૂરી છે.

૬) **નેતાગીરીના ગુણનો વિકાસ :**

★ પ્રદર્શન ગોઠવવા માટે જવાબદારીનું વિભાજન કરવું પડે છે. જૂથ રચનાને કારણે નેતાગીરીની તાલીમ મળે છે, તે અંગેના ગુણોનો વિકાસ કરવા જરૂરી છે.

૭) **આયોજનના ગુણો વિકસાવવા :**

★ પ્રદર્શન તૈયાર કરવામાં આયોજન કરવું પડે છે. એકમ પ્રમાણે જુદાં જુદાં વિભાગ રાખવા પડે છે, તેની તૈયારી કરવી, ચાર્ટ તૈયાર કરવા, બહારથી લાવવા ગોઠવણી કરવી, સજાવટ કરવી વગેરે જેવા ગુણો વિકસવવા પ્રદર્શન જરૂરી છે. પ્રદર્શનનું આયોજન કરવાથી ચોકસાઈના ગુણો વિકસાવવા જરૂરી છે. સમયપાલનની તાલીમ પણ મળે છે. આયોજન કરવાની ટેવ પણ પડે છે.

૮) **વિષયમાં રસ લેતા કરવા :**

★ સામાજિક વિજ્ઞાન કંટાળાનો વિષય છે. તે વિષયમાં રસ લેતા કરવા વિદ્યાર્થીઓને પ્રદર્શનની જવાબદારી આપીને વિષયમાં રસ લેતા કરી શકાય. પ્રદર્શનનું આયોજન કરવાથી સામાજિક વિજ્ઞાનમાં રસ લેતા થાય છે.

૯) **વિવિધ કૌશલ્યો વિકસાવવા :**

★ વિદ્યાર્થીઓએ સામાજિક વિજ્ઞાન વિષયમાં પ્રદર્શન કરવા માટે આયોજન કરવું પડે છે, આયોજન કરવામાં વિવિધ કૌશલ્યોની જરૂર પડે છે. પ્રદર્શનની તૈયારી, ગોઠવણી, સજાવટ, બનાવટ, સમયપાલન, ચોકસાઈ, ધીરજ, ખંત, સમૂહભાવના વગેરે જેવા વિવિધ કૌશલ્યોનો વિકાસ કરવા જરૂરી છે.

૧૦) **અનુબંધ વિકસાવવા :**

★ વિદ્યાર્થીઓ એક વિષય સાથે બીજાં વિષયનો અનુબંધ સાધી શકે તે માટે જરૂરી છે. દા.ત.– ગ્રાહક સુરક્ષા, વાહન વ્યવહાર, સંદેશાવ્યવહાર, ઉદારીકરણ, વૈશ્વિકીકરણ, સામાજિક

સમસ્યાઓ, સામાજિક પરિવર્તન, આપત્તિ વ્યવસ્થાપન વગેરે જેવા એકમો માટે અનુબંધ બાંધી એક વિષય સાથે બીજા વિષયનો અનુબંધ બાંધી સમજાવવા જરૂરી છે.

**૧૧〉 સંપની ભાવના વિકસાવવા :**

★ પ્રદર્શનનું આયોજન કરવામાં જૂથ રચના કરવી પડે છે. જૂથ રચનાને કારણે સંપનો વિકાસ થાય છે. એકબીજા પ્રત્યે સહકારની ભાવના વધે છે.

**૧૨〉 ક્રિયત્મક શક્તિ વિકસાવવા :**

★ વિદ્યાર્થીઓ પાસે વિવિધ શક્તિઓ પડે છે. પ્રદર્શન દ્વારા વિદ્યાર્થીઓમાં ક્રિયાત્મક શક્તિ વિકસાવવા જરૂરી છે.

**૧૩〉 નાગરિકના ગુણો વિકસાવવા :**

★ પ્રદર્શનનું આયોજન કરવામાં વિવિધ કૌશલ્યનો વિકાસ થાય છે. વિદ્યાર્થીને એક સારા નાગરિક બનાવવામાં મદદરૂપ થાય છે. એકબીજા સાથે સંપ અને સહકારથી કામ કરવું. એકબીજાને મદદરૂપ થવું, જવાબદારી ઉપાડવી વગેરે. કુટુંબમાં પણ વિદ્યાર્થી મદદરૂપ થવા માટે શક્તિમાન બને છે.

**(૫) પ્રદર્શન પદ્ધતિની મર્યાદાઓ :**

– પ્રદર્શન પદ્ધતિના કેટલાંક ફાયદાઓ હોવાં છતાં તેની કેટલીક મર્યાદાઓ જોવા મળે છે :

**૧〉 મતભેદ થવાની શક્યતા :**

★ પ્રદર્શન ગોઠવવામાં ક્યારેક મતભેદ થવાની શક્યતા રહેલી છે. પ્રદર્શનના આયોજન કરવામાં એકબીજા પ્રત્યે સહકારની ભાવના ન હોય તો મતભેદો ઉભા થાય છે.

**૨〉 જવાબદારીનું અયોગ્ય વિભાજન :**

★ વિદ્યાર્થીઓનું જૂથ વિભાજન પ્રદર્શન માટે કરવું પડે છે. જૂથ વિભાજનમાં પૂરતી કાળજી રાખવામાં ન આવે તો મતભેદો ઊભા થાય છે. ક્યારેક સંઘર્ષ પણ ઊભો થાય છે.

**૩〉 નેતા પ્રિય ન હોય :**

★ જૂથમાં જેને નેતાગીરીની જવાબદારી આપવામાં આવેલ છે તે પ્રિય ન હોય કે અન્ય પાસે કામ લેવાની આવડત ન હોય તો આ પદ્ધતિ દ્વારા કાર્ય કરવું મુશ્કેલરૂપ બને છે. નેતામાં આવડત હોવી જરૂરી છે.

**૪〉 પૂરતી સામગ્રીનો અભાવ :**

★ શાળામાં પ્રદર્શન માટે એકમ પ્રમાણે પૂરતી સામગ્રીનો અભાવ હોય છે. પૂરતી સામગ્રીના અભાવને કારણે, પ્રદર્શનનું આયોજન કરવું મુશ્કેલરૂપ બને છે.

**૫〉 ભૌતિક સગવડતાનો અભાવ :**

★ પૂરતી સામાગ્રીની સાથે ભૌતિક સગવડતા ન હોય તો પણ પ્રદર્શન ગોઠવવું મુશ્કેલરૂપ બને છે.

**૬〉 શિક્ષકને રસનો અભાવ :**

★ પ્રદર્શન ગોઠવવા માટે શિક્ષકની જવાબદારી વધે છે. વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન આપવું પડે છે. શિક્ષકને પૂરતો રસ હોય તો જ શક્ય બને છે. શિક્ષક આળસુ હોય તો આ પદ્ધતિ નિષ્ફળ નિવડે છે.

**૭〉 વિદ્યાર્થીમાં નેતાગીરીનો અભાવ :**

★ પ્રદર્શન ગોઠવવા માટે વિદ્યાર્થીમાં નેતાગીરીના ગુણો હોવાં જરૂરી છે, ગુણ ન હોય તો અન્ય વિદ્યાર્થી પાસેથી કાર્ય ન કરાવી શકે.

**૮〉 રસનો અભાવ :**

★ શાળાના આચાર્ય, અન્ય શિક્ષકો કે સંચાલક મંડળ, કેળવણી ખાતું એમાં રસ લેતું નથી. રસના અભાવે પ્રદર્શન ભરવામાં મુશ્કેલી ઊભી થાય છે.

**૯〉 અભ્યાસક્રમ પૂરો ન થાય :**

★ વધુ સમય જતો હોવાંથી અભ્યાસક્રમ પૂરો કરવામાં મુશ્કેલી ઊભી થાય છે.

**(૬) પ્રદર્શન પદ્ધતિના ઉપયોગ વખતે ધ્યાનમાં રાખવાની બાબતો :**

● પ્રદર્શન પદ્ધતિના ઉપયોગ વખતે નીચેની બાબતો ધ્યાનમાં રાખી આયોજન વિચારવું જોઈએ :

**૧〉 જૂથ વિભાજન :**

★ પ્રદર્શન યોજવામાં સમય પહેલાં જૂથ વિભાજન કરવામાં આવે અને જે તે જૂથને કરવાની કામગીરી સ્પષ્ટ વહેંચણી કરવામાં આવે. જૂથ વિભાજન યોગ્ય હોવું જોઈએ.

**૨〉 વિષયવસ્તુના શૈક્ષણિક મુદ્દાની સ્પષ્ટતા :**

★ કયાં એકમ માટે પ્રદર્શન ગોઠવવું છે, તે માટેના ચાર્ટ તૈયાર છે કે કેમ ? ચાર્ટ બનાવવાના છે ? બહારથી લાવવાના છે ? બજેટની વ્યવસ્થા છે કે કેમ ? વગેરે બાબતો વિચારવી પડે છે.

**૩〉 અવલોકનની માહિતી :**

★ વિદ્યાર્થીઓએ પ્રદર્શન કઈ રીતે જોવાનું છે તે અંગેની સ્પષ્ટતા સૂચના આપેલ હોવી જોઈએ.

**૪〉 જરૂરી નોંધ :**

★ પ્રદર્શનમાંથી જોયેલ બાબતની નોંધ કરવાની પણ વિદ્યાર્થીઓને જરૂરી સૂચના આપવી જોઈએ.

**૫〉 પ્રદર્શનમાં વિભાગો નક્કી કરવા :**

★ પ્રદર્શનમાં કેટલાંક વિભાગો રાખવા તે અગાઉથી આયોજન વિચારી રાખવું જોઈએ. કયા વિભાગમાં કઈ બાબત મૂકવી તે સ્પષ્ટ કરી દેવું જોઈએ.

**૬〉 પ્રદર્શન અંગેની સંપૂર્ણ માહિતી વિદ્યાર્થીઓને આપવી :**

★ પ્રદર્શનમાં મૂકેલી માહિતી અંગે વિદ્યાર્થીઓને સંપૂર્ણ માહિતી આપવી જોઈએ. પ્રદર્શન જોવાની, નોંધ કરવાની, ચર્ચા કરવાની વગેરે સ્પષ્ટતા કરવી.

**૭〉 ચર્ચા સભા :**

★ પ્રદર્શન જોયા પછી ચર્ચા સભા રાખવી જોઈએ, જેથી વિદ્યાર્થીઓ પ્રદર્શન રસપૂર્વક જુએ, જરૂરી નોંધ પણ કરે, ચર્ચા સભાની માહિતી અગાઉથી આપવી.

**૮〉 નેતાની પસંદગી :**

★ પ્રદર્શન માટે જૂથના નેતાની પસંદગી યોગ્ય હોવી જોઈએ. સફળતાનો આધાર નેતા છે. નેતા પ્રિય હોવો જોઈએ. હોશિયાર અને અન્ય પાસેથી કામ લેવાની આવડત હોવી જોઈએ.

**(૭) પ્રદર્શન પદ્ધતિનો વર્ગશિક્ષણમાં વિનિયોગ :**

– એકમ : આપત્તિ વ્યવસ્થાપન સામાજિક વિજ્ઞાન ધોરણ –૯

**૧〉 પ્રદર્શન ગોઠવણી માટે નીચેની સામગ્રી તૈયાર કરવામાં આવે :**

૧} આપત્તિ વ્યવસ્થાપનનો અર્થ

૨} આપત્તિ ના પ્રકાર

૩} કુદરતી આપત્તિઓની માહિતી

૪} માનવ સર્જિત આપત્તિની માહિતી

૫}	આપત્તિ વખતે શું કરવું

૬}	આપત્તિ વખતે શું ન કરવું

**૨〉 પ્રદર્શનની ગોઠવણી માટે નીચેના વિભાગો પ્રમાણે ગોઠવણી કરવામાં આવે :**

૧}	કુદરતી આપત્તિઓ

(૧) પૂર (૨) વાવાઝોડું (૩) ત્સુનામી

(૫) ભૂકંપ (૬) જ્વાળામુખી (૭) દાવાનળ

૨}	માનવ સર્જિત આપત્તિઓ

(૧) આગ (૨) ઔદ્યોગિક અકસ્માત

(૩) બોમ્બ વિસ્ફોટ (૪) દુકાળ

(૫) હુલ્લડ

**૩〉 અવલોકન :**

★ વિદ્યાર્થીઓએ વિભાગ પ્રમાણે કઈ કઈ બાબતો નિહાળવાની છે અને કઈ કઈ બાબતોની નોંધ કરવાની છે તેની સ્પષ્ટ સૂચના માહિતીલક્ષી પ્રશ્નાવલી સાથે આપવી.

**૪〉 માહિતીલક્ષી પ્રશ્નાવલીના માર્ગદર્શનના પ્રશ્નો :**

૧}	કુદરતી આપત્તિઓ કઈ કઈ છે ?

૨}	માનવ સર્જિત આપત્તિઓ કઈ કઈ છે ?

૩}	કુદરતી આપત્તિ વખતે શું શું કરવું જોઈએ ?

૪}	કુદરતી આપત્તિ વખતે શું ન કરવું જોઈએ ?

૫}	માનવ સર્જિતઆપત્તિ વખતે શું શું કરવું જોઈએ ?

૬}	માનવ સર્જિત આપત્તિ વખતે શું ન કરવું જોઈએ ?

★ આ પ્રમાણે દરેક વિભાગ માટે પ્રશ્નાવલિ આપવામાં આવે.

**૫〉 ચર્ચા અને મૂલ્યાંકન :**

★ પ્રદર્શન નિહાળ્યા બાદ વર્ગખંડમાં શિક્ષક કેટલાંક પ્રશ્નો દ્વારા વિષયવસ્તુની ચર્ચા કરશે અને ચર્ચાના સમયે મહત્ત્વના મુદ્દાની કા.પા. નોંધ વિકસાવશે.

★ વર્ગમાં પ્રશ્નોત્તરી દ્વારા વ્યક્તિગત મૂલ્યાંકન થઈ શકે.

★ મૂલ્યાંકન કસોટી દ્વારા મૂલ્યાંકન કાર્ય થઈ શકે.

**(૬) પ્રોજેક્ટ પદ્ધતિ :**

**(૧) પ્રસ્તાવના :**

- શિક્ષણના ક્ષેત્રમાં આ પદ્ધતિનો સર્વ પ્રથમ ઉપયોગ કરનાર જહોન ડયૂઈ અને તેમના શિષ્ય કિલ પેટ્રિક હતા. જહોન ડ્યૂઈનો ઉપયોગિતાવાદ આ જ સિદ્ધાંતો પર આધારિત છે. આ પદ્ધતિના મૂળમાં જહોન ડ્યૂઈની શૈક્ષણિક વિચારધારા કાર્ય કરે છે. આ પદ્ધતિનો સૌથી પહેલાં યુ.એસ.એ. માં આરંભ થયો હતો.

- શિક્ષણની વર્તમાન પદ્ધતિઓમાં પ્રોજેક્ટ પદ્ધતિનું આગવું સ્થાન છે. જીવનની માફક શિક્ષણને પણ વાસ્તવિક અને વ્યવહારુ બનાવવામાં આ પદ્ધતિની ઉપયોગિતા છે. આ પદ્ધતિમાં બાળકોને વિચારપૂર્વક કાર્યો કરતાં કરતાં અનુભવો દ્વારા સાચું શિક્ષણ પ્રાપ્ત થાય છે. આ રીતે બાળકોના જ્ઞાનમાં સતત વૃદ્ધિ પણ થાય છે. આવું જ્ઞાન જીવનલક્ષી હોય છે. જીવન જીવવામાં પરિશ્રમથી મેળવેલું જ્ઞાન અત્યંત ઉપયોગી બની રહે છે. બાળક ભવિષ્યમાં પણ સ્વજીવનથી

શીખી શકે તેવી તાલીમ આપવામાં આ પદ્ધતિ મદદરૂપ થાય છે.

- શાળા એક સમાજ છે, તેથી વિદ્યાર્થી ઓને શાળામાં પણ સમાજ જેવા અનુભવો આપવાની તેમણે હિમાયત કરી. તેમણે સમાજમાં થતી પ્રવૃત્તિઓ શાળામાં કરવાની હિમાયત કરી .
- જહોન ડ્યૂઈએ ૧૯૮૬માં ચિકાગો ખાતે શિક્ષણને પ્રયોગવા માટે એક શાળા શરૂ કરી. નામ પણ કેવું ? પ્રયોગશાળા ! (Laboratory School)
- આ પ્રયોગશાળામાં પ્રોજેક્ટ પદ્ધતિનું કંઈક સ્વરૂપ તૈયાર થયું, પણ તે વખતે તેમણે પ્રોજેક્ટ પદ્ધતિ એવું નામ નહોતું આપ્યું.
- ડ્યૂઈના વિચારોને પદ્ધતિના સ્વરૂપમાં ઢાળવાનું કામ મૂર્ત સ્વરૂપ આપવાનું કાર્ય તથા એ વિચારોને વૈજ્ઞાનિક સ્વરૂપ આપી વિકસાવવાનું કાર્ય વિલિયમ હિલપેટ્રિકે કર્યું. તેણે પ્રોજેક્ટ પદ્ધતિનું નામકરણ કર્યું, ત્યારબાદ અન્ય વ્યક્તિઓ દ્વારા વિકાસ થતો ગયો.

(૨) **સંકલ્પના :**

૧) હિલ પેટ્રિક :

★ 'સામાજિક પરિસ્થિતિમાં સહૃદયતાપૂર્વક ચાલતી હેતુપૂર્ણ પ્રવૃત્તિ એ પ્રોજેક્ટ છે.'

Project is a whole hearted purposeful activity proceeding in a social environment.

૨) <u>સ્ટીવન્સન :</u>

★ 'પ્રોજેક્ટ એ કુદરતી વાતાવરણમાં રહીને થતું સમસ્યાના ઉકેલ શોધવાનું કાર્ય છે.'

Project is a problematic act carried to completion in its natural setting.'

૩) બેલાર્ડ :

★ 'શાળામાં આયાત કરેલા વાસ્તવિક જીવનનો એક નાનકડો ભાગ એટલે પ્રોજેક્ટ.'

૪) રાયબર્ન :

★ 'પ્રોજેક્ટ એ ઉદ્દેશ્યપૂર્ણ કાર્ય છે, જે સહકાર અને સદ્ભાવનાઓથી બાળક સ્વેચ્છાએ પૂર્ણ કરવાનો પ્રયત્ન કરે છે.'

A Project is a purposeful activity which is completed in a social vacum with co-operation and mutual understanding.

૫) બર્ટન :

★ 'જ્યારે બાળક પોતાને મહત્ત્વની લાગતી સમસ્યાને હલ કરવા મુક્ત અને નૈસર્ગિક વાતાવરણમાં પૂર્ણ કરે ત્યારે એ પ્રોજેક્ટ બની જાય છે.'

A Problem is a project where its resuts in doing the motor element is not what makes the activity a project but the problem solving of a practical nature accompanying the activity.

૬) થોમ્સ અને લેન્ગ :

★ 'પ્રોજેક્ટ એ સ્વૈચ્છિક પ્રવૃત્તિ છે, જેમાં રચનાત્મક અને સર્જનાત્મક પ્રયત્નો તેમજ ચોક્કસ વાસ્તવિક અને હસ્તગત પરિણામકારી વિચાર સમાયેલા છે.'

૭) પાર્કર:

★ 'પ્રોજેક્ટ એ કાર્યનો એકમ છે જેમાં વિદ્યાર્થીઓને હેતુપૂર્ણ આયોજન કરવા માટે ઉત્તરદાયિત્વ સંભાળે છે.'

A Project is a unit of activity in which pupils are made responsible for planning and purposing.

★ 'શિક્ષણની કોઈ એક સમસ્યા કે એકમને વાસ્તવિક જીવનમાં કે સ્વાભાવિક વાતાવરણમાં

રહી ઉકેલ શોધતાં શીખવતી પદ્ધતિ એ પ્રોજેક્ટ પદ્ધતિ.'

★ આમ આ પદ્ધતિ દ્વારા વિદ્યાર્થી કોઈ એક સમસ્યા કે એકમના વિવિધ પાસાંનો સમૂહમાં રહીને સહકારની ભાવના સાથે સંપૂર્ણ અભ્યાસ કરે છે.

(૩) **પ્રોજેક્ટ પદ્ધતિના સોપાન :**

● શિક્ષણકાર્ય માટે પ્રોજેક્ટ પદ્ધતિનો ઉપયોગ કરવો હોય ત્યારે શિક્ષકે નીચેના સોપાનો ધ્યાનમાં રાખવા જોઈએ :

૧〉 **યોગ્ય પરિસ્થિતિનું નિર્માણ કરવું :**

* વિદ્યાર્થીના જીવનમાં અનેક સમસ્યાઓ ઊભી થતી હોય છે. મોટાભાગની સમસ્યાઓ તેમની જરૂરિયાતોમાંથી ઊભી થતી હોય છે. જે સમસ્યા અગત્યની હોય તે સમસ્યા હાથ પર લઈ યોગ્ય પરિસ્થિતિનું નિર્માણ કરવું, આ સમસ્યાના નિર્માણ માટે શિક્ષકે વિદ્યાર્થીની જરૂરિયાત, રુચિ, પ્રવાસ, પર્યટન, ચર્ચા, ચિત્રદર્શન, પ્રશ્નો, કથન, શક્તિ અનુસાર વાતચીત વગેરે દ્વારા થઈ શકે. પરિસ્થિતિનું નિર્માણ થવાથી પ્રોજેક્ટ માટેની ઈચ્છા જાગૃત થશે.

★ દા.ત – આપત્તિ વ્યવસ્થાપન : કુદરતી આપત્તિ કઈ કઈ છે ? પ્રશ્નોત્તરી દ્વારા ચર્ચા કરી, યોગ્ય પરિસ્થિતિ ઊભી થઈ શકે. ચાર્ટ, ચિત્રો, ફિલ્મ બતાવીને પણ વાતાવરણ ઊભું થઈ શકે.

૨〉 **પ્રોજેક્ટની પસંદગી :**

★ પ્રોજેક્ટ માટેના વિષયની પસંદગી એક મહત્ત્વનું સોપાન છે. પ્રોજેક્ટની પસંદગી ઉત્સાહી શિક્ષક જાતે જ પસંદ કરે છે, જે યોગ્ય નથી. પ્રોજેક્ટ માટેની દરખાસ્ત વિદ્યાર્થીઓ તરફથી થવી જોઈએ. પ્રોજેક્ટની પસંદગીમાં નીચેની બાબતો ધ્યાનમાં લેવી :

૧} પ્રોજેક્ટ વિદ્યાર્થીઓની જરૂરિયાતોમાં જ ઉદ્ભવવો જોઈએ.

૨} પ્રોજેક્ટનો વિષય પડકારરૂપ હોવો જોઈએ, તે અતિ સહેલો કે અતિ કઠિન ન હોવો જોઈએ.

૩} વિદ્યાર્થીઓના વ્યક્તિગ તફાવતોને સમાવી લે તેવો હોવો જોઈએ.

૪} વિષય વાસ્તવિક જીવન સાથે અનુબંધિત હોવો જોઈએ.

૫} પ્રોજેક્ટ નિશ્ચિત સમયગાળામાં પૂર્ણ થઈ શકે તેવો હોવો જોઈએ.

૬} પ્રોજેક્ટ માટે જરૂરી સાધન સામગ્રી ઉપલબ્ધ હોય તેવો વિષય પસંદ કરવો જોઈએ.

૭} પ્રોજેક્ટનો વિષય રસપ્રદ હોવો જોઈએ.

૮} પ્રોજેક્ટ વિષયના ઉદ્દેશો સાથે સુસંગત હોવો જોઈએ.

૯} પ્રોજેક્ટ પસંદ કરતી વખતે ભવિષ્યમાં આવનાર મુશ્કેલીઓનો પ્રથમથી જ વિચાર કરી લેવો જોઈએ.

૧૦} વિવિધ પ્રકારની પ્રવૃત્તિ આપી શકાય તેવો પ્રોજેક્ટ પસંદ કરવો જોઈએ.

ટૂંકમાં જેનું શૈક્ષણિક મૂલ્ય હોય, જે વિદ્યાર્થીઓની વાસ્તવિક જરૂરિયાતોમાંથી જ ઉદ્ભવ્યો હોય અને એ જરૂરિયાતોને સંતોષતો હોય એવો પ્રોજેક્ટ પસંદ થવો જોઈએ.

આ પસંદગી વિદ્યાર્થીઓ દ્વારા થવી જોઈએ. અલબત્ત, વિદ્યાર્થીઓ ખોટી પસંદગી કરી બેસે તો શિક્ષકે ભાવિ મુશ્કેલીઓ અને અન્ય વિગતો અંગે માર્ગદર્શન આપી વિદ્યાર્થીઓને પુનઃવિચારણા કરવા માટે તક આપવી જોઈએ, પરંતુ આખરી પસંદગી તો વિદ્યાર્થીઓ દ્વારા જ થવી જોઈએ. દા.ત. – ગ્રાહક જાગૃતિ : ભેળસેળ કેવી રીતે થાય છે તેની માહિતી. પ્રવચન ગોઠવી, એકમની પસંદગી થઈ શકે.

૩〉 **આયોજનઃ**

★ 'પ્રોજેક્ટની સફળતાનો આધાર આયોજન પર છે. પસંદ કરેલા પ્રોજેક્ટના વિષયનો ઉકેલ શોધવા માટે સૌથી મહત્ત્વનું સોપાન આયોજન છે. આ આયોજન પણ વિદ્યાર્થીઓની સક્રિયતાથી

જ કરવાનું છે. પ્રોજેક્ટમાં પ્રવૃત્તિઓને વિશેષ સ્થાન હોવાંથી આયોજન વ્યવસ્થિત રીતે થવું જોઈએ. સામાજિક વિજ્ઞાનના શિક્ષકે પ્રોજેક્ટના આયોજન વખતે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ :

૧} હેતુઓ :

★ વિદ્યાર્થીઓને આનાથી શો લાભ થશે, તેમની કઈ શક્તિઓ ખીલશે તે નક્કી કરવું. વિદ્યાર્થીઓ શિક્ષકોના સહકારથી તે નક્કી કરે, હેતુઓમાં ફક્ત માહિતીને લગતા હેતુઓને વિચારીએ છીએ, બધા જ પ્રકારના હેતુઓને વિચાર કરવો.

★ શિક્ષક ને એકમ ઉપર પ્રોજેક્ટ હાથ ધરવાનો હોય તે એકમના પેટા મુદ્દાઓ અંગે વિચારવું જોઈએ. શિક્ષકે જે હેતુઓ જણાવ્યા હોય તે બાબત ધ્યાનમાં રાખી વિષયવસ્તુ નક્કી કરવી, જેથી હેતુની પૂર્તિ માટે કઈ કઈ બાબતો જરૂરી છે તેનો વિચાર થઈ શકે.

૩} જૂથ રચના :

★ વિષયવસ્તુને ચાર, પાંચ કે સાત જૂથોમાં વહેંચી નાંખી તે અનુસાર સમગ્ર વર્ગનાં જૂથ પાડવાં. દરેક જૂથના નેતા નક્કી કરવા. સામાજિક વિજ્ઞાનમાં જે એકમનો પ્રોજેક્ટ લેવાનો હોય તે એકમના પેટા મુદ્દા વિચાર્યા પછી તે અનુસાર જૂથ રચના કરવી, જેથી દરેક જૂથને એક એક વિષયાંગ સોંપી શકાય. વિદ્યાર્થીઓની જૂથ રચના કરતી વખતે વર્ગને ધ્યાનમાં રાખી જૂથ રચના કરવી.

૪} જૂથ કાર્યો / પ્રવૃત્તિઓ / વિદ્યાર્થીઓની પ્રવૃત્તિ :

★ પ્રોજેક્ટનો વિષય પસંદ કર્યા પછી પ્રોજેક્ટ કયા કયા અધ્યયન અનુભવો આપી શકશે. પ્રાપ્ત કરવાના હેતુઓને અનુસારીને વિદ્યાર્થીઓ કઈ કઈ પ્રવૃત્તિઓ કરશે તેનું વિગતવાર આયોજન કરવું જોઈએ. આપણે નીચેના જેવી પ્રવૃત્તિઓ દ્વારા અધ્યયન અનુભવો આપી શકીએ.

★ વાંચન સ્ક્રેપ બુક

- લેખન
- ફિલ્મ સ્ટ્રીપ જોવી
- માહિતી સંગ્રહ
- ચિત્ર કામ કરવું.
- નિરીક્ષણ
- ચર્ચા કરવી
- અવલોકન
- મોજણી કરવી
- નમૂના સંગ્રહ
- મુલાકાતો ગોઠવવી
- પ્રદર્શન ભરવું
- સાંસ્કૃતિક કાર્યક્રમો ગોઠવવા

૫} શૈક્ષણિક સંદર્ભ સામગ્રી :

★ જે સમસ્યાનો અભ્યાસ કરવાનો છે તે માટેની શૈક્ષણિક સામગ્રી ક્યાંથી મળશે તે નક્કી કરવું જોઈએ, જેમ કે :

★ પુસ્તકો નમૂના

- ચિત્રો
- વર્તમાન પત્રો
- પોસ્ટર્સ
- સ્થાનિક સંસ્થાઓ
- ચાર્ટસ
- વિશિષ્ટ અંકો
- ફિલ્મ સ્ટ્રીપ
- સ્થાનિક વ્યક્તિઓ
- નકશા
- સંગ્રહ સ્થાન
- રેડિયો સ્થાન

★ ટૂંકમાં પ્રોજેક્ટનું આયોજન કરતી વખતે નીચેના મુદ્દાઓ ખાસ ધ્યાનમાં રાખવા : — બધા જ વિદ્યાર્થીઓને શક્તિ અનુસાર કામ મળી રહેવું જોઈએ.

– બધા જ સંદર્ભો અને મુશ્કેલીઓનો અગાઉથી ખ્યાલ રાખી લેવો જોઈએ.

– ખૂબ જ મુક્ત રીતે મૌખિક ચર્ચા કરી ફેર વિચારણા અને સુધારણા કરીને પ્રોજેક્ટને સુવ્યવસ્થિત રૂપ આપવું. — વિદ્યાર્થીઓના વિવિધ યોગ્ય જૂથ પાડી કુશળતાપૂર્વક કાર્ય વહેંચણી કરવી.

– આયોજન કરવામાં શિક્ષકના વિચારો અને અનુભવ ઉપયોગી બને છે.

૪) **અમલ :**

★ આયોજન પછી અમલનો મહત્ત્વનો તબક્કો આવે છે. વિદ્યાર્થીઓ નક્કી કરેલાં આયોજન મુજબ કાર્ય શરૂ કરે છે. શિક્ષકે વિદ્યાર્થીઓ કાર્ય કરે ત્યારે માર્ગદર્શક બની રહેવાનું છે. તે પોતે કાર્ય કરવા મંડી ન પડે, બાળકો કાર્ય કરશે, કાર્ય કરતાં કરતાં તેમને અનુભવો મળશે, શિક્ષક આ સમયે બાળકોનું નિરીક્ષણ કરશે અને જરૂર જણાશે તો માર્ગદર્શન આપશે.

★ પ્રોજેક્ટના અમલ દરમિયાન એક બાબત મહત્ત્વની એ રહેશે કે દરેક જૂથ પોતાને સોંપેલાં કાર્ય પર જ કામગીરી કરશે. બીજા જૂથના કાર્યમાં વિક્ષેપ કે ખલેલ પહોંચાડશે નહીં. નક્કી કરેલા જૂથ પ્રમાણે દરેક જૂથ ભેગા થાય, ચર્ચા કરે અને બધા જૂથના સમગ્ર અહેવાલ પરથી પ્રોજેક્ટનો અહેવાલ તૈયાર કરશે.

૫) **જૂથ અહેવાલ :**

★ પ્રોજેક્ટ કાર્ય દરમિયાન વિદ્યાર્થીઓનો આખો વર્ગ ભેગો મળી પોતે એકઠી કરેલી માહિતીની આપ લે કરે છે અને તે અંગે પોતે કરેલું કામ વર્ગને બતાવે છે. રિપોર્ટ વાંચે છે અને ચર્ચા કરે છે. આ રીતે જૂથ રિપોર્ટ પ્રોજેક્ટ પદ્ધતિનું અગત્યનું અંગ બની જાય છે. જૂથ કાર્યોમાં વિદ્યાર્થીઓને જે અનુભવ થાય તે વર્ગ સમક્ષ રજૂ કરે અને આનંદ સાથેના જ્ઞાન મેળવી શકે. સુધારા વધારા થયા પછી સમગ્ર પ્રવૃત્તિના જૂથ રિપોર્ટ તૈયાર થશે.

૬) **મૂલ્યાંકન :**

★ પ્રોજેક્ટ શરૂ થાય ત્યાંથી અંત સુધી મૂલ્યાંકન સતત થતું રહે છે જેમ કે,

– પ્રોજેક્ટ ચાલે તે દરમિયાન શિક્ષક વિદ્યાર્થીની ખાસયિતો, સ્વભાવ, ખંત, સહકારની નોંધ રાખી મૂલ્યાંકન કરશે.

– વિદ્યાર્થીએ જે રચનાત્મક કાર્ય કરી નમૂના બનાવ્યા હશે તેના પરથી મૂલ્યાંકન કરશે.

– મૂલ્યાંકન કસોટીઓ જેમાં નિબંધ પ્રશ્નો, ટૂંક જવાબી પ્રશ્નો, વસ્તુલક્ષી પ્રશ્નો દ્વારા ટેસ્ટ લઈને.

– મૌખિક કસોટીઓ દ્વારા મૂલ્યાંકન

– પ્રદર્શન દ્વારા

– જૂથ નેતા દ્વારા મૂલ્યાંકન

– વિદ્યાર્થીને સ્વમૂલ્યાંકન કરવા આપી શકાય.

★ પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ શિક્ષક અને બાળકો તે વિશે વિચાર–વિમર્શ કરે. પ્રોજેક્ટના નિશ્ચિત ઉદ્દેશો કેટલે અંશે સિદ્ધ થયા છે તેની ચકાસણી કરવામાં આવે. દરેક વિદ્યાર્થી પોતે કરેલાં કાર્યની ચર્ચા કરે અને શિક્ષક તેનું મૂલ્યાંકન કરે. પ્રોજેક્ટને અંતે બાળકોએ કેટલું નવું જ્ઞાન પ્રાપ્ત કર્યું. બાળકોમાં નવાં કૌશલ્યો, વલણો કેટલાં પ્રમાણમાં કેળવાયાં અને તેમનો કેટલો વિકાસ થયો તેનું મૂલ્યાંકન કરવું જોઈએ. પ્રોજેક્ટના દરેક તબક્કે મૂલ્યાંકન થાય, ભૂલ સુધારણા થાય અને કાર્યની ગુણવત્તા વધે તથા બાળકોએ પ્રાપ્ત કરેલ જ્ઞાનનો વ્યવહારમાં ઉપયોગ કરતાં શીખે– આ બધી બાબતો લક્ષમાં લઈ શિક્ષક પ્રોજેક્ટનું મૂલ્યાંકન કરી શકે.

★ આમ છ સોપાનોમાં પ્રોજેક્ટ વહેંચી શકાય. પરિસ્થિતિ અનુસાર તેમાં ફેરફાર કરી શકાય.

(૪) **પ્રોજેક્ટ પદ્ધતિના ફાયદા :**

● આ પદ્ધતિ અનેક રીતે ઉપયોગી છે. વિદ્યાર્થીઓને પ્રવૃત્તિશીલ બનાવવામાં તેમજ વિદ્યાર્થી વર્ગની ચાર દિવાલોમાંથી બહાર જઈ શિક્ષણ મેળવી શકે. આથી આ પદ્ધતિના ફાયદા નીચે મુજબ મેળવી શકાય :

**૧〉 સ્વતંત્ર રીતે શીખવાની તક પ્રાપ્ત થાય :**

★ આ પદ્ધતિમાં વિદ્યાર્થીઓને સ્વતંત્ર રીતે શીખવાની તક પ્રાપ્ત થાય છે. વિદ્યાર્થીઓ પ્રોજેક્ટ માટે જાતે મુલાકાત લઈ માહિતી મેળવે છે.

**૨〉 વ્યક્તિગત તફાવતો સંતોષાય :**

★ વર્ગમાં વ્યક્તિગત તફાવતો પ્રમાણે કાર્ય થતું નથી, પરંતુ આ પદ્ધતિમાં વર્ગની બહાર રહી વ્યક્તિગત તફાવત પ્રમાણે કાર્ય થાય છે. આ પદ્ધતિમાં દરેક વિદ્યાર્થીની શક્તિ, રસ, વગેરે ધ્યાનમાં લઈ કાર્યો આપવામાં આવે છે, જેથી વિદ્યાર્થીઓ પોતાની શક્તિ પ્રમાણે કાર્ય કરી શકે છે.

**૩〉 શ્રમ કરવાનો આનંદ પ્રાપ્ત થાય :**

★ આ પદ્ધતિમાં વિદ્યાર્થીઓને જાતે કાર્ય કરવાનું હોય છે, જેથી વિદ્યાર્થીઓ સ્વાવલંબી, જવાબદારીનું ભાન વગેરે જેવા ગુણો વિકસે છે. વિદ્યાર્થીઓએ જાતે કાર્ય કરવાનો આનંદ પ્રાપ્ત થાય છે.

**૪〉 માનસિક શક્તિનો વિકાસ :**

★ પ્રોજેક્ટ પ્રમાણે વિદ્યાર્થીઓએ જાતે માહિતી પ્રાપ્ત કરવા માટે જવું પડે છે. સ્પષ્ટ રીતે રજૂઆત, યોગ્ય વર્ગીકરણ, નિર્ણય શક્તિ, અભિવ્યક્તિ વગેરે જેવી માનસિક શક્તિનો વિકાસ થાય છે.

**૫〉 મુક્ત રીતે જીવન જીવવાની તાલીમ મળે :**

★ આ પદ્ધતિમાં કાર્યો માટે કોઈ બંધન નથી. મુક્ત રીતે વિદ્યાર્થીઓ પોતાનું કાર્ય કરી શકે છે. જવાબદારી આવે ત્યારે કાર્ય કેવી રીતે કરવું તેની તાલીમ મળે છે. આ પદ્ધતિના ઉપયોગને કારણે મુક્ત રીતે જીવન જીવવાની તાલીમ મળે.

**૬〉 સહકારની ભાવનાનો વિકાસ :**

★ આ પદ્ધતિમાં વિદ્યાર્થીઓએ સમૂહમાં કામ કરવાનું હોય છે. સાથે રહીને કાર્ય કરવાનું હોવાંથી વિદ્યાર્થીઓમાં સહકારની ભાવનનો વિકાસ થાય છે.

**૭〉 ગોખણપટ્ટીમાંથી મુક્ત :**

★ આ પદ્ધતિમાં વિદ્યાર્થીઓને સ્વ–અધ્યયન દ્વારા જૂથમાં કામ કરવાનું હોય છે, તેથી ગોખણપટ્ટીને કોઈ અવકાશ નથી. વિદ્યાર્થીઓએ જાતે મુલાકાત દ્વારા કાર્ય કરવાનું હોય છે.

**૮〉 સ્વશિસ્તનો વિકાસઃ**

★ માહિતી પ્રાપ્ત કરવા માટે જાતે જવું પડે છે. કોઈ વ્યક્તિને મળીને માહિતી મેળવવાની હોય ત્યારે તેની સાથે કેવી રીતે વાતચીત કરવી, મળવાનો સમય વગેરે નક્કી કરવું પડે છે, જેથી વિદ્યાર્થીઓમાં આપોઆપ સ્વશિસ્ત આવે છે.

★ દા.ત. – કોઈ કંપનીના મેનેજરને મળવાનું હોય તો તેની સાથે કઈ રીતે વ્યવહાર કરવો તે પોતાની જાતે શીખે છે.

**૯〉 વિચાર અને આચારનો સમન્વય :**

★ પ્રોજેક્ટની માહિતી માટે જાતે જવું પડે છે. જે કંઈ વિચારવામાં આવે તેનો અમલ કરવાની તક મળે છે, જેથી વિદ્યાર્થીઓમાં વિચાર એ આચારનો સમન્વય થાય છે.

**૧૦〉 અધ્યયનમાં સમૃદ્ધિ :**

★ શીખવાની ક્રિયા ઝડપી બને છે, જે કંઈ શીખવાનું છે તે જાતે માહિતી મેળવી શીખવાનું છે, જેથી અધ્યયનમાં સમૃદ્ધિ થાય છે.

**૧૧〉 અભિવ્યક્તિનો વિકાસ :**

★ પ્રોજેક્ટની માહિતી માટે જાતે જવું પડે છે. જાતે રજૂઆત કરવી પડે છે, જેથી વિદ્યાર્થીઓમાં અભિવ્યક્તિનો વિકાસ થાય છે.

**૧૨〉 નેતાગીરીના ગુણનો વિકાસ :**

★ પ્રોજેક્ટની માહિતી માટે જાતે જવું પડે છે. નેતાએ શું કરવાનું છે તે જાતે જ શીખે છે, જેથી નેતાગીરીના ગુણનો વિકાસ થાય છે.

**૧૩〉 જ્ઞાન મેળવવા અન્ય માધ્યમોનો ઉપયોગ કરતાં શીખે :**

★ જ્ઞાન મેળવવાના વર્ગ સિવાય અન્ય માધ્યમો છે તેના દ્વારા કેવી રીતે જ્ઞાન મેળવી શકાય તે શીખે છે.

★ દા.ત. પુસ્તકાલય, વર્તમાનપત્રો, સામયિકો, વ્યક્તિઓ, સ્થળો, પ્રવાસ–મુલાકાત, વગેરે દ્વારા પણ જ્ઞાન મેળવી શકાય છે.

**૧૪〉 સર્જનાત્મક શક્તિનો વિકાસ :**

- વાંચન
- નકશા સર્જન
- ચિત્રો બનાવવા
- લેખન
- વાઉચર તૈયાર કરવા
- પ્રદર્શન ભરવું
- તારવણી
- ચાર્ટ બનાવવા
- આયોજન કરવું

★ આ પદ્ધતિમાં ઉપરની બાબતો જરૂરી છે, જેના કારણે વિદ્યાર્થીઓમાં સર્જનાત્મક શક્તિનો વિકાસ થાય છે.

**૧૫〉 પોતાની શક્તિના ઉપયોગની તાલીમ :**

★ પોતાની પાસે જે મર્યાદિત શક્તિ છે, તેનો વધુ સારો ઉપયોગ કેવી રીતે કરવો તેની તાલીમ મળે છે. પોતાની શક્તિ પ્રમાણે રસપૂર્વક કાર્ય કરે છે.

**(૫) પ્રોજેક્ટ પદ્ધતિની મર્યાદા :**

– પ્રોજેક્ટ પદ્ધતિની ઉપયોગિતા હોવાં છતાં કેટલીક મર્યાદાઓ પણ છે જે નીચે મુજબ છે :

**૧〉 ખર્ચાળ પદ્ધતિ :**

★ પ્રોજેક્ટ માટે ઘણી બધી સામગ્રીની જરૂરિયાત રહે છે, જે સામગ્રી શાળામાંથી ઉપલબ્ધ ન હોય તો બહારથી મેળવવી પડે છે જે સરળતાથી પ્રાપ્ત થતી નથી, તે મેળવવા માટે તેની પાછળ વધારે ખર્ચ કરવો પડે.

**૨〉 શિક્ષકનો કાર્યબોજ વધે :**

★ પ્રોજેક્ટ માટે શિક્ષકે આયોજન કરવું પડે છે, જરૂરી માર્ગદર્શન પૂરું પાડવું પડે છે. પ્રાપ્ત માહિતીનું સંકલન કરવું પડે છે, જેથી શિક્ષકનો કાર્યબોજ વધે છે.

**૩〉 વધુ સમય :**

★ પ્રોજેક્ટ કાર્ય માટે માહિતી મેળવવા માટે વધારે વખતે જવું પડે છે. આયોજન કરવું પડે છે, જેમાં સમય વધુ જાય છે.

**૪〉 સમયપત્રકમાં ફેરફાર કરવા પડે :**

★ માહિતી મેળવવા વધુ સમય જાય છે, જેના કારણે સમય પત્રકમાં ફેરફાર કરવા પડે છે, જેના કારણે અનેક મુશ્કેલી ઊભી થાય છે. સમય પત્રકમાં ફેરફારને કારણે અવ્યવસ્થા ઊભી થાય છે.

**૫〉 ફક્ત માહિતી જ મેળવે :**

★ પ્રોજક્ટનો જે વિષય પસંદ કરવામાં આવેલ હોય તેના વિશેની વિદ્યાર્થીઓ માહિતી જ ભેગી કરવા પ્રયત્ન કરે છે.

**૬〉 પૂરતા સાધનોનો અભાવ :**

★ માહિતી પ્રાપ્ત કરવા માટે શાળામાં સાધનો ન હોય તો પૂરતા પ્રમાણમાં સંપૂર્ણ માહિતી મેળવી શકાતી નથી. અલ્પ જ માહિતી મળે.

**૭〉 બધા જ એકમો માટે કાર્ય થઈ શકે નહીં :**

★ આ પ્રમાણે વિષયના બધા જ એકમો માટે કાર્ય થઈ શકતું નથી. વિષયના અમુક જ એકમો માટે કાર્ય થઈ શકે.

**૮〉 સંઘ ભાવાનાની શક્યતા :**

★ જૂના સભ્યોની વહેંચણી યોગ્ય રીતે ન થઈ હોય કે અમુક સભ્ય ઝઘડાવાળા માનસ ધરાવતા હોય તો સંઘ ભાવના ઊભી થવાની શક્યતા છે.

**૯〉 અભ્યાસક્રમ પૂર્ણ થતો નથી :**

★ માહિતી મેળવવા માટે વધુ સમય જતો હોવાંથી નિયત સમયમાં અભ્યાસક્રમ પૂર્ણ થઈ શકતો નથી.

**૧૦〉 જ્ઞાનનું સાતત્ય જળવાનું નથી :**

★ માહિતી મેળવવા માટે સળંગ ઘણીવાર સમય ન મળે તો જ્ઞાનનું સાતત્ય જે જળવાવું જોઈએ તે જળવાતું નથી.

**૧૧〉 મર્યાદિત વિદ્યાર્થીને લાભ :**

★ જે વિદ્યાર્થીએ જવાબદારી સ્વીકારી હોય તેટલા જ વિદ્યાર્થીઓને લાભ મળે છે. બાકીના વિદ્યાર્થીઓને લાભ મળતો નથી.

**(૬) પ્રોજેક્ટ પદ્ધતિને સફળ બનાવવા માટે આવશ્યક એવી કઈ કઈ બાબતો તમે ધ્યાનમાં રાખશો :**

● પ્રોજેક્ટ વિદ્યાર્થી કેન્દ્રી પદ્ધતિ છે તેથી પ્રોજેક્ટ સફળતા અને પૂર્ણતાનો આધાર વિદ્યાર્થીઓ પર જ છે.

● પ્રોજેક્ટ પદ્ધતિને સફળ બનાવવા માટે નીચેની કેટલીક બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.

**૧〉 હેતુની સ્પષ્ટતા કરવી :**

★ પ્રોજેક્ટ શા માટે તેની સમજ વિદ્યાર્થીઓને આપવી જોઈએ. હેતુની સ્પષ્ટતા થવાથી વિદ્યાર્થીઓમાં કામ કરવા માટે રસ ઉત્પન્ન થશે.

**૨〉 યોગ્ય પરિસ્થિતિનું નિર્માણ કરવું :**

★ પ્રોજેક્ટ માટે વિદ્યાર્થીઓ તૈયાર થાય તે માટે યોગ્ય પરિસ્થિતિનું નિર્માણ કરવું જોઈએ.

**૩〉 ક્રિયાશીલ પ્રવૃત્તિનું આયોજન કરવું :**

★ પ્રોજેક્ટમાં વિદ્યાર્થીઓને કાર્ય મળી રહે તે માટે ક્રિયાશીલ પ્રવૃત્તિનું આયોજન વિચારવું જોઈએ.

**૪〉 જવાબદારીનું ભાન કરાવવું :**

★ પ્રોજેક્ટ માટે દરેક વિદ્યાર્થીની જવાબદારી શું છે તેની સમજ આપવી જોઈએ.

**૫〉 પ્રોજેક્ટ માટે મુક્ત વાતાવરણ પૂરું પાડવું :**

★ વિદ્યાર્થીઓ પ્રોજક્ટનું કાર્ય લોકશાહી રીતે કરી શકે તે માટે મુક્ત વાતાવરણ પૂરું પાડવું જોઈએ.

**૬) જૂથ વિભાજન અને કાર્ય વહેંચણી કરવી :**

★ વિદ્યાર્થીઓના રસ, રુચિ, વલણ પ્રમાણે જૂથ વિભાજન કરવું જોઈએ. વિદ્યાર્થીઓને જેમાં રસ હોય તે પ્રમાણે કાર્ય કરી શકે.

**૭) અનુભવ પર આધારિત પ્રોજેક્ટ પસંદ કરવો :**

★ અગાઉના પ્રોજેક્ટ કાર્યમાં જે અનુભવો પ્રાપ્ત થયા હોય તે અનુભવ ધ્યાનમાં રાખી પ્રોજેક્ટ પસંદ કરવો.

**૮) પ્રાપ્ત સાધન સામગ્રીનું અગાઉથી આયોજન કરવું :**

★ પ્રોજેક્ટ માટે કયા પ્રકારની સાધન સામગ્રીની જરૂર પડશે તેની અગાઉથી આયોજન કરવું જોઈએ.

(૭) **નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિ :** (Supervised Method)

(૧) **પ્રસ્તાવના :**

- સ્વાધ્યાય પદ્ધતિના જ વર્ગ આયોજન અનુસાર રચાયેલી પદ્ધતિ છે. સ્વાધ્યાયનો ઉપયોગ વિશેષ પ્રમાણમાં છે. આ પદ્ધતિમાં શિક્ષક વિદ્યાર્થીઓની મદદથી પાઠ્યપુસ્તકમાંથી કોઈ પણ એક પસંદ કરે છે.
- એના આધાર પર જ સ્વાધ્યાય કરવામાં આવે છે. શિક્ષક એકમને પાંચ કે છ વિભાગમાં વહેંચી દે છે.
- દરેક વિભાગ પર સરખા પ્રકારના પ્રશ્નોનો સ્વાધ્યાય તૈયાર કરે છે. તાસનો શરૂઆતનો સમય વિદ્યાર્થીઓને સૂચના આપીને સ્વઅભ્યાસ માટે પ્રેરે છે. પછી પાંચ કે છ જૂથમાં વિભાગ પાડે છે.
- જૂથો પોતાની રીતે ભેગા બેસી પ્રશ્નોના ઉકેલ પાઠ્યપુસ્તકમાંથી શોધે છે અને નોંધ કરે છે. તાસ પછી બધા ભેગા થઈ પોતે એકઠી કરેલી માહિતી વર્ગ સમક્ષ રજૂ કરે છે અને તેના પર ચર્ચા થાય છે. બે તાસનો સમય આપવામાં આવે છે.
- ચર્ચાને અંતે શિક્ષક દ્વારા સંકલન કરવામાં આવે છે. નિદાન સૂચક શિક્ષણ આપવા પ્રયત્ન કરે છે. મર્યાદિત સમયમાં જૂથ કાર્ય શરૂ થાય છે.
- આ પદ્ધતિનો સૌ પ્રથમ ઉપયોગ કરનાર અમેરિકા યુનિવર્સિટીના પ્રો. હોલકવેસ્ટ હતા.
- વિદ્યાર્થી શિક્ષકના નિરીક્ષણ હેઠળ કાર્ય કરે તો તેને જ્ઞાન પ્રાપ્ત થાય જ, તેમજ સ્વઅધ્યયન કેવી રીતે કરવું તેની તાલીમ પણ મળે છે, તેથી અધ્યયન પ્રક્રિયા વધુ અસરકારક બનાવી શકાય.
- વસ્તી વધારો થઈ રહ્યો છે, તેથી વર્ગમાં વધુ સંખ્યા જોવા મળે છે. તેથી બાલકેન્દ્રી શિક્ષણ પદ્ધતિ ચાલી શકે નહીં. – શિક્ષણ પદ્ધતિ વિષયકેન્દ્રી બનવી જોઈએ. આ પદ્ધતિમાં શિક્ષક કેન્દ્ર સ્થાને જોવા મળે છે.

(૨) **નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિ એટલે શું ?**

- પ્રો. બાઈનીંગ અને બાઈનીંગ

  'નિરીક્ષિત સ્વઅધ્યયનનો આપણે એ અર્થ કરીએ છીએ કે વિદ્યાર્થીઓનું એક જૂથ કે વર્ગ પોતાની ડેસ્ક પર કે ટેબલની ફરતે રહી અભ્યાસ કરતાં હોય ત્યારે તેનું શિક્ષક દ્વારા નિરીક્ષણ.'
- ટૂંકમાં નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિ એટલે વિદ્યાર્થીઓના સ્વઅધ્યયનનું વર્ગમાં શિક્ષક દ્વારા નિરીક્ષણ અથવા શિક્ષકના નિરીક્ષણ નીચે વિદ્યાર્થીઓનું વર્ગમાં સ્વ અધ્યયન.
- 'નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિ એ શિક્ષકના સતત નિરીક્ષણ હેઠળ સ્વાધ્યાય કેન્દ્રી શિક્ષણ પદ્ધતિ.'

- આ પદ્ધતિમાં સ્વાધ્યાયની સોંપણી કરવામાં આવે છે. વ્યક્તિગત રીતે સ્વાધ્યાયનું ઉકેલ કાર્ય કરે છે. શિક્ષક દ્વારા કાર્યનું નિરીક્ષણ થાય છે, જરૂર પડે તો સહાયભૂત થવા શિક્ષક પ્રયત્ન કરે છે.

– સ્વાધ્યાય પદ્ધતિ સફળ થયેલ નથી, તેથી આ પદ્ધતિની સફળતાની શક્યતાઓ વધુ જોવા મળે છે. ઈશ્વરભાઈ કમિટીએ આ પદ્ધતિ અંગે ભલામણ કરેલ છે.

- ક્લાર્ક અને સ્ટાર :

  'નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિ અધ્યયન સમય દરમિયાન શિક્ષક અને વિદ્યાર્થીઓને એવી તકો પૂરી પાડે છે કે ત્યારે વિદ્યાર્થીઓ શિક્ષકના માર્ગદર્શન હેઠળ કામ કરતા હોય છે અને શિક્ષક નિર્દેશન આપતા હોય છે.

  'A supervised study period is an opportunity both for the pupil to study under guidance and for the teacher to supervise and guide study.'

- કિલર :

  'નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિમાં પ્રેરણા, યોગ્ય માર્ગદર્શન અને આવશ્યક સહાય દ્વારા પ્રત્યેક બાળકને પોતાના શિક્ષક સંબંધી બધી જ પદ્ધતિઓમાં આત્મનિર્ભર અને કુશળ બનાવવાનું પ્રયોજન સમાયેલ છે.'

- એલકોને, કિન્ડર અને સ્કુનર્ટ :

  'નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિ એટલે આયોજિત વર્ગખંડમાં વિદ્યાર્થીઓ સ્વ પ્રયાસે શિક્ષકની સૂચના અનુસાર જરૂર પડયે માર્ગદર્શન મેળવી કાર્ય કરે.'

- ગ્રેમ્બસ, કારફિચ :

  'નિરીક્ષિત સ્વાધ્યાય પ્રશ્નોના શિક્ષકના નિરીક્ષણ અને માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓ દ્વારા અપાતા કાર્યને 'નિરીક્ષિત અભ્યાસ કહેવાય.

- વર્ગમાં શિક્ષકના માર્ગદર્શન હેઠળ નિરીક્ષણમાં વિદ્યાર્થીઓ સ્વઅધ્યયનથી સ્વાધ્યાયના પ્રશ્નોના જવાબ આપે છે.

- સ્વાધ્યાય પદ્ધતિનું સુધારેલ–વિકસિત સ્વરૂપ છે, જેમાં શિક્ષકની નજર તળે વર્ગખંડમાં જ વિદ્યાર્થીઓ કાર્ય કરે છે.

**(૩) નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિનાં લક્ષણો**

- નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિનાં લક્ષણો નીચે મુજબ જોવા મળે છે :

**૧〉 સ્વ અધ્યયન :**

* આ પદ્ધતિમાં વર્ગમાં વિદ્યાર્થીઓમાં સ્વ અધ્યયન દ્વારા શિક્ષણકાર્ય કરે છે. સ્વાધ્યાયના પ્રશ્નો જાતે તૈયાર કરે છે. વ્યક્તિગત રીતે જવાબો લખે છે.

**૨〉 જૂથમાં કામની તક :**

★ આ પદ્ધતિમાં આખા વર્ગને પાંચ કે છ જૂથમાં વિભાજિત કરી નાખવામાં આવે છે. દરેક જૂથને કામ આપવામાં આવે છે, તેથી દરેક જૂથમાં વિદ્યાર્થીઓને કામ કરવાની તક મળે છે.

**૩〉 માર્ગદર્શન :**

★ આ પદ્ધતિમાં કેન્દ્ર સ્થાને શિક્ષક રહીને વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન આપવામાં આવે છે.

**૪〉 નિરીક્ષણ કાર્ય :**

★ શિક્ષક વર્ગમાં હાજર રહી, વિદ્યાર્થીઓના કાર્યનું નિરીક્ષણ કરે છે, જરૂર પડે તો જરૂરી માર્ગદર્શન આપે છે.

**૫〉 જવાબની શોધ :**

★ વિદ્યાર્થીઓ વર્ગમાં કાર્ય માટે સ્વાધ્યાયના પ્રશ્નો આપી દેવામાં આવે છે. આ પ્રશ્નોના જવાબ સ્વ પ્રયત્ન દ્વારા શોધવાના હોય છે.

**૬〉 જરૂરી નોંધ :**

★ વિદ્યાર્થીઓએ જાતે પ્રશ્નોના જવાબ શોધીને જરૂરી નોંધ કરવામાં આવે છે.

**૭〉 રિપોર્ટ :**

★ વિદ્યાર્થીઓએ શોધેલ જવાબનો રિપોર્ટ તૈયાર કરે છે, જે વર્ગ સમક્ષ રજૂ કરવામાં આવે છે.

**૮〉 વર્ગ સંચાલન :**

★ વિદ્યાર્થીઓ કાર્ય કરતા હોય ત્યારે શિક્ષક દ્વારા સંચાલન કરવામાં આવે છે.

**૯〉 સંકલન :**

★ વર્ગમાં દરેક જૂથ પોતાનો રિપોર્ટ વાંચે છે. જરૂર જણાય તો શિક્ષક દ્વારા સંકલન કરવામાં આવે છે.

**૧૦〉 સ્વાધ્યાયોની સોંપણી :**

★ આ પદ્ધતિમાં સ્વાધ્યાયો સોંપવામાં આવે છે.

**૧૧〉 સંદર્ભો પૂરા પાડવા :**

★ શિક્ષક એકમ ઉપર આધારિત સંદર્ભો પૂરા પાડે છે. વિદ્યાર્થીઓ સંદર્ભોના આધારે કાર્ય કરે છે. સ્વાધ્યાયના પ્રશ્નોના જવાબ આપે છે.

**(૪) નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિનાં ફાયદા :**

● નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિનાં ફાયદા નીચે મુજબ જોવા મળે છે :

**૧〉 વર્ગમાં બધાજ વિદ્યાર્થીઓ સક્રિય :**

★ આ પદ્ધતિના ઉપયોગને કારણે વર્ગના બધા જ વિદ્યાર્થીઓને સક્રિય રાખી શકાય છે. બધાજ વિદ્યાર્થીઓએ કામ કરવું પડે છે.

**૨〉 સંદર્ભ સાહિત્યના વાંચનની ટેવનો વિકાસ :**

★ સંદર્ભ સાહિત્ય ઉપર આધારિત પ્રશ્નો આપેલ હોય તો વિદ્યાર્થીઓએ સંદર્ભ પુસ્તકો જોવા પડે છે, તેથી સંદર્ભ પુસ્તકો વાંચવાની ટેવ પડે છે.

**૩〉 નિયમિતતામાં વધારો :**

★ વર્ગમાં શિક્ષકની હાજરીમાં કાર્ય થાય છે. સ્વાધ્યાયના પ્રશ્નો બીજાની પાસે લખાવી લે તેવી શક્યતા રહેલી હતી, જે અહીંયા દૂર થાય છે. આ પદ્ધતિમાં વિદ્યાર્થીઓ નિયમિત બને છે. વર્ગમાં જ કાર્ય કરવું પડે છે.

**૪〉 વ્યક્તિગત તફાવત સંતોષાય :**

★ જે વિદ્યાર્થીની કામ કરવાની ગતિ હોય તે પ્રમાણે કાર્ય કરી શકે છે તેમજ વ્યક્તિગત તફાવતને ધ્યાનમાં રાખી જરૂરી માર્ગદર્શન આપી શકાય છે. વિદ્યાર્થી શક્તિ પ્રમાણે આગળ વધે છે.

**૫〉 આત્મવિશ્વાસમાં વધારો :**

★ વિદ્યાર્થીઓએ સ્વ પ્રયત્ન દ્વારા કાર્ય કરવાનું છે. વિદ્યાર્થીને એમ થાય છે કે આ કાર્ય મારી જાતે કર્યું છે. આ કાર્ય હું કરી શકીશ, જેથી વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ વધે છે.

**૬〉 આંતરસૂઝનો વિકાસ :**

★ વિદ્યાર્થીઓએ જાતે કાર્ય કરવાનું હોવાંથી વિદ્યાર્થીઓમાં આંતરસૂઝનો વિકાસ થાય છે.

**૭〉 સ્વ અધ્યયનની ટેવ :**

★ આ પદ્ધતિમાં વિદ્યાર્થીઓએ જાતે કાર્ય કરવાનું હોવાંથી તેમનામાં સ્વ અધ્યયનની ટેવ પડે છે.

**૮〉 નેતાગીરીના ગુણનો વિકાસ :**

★ વિદ્યાર્થીઓને જૂથમાં કાર્ય આપવામાં આવે છે. જૂથમાં એક નેતા બનાવવામાં આવે છે, જેથી વિદ્યાર્થીઓમાં નેતાગીરીના ગુણનો વિકાસ થાય છે.

**૯〉 વિષયવસ્તુનું જ્ઞાન વધે :**

★ આ પદ્ધતિના ઉપયોગને કારણે વિદ્યાર્થીઓમાં વિષયવસ્તુનું જ્ઞાન સચોટ અને અસરકારક બને છે.

**૧૦〉 ઉપચારાત્મક કાર્ય :**

★ આ પદ્ધતિના ઉપયોગને કારણે વિદ્યાર્થીઓમાં નિદાન કાર્ય થાય છે. નિદાન કાર્ય કર્યા પછી ઉપચારાત્મક કાર્ય હાથ ધરવામાં આવે છે.

**૧૧〉 શિક્ષક–વિદ્યાર્થી વચ્ચે આત્મીયતા વધે :**

★ વર્ગમાં શિક્ષક વિદ્યાર્થી બંને સાથેમળે છે. બંનેનીહાજરીને કારણે, બંને વચ્ચે આત્મીયભાવ વધે છે.

**૧૨〉 જવાબદારીનું ભાન :**

★ જૂથમાં કાર્યની સાથે સાથે વિદ્યાર્થીઓને કેટલીક જવાબદારી પણ આપવામાં આવે છે, જેથી વિદ્યાર્થીઓને જવાબદારીનું ભાન થાય છે.

**૧૩〉 સમસ્યાનું સમાધાન :**

★ આ પદ્ધતિમાં શિક્ષકની વર્ગમાં હાજરી હોવાંથી વિદ્યાર્થીઓને સમસ્યા ઊભી થાય તો તેનું સમાધાન થાય છે.

**૧૪〉 જૂથમાં કામ કરવાની તક મળે :**

★ આ પદ્ધતિમાં વિદ્યાર્થીઓને જૂથમાં કામ આપવામાં આવે છે, જેથી જૂથમાં કામ કરવાની તક મળે છે.

**૧૫〉 જૂથ રિપોર્ટ તૈયાર કરતાં શીખે :**

★ જૂથમાં કાર્ય કરવાનું હોવાંથી, દરેક જૂથે પોતાનો જૂથ રિપોર્ટ તૈયાર કરવો પડે.

**૧૬〉 વિદ્યાર્થી કેન્દ્રી પદ્ધતિ :**

★ આ પદ્ધતિ વિદ્યાર્થી કેન્દ્રી પદ્ધતિ છે. વિદ્યાર્થીઓ સ્વ પ્રયત્ન દ્વારા કાર્ય કરે છે.

**૧૭〉 સમસ્યા ઉકેલ શક્તિનો વિકાસ :**

★ આ પદ્ધતિમાં સમસ્યા ઉકેલ શક્તિનો વિકાસ થાય છે. સમસ્યાનું સમાધાન જાતે ઉકેલે છે.

**૧૮〉 ફૂરસદના સમયનો ઉપયોગ :**

★ વિદ્યાર્થીઓ નવરાશના સમયનો ઉપયોગ કરે છે.

**૧૯〉 વ્યક્તિગત માર્ગદર્શન :**

★ આ પદ્ધતિમાં વ્યક્તિગત માર્ગદર્શન મેળવી શકાય છે.

**(૫) નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિની મર્યાદા :**

– નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિનાં કેટલાંક ફાયદાઓ છતાં કેટલીક મર્યાદાઓ પણ જોવા મળે છે જે નીચે મુજબ છે :

**૧〉 વધુ સમય :**

★ આ પદ્ધતિના ઉપયોગને કારણે વર્ગના બધા જ વિદ્યાર્થીઓને સક્રિય રાખી શકાય છે. બધાજ વિદ્યાર્થીઓએ કામ કરવું પડે છે.

**૨〉 શિક્ષકની હાજરીમાં કાર્યમાં રૂકાવટ :**

★ શિક્ષકની વર્ગમાં હાજરી વિદ્યાર્થીઓના કાર્યમાં ક્યારેક રૂકાવટ ઊભી કરે છે. વિદ્યાર્થીઓમાં સંકોચ ઊભો થાય છે.

**૩〉 મર્યાદિત સંદર્ભ સામગ્રી :**

★ આ પદ્ધતિ પ્રમાણે કાર્ય કરવા માટે પૂરતા પ્રમાણમાં સંદર્ભ પુસ્તકો ન હોય તો વિદ્યાર્થીઓ સંપૂર્ણ માહિતી મેળવી શકતાં નથી.

**૪〉 વ્યક્તિગત તફાવત પ્રમાણે કાર્ય કરવું મુશ્કેલરૂપ :**

★ વર્ગમાં વ્યક્તિગત તફાવતને ધ્યાનમાં રાખી કાર્ય મુશ્કેલરૂપ બની જાય છે. વ્યક્તિગત તફાવતો શોધવાનું કાર્ય મુશ્કેલરૂપ છે.

**૫〉 સ્પર્ધાને અવકાશ નથી :**

★ આ પદ્ધતિમાં વિદ્યાર્થીઓ–વિદ્યાર્થીઓ વચ્ચે અનુકરણ કે સ્પર્ધાને કોઈ અવકાશ નથી.

**૬〉 મૌખિક અભિવ્યક્તિનો વિકાસ થતો નથી :**

★ વિદ્યાર્થીઓને કાર્ય કરવા માટે સ્વાધ્યાયના પ્રશ્નો આપી દેવામાં આવે છે. સંદર્ભ કે પાઠ્યપુસ્તકના આધારે પ્રશ્નોના જવાબ લખવાંના હોય છે, એટલે મૌખિક અભિવ્યક્તિનો વિકાસ થઈ શકતો નથી.

**૭〉 શિક્ષક પક્ષે વધુ તૈયારી :**

★ આ પદ્ધતિ પ્રમાણે કાર્ય કરવા શિક્ષક પક્ષે વધુ તૈયારી કરવી પડે છે, તેનું આયોજન કરવું પડે છે.

**૮〉 ઉપલા વર્ગ માટે જ ઉપયોગી :**

★ નાના બાળકો આ પદ્ધતિ પ્રમાણે સ્વ અધ્યયન દ્વારા કાર્ય કરવા ટેવાયેલાં હોતાં નથી, તેથી નીચલા ધોરણમાં ઉપયોગ થઈ શકતો નથી.

**૯〉 અસ્પષ્ટ સૂચના :**

★ આ પદ્ધતિના કાર્ય માટે સ્પષ્ટ સૂચના આપવાની જરૂર પડે છે. જો સૂચના સ્પષ્ટ આપવામાં ન આવી હોય તો શું કરવું તેનો ખ્યાલ આવતો નથી.

**૧૦〉 માર્ગદર્શનની ખાસ જરૂર :**

★ આ પદ્ધતિ પ્રમાણે કાર્ય કરવા માટે માર્ગદર્શનની ખાસ જરૂર પડે છે. માર્ગદર્શન ન આપવામાં આવે તો વિદ્યાર્થીઓ આગળ વધી શકતા નથી.

**૧૧〉 મર્યાદિત વિદ્યાર્થીઓને લાભ :**

★ કાર્યની જવાબદારી અમુક વિદ્યાર્થીઓ માથે લે તો તેનો લાભ મર્યાદિત વિદ્યાર્થીઓને જ મળે છે. બધાને લાભ મળતો નથી.

**૧૨〉 શિક્ષકનું કાર્ય અને સંચાલન અયોગ્ય હોય :**

★ આ પદ્ધતિમાં શિક્ષકનું કાર્ય અને સંચાલન યોગ્ય હોવું જોઈએ. જો એ બરાબર ન હોય તો આ પદ્ધતિ પ્રમાણે કાર્ય નિષ્ફળ નીવડે છે.

**૧૩〉 રચનાત્મક કૌશલ્યમાં રૂકાવટ :**

★ આ પદ્ધતિના ઉપયોગમાં રચનાત્મક કૌશલ્યનો વિકાસ થઈ શકતો નથી, તેમાં રૂકાવટ આવે છે.

**૧૪⟩ વિદ્યાર્થીઓના કેટલાંક ગુણોના વિકાસમાં રૂકાવટ :**

★ આ પદ્ધતિથી વિદ્યાર્થીઓમાં જૂથભાવના, સહકારની ભાવના, સહનશીલતા, સહાનુભૂતિ વગેરે જેવાં ગુણોનો યોગ્ય વિકાસ થઈ શકતો નથી.

**૧૫⟩ સહકારની ભાવના અટકે :**

★ આ પદ્ધતિના ઉપયોગથી સહકારની ભાવનાનો વિકાસ અટકી જાય છે.

**૧૬⟩ અનુકરણને અવકાશ નથી :**

★ આ પદ્ધતિમાં વિદ્યાર્થીઓ વચ્ચે અનુકરણ કરવાનો અવકાશ રહેતો નથી.

**(૬) નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિના ઉપયોગમાં ધ્યાનમાં રાખવા જેવી બાબત :**

● નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિની સફળતા માટે નીચેની જેવી કેટલીક બાબતો ધ્યાનમાં રાખી કાર્ય કરવું જોઈએ.

૧⟩ આ પદ્ધતિનો ઉપયોગ સમયે બિનજરૂરી ઉતાવળ ન કરવી.

૨⟩ વિદ્યાર્થીઓને સતત માર્ગદર્શન પૂરું પાડવું જોઈએ.

૩⟩ વિદ્યાર્થીઓની સમસ્યાનું સમાધાન કરવું જોઈએ.

૪⟩ વિદ્યાર્થીઓ વર્ગમાં કાર્ય કરતાં હોય ત્યારે શિક્ષકે વિશેષ નોંધ કરવી જોઈએ. કાર્ય દરમિયાન વિદ્યાર્થીઓમાં રસ, ઉત્સાહ, ધીરજ, ખંત, સ્વભાવ વગેરે

૫⟩ વર્ગમાં વ્યક્તિગત તફાવત જોવા મળે છે, એટલે વિદ્યાર્થીઓની ગતિ પ્રમાણે કાર્ય કરવા દેવું જોઈએ.

૬⟩ સ્વાધ્યાયના પ્રશ્નોની તૈયારી કાળજીપૂર્વક કરવી.

૭⟩ સંદર્ભ પુસ્તકોની વ્યવસ્થા કરવી.

**(૭) વર્ગમાં ક્યારે ઉપયોગમાં લઈ શકાય :**

● આ પદ્ધતિનો ઉપયોગ નીચેની બાબતો માટે થઈ શકે :

૧⟩ વિદ્યાર્થીઓને કાર્ય કરવા માટે અભિપ્રેત કરવા હોય.

૨⟩ વિદ્યાર્થીઓને અભ્યાસ ટેવોનું અવલોકન કરવું હોય.

૩⟩ પ્રશ્નોના ચોક્કસ ઉત્તર માટે માર્ગદર્શન આપવું હોય.

૪⟩ વિદ્યાર્થીઓની કાર્ય પદ્ધતિનું મૂલ્યાંકન કરવું હોય.

૫⟩ વ્યક્તિગત તફાવતો જાણવા હોય.

૬⟩ વિદ્યાર્થીઓના કાર્યની રીત જાણવી હોય.

૭⟩ શૈક્ષણિક પ્રવૃત્તિઓનો પરિચય મેળવવો હોય.

દા.ત. – કોઈ એકમ ઉપર શૈક્ષણિક અનુભવ મેળવે છે. કેટલા પ્રમાણમાં ક્યારે મેળવે છે ? કેવી રીતેમેળવે છે ?

**(૮) નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિના સોપાન :**

– નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિનાં સોપાન નીચે મુજબ છે :

**૧⟩ આયોજન વ્યવસ્થા :**

★ વિદ્યાર્થીઓ સ્વ-અધ્યયન કરી શકે તે માટે સ્વાધ્યાયના પ્રશ્નો અગાઉથી તૈયાર કરી રાખવા જોઈએ.

★ કક્ષા પ્રમાણે આયોજન વિચારવું પડે. માધ્યમિકના વિદ્યાર્થીઓ હોવાંથી આયોજન યોગ્ય રીતે થાય તે માટે ખાસ કાળજી લેવી જોઈએ. સ્વાધ્યાયના પ્રશ્નો તૈયાર કરતા માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખી, તેમની રસ, રૂચિ, અભ્યાસક્રમ, સંદર્ભ—સૂચિ વગેરે બાબતો ધ્યાનમાં રાખી તૈયાર કરવા જોઈએ.

૨〉 **સાધન સામગ્રી :**

★ સ્વાધ્યાયના પ્રશ્નો તૈયાર કરવામાં સાધન સામગ્રીની વ્યવસ્થાનું આયોજન પણ વિચારવું જોઈએ.

| | | |
|---|---|---|
| * સંદર્ભ પુસ્તકો | * પાઠ્યપુસ્તકો | * વર્તમાન પત્રો |
| * ચાર્ટ | * નકશાઓ | * સાધનો |

★ આ પદ્ધતિ પ્રમાણે કાર્ય કરવા માટે એકમને ધ્યાનમાં રાખી સાધન સામગ્રીની વ્યવસ્થાનું આયોજન વિચારવું પડે. દા.ત. — ગ્રાહક સુરક્ષા એકમ પર આ પદ્ધતિ પ્રમાણે કાર્ય કરવું હોય તો તેને અનુરૂપ સાધન સામગ્રીની વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

૩〉 **સ્વાધ્યાય પ્રશ્નો :**

★ સ્વાધ્યાયના પ્રશ્નો તૈયાર કરવામાં શિક્ષકની સજાગતા, સભાનતા, કુશળતા વગેરે માંગી લે તેવું સોપાન છે.

★ માધ્યમિકના વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખી વિવિધ અનુભવો પ્રાપ્ત થાય તેવા તૈયાર કરવા જોઈએ. સંદર્ભ પુસ્તકની યાદી તેમજ અભ્યાસમાં રસપ્રેરક પ્રશ્નો મૂકવાં જોઈએ.

૪〉 **કાર્ય પદ્ધતિ :**

★ સ્વાધ્યાયના પ્રશ્નો કેવી રીતે વર્ગમાં આપવાના છે તે નક્કી કરવામાં આવે છે. આયોજનમાં જે રીતે કાર્ય વિચારેલો હોય તે પ્રમાણે કાર્ય સોંપણી થઈ શકે. વિદ્યાર્થીઓને સ્વાધ્યાયના પ્રશ્નો આપવા, પ્રશ્નો વ્યક્તિગત કે જૂથમાં આપી શકાય. પ્રશ્નો તૈયાર કરવામાં મુશ્કેલી જણાય તો તેના સમાધાન માટે જરૂરી માર્ગદર્શન અને સૂચનો જણાવવા.

★ શાળામાં ઉપલબ્ધ સંદર્ભ અને શૈક્ષણિક સામગ્રીના આધારે સ્વાધ્યાયના પ્રશ્નો તૈયાર કરે.

૫〉 **મૂલ્યાંકન :**

★ નિશ્ચિત સમય મર્યાદામાં વિદ્યાર્થીઓ સ્વાધ્યાય પ્રશ્નો તૈયાર કરે. હેતુઓ કેટલે અંશે સિદ્ધ થાય તેનો ખ્યાલ આવી શકે તે માટે મૂલ્યાંકન કરવું જોઈએ. શિક્ષક મૂલ્યાંકન માટે તેને અનુકૂળ હોય તે રીત અપનાવી શકે.

દા.ત. —

* નિરીક્ષણ
* ઉત્તરોની ચકાસણી
* મૌખિક પ્રશ્નોત્તરી
* જૂથ ચર્ચા
* અવલોકન
* પ્રદર્શન

(૯) **નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિને સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં વિનિયોગ :**

● સામાજિક વિજ્ઞાન વિષયમાં ઉત્તર ભારતની નદીઓ, દક્ષિણ ભારતની નદીઓ, પૃથ્વીનો ગોળો, અક્ષાંશ, રેખાંશ, પાકો, ગુજરાત નકશામાં જિલ્લાઓ, ભારતના નકશામાં રાજ્યો, ગ્રાહક સુરક્ષા, આપત્તિ વ્યવસ્થાપન વગેરે એકમો આ પદ્ધતિથી શીખવી શકાય તેમ છે.

- પસંદ કરેલ એકમ ઉપર સ્વાધ્યાયના પ્રશ્નો કાળજીપૂર્વક તૈયાર કરી જરૂરી સાધન સામગ્રી વિદ્યાર્થીઓને પૂરી પાડવી.
- વિદ્યાર્થીઓએ કરેલ કાર્યનું સંકલન કરી, કા.પા. કાર્ય કરાવવું, થયેલ કાર્યની ચર્ચા કરી શકાય .

(૮) **જીવનચરિત્ર પદ્ધતિ :** (Biographical Method)

(૧) **પ્રસ્તાવના :**

- આ પદ્ધતિના આધાર માનવ જીવન સાથે સંકળાયેલ છે, તેની સફળતાનો આધાર શિક્ષક પર છે. શિક્ષક કેટલો સક્રિય છે, તેનું વ્યક્તિત્વ કેવું છે વગેરે પર આધારિત છે. આ પદ્ધતિની સફળતાનો આધાર શિક્ષકની ભાષા પર આધારિત છે. શિક્ષકની ભાષા વિશાળ હોય, ભાવવાહી હોય, સ્પષ્ટ હોય, વાણી કૌશલ્ય આકર્ષક હોય તે શિક્ષક આ પદ્ધતિને વધુ ન્યાય આપી શકે છે.
- નીચેના ધોરણમાં આ પદ્ધતિ વધુ સફળ થાય છે. ખાસ કરીને ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં આ પદ્ધતિ વધુ સફળ થાય છે. (ધોરણ ૫ થી ૮)
- આ અવસ્થામાં બાળકોને મહાપુરુષોનો પરિચય સાંભળવાનું ગમે છે. આ અવસ્થામાં બાળકોમાં સંઘ, સંગ્રહ, લડાયક, વીરપૂજા વગરે જેવી ભાવનાવૃત્તિ ભારોભાર હોય છે, તેમનામાં પોતાની પસંદગીનાં વીર પુરુષો અને વીરંગનાઓ પ્રત્યે વીરભાવના હોય છે, તેઓ પોતાની પસંદગીના વીરપાત્રોની વીરપૂજા કરે છે, તેથી પોતાને પ્રિય એવાં પાત્રોની વીરતાની વાતો ખૂબ ગમે છે. આ પદ્ધતિથી કાર્ય કરવું બાળકોને ગમે છે.
- આ પદ્ધતિનો આધાર મનોવૈજ્ઞાનિક છે. આ પદ્ધતિ ઈતિહાસ શિક્ષણ પર ભાર મૂકે છે.
- આ પદ્ધતિમાં શિક્ષકે પોતાની કલ્પના કે તર્કનાં ઊંડાણોને કામે લગાડવાની જરૂર નથી. કેમ કે જીવનચરિત્ર જેવું છે તેવું પણ અસરકારક ભાષામાં રજૂ કરવાનું છે. કક્ષાને ધ્યાનમાં રાખી ભાષાનો ઉપયોગ કરવાનો છે. ભાષા વિદ્યાર્થીઓને ગમે તેવી હોવી જોઈએ. આરોહ–અવરોહ સાથેની હોવી જોઈએ.
- સામાન્ય રીતે કોઈ પણ ઐતિહાસિક વ્યક્તિનું જીવનચરિત્ર રજૂ કરવાનું હોય ત્યારે નીચેની બાબતો ધ્યાનમાં રાખવાની હોય છે :

| | | | |
|---|---|---|---|
| ૧〉 | વ્યક્તિનો જન્મ | ૨〉 | જન્મ સ્થળ |
| ૩〉 | વ્યક્તિનો અભ્યાસ | ૪〉 | વ્યક્તિનું બાળપણ |

૫〉 વ્યક્તિનું જીવનકાર્ય

૬〉 વ્યક્તિએ કરેલી રાષ્ટ્ર સેવા

૭〉 વ્યક્તિના જીવનનો અંત, બોધ અને ઉપસંહાર

- ઉપરોક્ત મુદ્દાઓનું વર્ણન રસમય રીતે કરવામાં આવે તો શિક્ષણકાર્ય અસરકારક બને છે.

(૨) **જીવનચરિત્ર પદ્ધતિ એટલે શું ? :**

- કોઈ પણ ઐતિહાસિક વ્યક્તિ કે જેણે ઈતિહાસ ઘડતરમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે, તેનું સમગ્ર જીવન–જન્મથી મૃત્યુ સુધીનું રજૂ કરીને તેના જીવન કાર્યને ઐતિહાસિક રીતે મૂલવતા જઈને અધ્યાપન કરવાની રીતને જીવનચરિત્ર પદ્ધતિ કહેવાય છે.
- જે વ્યક્તિએ ઈતિહાસના ઘડતરમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે તેમના જીવનનો જન્મથી મૃત્યુ સુધીનો સમગ્ર મૂલવતા જઈને શિક્ષણ કાર્ય કરવાની રીતને જીવનચરિત્ર પદ્ધતિ કહેવાય છે.
- વ્યક્તિ વિષેનો સમગ્ર અભ્યાસ કરાવવાની શિક્ષણ પદ્ધતિ એટલે જીવનચરિત્ર પદ્ધતિ.

**(૩) જીવનચરિત્ર પદ્ધતિના લાભ :**

– જીવનચરિત્ર પદ્ધતિના લાભ નીચે મુજબ દર્શાવી શકાય :

**૧) નૈતિક મૂલ્યોની ખિલવણી :**

★ આ પુરુષોનાં જીવનચરિત્રો બાળકો સમક્ષ રજૂ કરવાથી ઈતિહાસનો મહત્ત્વનો હેતુ 'ચારિત્ર્ય નિર્માણ' સિદ્ધ થાય છે. નૈતિક મૂલ્યોની ખિલવણી પણ થાય છે.

**૨) સામાજિક વિજ્ઞાનમાં રસ ઉત્પન્ન થાય :**

★ ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં બાળકોને જીવન વાર્તાઓ અને પ્રસંગ કથાઓ સ્વાભાવિક રીતે સાંભળવી ગમે છે. બાળકના રસને પોષે છે, પરિણામે બાળકોમાં નાનપણથી જ ઈતિહાસ પ્રત્યેનો રસ અને અભિરુચિ કેળવાય છે.

**૩) સમાજના વિકાસની માહિતી :**

★ ઐતિહાસિક વ્યક્તિઓની જીવનકથા દ્વારા એ વ્યક્તિઓ સમાજ જીવનનું ઘડતર કઈ રીતે કરે છે તેનો ખ્યાલ બાળકોને આવે છે, તેમનાથી સમાજનું ઘડતર અને સમાજનો વિકાસ કેવી રીતે થાય છે, તેની યોગ્ય સમજ આપી શકાય છે.

**૪) મૂલ્યાંકન કૌશલ્ય કેળવાય :**

★ મહાપુરુષોના જીવન કાર્યનું મૂલ્યાંકન કરવાનું કૌશલ્ય કેળવાય છે. જીવન કાર્યોની માહિતી મેળવે છે.

**૫) તુલનાશક્તિનો વિકાસ :**

★ ઉપલાં ધોરણના વિદ્યાર્થીઓ ભિન્ન ભિન્ન ઐતિહાસિક વ્યક્તિઓનાં જીવનકાર્ય વચ્ચે રહેલી સમાનતા અને અસમાનતા ઓળખતા થાય છે. આમ, બાળકોમાં તુલનાશક્તિ કેળવાય છે. બે મહાપુરુષોના જીવનકાર્યની ચર્ચા દરમિયાન બંને વચ્ચે સરખામણી કરવાની તક મળે છે.

**૬) સ્વ વિકાસ :**

★ બાળકો વિવિધ ઐતિહાસિક વ્યક્તિઓનાં જીવનચરિત્રોમાંથી પોતાનો સ્વ વિકાસ કરવા માટેની પ્રેરણા મેળવે છે. વ્યક્તિના જીવનનું ઘડતર કેવી મુશ્કેલીઓમાંથી થાય છે તેનો પણ વિદ્યાર્થીઓને ખ્યાલ આવે છે. ધીમે ધીમે બાળકોને સ્વ વિકાસ કરવા શું કરવું જોઈએ તેની દિશા સૂઝ મળે છે.

**૭) સમાજ સેવાના ગુણનો વિકાસ :**

★ ઐતિહાસિક વ્યક્તિના જીવનનાં સમગ્ર પાસાંઓનો અભ્યાસ બાળકો કરે છે, પરિણામે સમાજ અને વ્યક્તિ બંનેનો વિકાસ કઈ રીતે થાય છે તેનો ખ્યાલ આવે છે. વ્યક્તિ સમાજને ઘડે છે અને સમાજ વ્યક્તિને કેળવે છે તેનો સાચો ખ્યાલ આવે છે. મહાપુરુષોના જીવનમાંથી પ્રેરણા મેળવે છે. આથી સમાજના વિકાસમાં પોતાનો ફાળો આપતો થાય છે.

**૮) સારો નાગરિક બને :**

★ ઉત્તમ વ્યક્તિના જીવન કાર્યોના આધારે વિદ્યાર્થી એક સારો નાગરિક બને તેવા ગુણોનો વિકાસ થાય છે. વ્યક્તિના સારા ગુણો પ્રાપ્ત કરે છે, તે તેમના જીવનમાં સારા ગુણો ગ્રહણ કરે છે. વિદ્યાર્થી એક સારો નાગરિક બને છે.

**૯) વિવિધ કૌશલ્યનો વિકાસ :**

★ સમયરેખા દોરવી, સમયરેખા વાંચવી, સમયરેખા પર બનાવોનું અંકન કરવું, સમયરેખા પરથી અર્થ નિરૂપણ કરવું, નકશાવાંચન કરવું, નકશા પૂરવા વગેરે મહત્ત્વનાં કૌશલ્યનો વિકાસ થાય છે.

**૧૦〉 ક્રમિક રજૂઆત :**

★ ઐતિહાસિક વ્યક્તિઓના જીવન કાર્યોની રજૂઆત યોગ્ય ક્રમમાં અને કાળક્રમ પ્રમાણે શક્ય બને છે. એટલે શૈક્ષણિક મુદ્દાઓ યોગ્ય ક્રમમાં રજૂ કરી શકાય.

**૧૧〉 માનસિક વિકાસ :**

★ વ્યક્તિના જીવન કાર્યોની સમજ મેળવવાને કારણે વિદ્યાર્થીઓમાં માનસિક વિકાસ થતો જોવા મળે છે, જન્મથી મૃત્યુ સુધી માહિતી મેળવે છે, તેના લીધે માનસિક વિકાસ થાય છે.

**(૪) જીવનચરિત્ર પદ્ધતિની મર્યાદાઓ :**

– જીવનચરિત્ર પદ્ધતિની કેટલીક મર્યાદાઓ નીચે મુજબ દર્શાવી શકાય :

**૧〉 મર્યાદિત ઉપયોગ :**

★ ઈતિહાસના બધા એકમો આ પદ્ધતિ દ્વારા શીખવી શકાય નહીં, માત્ર મર્યાદિત ઐતિહાસિક વ્યક્તિઓના એકમો જ આ પદ્ધતિથી શીખવાય છે.

**૨〉 સમાજના સમગ્ર દર્શનનો અભાવ :**

★ કોઈ એક ઐતિહાસિક વ્યક્તિને સમાજના સમગ્ર અંગે તરીકે રજૂ કરવામાં આવે તો વ્યક્તિના કાળના સમાજ દર્શનની સંપૂર્ણ સંકલ્પના રજૂ થઈ શકતી નથી. તે સંકલ્પના સંપૂર્ણ અને આંશિક સત્ય રજૂ કરતી હોય છે, એટલે કે બાળકોને સમાજના સમગ્ર દર્શનનો ખ્યાલ આવતો નથી. મહાપુરુષોના જીવન સાથે સમાજની બધી જ સ્થિતિ સ્પષ્ટ કરી શકાતી નથી.

**૩〉 વિદ્યાર્થી નિરસ :**

★ ઉપલા વર્ગોમાં આ પદ્ધતિ દ્વારા વિવેચનાત્મક ચર્ચા કરવામાં ન આવે તો વિદ્યાર્થીઓનો રસ ઓછો થઈ જાય છે. વિદ્યાર્થી નિરસ બની જાય છે. શિક્ષકની રજૂઆત સારી ન હોય, ભાષા બરાબર ન હોય તો તેની અસર જોવા મળે છે. વિદ્યાર્થીનો રસ ઓછો થઈ જાય છે.

**૪〉 પૂર્વગ્રહયુક્ત રજૂઆતની શક્યતા :**

★ શિક્ષક આ પદ્ધતિ દ્વારા શિક્ષણ આપતાં પક્ષપાતી વલણવાળી રજૂઆત કરી બેસે એવો ભય સેવાય છે. દા.ત. – ગાંધીજી, સરદાર પટેલ વગેરે વિશે પક્ષપાતી વલણ ધરાવતાં શિક્ષક પૂર્વગ્રહયુક્ત રીતે ગાંધીજીને રજૂ કરે એવો સંભવ છે. ગાંધીજીની સંપૂર્ણ માહિતી રજૂ ન કરે તો ગાંધીજીને ન્યાય ન મળે.

**૫〉 ખોટી તુલના થવાની શક્યતા :**

★ બાળકોમાં બે વ્યક્તિઓ વચ્ચે ઊંચનીચ અને સારાસારની ભાવના ભેદા થવાનો સંભવ છે. આમ, બાળક ખોટી તુલના તરફ વળે તો નુકસાન થાય.

**૬〉 અંધશ્રદ્ધાની શક્યતા :**

★ આ પદ્ધતિને પરિણામે વ્યક્તિ પ્રત્યે આદરથી આગળ જઈને વ્યક્તિ પૂજાનું દૂષણ બાળકોમાં રોપાય એવી સંભાવના છે. વ્યક્તિની વિરતા—ચારિત્ર્ય ગુણોનો આદર થાય ત્યાં સુધી સારું, પણ તે આદર આંધળી વ્યક્તિ પૂજામાં પરિણમે તો અંધશ્રદ્ધા જ ઊભી થાય.

★ સર્વે ઐતિહાસિક ઘટનાઓને વ્યક્તિના જીવનકાર્યની આસપાસ વણી લેવી શક્ય બનતી નથી. કેટલાંયે બનાવો રહી જાય છે. વ્યક્તિની સંપૂર્ણ માહિતી આપવી મુશ્કેલરૂપ છે.

**૮〉 વધુ સમય :**

★ આ પદ્ધતિનો ઉપયોગ કરવામાં વધુ સમય જાય છે. દા.ત. – ગાંધીજીની માહિતી આપવી હોય તો તેમાં વધુ સમય જાય છે. અભ્યાસક્રમ પૂરો કરવામાં મુશ્કેલરૂપ બને છે.

**૯〉 દશ્ય–શ્રાવ્ય સાધનોના ઉપયોગનો અભાવ :**

★ આ પદ્ધતિના ઉપયોગમાં દશ્ય–શ્રાવ્ય સાધનોનો ઉપયોગ ખાસ થઈ શકતો નથી. યોગ્ય દશ્ય–શ્રાવ્ય સાધનોના અભાવમાં થતું માત્ર વર્ણન બિનઅસરકારક બની રહે.

– વ્યક્તિની આસપાસથી દૂર રહેલી ઘટનાઓની ઉપેક્ષા સેવાય છે.

– આ પદ્ધતિ દ્વારા શિક્ષણકાર્ય કરવું એ કળા છે. બધા શિક્ષકો આ કળા જાણતા હોતા નથી તેથી આ પદ્ધતિ સારી હોવાં છતાં પણ ધાર્યું ફળ આપતી નથી.

● સામાજિક વિજ્ઞાનની વિષય વસ્તુની ભળતી બાબતો રજૂ થાય તો મૂળભૂત વસ્તુની સમજ કેળવવામાં ખૂબ જ મુશ્કેલી પડે છે.

**(૫) જીવનચરિત્ર પદ્ધતિની સફળતાની શરતો :**

– જીવનચરિત્ર પદ્ધતિની સફળતા માટે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ :

**૧〉 અગત્યની બાબતોની ચર્ચા :**

★ જે વ્યક્તિના જીવનચરિત્રની ચર્ચા કરવાની હોય તે અગત્યની બાબતોની ચર્ચા કરવી જોઈએ. સમાજના ઈતિહાસના વિકાસના સંદર્ભમાં વ્યક્તિના જીવન કાર્યને રજૂ કરવું જોઈએ.

**૨〉 મહત્ત્વની ઘટનાની ચર્ચા :**

★ વ્યક્તિની મહત્ત્વની ઘટનાની ચર્ચા કરવી. મુખ્ય બાબતો આવી જાય તે રીતે રજૂઆત કરવી.

**૩〉 મહત્ત્વની વ્યક્તિની પસંદગી :**

★ વિદ્યાર્થીઓને જે વ્યક્તિમાંથી કંઈક બોધ મળે તેવી વ્યક્તિઓની પસંદગી કરવી. વિદ્યાર્થી તેમાંથી પ્રેરણા મેળવે તેવી વ્યક્તિ પસંદ કરવી. દા.ત. – ગાંધીજી, સરદાર પટેલ વગેરે.

**૪〉 સાચી માહિતી રજૂ કરવી :**

★ વ્યક્તિની સાચી માહિતી જ રજૂ કરવી જોઈએ. ખોટી માહિતી કે અધૂરી માહિતીની રજૂઆત ન થાય તેની કાળજી રાખવી. વિદ્યાર્થી ખોટી માહિતી ન મેળવે તેની કાળજી રાખવી.

**૫〉 પ્રદર્શન દ્વારા રજૂઆત :**

★ વ્યક્તિના જીવનની આસપાસ સંકળાયેલ ઘટનાઓમાં ચિત્રો, માહિતી ચાર્ટ્સ, ફોટોગ્રાફ્સ વગેરેનું પ્રદર્શન તૈયાર કરી રજૂઆત કરવી.

**૬〉 વ્યક્તિ પૂજાનું દૂષણ પેદા ન થાય તે કાળજી :**

★ વ્યક્તિ પ્રત્યે ભાવવિભોર બનીને અંધશ્રદ્ધાથી વ્યક્તિ પૂજા વિદ્યાર્થીના મનમાં ઊભી થાય એટલે હદે વ્યક્તિનું ચરિત્ર રજૂ ન કરવું.

**૭〉 જરૂરી સંદર્ભ દ્વારા રજૂઆત :**

★ જીવન કથાની પ્રમાણભૂત રજૂઆત માટે સંદર્ભ યાદી અને આધારભૂત પૂરાવાઓ સાથે તૈયાર કરી રજૂઆત કરવી.

**૮〉 સામાજિક વિકાસની રૂપરેખા :**

★ જીવનકથામાં વ્યક્તિના જીવન સાથે સામાજિક વિકાસની રૂપરેખા પણ રજૂ કરવી જોઈએ.

**૯〉 યોગ્ય આયોજન :**

★ જીવનકથા સાથે સંકળાયેલા તમામ પ્રસંગોની રજૂઆત માટે નિશ્ચિત આયોજન કરીને રજૂઆત કરવી. જીવનકથા જીવંત સ્વરૂપે રજૂ થાય તેવો પ્રયત્ન કરવો.

**૧૦〉 મહત્ત્વના પ્રસંગોની નોંધ કરવી :**

★ મહાપુરુષના જીવનકાર્યના મહત્ત્વના પ્રસંગોની નોંધ કરવી. વિદ્યાર્થીઓને પણ નોંધ કરવાનું પણ કહી શકાય .

★ અભ્યાસક્રમમાં સમાવેશ થયેલ મહાન વ્યક્તિના જીવનચરિત્રનો તલ સ્પર્શ અભ્યાસ કરવો.

★ આ પદ્ધતિનો ઉપયોગ નીચલા ધોરણો માટે ઉચિત ગણાય છે.

★ જીવનચરિત્રની રજૂઆતમાં કૃત્રિમ રીતે રજૂ ન થાય તે પ્રત્યે સભાન રહેવું.

★ શિક્ષક દ્વારા હાવભાવ અને આરોહ—અવરોહ સાથે રજૂઆત થાય તે જરૂરી છે. શિક્ષકે ભાષા કક્ષા પ્રમાણે પસંદ કરવી.

(૬) **વર્ગ શિક્ષણમાં વિનિયોગ :**

- આ પદ્ધતિનો ઈતિહાસ શિક્ષણના એકમો માટે વધુ પ્રમાણમાં કરી શકાય તેમ છે. આ પદ્ધતિનો વર્ગ શિક્ષણમાં ઉપયોગ કરતી વેળાએ મહાપુરુષના જીવનની ઘટનાઓ, હકીકતોને કાળક્રમમાં યોગ્ય રીતે મુખ્ય અને પેટા એકમોમાં ગોઠવીને શિક્ષક વિભાજિત કરે તો શિક્ષણકાર્ય સારી રીતે થઈ શકે. આ વિભાજન બાળકની કક્ષા પ્રમાણે કરવું જોઈએ.
- નીચલા ધોરણોમાં આ પદ્ધતિનો ઉપયોગ કરવો મુશ્કેલરૂપ છે.
- અભ્યાસક્રમમાંથી કેટલાંક એકમો જેવા કે ગાંધીજી, સરદાર પટેલ, પંડિત જવાહરલાલ નહેરુ વગેરે આ પદ્ધતિથી જણાવી શકાય.
- સરદાર પટેલનો એકમ આ પદ્ધતિથી શીખવી શકાય તેમ છે. નીચેના મુદ્દાઓ ધ્યાનમાં રાખી વિભાજિત કરવા જોઈએ.

| | |
|---|---|
| ૧) સરદાર પટેલનો જન્મ અને ઉછેર | ૨) સરદારનું બાળપણ |
| ૩) સરદારે ખેડેલા સંઘર્ષો | ૪) સરદારનાં કાર્યો |
| ૫) દેશ માટેના કાર્યો | ૬) રાજ્ય માટેના કાર્યો |
| ૭) અભ્યાસ | ૮) ઉપસંહાર |

(૯) **સ્વાધ્યાય પદ્ધતિઃ** (Assignment Method)

(૧) **પ્રસ્તાવના :**

- જ્ઞાન અમર્યાદિત વસ્તુ છે. જ્ઞાનનો વિકાસ થઈ રહ્યો છે, તેથી બધું જ વર્ગમાં ભણાવી શકાય નહીં, તેથી સ્વઅધ્યયન વિના ચાલી શકે તેમ નથી. આ અમર્યાદિત જ્ઞાનમાંનું વર્ગમાં કેટલું આપી શકાય, વિદ્યાર્થીએ શું શું અને કેટલું જાણવું, વિદ્યાર્થીએ પાઠ્યપુસ્તકમાં લખેલી વાત જ જાણવી કે પાઠ્યપુસ્તક સિવાયની બાબતો જાણવી. પાઠ્યપુસ્તક સિવાયની બાબતોનું જ્ઞાન વિદ્યાર્થીની આસપાસનું જ્ઞાન, એનાથી એ વંચિત ન રહી શકે, તેથી જ એ મેળવવા માટે સ્વાધ્યાય પદ્ધતિ મનોવિજ્ઞાનમાં ખૂબ મદદરૂપ બને છે.
- હવે શિક્ષક જ ભણાવે એ શક્ય નથી રહ્યું. એ જ રીતે બધું વર્ગમાં જ ભણાવે તે પણ લાંબું નહીં ચાલે. વળી શિક્ષક બોલી બોલીને જ ભણાવે તે પણ હવે જવું જોઈએ. શિક્ષકનું પ્રભુત્વ હવે નહીં ચાલે, વિદ્યાર્થીઓની પણ પોતાની કંઈક અપેક્ષા છે, તે સ્વાધ્યાય દ્વારા સંતોષવી રહી. શિક્ષકનું મહત્ત્વ હવે ઘટી રહ્યું છે. વિદ્યાર્થીઓનું મહત્ત્વ વધી રહ્યું છે. આ નવા પવનને સ્વીકાર્યે જ છૂટકો.
- રસ્તા પરનું પાટીયું સ્વયં ચાલતું તમે જોયું છે ? મુસાફરને રસ્તાનું ભાન કરાવે છે, તે સ્વયં ચાલતું નથી, ચાલવાનું મુસાફરે હોય છે. પાટીયું ફક્ત માર્ગદર્શન આપે છે. પાટીયાની માફક શિક્ષકે ફક્ત માર્ગદર્શન આપવાનું જ કાર્ય કરવાનું હોય છે. વિદ્યાર્થીઓએ પથિકનું કાર્ય કરવાનું છે, જે સ્વાધ્યાય દ્વારા બની શકે.
- પહેલાનાં જમાનમાં, ગુરુ પાસેથી જ જ્ઞાન મેળવવાનો એકમાત્ર ઉપાય હતો. વિદ્યાર્થીઓની સંખ્યા વધુ હોવાંથી વર્ગમાં આજના ગુરુ સાઠ કે સિત્તેર શિષ્યોની સાથે વ્યક્તિગત રીતે લાંબો વખત બેસી શકે તેમ નથી, ત્યારે વિદ્યાર્થીઓને સ્વાધ્યાય તરફ વાળવા જ રહ્યા.

- કેળવણીકારો, મનોવૈજ્ઞાનિકો સૌ સ્વીકારે છે કે અધ્યયનની પ્રક્રિયામાં શિક્ષણ લેનાર સક્રિય થાય એટલે અંશે અધ્યયન તેજસ્વી બને, એટલે શિક્ષક નહીં પણ વિદ્યાર્થી સક્રિય બનવો જોઈએ. વિદ્યાર્થી સ્વાધ્યાય સ્વ અધ્યયન દ્વારા કરતો થાય ત્યારે શક્ય બની શકે.

(૨) **સંકલ્પના :**

- સ્વાધ્યાય એટલે સ્વ અધ્યયન એમ કહી શકાય.
- સ્વ અધ્યયન નથી ત્યાં શિક્ષણ થતું જ નથી.
- દરેક વ્યક્તિ પોતે સક્રિય–ક્રિયાશીલ થાય તો જ કંઈક શીખે છે.
- વિદ્યાર્થી જાતે અધ્યયન કરતો થાય તેમજ ઘર પર બાળકોને કાર્ય મળી રહે તે દષ્ટિએ આપેલું કાર્ય છે.
- આ પદ્ધતિનો મૂળ હેતુ બાળકને જાતે અધ્યયન કરવાનું કૌશલ્ય, શક્તિ કે આવડત આપવાનો છે.
- બાળક જન્મે ત્યાંથી શાળાએ આવે ત્યાં સુધી અનેક ખ્યાલો જાતે જ શીખે છે, જેથી કહી શકાય કે દરેક બાળકમાં સ્વ અધ્યયન કરવાની શક્તિ રહેલી છે.
- આનું જવલંત ઉદાહરણ એકલવ્ય છે. એકલવ્યએ સ્વ અધ્યયનથી જ બાણ વિદ્યા શીખી હતી.
- સ્વાધ્યાય એ વિદ્યાર્થીઓને વર્ગમાં કે વર્ગ બહાર આપવામાં આવતું કાર્ય છે.

  Assignment is the work that is assigned to students either in the class or out of class study.
- **નેલ્સન એલ. બોસિંગ :**

  ‘જે એકમ વિદ્યાર્થીઓને ભણાવવાનો છે તેની ઓળખ અને સ્વીકાર રૂપે જે શૈક્ષણિક પ્રવૃત્તિ કરવામાં આવે અને જેનાથી એ એકમનો અભ્યાસ ક્ષમતાપૂર્વક થઈ શકે તેવી પ્રવૃત્તિ.’
- ટૂંકમાં કહીએ તો સ્વાધ્યાય = સ્વ + અધ્યયન
- વિદ્યાર્થી જાતે અધ્યયન કરતો થાય, જાતે કૌશલ્યનો વિકાસ કરતો થાય તેવો મૂળભૂત હેતુ આ પદ્ધતિમાં સમાવિષ્ટ છે.
- ‘માનસિક કાર્ય માટેની પ્રવૃત્તિઓ યોજી કાઢવી તેનું નામ સ્વાધ્યાય.’
- સ્વાધ્યાય દ્વારા અધ્યયન કરાવતી પદ્ધતિ તે સ્વાધ્યાય પદ્ધતિ.
- સ્વાધ્યાય એ વિદ્યાર્થીઓને વર્ગમાં કે વર્ગ બહાર, શાળામાં કે શાળા બહાર પૂર્ણ કરવા માટે આપવામાં આવતું હેતુકેન્દ્રી કાર્ય છે. સ્વાધ્યાય શાળા સમયમાં કે શાળા સમય પછી પણ થઈ શકે.’
- વર્તમાન યુગમાં જ્યારે જ્ઞાનના સીમાડા વિસ્તૃત થાય છે ત્યારે હવે શીખવવાની (teaching) વાત ખોટી પડે છે, તેને બદલે હવે શીખવાની (learning) વાત આવે છે. શિક્ષકે બાળકોને શીખવવાને બદલે શીખતાં કરવાં જોઈએ, તો જ વર્તમાન પરિસ્થિતિનો ઉકેલ આવે તેમ છે. શિક્ષણની વર્તમાન પરિસ્થિતિ આપણને સ્વાધ્યાય તરફ જવાની ફરજ પાડે છે.

(૩) **સ્વાધ્યાય પદ્ધતિનાં લક્ષણો :**

- સ્વાધ્યાય પદ્ધતિનાં લક્ષણોનીચે મુજબ છે

૧) **તારણ શક્તિનો વિકાસ :**

★ કેટલું વાંચવું, શું વાંચવું, કેવી રીતે રજૂ કરવું, કયાં પુસ્તકમાંથી મેળવવું વગેરે સમસ્યાઓ ઉકેલવી પડે છે.

**૨〉 ચોક્કસ કૌશલ્યનો વિકાસ :**

★ સ્વાધ્યાયના પ્રશ્નો કેવી રીતે લખવાં, કેવી રીતે આકૃતિ દોરવી, કેવી રીતે માહિતી એકઠી કરવી, વર્ગીકરણ કરવું, રજૂઆત કેવી રીતે કરવી વગેરે બાબતો અંગે કેટલાંક ચોક્કસ કૌશલ્યનો વિકાસ થાય છે.

**૩〉 સંદર્ભ સાહિત્યનો વિકાસ :**

★ પ્રશ્નો સંદર્ભ સાહિત્ય ઉપર આધારિત આપેલ હોય તો વિદ્યાર્થીઓ સંદર્ભ સાહિત્યનો ઉપયોગ કરે છે.

**૪〉 મૌખિક અભિવ્યક્તિ :**

* સ્વાધ્યાયના પ્રશ્નોના જવાબ લખવાં માટે મૌખિક રજૂઆત કરવી પડે છે, જેથી વિદ્યાર્થીઓમાં મૌખિક અભિવ્યક્તિનો વિકાસ થાય છે.

**૫〉 શિક્ષકનું ઓછામાં ઓછું માર્ગદર્શન :**

★ સ્વાધ્યાયના પ્રશ્નો વિદ્યાર્થીઓને આપી દીધા પછી શિક્ષકનું માર્ગદર્શન ઓછામાં ઓછું હોય તેવું જોવા મળે છે.

**૬〉 મુશ્કેલીઓનું સ્વભાન :**

★ સ્વાધ્યાયના પ્રશ્નો તૈયાર કરવામાં વિદ્યાર્થીઓને મુશ્કેલીઓનું સ્વભાન થાય છે.

**૭〉 સામાન્ય હેતુનો વિકાસ :**

★ સ્વાધ્યાયના પ્રશ્નો તૈયાર કરવામાં સામાન્ય હેતુનો વિકાસ થતો જોવા મળે છે.

**૮〉 દરેક વિદ્યાર્થીઓ ભાગ લેતા હોય :**

★ સ્વાધ્યાયના પ્રશ્નોના જવાબો દરેક વિદ્યાર્થીઓએ તૈયાર કરવાના હોય છે, તેથી દરેક વિદ્યાર્થીઓ ભાગ લેતા હોય તેવું જોવા મળે છે.

**૯〉 વિદ્યાર્થીઓના વ્યક્તિગત વિકાસને સહાય :**

★ સ્વાધ્યાયના પ્રશ્નો તૈયાર કરવા વિદ્યાર્થીના વ્યક્તિગત વિકાસને સહાય બને છે.

**૧૦〉 પાઠ આયોજનના વિશિષ્ટ હેતુ સિદ્ધ કરે તેવા :**

★ સ્વાધ્યાયના પ્રશ્નો પાઠ આયોજન ઉપર આધારિત હોવાંથી વિશિષ્ટ હેતુ સિદ્ધ કરે તેવા સ્વાધ્યાયના પ્રશ્નો હોય છે.

**(૪) સ્વાધ્યાય પદ્ધતિના ફાયદા :**

● સ્વાધ્યાય પદ્ધતિના ફાયદાઓ નીચે મુજબ છે :

**૧〉 વ્યક્તિગત તફાવતનો ઉકેલ :**

* સ્વાધ્યાય પદ્ધતિનો ઉપયોગ કરવાથી વ્યક્તિગત તફાવતનો ઉકેલ આવે છે. વિદ્યાર્થી પોતાની શક્તિ પ્રમાણે સ્વાધ્યાયના પ્રશ્નો તૈયાર કરવાની તક મળે છે.

**૨〉 ફુરસદના સમયનો યોગ્ય ઉપયોગ :**

★ સ્વાધ્યાયના પ્રશ્નો વિદ્યાર્થીઓને ઘેરથી આપવામાં આવે છે. વિદ્યાર્થી પોતાને અનુકૂળ હોય ત્યારે સ્વાધ્યાયના પ્રશ્નો તૈયાર કરે છે ,તેથી ફુરસદના સમયનો યોગ્ય ઉપયોગ કરે છે.

**૩〉 વિવિધ કૌશલ્યનો વિકાસ :**

★ સ્વાધ્યાયના પ્રશ્નો તૈયાર કરવામાં વાંચન, ચિંતન, મનન વગેરે કરવું પડે છે. વાંચન કૌશલ્યનો વિકાસ પણ થતો જોવા મળે છે.

**૪) આત્મવિશ્વાસનો વધારો :**

★ સ્વાધ્યાયના પ્રશ્નો વિદ્યાર્થી પોતાની જાતે તૈયાર કરે છે, તેથી તેમનામાં આત્મવિશ્વાસ વધે છે. આ કાર્ય મારી જાતે કરેલ છે.

**૫) છૂપી શક્તિનો વિકાસ :**

★ વિદ્યાર્થી પાસે જે શક્તિ છે તે શક્તિ સ્વાધ્યાયના પ્રશ્નો તૈયાર કરવામાં બહાર આવે છે.

**૬) સંદર્ભ સાહિત્યના વાંચનની ટેવનો વિકાસ :**

★ સ્વાધ્યાયના પ્રશ્નો તૈયાર કરવા માટે વિદ્યાર્થીઓએ સંદર્ભ સાહિત્યનો ઉપયોગ કરવો પડે છે, તેથી વિદ્યાર્થીઓમાં સંદર્ભ સાહિત્યના વાંચનની ટેવનો વિકાસ થાય છે.

**૭) સમસ્યા ઉકેલવામાં મદદરૂપ :**

★ સ્વાધ્યાયના પ્રશ્નો તૈયાર કરવામાં કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે જે બાબત સમસ્યા ઉકેલવામાં મદદરૂપ થાય છે.

**૮) સ્વાવલંબનની ટેવનો વિકાસ :**

★ સ્વાધ્યાયના પ્રશ્નો જાતે તૈયાર કરવા પડેછે, તેથી વિદ્યાર્થીઓમાં સ્વાવલંબનની ટેવનો વિકાસ થાય છે.

**૯) જૂથકાર્ય :**

★ સ્વાધ્યાયના પ્રશ્નો વ્યક્તિગત તેમજ જૂથમાં પણ આપી શકાય છે. જૂથમાં વિદ્યાર્થીઓ સાથે મળીને સ્વાધ્યાયના પ્રશ્નો તૈયાર કરે છે જેથી જૂથ કાર્ય કરવાની ટેવ પડે છે.

**૧૦) માહિતીનું અર્થ ઘટન અને નોંધ કરતાં શીખે :**

★ કયા પ્રશ્નોનો કેટલો જવાબ લખવોં, જવાબ માટે કેટલી બાબતો જરૂરી છે. કેટલી બાબતો જરૂરી નથી વગેરે બાબતોનું અર્થઘટન કરી નોંધ કરતાં શીખે છે.

**૧૧) મુશ્કેલીનું સ્વભાન :**

★ સ્વાધ્યાયના પ્રશ્નો તૈયાર કરવા માટે જરૂરી સંદર્ભ પુસ્તકોનો ઉપયોગ કરવો પડે છે. જવાબ શોધીને લખવોં પડે છે, તેથી સ્વાધ્યાયના પ્રશ્નો તૈયાર કરવામાં મુશ્કેલીનું ભાન થાય છે.

**૧૨) તર્ક શક્તિનો વિકાસ :**

★ સ્વાધ્યાયના પ્રશ્નો તૌયર કરવા માટે વિચાર કરવો પડે છે. વિચાર કરવાને કારણે વિદ્યાર્થીઓમાં તર્ક શક્તિનો વિકાસ થાય છે.

**૧૩) સ્વપ્રવૃત્તિને ઉત્તેજન :**

★ સ્વાધ્યાયના પ્રશ્નો જાતે તૈયાર કરવા પડે છે, તેથી સ્વ પ્રવૃત્તિને ઉત્તેજન મળે છે. વિદ્યાર્થીઓ કેટલીક પ્રવૃત્તિ જાતે કરવાની ઉત્તેજન મળે છે.

**૧૪) લાંબા અભ્યાસક્રમને પૂર્ણ કરી શકાય :**

★ સ્વાધ્યાયના પ્રશ્નો વિદ્યાર્થીઓને ઘરેથી આપવામાં આવે છે, તેથી લાંબો અભ્યાસક્રમ નિયત સમયમાં પૂર્ણ કરી શકાય છે.

**(૫) સ્વાધ્યાય પદ્ધતિની મર્યાદા :**

● સ્વાધ્યાય પદ્ધતિની મર્યાદાઓ નીચે મુજબ છે :

**૧) વ્યક્તિગત તફાવતનો ધ્યાનમાં લેવામાં ન આવે :**

* સ્વાધ્યાયના પ્રશ્નો વ્યક્તિગત તફાવતો ધ્યાનમાં લીધા વગર તૈયાર કરવામાં આવે તો બધા જ વિદ્યાર્થીઓને સંતોષ મળતો નથી.

**૨〉 સ્વાધ્યાય પૂર્વ આયોજિત ન હોય :**

★ સ્વાધ્યાયના પ્રશ્નો અગાઉથી પૂર્વ આયોજન કર્યા વગર તૈયાર કરવામાં આવેલ હોય તો યોગ્ય પ્રશ્નો તૈયાર કરી શકાતાં નથી, જેથી કરીને વિદ્યાર્થીઓને અન્યાય થાય છે.

**૩〉 વધુ પડતા બોજારૂપ હોય :**

★ સ્વાધ્યાયના પ્રશ્નો વ્યક્તિગત તફાવતોને ધ્યાનમાં લીધા સિવાય તૈયાર કરવામાં આવે તો વિદ્યાર્થીઓને સ્વાધ્યાયના પ્રશ્નો બોજારૂપ લાગે છે.

**૪〉 સ્વાધ્યાય તૈયારીમાં વધુ સમય :**

★ યોગ્ય સ્વાધ્યાયના પ્રશ્નો તૈયાર કરવા હોય તો વધુ સમય જોઈએ. અગાઉથી તેનું આયોજન કરવું પડે, શિક્ષક પાસે વધુ સમય ફાળવવો મુશ્કેલરૂપ છે.

**૫〉 શિક્ષકની ખોટી માન્યતા :**

★ સ્વાધ્યાયના પ્રશ્નો તૈયાર કરવામાં વધુ કુશળતાની જરૂર નથી, તે માન્યતા ભૂલ ભરેલ છે.

**૬〉 શિક્ષક અશક્તિમાન હોય :**

★ યોગ્ય સ્વાધ્યાયના પ્રશ્નો તૈયાર કરવામાં શિક્ષકની આવડત જરૂરી છે. શિક્ષક પાસે યોગ્ય આવડત ન હોય તો યોગ્ય પ્રશ્નો તૈયાર થતાં નથી.

**૭〉 પ્રાથમિક કક્ષાના ધોરણ માટે સફળ ન બને :**

★ પ્રાથમિક કક્ષાના વિદ્યાર્થીઓની માનસિક શક્તિનો વિકાસ થયેલ હોતો નથી, એટલે પ્રાથમિક કક્ષાના ધોરણ માટે સફળ બની શકે નહીં.

**૮〉 સંદર્ભ પુસ્તકોનો અભાવ :**

★ સ્વાધ્યાયના પ્રશ્નો તૈયાર કરવામાં સંદર્ભ પુસ્તકોની જરૂર પડે છે. પૂરતાં પ્રમાણમાં સંદર્ભ પુસ્તકો ન હોય તો સ્વાધ્યાયના પ્રશ્નો તૈયાર થતાં નથી.

**૯〉 સંદર્ભ આપવા–લેવાની વ્યવસ્થાનો અભાવ :**

★ સંદર્ભ પૂરતા પ્રમાણમાં હોય પરંતુ વ્યવસ્થા બરાબર ન હોય તો વિદ્યાર્થીઓ સંદર્ભ પુસ્તકો લેવાનું પસંદ કરતાં નથી.

**૧૦〉 માર્ગદર્શનનો અભાવ :**

★ શિક્ષકનું માર્ગદર્શન જરૂરી છે, પૂરતું માર્ગદર્શન ન મળે તો નિષ્ફળ જાય છે.

**(૬) સ્વાધ્યાય બનાવતી વખતે ધ્યાનમાં રાખવાના મુદ્દા :**

● સ્વાધ્યાય તૈયાર કરવામાં શિક્ષકે પોતાની શક્તિનો સર્વોત્તમ ઉપયોગ કરવો રહ્યો એ માટે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જરૂરી છે :

**૧〉 હેતુઓ :**

* પ્રથમ વિદ્યાર્થી પાસેથી કયો હેતુ ચકાસવા માગો છો, તે બાબત ધ્યાનમાં રાખી હેતુ નક્કી કરવો. કયા પ્રકારના વર્તન ફેરફાર વિદ્યાર્થીમાં લાવવા માગો છો તે નક્કી કરવું જોઈએ.

**૨〉 સમય મર્યાદા :**

★ સ્વાધ્યાયના પ્રશ્નો કેટલા સમય માટે લખવાં આપવાના છે તે બાબત નક્કી કરી, સ્વાધ્યાયના પ્રશ્નોની સંખ્યા નક્કી કરો. સમય મર્યાદાને ધ્યાનમાં રાખી સ્વાધ્યાયના પ્રશ્નો તૈયાર કરો.

**૩〉 પ્રશ્નોમાં વિવિધતા :**

★ સ્વાધ્યાયના રચનામાં એક જ પ્રકારના પ્રશ્નો ન હોય તેમાં જ્ઞાન, સમજ, ઉપયોગ, કૌશલ્યલક્ષી પ્રશ્નો હોવાં જરૂરી છે.

**૪) વ્યક્તિગત તફાવત :**

★ વ્યક્તિગત તફાવતોને ધ્યાનમાં રાખીને સરળ, મધ્યમ, કઠિન પ્રકારના પ્રશ્નોની રચના કરવી જોઈએ. હોંશિયાર વિદ્યાર્થીને પડકારરૂપ લાગે અને અન્ય વિદ્યાર્થીને બોજારૂપ ન લાગે તે બાબત ધ્યાનમાં લેવી જોઈએ.

**૫) વિદ્યાર્થીની કક્ષાઃ**

★ સ્વાધ્યાયના પ્રશ્નોની રચના કક્ષાને અનુરૂપ હોય તે બાબત ખાસ ધ્યાનમાં રાખવી જોઈએ.

**૬) પ્રશ્નનું બંધારણ :**

★ પ્રશ્નો વ્યાકરણની દૃષ્ટિએ સ્પષ્ટ, ટૂંકા, એકમ સાથે સુસંગત અને સચોટ હોવાં જોઈએ.

**૭) પૂર્વ આયોજિત હોવાં :**

★ સ્વાધ્યાય પૂર્વ આયોજિત હોવાં જોઈએ. આ માટે શિક્ષકે પૂરતો સમય લઈ વિચારણા કરી સ્વાધ્યાય પ્રશ્નોની રચના કરવી જોઈએ.

**૮) પ્રશ્નોની સંખ્યા :**

★ સ્વાધ્યાયના પ્રશ્નોની સંખ્યા મર્યાદિત રાખવી જોઈએ, તો જ વિદ્યાર્થીઓને સ્વાધ્યાય કામ કરવામાં રસ રહે છે.

**૯) વિવિધ અનુભવો :**

★ સ્વાધ્યાયના પ્રશ્નો વિદ્યાર્થીઓને વિવિધ અનુભવો પૂરા પાડે તેવી ક્ષમતાવાળા હોવાં જોઈએ.

**૧૦) સ્પષ્ટ સૂચનો :**

★ સ્વાધ્યાયના પ્રશ્નોની અંદર સૂચનો સ્પષ્ટ હોવાં જોઈએ, જેથી વિદ્યાર્થીઓ સરળતાથી સમજી શકે.

★ દા.ત. – જુદાં જુદાં પ્રશ્નોના પ્રકાર પ્રમાણે સૂચના આપવી જોઈએ.

**૧૧) રસ પેદા થાય તેવા :**

★ સ્વાધ્યાયના પ્રશ્નો વિદ્યાર્થીઓમાં એકમને સ્વ અધ્યયનથી શીખી શકીશું તેવી ભાવના પેદા કરે તેવા જોઈએ.

★ સ્વાધ્યાય તૈયાર કરવામાં શિક્ષક પોતાની સૂઝ અને શક્તિનો ઉપયોગ કરે તો વિદ્યાર્થીઓને પુસ્તકિયા અભ્યાસમાંથી બહાર કાઢવામાં કામયાબ નીવડે એ વાત નિઃશંક છે.

**(૭) શિક્ષકે સ્વાધ્યાયનો ઉપયોગ ક્યારે કરવો ? :**

- શિક્ષક સ્વાધ્યાય પદ્ધતિનો ઉપયોગ નીચેના સંજોગોમાં કરી શકે છે :

  ૧) વર્ગશિક્ષણમાં

  ૨) ગૃહકાર્યમાં

  ૩) શિક્ષકો ગેરહાજર રહે ત્યારે

  ૪) પુનરાવર્તન કાર્ય માટે

  ૫) નાની રજાઓ કે વેકેશન દરમિયાન

**(૮) સ્વાધ્યાય પદ્ધતિનું સામાજિક વિજ્ઞાનના શિક્ષણમાં વિનિયોગ :**

- સામાજિક વિજ્ઞાનના શિક્ષણમાં દરેક વિષયોમાં સ્વાધ્યાયના પ્રશ્નોની રચના થઈ શકે છે.
- કોઈ એક એકમ શીખવ્યા પછી તેના ઉપર આધારિત સ્વાધ્યાયના પ્રશ્નો આપી શકાય.

  દા.ત. – ગ્રાહક સુરક્ષાનો એકમ શીખવ્યા પછી તેના ઉપર આધારિત સ્વાધ્યાયના પ્રશ્નો આપી શકાય :

〈૧〉 ગ્રાહક સુરક્ષા એટલે શું ?

**(૧૦) જૂથ અધ્યાપન પદ્ધતિ (ટીમ ટીચિંગ પદ્ધતિ):** (Team Teaching)

**(૧) પ્રસ્તાવના :**

- શિક્ષણકાર્યમાં એક જ શિક્ષક દ્વારા શિક્ષણકાર્ય કરવામાં આવે તો વિદ્યાર્થીઓ કંટાળાનો અનુભવ કરે છે. એકનો એક શિક્ષક એક જ વિષય ભણાવે તો વિદ્યાર્થીઓ કંટાળાનો અનુભવ કરે છે તેમજ શિક્ષણ કાર્યમાં નવીનતા આવતી નથી.
- વિદ્યાર્થીઓ વિષય પ્રત્યે રસ લેતા કરવા તેમજ એકમમાં રસ જળવાઈ રહે તે માટે એકથી વધુ શિક્ષકો દ્વારા કાર્ય થાય તે જરૂરી છે. એક કરતાં વધારે શિક્ષક શિક્ષણ કાર્ય કરતા હોવાંથી એકબીજાના પૂરક બની રહે અને વિદ્યાર્થીઓની જિજ્ઞાસાવૃત્તિ પણ સંતોષાય.
- ઉપલા ધોરણમાં કામ કરતાં અનુભવી શિક્ષકોનો પણ લાભ મળી રહે તેવો હેતુ હોય છે.
- કોઈ પણ એક વ્યક્તિના જ્ઞાન, માહિતી, આવડત અને કૌશલ્યોની એક મર્યાદા હોય છે. દરેક વ્યક્તિની હોંશિયારી એક સરખી હોતી નથી.
- દરેક વિદ્યાર્થીઓની આશા, આકાંક્ષા, અપેક્ષા વગેરે જુદી જુદી હોય છે.
- અમેરિકામાં ટીમ ટીચિંગ પદ્ધતિની શરૂઆત થઈ.

**(૨) સંકલ્પના :**

- એક કરતાં વધુ શિક્ષકો વર્ગમાં જઈને કોઈ એક વિષય ભણાવે તો ટીમ ટીચિંગ કહેવાય છે.
- **શેટલીન અને ઓલ્ડ :**

  'શિક્ષક અને વિદ્યાર્થી સામેલ છે અને શિક્ષણ કાર્ય શિક્ષકોને સોંપવામાં આવે છે કે જેમાં બે કે તેથી વધારે શિક્ષકોની કોઈ એક જૂથને કે સમગ્ર વર્ગને સંપૂર્ણ કે અંશતઃ પાઠ્ય ક્રમ શીખવવાની સંયુક્ત જવાબદારી હોય છે.'
- **લોપડ અને ડેરેસી :**

  'ટીમ ટીચિંગ એક એવી વ્યવસ્થા છે કે જેમાં બે કે તેથી વધારે શિક્ષકો, શૈક્ષણિક સાધનો સાથે કે તેના વગર, એક કે તેથી વધારે વર્ગો કે જૂથોના અધ્યાપન કાર્યનું સહકારથી આયોજન અધ્યાપન અને મૂલ્યાંકન કરે છે. આ સમગ્ર પ્રક્રિયા ઉચિત અધ્યયન—અધ્યાપનના વાતાવરણમાં ટીમમાં સમાવિષ્ટ શિક્ષકોની વિશિષ્ટ આવડત દ્વારા નિશ્ચિત સમય મર્યાદામાં કરવામાં આવે છે.'
- એક કરતાં વધુ શિક્ષકો વર્ગમાં જઈને કોઈ એક વિષય ભણાવે તે ટીમ ટીચિંગ કહેવાય છે.
- બીજી પદ્ધતિઓ કરતાં આ પદ્ધતિ દ્વારા વિદ્યાર્થીઓ સારી રીતે જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. વર્ગમાં એક કરતાં વધુ શિક્ષક હોવાંને કારણે વિદ્યાર્થીઓ ઉપર સારી રીતે ધ્યાન આપી શકાય છે, તેમની સમસ્યા હલ થાય છે અને પૂરતું માર્ગદર્શન મળી રહે છે.
- એક જ વિષય શીખવતાં ત્રણચાર શિક્ષકમિત્રો અભ્યાસક્રમનો કોઈ એક મુદ્દો લઈને, એક જ વર્ગમાં એકી સાથે જઈને શિક્ષણકાર્ય કરે એનું નામ જ જૂથ અધ્યયન.
- દા.ત. —માનવ વિકાસ વિશે શીખવતાં...

★ એક શિક્ષક વૃદ્ધિ અને તેના મહત્ત્વની વાત કરે, બીજો શિક્ષક વિકાસ વિશે વાત કરે, ત્રીજો શિક્ષક વિકાસ અને અસર કરતાં પરિબળો વિશે વાત કરે, ચોથો શિક્ષક વિકાસની પ્રક્રિયા વિશે વાત કરે વગેરે.

★ આમ ચારેય શિક્ષક પોતાનો મુદ્દો વારાફરતી રજૂ કરે, વર્ગના વિદ્યાર્થીઓ માનવ વિકાસ વિશે સાંભળે, વિચારે, મનન કરે, વાગોળે અને પ્રશ્નો પૂછે.

★ વિદ્યાર્થી પ્રશ્નો પૂછે ત્યારે કોઈ એક શિક્ષક પ્રશ્નનો જવાબ આપે, ભલે તે મુદ્દો ગમે તે હોય, બધા સાથે રહીને કામ કરે.

(૩) **ટીમ ટીચિંગના લક્ષણો :**

– ટીમ ટીચિંગના લક્ષણો નીચે મુજબ છે :

૧〉 **એકબીજાના પૂરક બની કાર્ય થાય :**

★ આ પદ્ધતિ પ્રમાણે એકબીજાના પૂરક બની કાર્ય થતું જોવા મળે છે.

૨〉 **કાર્યનું વિભાજન :**

★ એક જ વિષયમાં જુદાં જુદાં એકમની વહેંચણી કરી દેવામાં આવે છે. કાર્યનું વિભાજન થઈ જાય છે.

૩〉 **શિક્ષણકાર્યમાં રસ પેદા થાય :**

★ વધુ શિક્ષકોના જ્ઞાનનો લાભ મળતો હોવાંથી વિદ્યાર્થીઓને શિક્ષણકાર્યમાં વધુ રસ પડે છે.

૪〉 **સારી સમજ પેદા થાય :**

★ વધુ શિક્ષકોના જ્ઞાનનો લાભ મળતો હોવાંથી સારી સમજ પેદા થાય છે. સમસ્યાનું સમાધાન થાય છે.

૫〉 **સારું જ્ઞાન પ્રાપ્ત કરે :**

★ વધુ શિક્ષકોના જ્ઞાનનો લાભ મળતો હોવાંથી સારું જ્ઞાન વિદ્યાર્થીઓ પ્રાપ્ત કરી શકે છે.

૬〉 **વધુ જ્ઞાન :**

★ વધુ શિક્ષકો દ્વારા શિક્ષણ કાર્ય થતું હોવાંથી વિદ્યાર્થીઓ વધુ ધ્યાન આપે છે. સારા શિક્ષકના જ્ઞાનનો લાભ મળે છે.

૭〉 **સમસ્યાનું સમાધાન :**

★ આ પદ્ધતિમાં સમસ્યાનું સમાધાન થતું હોવાંનું જોવા મળે છે.

૮〉 **પૂરતું માર્ગદર્શન :**

★ કોઈ પણ વિષયમાં આ પદ્ધતિ પ્રમાણે કાર્ય થતું હોવાંથી પૂરતું માર્ગદર્શન મળી રહે છે. મનોવિજ્ઞાનમાં વિદ્યાર્થીઓને માર્ગદર્શન મળી રહે છે.

૯〉 **કોઈ એક એકમ માટે કાર્ય :**

★ એક એકમ પસંદ કરી તેના ઉપર શિક્ષકો ચર્ચા કરી શિક્ષણકાર્ય થાય છે. આખો એકમ વહેંચીને પણ કાર્ય થઈ શકે છે.

૧૦〉 **એકથી વધુ શિક્ષકો :**

★ એકથી વધુ શિક્ષકોના જ્ઞાનનો લાભ મળે છે.

(૪) **ટીમ ટીચિંગના ફાયદા :**

– ટીમ ટીચિંગના ફાયદાઓ નીચે મુજબ છે :

૧〉 **કંટાળાનો અનુભવ થતો નથી :**

★ વર્ગમાં એક કરતાં વધુ શિક્ષકો દ્વારા શિક્ષણકાર્ય થતું હોવાંથી વિદ્યાર્થીઓને કંટાળાનો અનુભવ થતો નથી.

૨〉 **વધુ શિક્ષકના જ્ઞાનનો લાભ :**

★ વર્ગમાં એક વિષય વધુ શિક્ષકો દ્વારા શિક્ષણકાર્ય થતું હોવાંથી વધુ શિક્ષકના જ્ઞાનનો લાભ મળે છે.

**૩〉 વિદ્યાર્થીઓમાં રસ કેળવાય :**

★ વધુ શિક્ષકો દ્વારા શિક્ષણકાર્ય થતું હોવાંથી વિદ્યાર્થીઓમાં રસ કેળવાય છે.

**૪〉 વ્યક્તિગત ધ્યાન :**

★ વર્ગમાં વધુ શિક્ષકો દ્વારા કાર્ય થતું હોવાંથી વ્યક્તિગત ધ્યાન આપી શકાય છે.

**૫〉 માર્ગદર્શન આપી શકાય :**

★ વધુમાં વધુ શિક્ષકો દ્વારા શિક્ષણકાર્ય થતું હોવાંથી માર્ગદર્શન આપી શકાય છે.

**૬〉 સ્પષ્ટ સમજ :**

★ વધુ શિક્ષકો દ્વારા શિક્ષણકાર્ય થતું હોવાંથી સ્પષ્ટ સમજ પડે છે. વિવિધ શિક્ષકોના જ્ઞાનનો લાભ મળે છે.

**૭〉 નવીન માહિતીની જાણકારી :**

★ જુદાં જુદાં શિક્ષકોના જ્ઞાનનો લાભ મળે છે, તેથી નવીન માહિતીની જાણકારી પ્રાપ્ત થાય છે.

**૮〉 સુંદર વાતાવરણ ઊભું થાય :**

★ વધુ શિક્ષકો દ્વારા શિક્ષણકાર્ય થતું હોવાંથી સુંદર વાતાવરણ ઊભું થાય છે.

**૯〉 ઉત્સાહમાં વધારો :**

★ વધુ શિક્ષકો દ્વારા કાર્ય થતું હોવાંથી વર્ગમાં વિદ્યાર્થીઓમાં ઉત્સાહ વધે છે. શિક્ષકો પણ ઉત્સાહપૂર્વક કાર્ય કરે છે.

**૧૦〉 વિદ્યાર્થીઓ પ્રવૃત્તિશીલ બને :**

★ શિક્ષણકાર્ય વિદ્યાર્થીઓને કામ આપીને પ્રવૃત્તિશીલ બનાવી શકાય છે.

**૧૧〉 સમસ્યાનું સમાધાન :**

★ વધુ શિક્ષકોના જ્ઞાનનો લાભ મળે છે. વિદ્યાર્થીઓને કોઈ સમસ્યા ઊભી થાય તો તેનું સમાધાન થઈ જાય છે.

**(૫) ટીમ ટીચિંગની મર્યાદા :**

● ટીમ ટીચિંગના ફાયદાઓ હોવાં છતાં તેની કેટલીક મર્યાદાઓ પણ જોવા મળે છે :

**૧〉 પૂર્વ આયોજન કર્યું ન હોય :**

* આ પદ્ધતિ પ્રમાણે કાર્ય કરવા અગાઉથી આયોજન કરવું પડે છે. અગાઉથી આયોજન કરવામાં ન આવે તો નિષ્ફળ થાય છે.

**૨〉 શિક્ષકના વ્યક્તિગત તફાવતની અસર :**

★ બધા શિક્ષકો હોંશિયાર નથી હોતા, કેટલાંક હોંશિયાર અને કેટલાંક નબળા શિક્ષકો હોય છે. બંને શિક્ષકની અસર વર્ગ પર થાય છે.

**૩〉 વધુ શિક્ષકની અસર :**

★ આ પદ્ધતિ પ્રમાણે કાર્ય કરવા માટે વધુ શિક્ષકની જરૂર પડે છે. વધુ શિક્ષકો શક્ય ન હોવાંથી કાર્ય નિષ્ફળ નિવડે છે.

**૪〉 વર્ગમાં વધુ સંખ્યા :**

★ આજે વર્ગમાં વધુ સંખ્યા હોવાંથી આ પદ્ધતિ પ્રમાણે કાર્ય કરવું મુશ્કેલ છે. વ્યક્તિગત ધ્યાન આપી શકાતું નથી.

**૫〉 શિક્ષકનો કાર્ય બોજ વધે :**

★ વર્ગમાં એક કરતાં વધુ શિક્ષકો કાર્ય કરતાં હોવાંથી વધુ સમયની જરૂર પડે છે. વધુ સમય ફાળવવો શક્ય ન હોવાંથી કાર્ય સફળ બનતું નથી.

૬) **વધુ સમય :**

★ વર્ગમાં એક કરતાં વધુ શિક્ષકો કાર્ય કરતાં હોવાંથી વધુ સમયની જરૂર પડે છે. વધુ સમય ફાળવવો શક્ય ન હોવાંથી કાર્ય સફળ બનતું નથી.

૭) **સરખી તૈયારીની જરૂર :**

★ શિક્ષકોમાં વ્યક્તિગત તફાવત હોવાંથી સરખી તૈયારી કરી શકતાં નથી, તેમજ વર્ગમાં દરેક શિક્ષકની રજૂઆત પણ સરખી હોતી નથી.

૮) **અયોગ્ય વહીવટી વાતાવરણમાં બીન અસરકારકતા :**

★ આ પદ્ધતિ પ્રમાણે યોગ્ય ટાઈમ ટેબલ તૈયાર કરવું પડે છે. યોગ્ય ટાઈમ ટેબલ તૈયાર ન થાય તો આ પદ્ધતિ બીનઅસરકારક બને છે.

૯) **વિષયાંતરની શક્યતા :**

વધુ શિક્ષકો દ્વારા કાર્ય થતું હોવાંથી વિષયાંતર થવાની શક્યતા ઊભી થાય છે.

(૬) **ટીમ ટીચિંગ પદ્ધતિના ઉપયોગ વખતે ધ્યાનમાં રાખવાની બાબતો :**

● ટીમ ટીચિંગ પદ્ધતિના ઉપયોગ વખતે નીચેની બાબતો ધ્યાનમાં લેવી જોઈએ :

૧) **અગાઉથી આયોજન કરવું :**

* આ પદ્ધતિ ઉપયોગ માટે અગાઉથી આયોજન કરવા જોઈએ. અગાઉથી જ આયોજન કરવામાં આવ્યું હોય તો જ સફળ બની શકે.

૨) **અનભુવી શિક્ષકની પસંદગી :**

★ આ પદ્ધતિ પ્રમાણે કાર્ય કરવા માટે અનુભવી શિક્ષકની પસંદગી કરવી જોઈએ. નવા શિક્ષક માટે આ પદ્ધતિ પ્રમાણે કાર્ય કરવું મુશ્કેલરૂપ છે.

૩) **વિદ્યાર્થીઓની મર્યાદિત સંખ્યા :**

★ વર્ગમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધુ જોવા મળે છે, તેથી સફળ થઈ શકે નહીં, પરંતુ મર્યાદિત સંખ્યા રાખવામાં આવે તો સફળ બની શકે.

૪) **વધુ તૈયારી કરવી :**

★ આ પદ્ધતિ પ્રમાણે કાર્ય કરવા માટે વધુ તૈયારી કરવાની જરૂર પડે છે. તૈયારી વગર કાર્ય થઈ શકે નહીં.

૫) **સંદર્ભ પુસ્તકનો ઉપયોગ :**

★ આ પદ્ધતિ પ્રમાણે કાર્ય કરવા માટે સંદર્ભ પુસ્તકનો ઉપયોગ કરવો પડે, વધુ તૈયારી સાથે જ કાર્ય થઈ શકે.

૬) **જરૂરી સાધન સામગ્રીનો ઉપયોગ :**

★ શિક્ષક કાર્ય કરતી વખતે જરૂરી સાધન સામગ્રીનો ઉપયોગ કરવામાં આવે તો સારું કાર્ય થઈ શકે.

૭) **જરૂરી હાવભાવઃ**

★ શિક્ષણ કાર્ય કરતી વખતે જરૂરી હાવભાવ કરવામાં આવે તો તેની વધુ અસર થાય છે. શિક્ષણ કાર્ય કરતી વખતે જરૂરી હાવભાવ કરે તે જરૂરી છે.

૮) **વિષયાંતર ન થાય તેની કાળજી રાખવી :**

★ શિક્ષણકાર્ય કરતી વખતે વિષયાંતર ન થાય તેની કાળજી રાખવી જોઈએ.

૯) **યોગ્ય કાર્યની વહેંચણી કરવી :**

★ શિક્ષણકાર્ય માટે યોગ્ય કાર્યની વહેંચણી કરવી જોઈએ.

૧૦) **સમય મર્યાદા :**

★ સમય મર્યાદાની ફાળવણી યોગ્ય રીતે કરવી જોઈએ, તો જ કાર્ય સફળ બની શકે.

(૧૧) **જૂથ ચર્ચા પદ્ધતિ :** (Group Discussion Method)

(૧) **પ્રસ્તાવના :**

- વર્તમાન સમયમાં નાગરિકના ઘડતરનું કામ શિક્ષણ દ્વારા થાય છે. શિક્ષણ દ્વારા નાગરિકતાની તાલીમ સમૂહજીવન એવા શિક્ષણના સામાજિક ઉદ્દેશો માટે સિદ્ધ કરી શકાય છે. આ ઉદ્દેશો સિદ્ધ કરવા જુદાં જુદાં પ્રકારના અભિગમો ઉપયોગમાં લેવામાં આવે છે. જૂથ ચર્ચા, ચર્ચાસભા, પેનલ ચર્ચા, મુક્ત ચર્ચા, ગોળમેજી ચર્ચા વગેરે અભિગમો દ્વારા નાગરિકનું ઘડતર કરવાનો પ્રયત્ન કરાય છે.
- આ પદ્ધતિમાં ચર્ચાનું તત્ત્વ છે, પરંતુ અહીં વર્ગના બધા વિદ્યાર્થીઓને સક્રિય બનાવી શકાય છે. બાળકોને વિવિધ અનુભવો આપી શકાય છે. આ પદ્ધતિ પ્રમાણે શીખવતાં શિક્ષક વર્ગ સમક્ષ કોઈ એકમ રજૂ કરે છે. એકમને લગતાં સામાન્ય ખ્યાલ વર્ગમાં આપવામાં આવે છે. આખા વર્ગને સમસ્યાના મુદ્દાની જરૂરિયાત પ્રમાણે જૂથોમાં વહેંચવામાં આવે છે.
- આખા વર્ગને એકમના પેટા મુદ્દા પ્રમાણે જૂથોમાં વહેંચવામાં આવે છે.
- દરેક જૂથમાં નેતા નક્કી કરવામાં આવે છે, જે જૂથમાં ચર્ચાનો અહેવાલ—લેખિત સ્વરૂપમાં તૈયાર કરે છે.
- દરેક જૂથ નક્કી કરેલા જૂથમાં વહેંચાઈ, સંદર્ભ પુસ્તકો આપવામાં આવે છે દરેક જૂથ પોતાના જૂથમાં ચર્ચા કરે.
- વર્ગમાં બધા જૂથો ભેગા મળે અને દરેક જૂથનો નેતા પોતાનો અહેવાલ રજૂ કરે. અહેવાલ પર ચર્ચા થાય, પ્રશ્નોત્તરી થાય.
- આમ એક મુખ્ય એકમના વિવિધ પેટા એકમો એકમનું સાથે વિવિધ જૂથો દ્વારા થઈ શકે.
- દરેક જૂથ પોતાને મળેલ પેટા એકમના મુદ્દાને હલ કરવામાં કાર્યશીલ બને. સૌ પોતપોતાના વિચારો રજૂ કરે. આખરે જૂથ કોઈ એક નિર્ણય પર આવે, તેની નોંધ લેવાય, આ વિવિધ દૃષ્ટિબિંદુથી એક જ એકમને જોઈ શકાય.
- ઊંડાણપૂર્વકનું અધ્યયન થઈ શકે... વિદ્યાર્થીઓ પોતે સ્વઅધ્યયન કરે, સ્વપ્રવૃત્તિ કરે, બધા જૂથોનો સંકલિત અભ્યાસ એટલે આખો એકમ વર્ગમાં તૈયાર થઈ જાય.

(૨) **સંકલ્પના :**

- **વેડસર**

  'કોઈ એક પ્રશ્ન, સમસ્યા કે મુદ્દાને વિવિધ બાજુએથી વિચારવો, તપાસવો કે તેનું વિશ્લેષણ કરવું તે ચર્ચા.'
- આવી ચર્ચા જ્યારે વિદ્યાર્થીઓના એક અથવા એકથી વધારે જૂથ દ્વારા થાય ત્યારે તેને જૂથ ચર્ચા કહેવાય.
- જૂથ ચર્ચા એ સહકારી ચિંતન છે. જૂથ નેતાના નેતૃત્વ હેઠળ જૂથના સભ્યો મુક્ત મને વિચારોનું આદાન પ્રદાન કરે છે.
- જૂથ નેતા ચર્ચાની સામાન્ય આછી પાતળી રૂપરેખા આપી વિદ્યાર્થીઓને જે તે સમસ્યા કે વિષય, મુદ્દાની ચર્ચા તરફ ઝડપથી દોરી જાય છે. આ રીતે જોતાં જૂથ નેતા એ આ પદ્ધતિનો મુખ્ય દોરી સંચાલક છે.

- આ પદ્ધતિમાં અગત્યની માહિતીની તપાસ એ મૂળભૂત વિચાર રહેલો છે, જે તે વિષય મુદ્દાના અધ્યયન માટે ચોક્કસ હેતુઓ હોય છે.
- જૂથ નેતા કોઈ એક મુદ્દો, સમસ્યા, પ્રશ્ન રજૂ કરી ચર્ચા શરૂ કરે છે. ચર્ચા ચોક્કસ મુદ્દાને કેન્દ્રમાં રાખીને જ આગળ ચાલે છે.
- દરેક વિદ્યાર્થી જૂથમાં બેસીને જ પોતાના વિચારો અને અભિપ્રાયો વિવેકપૂર્વક રજૂ કરે છે.
- રિપોર્ટર જૂથમાં બેસી ચર્ચાની સંકલિત નોંધ તૈયાર કરે છે અને ચર્ચાના અંતે સમસ્યાના ઉકેલની સ્પષ્ટ ભૂમિકા તૈયાર થાય છે.
- ટૂંકમા, જૂથ ચર્ચામાં કોઈ એક પ્રશ્ન પર, સમજૂતી પર આવવાનો કે કોઈ સમસ્યાની સ્પષ્ટતા મેળવવાનો સામૂહિક અને સહેતુક પ્રયત્ન છે. એકમનાં વિવિધ પાસાંઓને વિવિધ દષ્ટિબિંદુથી તપાસી શકાય છે.
- આ પદ્ધતિ સહચિંતનને અનુસરે છે, તે ચિંતન શિબિરનું સ્વરૂપ પકડે છે. દરેક જૂથને સમસ્યા આપવામાં આવે છે. દરેકજૂથ પોતાને મળેલ સમસ્યા કે મુદ્દાને હલ કરવામાં મશગૂલ બને છે. સૌ પોતે પોતાનો વિચાર રજૂ કરે, આખરે જૂથ કોઈ નિર્ણય પર આવે, તેની નોંધ લેવાય.
- આમ વિવિધ દષ્ટિબિંદુથી એક જ એકમને જોઈ શકાય. ઊંડાણથી તલસ્પર્શી અધ્યયન થઈ શકે, વિદ્યાર્થીઓ પોતે સ્વ અધ્યયન કરે, સ્વ પ્રવૃત્તિ કરે, બધા જૂથોની સંકલિત અભ્યાસ એટલે આખો એકમ વર્ગમાં તૈયાર થઈ જાય.
- આ વિદ્યાર્થી કેન્દ્રી પદ્ધતિ છે. જૂથ ચર્ચામાં ચર્ચાનું તત્ત્વ વિશેષ હોય છે. જૂથ ચર્ચામાં વર્ગના બધાજ વિદ્યાર્થીઓને સક્રિય બનાવવાનો હેતુ રહેલો છે. જૂથમાં કોઈ એક પ્રશ્ન, સમસ્યા અંગે સમજૂતી પર આવવાનો કે સ્પષ્ટતા મેળવવાનો સમૂહગત અને સહેતુક પ્રયાસ હોય છે. સમસ્યા પ્રશ્ન કે એકમનાં વિવિધ પાસાંઓને વિવિધ દષ્ટિબિંદુથી તપાસવામાં આવે છે.

(૩) **જૂથ ચર્ચા પદ્ધતિના હેતુઓ :**

- જૂથ ચર્ચા પદ્ધતિ નીચેના હેતઓ સિદ્ધ થાય તે માટે ઉપયોગમાં લઈ શકાય :

{૧} વિદ્યાર્થીઓના જુદાં જુદાં વિચારોનું સંકલન કરવા.

{૨} પોતાના વિચારો રજૂ કરવાનું કૌશલ્ય પ્રાપ્ત કરવા.

{૩} વિદ્યાર્થીઓમાં નેતાગીરીના ગુણોનો વિકાસ કરવા.

{૪} વિદ્યાર્થીઓમાં સમૂહ ભાવનાનો વિકાસ કરવા.

{૫} વિદ્યાર્થીઓને સમૂહમાં બોલવાની તાલીમ મળે તે માટે.

{૬} વિદ્યાર્થીઓ સંદર્ભ સાહિત્યનો ઉપયોગ કરતાં શીખે.

{૭} વિદ્યાર્થીઓમાં સ્વઅધ્યયનની ટેવ પાડવા.

{૮} વિદ્યાર્થીઓની સુષુપ્ત શક્તિ બહાર પાડવા.

(૪) **જૂથ ચર્ચા પદ્ધતિની સફળતા માટેની શરતો :**

જૂથ ચર્ચા સફળ બનાવવા માટે નીચેની બાબતો ધ્યાન રાખવી આવશ્યક છે :

{૧} અગત્યની મૂળભૂત માહિતીની તપાસ એ તેની પાયાની વિચારસરણી છે.

{૨} જૂથના દરેક સભ્ય સક્રિય હોવો જોઈએ.

{૩} જૂથ ચર્ચા માટે વિદ્યાર્થીઓને માનસિક તૈયારી હોવી જોઈએ.

{૪} જૂથ નેતા કુશળ હોવો જોઈએ.

{૫} ચર્ચા દરમિયાન દરેક જૂથ સભ્યની અભિવ્યક્તિ ટૂંકી, સ્પષ્ટ અને સરળ હોવી જોઈએ.

{૬} વિદ્યાર્થીઓને સંદર્ભ સાહિત્યના ઉપયોગ અંગે જરૂરી માર્ગદર્શન આપવું.

{૭} વિદ્યાર્થીઓમાં એકસૂત્રતા માટેનું આયોજન કરવું.

{૮} શાળામાં જૂથ ચર્ચા માટે યોગ્ય ભૌતિક વાતાવરણ પૂરું પાડવું.

{૯} ચર્ચા માટે ઉદ્દેશ નક્કી થવા જોઈએ.

{૧૦} વિદ્યાર્થીઓમાં નેતાગીરીનું વિભાજન કરવું.

**(૫) જૂથ ચર્ચા પદ્ધતિના અમલનાં પગથિયાં :**

જૂથ ચર્ચા પદ્ધતિના અમલનાં પગથિયા નીચે મુજબ છે :

{૧} એકમ પસંદગી {૨} જૂથ ચર્ચા માટે વાતાવરણ ઊભું કરવું.

{૩} એકમ પ્રમાણે જૂથ રચના. {૪} વ્યક્તિગત તફાવત પ્રમાણે જૂથ રચના.

{૫} જૂથ નેતાની પસંદગી {૬} યોગ્ય બેઠક વ્યવસ્થા

{૭} જૂથને જવાબદારીથી વાકેફ કરવા.

{૮} દરેક જૂથ પોતાના કાર્યનો અહેવાલ વાંચે.

{૯} અહેવાલ વાંચન અને સુધારા વધારા. {૧૦} મૂલ્યાંકન

**(૬) જૂથ ચર્ચા પદ્ધતિના ફાયદા :**

જૂથ ચર્ચા દ્વારા નીચેના ફાયદાઓ મેળવી શકાય છે :

{૧} વિદ્યાર્થીઓ એકમનું ઊંડાણપૂર્વક અધ્યયન કરી શકે છે.

{૨} વિદ્યાર્થીઓ જૂથ દ્વારા સ્વઅધ્યયન કરતાં શીખે છે.

{૩} વિદ્યાર્થીઓ જૂથમાં રહી કાર્ય કરવાની ટેવ કેળવે છે.

{૪} જુદાં જુદાં વિચારોનું સંકલન કરવાનું કૌશલ્ય કેળવે છે.

{૫} વિદ્યાર્થીઓમાં નેતૃત્વ શક્તિના વિકાસની અહીં પુરેપુરી તક પ્રાપ્ત થાય છે.

{૬} વિદ્યાર્થીઓમાં સમૂહ ભાવનાનો વિકાસ થાય છે.

{૭} જૂથ ચર્ચા દ્વારા વિદ્યાર્થીઓમાં જાહેર ચર્ચાઓમાં ભાગ લેવાની એમનામાં હિંમત અને સૂઝ આવે છે.

{૮} બીજાના વિચારો શાંતિથી સાંભળવાની ધીરજ પ્રાપ્ત થાય છે.

{૯} જૂથ ચર્ચા દ્વારા વર્ગનો દરેક વિદ્યાર્થી પ્રવૃત્તિશીલ રહે છે.

{૧૦} વિદ્યાર્થીઓ ચીલાચાલુ પદ્ધતિની ઘરેડમાંથી બહાર આવે છે.

{૧૧} નાના જૂથમાં વિદ્યાર્થીઓ પોતાના વિચારો અભિવ્યક્ત કરતાં સંકોચ અનુભવતા નથી.

{૧૨} વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ વધે છે.

{૧૩} વિદ્યાર્થીઓમાં લોકશાહી વલણ કેળવાય છે. અન્ય વિચારો સાંભળવાની, વિચારોને આદર કરવાની વગેરે.

{૧૪} વિદ્યાર્થીઓમાં વાંચન અભિમુખતા વિકાસ પામે છે, તેઓ સંદર્ભ પુસ્તકો, વર્તમાન પત્રો, સામયિકો વગેરેનું વાંચન કરતા થાય છે.

**(૬) જૂથ ચર્ચા પદ્ધતિની મર્યાદા :**

જૂથ ચર્ચા પદ્ધતિની મર્યાદા નીચે મુજબ છે :

{૧} આ પદ્ધતિના આયોજન અને વ્યવસ્થા પાછળ વધુ સમય જાય છે.

{૨} શાળામાં યોગ્ય બેઠક વ્યવસ્થા ન ગોઠવાય તો સફળ બનતી નથી.

{૩} શાળા પાસે યોગ્ય સંદર્ભ સાહિત્ય ન હોય તો યોગ્ય ચર્ચા થઈ શકતી નથી.

{૪} જૂથના કેટલાંક સભ્યો નિષ્ક્રિય રહેવાનો સંભવ છે.

{૫} આ પદ્ધતિની સફળતા માટે વિદ્યાર્થીઓની માનસિક તૈયારી આવશ્યક છે. એ ન હોય તો જૂથ ચર્ચા વધુ અસરકારક બનતી નથી.

{૬} આ પદ્ધતિમાં વિષયાંતર થવાનો સંભવ રહે છે.

{૭} આ પદ્ધતિ વર્તમાન ચીલાચાલુ પરીક્ષા સાથે સુસંગત નથી.

{૮} આ પદ્ધતિમાં વિષયનું કે એકમનું સંપૂર્ણ જ્ઞાન આપી શકાય નહીં.

{૯} નાની વયનાં વિદ્યાર્થીઓ માટે અનુકૂળ નથી.

{૧૦} આ પદ્ધતિમાં સમગ્ર અભ્યાસક્રમને યોગ્ય ન્યાય આપી શકાય નહીં.

{૧૧} જૂથ નેતા નબળા હોય તો આ પદ્ધતિ નિષ્ફળ જાય છે.

{૧૨} વર્તમાન સમયમાં પરીક્ષા કેન્દ્રી અધ્યયન–અધ્યાપન થતું હોવાંથી શિક્ષક આ પદ્ધતિનો વર્તમાન સમયમાં ઉપયોગ કરવાનું ટાળે છે.

{૧૩} શિક્ષકોમાં આ પદ્ધતિનો ઉપયોગ કરવામાં ઉત્સાહ અને આત્મ વિશ્વાસનો અભાવ જોવા મળે છે.

{૧૪} આ પદ્ધતિની સફળતાનો આધાર શિક્ષક પાસે વિવિધ કૌશલ્ય અપેક્ષિત છે, જેનો આપણા શિક્ષકોમાં મોટા ભાગે અભાવ જોવા મળે છે.

## (૧૨) વ્યાખ્યાન પદ્ધતિ : (Lecture Method)

### (૧) પ્રસ્તાવના :

- શિક્ષણની આ પદ્ધતિનો ઉપયોગ પ્રાચીન કાળથી થતો આવ્યો છે. પ્રાચીન સમયનું અને મધ્યયુગ સુધીનું શિક્ષણ મોટે ભાગે આ પદ્ધતિ વડે જ થતું. આજે પણ મોટા ભાગની શાળાઓમાં અને કોલેજોમાં આ પદ્ધતિનો ઉપયોગ થતો જોવા મળે છે. વિદ્યાર્થીઓ સમક્ષ વિષયવસ્તુ રજૂ કરવાની સહેલામાં સહેલી રીત પ્રવચન છે.
- આ પદ્ધતિમાં વિષયવસ્તુને વ્યાખ્યાન કે પ્રવચન સ્વરૂપે રજૂ કરવામાં આવે છે. વિદ્યાર્થીઓ શાંતિથી શિક્ષકે રજૂ કરેલી વિગતોનું શ્રવણ કરે છે. આ પદ્ધતિમાં વિદ્યાર્થીઓ કાનના માધ્યમ દ્વારા જ્ઞાન મેળવે છે. આ પદ્ધતિના પ્રયોગ વખતે શિક્ષક પ્રવચન કે કથન વખતે વિદ્યાર્થીઓને પ્રશ્નો પણ પૂછતો જાય છે. પ્રશ્ન અને કથન એમ બંનેનું મિલન થયેલું પણ જોવા મળે છે.
- આ શિક્ષણ પદ્ધતિ સંપૂર્ણ શિક્ષક કેન્દ્રી છે, જે એકમનું શિક્ષણ કાર્ય કરવાનું હોય તે એકમની બધી જ માહિતી શિક્ષક કથન કે પ્રવચન રૂપે વર્ગ સમક્ષ રજૂ કરે છે. જરૂર જણાય તો તેની નોંધ કરતા જાય છે. એમ કહી શકાય કે આ પદ્ધતિ શિક્ષક કેન્દ્રી પદ્ધતિ છે.

### (૨) સંકલ્પના :

- પ્રવચન એટલે વર્ણન
- કોઈ ઘટના કે વસ્તુનું વર્ણન અને વિવરણ એટલે પ્રવચન. પ્રવચન વિના શિક્ષણ અશક્ય છે, પણ આ પ્રવચન અસરકારક બને તે જોવાનું કામ શિક્ષકનું છે.
- **ગ્રીન અને બરચેના :**

  'પ્રવચન એટલે ક્રમબદ્ધ ઘટનાઓનું વર્ણન.'
- શિક્ષકે પ્રવચનને વધુ અસરકારક બનાવવા માટે યોગ્ય શૈક્ષણિક સાધનો, સંદર્ભ સાધનો, સંદર્ભનો ઉપયોગ કરીને વધુ સારી સમજ આપવી જોઈએ.
- શિક્ષકે પ્રવચન કરતી વખતે વચ્ચે વચ્ચે પ્રશ્નોત્તર કરતાં રહેવું જોઈએ, તેમજ વિદ્યાર્થીઓને વધુ રસ પડે તે રીતે રજૂઆત કરવી જોઈએ.

**(૩) પ્રવચન પદ્ધતિના ફાયદા :**

- પ્રવચન પદ્ધતિના ફાયદાઓ નીચે મુજબ છે :

{૧} પ્રવચન પદ્ધતિમાં ઓછા સમયમાં વધુ માહિતીની રજૂઆત થઈ શકે છે, તેથી સમયની બચત થાય છે. {૨} કોઈ એકમ વધુ કઠિન હોય તો જરૂરી ઉદાહરણ સાથે સરળતાથી સમજૂતી આપી શકાય છે.

{૩} ઉપલી કક્ષાના વિદ્યાર્થીઓ હોવાંથી તર્ક શક્તિ, ચિંતન શક્તિ, અર્થ ગ્રહણ શક્તિ વગેરે વિકાસ થાય છે તેથી વિદ્યાર્થીઓને સ્પષ્ટ સમજણ પડે છે.

{૪} શિક્ષક કેન્દ્રી પદ્ધતિ હોવાંથી શિક્ષક એકમ અંગેની સંપૂર્ણ માહિતીની રજૂઆત કરી શકે છે.

{૫} ઓછા સમયમાં વધુ માહિતી રજૂ થઈ શકતી હોવાંથી નિશ્ચિત સમયે અભ્યાસક્રમ પૂર્ણ કરી શકાય છે.

{૬} પ્રવચનની સાથે વિદ્યાર્થીઓ જરૂરી નોંધ કરતા હોવાંથી નોંધ કરવાના કૌશલ્યનો વિકાસ થાય છે.

{૭} સારા પ્રવચનથી શિક્ષકની સુંદર છાપ ઊભી થાય છે.

{૮} પ્રવચનમાં નવી બાબતોની રજૂઆત થઈ શકે.

{૯} શિક્ષક અને વિદ્યાર્થીઓ વચ્ચે પ્રત્યક્ષ આદાન–પ્રદાન થાય છે.

{૧૦} આ પદ્ધતિ ઓછી ખર્ચાળ છે, સરળ પદ્ધતિ છે.

**(૪) પ્રવચન પદ્ધતિની મર્યાદા :**

- પ્રવચન પદ્ધતિની મર્યાદા નીચે મુજબ છે :

{૧} પ્રવચન પદ્ધતિ એ એક માર્ગી શિક્ષણ પદ્ધતિ છે. વિદ્યાર્થીઓને કોઈ સહયોગ નથી.

{૨} આ પદ્ધતિથી વિદ્યાર્થીની મૌલિક ચિંતન શક્તિને નુકસાન પહોંચે છે.

{૩} આ પદ્ધતિમાં ક્રિયા દ્વારા સિદ્ધાંતને કોઈ સ્થાન નથી.

{૪} વિદ્યાર્થીઓ લાંબો સમય એકાગ્ર થઈ શકતા નથી.

{૫} આ પદ્ધતિનો મર્યાદિત જ ઉપયોગ થાય છે. ફક્ત ઉપલા ધોરણમાં જ સફળ બને છે.

{૬} વર્ગ શિક્ષણ હેતુલક્ષી બનતું નથી.

{૭} શિક્ષકનું પ્રવચન કંટાળાજનક હોય તો કંટાળાનો અનુભવ વિદ્યાર્થીઓ કરે છે.

{૮} વર્ગ વ્યવહારમાં નિરૂત્સાહ જોવા મળે છે.

{૯} વર્ગમાં ગેરશિસ્ત ઊભી થવાની શક્યતા રહેલી છે, કારણ કે એક માર્ગી વ્યવહાર છે.

{૧૦} સામાન્ય બુદ્ધિ ધરાવતાં શિક્ષકો આ પદ્ધતિનો અસરકારક ઉપયોગ કરી શકતાં નથી.

{૧૧} બાળકના સર્વાંગી વિકાસ માટે આ પદ્ધતિ અનુકૂળ નથી.

**(૫) પ્રવચન પદ્ધતિને સફળ બનાવવા માટેના ઉપાયો :**

- પ્રવચન પદ્ધતિને સફળ બનાવવા માટે શિક્ષકે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ :

{૧} આ પદ્ધતિ શિક્ષણકાર્ય કરતી વખતે શિક્ષકે સંપૂર્ણ તૈયારી સાથે કાર્ય કરવું જોઈએ.

{૨} આ પદ્ધતિના ઉપયોગ સમયે વચ્ચે વચ્ચે પ્રશ્નોત્તર પદ્ધતિનો ઉપયોગ કરવો.

{૩} પ્રવચનની ભાષા અને ગતિ સેકન્ડરીના વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખી નક્કી કરવી.

{૪} એકમને અનુરૂપ જરૂરી દશ્ય–શ્રાવ્ય સાધનોનો ઉપયોગ કરવો.

{૫} પ્રવચન સમયે જરૂરી હાવ–ભાવ કરવાં જોઈએ.

{૬} એકમને અનુરૂપ જરૂરી સંદર્ભ પુસ્તકોનો ઉપયોગ કરવો જોઈએ.

{૭} પ્રવચનમાં વિષયાંતર ન થાય તેની કાળજી રાખવી.

{૮} પ્રવચનની સાથે જરૂરી કા.પા. કાર્ય કરવું.

{૯} પ્રવચન અતિશય લાંબુ ન હોવું જોઈએ.

{૧૦} પ્રવચનમાં નવીનતાને સ્થાન આપવું.

દા.ત. – જરૂરી ઉદાહરણ રજૂ કરવા.

## ૫.૫ સારાંશ :

- **શિક્ષણ પદ્ધતિઓનો અર્થ :**


  વર્ગમાં સામાજિક વિજ્ઞાનના શિક્ષકની નવી રસપ્રદ અને અસરકારક રજૂઆત કરવાની રીતને પદ્ધતિ કહેવાય.

- **કથન ચર્ચા પદ્ધતિનો અર્થ :**

  કથન પદ્ધતિ અને ચર્ચા પદ્ધતિ બંનેનું મિશ્રણ એટલે કથન–ચર્ચા પદ્ધતિ.

- **આધાર પદ્ધતિનો અર્થ :**

  સામાજિક વિજ્ઞાનને લખવાં જે આધાર સામગ્રીનો ઉપયોગ થાય છે તે સામાજિક વિજ્ઞાનનો આધાર બને છે.




- **નાટયકરણપદ્ધતિનો અર્થ :**
- નાટયકરણ એટલે કોઈ પ્રસંગ, ઘટના કે બનાવના સંદર્ભમાં તેનું નાટકમાં રૂપાંતર કરીને વર્ગમાં રજૂઆત કરવાની પદ્ધતિ.
- નાટક એટલે નટ(પાત્રો) દ્વારા રજૂ થતી કળા.
- **પ્રવાસ પદ્ધતિનો અર્થ :**

  પ્રવાસ એટલે એક જગ્યાએથી બીજી જગ્યાએ જવું.

- **પ્રદર્શન પદ્ધતિનો અર્થ :**

  કોઈ પણ સામગ્રીને એક કે વધુ ખંડોમાં વિભાગવાર પ્રદર્શિત કરવાની ક્રિયાને પ્રદર્શન તરીકે ઓળખવામાં આવે છે.

- **પ્રોજેક્ટ પદ્ધતિનો અર્થ :**

  'પ્રોજેક્ટ એ કુદરતી વાતાવરણમાં રહીને થતું સમસ્યાના ઉકેલ શોધવાનું કાર્ય છે.'

  *–સ્ટીવન્સન*

★ **નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિનો અર્થ :**

વિદ્યાર્થીઓના સ્વ અધ્યયનનું વર્ગમાં શિક્ષક દ્વારા નિરીક્ષણ કે શિક્ષકના નિરીક્ષણ નીચે વિદ્યાર્થીઓનું વર્ગમાં સ્વ અધ્યયન.

★ **જીવનચરિત્ર પદ્ધતિનો અર્થ :**

વ્યક્તિ વિશેનો સમગ્ર અભ્યાસ કરાવવાની શિક્ષણ પદ્ધતિ એટલે જીવનચરિત્ર પદ્ધતિ.

★ **સ્વાધ્યાય પદ્ધતિનો અર્થ :**

સ્વાધ્યાય એટલે સ્વ અધ્યયન એમ કહી શકાય.

★ **જૂથ અધ્યાપન પદ્ધતિનો અર્થ :**

એક કરતાં વધુ શિક્ષકો વર્ગમાં જઈને કોઈ એક વિષય ભણાવે તો ટીમ ટીચિંગ કહેવાય છે.

★ **જૂથ ચર્ચા પદ્ધતિનો અર્થ :**

'કોઈ એક પ્રશ્ન, સમસ્યા કે મુદ્દાને વિવિધ બાજુએથી વિચારવો, તપાસવો કે તેનું વિશ્લેષણ કરવું તે ચર્ચા.'

***—વેડંસર***

★ **વ્યાખ્યાન પદ્ધતિનો અર્થ : પ્રવચન એટલે વર્ણન.**

કોઈપણ ઘટના કે વસ્તુનું વર્ણન અને વિવરણ એટલે પ્રવચન

## **૫.૬ એકમ સ્વાધ્યાય :**

(૧) શિક્ષણ પદ્ધતિનો અર્થ જણાવો.

(૨) શિક્ષણ પદ્ધતિનું મહત્ત્વ જણાવો.

(૩) કથન—ચર્ચા પદ્ધતિ એટલે શું ?

(૪) કથન—ચર્ચા પદ્ધતિના ફાયદાઓ જણાવો.

(૫) કથન—ચર્ચા પદ્ધતિની મર્યાદાઓ જણાવો.

(૬) કથન—ચર્ચા પદ્ધતિની સફળતાથી શરતો જણાવો.

(૭) આધાર પદ્ધતિ એટલે શું ? તેના લક્ષણો જણાવો.

(૮) આધાર પદ્ધતિના ફાયદાઓ જણાવો.

(૯) આધાર પદ્ધતિની મર્યાદાઓ જણાવો.

(૧૦) આધાર પદ્ધતિની સફળતા માટેની શરતો જણાવો.

(૧૧) નાટયકરણ પદ્ધતિ એટલે શું ?

(૧૨) નાટયકરણ પદ્ધતિના ફાયદાઓ જણાવો.

(૧૩) નાટયકરણ પદ્ધતિની મર્યાદાઓ જણાવો.

(૧૪) નાટયકરણ પદ્ધતિની સફળતાની શરતો જણાવો.

(૧૫) પ્રવાસ પદ્ધતિ એટલે શું ?

(૧૬) પ્રવાસ પદ્ધતિના ફાયદાઓ જણાવો.

(૧૭) પ્રવાસ પદ્ધતિની મર્યાદાઓ જણાવો.

(૧૮) પ્રવાસ પદ્ધતિને સફળ બનાવવા કઈ કઈ બાબતો ધ્યાનમાં રાખશો તે જણાવો. (૧૯) પ્રદર્શન પદ્ધતિ એટલે શું ?

(૨૦) પ્રદર્શન પદ્ધતિના ફાયદાઓ જણાવો.

(૨૧) પ્રદર્શન પદ્ધતિની મર્યાદાઓ જણાવો.

(૨૨) પ્રદર્શન પદ્ધતિને સફળ બનાવવા કઈ બાબતો ધ્યાનમાં રાખશો.

(૨૩) પ્રોજેક્ટ પદ્ધતિ એટલે શું ? તેના લક્ષણો જણાવો.

(૨૪) પ્રોજેક્ટ પદ્ધતિના ફાયદાઓ જણાવો.

(૨૫) પ્રોજેક્ટ પદ્ધતિની મર્યાદાઓ જણાવો.

(૨૬) પ્રોજેક્ટ પદ્ધતિના સોપાન જણાવો.

(૨૭) પ્રોજેક્ટ પદ્ધતિની સફળતાની શરતો જણાવો.

(૨૮) પ્રોજેક્ટ પદ્ધતિનો કોઈ એક એકમ પસંદ કરી તૈયાર કરો.

(૨૯) નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિ એટલે શું ? તેના લક્ષણો જણાવો.

(૩૦) નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિના ફાયદાઓ જણાવો.

(૩૧) નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિની મર્યાદાઓ જણાવો.

(૩૨) નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિના ઉપયોગમાં ધ્યાનમાં રાખવા કઈ કઈ બાબતો ધ્યાનમાં રાખશો તે જણાવો. (૩૩) વર્ગમાં ક્યારે ઉપયોગમાં લઈ શકાય ?

(૩૪) નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિના સોપાન જણાવો.

(૩૫) નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિનો સામાજિક વિજ્ઞાનમાં શિક્ષણમાં વિનિયોગ (૩૬) જીવનચરિત્ર પદ્ધતિ એટલે શું ?

(૩૭) જીવનચરિત્ર પદ્ધતિના લાભ જણાવો.

(૩૮) જીવનચરિત્ર પદ્ધતિની મર્યાદાઓ જણાવો.

(૩૯) જીવનચરિત્ર પદ્ધતિની સફળતાની શરતો જણાવો.

(૪૦) વર્ગશિક્ષણમાં જીવનચરિત્ર પદ્ધતિનો વિનિયોગ જણાવો.

(૪૧) સ્વાધ્યાય પદ્ધતિ એટલે શું ?

(૪૨) સ્વાધ્યાય પદ્ધતિના લક્ષણો જણાવો.

(૪૩) સ્વાધ્યાય પદ્ધતિના ફાયદાઓ જણાવો.

(૪૪) સ્વાધ્યાય પદ્ધતિની મર્યાદાઓ જણાવો.

(૪૫) ટીમ ટીચિંગનો અર્થ જણાવો.

(૪૬) ટીમ ટીચિંગના લક્ષણો જણાવો.

(૪૭) ટીમ ટીચિંગના ફાયદાઓ જણાવો.

(૪૮) ટીમ ટીચિંગની મર્યાદાઓ જણાવો.

(૪૯) જૂથ પદ્ધતિનો અર્થ જણાવો.

(૫૦) જૂથ પદ્ધતિના ફાયદાઓજણાવો.

(૫૧) જૂથ પદ્ધતિની મર્યાદાઓ જણાવો.

(૫૨) આપેલ વિધાનની નીચે જણાવેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.

૧) કથન—ચર્ચા પદ્ધતિમાં શું કરવામાં આવે છે ?

(૧) એકમને પેટા વિભાગમાં વહેંચણી (૨) કોઈ મુદ્દાની વહેંચણી

(૩) પાઠ્યક્રમની વહેંચણી (૪) અભ્યાસક્રમની વહેંચણી

૨) કથન—ચર્ચા પદ્ધતિમાં કોનું મહત્ત્વ વધારે હોય છે ?

(૧) શિક્ષકનું (૨) વિદ્યાર્થીઓનું

(૩) આચાર્યનું (૪) સમાજનું

૩) જૂથ ચર્ચા પદ્ધતિ દ્વારા શું પૂરું પાડી શકાય છે ?

(૧) જ્ઞાન (૨) સમજ

(૩) પ્રેરણા (૪) માર્ગદર્શન

૪) જૂથ અધ્યયન પદ્ધતિમાં કોનો લાભ મળે છે ?

(૧) વિવિધ શિક્ષકોનો (૨) એક શિક્ષકનો

(૩) કેળવણીકારનો (૪) આચાર્યનો

૫) નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિનો ઉપયયો ક્યાં થાય છે ?

(૧) વર્ગમાં (૨) રમતના મેદાનમાં

(૩) ઘેર (૪) પ્રયોગશાળામાં

૬) નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિમાં શું હોય છે ?

(૧) શિક્ષક દ્વારા વર્ગમાં નિરીક્ષણ (૨) આચાર્ય દ્વારા નિરીક્ષણ

(૩) વિદ્યાર્થી દ્વારા નિરીક્ષણ (૪) બહારની વ્યક્તિ દ્વારા નિરીક્ષણ

૭) આધાર પદ્ધતિમાં શું હોય છે ?

(૧) પૂરક માહિતી (૨) સંદર્ભ સાહિત્ય

(૩) વ્યાખ્યાન (૪) ચર્ચા સભા

૮) પ્રોજેક્ટનો વિષય કોના દ્વારા પસંદ થવો જોઈએ ?

(૧) વિદ્યાર્થી દ્વારા (૨) શિક્ષક દ્વારા

(૩) આચાર્ય દ્વારા (૪) વાલી દ્વારા

૯) પ્રોજેક્ટ કાર્યમાં શું મહત્ત્વનું હોય છે ?

(૧) જૂથ કાર્ય (૨) વ્યક્તિગત કાર્ય

(૩) રમત ગમતનું મેદાન (૪) લાયબ્રેરી

૧૦) પ્રોજેક્ટ પદ્ધતિ પ્રમાણે કાર્ય થાય તે માટે કઈ રીતે મૂલ્યાંકન કરવામાં આવે છે ?

(૧) મૂલ્યાંકન કસોટી (૨) લાયબ્રેરીમાં કાર્ય કરે ત્યારે

(૩) રમત ગમતના મેદાનમાં (૪) વર્ગમાં કાર્ય કરે ત્યારે

૧૧) પ્રોજેક્ટ પદ્ધતિમાં અમલ કરવાથી વિદ્યાર્થીઓમાં શું જોવા મળે છે ?

(૧) નેતાગીરીના ગુણ (૨) વિકાસ રુંધાય

(૩) વર્ગમાં કાર્ય કરે (૪) રમત ગમતના મેદાનમાં કાર્ય કરે

૧૨) પ્રોજેક્ટ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે તો શું થાય છે ?

(૧) સમયપત્રકમાં ફેરફાર (૨) શિક્ષકનો કાર્ય બોજ ઘટે

(૩) ઓછો ખર્ચ (૪) ઊંડાણપૂર્વક માહિતી મેળવે

૧૩) કથન—ચર્ચા પદ્ધતિનો ઉપયોગ કરવાથી કયો લાભ મેળવી શકાય છે ?

(૧) સતત બોલવાની જરૂર (૨) સતત બોલવું પડે

(૩) વિદ્યાર્થીઓ ભાગીદાર ન બને (૪) કંટાળાનો અનુભવ

૧૪) કથન—ચર્ચા પદ્ધતિનો ઉપયોગ કરવાથી વિદ્યાર્થીઓમાં શું જોવા મળે છે ?

(૧) વિદ્યાર્થીઓને અલ્પ ભાગીદારી (૨) વિદ્યાર્થીઓ બેધ્યાન બને

(૩) અન્ય કાર્ય કરે (૪) વિદ્યાર્થીઓ આળસુ બને

૧૫) કથન—ચર્ચા પદ્ધતિની સફળતાનો આધાર શેના પર રહેલો છે ?

(૧) શિક્ષકની તૈયારી (૨) વિદ્યાર્થીઓની તૈયારી

(૩) આચાર્યની તૈયારી (૪) વાલીની તૈયારી

૧૬) નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિમાં શું જોવા મળે છે ?

(૧) વિદ્યાર્થી સ્વઅધ્યાપન કરે (૨) શિક્ષક સ્વઅધ્યાપન કરે

(૩) વિદ્યાર્થી ઘરે સ્વઅધ્યાપન કરે (૪) રમત ગમત કાર્ય કરે

૧૭) નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિનો ઉપયોગ કરવાથી વિદ્યાર્થીને કયોલાભ પ્રાપ્ત થાય છે ?

(૧) વર્ગમાં બધા વિદ્યાર્થીઓ સક્રિય (૨) બધા વિદ્યાર્થીઓ નિષ્ક્રિય

(૩) ગોખણપટ્ટી વધે (૪) ગોખણપટ્ટી ઘટે

૧૮) નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિની કઈ મર્યાદા જોવા મળે છે ?

(૧) વધુ સમય જાય (૨) ઓછો સમય જાય

(૩) શિક્ષક પક્ષે ઓછી તૈયારી (૪) આચાર્ય પક્ષે વધુ તૈયારી

૧૯) નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિની સફળતા માટે કઈ બાબત જરૂરી છે ?

(૧) સંદર્ભ પુસ્તકોની વ્યવસ્થા (૨) બેઠક વ્યવસ્થા

(૩) વિદ્યાર્થીઓની તૈયારી (૪) શિક્ષકની તૈયારી

૨૦) નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિનો વર્ગમાં ક્યારે ઉપયોગ કરવો જોઈએ ?

(૧) વ્યક્તિગત તફાવત જાણવા (૨) શિક્ષક ગેરહાજર હોય ત્યારે

(૩) આચાર્ય ગેરહાજર હોય ત્યારે (૪) પરીક્ષા નજીક હોય ત્યારે

૨૧) નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિનું પ્રથમ સોપાન કયું છે ?

(૧) આયોજન વ્યવસ્થા (૨) સાધન સામગ્રી

(૩) સ્વાધ્યાય પ્રશ્નો (૪) કાર્ય પદ્ધતિ

★ **બહુ વિકલ્પ પ્રશ્નોના જવાબ :**

〈૧〉 એકમને પેટા વિભાગમાં વહેંચણી 〈૨〉 શિક્ષકનું

〈૩〉 માર્ગદર્શન 〈૪〉 વિવિધ શિક્ષકોનો

〈૫〉 વર્ગમાં 〈૬〉 શિક્ષક દ્વારા વર્ગમાં નિરીક્ષણ

〈૭〉 પૂરક માહિતી 〈૮〉 વિદ્યાર્થી દ્વારા

〈૯〉 જૂથ કાર્ય 〈૧૦〉 મૂલ્યાંકન કસોટી

〈૧૧〉 નેતાગીરીના ગુણ 〈૧૨〉 સમયપત્રકમાં ફેરફાર

〈૧૩〉 સતત બોલવાની જરૂર 〈૧૪〉 વિદ્યાર્થીઓને અલ્પ ભાગીદારી

〈૧૫〉 શિક્ષકની તૈયારી 〈૧૬〉 વિદ્યાર્થી સ્વઅધ્યાપન કરે

〈૧૭〉 વર્ગમાં બધા વિદ્યાર્થીઓ સક્રિય 〈૧૮〉 વધુ સમય જાય

〈૧૯〉 સંદર્ભ પુસ્તકોની વ્યવસ્થા 〈૨૦〉 વ્યક્તિગત તફાવત જાણવા

〈૨૧〉 આયોજન વ્યવસ્થા

## ૫.૭ તમારી પ્રગતિ ચકાસો :

(૧) શિક્ષણ પદ્ધતિનો અર્થ સ્પષ્ટ કરો.

................................................................................
................................................................................
................................................................................
................................................................................
................................................................................
................................................................................

(૨) શિક્ષણકાર્યમાં શિક્ષણ પદ્ધતિનું મહત્ત્વ સમજાવો. (કોઈ પણ ત્રણ)

................................................................................
................................................................................
................................................................................
................................................................................
................................................................................
................................................................................

(૩) કથન ચર્ચા પદ્ધતિ અર્થ સમજાવો.

................................................................................
................................................................................
................................................................................
................................................................................
................................................................................
................................................................................

(૪) કથન ચર્ચા પદ્ધતિના બે લક્ષણો જણાવો.

................................................................................
................................................................................
................................................................................
................................................................................
................................................................................
................................................................................

(૫) આધાર પદ્ધતિ એટલે શું તે જણાવો ?

................................................................................
................................................................................
................................................................................
................................................................................
................................................................................
................................................................................

(૬) આધાર પદ્ધતિનાં બે લક્ષણો જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(૭) નાટ્યકરણ પદ્ધતિનો અર્થ જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(૮) નાટ્યકરણ પદ્ધતિના બે લક્ષણો જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(૯) પ્રવાસ પદ્ધતિનો અર્થ જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(૧૦) પ્રદર્શન પદ્ધતિનો અર્થ જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(૧૧) પ્રદર્શન પદ્ધતિના લક્ષણો જણાવો. (કોઈ પણ ત્રણ)

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(૧૨) પ્રોજેક્ટ પદ્ધતિનો અર્થ જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(૧૩) પ્રોજેક્ટ પદ્ધતિને સફળ બનાવવાની બે બાબતો જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(૧૪) નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિ એટલે શું જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(૧૫) નિરીક્ષિત પદ્ધતિનો વર્ગમાં ક્યારે ઉપયોગ કરી શકાય તે જણાવો. (કોઈ પણ ત્રણ)

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(૧૬) જીવનચરિત્ર પદ્ધતિ એટલે જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

............................................................

............................................................

(૧૭) સ્વાધ્યાય પદ્ધતિનો અર્થ જણાવો.

............................................................

............................................................

............................................................

............................................................

............................................................

............................................................

(૧૮) જૂથ અધ્યાપન પદ્ધતિનો અર્થ જણાવો.

............................................................

............................................................

............................................................

............................................................

............................................................

............................................................

(૧૯) જૂથ ચર્ચા પદ્ધતિનો અર્થ જણાવો.

............................................................

............................................................

............................................................

............................................................

............................................................

............................................................

(૨૦) જૂથ ચર્ચા પદ્ધતિના હેતુનો જણાવે. (કોઈ પણ ત્રણ)

............................................................

............................................................

............................................................

............................................................

............................................................

............................................................

(૨૧) વ્યાખ્યાન પદ્ધતિનો અર્થ જણાવો. (પ્રવચન)

............................................................

............................................................

............................................................

............................................................

............................................................

............................................................

(૨૨) પ્રવચન પદ્ધતિના બે ફાયદા જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

## ૫.૭ તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો : Answers to check your progress

**(૧) શિક્ષણ પદ્ધતિનો અર્થ :**

★ વર્ગમાં સામાજિક વિજ્ઞાન વ્યવસ્થાના શિક્ષકની નવી રસપ્રદ અને અસરકારક રજૂઆત કરવાની રીતને પદ્ધતિ કહેવાય.

★ નિર્ધારિત શૈક્ષણિક હેતુઓની સિદ્ધિ માટે વિદ્યાર્થીઓને વ્યવસ્થિત અને ક્રમિક રીતે અનુભવો પૂરા પાડવામાં આવે છે તેને શિક્ષણ પદ્ધતિ કહેવામાં આવે છે.

**(૨) શિક્ષણ પદ્ધતિનું મહત્ત્વ :**

★ શિક્ષણકાર્યની અસરકારકતા વધારવા

★ વિદ્યાર્થીઓને સક્રિય બનાવવા

★ શિક્ષણકાર્ય સરળ બનાવવા

**(૩) કથન ચર્ચા પદ્ધતિનો અર્થ :**

– કથન પદ્ધતિ અને ચર્ચા પદ્ધતિ બંનેનું મિશ્રણ એટલે કથન—ચર્ચા પદ્ધતિ.

**(૪) કથન ચર્ચા પદ્ધતિના લક્ષણો :**

વિવિધ કૌશલ્યનો વિકાસ

માનસિક શક્તિનો વિકાસ

શિક્ષક—વિદ્યાર્થી બંનેની ભાગીદારી

**(૫) આધાર પદ્ધતિનો અર્થ :**

સામાજિક વિજ્ઞાનના શિક્ષણ માટે પૂરક માહિતી જ્યાંથી મળે તે સામાજિક વિજ્ઞાનનો આધાર અને આ આધારનો ઉપયોગ તે આધાર પદ્ધતિ.

**(૬) આધાર પદ્ધતિના બે લક્ષણો :**

★ જીવંત ઉદાહરણ

★ ક્રિયાશીલ પ્રવૃત્તિ

**(૭) નાટયકરણ પદ્ધતિનો અર્થ :**

★ નાટયકરણ એટલે કોઈ પ્રસંગ, ઘટના કે બનાવના સંદર્ભમાં તેનું નાટકમાં રૂપાંતર કરીને વર્ગમાં રજૂઆત કરવાની પદ્ધતિ.

★ નાટક એટલે નટ (પાત્રો) દ્વારા રજૂ થતી કળા

**(૮) નાટયકરણ પદ્ધતિના બે લક્ષણો :**

★ વિદ્યાર્થીઓની ભાગીદાર

★ વિવિધ કૌશલ્યનો વિકાસ

**(૯) પ્રવાસ પદ્ધતિનો અર્થ :**

– પ્રવાસએટલે એક જગ્યાએથી બીજી જગ્યાએ જવું

★ પ્રવાસ એટલે કુદરતના ખોળે જઈને વિવિધ સ્થળોની અભ્યાસક્રમને ધ્યાનમાં રાખી મુલાકાત લેવી અને જ્ઞાન પ્રાપ્ત કરવું.

**(૧૦) પ્રદર્શન પદ્ધતિનો અર્થ :**

● કોઈ એક એકમને ધ્યાનમાં રાખી ગોઠવેલ સામગ્રીને પ્રદર્શન કહી શકાય.

● કોઈએક એકમને ધ્યાનમાં રાખી, શૈક્ષણિક હેતુ સિદ્ધ કરતી સામગ્રી, એકમને સ્પષ્ટ કરતી સામગ્રીને પ્રદર્શન કહી શકાય.

**(૧૧) પ્રદર્શન પદ્ધતિના બે લક્ષણો :**

★ હેતુની સ્પષ્ટતા થાય

★ વિવિધ અધ્યયન અનુભવો પ્રાપ્ત થાય

**(૧૨) પ્રોજેક્ટ પદ્ધતિનો અર્થ :**

– 'પ્રોજેક્ટ એ કુદરતી વાતાવરણમાં રહીને થતું સમસ્યાના ઉકેલ શોધવાનું કાર્ય છે.'

***– સ્ટીવન્સન***

– શાળામાં આયાત કરેલા વાસ્તવિક જીવનનો એક નાનકડો ભાગ એટલે પ્રોજેક્ટ.' ***– બેલાડે***

**(૧૩) પ્રોજેક્ટ પદ્ધતિની સફળતાની બે શરતો :**

હેતુની સ્પષ્ટતા કરવી

યોગ્ય પરિસ્થિતિનું નિર્માણ કરવું

**(૧૪) નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિનો અર્થ :**

વિદ્યાર્થીઓના સ્વઅધ્યયનનું વર્ગમાં શિક્ષક દ્વારા નિરીક્ષણ.

શિક્ષકના નિરીક્ષણ નીચે વિદ્યાર્થીઓનું વર્ગમાં સ્વ અધ્યયન.

**(૧૫) નિરીક્ષિત પદ્ધતિનો વર્ગમાં ક્યારે ઉપયોગ કરી શકાય :**

★ વિદ્યાર્થીઓને કાર્ય કરવા માટે અભિપ્રેત કરવા હોય.

★ વિદ્યાર્થીઓને અભ્યાસ ટેવોનું અવલોકન કરવું હોય.

★ પ્રશ્નોના ચોક્કસ ઉત્તર માટે માર્ગદર્શન આપવું હોય.

**(૧૬) જીવનચરિત્રનો અર્થ :**

★ વ્યક્તિ વિશેનો સમગ્ર અભ્યાસ કરાવવાની પદ્ધતિ એટલે જીવનચરિત્ર પદ્ધતિ.

★ જે વ્યક્તિઓ ઈતિહાસના ઘડતરમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે તેમના જીવનનો જન્મથી મૃત્યુ સુધીનો સમગ્ર મૂલવતા જઈને શિક્ષણકાર્ય કરવાની રીત જીવનચરિત્ર પદ્ધતિ કહેવાય છે.

**(૧૭) સ્વાધ્યાય પદ્ધતિનો અર્થ :**

★ વિદ્યાર્થી જાતે અધ્યયન કરતો થાય તેમજ ઘર બાળકોનો કાર્ય મળી રહે તે દષ્ટિએ આવેલું કાર્ય છે.

★ સ્વાધ્યાય એટલે સ્વ અધ્યયન.

**(૧૮) જૂથ અધ્યાપન પદ્ધતિનો અર્થ :**

– એક કરતાં વધુ શિક્ષકો વર્ગમાં જઈને કોઈ એક વિષય ભણાવે તો ટીમ ટીચિંગ કહેવાય છે.

**(૧૯) જૂથ ચર્ચા પદ્ધતિનો અર્થ :**

– કોઈ એક પ્રશ્ન, સમસ્યા કે મુદ્દાને વિવિધ બાજુએથી વિચારવો, તપાસવો કે તેનું વિશ્લેષણ કરવું તે ચર્ચા.

***–વેડસર***

**(૨૦) જૂથ ચર્ચા પદ્ધતિના હેતુઓ :**

★ વિદ્યાર્થીઓના જુદાં જુદાં વિચારોનું સંકલન કરવા

★ વિદ્યાર્થીઓમાં નેતાગીરીના ગુણોનો વિકાસ કરવા

★ વિદ્યાર્થીઓમાં સમૂહ ભાવનાનો વિકાસ કરવા

**(૨૧) વ્યાખ્યાન પદ્ધતિનો અર્થ :**

★ કોઈ ઘટના કે વસ્તુનું વર્ણન અને વિવરણ એટલે પ્રવચન.

★ પ્રવચન એટલે ક્રમબદ્ધ ઘટનાઓનું વર્ણન.

**(૨૨) પ્રવચન પદ્ધતિના બે ફાયદા :**

★ પ્રવચનમાં નવી બાબતોની રજૂઆત થઈ શકે છે.

★ શિક્ષક અને વિદ્યાર્થીઓ વચ્ચે પ્રત્યક્ષ આદાન–પ્રદાન થાય છે.

## ૫.૯ સૂચિત વાંચન સામગ્રી


| | | |
|---|---|---|
| ૧. બારૈયા વી.વી. તથા અન્ય | : | મનોવિજ્ઞાન શિક્ષણ પદ્ધતિ, પ્રતીક પ્રકાશન, આણંદ |
| ૨. બારૈયા વી.વી. | : | અર્થશાસ્ત્ર શિક્ષણ પદ્ધતિ, અક્ષર પબ્લિકેશન, અમદાવાદ |
| ૩. બારૈયા વી.વી. તથા અન્ય | : | અર્થશાસ્ત્ર શિક્ષણ પદ્ધતિ, પ્રતીક પ્રકાશન, આણંદ |
| ૪. પટેલ સી.કે. તથા અન્ય | : | ભૂગોળ અધ્યાપન પદ્ધતિ, અનડા બુક ડીપો, અમદાવાદ |
| ૫. પટેલ મોતીભાઈ એમ. તથા અન્ય | : | અર્થશાસ્ત્ર અધ્યાપનનું પરિશીલન, બી.એસ. શાહ પ્રકાશન, અમદાવાદ |
| ૭. પ્રજાપતિ હરજીભાઈ તથા અન્ય | : | સામાજિક વિજ્ઞાન ધોરણ–૮, ગુજરાત રાજ્ય શાળા પાઠ્ય પુસ્તક મંડળ, ગાંધીનગર |
| ૮. કુરેશ સલીમ એસ. તથા અન્ય | : | સામાજિક વિજ્ઞાન ધોરણ–૯, ગુજરાત રાજ્ય શાળા પાઠ્ય પુસ્તક મંડળ, ગાંધીનગર |
| ૯. બારોટ કે.સી. તથા અન્ય | : | સામાજિક વિજ્ઞાન ધોરણ–૧૦, ગુજરાત રાજ્ય શાળા પાઠ્ય પુસ્તક મંડળ, ગાંધીનગર |
| ૧૦. રાવલ નટુભાઈ વી. તથા અન્ય | : | સમાજવિદ્યાનું અભિનવ અધ્યાપન, નીરવ પ્રકાશન, અમદાવાદ |

# એકમ 6 સામાજિક વિજ્ઞાન પાઠ્યપુસ્તક

## : રૂપરેખા :

૬.૦ ઉદ્દેશો
૬.૧ પ્રસ્તાવના
૬.૨ અર્થ
૬.૩ પાઠ્યપુસ્તકનું મહત્ત્વ
૬.૪ સામાજિક વિજ્ઞાનના પાઠ્યપુસ્તકના લક્ષણો
૬.૫ મૂલ્યાંકન માટેના માપદંડ
૬.૬ વર્તમાન પાઠ્યપુસ્તકની સમીક્ષા
૬.૭ સારાંશ
૬.૮ એકમ સ્વાધ્યાય
૬.૯ તમારી પ્રગતિ ચકાસો
૬.૧૦ તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો
૬.૧૧ સૂચિત વાંચન સામગ્રી

## ૬.૦ ઉદ્દેશો : Objectives

★ આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે ...

(૧) સામાજિક વિજ્ઞાન પાઠ્યપુસ્તકનો અર્થ સમજી શકશો.

(૨) સામાજિક વિજ્ઞાન પાઠ્યપુસ્તકનું મહત્ત્વ સમજી શકશો.

(૩) સામાજિક વિજ્ઞાન પાઠ્યપુસ્તકના લક્ષણો સમજી શકશો.

(૪) સામાજિક વિજ્ઞાન પાઠ્યપુસ્તકના મૂલ્યાંકન માટેના માપદંડની ચર્ચા કરી શકશો.

(૫) સામાજિક વિજ્ઞાનાન પાઠ્યપુસ્તકની સમીક્ષાની ચર્ચા કરી શકશો.

ધોરણ – ૮

ધોરણ – ૯

ધોરણ – ૧૦

## ૬.૧ પ્રસ્તાવના :

★ લેખન અને મુદ્રણકળાની શોધ થઈ તે પહેલાં શિક્ષણકાર્ય શ્રવણ અને સ્મૃતિ પર આધારિત હતું. શિક્ષક પ્રવચન કરતો, વિદ્યાર્થી તેનું શ્રવણ કરતો, તે સાંભળેલા જ્ઞાનનું વારંવાર રટણ કરતો અને કંઠસ્થ કરતો.

★ જ્યારથી લેખનકળાની શોધ થઈ ત્યારથી પુસ્તકોનો ઉદ્ભવ થયો, પરંતુ પુસ્તકનો ખૂબ ઉપયોગ તો મુદ્રણકળાની શોધ પછી જ થયો તેમ કહીએ તો ખોટું નથી. આધુનિક શિક્ષણ પદ્ધતિનો સ્વઅધ્યયન પર વધુ ઝોક મૂકે છે, ત્યારે પાઠ્યપુસ્તક શ્રેષ્ઠ સાધન તરીકે ઉપયોગી બને છે.

★ પુસ્તકો માનવીના જ્ઞાન અને અનુભવોનો સંગ્રહ કરવામાં અને સાચવી રાખવામાં મહત્ત્વનું સાધન રહ્યાં છે. વિદ્યાર્થીઓનું શિક્ષણ આપવાની દૃષ્ટિએ તો પુસ્તકનું ખૂબ મહત્ત્વ રહેલું છે.

★ આજે શિક્ષણમાંવિસ્ફોટ થઈ રહ્યો છે ત્યારે ખૂબ જ સ્મૃતિમાં રાખી શકાય નહીં. આ માટે પુસ્તકોની જરૂરિયાત ઊભી થઈ છે. આ રીતે વર્ગ શિક્ષણ માટે પણ જરૂરી પુસ્તકોની માગ ઊભી થઈ, પરિણામે જે તે કક્ષાને ધ્યાનમાં રાખી વિવિધ વિષયોના પાઠ્યપુસ્તકો તૈયાર થયાં.

★ એક કરતાં અનેક વિષયો વિદ્યાર્થીએ એક સાથે શાળામાં શીખવાના હોય છે. આ પરિસ્થિતિમાં માત્ર સ્મરણ કે શ્રુતિ દ્વારા તે બધું યાદ રાખી શકે નહીં. આ સંજોગોમાં શિક્ષણના એક સાધન તરીકે પાઠ્યપુસ્તક વિદ્યાર્થીને અતિ ઉપયોગી થઈ પડે તેમ છે. નવું જ્ઞાન દરરોજ ઉમેરાય છે તે બધાને યાદ રાખવું કઠિન છે. આ સંજોગોમાં પાઠ્યપુસ્તકનું વિદ્યાર્થી માટે પથદર્શકની ભૂમિકા પૂરી પાડે છે.

## ૬.૨ અર્થ : (Meaning)

★ કોઈ એક કક્ષાને ધ્યાનમાં રાખી તેના શૈક્ષણિક હેતુઓ યોગ્ય વિષય સામગ્રી તથા સમયની જરૂરિયાત મુજબ તૈયાર કરેલ પુસ્તકને પાઠ્યપુસ્તક કહેવાય છે.

★ કોઈ એક કક્ષાને ધ્યાનમાં રાખી તેના શિક્ષણની દષ્ટિએ યોગ્ય વિષય સામગ્રી પસંદ કરી તૈયાર કરેલું પુસ્તક તે કક્ષા માટેનું પાઠ્યપુસ્તક કહેવાય છે.

★ ગુજરાતમાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા ધો. ૧ થી ૧૨નાં બધાં વિષયોનાં પાઠ્યપુસ્તક વિવિધ ક્ષેત્રનાં તજજ્ઞોની મદદ લઈ તૈયાર કરવામાં આવે છે.

## ૬.૩ પાઠ્યપુસ્તકનું મહત્ત્વ : (Importance of Textbook)

★ આજે શિક્ષણમાં પાઠ્યપુસ્તકનું મહત્ત્વ વધ્યું છે. આપણી શાળાઓમાં પાઠ્યપુસ્તક જ મુખ્ય આધાર પુસ્તક બન્યું છે.

★ **પ્રો. બાર અને બર્ટન :**

અમેરિકાના સંદર્ભમાં પાઠ્યપુસ્તકો અંગે લખે છે કે , 'આ દેશમાં પાઠ્યપુસ્તક એક મહત્ત્વનું સાધન રહ્યું છે.'

★ **શ્રી એચ. આર. ડગ્લાસે :**

'શિક્ષકોની બહુમતીએ સ્વીકાર્યું છે કે પાઠ્યપુસ્તક એ શું અને કેવી રીતે ભણાવીશું તેની આધારશિલા છે.' 'મને કોઈ પણ દેશનાં પાઠ્યપુસ્તક બતાવો, હું એ દેશની ભાવિ પ્રજા કેવી હશે તેની આગાહી કરી શકીશ.'

'મને કોઈ પણ દેશના પાઠ્યપુસ્તકો રચવા દો ભલે પછી તે દેશના રાજપુરુષો ગમે તે ગાંડપણ આદરે, પ્રજા ઘડતરનું કાર્ય હું સંભાળી લઈશ.'

★ (પ્રજા ઘડતરનું મહત્ત્વનું કાર્ય પાઠ્યપુસ્તકો કરી શકે છે ) પાઠ્યપુસ્તકનું મહત્ત્વ નીચે મુજબ છે :

(૧) **શિક્ષકને અધ્યયન કાર્યમાં મદદરૂપ :**

● પાઠ્યપુસ્તકને આધારે શિક્ષકે કેવી રીતે અને શું ભણાવાશે તે નક્કી કરી શકે છે. શિક્ષક શિક્ષણકાર્ય માટે તૈયારી કરી શકે છે. પોતાના વિચારોનું આયોજન કરી શકે છે. નવા શિક્ષકને શિક્ષણકાર્ય માટે પૂર્વ ભૂમિકા પૂરી પાડે છે.

(૨) **કાર્યની સૂઝ માટેઃ**

★ શિક્ષક પાઠ્યપુસ્તકના આધારે આયોજન કરી શકે છે. વિદ્યાર્થીઓને આખા વર્ષમાં કેટલું કાર્ય કરવાનું છે તેની સૂઝ મળે છે.

(૩) **સ્વાધ્યાયની તૈયારી માટે :**

● વિદ્યાર્થી પાઠ્યપુસ્તકના આધારે સ્વાધ્યાય અંગેનું કાર્ય ઘરે કરી શકે છે. શિક્ષક પાઠ્યપુસ્તકના આધારે સ્વાધ્યાયનું કાર્ય આપી શકે છે.

**(૪) સ્વ અધ્યયન માટે :**

- શિક્ષક અને વિદ્યાર્થીઓને સ્વ અધ્યયન માટે પાઠ્યપુસ્તક મદદરૂપ થાય છે, તેના આધારે સ્વાધ્યાય કાર્ય કરી શકે છે, પરીક્ષાની તૈયારી કરી શકે છે.

**(૫) શિક્ષકની ગેરહાજરીમાં કાર્ય થાય તે માટે :**

- શિક્ષક જ્યારે શાળામાં ગેરહાજર હોય ત્યારે પાઠ્યપુસ્તકો મદદરૂપ થાય છે. જરૂરી માર્ગદર્શન વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકના આધારે મળી રહે છે. શિક્ષકની ગેરહાજરીમાં વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકના આધારે કાર્ય આપી શકાય.

**(૬) દેશની સમસ્યાના ઉકેલ માટે :**

★ દેશની અંદર જે સમસ્યાઓ ઊભી થઈ હોય તો તે સમસ્યા પાઠ્યપુસ્તકના આધારે ઉકેલ લાવવામાં મદદરૂપ થાય છે. દેશની સમસ્યા ઉકેલ માટે પરોક્ષ રીતે પાઠ્યપુસ્તકો મદદરૂપ થાય છે.

**(૭) સમયના બચાવ માટે :**

★ શિક્ષક પાઠ્યપુસ્તકના આધારે શિક્ષણ કાર્યનું આયોજન અગાઉથી કરી શકે છે. શિક્ષણ કાર્ય કેટલું કરવું તે નક્કી કરી શકે છે, જેથી સમયની બચત થાય છે.

**(૮) પરીક્ષાના આયોજન માટે :**

– શિક્ષક પાઠ્યપુસ્તકના આધારે પરીક્ષાનું આયોજન કરી શકે છે, પેપર કાઢી શકે છે.

**(૯) શિક્ષણ કાર્ય સરળ બનાવવા :**

★ પાઠ્યપુસ્તકના આધારે શિક્ષક શિક્ષણ કાર્યનું આયોજન અગાઉથી કરી શકતો હોવાંથી શિક્ષણકાર્ય સરળ બને છે, તેમજ ક્રમિકતા લાવી શકાય છે.

**(૧૦) શિક્ષણકાર્ય સારું અને અસરકારક બનાવવા :**

★ શિક્ષક શિક્ષણકાર્ય અંગે અગાઉથી આયોજન કરી શકે છે, તૈયારી કરી શકે છે. શૈક્ષણિક સાધનો તૈયાર કરી શકે છે, જેથી શિક્ષણકાર્ય, સારું અને અસરકારક શિક્ષક બનાવી શકે છે.

**(૧૧) શિક્ષણકાર્યની પૂર્વ તૈયાર કરવા :**

– શિક્ષક પાઠ્યપુસ્તકના આધારે અગાઉ શિક્ષણકાર્ય પૂર્વતૈયારી કરી શકે છે. તેનો આધાર લઈ આયોજન કરી શકે છે.

**(૧૨) વિદ્યાર્થીના જીવન ઘડતર કરવા :**

– પાઠ્યપુસ્તકના આધારે વિદ્યાર્થીના જીવન ઘડતર કરવામાં પાઠ્યપુસ્તક મહત્ત્વની ભૂમિકા પૂરી પાડે છે.

## ૬.૪ સામાજિક વિજ્ઞાનના પાઠ્યપુસ્તકના લક્ષણો : (Characteristics of Textbook)

★ સામાજિક વિજ્ઞાનના પાઠ્યપુસ્તક સામાજિક વિજ્ઞાનના શિક્ષણમાં મહત્ત્વનું સાધન બની રહે તે માટે તેમાં નીચે મુજબનાં લક્ષણો હોવાં જોઈએ :

**(૧) મુખપૃષ્ઠ :**

– સામાજિક વિજ્ઞાનનું પાઠ્યપુસ્તક માધ્યમિકના વિદ્યાર્થીઓને જોતાની સાથે જ ગમી જાય તેવું હોવું જોઈએ.

'Love at first sight'

મુખપૃષ્ઠ નયન રમ્ય, આકર્ષક, સુંદર અને પુસ્તકનું વાંચન કરવા પ્રેરે તેવું હોવું જોઈએ. વર્તમાન પાઠ્યપુસ્તકોના મુખ પૃષ્ઠો તૈયાર કરવામાં આ બાબતોની કાળજી લેવાઈ હોય તેવું જોવા મળતું નથી. વિદ્યાર્થી હોંશથી પાઠ્યપુસ્તક હાથમાં લેતો થાય તેવી કલાત્મકતા એમાં હોવી જોઈએ. થાય તેવું હોવું જોઈએ.

(૨) **ઉત્તમ છાપકામઃ**

★ સામાજિક વિજ્ઞાનના પાઠ્યપુસ્તકનું છાપકામ ઉત્તમ પ્રકારનુંહોવું જોઈએ. પાઠ્યપુસ્તકમાં વાપરવામાં આવેલ કાગળો ઉત્તમ પ્રકારનાં ડેમી સાઈઝમાં છાપકામ હોવું જોઈએ. છાપકામ મુદ્રણ દોષ વિનાનું હોવું જોઈએ.

(૩) **બાંધણી :**

● અતિશય જાડાં પુસ્તકો બાંધણીમાંથી તૂટી જાય છે. આથી પૃષ્ઠની સંખ્યા ૧૫૦ થી વધુ હોય તો સારું બાઈન્ડીંગ જરૂરી છે.

(૪) **કિંમત :**

● આપણા ગરીબ દેશમાં પાઠ્યપુસ્તકની કિંમત ઓછી હોવી જોઈએ. આજે આપણા દેશમાં એવા કેટલાંય વિદ્યાર્થીઓ છે જે પાઠ્યપુસ્તકો ખરીદવા શક્તિમાન નથી. ધોરણ –૮ ના સામાજિક વિજ્ઞાનની કિંમત રૂા. ૨૧, ધોરણ – ૯ના સામાજિક વિજ્ઞાનની કિંમત રૂા.૫૦ છે અને ધોરણ–૧૦ના સામાજિક વિજ્ઞાનની કિંમત રૂા. ૪૯ છે.

(૫) **કાગળ :**

★ પાઠ્યપુસ્તકો આખા વર્ષ દરમિયાન ઉપયોગ કરવાનો છે, એટલે કાગળ સારા અને મજબૂત હોવાં જોઈએ. લાંબો સમય ટકી શકે એવા કાગળો હોવાં જોઈએ.

(૬) **ભાષાઃ**

– પાઠ્યપુસ્તકોની ભાષા માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ સમજી શકે તેવી ભાષા હોવી જોઈએ.

(૭) **વિષયવસ્તુની રજૂઆત :**

★ સામાજિક વિજ્ઞાનના પાઠ્યપુસ્તકમાં વિષયવસ્તુની રજૂઆત સાદી સ્પષ્ટ છતાં રોચક ભાષામાં હોવી જોઈએ. પાઠ્યપુસ્તક એ વિદ્યાર્થીનો પ્રમાણભૂત જ્ઞાનભંડાર છે. તે જ્ઞાનની માપપટ્ટી છે, તેથી તેમાં માહિતીની ચોકસાઈ અને સચ્ચાઈ જરૂરી છે.

(૮) **વિષયવસ્તુની રજૂઆત યોગ્ય ક્રમિક :**

★ વિષય વસ્તુની રજૂઆત વ્યવસ્થિત હોવી જોઈએ. તે મુદ્દા પદ્ધતિ પ્રમાણે લખાયેલું હોવું જોઈએ. વિષયવસ્તુની રજૂઆત તાર્કિક ક્રમે થવી જોઈએ.

(૯) **વય કક્ષા :**

★ સામાજિક વિજ્ઞાનનું પાઠ્યપુસ્તક વિદ્યાર્થીઓએ ઉપયોગમાં લેવાનું હોવાંથી વિષયવસ્તુની રજૂઆત વયકક્ષાના વિદ્યાર્થીઓની રૂચિ અને માનસિક વિકાસને ધ્યાનમાં રાખી કરવી જોઈએ.

(૧૦) **યોગ્ય આકૃતિ, આલેખ, કોઠા વગેરેની રજૂઆત :**

★ સામાજિક વિજ્ઞાનમાં વિષયવસ્તુનું સ્પષ્ટીકરણ કરવા પાઠ્યપુસ્તકમાં જરૂરિયાત પ્રમાણે આકૃતિ, આલેખ અને કોઠા, ચિત્રો વગેરે મૂકાયેલાં હોવાં જોઈએ.મૂકાયેલી માહિતી શુદ્ધ અને યોગ્ય પ્રમાણમાં હોવી જોઈએ.

(૧૧) **યોગ્ય ઉદાહરણનું પ્રમાણ :**

★ પાઠ્યપુસ્તકમાં જરૂરિયાત પ્રમાણે યોગ્ય ઉદાહરણ આપેલા હોવાં જોઈએ. ઉદાહરણો સરળ, વ્યવહારું તેમજ આર્થિક જીવન સાથે સંબંધ ધરાવતાં હોવાં જોઈએ.

(૧૨) **યોગ્ય સ્વાધ્યાયનું પ્રમાણ :**

– પાઠ્યપુસ્તકમાં એકમને અંતે સ્વ-અધ્યયનની વિદ્યાર્થીઓને તે તક મળી રહે તે માટે યોગ્ય સ્વાધ્યાયના પ્રશ્નો મૂકાયેલાં હોવાં જોઈએ. સ્વાધ્યાયના પ્રશ્નો પેપરના માળખા પ્રમાણે વિવિધ અનુભવો મળે તેવા હોવાં જોઈએ.

(૧૩) **સંદર્ભ સાહિત્યની યાદી :**

– પાઠ્યપુસ્તકોના અંતે વિશેષ વાંચન માટે સંદર્ભ સાહિત્યની યાદી આપેલ હોવી જોઈએ.

(૧૪) **અનુભવી લેખકો દ્વારા તૈયાર :**

– પાઠ્યપુસ્તકો અનુભવી લેખકો દ્વારા તૈયાર થયેલાં હોવાં જોઈએ.

(૧૫) **આધુનિક પદ્ધતિ પ્રમાણે તૈયાર :**

★ પાઠ્યપુસ્તકો સામાજિક વિજ્ઞાનનીપદ્ધતિ પ્રમાણે તૈયાર થયેલ હોવાં જોઈએ. શિક્ષકને શિક્ષણકાર્ય કરવા માટે વધુ અનુકૂળતા પ્રાપ્ત થાય.

(૧૬) **વર્તમાન આંકડાકીય માહિતી :**

– પાઠ્યપુસ્તકમાં વર્તમાન આંકડા મૂકાયેલાં હોવાં જોઈએ. માહિતી સાચી અને છેલ્લામાં છેલ્લી હોવી જોઈએ.

(૧૭) **ભૂલો અંગેની માહિતી:**

– પાઠ્યપુસ્તકમાં છાપકામની અંદર ભૂલો થયેલી હોય તો તે ભૂલો અંગેની માહિતી જુદાં પાના પર હોવી જોઈએ.

(૧૮) **પ્રકરણનો સારાંશ :**

– દરેક એકમમાં તે પ્રકરણમાં કઈ કઈ માહિતી આપેલી છે તેનો ટૂંકમાં સારાંશ મૂકાયેલો હોવો જોઈએ.

(૧૯) **સંખ્યા :**

– પાઠ્યપુસ્તકમાં પ્રકરણની સંખ્યા ઓછી હોવી જોઈએ. પ્રકરણમાં પાનાની સંખ્યા પણ ઓછી હોવી જોઈએ.

(૨૦) **એકમ વિભાજન :**

– દરેક તાસમાં પૂર્ણ થાય તેવા એકમો હોવાં જોઈએ. એકમ નાનાં હોવાં જોઈએ.

## ૬.૫ મૂલ્યાંકન માટેનાં માપદંડ :

★ ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર દ્વારા ધોરણ ૧ થી ૧૨ ના પાઠ્યપુસ્તકો તૈયાર કરે છે. શિક્ષકને પાઠ્યપુસ્તકની પસંદગીમાં કોઈ અવકાશ નથી. પાઠ્યપુસ્તક સરકાર માન્ય છે. સારી ગુણવત્તા જળવાય રહે તે માટે સતત પ્રયત્ન કરવામાં આવે છે.

★ પ્રકાશિત થયેલ પાઠ્યપુસ્તકની ગુણવત્તા કેવી છે તે અંગે સૂચનો કરી શકાય. પાઠ્યપુસ્તક અંગેના સૂચનો આદર્શ પાઠ્યપુસ્તકને ધ્યાનમાં રાખીને કરી શકાય. પાઠ્યપુસ્તકો બહાર પડે કે તરત જ પાઠ્યપુસ્તકો અંગે ફરિયાદ થતી જોવા મળે છે. આવી ફરિયાદો કેટલે અંશે સાચી છે તે તો ખરેખર એક સંશોધનનો વિષય છે. કોઈ પણ સમસ્યા વિશે માત્ર ઉત્કલ્પનાઓ કરવાથી તે વિશે સત્યભાન થતું હોતું નથી. તે દ્વારા થતું મૂલ્યાંકન સાચું માની શકાય નહીં. પાઠ્યપુસ્તકના મૂલ્યાંકન માટે કેટલાંક માપદંડોની આવશ્યકતા છે.

★ પાઠ્યપુસ્તક વિષય શિક્ષણના હેતુઓની સિદ્ધિ માટે મહત્ત્વની અધ્યાપન પ્રવિધિ છે. સામાજિક વિજ્ઞાનના વિદ્યાર્થીઓ તેનો કાર્યક્ષમ ઉપયોગ કરી શકે તે માટે ઉત્તમ રીતે લખાયું હોવું જોઈએ. સામાજિક વિજ્ઞાનના પાઠ્યપુસ્તકનું મૂલ્યાંકન કરવા માટે નીચે પ્રમાણેના માપદંડ હોઈ શકે :

(૧) **પ્રકાશન સામગ્રી :**
* પુસ્તકનું નામ
* લેખકનું નામ
* પ્રકાશક
* પાનાંની સંખ્યા

* પુસ્તકની કિંમત
* પ્રકાશન– તારીખ
* પાનાંની સંખ્યા

(૨) **પુસ્તકનું બાહ્ય સ્વરૂપ :** * પુસ્તકનો આકાર
* કદ
* બાંધણી
* કાગળ
* મુદ્રણ/છાપકામ
* મુખપૃષ્ઠ

(૩) **વિષયવસ્તુની રજૂઆત :** * ભાષા
* શૈલી
* રજૂઆતમાં તાટસ્થ્ય
* કઠિનતા મૂલ્ય
* વિષયવસ્તુની પ્રમાણભૂતતા
* આધુનિક તથા સંપૂર્ણ
* નિષ્પક્ષપણું

(૪) **વિષયવસ્તુની ગોઠવણી :** * પ્રકરણની સંખ્યા
* દરેક પ્રકરણની લંબાઈ
* પ્રકરણોમાં વિભાજન
* પ્રકરણોનો સંબંધ
* વિગતોનો પરસ્પર સંબંધક્રમ
* સાર્થક અને રોચક પાઠ
* વિશિષ્ટ ક્ષેત્રોની આવશ્યકતાઓનો પોષક
* હેતુ સિદ્ધિની તકો
* સારાંશ

(૫) **ઉદાહરણ :** * સત્ય–શુદ્ધતા
* વસ્તુનિષ્ઠા
* ગુણાત્મકતા
*ઉપયોગિતા
* સ્પષ્ટતા

(૬) **સ્વાધ્યાયઃ** * પાઠ્યવસ્તુ સાથે સંબંધ
* સ્વાધ્યાયનો વ્યાપ
* સ્વાધ્યાયનું પ્રમાણ
* વિવિધતા
* કઠિનતા મૂલ્ય

* વિશ્વસનીયતા

* શિક્ષક અને વિદ્યાર્થીની દૃષ્ટિએ ઉપયોગિતા

* હેતુલક્ષીપણું

(૭) **અનુસૂચિ, આલેખ, આકૃતિ, ચાર્ટ્સ :**

* શુદ્ધતા

*સંખ્યા

* આકાર

* ઉપયોગિતા

* મહત્ત્વ

* આકર્ષકતા

(૮) **સંદર્ભ યાદી :** * શિક્ષકની દૃષ્ટિએ

* વિદ્યાર્થીની દૃષ્ટિએ

* વ્યાવહારિકતા

* નવીનતા

(૯) **અનુક્રમણિકા :** * ગોઠવણી

* વ્યાવહારિકતા

* પૂર્ણતા

★ ઉપરના માપદંડોને આધારે શિક્ષક પાઠ્યપુસ્તકનું પૃથક્કરણ કરે અને તે પરથી કેટલાંક તારણો કાઢી નિષ્કર્ષ સૂચવે તો શિક્ષણજગતને તે ઉપયોગી થઈ પડે, બાઈનિંગ અને બાઈનિંગે તેઓના 'ટીચિંગ ધી સોશિયલ સ્ટડીઝ' નામના પુસ્તકમાં પાઠ્યપુસ્તકના મૂલ્યાંકન માટેનો માપદંડ રજૂ કર્યો છે.

## ૬.૮ વર્તમાન પાઠ્યપુસ્તકની સમીક્ષા :

### (૧) ધોરણ – ૮ના સામાજિક વિજ્ઞાનના પાઠયપુસ્તકનું મૂલ્યાંકન – સમીક્ષા :

★ **વિશેષતાઓ :**

૧〉 પાઠ્યપુસ્તકનું નામ : સામાજિક વિજ્ઞાન ધોરણ –૮

૨〉 પાઠ્યપુસ્તકની કિંમત : રૂા. ૨૧, પ્રકાશન વર્ષ : જૂન ૨૦૧૭

૩〉 પાઠ્યપુસ્તકની બાંધણી : બાંધણી ટકાઉ અને મજબૂત છે, પાનાની સંખ્યા : ૬૮

૪〉 મુખપૃષ્ઠ : ધોરણ–૮ના સામાજિક વિજ્ઞાનના પાઠ્યપુસ્તક પર પૃથ્વીનો ગોળો, વહાણ, નદી, આવતાં–જતાં માણસોનું ચિત્ર મૂકેલ છે. પહાડનું કુદરતી ચિત્ર પણ મૂકેલ છે.

૫〉 સ્વાધ્યાયનું પ્રમાણ : વર્તમાન પાઠ્યપુસ્તકમાં એકમને અંતે યોગ્ય સ્વાધ્યાયના પ્રશ્નો મૂકેલાં છે તે યોગ્ય છે.

૬〉 કાગળ : વર્તમાન પાઠ્યપુસ્તકના કાગળ પ્રમાણમાં સારા જોવા મળે છે.

૭〉 જરૂરી આકૃતિઓ : પાઠ્યપુસ્તકમાં જરૂરી ચિત્રો એકમ પ્રમાણે મૂકેલ છે. કલરમાં ચિત્રો મૂકેલ છે. જે યોગ્ય ગણાવી શકાય. ધોરણ–૮ના વિદ્યાર્થીઓની કક્ષા પ્રમાણે યોગ્ય છે.

૮〉 એકમની સંખ્યા : પાઠ્યપુસ્તકમાં કુલ – ૯ એકમ મૂકેલ છે જે યોગ્ય છે.

૯〉 યોગ્ય ઉદાહરણ : વર્તમાન પાઠ્યપુસ્તકમાં જરૂરિયાત પ્રમાણે ઉદાહરણ મૂકવાંમાં આવેલ છે.

૧૦〉 અનુભવી લેખકો દ્વારા તૈયાર : પાઠ્યપુસ્તક અનુભવી લેખકો દ્વારા તૈયાર કરેલ છે.

૧૧〉 સાઈઝ : વર્તમાન પાઠ્યપુસ્તક ડેમી સાઈઝમાં તૈયાર કરેલ છે. જે યોગ્ય ગણી શકાય.

★ **મર્યાદાઓ :**

૧〉 પ્રકરણનો સારાંશ : પ્રકરણમાં પ્રકરણનો સારાંશ મૂકાયો નથી.

૨〉 વર્તમાન પદ્ધતિ પ્રમાણે પાઠ્યપુસ્તક તૈયાર કરવામાં આવેલ નથી. એક જ પદ્ધતિ પ્રમાણે તૈયાર કરેલ છે.

૩〉 સંદર્ભ સાહિત્યની માહિતી મૂકવાંમાં આવેલ નથી.

૪〉 ચિત્રો કલરમાં આપવામાં આવેલ છે. કેટલાંક ચિત્રોમાં કલર બરાબર દેખાતો નથી.

**(૨) ધોરણ – ૯ના સામાજિક વિજ્ઞાનના પાઠયપુસ્તકનું મૂલ્યાંકન – સમીક્ષા :**

★ **વિશેષતાઓ :**

૧〉 પાઠ્યપુસ્તકનું નામ : સામાજિક વિજ્ઞાન ધોરણ –૯

૨〉 પાઠ્યપુસ્તકની કિંમત : રૂા. ૫૦ છે. પ્રકાશન વર્ષ : જૂન ૨૦૧૭

૩〉 પાઠ્યપુસ્તકની બાંધણી : બાંધણી ટકાઉ અને મજબૂત છે, પાનાની સંખ્યા : ૧૫૬

૪〉 મુખપૃષ્ઠ : ધોરણ–૯ના સામાજિક વિજ્ઞાનના પાઠ્યપુસ્તક પર વિધાનસભાનું મકાન, ભગવાનનો ફોટો વગેરે મૂકેલ છે.

૫〉 સ્વાધ્યાયનું પ્રમાણ : વર્તમાન પાઠ્યપુસ્તકમાં એકમને અંતે યોગ્ય સ્વાધ્યાયના પ્રશ્નો મૂકેલાં છે તે યોગ્ય છે.

૬〉 કાગળ : વર્તમાન પાઠ્યપુસ્તકના કાગળ પ્રમાણમાં સારા જોવા મળે છે.

૭〉 જરૂરી આકૃતિઓ : પાઠ્યપુસ્તકમાં જરૂરી ચિત્રો એકમ પ્રમાણે મૂકેલ છે. કલરમાં ચિત્રો મૂકેલ છે, જે યોગ્ય ગણાવી શકાય.

૮〉 એકમની સંખ્યા : પાઠ્યપુસ્તકમાં કુલ – ૨૦ એકમ મૂકેલ છે.

૯〉 યોગ્ય ઉદાહરણ : વર્તમાન પાઠ્યપુસ્તકમાં જરૂરિયાત પ્રમાણે ઉદાહરણ મૂકવાંમાં આવેલ છે.

૧૦〉 અનુભવી લેખકો દ્વારા તૈયાર : પાઠ્યપુસ્તક અનુભવી લેખક દ્વારા તૈયાર કરેલ છે.

૧૧〉 સાઈઝ : વર્તમાન પાઠ્યપુસ્તક ડેમી સાઈઝમાં તૈયાર કરેલ છે, જે યોગ્ય ગણી શકાય.

★ **મર્યાદાઓ :**

૧〉 પ્રકરણનો સારાંશ : પ્રકરણમાં પ્રકરણનો સારાંશ મૂકેલ નથી.

૨〉 પાઠ્યપુસ્તક એકમ પદ્ધતિ પ્રમાણે તૈયાર કરેલ છે. વિવિધ પદ્ધતિઓનો સમાવેશ કરી માહિતી મૂકવી જોઈએ.

૩〉 સંદર્ભ સાહિત્યની માહિતી વધુ માહિતી માટે મૂકેલ નથી.

૪〉 કક્ષા પ્રમાણે પ્રકરણ – ૨૦ છે તે વધુ કહી શકાય.

**(૩) ધોરણ – ૧૦ના સામાજિક વિજ્ઞાનના પાઠયપુસ્તકનું મૂલ્યાંકન – સમીક્ષા :**

★ **વિશેષતાઓ :**

૧〉 પાઠ્યપુસ્તકનું નામ : સામાજિક વિજ્ઞાન ધોરણ –૧૦

૨〉 પાઠ્યપુસ્તકની કિંમત : રૂા. ૪૯ છે. પ્રકાશન વર્ષ : જૂન ૨૦૧૭

૩〉 પાઠ્યપુસ્તકની બાંધણી : બાંધણી ટકાઉ અને મજબૂત છે, પાનાની સંખ્યા : ૧૮૮

૪〉 મુખપૃષ્ઠ : ધોરણ–૧૦ના સામાજિક વિજ્ઞાનના પાઠ્યપુસ્તક પર મુખપૃષ્ઠ યોગ્ય મૂકેલ છે.

૫⟩ સ્વાધ્યાયનું પ્રમાણ : વર્તમાન પાઠ્યપુસ્તકમાં એકમને અંતે યોગ્ય સ્વાધ્યાયના પ્રશ્નો મૂકેલાં છે તે યોગ્ય છે.

૬⟩ કાગળ : વર્તમાન પાઠ્યપુસ્તકના કાગળ પ્રમાણમાં સારા જોવા મળે છે.

૭⟩ જરૂરી આકૃતિઓ : પાઠ્યપુસ્તકમાં જરૂરિયાત પ્રમાણે આકૃતિ મૂકવાંમાં આવેલ છે.

૮⟩ એકમની સંખ્યા : પાઠ્યપુસ્તકમાં કુલ – ૨૧આપેલ છે.

૯⟩ યોગ્ય ઉદાહરણ : વર્તમાન પાઠ્યપુસ્તકમાં જરૂરી ઉદાહરણ આપેલ છે.

૧૦⟩ અનુભવી લેખક દ્વારા તૈયાર : પાઠ્યપુસ્તક અનુભવી લેખક દ્વારા તૈયાર કરેલ છે.

૧૧⟩ સાઈઝ : વર્તમાન પાઠ્યપુસ્તક ડેમી સાઈઝમાં તૈયાર કરેલ છે. જે યોગ્ય ગણી શકાય.

★ **મર્યાદાઓ :**

૧⟩ પ્રકરણનો સારાંશ : પ્રકરણમાં પ્રકરણનો સારાંશ મૂકેલ નથી.

૨⟩ પાઠ્યપુસ્તક એકજ પદ્ધતિ પ્રમાણે તૈયાર કરેલ છે. અન્ય પદ્ધતિઓનો ઉપયોગ કરવો જોઈએ.

૩⟩ સંદર્ભ સાહિત્યની યાદી વધુ અભ્યાસ માટે મૂકવી જોઈએ.

## ૬.૭ સારાંશ : Let us sum up

★ **પાઠ્યપુસ્તકનો અર્થ :**

કોઈ એક કક્ષાને ધ્યાનમાં રાખી તેના શૈક્ષણિક હેતુઓ યોગ્ય વિષય સામગ્રી તથા સમયની જરૂરિયાત મુજબ તૈયાર કરેલ પુસ્તકને પાઠ્યપુસ્તક કહેવાય છે.

★ **પાઠ્યપુસ્તકનાં લક્ષણો :**

મુખપૃષ્ઠ, ઉત્તમ છાપકામ, બાંધણી, કિંમત, કાગળ, ભાષા, વિષયવસ્તુની યોગ્ય રજૂઆત, વિષયવસ્તુની યોગ્ય ક્રમિક રજૂઆત, વયકક્ષા, યોગ્ય આકૃતિ, આલેખ, કોઠા વગેરેની રજૂઆત, યોગ્ય ઉદાહરણનું પ્રમાણ, યોગ્ય સ્વાધ્યાયનું પ્રમાણ, સંદર્ભ સાહિત્યની યાદી, અનુભવી લેખકો દ્વારા તૈયાર, આધુનિક પદ્ધતિ પ્રમાણે તૈયાર, વર્તમાન આંકડાકીય માહિતી, ભૂલો અંગેની માહિતી, પ્રકરણનો સારાંશ, સંખ્યા, એકમ વિભાજન વગેરે.

★ વર્તમાન સામાજિક વિજ્ઞાનના ધોરણ– ૮,૯,૧૦ વગેરેના પાઠ્યપુસ્તકની સમીક્ષા કરવી જરૂરી છે. લક્ષણોને આધારે સમીક્ષા કરી શકાય.

## ૬.૮ એકમ સ્વાધ્યાય : Unit Exercises

(૧) આદર્શ પાઠ્યપુસ્તકનાં લક્ષણો જણાવો.

(૨) પાઠ્યપુસ્તકો શા માટે જરૂરી છે તે જણાવો.

(૩) સામાજિક વિજ્ઞાનના પાઠ્યપુસ્તકની સમીક્ષા કરવો.

(૪) શિક્ષકોની બહુમતીએ સ્વીકાર્યું છે કે પાઠ્યપુસ્તક એ શું અને કેવી રીતે ભણાવીશું તેની આધારશિલા છે. આ વિધાનની સ્પષ્ટતા કરો.

(૫) દેશની ભાવિ પ્રજા કેવી હશે તેનો આધાર પાઠ્યપુસ્તકો પર છે. આ વિધાનની સ્પષ્ટતા કરો.

(૬) મને કોઈ પણ દેશના પાઠ્યપુસ્તકો રચવા દો, ભલે પછી તે દેશના રાજપુરૂષો ગમે તે ગાંડપણ આદરે, પ્રજા–ઘડતરનું કાર્ય હું સંભાળી લઈશે. આ વિધાનની સ્પષ્ટતા કરો.

(૭) નીચેના પ્રશ્નો માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી લખો.

૧) શિક્ષકની પૂર્વ તૈયારી માટે શું મદદરૂપ બને છે ?

(૧) શૈક્ષણિક સાધનો (૨) સંદર્ભ સાહિત્ય

(૩) પાઠ્યપુસ્તક (૪) કમ્પ્યુટર

૨) શિક્ષણકાર્યનું આયોજન શેના આધારે થઈ શકે છે ?

(૧) ટેકનોલોજી (૨) પાઠ્યપુસ્તક

(૩) શૈક્ષણિક સાધનો (૪) સંદર્ભ સાહિત્ય

૩) પાઠ્યપુસ્તક એ શિક્ષણ પ્રક્રિયાને શું ગણવામાં આવે છે ?

(૧) શિક્ષણ માટેની આધારશિલા (૨) વિદ્યાર્થી માટેની આધારશિલા

(૩) પરીક્ષા માટેની આધારશિલા (૪) મૂલ્યાંકન માટેની આધારશિલા

૪) દેશના ભાવિપ્રજાનું ઘડતર કોના દ્વારા થાય છે ?

(૧) નાગરિકો (૨) શિક્ષણ

(૩) પાઠ્યપુસ્તક (૪) નેતા

૫) શિક્ષક શૈક્ષણિક સાધનોનો ઉપયોગ શેના દ્વારા નક્કી કરે છે ?

(૧) પાઠ્યપુસ્તક (૨) સંદર્ભ પુસ્તકો

(૩) વર્ગ પ્રમાણે (૪) આવડતના આધારે

૬) સામાજિક વિજ્ઞાનના પાઠ્યપુસ્તક કોના દ્વારા પ્રકાશિત કરવામાં આવે છે ?

(૧) ગુજરાત રાજ્ય (૨) માધ્યમિક શિક્ષણ બોર્ડ

(૩) મહારાષ્ટ્ર રાજ્ય (૪) શિક્ષણ પ્રધાન

૭) શિક્ષણની પ્રક્રિયામાં શું અગત્યનું અંગ બની જાય છે ?

(૧) પાઠ્યપુસ્તક (૨) શિક્ષક

(૩) વિદ્યાર્થી (૪) સમાજ

૮) વિદ્યાર્થીઓના ઘડતરમાં પાઠ્યપુસ્તકનો ફાળો કેવો છે ?

(૧) અમૂલ્ય (૨) સામાન્ય

(૩) નહિવત્ (૪) અસંખ્ય

૯) પાઠ્યપુસ્તકના આધારે શેનું આયોજન કરવામાં આવે છે ?

(૧) પરીક્ષાના પેપરનું (૨) સમયનું

(૩) અભ્યાસક્રમનું (૪) ભાષાનું

★ **બહુવિકલ્પ પ્રશ્નોના જવાબ :**

〈૧〉 પાઠ્યપુસ્તક 〈૨〉 પાઠ્યપુસ્તક

〈૩〉 શિક્ષણ માટેની આધારશિલા 〈૪〉 પાઠ્યપુસ્તક

〈૫〉 પાઠ્યપુસ્તક 〈૬〉 ગુજરાત રાજ્ય

〈૭〉 પાઠ્યપુસ્તક 〈૮〉 અમૂલ્ય

〈૯〉 પરીક્ષાના પેપરનું

---

## ૬.૯ તમારી પ્રગતિ ચકાસો :

---

(૧) પાઠ્યપુસ્તક એટલે શું ?

..........................................................................

..........................................................................

..........................................................................

.................................................................

.................................................................

.................................................................

(૨) પાઠ્યપુસ્તકના મહત્ત્વની ત્રણ બાબતો જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(૩) સામાજિક વિજ્ઞાનના પાઠ્યપુસ્તકના ત્રણ લક્ષણો જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(૪) વર્તમાન પાઠ્યપુસ્તકની સમીક્ષાની ત્રણ વિશિષ્ટ બાબતો જણાવો. (ધોરણ–૮)

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(૫) વર્તમાન પાઠ્યપુસ્તકની સમીક્ષાની ત્રણ મર્યાદા જણાવો. (ધોરણ – ૮)

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

## ૬.૧૦ તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો : Answers to check your progress

**(૧) પાઠ્યપુસ્તક એટલે શું ?**

★ કોઈ એક કક્ષાને ધ્યાનમાં રાખીને તેના શૈક્ષણિક હેતુઓ યોગ્ય વિષય સામગ્રી તથા સમયની જરૂરિયાત મુજબ તૈયાર કરેલ પુસ્તકને પાઠ્યપુસ્તક કહેવાય છે.

**(૨) પાઠ્યપુસ્તકનું મહત્ત્વ :**

- શિક્ષમને અધ્યાપન કાર્યમાં મદદરૂપ
- કાર્યની સૂઝ માટે
- સ્વ અધ્યયન મ)ટે

**(૩) સામાજિક વિજ્ઞાનના પાઠ્યપુસ્તકનાં ત્રણ લક્ષણો :**

- ઉત્તમ છાપકામ
- બાંધણી
- યોગ્ય ઉદાહરણનું પ્રમાણ

**(૪) વર્તમાન પાઠ્યપુસ્તકની સમીક્ષાની ત્રણ વિશિષ્ટતા જણાવો (ધોરણ–૮) :**

- વર્તમાન પાઠ્યપુસ્તકમાં જરૂરિયાત પ્રમાણે ઉદાહરણ મૂકવાંમાં આવેલ છે.
  યોગ્ય સ્વાધ્યાયના પ્રશ્નો મૂકવાંમાં આવેલ છે.
- જરૂરી આકૃતિઓ મૂકેલ છે.

**(૫) વર્તમાન પાઠ્યપુસ્તકની સમીક્ષાની ત્રણ મર્યાદાઓ (ધોરણ–૮) :**

★ એકમને અંતે પ્રકરણનો સારાંશ મૂકેલ નથી.

★ સંદર્ભ સાહિત્યની માહિતી મૂકવાંમાં આવેલ નથી.

★ કેટલાંક ચિત્રો કલરમાં આપવામાં આવેલ છે.

## ૬.૧૧ સૂચિત વાંચન સામગ્રી : Suggested Readings


૧. બારૈયા વી.વી. : અર્થશાસ્ત્ર શિક્ષણ પદ્ધતિ, અક્ષર પબ્લિકેશન, અમદાવાદ

૨. બારૈયા વી.વી. તથા અન્ય : અર્થશાસ્ત્ર શિક્ષણ પદ્ધતિ, પ્રતીક પ્રકાશન, આણંદ

૩. પટેલ મોતીભાઈ એમ. તથા અન્ય : સામાજિક વિજ્ઞાનનું અધ્યાપન પરિશીલન, બી.એસ. શાહ પ્રકાશન, અમદાવાદ

૪. પ્રજાપતિ હરજીભાઈ તથા અન્ય : સામાજિક વિજ્ઞાન ધોરણ–૮, ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર

૫. કુરેશ સલીમ એસ. તથા અન્ય : સામાજિક વિજ્ઞાન ધોરણ–૯, ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર

૬. બારોટ કે.સી. તથા અન્ય : સામાજિક વિજ્ઞાન ધોરણ–૧૦, ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર

એકમ 7

# સામાજિક વિજ્ઞાન શિક્ષક

: રૂપરેખા :


૭.૦ ઉદ્દેશો

૭.૧ પ્રસ્તાવના

૭.૨ શિક્ષકનો અર્થ

૭.૩ સામાજિક વિજ્ઞાનના શિક્ષકની શૈક્ષણિક લાયકાત

૭.૪ સામાજિક વિજ્ઞાનના શિક્ષકના લક્ષણો

૭.૫ સામાજિક વિજ્ઞાનના શિક્ષકના ગુણ

૭.૬ સામાજિક વિજ્ઞાનના શિક્ષકની તાલીમ

૭.૭ સામાજિક વિજ્ઞાનના શિક્ષકના કૌશલ્યો

૭.૮ સામાજિક વિજ્ઞાનના શિક્ષકનું દૃષ્ટિકોણ–દૃષ્ટિબિંદુ

૭.૯ સારાંશ

૭.૧૦ એકમ સ્વાધ્યાય

૭.૧૧ તમારી પ્રગતિ ચકાસો

૭.૧૨ તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

૭.૧૩ સૂચિત વાંચન સામગ્રી


## ૭.૦ ઉદ્દેશો : Objectives

- આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે ...

(૧) શિક્ષકનો અર્થ સમજી શકશો.

(૨) સામાજિક વિજ્ઞાનના શિક્ષકના લક્ષણો સમજી શકશો.

(૩) સામાજિક વિજ્ઞાનના શિક્ષકના ગુણની ચર્ચા કરી શકશો.

(૪) સામાજિક વિજ્ઞાનના શિક્ષકની તાલીમ શા માટે જરૂરી છે તે સમજી શકશો.

(૫) સામાજિક વિજ્ઞાનના શિક્ષકના કૌશલ્યો સમજી શકશો.

(૬) સામાજિક વિજ્ઞાનના શિક્ષકના દૃષ્ટિબિંદુ સમજી શકશો.

## ૭.૧ પ્રસ્તાવના :

★ શિક્ષકનો જન્મ આદિ કાળથી થયેલ છે. શિક્ષકને ભારતના ઋષિ મુનિઓનો વારસો મળેલો છે. ગમે તે સમયે રાષ્ટ્રના નવનિર્માણના મહત્ત્વના કાર્યમાં તે રોકાયેલો છે. રાષ્ટ્રની ભાવિ આશા સમા યુવાનોને ઘડવાનું કાર્ય તેનું છે.

★ તેથી જ તેના વિષે Sir John Adams એ કહ્યું છે કે, 'The teacher is a maker of man'

★ વળી બીજાં શબ્દોમાં કહીએ તો સમાજ પાસે રહેલાં સંસ્કાર વારસાને ભવિષ્યની પેઢીઓ પાસે લઈ જવાનું કાર્ય તેનું છે.

★ એટલે જ સંસ્કૃતિ અને સભ્યતાનો વણજારો છે.

★ 'હું એક શિક્ષક સંસ્કૃતિ અને અભ્યાસનો શ્રેષ્ઠ નાયક અને આદર્શોનો સારો નાયક.'

★ **શ્રી હુમાયુન કબીન :**

– શિક્ષણના નવનિર્માણના કાર્યમાં સૌથી મહત્ત્વનું સ્થાન શિક્ષકનું છે. એટલે શિક્ષકની યોગ્યતા વધારવા માટે જેટલા કાર્યક્રમો કરીએ તે બધાજ શિક્ષણ નવનિર્માણના કાર્યક્રમો બની જાય છે.

શિક્ષણના મહત્ત્વના અંગ તરીકે શિક્ષકનું સ્થાન છે.

શિક્ષકનો વ્યવસાય પવિત્ર અને ઊંચી ગુણવત્તાવાળો માનવામાં આવે છે. સાચા અર્થમાં, રાષ્ટ્ર વિધાતા છે. ભારતના – ભાવિ નાગરિક તૈયાર કરવાનું કાર્ય કરે છે.

'Teacher is a lighting lamp of the society.'

શિક્ષક એ સમાજનો ઝળહળતો દીપક છે, જેવો શિક્ષક તેવો વર્ગ.

★ **મહાન સિકંદર :**

પિતા કરતાં પણ શિક્ષકને વધુ ચઢિયાતા માન્યા.

'મારા પિતા મને સ્વર્ગમાંથી પૃથ્વી ઉપર લઈ આવ્યા, જ્યારે મારા ગુરુ મને પૃથ્વી પરથી સ્વર્ગમાં લઈ જાય છે.'

શિક્ષકના વિવિધ સ્વરૂપો જોવા મળે છે – સમાજ સુધારક, સમાજ સેવક, પરિવર્તન દૂત, રાષ્ટ્રનો વિધાતા

★ **મહાન શિક્ષણકાર એનેન :**

મને માનવી આપો.

મને કેળવાયેલો માનવી આપો.

મને કૌશલ્યવાળો માનવી આપો.

મને સર્જનશીલ માનવ આપો અને હું તમને એક ઘણી જ સારી આવતીકાલ આપીશ.

તે વર્તમાન અને ભાવિ પેઢી પર પોતાનો પ્રભાવ રાખી શકે છે. શિક્ષણમાં અનેક નવી પ્રવૃત્તિઓ અને પ્રવિધિઓ શોધાતી જશે, પરંતુ શિક્ષકનું સ્થાન ઓછું થતું નથી.

## ૭.૨ શિક્ષકનો અર્થ :

★ શિક્ષક ને અંગ્રેજીમાં Teacher કહેવામાં આવે છે. અંગ્રેજીના શબ્દો પ્રમાણે શિક્ષક એટલે :

(૧) **વ્યવહાર કુશળ :** (Tactful)

★ વિદ્યાર્થીઓની ઉત્તમ શક્તિઓને બહાર કાઢી લાવવાની છે. શિક્ષણ કાર્ય ઉત્તમ પ્રકારનું વાતાવરણ ઊભું કરવાનું છે. વિદ્યાર્થીઓ શિક્ષણ કાર્ય માટે પ્રેરાય તેવું વાતાવરણ ઊભું કરવાનું છે. શિક્ષક વ્યવહાર કુશળ હોવો જોઈએ. ચિડીયો ન હોય, શિક્ષા ન કરે, જરૂર જણાય તો વિદ્યાર્થીઓના હિતમાં આંખો કાઢે.

(૨) **કાર્ય કુશળ :** (Efficient)

★ શિક્ષક સતત પ્રવૃત્તિશીલ હોય, ઓછામાં ઓછા સમયમાં આયોજનપૂર્વક કાર્ય કરે, તેની પાસે નિશ્ચિત વિચાર અને સચોટ કાર્યક્રમ કરનાર હોય તેવો કાર્ય કુશળ શિક્ષક હોવો જોઈએ.

(૩) **પૂજનીય : (Adorable)**

● પૂજ્ય ભાવ પેદા થાય તેવા ગુણોને જીવનમાં ઉતારવાનો શિક્ષકનો પ્રયત્ન હોય, વ્યસનમાંથી મુક્ત હોય, ઉદારતા, નિખાલસતા, નિરાભિમાનીપણું વગેરે દ્વારા ગુણ વિકાસ દ્વારા તે ઉચ્ચ આસને સ્થાન પામેલ હોય. દરેક લોકશાહી વ્યવહાર દ્વારા માન મેળવે, આદર મેળવે, વિદ્યાર્થીઓમાં પ્રિય હોય, અનુકરણને યોગ્ય હોય.

(૪) **વિનય / વિનમ્ર : (Courteous)**

★ વિચારોનું આદાન પ્રદાન કરનાર શિક્ષક કદી પણ અવિનયી ન કોઈ શકે. તે વધુમાં વધુ નમ્ર બને.

★ માટે જ કહેવાય છે કે, – આંબાને મોર આવતાં તે જે નમ્ર બનીને ઢળ્યો છે તેમ જ્ઞાની માણસ

નમ્રતાથી વધુ ને વધુ ઝુકતો રહે છે.

★ જેમ જ્ઞાન વધે તેમ નમ્રતા વધવી જોઈએ.

★ ગીતામાં પણ કહ્યું છે કે : — 'નમીને પ્રશ્ન પૂછીને સેવીને જ્ઞાન પામતું' અર્થાત્ — નમન કરો, પ્રશ્નોનું નિરાકરણ કરો, સેવા કરો અને જ્ઞાન પામો.

★ શિક્ષક વાણી, વિચાર અને વર્તન વગેરેમાં વિનયી હોય તો શોભી ઉઠે.

★ શિક્ષકનો વ્યવહાર પ્રિય લાગે તેવો હોવો જોઈએ.

(૫) **પ્રામાણિકતા : (Honest)**

★ શિક્ષકમાં પ્રામાણિકતા એ મોટામાં મોટો ગુણ છે. તે વિચારમાં અને આચારમાં પ્રામાણિક હોય તો જ વિદ્યાર્થીઓને પ્રામાણિક જીવન પૂરું પાડી શકે.

★ આચારમાં પ્રામાણિક હોય તો જ વિદ્યાર્થીઓને પ્રામાણિક જીવન પૂરું પાડી શકે.

★ સમાજનું વાતાવરણ એટલું બધું ખરાબ થતું જાય છે કે જો શિક્ષકને પ્રામાણિક રહેવું હોય તો મુશ્કેલરૂપ છે.

★ આપણા દેશની કમનસીબી હોય તો તે આજે સમાજ સારા શિક્ષકો પાસે સૌ પ્રથમ પ્રામાણિકતાનો ભોગ માગે છે.

★ માટે સારા શિક્ષકો પીડાય છે. સાચો શિક્ષક હૃદયમાંથી પ્રામાણિકતાના તત્ત્વને દૂર કરી શકતો નથી, કરવા જાય છે તો આત્મા ડંખે છે. પ્રામાણિકતા છોડી દે તો શું થાય ?

(૬) **અનુકરણીય : (Exempl ary)**

★ શિક્ષકનું જીવન એવું હોવું જોઈએ કે જેથી અનુકરણ કરવાનું મન થાય. વિદ્યાર્થીઓ સાથે મિત્ર બની કાર્ય કરે.

★ શિક્ષકનું વ્યક્તિત્વ યોગ્ય હોવું જોઈએ. શિક્ષકમાં ન્યાય પ્રિયતા, પ્રેમ, નિયમિતતા વગેરે હોવાં જોઈએ. તે હંમેશા આશાવાદી હોવો જોઈએ. શિક્ષકનું કાર્ય એવું હોવું જોઈએ કે વિદ્યાર્થીઓ તેનું અનુકરણ કરી શીખી શકે.

(૭) **સૂઝવાળો : (Resourceful)**

તે હંમેશા આશાવાદી હોવો જોઈએ. ગમે તેવી પરિસ્થિતિ ઊભી થાય તો નિરાશ ન બને. માર્ગ ભૂલેલાંને સાચો રસ્તો બતાવે. તે હંમેશા અંધારામાંથી પ્રકાશ તરફ લઈ જાય. તે ગમે તે તોફાની, ગુનેગારમાં પણ વિશ્વાસ, શ્રદ્ધા જોઈ શકતો હોય — તે માટે સૂઝ ધરાવતો હોય.

* **Teacher** એટલે :

| | | |
|---|---|---|
| T = Tactful | E = Efficient A = Adorabl | |
| A = Adorable | C = Courteous | |
| H = Honest | E = Exemplary | R = Resourceful |

★ શિક્ષક એટલે પ્રેમ, પ્રસન્નતા અને પ્રકૃતિ સ્નેહની મૂર્તિ — શિક્ષકમાં આ ત્રણ ગુણ તો હોવાં જોઈએ, તો જ સાચા અર્થમાં વર્ગને સ્વર્ગ બનાવી શકે.

(૧) **પ્રેમઃ**

★ પ્રેમ એટલે બાળકો પ્રત્યે અનહદ અસીમ પ્રેમ.

★ માતાનો પુત્ર પ્રત્યે હોય તેવો જ નિર્મળ અને હૂંફાળો પ્રેમ.

★ દા.ત. — એક યુવાન એક છોકરીના પ્રેમમાં હતો. છોકરીએ લગ્ન માટે શરત મૂકી કે તારી માતાનું કાળજું લાવ તો જ લગ્ન કરું. પ્રેમાંધ યુવાન માતાનું કાળજું કાઢી હાથમાં લઈ દોડતો છોકરીને પ્રાપ્ત કરવા જાય છે ત્યારે ઠેસ વાગતાં કાળજું પડી જાય છે. યુવાની નીચે નમીને

લેવા જાય છે.. ત્યારે કાળજું બોલે છે.. 'દિકરા ઠેસ લાગી... તને વાગ્યું તો નથી ને !' કેટલો સાગરથી ગહેરો અને હિમાલયથી ઊંચેરો માતાનો એ પ્રેમ !

★ શિક્ષકે પણ આવો જ પ્રેમ બાળકો પ્રત્યે રાખવો જોઈએ.

★ બાળકોને પોતાના કાળજાં કરતાંય વધુ ચાહવા જોઈએ. પછી જુઓ શિક્ષણ કાર્ય કેવું બને છે !

(૨) **પ્રસન્નતા :**

★ શિક્ષક શાળામાં આવે ત્યારે વીલે મોંઢે કે દિવેલીયા જેવો નહીં, વર્ગનું વાતાવરણ ભારે કરે.

★ પ્રસન્નતા સાથે પ્રવેશ મેળવનાર શિક્ષક વર્ગનું વાતાવરણ ફેરવી નાંખે છે. કેટલાંય શિક્ષકો વર્ગમાં આવે ત્યારે આખી દુનિયાનો ભાર લઈ આવે છે.

★ ઘરની સમસ્યાનો ભાર.. વર્ગમાં ક્યાંથી પ્રસન્નતા લાવી શકે ? કેટલાંય શિક્ષકો મન મૂકીને હસતાં પણ નથી, હસે તો તે બે નંબરી !

★ **વિનોબાજી :**

એક ગણું ખાવું, બે ગણું પાણી પીવું, ત્રણ ગણું વાળું સેવન કરવું અને ચાર ગણું હસવું જોઈએ.

★ હસવાના મૂડમાં જે દિવસે ન હોય તો તે દિવસે રજા ઉપર રહેવું જોઈએ.

(૩) **પ્રકૃતિ સ્નેહ / પ્રકૃતિ પ્રેમી :**

★ રૂસો ટાગોર જેવાં પ્રકૃતિવાદીઓએ શિક્ષણને પ્રકૃતિની નિકટ લઈ જવાની જેહાદ આપી છે.

★ આપણું શિક્ષણ પ્રકૃતિથી વિમુખ થયા પછી જ બગડયું છે. પ્રકૃતિ જોઈને શિક્ષકનું હ્રદય નાચી ઊઠવું જોઈએ.

★ જે શિક્ષક વૃક્ષ જોઈને ડોલવા લાગે

★ નદી જોઈને નાચવા લાગે

★ પર્વત જોઈને ખૂંદવા લાગે

★ સમુદ્ર જોઈને તરવા લાગે – તે સાચો પ્રકૃતિ પ્રેમી શિક્ષક છે.

★ નદીનું સંગીત, પર્વતનો પોકાર, વૃક્ષની વાતો, સમુદ્રનું જ્ઞાન... સાંભળવાની શ્રવણ શક્તિ શિક્ષકમાં હોવી જોઈએ.

**૩. સામાજિક વિજ્ઞાનના શિક્ષકની શૈક્ષણિક લાયકાત :**

- સામાજિક વિજ્ઞાન વિષય માધ્યમિક શાળાના વર્ગોમાં શીખવવાનો છે, આથી આ વિષય શીખવનાર શિક્ષકની શૈક્ષણિક લાયકાત ઊંચીહોવી જોઈએ.
- બી.એ., બી.એડ્ સેકન્ડ ક્લાસ ધરાવતો હોવો જોઈએ.
- ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં શિક્ષણ કાર્ય કરવા માટે : એમ. એ., બી. એડ્ સેકન્ડ ક્લાસ ધરાવતો હોવો જોઈએ. માધ્યમિક શિક્ષક કરતાં ઊંચી શૈક્ષણિક લાયકાત હોવી જોઈએ.
- વધારાની લાયકાતમં તે એમ.એડ્, પી.એચડી., એમ.ફીલ હોય તો સારી લાયકાત ગણાય છે.

## ૭.૪ સામાજિક વિજ્ઞાનના શિક્ષકના લક્ષણો :

- શાળા સમાજમાં શિક્ષકનું સ્થાન મહત્ત્વનું છે. શિક્ષણની ત્રિધ્રુવી પ્રક્રિયામાં શિક્ષકનું સ્થાન મહત્ત્વનું છે. શાળામાં ઉત્તમ સગવડતાઓ હોય, સારો અભ્યાસક્રમ હોય પરંતુ સંકલન કરનાર ન હોય તો બધી જ વસ્તુઓ નકામી છે.

- જોન એડમ્સે શિક્ષકને મનુષ્યનો નિર્માતા કહ્યો છે.
- પ્રો. બાઈનીંગ અને બાઈનીંગે શિક્ષકને વિદ્યાલયનો આત્મા કહ્યો છે. આથી આપણી શિક્ષક પાસેની અપેક્ષાઓ વધી જાય છે . આદર્શ શિક્ષકના નીચે મુજબના લક્ષણો હોવાં જોઈએ.

**(૧) સ્વીકારેલા વ્યવસાય પ્રત્યે નિષ્ઠા :**

- શિક્ષકને જીવતા જાગતા માનવ પુષ્પો સાથે કાર્ય કરવાનું છે. દેશના નાગરિકો તૈયાર કરવાનું કાર્ય તેમના હાથમાં છે. શિક્ષકની અસર વિદ્યાર્થીઓ પર પડે છે. શિક્ષકે સ્વીકારેલા વ્યવસાય પ્રત્યે નિષ્ઠા હોવી જોઈએ. શિક્ષકને પોતાના વ્યવસાય પ્રત્યે નિષ્ઠા ન હોય તો વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ કરવામાં નિષ્ફળ નીવડે છે, તેમજ શિક્ષક આત્મ વિશ્વાસ સંપાદન કરી શકે નહીં. શિક્ષકને પોતાના વ્યવસાય પ્રત્યે નિષ્ઠાના અભાવે શિક્ષણકાર્યમાં આશા અને ઉત્સાહ ક્યાંથી હોય ?

**(૨) વિષય વસ્તુનું જ્ઞાન :**

- શિક્ષકે આજીવન વિદ્યાર્થી બનવું પડે, શિક્ષક પાસે છેલ્લામાં છેલ્લી માહિતી હોવી જોઈએ. શિક્ષક પાસે વિષય વસ્તુનું જ્ઞાન ન હોય તો વિદ્યાર્થીઓને માનસિક વિકાસ કરી શકતો નથી.

**(૩) વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ :**

- વર્તમાન યુગ કોઈ પણ બાબતની ચકાસણી વગર સ્વીકારતો નથી. જ્ઞાનની ચકાસણી કર્યા પછી રજૂઆત કરવી પડે. કોઈ પણ બાબત ભેદભાવ વગર રજૂઆત કરવી પડે. શિક્ષક પાસે વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ હોવો જોઈએ.

**(૪) મનોવિજ્ઞાનનું જ્ઞાન :**

- વિદ્યાર્થી જગતમાં અનેક સમસ્યાઓ જોવા મળે છે. સમસ્યાનો વૈજ્ઞાનિક ઢબે ઉકેલ લાવવો આવશ્યક છે. શિક્ષક પાસે મનોવિજ્ઞાનનું જ્ઞાન હોવું જોઈએ, જેથી સમસ્યાનો ઉકેલ લાવવા માટે શિક્ષક પાસે મનોવિજ્ઞાનનું જ્ઞાન હોવું જોઈએ.

**(૫) શૈક્ષણિક સાધન સામગ્રીનો ઉપયોગ કરવાનું કૌશલ્ય :**

- વર્તમાન યુગ ટેકનોલોજીનો યુગ છે, જેથી કરીને શિક્ષણ કાર્યમાં જરૂરી શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરવાનું કૌશલ્ય હોવું જોઈએ. શૈક્ષણિક સાધનોનો ઉપયોગને કારણે શિક્ષણ કાર્ય રસપૂર્વક અને અસરકારક બનાવી શકાય.

**(૬) શિક્ષણની વિવિધ પદ્ધતિઓનું જ્ઞાન :**

- શિક્ષણ કાર્ય અસરકારક બનાવવા માટે, શિક્ષક પાસે વિવિધ પદ્ધતિઓનું જ્ઞાન હોવું જોઈએ. એકમને ધ્યાનમાં રાખી કઈ પદ્ધતિનો ઉપયોગ કરવો, કઈ પદ્ધતિ વિદ્યાર્થીઓને અનુકૂળ આવશે.

**(૭) પ્રભાવશાળી વ્યક્તિત્વ :**

– શિક્ષકનું વ્યક્તિત્વ સફળ અધ્યયનની આધારશિલા છે. પ્રભાવશાળી વ્યક્તિત્વમાં નીચેની બાબતો આવશ્યક છે.

- સારો અવાજ
- જરૂરી કૌશલ્ય
- વિશાળ હૃદય
- ઉત્સાહી
- સહનશીલતા
- કાર્ય માટે તત્પરતા
- મૌલિકતા
- સારી તંદુરસ્તી
- સપ્રમાણ શરીરનો બાંધો
- આશાવાદી
- નેતાગીરીના ગુણ

– શિક્ષક શિક્ષણ કાર્ય સારી રીતે કરી શકે તે માટે શિક્ષકનું વ્યક્તિત્વ પ્રભાવશાળી હોવું જોઈએ.

(૮) **શિસ્ત પ્રિય :**

- વિદ્યાર્થીઓ અનુકરણ દ્વારા શીખે છે, જેથી શિક્ષક સ્વયં શિસ્ત પ્રિય હોવો જોઈએ. ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવા માટે શિક્ષક શિસ્ત પ્રિય હોવો જોઈએ. શિક્ષક શિસ્ત પ્રિય હશે તો સમસ્યાઓ ઊભી થશે નહીં.

(૯) **જરૂરી નોંધ કરવાનું કૌશલ્ય :**

- વિષય વસ્તુમાં ઝડપી પરિવર્તન આવે છે, જે કંઈ પરિવર્તન થાય તે અંગેની માહિતી શિક્ષકે નોંધવી પડે. સારા શિક્ષણ કાર્ય માટે પાઠ્યપુસ્તક કરતાં વધારાની માહિતી જોઈએ. વધારાની માહિતી અન્ય જગ્યાએથી નોંધ કરવાની આવડત હોવી જોઈએ.

(૧૦) **સમકાલીન ઘટનાઓની પરિચિત :**

- શિક્ષક પાસે છેલ્લામાં છેલ્લી માહિતીથી વાકેફ હોવાં જોઈએ. વર્તમાન આર્થિક બાબત સમજવા માટે જરૂરી છે. સમકાલીન ઘટનાઓ માટે શિક્ષક પાસે પ્રત્યક્ષ જ્ઞાન જરૂરી છે. જરૂરી પ્રોજેક્ટ, ક્ષેત્ર કાર્ય વગેરે માટે સમકાલીન ઘટનાઓથી પરિચિત રહેવું પડે.

(૧૧) **વ્યાવહારિક જ્ઞાન :**

- શિક્ષક પાસે વ્યાવહારિક જ્ઞાન હોવું જરૂરી છે. કોઈ પણ સિદ્ધાંત સમજાવતાં પહેલાં વ્યવહારિક જ્ઞાન હોય તો વ્યવહારિક સ્વરૂપ આપી સમજાવી શકાય. સિદ્ધાંતોને સ્વયં વ્યવહારમાં લાવી રજૂ કરી શકે.

(૧૨) **નેતાગીરીના ગુણઃ**

- શિક્ષણ કાર્યમાં નેતાગીરી લેવી પડે, જવાબદારી લેવી પડે, સામાજિક વિજ્ઞાનની પદ્ધતિમાં નેતાગીરી લેવી પડે. શિક્ષક પાસે જરૂરી નેતાગીરીનો ગુણ હોવો જોઈએ.

(૧૩) **પ્રારંભ કરવાની સૂઝ :**

- સામાજિક વિજ્ઞાનના શિક્ષકમાં આ ગુણ હોવો આવશ્યક છે. વિષયના શિક્ષણ કાર્યમાં પ્રારંભ કરવાની સૂઝ—આવડત શિક્ષકમાં હોવી જરૂરી છે. શિક્ષકમાં આ ગુણ ન હોય તો વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન આપી શકે નહીં.

(૧૪) **આત્મ વિશ્વાસ :**

- શિક્ષકમાં આત્મ વિશ્વાસનો ગુણ શિક્ષણ કાર્યને સફળ બનાવે છે. વિદ્યાર્થીઓને પણ તે સાચો રસ્તો બતાવી શકે છે. શિક્ષકમાં આત્મ વિશ્વાસ હોય તો જ વિદ્યાર્થીઓમાં આત્મ વિશ્વાસનો વિકાસ કરી શકે. આત્મ વિશ્વાસના અભાવે વિદ્યાર્થીઓમાં સર્વાંગી વિકાસ અટકી જાય છે. વિવિધ સ્થળોની મુલાકાત લેવા માટે શિક્ષકમાં આત્મ વિશ્વાસની ખૂબ જરૂર પડે છે.

- ઉપરાંત અન્ય લક્ષણો :

  (૧) નવું નવું શોધવાની ધગશ
  (૨) ભાવનાશીલ
  (૩) કાર્યશીલ
  (૪) વિવિધ કૌશલ્યવાળો
  (૫) રસવાન ધરાવતો
  (૬) જ્ઞાનનો ભંડાર
  (૭) વિશાળ દષ્ટિકોણ
  (૮) જ્ઞાની

## ૭.૫ સામાજિક વિજ્ઞાનના શિક્ષકના ગુણ :

- સામાજિક વિજ્ઞાનના શિક્ષકમાં ઉપર જણાવ્યા પ્રમાણેના લક્ષણો ઉપરાંત કેટલાંક ગુણો હોય તે આવશ્યક છે. શિક્ષક એ રાષ્ટ્રના વિકાસમાં મહત્ત્વનો ફાળો આપે છે. વિદ્યાર્થીઓમાં ઉત્તમ પ્રકારના ગુણની વિકાસ કરવા માટે તેમજ આદર્શ પૂરો પાડવા માટે કેટલાંક ગુણો શિક્ષણમાં હોવાં જોઈએ.

| | | |
|---|---|---|
| • શરૂઆત કરવાની સૂઝ | • સંશોધન કાર્યની સૂઝ | • આત્મવિશ્વાસનો ગુણ |
| • નેતૃત્વનો ગુણ | • પ્રામાણિકતાનો ગુણ | • અખૂટ પ્રેમ |
| • ન્યાય પ્રિયતા | • નિયમિતતા | • આશાવાદીપણું |
| • ચારિત્ર્ય | • ગુણવાન | • ભાવનાશીલ |
| • જ્ઞાની | • રસવાન | |

- શિક્ષકમાં ગુણવત્તા ઊંચી લાવવાનાં પ્રયત્ન હેઠળ સારા કાર્યક્રમોનું આયોજન થાય છે. જ્ઞાનનો વિસ્ફોટ થઈ શકે છે ત્યારે શિક્ષક પાસે સારા ગુણો હોવાં આવશ્યક છે. સારા ગુણો હોવાંને કારણે શિક્ષણકાર્ય સારું બનાવી શકે, અસરકારક બનાવી શકે, વિદ્યાર્થીઓમાં પ્રિય બની શકે, સમસ્યાઓનો વૈજ્ઞાનિક ઢબે ઉકેલ લાવી શકે.

## ૭.૬ સામાજિક વિજ્ઞાનના શિક્ષકની તાલીમ :

- ઔપચારિક શિક્ષણના આ યુગમાં તાલીમ અનિવાર્ય છે. દરેક માનવીના જીવનમાં તાલીમનું મહત્ત્વ છે તેમ શિક્ષકના જીવનમાં પણ તાલીમનું મહત્ત્વ છે. અંગ્રેજીમાં કહેવત છે કે, 'Nobody is perfect but by practice one can be perfect' અર્થાત્ આ સંસારમાં પૂર્ણ કોઈ જ નથી, પરંતુ મહાવરાથી તાલીમથી પૂર્ણતાની નજીક પહોંચી શકાય છે, તેથી જીવનમાં તાલીમનું ખાસ મહત્ત્વ છે.
- કેટલાંક કૌશલ્યો જન્મદત્ત હોય તો કેટલાંક કૌશલ્યો મહાવરા દ્વારા પ્રાપ્ત થાય છે. તાલીમ દ્વારા શિક્ષકના વ્યક્તિત્વને ચોક્કસ દિશામાં ઢાળી શકાય છે. હીરો મૂળભૂત રીતે તો પથ્થર જ હોય છે, પરંતુ જ્યારે તેને એરણ પર ચઢાવવામાં આવે છે ત્યારે હીરો બની શકે છે, તેમ તાલીમ દ્વારા વ્યક્તિની અપ્રગટ શક્તિઓ બહાર લાવી શકાય છે. વ્યક્તિ પાસે જ્ઞાન હોય પરંતુ વ્યક્ત કરતાં ન આવડે તો નકામું છે. સામાજિક વિજ્ઞાનના શિક્ષકને માટે તાલીમ આવશ્યક છે. તાલીમથી તે નવા પ્રવાહોથી માહિતગાર થાય છે. એટલે તાલીમ લેવી ફરજિયાત છે. તાલીમથી નીચેની બાબતો સ્પષ્ટ થાય છે :

**(૧) વિષયવસ્તુને ઓછા શ્રમે અસરકારક રજૂઆત કરી શકે :**

- સામાજિક વિજ્ઞાનના શિક્ષકે તાલીમ મેળવેલ હોય તો સામાજિક વિજ્ઞાન વિષયવસ્તુની રજૂઆત ઓછા સમયમાં સારી રીતે રજૂઆત કરી શકે તે માટે જરૂરી છે. તાલીમથી શિક્ષક આયોજન પૂર્વક કાર્ય કરી શકે છે, તેથી ઓછા શ્રમે કાર્ય કરી શકે.

**(૨) વ્યાવસાયિક કુશળતા મેળવવા :**

- તાલીમ લેવાને કારણે શિક્ષક આયોજનપૂર્વક કાર્ય કરી શકે છે. હાવભાવ સાથે કાર્ય કરી શકે છે. વિષયવસ્તુની રજૂઆત પણ સારી રીતે કરી શકે છે. શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરી શકે છે. તાલીમને કારણે શિક્ષકમાં વ્યાવસાયિક કુશળતા પ્રાપ્ત થાય છે.

**(૩) વિવિધ પદ્ધતિઓની જાણકારી મેળવવા :**

- એકમ પ્રમાણે કઈ પદ્ધતિનો ઉપયોગ કરવો, સામાજિક વિજ્ઞાન શિક્ષણકાર્ય માટે વિદ્યાર્થીઓને કઈ પદ્ધતિનો ઉપયોગ કરીશું તો અનુકૂળ આવશે. સામાજિક વિજ્ઞાન શિક્ષક સામાજિક વિજ્ઞાનની વિવિધ પદ્ધતિ વિશે જાણી શકે તે માટે તાલીમ જરૂરી છે.

**(૪) નવી અધ્યાપન પ્રયુક્તિઓની જાણકારી મેળવવા :**

- સામાજિક વિજ્ઞાન શિક્ષણકાર્ય કરવા માટે કઈ કઈ પ્રયુક્તિનો ઉપયોગ કરી શકાય, કયા એકમ માટે કઈ પ્રયુક્તિ અનુકૂળ આવશે. શિક્ષક નવી અધ્યાપન પ્રયુક્તિઓની જાણકારી મેળવી શકે તે માટે તાલીમ જરૂરી છે.

**(૫) શિક્ષણકાર્ય રસપ્રદ અને અસરકારક બનાવવા :**

– શિક્ષણકાર્ય રસપ્રદ અને અસરકારક બનાવવું હોય તો શિક્ષકને તાલીમ દ્વારા તૈયાર કરવામાં આવે છે. તાલીમ લેવાને કારણે શિક્ષણકાર્ય સારી રીતે આયોજનપૂર્વક કરી શકે છે. જરૂરી શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરી શકે છે.

**(૬) સમસ્યાનો વૈજ્ઞાનિક ઢબે ઉકેલ શોધી શકે :**

- શિક્ષકને તેના દૈનિક કાર્યમાં વિધિ સમસ્યાનો સામનો કરવો પડે છે. સમસ્યાના ઉકેલ માટે કોઈ તજ્જ્ઞ પાસે જવાનું શક્ય નથી, શિક્ષકે પોતાની રીતે સમસ્યાનો ઉકેલ લાવવા પડે છે. મનોવિજ્ઞાનના અભ્યાસ દ્વારા સમસ્યાનો વૈજ્ઞાનિક રીતે ઉકેલ લાવી શકે છે.

**(૭) વ્યક્તિગત તફાવત અનુસાર કામ કરવાની સૂત્ર મેળવવા :**

- વર્ગમાં વ્યક્તિગત તફાવત જોવા મળે છે. તફાવત પ્રમાણે કાર્ય કરવું પડે. વર્ગમાં તફાવત પ્રમાણે કાર્ય કરવા માટે તાલીમ મેળવવી જરૂરી છે. તાલીમ દ્વારા યોગ્ય રીતે કામ કરવાની સૂઝ પ્રાપ્ત થાય છે.

**(૮) વિદ્યાર્થીઓના કાર્યોનું યોગ્ય મૂલ્યાંકન કરી શકે :**

- તાલીમ દ્વારા શિક્ષકને મૂલ્યાંકન કરવા માટે વિવિધ મૂલ્યાંકનની રીતો જણાવવામાં આવે છે. મૂલ્યાંકનની રીતોની જાણકારી મેળવવાને કારણે વિદ્યાર્થીઓનું યોગ્ય મૂલ્યાંકન કરી શકે તે માટે જરૂરી છે. ભેદભાવ વગર મૂલ્યાંકન કરી શકે.

**(૯) વિદ્યાર્થીઓની કક્ષા પ્રમાણે સ્વાધ્યાયનું કામ આપી શકે :**

- તાલીમને કારણે શિક્ષકમાં વ્યાવસાયિક કૌશલ્યો પ્રાપ્ત થાય છે, તેથી વિદ્યાર્થીઓની કક્ષા પ્રમાણે સ્વાધ્યાય પ્રશ્નો તૈયાર કરીને આપી શકે તે માટે તાલીમ જરૂરી છે. પ્રશ્નો વિદ્યાર્થીઓની કક્ષા પ્રમાણે તૈયાર કરવા પડે છે.

**(૧૦) શિક્ષણકાર્યોમાં આયોજન પ્રમાણે કામ કરતો થાય :**

- તાલીમ લેવાને કારણે આયોજન કરવાની આવડત શિક્ષકમાં આવી જાય છે. શાળામાં કોઈ કાર્ય કરવું હોય તો તેનું આયોજન કરવું પડે છે. શિક્ષકકાર્ય પ્રમાણે સારું આયોજન કરી શકે તે માટે તાલીમ જરૂરી છે.

**(૧૧) વ્યાપક દષ્ટિકોણ લાવવા :**

- તાલીમ દ્વારા શિક્ષકનો દષ્ટિકોણમાં પરિવર્તન લાવી શકાય છે. શિક્ષકની જોવાની દષ્ટિકોણ બદલાય જાય છે. શિક્ષક હકારાત્મક વિચારતો થાય છે. સારું–ખરાબ પારખી શકે છે. વિદ્યાર્થીઓનું યોગ્ય મૂલ્યાંકન કરી શકે છે.

**(૧૨) મનોવિજ્ઞાનનું જ્ઞાન પ્રાપ્ત કરી શકે :**

- શિક્ષકને દૈનિક કાર્ય કરવા માટે વિવિધ સમસ્યાનો સામનો કરવો પડે છે, તેનો વૈજ્ઞાનિક રીતે ઉકેલ લાવવા પડે છે. વૈજ્ઞાનિક રીતે ઉકેલ લાવવા માટે શિક્ષક પાસે મનોવિજ્ઞાનનું જ્ઞાન હોવું જરૂરી છે. તાલીમ દ્વારા મનોવિજ્ઞાનનું જ્ઞાન આપવામાં આવે છે. સમસ્યા અંગે ક્રિયાત્મક સંશોધન શીખવવામાં આવે છે.

**(૧૩) પાઠ્યપુસ્તકનું યોગ્ય મૂલ્યાંકન કરી શકે :**

- ધોરણ–૮, ૯ અને ૧૦ ના સામાજિક વિજ્ઞાનના પાઠ્યપુસ્તકોને પાઠ્યપુસ્તક મંડળ તૈયાર કરે છે. અમુક સમયના અંતરે પાઠ્યપુસ્તકમાં ફેરફાર કરવામાં આવે છે. નવા તૈયાર થતા પાઠ્યપુસ્તકોમાં અસંખ્ય ભૂલો જોવા મળે છે. શિક્ષક પાઠ્યપુસ્તકમાં થતી ભૂલો અંગે પાઠ્યપુસ્તક મંડળને સૂચન કરી શકે તે માટે તાલીમ જરૂરી છે. તાલીમ લેવાને કારણે શિક્ષક પાઠ્યપુસ્તકનું યોગ્ય મૂલ્યાંકન કરી શકે છે.

**(૧૪) અભ્યાસક્રમની યોગ્યતા ચકાસી શકે :**

– અભ્યાસક્રમમાં અમુક સમયને અંતરે ફેરફાર થાય છે. નવો અમલમાં આવેલ અભ્યાસક્રમ કેવો છે ? તે અંગે દિશાસૂચન કરી શકે તે માટે તાલીમ લેવી જરૂરી છે.તાલીમને કારણે શિક્ષક અભ્યાસક્રમની યોગ્યતા ચકાસી શકે છે. નવા અભ્યાસક્રમ માટે મર્યાદાઓ જણાવી શકે છે. મર્યાદા દૂર કરવા માટે સૂચનો કરી શકે છે.

**(૧૫) આત્મ વિશ્વાસનો વધારા કરવા :**

- શિક્ષણકાર્ય કરવા માટે શિક્ષક પાસે આત્મવિશ્વાસ જરૂરી છે. આત્મવિશ્વાસ સાથે જ દરેક કાર્ય કરવું પડે છે. તાલીમ દ્વારા શિક્ષકમાં આત્મવિશ્વાસમાં વધારો થાય તે માટે જરૂરી છે. તાલીમ લેવાને કારણે શિક્ષક આત્મવિશ્વાસ સાથે કામ કરી શકે તે માટે જરૂરી છે. તાલીમ લેવાને કારણે શિક્ષક પોતાના કાર્યનું આયોજનપૂર્વક કાર્ય કરી શકે છે. અગાઉથી તૈયારી સાથે કાર્ય કરી શકે છે. આથી શિક્ષકમાં આત્મવિશ્વાસમાં વધારો થાય છે.
- સામાજિક વિજ્ઞાનનો શિક્ષક એમ માને છે કે તેણે એક વખત તાલીમ લીધી છે, એટલે તેણે પછી તાલીમ લેવાની જરૂર નથી. તાલીમ દરમિયાન શિક્ષકે જે જે બાબતોની તાલીમ મેળવી છે તેનો અમલ કરવાનું કામ તો તેણે શાળામાં ગયા પછી જ કરવાનું છે. જો શિક્ષક પોતે મેળવેલી તાલીમનો ઉપયોગ પોતાના વ્યવસાયમાં નહીં કરે તો તેણે લીધેલી તાલીમ નકામી બને છે.
- સામાજિક વિજ્ઞાનના શિક્ષકે અવાર નવાર સેમિનાર, વર્કશોપ વગેરેમાં જઈ પોતાના જ્ઞાનને ઓપ આપવાનું કાર્ય કરવું જોઈએ. સેમિનાર કે વર્કશોપથી શિક્ષણ કાર્યમાં છેલ્લામાં છેલ્લી માહિતીથી માહિતગાર રહી શકે છે. કેટલાંક શિક્ષકોની એવી માન્યતા હોય કે આવા સેમિનાર દ્વારા કંઈ જ્ઞાન પ્રાપ્ત થતું નથી, જેથી આ વર્ગોમાં જોડાવાનું પસંદ કરતાં નથી. જોડાય તો ખાસ ગંભીરતાપૂર્વક કાર્ય કરતાં નથી. શિક્ષકની આવી માન્યતા ભૂલ ભરેલી છે.
- સામાજિક વિજ્ઞાનના શિક્ષકે જ્યારે જ્યારે સેમિનારમાં જવાની તક મળે ત્યારે તકનો લાભ લઈ, પોતાનું જ્ઞાન વિશાળ બનાવવા પ્રયત્ન કરવો જોઈએ.
- **વ્યાવસાયિક સજ્જતા :**

– શિક્ષકે વ્યાવસાયિક સજ્જતા વધારવા માટે તાલીમ તો લેવી જ પડે છે. સાથે સાથે વ્યાવસાયિક સજ્જતા માટે પણ પ્રયત્ન

- શૈક્ષણિક ટેકનોલોજી, સંશોધનથી શિક્ષકે જ્ઞાત રહેવું જોઈએ.
- સરકાર દ્વારા શિક્ષકમાં વ્યાવસાયિક સજ્જતા વધે તે માટે સરકાર તરફથી સગવડો ઊભી કરવામાં આવે છે.
- દા.ત. – ઓપવર્ગો, કાર્ય શિબિરો, પરિસંવાદો, સેમિનાર વગેરે.
- શિક્ષકોની સેવાકાલીમ તાલીમ માટે સતત પ્રયત્નશીલ રહેતી સંસ્થાઓમાં મુખ્યત્વે – NCERT, GCERT, NCTE ગુજરાત જિલ્લા શિક્ષણ ભવનો, માધ્યમિક શિક્ષણ બોર્ડ વગેરે.
- શિક્ષકે આવા કાર્યક્રમોમાં જોડાવું જોઈએ, નવી માહિતી મેળવવી જોઈએ.

## ૭.૭ સામાજિક વિજ્ઞાનના શિક્ષકના કૌશલ્યો :

- આપણે જ્યારે શાળામાં અભ્યાસ કરતાં હતાં ત્યારે કેટલાંક શિક્ષકો વધારે પ્રિય અને વધુ ગમતા હતા, જ્યારે કેટલાંક શિક્ષકો ગમતા ન હતા. જે શિક્ષકો વધારે ગમતા હતા તેઓ પાસે એવી કઈ કળા અને કૌશલ્ય હતું કે તેઓ શિક્ષણ કાર્ય કરતા હતા ત્યારે વધુ કેમ ગમતા હતા, તેમના શિક્ષણ કાર્યમાં વધુ મજા અને આનંદ આવતો હતો. તે સમયે શિક્ષક શાથી વધુ ગમે છે ? તે શિક્ષકની ભણાવવાની પદ્ધતિ સારી હતી, એટલે કે તેમનામાં શિક્ષણ કાર્ય કરવાના કૌશલ્યો સારા હતાં.

- આ પરથી ખ્યાલ આવે છે કે જે શિક્ષકો પાસે જ્ઞાનનો ખજાનો ભરેલો હોય પણતે તેના ખજાનામાંથી જે કંઈ આપે તે એવી રીતે આપે કે જેનો સ્વીકાર વિદ્યાર્થી કરી શકતો નથી કારણ કે તેની પાસે રજૂઆત કરવાનું જ્ઞાન કે કૌશલ્ય નથી. આ બાબત સામાજિક વિજ્ઞાનના શિક્ષકને પણ લાગુ પડે છે. સામાજિક વિજ્ઞાનનો શિક્ષક કૌશલ્યવાન હોવો જોઈએ. રજૂઆત કરવાની આવડત હોવી જોઈએ, તેમની પાસે કયાં કયાં કૌશલ્યો હોવાં જોઈએ તે અંગે હવે આપણે વિચારીશું.

**(૧) શૈક્ષણિક સાધનોનું નિર્માણ કૌશલ્ય :**

- શિક્ષણ કાર્ય કરવા માટે બધાજ શૈક્ષણિક સાધનો શાળામાં ઉપલબ્ધ હોતા નથી. કેટલાંક બહારથી લાવવા પડે છે, તો કેટલાંક શિક્ષકે જાતે તૈયાર કરવા પડે છે. જાતે તૈયાર કરેલ સાધનો સસ્તા પડે છે. બજારમાં મળતા સાધનો બિનઉપયોગી, ખર્ચાળ અને યોગ્ય ઉપયોગમાં ન આવે તેવા હોય ત્યારે શિક્ષક પાસે સ્વ નિર્મિત સાધનો બનાવવાનું કૌશલ્ય હોવું આવશ્યક છે.

**(૨) શૈક્ષણિક સાધનોના ઉપયોગનું કૌશલ્યઃ**

- શિક્ષક પાસે સાધનોના નિર્માણનું કૌશલ્ય હોય પરંતુ તેના ઉપયોગનું કૌશલ્ય ન હોય તો સાધનો બિનઉપયોગી અને શોભાના ગાંઠિયા બની રહે છે. શિક્ષકે વર્ગને ધ્યાનમાં રાખી સાધનોનો ઉપયોગ કરવો પડે છે. શિક્ષક પાસે સાધનોની સમજ હોય તો જ તેનો ઉપયોગ કરી શકે છે.

**(૩) અર્થઘટન કરવાનું કૌશલ્ય :**

- શિક્ષક પાસે શૈક્ષણિક સાધનોનું અર્થઘટન કરવાનું કૌશલ્ય હોવું જોઈએ. શિક્ષણ કાર્ય કરવા માટે શૈક્ષણિક સાધનો એકમ પ્રમાણે વાપરવા પડે છે. કયા એકમ માટે કયું સાધન ઉપયોગી થશે તેનું અર્થઘટન કરવાનું કૌશલ્ય શિક્ષક પાસે હોવું જોઈએ.

**(૪) પ્રાયોગિક કાર્ય કરવાનું કૌશલ્ય :**

- સામાજિક વિજ્ઞાન વિષયમાં પ્રાયોગિક કાર્ય કરવાનું હોય છે. દા.ત. આપત્તિ વ્યવસ્થાપન, મૂળભૂત હક્કો, વન્ય જીવન, લોકજીવન વગેરે એકમમાં પ્રાયોગિક કાર્ય કરવાનું છે. પ્રાયોગિક કાર્ય કરવાનું કૌશલ્ય શિક્ષક પાસે હોવું જોઈએ.

**(૫) આયોજન કરવાનું કૌશલ્ય :**

- શિક્ષક પાસે સફળ આયોજન કરવાની શક્તિ હોવી જોઈએ. શિક્ષણ કાર્યની સફળતાનો આધાર આયોજન છે. આયોજન કોઈ પણ કાર્યમાં સફળતા મળતી નથી. શિક્ષકે અભ્યાસક્રમને ધ્યાનમાં રાખી આખા વર્ષનું આયોજન કરવું પડે છે. કેટલીકવાર માસિક, પખવાડિક, દૈનિક તાસ વગેરે આયોજનો કરવા પડે છે. શિક્ષણકાર્ય સારું કરવા માટે પણ આયોજન જરૂરી છે. સારા આયોજન વગર શિક્ષણની નાવ ને બરાબર રીતે ચલાવી શકે નહીં.

**(૬) મંડળની પ્રવૃત્તિઓનું આયોજન કૌશલ્યઃ**

- સામાજિક વિજ્ઞાન મંડળમાં વિવિધ પ્રવૃત્તિઓ કરવાની હોય છે. પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓ પાસે કરાવવાની હોય છે. પ્રવૃત્તિઓ સફળતાપૂર્વક આયોજન કરવાનું હોય છે. વિદ્યાર્થીઓને પણ સક્રિય રાખવાના છે. વિદ્યાર્થીઓને પ્રવૃત્તિઓ પણ આપવાની હોય છે. આથી શિક્ષક પાસે મંડળની વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવાનું કૌશલ્ય હોવું જોઈએ.

**(૭) પ્રત્યાયન કરવાનું કૌશલ્ય :**

- પોતાના વિચારોને યોગ્ય રીતે રજૂ કરવાના કૌશલ્યને પ્રત્યાયન કૌશલ્ય કહે છે. શિક્ષણ કાર્ય શિક્ષક કરે ત્યારે યોગ્ય રજૂઆત કરવાનું કૌશલ્ય હોવું જોઈએ. સારું પ્રત્યાયન હોય તો જ વિદ્યાર્થીઓ સારી રીતે સમજી શકે.

**(૮) વર્ગ વ્યવહાર કરવાનું કૌશલ્યઃ**

- શિક્ષક શિક્ષણ કાર્ય કરે ત્યારે તેનો વર્ગ વ્યવહાર સારો હોવો જોઈએ. વિદ્યાર્થીઓને પ્રિય હોવો જોઈએ. હાવભાવ સાથે વર્ગ વ્યવહાર થવો જોઈએ. આરોહ—અવરોહ સાથે વર્ગ વ્યવહાર થવો જોઈએ. શિક્ષક પાસે વર્ગ વ્યવહાર કરવાનું કૌશલ્ય સારું હોવું આવશ્યક છે.

**(૯) આંતરક્રિયા કરવાનું કૌશલ્ય :**

- સામાજિક વિજ્ઞાનના શિક્ષણ કાર્ય કરવા માટે શિક્ષકે વિવિધ પદ્ધતિઓ, સાધન અને સંદર્ભનો ઉપયોગ કરવો પડે છે. આ સંસાધનોનો ઉપયોગ કરતી વખતે તેઓ વચ્ચે આંતર સંબંધ જળવાઈ રહે, તે માટે આંતરક્રિયા કૌશલ્ય અપેક્ષિત છે. શિક્ષણ કાર્ય કરતી વખતે અન્ય સાથે સંબંધો બાંધવો પડે છે. કોઈપણ પદ્ધતિ અન્ય પદ્ધતિ સાથે, કોઈ પણ સાધનને અન્ય સાધન સાથે આંતરિક અનુબંધથી જોડાય તો જ શિક્ષણની સફળતા મળે. આ માટે આંતર સંબંધ જોડવા માટે, તેઓ વચ્ચે આંતરક્રિયા કરવી પડે.

**(૧૦) પ્રશ્નોત્તરી કૌશલ્ય :**

- શિક્ષણ કાર્ય સફળતાનો આધાર વિદ્યાર્થીની ભાગીદારી છે. વિદ્યાર્થીને કેવા પ્રશ્નો પૂછવામાં આવે તો વધુ પ્રમાણમાં ભાગીદાર બને. પ્રશ્નો સ્પષ્ટ અને ટૂંકા, વિદ્યાર્થીઓ સમજી શકે તેવા પૂછવા પડે છે. પ્રશ્નો સરળ હોવાં જોઈએ. કક્ષા પ્રમાણે પ્રશ્નો પૂછવા. આ રીતે પ્રશ્નોત્તરી કરવાનું કૌશલ્ય શિક્ષક પાસે હોવું જોઈએ.

**(૧૧) સંગ્રહ કૌશલ્ય :**

- સામાજિક વિજ્ઞાનના શિક્ષકને સંગ્રહનો શોખ હોવો જોઈએ. તે શોખની સાથે તેનું કૌશલ્ય જરૂરી છે. સંગ્રહ યોગ્ય રીતે કરવો પડે છે, જે સંગ્રહ કરવામાં આવે તે કેટલો ઉપયોગી છે તે બાબત જરૂરી છે.

**(૧૨) સર્વગ્રાહી મૂલ્યાંકન કૌશલ્ય :**

- શિક્ષક પાસે સામાજિક વિજ્ઞાનના વિદ્યાર્થીઓનું સર્વગ્રાહી મૂલ્યાંકન કરવું જરૂરી છે. મૂલ્યાંકન યોગ્ય રીતે થાય તે પણ જરૂરી છે. વિદ્યાર્થીની કક્ષા પ્રમાણે મૂલ્યાંકન થાય તે પણ જરૂરી છે. કેવા પ્રશ્નો પૂછવા, નિબંધ પ્રકાર, ટૂંકા, વસ્તુલક્ષી વગેરેના કેટલા પ્રશ્નો પૂછવા, અન્ય રીતે મૂલ્યાંકન કઈ રીતે કરવું, વિદ્યાર્થીઓ પ્રાયોગિક કાર્ય કરે ત્યારે તેનું મૂલ્યાંકન કઈ રીતે કરવું, શિક્ષક પાસે સર્વગ્રાહી મૂલ્યાંકન કરવાનુ કૌશલ્ય હોવું જોઈએ.

**(૧૩) સમસ્યા ઉકેલ કૌશલ્ય :**

- શાળમાં અવારનવાર વિદ્યાર્થીઓ પક્ષે સમસ્યા ઊભી થતી હોય છે, તેના યોગ્ય ઉકેલ લાવવો જરૂરી છે. વૈજ્ઞાનિક ઢબે ઉકેલ લાવવો જરૂરી છે. દરેક તાસે સમસ્યા હોય છે. શિક્ષકે સ્વયં ઉકેલ લાવવો પડે છે. આથી શિક્ષક પાસે સમસ્યા ઉકેલ માટેનું કૌશલ્ય હોવું જોઈએ. શિક્ષકે સમસ્યાનું નિદાન કરી ઉપચાર કાર્ય કરવું પડે છે.

**(૧૪) નેતાગીરી લેવાનું કૌશલ્ય :**

- શિક્ષક પાસે નેતાગીરી લેવાનું કૌશલ્ય હોવું જોઈએ. શિક્ષક એક નેતા છે, નેતાએ વિવિધ કાર્યો કરવાના હોય છે. નેતાની તાલીમ વિદ્યાર્થીઓને મળે તે પણ જરૂરી છે. નેતા તરીકે વ્યવહાર, કામ લેવાની આવડત વગેરે જરૂરી છે.

**(૧૫) પ્રવાસ આયોજન કૌશલ્યઃ**

- વિદ્યાર્થીઓને બહારનું શિક્ષણ મળી રહે તે માટે શાળામાંથી પ્રવાસ લઈ જવા પડે છે. પ્રવાસનું આયોજન કરવાનું શિક્ષક પાસે કૌશલ્ય હોવું જોઈએ. પ્રવાસ પહેલા, પ્રવાસ દરમિયાન, પ્રવાસ પછી શું કરવાનું હોય છે તે અંગે આયોજન કરવાનું કૌશલ્ય શિક્ષક પાસે હોવું જોઈએ.

- આ ઉપરાંત નીચે જેવાં કૌશલ્યો પણ શિક્ષક પાસે હોવાં જોઈએ :
  - (૧) નકશા દોરવાનું કૌશલ્ય
  - (૨) ફોટોગ્રાફી કરવાનું કૌશલ્ય
  - (૩) ક્રિયાશીલ પ્રવૃત્તિ કરવાનું કૌશલ્ય
  - (૪) સામાજિક સંપર્ક કરવાનું કૌશલ્ય
  - (૫) નવીન ટેકનોલોજીનો ઉપયોગ કરવાનું કૌશલ્ય
  - (૬) વાર્તાકથન કૌશલ્ય
  - (૭) સ્ક્રિપ્ટ લેખન કૌશલ્ય

## ૭.૮ સામાજિક વિજ્ઞાનના શિક્ષકનું દષ્ટિબિંદુ–દષ્ટિકોણ :

- દર્શન વગરનો શિક્ષક દર્શક કેવી રીતે બની શકે ? શિક્ષકે તો વિદ્યાર્થીના દર્શક બનવાનું છે. વિદ્યાર્થીઓમાં ચારિત્ર્ય, જીવન મૂલ્યો અને વિધાયક વલણોનું ઘડતર કરી જીવનદર્શનનું સંચારણ કરવાનું છે. શિક્ષકને શિરે આ એક અતિભારે જવાબદારી છે. આ જવાબદારીના વહન માટે શિક્ષક પાસે જીવનના ઉદાર અને ઉદાત તથા વૈજ્ઞાનિક દષ્ટિકોણની અપેક્ષા રાખવામાં આવે છે.
- વિશ્વના વિવિધ દેશોની પ્રજાના રૂપ, રંગ, આકાર, કદ, સ્વભાવ, ખોરાક, પોશાક, રહેઠાણ, તેની આર્થિક પ્રવૃત્તિઓ વગેરે જેવી અનેક બાબતો તેમના પર્યાવરણના સંદર્ભમાં ઘડાય છે. દુનિયાના દેશોની પ્રજામાં ઉપરોક્ત બાબતોમાં ભિન્નતા શાથી ? આ બધું સમજવા સામાજિક વિજ્ઞાનના શિક્ષકમાં વૈજ્ઞાનિક દષ્ટિકોણ હોવો ખૂજ જ જરૂરી છે. વૈજ્ઞાનિક દષ્ટિકોણને લીધે જ શિક્ષક ભૌગોલિક ઘટનાઓ સમજી શકે છે. વૈજ્ઞાનિક દષ્ટિકોણ જ શિક્ષકને તેમના વિદ્યાર્થીઓને અકળ કુદરતને સમજવામાં ખૂબ ઉપયોગી થાય છે.
- વિદ્યાર્થીઓ મોટે ભાગે શિક્ષકોનું અનુકરણ કરે છે. એક સારો શિક્ષક વિદ્યાર્થીને પરોક્ષ અને પ્રત્યક્ષ રીતે ઘણું આપી શકે છે. વાસ્તવમાં તો શિક્ષક જ્યાં જાય કે ચાલે ત્યાં વિષયનું અધ્યાપન થતું રહે છે.
- આ દષ્ટિએ શિક્ષક પાસે પ્રભાવપૂર્ણ વ્યક્તિત્વ, ઉમદાશીલ અને સદાચાર, સ્નેહ અને ઉત્કૃષ્ટ જીવન મૂલ્યોની અપેક્ષા રહે છે. આવા શિક્ષક આદર્શ વિશ્વના નાગરિક બની શકે. આવા જીવન દર્શન અને જીવન વ્યવહારવાળો શિક્ષક વિશ્વ માનવજાતની સુખ, શાંતિ અને સમૃદ્ધિમાં અનન્ય ફાળોઆપી શકે અને વિશાળ વિદ્યાર્થી સમુદાયનો સાચો રાહબર બની શકે.
- સામાજિક વિજ્ઞાનના શિક્ષકના દષ્ટિબિંદુ અંગે નીચેની બાબતો અનિવાર્ય છે :

### (૧) વૈજ્ઞાનિક દષ્ટિકોણ :

- સામાજિક વિજ્ઞાનનો શિક્ષક વૈજ્ઞાનિક દષ્ટિકોણ વાળો હોવો જોઈએ. સામાજિક વિજ્ઞાનના અભ્યાસમાં બનાવો, આધારોને ચકાસવાના હોય છે, તેની ચકાસણી કરી સમજ મેળવવાની હોય છે. આ માટે વૈજ્ઞાનિક દષ્ટિકોણ ધરાવતો હોવો જોઈએ. વિશ્વની વિવિધ પ્રજાનાં રંગ, કદ, દેખાવ, ખોરાક, પોશાક, રહેણી કરણી અને સ્વભાવ વગેરેમાં જે ભિન્નતા જોવા મળે છે તે તેમને મળેલા ભૌગોલિક પ્રદેશની રચના અને પરિસ્થિતિઓને આભારી છે, તેની સ્પષ્ટ સમજ સામાજિક વિજ્ઞાનના શિક્ષકમાં હોવી જોઈએ. આ બાબતની ચર્ચા વિદ્યાર્થીઓ સાથે કરે તે જરૂરી છે.

### (૨) શાંતિમય દષ્ટિકોણ :

- સામાજિક વિજ્ઞાનનો શિક્ષક શાંતિમય સહઅસ્તિત્વની ભાવનાને વરેલો હોય તેનો માનવીય દષ્ટિકોણ એવો હોય કે તે અન્ય રાષ્ટ્રના માનવને સદ્‌ભાવનાથી જુએ. જીવો અને જીવવા દો.

ચાલો આપણે સાથે હળીમળીને એકબીજાંના પૂરક બની જીવનને મંગલમય સદ્ભાવના અને શાંતિમય સહ અસ્તિત્વવાળું બનાવી એ જય જગતની ભાવના કેળવીએ.

(૩) **હકારાત્મક દષ્ટિકોણ :**

- સામાજિક વિજ્ઞાનના શિક્ષકનું હકારાત્મક દષ્ટિકોણ ધરાવતો હોવો જોઈએ, તો જ વિદ્યાર્થીઓમાં હકારાત્મક દષ્ટિકોણ વિકસાવી શકે. આ માટે સત્ય બાબતો રજૂ કરવી જરૂરી છે. સમાજમાં વિવિધ સમસ્યાઓ ઊભી થયેલી જોવા મળે છે.
- દા.ત. – રાષ્ટ્રવાદ, પ્રાંતવાદ, કોમવાદ વગેરે.
- સમસ્યાઓની રજૂઆત વખતે સત્ય બાબતો આપવી જોઈએ. સાચી માહિતી રજૂ કરી, હકારાત્મક વિચારો રજૂ કરવા જોઈએ. કોઈ એક કોમ, પ્રદેશ, ભાષા કે રાષ્ટ્રનોપક્ષ લઈને નકારાત્મક વિચારો રજૂ ન થાય તેની સતત કાળજી રાખવી જોઈએ. વિદ્યાર્થી આંતકવાદી ન બને, તેનામાં નકારાત્મક વિચારો ન આવે તે બાબતની કાળજી રાખવી પડે છે.
- વ્યક્તિ તરીકે આપણી ફરજ શું છે, તે વિશે સમજ આપવી જોઈએ. હકારાત્મક દષ્ટિકોણ જ સમસ્યાઓના નિરાકરણમાં મદદરૂપ બને છે.
- શિક્ષક કોઈ પક્ષે નહીં પણ તટસ્થ રહીને ધર્મ, જાતિ, સામાજિક રીત રિવાજો, રહેણી કરણી, રાજકીય પરિસ્થિતિ વગેરે બાબતોમાં હકારાત્મકતા રાખી વિદ્યાર્થીઓને સમજ આપી સાચી દિશા બતાવવી જોઈએ. વિદ્યાર્થી રાષ્ટ્રના રંગે રંગાઈ તે બાબત ધ્યાનમાં રાખી સમજ આપવી.

(૪) **ઉચ્ચ ચારિત્ર્ય વિકસાવવાનો દષ્ટિકોણ :**

- શિક્ષક પાસે ઉચ્ચ ચારિત્ર્ય વિકસાવવાનો દષ્ટિકોણ હોવો જોઈએ, તો જ વિદ્યાર્થીઓમાં ઉચ્ચ ચારિત્ર્ય વિકસાવી શકે. વિદ્યાર્થી એક સારો નાગરિક બને. સમાજ અને કુટુંબની સારી સેવા કરી શકે પ્રામાણિક બને.

(૫) **રાષ્ટ્રીય એકતાનો દષ્ટિકોણ :**

- વિશ્વની વિવિધ પ્રજાનાં રંગ, કદ, દેખાવ, ખોરાક, પોશાક, રહેણીકરણી અને સ્વભાવ વગેરેમાં જે ભિન્નતા જોવા મળે છે, તે તેમને મળેલા ભૌગોલિક પ્રદેશની રચના અને પરિસ્થિતિઓને આભારી છે, તેની સમજ સામાજિક વિજ્ઞાનના શિક્ષકમાં હોવી જોઈએ. આ સમજ વિદ્યાર્થીઓને આપી શકે. ભૌગોલિક પરિસ્થિતિ પ્રમાણે ફેરફાર જોવા મળે છે. રાષ્ટ્રીય એકતા માટેના પ્રયત્નો કરવા પડે, જરૂરી ઉદાહરણો રજૂ કરી માહિતી આપવી જોઈએ.
- દા.ત. – ચા નો પાક દરેક જગ્યાએ કેમ થતો નથી ?

(૬) **રાષ્ટ્રીય દષ્ટિકોણ :**

- સામાજિક વિજ્ઞાન શિક્ષકે રાષ્ટ્ર પ્રત્યે હકારાત્મક રીતે વર્તવાનું છે. આ બાબત વિદ્યાર્થીઓમાં આવે તેવા પ્રયત્નો કરવાના છે. રાષ્ટ્ર ભાવના હોય તો જ વિદ્યાર્થીઓમાં લાવી શકે. રાષ્ટ્રનું ગૌરવ વધે તેવા પ્રયત્નો કરવાના છે. નાગરિક તરીકે ફરજ બજાવવાની, રાષ્ટ્ર પ્રત્યે પ્રેમ હોવો જ જોઈએ. દેશ મુશ્કેલીમાં હોય ત્યારે, પોતાના દેશના રક્ષણ માટે મરી ફીટવાની તૈયારી કેળવવાની છે.
- રાષ્ટ્રમાં એકતા, સંપ, વિકાસ માટે પરિશ્રમ, ભેદભાવથી દૂર રહી રાષ્ટ્રના રક્ષણ માટે એક થઈ કાર્ય કરવાનું છે. એક કુટુંબની ભાવના રાખી રાષ્ટ્રો સાથે પ્રેમ, સહાનુભૂતિ રાખીને વિશ્વના દેશોની સંસ્કૃતિ અને પ્રજા પ્રત્યે આદર રાખીને રાષ્ટ્ર પ્રેમ વિકસાવવો જોઈએ, તેમજ તેમનું રક્ષણ પણ કરવું જોઈએ.
- પૂર્વગ્રહોથી પર રહી, રાષ્ટ્રનો વિકાસ થાય, ગૌરવ વધે તેવા પ્રયત્નો શિક્ષકે કરવાના છે.

### (૭) માનવીય દૃષ્ટિકોણ :

- સામાજિક વિજ્ઞાનના શિક્ષકનો ઉદાત્ત, વિશાળ વૈજ્ઞાનિક અને માનવીય દૃષ્ટિકોણ આવતીકાલની સમગ્ર વિશ્વની પેઢી માટે સુખ, શાંતિ, સમૃદ્ધિ આનંદ અને પ્રસન્નતા લાવનારો હશે. શિક્ષકનો માનવીય દૃષ્ટિકોણ જેવું એનું કલ્યાણમય જીવનદર્શન એવું આવતીકાલનું વિશ્વ હશે તેમાં શંકાને સ્થાન નથી. વિશ્વ એક કુટુંબ છે તેવી ભાવના વિદ્યાર્થીઓમાં જગાડવાની છે.

### (૮) વિશાળ દૃષ્ટિકોણ :

- સામાજિક વિજ્ઞાનના શિક્ષકનું દૃષ્ટિકોણ વિશાળ હોય તે જરૂરી છે. શિક્ષકે વિશ્વના માનવો વિશે અભ્યાસ કરવાનો હોય છે. વિશ્વ સ્તરે બનતી ઘટનાઓ વિશે અભ્યાસ કરવાનો છે. ન્યાય રીતે ભેદભાવ વગર વિશ્વ સ્તરે અભ્યાસ કરવો પડે છે.
- વિજ્ઞાન અને ટેકનોલોજીની શોધને કારણે આજે વિશ્વ નાનું બનતું જાય છે. વિશ્વના ગમે તે ખૂણે સર્જાતી ઘટનાની જાણ ક્ષણભરમાં સર્વત્ર ફેલાય જાય છે, ત્યારે વિશાળ દૃષ્ટિકોણથી જ તેને સ્પષ્ટ રીતે સમજવી જરૂરી છે.

### (૯) તટસ્થ દૃષ્ટિકોણ :

- શિક્ષક ન્યાયી અને તટસ્થ હોય તે જરૂરી છે. વિદ્યાર્થીઓમાં ન્યાયી રીતે તંદુરસ્ત બાબતો વિકસાવવાની છે. વર્તમાનકાળે વિશ્વમાં અનેક વાદ–વિવાદો વિકસતા રહે છે, ત્યારે તેમાં તટસ્થતા જરૂરી છે. સારું શું ? નરસું શું ? સાચી કે ખોટી બાબત અંગેનો નિર્ણય લેવાનો હોય ત્યારે વિદ્યાર્થીઓ તટસ્થ રીતે યોગ્ય નિર્ણય લઈ શકે. શિક્ષકમાં બિનહાનિકારક દૃષ્ટિકોણ હોવો જરૂરી છે. સ્પષ્ટ ભાવે યોગ્ય નિર્ણય લઈ શકે તેવી ભાવના વિદ્યાર્થીઓમાં જગાડવાની છે.
- ટૂંકમાં, માનવ જાત માટે સંવેદનશીલતા, મીઠાશ, સ્નેહ, કરુણા, હૂંફાળો અને પ્રેમાળ માનવીય અભિગમ વિકસાવવાનો દૃષ્ટિકોણ જરૂરી છે. સમગ્ર માનવજાત માટે સ્વતંત્રતા–સમાનતા–બંધુતાનો ભાવ જન્માવવાનો દૃષ્ટિકોણ.

## ૭.૯ સારાંશ : Let us sum up

- **શિક્ષકનો અર્થ :**

  T = Tactful

  E = Efficient

  A = Adorable

  C = Courteous

  H = Honest

  E = Examplary

  R = Resourceful

- **સામાજિક વિજ્ઞાનના શિક્ષકના જરૂરી લક્ષણો :**

  સ્વીકારેલાં વ્યવસાય પ્રત્યે નિષ્ઠા, વિષય વસ્તુનું જ્ઞાન, વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ, મનોવિજ્ઞાનનું જ્ઞાન, શૈક્ષણિક સાધન સામગ્રીનો ઉપયોગ કરવાનું કૌશલ્ય, શિક્ષણની વિવિધ પદ્ધતિઓનું જ્ઞાન, પ્રભાવશાળી વ્યક્તિત્વ, શિસ્તપ્રિય, જરૂરી નોંધ કરવાનું કૌશલ્ય, સમકાલીન ઘટનાઓથી પરિચિત, વ્યવહારિક જ્ઞાન, નેતાગીરીના ગુણ, પ્રારંભ કરવાની સૂઝ, આત્મવિશ્વાસ તથા અન્ય લક્ષણો

## ૭.૧૦ એકમ સ્વાધ્યાય : Unit Exercises

(૧) સામાજિક વિજ્ઞાનના શિક્ષકના લક્ષણો જણાવો.

(૨) સામાજિક વિજ્ઞાનના શિક્ષકના ગુણો જણાવો.

(૩) સામાજિક વિજ્ઞાનના શિક્ષકના દૃષ્ટિકોણ અંગે નોંધ લખો.

(૪) સામાજિક વિજ્ઞાનના શિક્ષકના કૌશલ્યો જણાવો.

(૫) સામાજિક વિજ્ઞાનના શિક્ષક તરીકે તમે તમારામાં કયાં કૌશલ્યો વિકસાવશો ?

(૬) સામાજિક વિજ્ઞાનના શિક્ષકને તાલીમ આપવાની જરૂરિયાત શા માટે છે તે જણાવો ?

(૭) સામાજિક વિજ્ઞાનના શિક્ષક વ્યવસાયનિષ્ઠ હોવો જોઈએ, શા માટે ?

(૮) સામાજિક વિજ્ઞાનના શિક્ષક પાસે આયોજન કૌશલ્ય શાથી હોવું જોઈએ તે જણાવો.

(૯) સામાજિક વિજ્ઞાનના શિક્ષક માનવીય ભાવનાનો દૃષ્ટિકોણવાળો હોવો જોઈએ, શા માટે ?

(૧૦) આપેલ વિધાનની નીચે જણાવેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.

૧) શાળામાં ભૌતિક સગવડ સારી હોવાં છતાં કોનું મહત્ત્વ રહેલું છે ?

(૧) શિક્ષકનું (૨) આચાર્યનું
(૩) વિદ્યાર્થીનું (૪) સમાજનું

૨) શિક્ષણ કાર્ય સારું કરવા માટે શિક્ષક પાસે શું હોવું જોઈએ ?

(૧) રજૂઆત (૨) લાયકાત
(૩) ભૌતિક સગવડ (૪) પાઠ્યપુસ્તક

૩) શિક્ષકમાં શું હોવું જરૂરી છે ?

(૧) આત્મવિશ્વાસ (૨) નિરાશાવાદી
(૩) આવડત (૪) વ્યાવસાયિક નિષ્ઠા

૪) શિક્ષક પાસે કઈ બાબત જરૂરી નથી ?

(૧) વ્યવહારકુશળ (૨) કાર્યકુશળ
(૩) પ્રામાણિકતા (૪) શિક્ષકનો દેખાવ

૫) શિક્ષકમાં કયો ગુણ જરૂરી છે ?

(૧) શરૂઆત કરવાની સૂઝ (૨) નિરાશાવાદીપણું
(૩) અનિયમિતતા (૪) વાલી સંપર્ક

૬) શિક્ષકને તાલીમ આપવાથી શું થાય છે ?

(૧) વ્યાવસાયિક કુશળતા (૨) વાલી સંપર્ક કરી શકે
(૩) સ્ટાફ સંપર્ક કરી શકે (૪) સમાજ સંપર્ક કરી શકે

૭) શિક્ષકના ગુણમાં નીચેનામાંથી કયો ગુણ જરૂરી નથી ?

(૧) સંશોધનકાર્યની સૂઝ (૨) અખૂટ પ્રેમ
(૩) ન્યાયપ્રિય (૪) અનિયમિતતા

- **બહુવિકલ્પ પ્રશ્નોના જવાબ :**

〈૧〉 શિક્ષકનું 〈૨〉 રજૂઆત
〈૩〉 આત્મવિશ્વાસ 〈૪〉 શિક્ષકનો દેખાવ

〈૫〉 શરૂઆત કરવાની સૂઝ 〈૬〉 વ્યાવસાયિક કુશળતા

〈૭〉 અનિયમિતતા

## ૭.૧૭ તમારી પ્રગતિ ચકાસો :

(૧) શિક્ષકનો અર્થ જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(૨) સામાજિક વિજ્ઞાનના શિક્ષકના લક્ષણો જણાવો. (કોઈ પણ ત્રણ)

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(૩) સામાજિક વિજ્ઞાનના શિક્ષકના ત્રણ ગુણ જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(૪) સામાજિક વિજ્ઞાનના શિક્ષકને તાલીમ (કોઈ પણ ત્રણ) શા માટે જરૂરી છે તે જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(૫) સામાજિક વિજ્ઞાનના શિક્ષકના કૌશલ્યો જણાવો. (કોઈ પણ ત્રણ)

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

.........................................................................

(૬) સામાજિક વિજ્ઞાનના શિક્ષકનું દષ્ટિબિંદુ જણાવો. (કોઈ પણ ત્રણ)

.........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

## ૭.૧૨ તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો : Answers to check your progress

**(૧) શિક્ષકનો અર્થ :**

- શિક્ષક એટલે પ્રેમ, પ્રસન્નતા અને પ્રકૃતિ સ્નેહની મૂર્તિ .
- વર્ગખંડમાં વિષયવસ્તુની રજૂઆત કરનાર વ્યક્તિ.

**(૨) સામાજિક વિજ્ઞાનના શિક્ષકના ત્રણ લક્ષણો :**

- સ્વીકારેલા વ્યવસાય પ્રત્યે નિષ્ઠા
- વસ્તુ વસ્તુનું જ્ઞાન
- પ્રભાવશાળી વ્યક્તિત્વ

**(૩) સામજિક વિજ્ઞાનના શિક્ષકના ત્રણ ગુણ :**

- શરૂઆત કરવાની સૂઝ
- નેતૃત્વનો ગુણ
- આત્મવિશ્વાસનો ગુણ

**(૪) સામાજિક વિજ્ઞાનના શિક્ષકની તાલીમની જરૂરિયાત :**

- વિષયવસ્તુને ઓછા શ્રમે અસરકારક રજૂઆત કરી શકે.
- વ્યાવસાયિક કુશળતા મેળવવા
- વિવિધ પદ્ધતિઓની જાણકારી મેળવવા

**(૫) સામાજિક વિજ્ઞાનના શિક્ષકના ત્રણ કૌશલ્યો :**

- શૈક્ષણિક સાધનોનું નિર્માણ કરવાનું કૌશલ્ય
- શૈક્ષણિક સાધનોના ઉપયોગનું કૌશલ્ય
- આયોજન કરવાનું કૌશલ્ય

**(૬) સામાજિક વિજ્ઞાનના શિક્ષકનું દષ્ટિબિંદુ :**

- વૈજ્ઞાનિક દષ્ટિકોણ,
- હકારાત્મક દષ્ટિકોણ,
- રાષ્ટ્રીય દષ્ટિકોણ

## ૭.૧૩ સૂચિત વાંચન સામગ્રી : Suggested Readings


૧. બારૈયા વી.વી. તથા અન્ય : અર્થશાસ્ત્ર શિક્ષણ પદ્ધતિ, પ્રતીક પ્રકાશન, આણંદ

૨. બારૈયા વી.વી. તથા અન્ય : વાણિજ્ય શિક્ષણ પદ્ધતિ, પ્રતીક પ્રકાશન, આણંદ

૩. રાવલ નટુભાઈ તથા અન્ય : સમાજવિદ્યાનું અભિનવ અધ્યાપન, નીરવ પ્રકાશન, અમદાવાદ

૪. પંડ્યા પ્રતાપરાય તથા અન્ય : સમાજવિદ્યાનું આદર્શ અધ્યાપન, વારિષેણ પ્રકાશન, અમદાવાદ

એકમ 8

# સામાજિક વિજ્ઞાન મંડળ

## : રૂપરેખા :


૮.૦ ઉદ્દેશો
૮.૧ પ્રસ્તાવના
૮.૨ સામાજિક વિજ્ઞાન મંડળની રચના
૮.૩ સામાજિક વિજ્ઞાન મંડળનું મહત્ત્વ
૮.૪ સામાજિક વિજ્ઞાન મંડળની પ્રવૃત્તિઓ
૮.૫ સામાજિક વિજ્ઞાન મંડળની અસરકારકતા માટે ધ્યાનમાં રાખવાની બાબતો
૮.૬ સામાજિક વિજ્ઞાન મંડળના હેતુઓ
૮.૭ સારાંશ
૮.૮ એકમ સ્વાધ્યાય
૮.૯ તમારી પ્રગતિ ચકાસો
૮.૧૦ તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો
૮.૧૧ સૂચિત વાંચન સામગ્રી


## ૮.૦ ઉદ્દેશો : Objectives

- આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે ...

(૧) સામાજિક વિજ્ઞાન મંડળની રચના સમજી શકશો.

(૨) સામાજિક વિજ્ઞાન મંડળનું મહત્ત્વ સમજી શકશો.

(૩) સામાજિક વિજ્ઞાન મંડળની પ્રવૃત્તિઓ સમજી શકશો.

(૪) સામાજિક વિજ્ઞાન મંડળના હેતુઓની ચર્ચા કરી શકશો.

(૫) સામાજિક વિજ્ઞાન મંડળને સફળ બનાવવા માટે ધ્યાનમાં રાખવાની બાબતો સમજી શકશો.

## ૮.૧ પ્રસ્તાવના :

- સામાજિક વિજ્ઞાનનું શિક્ષણ આધુનિક યુગમાં મહત્ત્વનું બની ગયું છે. વિજ્ઞાન અને ટેકનોલોજીના આ યુગમાં સામાજિક વિજ્ઞાનનું મહત્ત્વ દિવસે દિવસે વધતું જાય છે. માનવીના દૈનિક જીવનમાં સામાજિક વિજ્ઞાન જ્ઞાનનો ઉપયોગ કર્યા વગર ચાલે તેમ નથી. ડગલે ને પગલે સામાજિક વિજ્ઞાનના જ્ઞાનની જરૂર પડે છે.
- દા.ત. – વસ્તુની ખરીદી કરવી, તેમાં સામાજિક વિજ્ઞાનના જ્ઞાનની જરૂર પડે છે. ભાવ વધારો થયો તેમાં પણ સામાજિક વિજ્ઞાનના જ્ઞાનની જરૂર પડેછે .
- સામાજિક વિજ્ઞાનના ઝડપી વિકાસને કારણે ફક્ત સામાજિક વિજ્ઞાનનું શિક્ષણ કાર્ય વર્ગખંડમાં થઈ શકે તેમ નથી. વિદ્યાર્થીઓ વર્ગખંડની બહાર જઈ કંઈક વધારાનું જ્ઞાન પ્રાપ્ત કરે છે તે હેતુને ધ્યાનમાં રાખી સામાજિક વિજ્ઞાન મંડળ અસ્તિત્વમાં આવ્યું છે.
- વિદ્યાર્થીઓ પાસે કંઈક વિશેષ જ્ઞાન અને શક્તિ છે અને વિશેષ જ્ઞાન અને શક્તિઓ વર્ગમાં પારખવાનું કાર્ય થોડું મુશ્કેલરૂપ છે.
- સામાજિક વિજ્ઞાન મંડળ દ્વારા વિદ્યાર્થી પાસે રહેલી વિશેષ શક્તિઓ જાણી શકાય છે, તેમજ તેમની શક્તિઓનો યોગ્ય ઉપયોગ કરી શકીએ છીએ.

- વર્ગની ચાર દીવાલોમાંથી વિદ્યાર્થીઓને મુક્ત કરવો જોઈએ. આ માટે સામાજિક વિજ્ઞાન મંડળ અનિવાર્ય બાબત છે.
- સામાજિક વિજ્ઞાન મંડળનો કોઈ અભ્યાસક્રમ નક્કી કરવામાં આવેલ નથી, તેમજ ફરજિયાત પણ નથી. સ્વતંત્ર અને મુક્ત રીતે વિદ્યાર્થીઓ કાર્ય કરે છે. શિક્ષક વિદ્યાર્થીઓ કાર્ય માટે જરૂરી પ્રેરણા અને માર્ગદર્શન આપી પ્રવૃત્તિઓને વેગવંતી બનાવી શકે છે.
- સામાજિક વિજ્ઞાનનું વિશેષ જ્ઞાન મેળવવા માટે વિશ્વના ઈતિહાસકારોના ફોટા, પ્રોજેક્ટ કાર્ય, સર્વેક્ષણ વગેરે બાબતો વર્ગખંડમાં થઈ શકે તેમ નથી. આ બધી તકો પૂરી પાડવાને માટે શાળાની બહાર પ્રવૃત્તિઓ કરવા માટે સામાજિક વિજ્ઞાન મંડળ અનિવાર્ય બન્યું છે.
- શિક્ષણનો હેતુ વિદ્યાર્થીઓને સર્વાંગી વિકાસ કરવાનો છે. આ માટે વર્ગખંડમાં મળતા અધ્યયન અનુભવો ઉપરાંત વિવિધ અધ્યયન અનુભવોની તકો પૂરી પાડવામાં આવે ત્યારે ખૂટતાં કૌશલ્યોની ખોટ પૂરી શકાય. આ માટે શાળામાં વિવિધ મંડળો ચાલાવવામાં આવે છે.
- દા.ત. – વિજ્ઞાન મંડળ, ભાષા મંડળ, ગણિત મંડળ, સામાજિક વિજ્ઞાન મંડળની વિવિધ પ્રકારની કૌશલ્યલક્ષી પ્રવૃત્તિઓથી વિદ્યાર્થીઓના જ્ઞાનમાં વધારો થાય અને તેનો સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક વિકાસ શક્ય બને છે.
- સામાજિક વિજ્ઞાન મંડળની એવી પ્રવૃત્તિ છે કે વર્ગની ચાર દીવાલોમાંથી બહાર જઈ વિવિધ અનુભવો પૂરાં પાડે છે, તેના વડે વર્ગખંડોમાં તાજગી અને મોકળાશ વધે છે. સમગ્ર શૈક્ષણિક પર્યાવરણ ચેતનવંતુ અને ક્રિયાશીલ બને છે.
- શાળાના આચાર્ય તથા સામાજિક વિજ્ઞાનના શિક્ષકના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થી સભ્યો સામાજિક વિજ્ઞાન વિષયના સંદર્ભમાં વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન અને સંચાલન કરતા હોય, આવા મંડળને સામાજિક વિજ્ઞાન મંડળ કહે છે.

## ૮.૨ સામાજિક વિજ્ઞાન મંડળની રચના :

- સામાજિક વિજ્ઞાન મંડળની રચના માટે નીચેની બાબતોને ધ્યાનમાં રાખી રચના કરવામાં આવે છે :

**(૧) વર્ષની શરૂઆતમાં જાહેરાત :**

- શૈક્ષણિક વર્ષની શરૂઆત થતાં શાળાના વિદ્યાર્થીઓને સામાજિક વિજ્ઞાન મંડળમાં વિદ્યાર્થીઓ જોડાય તે માટે જાહેરાત કરવામાં આવે. રસ ધરાવતાં હોય તેવા વિદ્યાર્થીઓ મંડળમાં જોડાવા તૈયાર થાય. મંડળની વિવિધ પ્રવૃત્તિ અંગે સામાન્ય માહિતી આપવામાં આવે જેથી રસ ધરાવતાં વિદ્યાર્થીઓ મંડળમાં જોડાય.

**(૨) બંધારણ :**

– સામાજિક વિજ્ઞાનમાં રસ ધરાવતાં હોય તેવા વિદ્યાર્થીઓને મંડળના સભ્યો બનાવવામાં આવે. શાળા અને વિદ્યાર્થીઓની રુચિ હોય તે બાબત ધ્યાનમાં રાખી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. મંડળનું કાર્ય ખૂબ જ સારી રીતે થાય તે માટે બંધારણ નક્કી કરવામાં આવે છે.

- મંડળના બંધારણ વગર મંડળનું વ્યવસ્થિત સંચાલન શક્ય બનતું નથી અને તેની પ્રવૃત્તિઓ ફળદાયી બનતી નથી.
- સામાજિક વિજ્ઞાન મંડળના બંધારણમાં નીચેની બાબતોનું સ્પષ્ટતા હોવી અનિવાર્ય છે.

૧〉 મંડળનું નામ અને હેતુઓ સ્પષ્ટ હોવાં જોઈએ

૨〉 સભ્યપદ પ્રાપ્ત કરવાની શરતો

૩〉 સભ્ય સંખ્યા અને સભ્ય ફીનું ધોરણ

૪)	મંડળના હોદ્દા, ચૂંટણી પદ્ધતિ, સત્તા અને જવાબદારી સ્પષ્ટ હોવી જોઈએ.

૫)	આવકના સાધનો.

૬)	મંડળની મિટિંગની સંખ્યા, સ્થળ અને સમય

૭)	મંડળ દ્વારા કરવાની પ્રવૃત્તિઓ

૮)	સભ્ય માટે બરતરફ માટેના નિયમો

- ઉપરની માહિતી ધ્યાનમાં લઈ મંડળ ઊભું કરવામાં આવે, શાળા તરફથી કઈ કઈ સવલતો મળશે તેમજ આચાર્ય અને શિક્ષકની સત્તા પણ સ્પષ્ટ કરવી.
- શાળાની પરિસ્થિતિને ધ્યાનમાં રાખી સામાજિક વિજ્ઞાન મંડળનું બંધારણ અને પ્રવૃત્તિઓનો વિચાર કરવો જરૂરી છે.
- મંડળમાં વિદ્યાર્થીઓ કેન્દ્ર સ્થાને રહે, તેમજ મંડળનું સંચાલન લોકશાહી ઢબે થાય તે જોવું જોઈએ.
- મંડળના વિદ્યાર્થીઓમાંથી પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી, સહમંત્રી, ખજાનચી, વગેરે હોદ્દાઓ નક્કી કરી દરેકની જવાબદારી નક્કી કરી દેવી જોઈએ.

(૩)	**સભ્ય નોંધણી :**

- બંધારણ ઘડતર અને જાહેરાત થયા પછી રસ ધરાવતા વિદ્યાર્થીઓની સભ્ય નોંધણી કરવામાં આવે. દરેક વર્ગનું પ્રતિનિધિત્વ જળવાય, છોકરા–છોકરીઓનું પ્રમાણ જળવાય તે ધ્યાનમાં રાખી સભ્ય નોંધણી કરવી જોઈએ. સભ્ય નોંધણી પ્રમાણે નામની યાદી તૈયાર કરવામાં આવે.

(૪)	**કારોબારી મંડળની નિમણૂંકઃ**

- મંડળના અધ્યક્ષ તરીકે શાળાના આચાર્ય હોદ્દાની રૂએ રહે છે. જ્યારે ઉપાધ્યાક્ષ તરીકે સામાજિક વિજ્ઞાનના શિક્ષકોમાંથી કોઈ એક શિક્ષકની નિમણૂંક કરવામાં આવે છે. ત્યારબાદ બનાવેલ યાદીમાંથી પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી, સહમંત્રી, ખજાનચી, ગ્રંથપાલ, સ્ટોરકીપર વગેરેની નિમણૂંક લોકશાહી ઢબે ચૂંટણી કરીને કરવામાં આવે છે. વધુ રસ ધરાવતાં વિદ્યાર્થીઓમાંથી કારોબારી મંડળમાં સામેલ કરવામાં આવે છે.

(૫)	**વિવિધ સમિતિઓની રચના :**

- કારોબારી મંડળની રચના કાર્ય પછી બધા જ સભ્યોને એક કે બીજી પ્રવૃત્તિઓમાં સામેલ થવાની તક મળી રહે તે હેતુની વિવિધ સમિતિઓની રચના કરવામાં આવે છે. નીચેના જેવી કેટલીક સમિતિઓની રચના કરી શકાય :

૧) સાંસ્કૃતિક કાર્યક્રમ સમિતિ	૨) પ્રદર્શન સમિતિ

૩) સ્પર્ધા સમિતિ	૪) પ્રવાસ–પર્યટન સમિતિ

૫) સાધન નિર્માણ સમિતિ	૬) પુસ્તકાલય સમિતિ

૭) પત્ર મૈત્રી સમિતિ

૮) વિશિષ્ટ દિન ઉજવણી સમિતિ

૯) પ્રાકૃતિક દર્શન સમિતિ

૧૦) ભીંતપત્ર અને અંક સમિતિ

૧૧) પ્રોજેક્ટ સમિતિ

૧૨) બુલેટિન બોર્ડ સમિતિ

૧૩) પ્રાર્થના સભા સમિતિ

૧૪) સહકારી ભંડારને લગતી સમિતિ

૧૫) પ્રવચન શ્રેણી સમિતિ

- શાળાની સામાજિક પરિસ્થિતિ ધ્યાનમાં રાખી મંડળમાં બંધારણ અને કાર્ય રીતિનો વિચાર કરવો ઘટે. આ મંડળમાં વિદ્યાર્થી સભ્યો કેન્દ્ર સ્થાને હોય અને મંડળનો વહીવટ લોકશાહી રીતિઓથી થાય તે જરૂરી છે.

## ૮.૩ સામાજિક વિજ્ઞાન મંડળનું મહત્ત્વ : (Importance of Social Science)

- સામાજિક વિજ્ઞાન મંડળનું મહત્ત્વ નીચે પ્રમાણે જણાવી શકાય :

**(૧) મૌખિક પ્રવૃત્તિઓ કરવા :**

- સામાજિક વિજ્ઞાન મંડળ દ્વારા પ્રશ્નપેટી, પ્રવચન શ્રેણી, સંદર્ભ વાંચન વગેરે કરાવવામાં આવે છે, જેથી વિદ્યાર્થીઓમાં સામાજિક વિજ્ઞાનમાં રસ લેતા કરી શકાય.

**(૨) દશ્ય–શ્રાવ્ય સાધનોનો ઉપયોગ કરવા :**

- સામાજિક વિજ્ઞાન મંડળ દ્વારા દશ્ય–શ્રાવ્ય સાધનોનો ઉપયોગ સરળ બનાવવા માટે ઉપયોગી છે.
- મંડળની પ્રવૃત્તિ દ્વારા દશ્ય–શ્રાવ્ય સાધનોનો ઉપયોગ અને ઓળખ કરાવવા માટે જરૂરી છે.

**(૩) સર્જનાત્મક પ્રવૃત્તિઓ કરવા :**

- વિદ્યાર્થીઓ પાસે જે વિશિષ્ટ શક્તિઓ પડેલી છે, તે શક્તિઓને બહાર લાવવા માટે મંડળ દ્વારા સર્જનાત્મક પ્રવૃત્તિઓ થઈ શકે તે માટે જરૂરી છે.

**(૪) લેખન અંગેની પ્રવૃત્તિઓ કરવા :**

- મંડળ દ્વારા સામાજિક વિજ્ઞાનના અભ્યાસક્રમને ધ્યાનમાં રાખી માહિતી ભેગી કરવાનું કાર્ય સોંપી શકાય.
- ભેગી કરેલી માહિતી લેખન સ્વરૂપમાં તૈયાર કરાવી શકાય.

**(૫) પ્રદર્શન અંગેની પ્રવૃત્તિઓ કરવા :**

- સામાજિક વિજ્ઞાનને ધ્યાનમાં રાખી વિદ્યાર્થીઓએ જે પ્રવૃત્તિઓ કરેલ હોય, તેની માહિતી પ્રદર્શન પર તૈયાર કરી મૂકવાં માટે જરૂરી છે.

**(૬) બુલેટિન બોર્ડની પ્રવૃત્તિઓમાં રસ લેતા કરવા :**

- સામાજિક વિજ્ઞાન મંડળ દ્વારા બુલેટિન બોર્ડમાં મૂકી શકાય તેવી માહિતી તૈયાર કરવામાં આવે. મંડળના સભ્યોને બુલેટિન બોર્ડની પ્રવૃત્તિઓમાં રસ લેતા કરવા જરૂરી છે.

**(૭) પ્રવાસની પ્રવૃત્તિઓમાં રસ લેતા કરવા :**

- મંડળ દ્વારા પ્રવાસનું આયોજન થઈ શકે, પ્રવાસમાં ગયેલાની માહિતી મૂકવાં, માહિતી પેપરમાં આપે, બુલેટિન બોર્ડ પર મૂકે વગેરે માટે મંડળ જરૂરી છે.

**(૮) આલ્બમ તૈયાર કરવાની પ્રવૃત્તિમાં રસ લેતા કરવા :**

- આલ્બમને લગતી પ્રવૃત્તિ કરવા માટે સામાજિક વિજ્ઞાન મંડળ ઊભું કરવું જરૂરી છે. સામાજિક વિજ્ઞાનને લગતી માહિતી ભેગી કરી આલ્બમ બનાવવા માટે મંડળ જરૂરી છે.

**(૯) સ્કેચબુકને લગતી પ્રવૃત્તિઓમાં રસ લેતા કરવા :**

– મંડળ દ્વારા અભ્યાસક્રમને ધ્યાનમાં રાખી સ્કેચબુકને લગતી પ્રવૃત્તિ કરવા માટે મંડળ ઊભું કરવું જરૂરી છે.

**(૧૦) શાળાને લગતી પ્રવૃત્તિમાં રસ લેતા કરવા :**

- સામાજિક વિજ્ઞાન મંડળ ઊભું કરેલ હોય તો મંડળ દ્વારા કેટલીક પ્રવૃત્તિઓ થઈ શકે.
- ઉદ્યોગપતિઓની જન્મ જયંતિની ઉજવણી કરવી, પ્રાર્થના સભામાં માહિતી આપવી, બુલેટિન બોર્ડ, સમાચાર, પ્રવાસ સર્વે વગેરે.

**(૧૧) પ્રાર્થના સભાની પ્રવૃત્તિમાં રસ લેતા કરવા :**

- મંડળ દ્વારા વિદ્યાર્થીઓ પાસે પ્રાર્થના સભાની કેટલીક પ્રવૃત્તિ કરાવવા માટે રસ લેતા કરવા માટે સામાજિક વિજ્ઞાન મંડળ જરૂરી છે.

**(૧૨) વિદ્યાર્થીઓની વિશિષ્ટ શક્તિઓ બહાર લાવવા :**

- વિદ્યાથીઓ પાસે વિશિષ્ટ શક્તિઓ પડેલી છે. આ વિશિષ્ટ શક્તિઓ બહાર લાવવી જરૂરી છે. મંડળ દ્વારા વિવિધ પ્રવૃત્તિઓના આયોજન દ્વારા વિદ્યાર્થીઓની વિશિષ્ટ શક્તિઓ બહાર લાવવા જરૂરી છે.

**(૧૩) લઘુતાગ્રંથિ દૂર કરવા :**

– મંડળ દ્વારા વિદ્યાર્થીઓને વિવિધ પ્રવૃત્તિઓમાં જવાબદારી આપીને લઘુતાગ્રંથિ દૂર કરાવી શકાય.

**(૧૪) શ્રમ પ્રત્યે રસ પેદા કરવા :**

– મંડળની વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરીને વિદ્યાર્થીઓમાં શ્રમ પ્રત્યે રસ પેદા કરતા કરાવી શકાય.

**(૧૫) વિદ્યાર્થીઓમાં શોખની પ્રવૃત્તિઓ વિકસાવવા :**

- મંડળ દ્વારા જુદાં જુદાં વિદ્યાર્થીઓનો કયા ક્ષેત્રમાં રસ છે. રસ પ્રમાણે, પ્રવૃત્તિઓનું આયોજન કરી, રસ પ્રમાણે વિદ્યાર્થીઓને જવાબદારી આપીને શોખની પ્રવૃત્તિઓ વિકસાવી શકાય.

**(૧૬) ફૂરસદના સમયનોયોગ્ય ઉપયોગ કરવા :**

- વિદ્યાર્થીઓ નવરાશનો સમય રચનાત્મક કાર્ય પાછળ ગાળે તે મહત્ત્વનું છે. મંડળની જવાબદારી આપી, નવરાશના સમયનો ઉપયોગ કરવો જરૂરી છે.

**(૧૭) સમાજની સમસ્યાઓથી પરિચિત કરવા :**

- સમાજમાં વિવિધ સમસ્યાઓ જોવા મળે છે, તેનાથી પરિચિત થાય, તેમજ સમસ્યાના ઉકેલ માટે પોતાનો ફાળો આપતો થાય તે માટે જરૂરી છે.

**(૧૮) પર્યાવરણ અંગે સભાનતા લાવવાઃ**

★ પર્યાવરણનું જતન કરવું જરૂરી છે. આજે વૃક્ષોનું નિકંદન થઈ રહ્યું છે. નવા વૃક્ષો ઉગાડવામાં આવતા નથી. આ બાબત અંગે વિદ્યાર્થીઓ સભાન બને તે જરૂરી છે. પર્યાવરણનું રક્ષણ માટે, વૃક્ષારોપણમાં પોતાનો ફાળો આપે.

**(૧૯) સારા નાગરિકનું ઘડતર કરવા :**

★ લોકશાહી દેશમાં સારા નાગરિકનું ઘડતર થાય તે જરૂરી છે. વિદ્યાર્થી અભ્યાસક્રમ પૂરો કરીને સારો નાગરિક બને તે જરૂરી છે. કુટુંબની જવાબદારી, રાષ્ટ્ર પ્રત્યે રાષ્ટ્રીય પ્રેમ વધે વગેરે બાબતો નાગરિકના ઘડતર કરવા માટે જરૂરી છે.

**(૨૦) સ્વ અધ્યયન કરતો થાયઃ**

– અધ્યેતા શોધ, તપાસ કે ખોજ અભિગમનો ઉપયોગ કરી સ્વ અધ્યયન કરતો થાય તે જરૂરી છે. સ્વ-અધ્યયનમાં રસ લેતો થાય તે જરૂરી છે.

**(૨૧) વ્યક્તિગત તફાવતો સંતોષવા :**

★ સામાજિક વિજ્ઞાન દ્વારા વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરી, તેમાં જે વિદ્યાર્થીઓને જે પ્રવૃત્તિમાં રસ હોય તે પ્રવૃત્તિમાં જોડાય, ભાગ લે છે. વિદ્યાર્થી પ્રવૃત્તિમાં જોડાઈને પોતાના વ્યક્તિગત તફાવતોને સંતોષી શકે છે.

**(૨૨) રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ભાવના જગાડવાઃ**

★ સામાજિક વિજ્ઞાન મંડળની વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા રાષ્ટ્ર અને વિશ્વની પ્રજાઓ માટે આદર, સમભાવ વિકસાવે છે. પત્ર મૈત્રી દ્વારા રાષ્ટ્ર અને વિશ્વના સાંસ્કૃતિક વારસાથી પરિચિત કરી તેનું જતન સંવર્ધન કરવા પ્રેરે છે. રાષ્ટ્ર અને વિશ્વ પ્રેમ જગાડીને એકબીજા પ્રત્યે પ્રેમની ભાવના જગાડી શકાય.

**(૨૩) વિદ્યાર્થી કેન્દ્રી શિક્ષણ બનાવવા :**

વર્તમાન સમયમાં શિક્ષણનો એક સ્વ અધ્યયન તરફ વળી રહ્યો છે. વર્તમાન શિક્ષણમાં ખોજ, તપાસ, શોધ અભિગમનું મહત્ત્વ સ્વીકારાયું છે. સામાજિક વિજ્ઞાન મંડળ આ પ્રકારના અભિગમને વિવિધ પ્રવૃત્તિઓના આયોજન દ્વારા અનુકૂળતા કરી આપે છે અને શિક્ષણ પ્રક્રિયાને વિદ્યાર્થી કેન્દ્રી બનાવી શકાય.

આમ, શાળા પોતાની અનુકૂળતા પ્રમાણે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરીને શિક્ષણ કાર્ય વધુ રસવંતુ, પ્રવૃત્તિશીલ, ક્રિયાશીલ, રચનાત્મક, જીવંત વગેરે બનાવી શકાય છે.

વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ કરવામાં આવી પ્રવૃત્તિઓ વિશેષ ફાળો આપે છે. સમગ્ર શાળાના શૈક્ષણિક પર્યાવરણને ચેતનવંતુ બનાવે છે.

★ આમ, સામાજિક વિજ્ઞાન મંડળ વિદ્યાર્થીઓના વ્યક્તિત્વનો સમતોલ વિકાસ સાધવાની પ્રયોગશાળા બની રહેવાનું કાર્ય કરે છે.

## ૮.૪ સામાજિક વિજ્ઞાન મંડળની પ્રવૃત્તિઓ :

★ સામાજિક વિજ્ઞાન મંડળની પ્રવૃત્તિઓની યાદી તૈયાર કરવામાં આવે તો ખૂબ જ લાંબી બની જાય, મંડળનો સાચો આત્મા તેમની પ્રવૃત્તિઓ છે. સામાજિક વિજ્ઞાન મંડળના શિક્ષક કેટલા સક્રિય પ્રવૃત્તિશીલ છે તેના પર પ્રવૃત્તિઓ આધારિત છે. શાળાને ધ્યાનમાં રાખી, શાળા દ્વારા કઈ કઈ પ્રવૃત્તિઓ થઈ શકે. શિક્ષક નીચેના જેવી કેટલીક પ્રવૃત્તિઓ કરી શકે.

★ મંડળની પ્રવૃત્તિઓ દિશા સૂચન માટેની યાદી નીચે મુજબ છે :

(૧) મૌખિક પ્રવૃત્તિઓ :

૧〉 પ્રશ્નપેટી :

* સામાજિક વિજ્ઞાન મંડળના વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાનને લગતાં પ્રશ્નો તૈયાર કરી પ્રશ્ન પેટીમાં મૂકી પંદર દિવસે શાળા સભા સમક્ષ પ્રશ્નોના તૈયાર કરેલ ઉત્તર મંડળના સભ્યો કે શિક્ષક આપે. પ્રશ્નો વિવિધ પ્રકારના પૂછી શકાય.

૨〉 પ્રવચન શ્રેણી :

★ સામાજિક વિજ્ઞાનમાં ઉપયોગી, થાય તેવા પ્રવચનો ગોઠવી શકાય. આ પ્રવચન વિદ્યાર્થીઓ દ્વારા,શિક્ષક દ્વારા, બહારનાં નિષ્ણાંતો દ્વારા ગોઠવી શકાય. દા.ત. – ભારતની બેકારી, આપત્તિ વ્યવસ્થાપન

૩〉 સંદર્ભ વાંચન :

★ સંદર્ભ પુસ્તકો, સામયિકો, મેગેઝિન, દૈનિક વર્તમાન પત્રો વગેરેમાંથી જરૂર વાંચન શિક્ષકો અને વિદ્યાર્થીઓ કરે, વાંચન અંગેની ભેગી કરેલી માહિતી પ્રાર્થના સભામાં રજૂ કરી શકાય

(૨) **દશ્ય–શ્રાવ્ય પ્રવૃત્તિઓ :**

★ દશ્ય–શ્રાવ્યને લગતી કેટલીક પ્રવૃત્તિઓ હાથ ધરી શકાય. દા.ત. – ફિલ્મ શો બતાવવો – ઉદ્યોગને લગતો, બેંક, ભારતની ખેતી, પશુધન વગેરે.

૧) વાર્તાલાપ :

★ શાળાકીય કાર્યક્રમોમાંથી પસંદ કરી વાર્તાલાપ સંભળાવી શકાય. ટેપરેકોર્ડર પર માહિતી વિદ્યાર્થીઓને સંભળાવી શકાય. ટી.વી.માં આવતાં કાર્યક્રમો રજૂ કરી શકાય, કોઈ નિષ્ણાંતનું પ્રવચન ટેપ કરેલા હોય તો તે સંભળાવી શકાય. જરૂરી ચાર્ટ દ્વારા સમજૂતી આપી શકાય.

(૩) **સર્જનાત્મક પ્રવૃત્તિઓ :**

★ સામાજિક વિજ્ઞાનમાં ઉપયોગી માહિતી ભેગી કરે, સાધનો ગોઠવે, ભેગા કરે, ચાર્ટ તૈયાર કરે, લેખ તૈયાર કરે વગેરે.

★ જુદાં જુદાં સંદર્ભ સ્થાનમાંથી માહિતીનું એકત્રીકરણ કરે.

★ જુદાં જુદાં સંદર્ભમાંથી કટિંગ કરે, સરખામણી કરે.

★ જુદાં જુદાં ઈતિહાસકારોનું આલ્બમ તૈયાર કરે.

★ વર્તમાન પેપર કે મેગેઝીનમાંથી કટિંગ કરી અંક તૈયાર કરે.

(૪) **લેખન પ્રવૃત્તિઓ :**

★ સામાજિક વિજ્ઞાન પ્રવૃત્તિઓનો અંક તૈયાર કરે.

★ માહિતી ચિત્રો સાથે તૈયાર કરે.

★ ઉદ્યોગપતિઓના તેમજ દેશનેતાના જીવન વિષે ફોટા સાથે માહિતી મૂકે. દા.ત. – ધીરૂભાઈ અંબાણી, ગાંધીજી, સરદાર પટેલ

★ સામાજિક વિજ્ઞાનાન સમસ્યારૂપ પ્રશ્નો અને તેનો ઉકેલ

★ શાળાના વાર્ષિક અંકમાં સામાજિક વિજ્ઞાન મંડળની પ્રવૃત્તિઓનો વિભાગ અલગ રાખવો.

★ ફક્ત લેખિત અંક તૈયાર કરવો.

(૫) **પ્રદર્શનને લગતી પ્રવૃત્તિઓ :**

★ સામાજિક વિજ્ઞાનમાં ઉપયોગી ભેગી કરેલી તેમજ તૈયાર કરેલ માહિતીનું પ્રદર્શન ભરવું.

★ સામાજિક વિજ્ઞાનને લગતાં નવા પુસ્તકો મૂકવાં.

★ નવા સામયિકો મૂકવાં.

★ મેગેઝિન, સાધનો, ચાર્ટ તૈયાર કરેલ સાધનો વગેરે મૂકવાં.

★ દૈનિક સમાચારમાં આવેલી સામાજિક વિજ્ઞાનને લગતી માહિતી મૂકવી. લખીને કે કાપલીઓ મૂકી શકાય.

★ પ્રશ્નપેટીમાં પૂછાયેલ શ્રેષ્ઠ પ્રશ્નોના ઉત્તરો મૂકવાં.

★ ઈતિહાસકારોના ફોટાઓ, તેમનું જીવન દર્શન, કરેલ કાર્યની રૂપરેખા.

★ સામાજિક વિજ્ઞાન મંડળની માહિતી અને પ્રવૃત્તિઓ

★ સામાજિક વિજ્ઞાન મંડળ દ્વારા કરેલ પ્રવાસ, મુલાકાત વગેરે.

(૬) **બુલેટિન બોર્ડને લગતી પ્રવૃત્તિઓ :**

★ સામાજિક વિજ્ઞાનમાં ઉપયોગી માહિતી બુલેટિન બોર્ડ પર મૂકવી જોઈએ. દૈનિક વર્તમાન પેપરમાંથી સમાચાર મૂકવાં કે લખવાં.

★ પ્રવાસ, મુલાકાત, નવા પુસ્તકો, મંડળની માહિતી તૈયાર કરી બુલેટિન બોર્ડ પર મૂકવી.

★ મંડળની પ્રવૃત્તિઓના ફોટાઓ બુલેટિન બોર્ડ પર મૂકવાં.

★ સામાજિક વિજ્ઞાનને લગતા પ્રોજેક્ટની માહિતી મૂકવી.

(૭) **પ્રવાસને લગતી પ્રવૃત્તિઓ :**

★ સામાજિક વિજ્ઞાને ઉપયોગી પ્રવાસ ગોઠવવો.

★ પ્રવાસ દરમિયાન મેળવેલ માહિતી બુલેટિન બોર્ડ પર મૂકી શકાય.

★ પ્રાર્થના સભામાં પ્રવાસને લગતી માહિતી રજૂ કરી શકાય.

★ પ્રવાસને લગતો હસ્તલિખિત અંક તૈયાર કરી શકાય.

(૮) **આલ્બમ તૈયાર કરવાને લગતી પ્રવૃત્તિઓ :**

● સામાજિક વિજ્ઞાનમાં ઉપયોગી આલ્બમ તૈયાર કરવાને લગતી પ્રવૃત્તિઓ આપી શકાય.

● સામાજિક વિજ્ઞાનના હેતુઓમાં રસ, વલણ અને અભિરૂચિ એ ત્રણ હેતુઓની સિદ્ધિ માટે આલ્બમ મહત્ત્વનું ઉપકરણ છે.

● દેશ અને દુનિયાના સમાજ શાસ્ત્રીઓ નોબલ પારિતોષિક વિજેતા વગેરેને માહિતીનો આલ્બમ તૈયાર કરે.

● મેગેજિન, વર્તમાન પેપર વગેરેમાંથી માહિતીનું એકત્રીકરણ કરી એકમ દીઠ આલ્બમ તૈયાર કરે.

(૯) **શાળાને લગતી પ્રવૃત્તિઓ :**

★ સામાજિક વિજ્ઞાનને ધ્યાનમાં રાખી શાળાને લગતી કેટલીક પ્રવૃત્તિઓ થઈ શકે.

★ ઉદ્યોગપતિનું પ્રવચન ગોઠવી શકાય.

★ સામાજિક વિજ્ઞાનના નિષ્ણાંતોના પ્રવચનો ગોઠવી શકાય.

★ ભેગી કરેલી માહિતી બુલેટિન બોર્ડ પર મૂકી શકાય.

★ દૈનિક પેપરમાંથી સમાચાર પ્રાર્થના સભામાં રજૂ કરી શકાય, બુલેટિન બોર્ડ પર મૂકી શકાય.

★ દૈનિક પેપરમાંથી ભેગા કરેલાં સમાચાર બુલેટિન બોર્ડ પર લખવાંમાં આવે.

★ પ્રાર્થના સભામાં, અંદાજપત્ર, પંચવર્ષીય યોજના વગેરેની માહિતી રજૂ કરી શકાય . ગાંધીજી, સરદાર પટેલ વગેરે.

(૧૦) **અર્થઘટન કરવાનું કૌશલ્ય :**

★ સામાજિક વિજ્ઞાન મંડળ દ્વારા થયેલ પ્રવૃત્તિઓ પ્રાર્થના સભામાં રજૂ કરી શકાય.

★ પ્રવાસ, મુલાકાતની માહિતી આપી શકાય.

★ સમાચારનું વાંચન કરી શકાય.

★ અન્ય મંડળની પ્રવૃત્તિઓના સમાચાર રજૂ કરી શકાય.

(૧૧) **સ્ક્રેપ બુક તૈયાર કરવી :**

★ સામાજિક વિજ્ઞાન વિષય માનવ જીવન સાથે સંકળયાયેલ છે, તેની આર્થિક બાબતો વિશેનો અભ્યાસ કરી સ્કેચ બુકમાં મૂકી શકાય.

★ સામાજિક વિજ્ઞાનને લગતી માહિતી–મેગેઝિન, વર્તમાન પેપર વગેરેમાંથી ભેગી કરી મૂકી શકાય.

★ દા.ત. : બજેટ, આર્થિક નીતિ, ઉદ્યોગ નીતિ, વિદેશ વેપાર વગેરે.

★ વસ્તી વિષયક આંકડાઓ, પંચવર્ષીય યોજનાઓ, ઉદ્યોગો, વસ્તી, બેકારી, ઉત્પાદન, વિકાસદર, ખેતી વગેરે.

★ સ્ક્રેપબુક વર્ષ પ્રમાણે બનાવી શકાય, તેમાં નવી નવી છેલ્લામાં છેલ્લી બાબતો ઉમેરાતી જાય.

★ સ્ક્રેપબુક તૈયાર કરવાથી વિદ્યાર્થીઓને વાંચનમાં રસ લેતા કરી શકાય. કટિંગ્સ, વર્ગીકરણ, સંગ્રહ સાચવણી, ફાઈલિંગ વગેરેની તાલીમ મળે છે.

**(૧૨) વિશિષ્ટ દિવસોની ઉજવણી :**

★ શાળામાં વિશિષ્ટ દિવસોની ઉજવણી કરવામાં આવે. દા.ત. – ૧૫ મી ઓગષ્ટ, ૨૬ મી જાન્યુઆરી, શાળા સ્થાપના દિવસ, નવરાત્રિ, રક્ષાબંધન, જન્માષ્ટમી, સરદાર પટેલ નિર્વાણ દિન, ગાંધીજી નિર્વાણ દિન, ઈદ, રમજાન, નાતાલ, વૃક્ષારોપણ, વિશ્વ પર્યાવરણ દિન, વન સપ્તાહ, પ્રાણી સુરક્ષા સપ્તાહ વગેરે.

**(૧૩) સામાજિક સેવા કાર્યો :**

★ કુદરતી આફતોના સમયમાં સામાજિક સેવાનાં કાર્યો હાથ ધરવામાં આવે છે. પૂર, ભૂકંપ જેવા સમયે ફૂડ પેકેટ તૈયાર કરવામાં આવે. વિદ્યાર્થીઓ દ્વારા પેકેટનું વિતરણ કરવામાં આવે.

★ શાળા પોતાની પરિસ્થિતિ અને અનુકૂળતા પ્રમાણે પ્રવૃત્તિઓનું આયોજન કરી, વિદ્યાર્થીઓમાં સામાજિક વિજ્ઞાન તરફ રસ લેતા કરી શકાય. વિદ્યાર્થીઓ સારું કાર્ય કરે તો તેને પ્રેરણા પૂરી પાડવી જોઈએ. આ ઉપરાંત

– સાધનનું નિર્માણ કરવાની પ્રવૃત્તિ

– ગ્રાહક સુરક્ષા, દેશપ્રેમ ગીત સ્પર્ધા, દેશ–વિદેશના સિક્કાઓ, ટપાલ ટિકિટો એકઠી કરવી, ઉષ્ણાતામાન, હવાનું દબાણ, ભેજનું પ્રમાણ અને વરસાદનું પ્રમાણ જાણવા વપરાતાં સાદા યાંત્રિક સાધનો વાપરતાં શીખવવું.

## ૮.૫ સામાજિક વિજ્ઞાન મંડળની અસરકારકતા માટે ધ્યાનમાં રાખવાની બાબતો :

★ સામાજિક વિજ્ઞાન મંડળની પ્રવૃત્તિઓ અસરકારક બને તે માટે નીચેની કેટલીક બાબતો ધ્યાનમાં રાખી કાર્ય કરાવી શકાય.

(૧) શાળાના આચાર્યનું પ્રોત્સાહન મંડળની સક્રિયતા વધારનાર મહત્ત્વનું પરિબળ છે.

(૨) શિક્ષકની સક્રિયતા તેમજ જરૂરી માર્ગદર્શન ક્રિયાશીલતા માટે જરૂરી છે.

(૩) મંડળની વિવિધ પ્રવૃત્તિ માટે લોકશાહી યુક્ત વાતાવરણ હોવું જોઈએ. લોકશાહી વ્યવહાર કરવો.

(૪) આર્થિક સહાય મળી રહે તે માટે પ્રયત્નો કરવા જેથી પ્રવૃત્તિઓ કરવા ખર્ચને પહોંચી શકાય.

(૫) શાળામાં વિવિધ પ્રવૃત્તિઓ કરવા માટે સાધન સામગ્રીમાં સામાજિક વિજ્ઞાનનો શિક્ષક કુશળ આવડતવાળો, વિવિધ કૌશલ્ય ધરાવતો હોવો જોઈએ.

(૬) શાળામાં સામાજિક વિજ્ઞાનનો શિક્ષક કુશળ આવડતવાળો, વિવિધ કૌશલ્ય ધરાવતો હોવો જોઈએ.

(૭) પ્રવૃત્તિઓમાં સારું કાર્ય કરનાર વિદ્યાર્થીઓનું જાહેરમાં સન્માન કરવું, તેમજ પ્રવૃત્તિ માટે સર્ટિફિકેટ આપવાં.

(૮) મંડળની પ્રવૃત્તિઓના વિકાસમાં વિદ્યાર્થીઓની ભાગીદારી વધારવી.

## ૮.૬ સામાજિક વિજ્ઞાન મંડળના હેતુઓ :

★ સામાજિક વિજ્ઞાન મંડળના હેતુઓ આ પ્રમાણે હોવાં જોઈએ :

(૧) વિદ્યાર્થીઓને સામાજિક વિજ્ઞાન મંડળમાં રસ લેતા કરવા.

(૨) વિદ્યાર્થીઓને સામાજિક વિજ્ઞાન મંડળના ક્ષેત્રમાં થતા કાર્યોથી પરિચિત કરવા.

(૩) વિદ્યાર્થીઓને સામાજિક વિજ્ઞાન મંડળની શોખની પ્રવૃત્તિઓ વિકસાવવી.

(૪) સામાજિક વિજ્ઞાનના હોંશિયાર વિદ્યાર્થીઓને શોધી કાઢવા અને તેમના વિકાસ માટેની પ્રવૃત્તિઓ હાથ ધરવી.

(૫) વિદ્યાર્થીઓને સામાજિક વિજ્ઞાનનો વ્યવહારિક જીવનમાં ઉપયોગ કરતાં થાય.

(૬) વિદ્યાર્થીઓ પોતાની શક્તિને ધ્યાનમાં રાખી વ્યવસાય પસંદ કરી શકે.

(૭) વિદ્યાર્થીઓ પોતાની જવાબદારી સમજી શકે.

(૮) વિદ્યાર્થીઓ પોતાના નવરાશના સમયનો યોગ્ય ઉપયોગ કરતાં થાય.

(૯) વિદ્યાર્થીઓ પોતાની શક્તિ સર્જનાત્મક માર્ગે વાળે તે તરફ ધ્યાન ખેંચવા.

(૧૦) વિદ્યાર્થીઓમાં આત્મ વિશ્વાસનો વધારો કરવા.

(૧૧) વિદ્યાર્થીઓમાં લઘુતાગ્રંથિ દૂર કરવા તેમજ રજૂઆત કરતાં થાય.

(૧૨) વિદ્યાર્થીઓપોતાના સંસારિક જીવનમાં સામાજિક વિજ્ઞાનના જ્ઞાન પ્રમાણે જીવન જીવે તે પ્રમાણે વિચાર કરતાં થાય.

(૧૩) શૈક્ષણિક સાધનોનું નિર્માણ કરે.

(૧૪) જૂથ કાર્યમાં સહકાર આપે.

(૧૫) ઉમદા વિશ્વ નાગરિક બને.

(૧૬) રાષ્ટ્રની સંપત્તિનું જતન કરે.

(૧૭) માનવ અધિકારોથી પરિચિત થાય અને તેનો આદર કરે.

(૧૮) રાષ્ટ્રના સાંસ્કૃતિક વારસાનું જતન કરતાં શીખે.

(૧૯) શાળાનું પર્યાવરણ પ્રવૃત્તિઓથી જીવંત બનાવે.

(૨૦) રાષ્ટ્રના વિકાસ કાર્યોમાં સહભાગી બને.

## ૮.૭ સારાંશ : Let us sum up

★ **સામાજિક વિજ્ઞાન મંડળની રચના :**

- વર્ષની શરૂઆતમાં જાહેરાત, બંધારણ, સભ્ય નોંધણી, કારોબારી મંડળની નિમણૂંક, વિવિધ સમિતિઓની રચના
- **સામાજિક વિજ્ઞાન મંડળની પ્રવૃત્તિઓ :**
- મૌખિક પ્રવૃત્તિઓ, દૃશ્ય–શ્રાવ્ય પ્રવૃત્તિઓ, સર્જનાત્મક પ્રવૃત્તિઓ, લેખન પ્રવૃત્તિઓ, પ્રદર્શનને લગતી પ્રવૃત્તિઓ, બુલેટિન બોર્ડને લગતી પ્રવૃત્તિઓ, પ્રવાસને લગતી પ્રવૃત્તિઓ, આલ્બમ તૈયાર કરવાને લગતી પ્રવૃત્તિઓ, શાળાને લગતી પ્રવૃત્તિઓ, અર્થઘટન કરવાનું કૌશલ્ય, સ્ક્રેપબુક તૈયાર કરવી, વિશિષ્ટ દિવસોની ઉજવણી, સામાજિક સેવા કાર્યો વગેરે.
- સામાજિક વિજ્ઞાન મંડળ ચોક્કસ હેતુઓ ધ્યાનમાં રાખી ગોઠવવામાં આવે છે. હેતુ સ્પષ્ટ હોય તો જ મંડળ દ્વારા સારા કાર્યો કરી શકાય, તેમજ વિદ્યાર્થીઓ પણ સારા કાર્યો કરી શકે તે માટે વિવિધ પ્રવૃત્તિઓ ગોઠવીને સર્વાંગી વિકાસ થઈ શકે. આ માટે શિક્ષક સક્રિય હોવો જોઈએ, તો જ મંડળ દ્વારા પ્રવૃત્તિઓનું આયોજન થઈ શકે.

## ૮.૮ એકમ સ્વાધ્યાય : Unit Exercises

(૧) સામાજિક વિજ્ઞાન મંડળની રચના કઈ રીતે કરવામાં આવે છે તે જણાવો.

(૨) સામાજિક વિજ્ઞાન મંડળનું મહત્ત્વ જણાવો.

(૩) સામાજિક વિજ્ઞાન મંડળની વિવિધ પ્રવૃત્તિઓ કઈ કઈ છે તે જણાવો.

(૪) સામાજિક વિજ્ઞાન મંડળની અસરકારકતા માટે કઈકઈ બાબતો ધ્યાનમાં રાખશો તે જણાવો.

(૫) અ)પેલ વિધાનની નીચે જણાવેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.

૧) સામાજિક વિજ્ઞાન મંડળમાં કોનું મહત્ત્વ વધારે હોય છે ?

(૧) વિદ્યાર્થીઓનું (૨) શિક્ષકનું

(૩) આચાર્યનું (૪) સમાજનું

૨) વિદ્યાર્થીઓની વિશિષ્ટ શક્તિઓ બહાર લાવવામાં કઈ બાબતો મદદરૂપ બને છે ?

(૧) સામાજિક વિજ્ઞાન મંડળ (૨) વિદ્યાર્થી મંડળ

(૩) સામાજિક વિજ્ઞાન ખંડ (૪) રમતનું મેદાન

૩) સામાજિક વિજ્ઞાન મંડળના હેતુઓ કયા છે ?

(૧) મંડળમાં રસ લેતાં કરવા (૨) વાલીને રસ લેતાં કરવા

(૩) બીજા શિક્ષકને રસ લેતાં કરવા (૪) આચાર્યને રસ લેતાં કરવા

૪) સામાજિક વિજ્ઞાન મંડળમાં કઈ પ્રવૃત્તિ કરવામાં આવે છે ?

(૧) પ્રદર્શનને લગતી (૨) રમત ગમતને લગતી

(૩) લેબોરેટરીને લગતી (૪) લાયબ્રેરીને લગતી

- **બહુવિકલ્પ પ્રશ્નોના જવાબ :**

〈૧〉 વિદ્યાર્થીઓનું 〈૨〉 સામાજિક વિજ્ઞાન મંડળ

〈૩〉 મંડળમાં રસ લેતાં કરવા 〈૪〉 પ્રદર્શનને લગતી

## ૮.૯ તમારી પ્રગતિ ચકાસો :

(૧) સામાજિક વિજ્ઞાન મંડળની રચના સ્પષ્ટ કરો. (કોઈ પણ ત્રણ)

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

(૨) સામાજિક વિજ્ઞાન મંડળનું મહત્ત્વ સમજાવો. (કોઈ પણ ત્રણ)

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

(૩) સામાજિક વિજ્ઞાન મંડળની પ્રવૃત્તિઓ જણાવો. (કોઈ પણ ત્રણ)

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(૪) સામાજિક વિજ્ઞાન મંડળના ત્રણ હેતુઓ જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(૫) સામાજિક વિજ્ઞાન મંડળની અસરકારકતા માટે કઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ તે જણાવો. (કોઈ પણ ત્રણ)

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

## ૮.૧૦ તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો : Answers to check your progress

**(૧) સામાજિક વિજ્ઞાન મંડળની રચના :**

- વર્ષની શરૂઆતમાં જાહેરાત કરવી.
- મંડળનું બંધારણ નક્કી કરવામાં આવે.
- સભ્ય નોંધણી કરવામાં આવે.

**(૨) સામાજિક વિજ્ઞાન મંડળનું મહત્ત્વ :**

- મૌખિક પ્રવૃત્તિઓ કરવી
- દશ્ય–શ્રાવ્ય સાધનોનો ઉપયોગ કરવા
- સર્જનાત્મક પ્રવૃત્તિઓ કરવી

**(૪) સામાજિક વિજ્ઞાન મંડળના ત્રણ હેતુઓ :**

★ વિદ્યાર્થીઓને સામાજિક વિજ્ઞાન મંડળમાં રસ લેતા કરવા.

★ વિદ્યાર્થીઓને સામાજિક વિજ્ઞાન મંડળની શોખની પ્રવૃત્તિઓ વિકસાવવી.

★ વિદ્યાર્થીઓ પોતાની જવાબદારી સમજી શકે.

**(૫) સામાજિક વિજ્ઞાન મંડળની અસરકારકતા માટે ધ્યાનમાં રાખવાની બાબતો (કોઈપણ ત્રણ) :**

★ શાળામાં સામાજિક વિજ્ઞાનનો શિક્ષક કુશળ હોવો જોઈએ.

★ મંડળની પ્રવૃત્તિઓના વિકાસમાં વિદ્યાર્થીઓની ભાગીદારી વધારવી.

★ પ્રવૃત્તિ કરવા લોકશાહીયુક્ત વાતાવરણ ઊભું કરવું.

**૮.૧૧ સૂચિત વાંચન સામગ્રી :** Suggested Readings


| | | |
|---|---|---|
| ૧. બારૈયા વી.વી. તથા અન્ય | : | અર્થશાસ્ત્ર શિક્ષણ પદ્ધતિ, પ્રતીક પ્રકાશન, આણંદ |
| ૨. બારૈયા વી.વી. | : | અર્થશાસ્ત્ર શિક્ષણ પદ્ધતિ, અક્ષર પબ્લિકેશન, અમદાવાદ |
| ૩. રાવલ નટુભાઈ વી. તથા અન્ય | : | સમાજવિદ્યાનું અભિનવ અધ્યાપન, નીરવ પ્રકાશન, અમદાવાદ |
| ૪. બારૈયા વી.વી. તથા અન્ય | : | વાણિજ્ય શિક્ષણ પદ્ધતિ, પ્રતીક પ્રકાશન, આણંદ |
| ૫. પટેલ સી.કે. તથા અન્ય | : | ભૂગોળ અધ્યાપન પદ્ધતિ, અનડા બુક ડીપો, અમદાવાદ |

BAOU Education for All

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

# ES-113
# સામાજિક વિજ્ઞાનનું અધ્યાપન
# Teaching of Social Science

વિભાગ

# 3


એકમ-9 સામાજિક વિજ્ઞાનમાં મૂલ્યાંકન-1

એકમ-10 સામાજિક વિજ્ઞાનમાં મૂલ્યાંકન-2

એકમ-11 સામાજિક વિજ્ઞાનમાં શૈક્ષણિક સાધનો-1

એકમ-12 સામાજિક વિજ્ઞાનમાં શૈક્ષણિક સાધનો-2

# ES-113, સામાજિક વિજ્ઞાનનું અધ્યાપન (વિભાગ-3)


| **લેખક** | |
|---|---|
| **ડૉ. વાઘજીભાઈ વી. બારૈયા (નિવૃત્ત)** | આણંદ એજ્યુકેશન કૉલેજ, આણંદ |
| **પરામર્શક (વિષય)** | |
| **ડૉ. રાકેશભાઈ પટેલ** | પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ |
| **પરામર્શક (ભાષા)** | |
| **ડૉ. બીજલ આર. મિસ્ત્રી** | આણંદ એજ્યુકેશન કૉલેજ, આણંદ. |
| **સંપાદન અને સંયોજન** | |
| **પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** | નિયામકશ્રી (શિક્ષણશાસ્ત્ર)<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી.<br>અમદાવાદ. |
| **સંયોજન સહાય** | |
| **ડૉ. મીના આઈ. રાજપૂત** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી.<br>અમદાવાદ. |



**પ્રકાશક :** કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ-382481

**આવૃત્તિ :** પ્રથમ આવૃત્તિ-2020, **નકલ :** 600
દ્વિતીય આવૃત્તિ-2020, **નકલ :** 260
તૃતીય આવૃત્તિ-2021, **નકલ :** 1200

**ISBN : 978-93-5598-104-2**



Copyright © Registrar, Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad.
December 2020

While all efforts have been made by editors to check accuracy of the content, the representation of facts, principles, descriptions and methods are that of the respective module writers. Views expressed in the publication are that of the authors, and do not necessarily reflect the views of Dr. Babasaheb Ambedkar Open University. All products and services mentioned are owned by their respective copyrights holders, and mere presentation in the publication does not mean endorsement by Dr. Babasaheb Ambedkar Open University. Every effort has been made to acknowledge and attribute all sources of information used in preparation of this Self Learning Material. Readers are requested to kindly notify missing attribution, if any.

## ES-113 સામાજિક વિજ્ઞાનનું અધ્યાપન

**વિભાગ-1 : સામાજિક વિજ્ઞાન અને તેનું શિક્ષણ**

1. સામાજિક વિજ્ઞાનનો અર્થ અને મહત્ત્વ
2. સામાજિક વિજ્ઞાન શિક્ષણના ધ્યેયો અને હેતુઓ
3. સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં આયોજન
4. સામાજિક વિજ્ઞાનનો અભ્યાસક્રમ

**વિભાગ-2 : સામાજિક વિજ્ઞાનના મહત્ત્વના પાસાંઓ**

5. સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં શિક્ષણ પદ્ધતિઓ
6. સામાજિક વિજ્ઞાન પાઠ્યપુસ્તક
7. સામાજિક વિજ્ઞાન શિક્ષક
8. સામાજિક વિજ્ઞાન મંડળ

**વિભાગ-3 : મૂલ્યાંકન અને સાધનો**

9. સામાજિક વિજ્ઞાનમાં મૂલ્યાંકન-૧
10. સામાજિક વિજ્ઞાનમાં મૂલ્યાંકન-૨
11. સામાજિક વિજ્ઞાનમાં શૈક્ષણિક સાધનો-૧
12. સામાજિક વિજ્ઞાનમાં શૈક્ષણિક સાધનો-૨

**વિભાગ-4 : સંશોધન અને પ્રયુક્તિઓ**

13. સામાજિક વિજ્ઞાન ખંડ
14. સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં અનુબંધ
15. ક્રિયાત્મક સંશોધન
16. સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં પ્રયુક્તિઓ

## દૂરવર્તી અધ્યયનમાં સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીની ભૂમિકા

દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં અસરકારક સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રી અનિવાર્ય છે. આ અભ્યાસ-સામગ્રીના લેખકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એકબીજાથી ઘણાં દૂર અને ક્યારેક તો ક્યારેય ન મળી શકે તેવી સ્થિતિમાં હોવાથી આવી અધ્યયન સામગ્રી સુગમ અને અસરકારક હોવી જરૂરી છે. દૂરવર્તી શિક્ષણ માટેની અભ્યાસ-સામગ્રીમાં વિદ્યાર્થીના બૌદ્ધિક ચિંતનને ઉદ્દીપ્ત કરવાની ક્ષમતા તથા આવશ્યક તમામ અધ્યયન પ્રવૃત્તિઓ હોવી જોઈએ. આ સામગ્રી પાઠ્યક્રમના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓના અનુસંધાને વિદ્યાર્થીને પર્યાપ્ત માર્ગદર્શન આપવા સક્ષમ હોવી જોઈએ. સ્વ-અધ્યયન સામગ્રીમાં અભ્યાસક્રમમાં સૂચિત તમામ બાબતોનો સમાવેશ થાય તે જરૂરી છે.

અસરકારક અધ્યયન સિદ્ધ કરવા માટે અનેક પ્રકારના આયોજનનો ઉપયોગ કરવામાં આવે છે; જેનાથી વિદ્યાર્થી જ્ઞાનોપાર્જન કરી શકે. બૌદ્ધિક અને મનોશારીરિક કૌશલ્યો કેળવી શકે અને વર્તન તથા અભિગમમાં આવશ્યક પરિવર્તનો સાધી શકે. આથી જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન પણ પાઠ્યસામગ્રીમાં આવરી લેવામાં આવ્યું છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન અભ્યાસ સામગ્રીમાં ઉપયોગમાં લેવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સ્વરૂપ તે શિક્ષણના જ્ઞાનાત્મક, ભાવાત્મક કે મનોશારીરિક હેતુમાંથી કયા હેતુને સંલગ્ન છે ? તેના પર આધારિત છે. આ હેતુઓ ભવિષ્યમાં અનુક્રમે જ્ઞાન, બૌદ્ધિક કૌશલ્યો અને મનોશારીરિક કૌશલ્યોની ઉપલબ્ધિમાં પરિણમે છે. વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનની પ્રાપ્તિ, ઉપયોગ અને અભિવ્યક્તિ કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો અને અનુભવોનો આધાર લઈને રચવામાં આવેલ શિક્ષણ સામગ્રી દ્વારા બૌદ્ધિક કૌશલ્યના હેતુને સિદ્ધ કરી શકાય છે અને તેના દ્વારા નવીન જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ પ્રશસ્ત થાય છે.

અભ્યાસ-સામગ્રીમાં સ્વાધ્યાય પ્રોજેક્ટ અને પ્રતિપૃષ્ટિ(Feedback)ના સ્વરૂપે અભ્યાસનું આયોજન જરૂરી છે. શારીરિક કૌશલ્ય સંબંધિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ચિત્રાત્મક રજૂઆત હોવી જોઈએ અને ત્યારબાદ ઉચિત અભ્યાસનું આયોજન હોવું જોઈએ. વર્તન અને અભિગમમાં પરિવર્તન માટે આયોજિત શિક્ષણ પ્રવૃત્તિઓ રસ જન્માવે તેવી તથા આ પરિવર્તન દ્વારા થતાં લાભ અને તેની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે તેવી હોવી જોઈએ. ત્યાર પછી નવાં અભિગમોને અપનાવવાની અને તે સંબંધિત પ્રક્રિયાના યોગ્ય અભ્યાસનું ઉચિત આલેખન થવું જોઈએ.

## દૂરવર્તી શિક્ષણની ભૂમિકા.

પ્રત્યક્ષ અધ્યાપનમાં જોવા મળતી પ્રત્યાયનની વિશેષતાઓ; જેવી કે અંતરાલાપ, પૂર્વઅભિસંધાન, યોગ્ય સ્થાને વિરામ, આરોહ-અવરોહ, ભાવ-ભંગીમાં, સ્વરભાર વગેરે દૂરવર્તી અધ્યયનમાં ઉપલબ્ધ નથી. આ ઉણપ વિશેષતઃ મુદ્રિત સાહિત્યમાં (લેખિત સાહિત્યમાં) જોવા મળે છે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના વ્યવહારની આ ખૂટતી કડીને જોડવા માટે જ દૂરવર્તી સ્વ-અધ્યયન સામગ્રીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. માટે જ આવી પ્રવૃત્તિઓનું આયોજન વૈકલ્પિક નહીં; પરંતુ અનિવાર્ય છે.

સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીને નાના એકમોમાં વિભાજિત કરીને શિક્ષણના ઉત્તમ સાધન તરીકે વિકસાવવાની સંકલ્પના છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય દ્વારા શિક્ષણના વિવિધ ક્ષેત્રના હેતુઓ સિદ્ધ થાય તેવો પ્રયત્ન કરવાનો છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન સામગ્રીનું આયોજન પૂર્વનિશ્ચિત શૈક્ષણિક નીપજને ધ્યાનમાં લઈને કરવાનું હોવાથી તેના હેતુઓ અને ધ્યેયો નિશ્ચિત હોય છે. વળી અધ્યેતાઓ દૂરસ્થ હોવાથી આ સામગ્રી દ્વારા તેઓ નિશ્ચિત અધ્યયન પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહે તેવું આયોજન કરવામાં આવે છે. જેથી અધ્યેતાઓ સંબંધિત સંકલ્પનાઓને બરાબર સમજી શકે. સ્વ-અધ્યયન સામગ્રીમાં સાથે સંકળાયેલ સ્વાધ્યાયો, પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને પ્રકલ્પોનો પણ આ જ હેતુ છે. આ સામગ્રી માટે ઉચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની ઉદાહરણરૂપ સૂચિ ઘણી મોટી હોઈ શકે. આ સંદર્ભે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને અભિપ્રેરિત કરે છે, માર્ગદર્શન આપે છે અને વિદ્યાર્થીની પ્રગતિ અને પ્રદર્શનનું સતત માપન-મૂલ્યાંકન પણ કરે છે.

# એકમ 9

# સામાજિક વિજ્ઞાનમાં મૂલ્યાંકન - 1

## : રૂપરેખા :


૯.૦ ઉદ્દેશો

૯.૧ પ્રસ્તાવના

૯.૨ અર્થ

૯.૩ મૂલ્યાંકન પ્રક્રિયાના લક્ષણો

૯.૪ મૂલ્યાંકન પ્રક્રિયાના સોપાનો

૯.૫ મૂલ્યાંકન પ્રક્રિયાનો ઉપયોગ

૯.૬ મૂલ્યાંકનના સાધનો

૯.૭ મૂલ્યાંકનના હેતુઓ

૯.૮ પ્રશ્નનાં પ્રકાર

(૧) નિબંધ પ્રકારના પ્રશ્નો

(૧) પ્રસ્તાવના

(૨) નિબંધ પ્રકારની કસોટી એટલે શું ?

(૩) નિબંધ પ્રશ્નનું સ્વરૂપ

(૪) નિબંધ પ્રકારના પ્રશ્નોના પ્રકાર

(૫) નિબંધ પ્રકારના પ્રશ્નોના ફાયદા

(૬) નિબંધ પ્રકારના પ્રશ્નોની મર્યાદા

(૭) સારા નિબંધ પ્રશ્નોની રચના

(૮) નિબંધ પ્રકારના પ્રશ્નોના ગુણાંકન માટેનાં સૂચનો

૯.૯ સારાંશ

૯.૧૦ એકમ સ્વાધ્યાય

૯.૧૧ તમારી પ્રગતિ ચકાસો

૯.૧૨ તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

૯.૧૩ સૂચિત વાંચન સામગ્રી


## ૯.૦ ઉદ્દેશો : Objectives

- આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે ...

(૧) મૂલ્યાંકનનો અર્થ સમજી શકશો.

(૨) મૂલ્યાંકન પ્રક્રિયાના લક્ષણો સમજી શકશો.

(૩) મૂલ્યાંકન પ્રક્રિયાના સોપાનો સમજી શકશો.

(૪) મૂલ્યાંકન પ્રક્રિયાનો ઉપયોગ સમજી શકશો.

(૫) મૂલ્યાંકનના સાધનો સમજી શકશો.

(૬) મૂલ્યાંકનના હેતુઓની ચર્ચા કરી શકશો.

(૭) નિબંધ પ્રકારની કસોટીનો અર્થ સમજી શકશો.

(૮) નિબંધ પ્રશ્નનું સ્વરૂપ સમજી શકશો.

(૯) નિબંધ પ્રકારના પ્રશ્નોના ફાયદા સમજી શકશો.

(૧૦) નિબંધ પ્રકારના પ્રશ્નોની મર્યાદા સમજી શકશો.

(૧૧) નિબંધ પ્રકારના પ્રશ્નોની રચના સમજી શકશો.

(૧૨) નિબંધ પ્રકારના પ્રશ્નોના ગુણાંકન માટેનાં સૂચનોની ચર્ચા કરી શકશો.

## ૯.૧ પ્રસ્તાવના :

- બાળકોને યોગ્ય માર્ગદર્શન આપવા માટે, બાળકની વિશિષ્ટ પ્રકારની શક્તિઓ, રસ, વલણ અને કુશળતાઓનું મૂલ્યાંકન અત્યંત જરૂરી છે.
- જેમ જેમ બાળકો પ્રાથમિક શાળાઓમાં ધોરણોનાં પગથિયાં ચડતાં જાય છે, તેમ તેમ એને જે સર્વ સામાન્ય અભ્યાસક્રમ પૂરો પાડવામાં આવે છે, તેની સાથે સાથે તેમનામાં રહેલા રસ, વલણ, કૌટુંબિક ભૂમિકા, શક્તિઓ, કુશળતાઓ, સિદ્ધિઓ વગેરેનું મૂલ્યાંકન કરી આવા પ્રકારના વૈવિધ્ય અનુસાર તે બાળકને કેવા પ્રકારનો અભ્યાસક્રમ અનુકૂળ નીવડશે અને ભવિષ્યમાં તે કયા પ્રકારનો વ્યવસાય ગ્રહણ કરશે તેનો ખ્યાલ મેળવી માર્ગદર્શન આપવાનું રહેશે. મૂલ્યાંકન દ્વારા આ બધી બાબતોનું ચિત્ર બાળક જ્યારે પ્રાથમિક શાળાનો અભ્યાસક્રમ પૂરો કરી માધ્યમિક શાળામાં પ્રવેશે ત્યારે જરા વધારે સ્પષ્ટ થાય છે. આ ચિત્ર વિદ્યાર્થી જ્યારે યુનિવર્સિટી કક્ષાનો અભ્યાસક્રમ પૂરો કરે છે ત્યારે સાવ દીવા જેવું સ્પષ્ટ થવું જોઈએ. આ પ્રકારનું સ્પષ્ટ ચિત્રમેળવવાનું સાધન મૂલ્યાંકન

## ૯.૨ અર્થ :

- સામાજિક વિજ્ઞાનમાં વિદ્વાનો દ્વારા કરાયેલો મૂલ્યાંકનનો અર્થ :

(૧) **ગ્રાઉન્ડ લેન્ડ :**

– 'શૈક્ષણિક ધ્યેયો વિદ્યાર્થી પક્ષે કેટલે અંશે સિદ્ધ થયા તે જાણવાની પદ્ધતિસરની પ્રક્રિયાને મૂલ્યાંકન તરીકે ઓળખાવી શકાય.'

(૨) **ટોરગેર્સન અને એડમ્સઃ**

– 'કોઈ વસ્તુ કે પ્રક્રિયાનું મૂલ્ય નક્કી કરવું એવો મૂલ્યાંકનનો અર્થ થાય છે.'

(૩) **ક્વિલેન અને હનાના :**

- 'શિક્ષણ સંસ્થા દ્વારા વિદ્યાર્થીના વ્યવહારમાં પરિવર્તન લાવવું અને આ પરિવર્તન લાવવા માટે કયા પરિબળો જવાબદાર છે તેનું સંકલન અને વ્યાખ્યા કરવી એ જ મૂલ્યાંકનનું દૃષ્ટિબિંદુ છે.'

(૪) **રેમર્સ :**

– 'વિદ્યાર્થી, શિક્ષક અને શિક્ષણની યોગ્યતા તપાસવાનું અને ચકાસવાનું કાર્ય કરતી પ્રક્રિયાને મૂલ્યાંકન કહી શકાય.'

(૫) **સ્ટેનલી :**

– 'મૂલ્યાંકનને વિદ્યાર્થીનું મૂલ્ય આંકવા માટે કરવામાં આવતા વિધાનોની પ્રક્રિયાના પરિપાકરૂપ ગણાવી શકાય.'

(૬) **કોઠારી શિક્ષણપંચ :**

- 'મૂલ્યાંકન એ સતત ચાલતી પ્રક્રિયા છે, જે સંપૂર્ણ શિક્ષણ પ્રણાલીનું મહત્ત્વપૂર્ણ અંગ છે, તેને શિક્ષણના હેતુઓ સાથે ઘનિષ્ઠ સંબંધ છે. તે માત્ર શૈક્ષણિક સિદ્ધિનું માપન કરવામાં મદદરૂપ થાય છે એમ નહીં પણ તેમાં સુધારો પણ કરે છે.'

(૭) રૂઢિગત કસોટી અને પરીક્ષણના માપન (પ્રાપ્તાંકો) પરથી વ્યાપક નિર્ણયો તારવવાની પ્રક્રિયાને મૂલ્યાંકન કહે છે.

(૮) હેતુલક્ષી શિક્ષણકાર્યની સફળતા નિષ્ફળતાની ચકાસણી એટલે મૂલ્યાંકન.

(૯) શિક્ષણ દ્વારા બાળકોમાં ચોક્કસ વર્તન ફેરફારો કરવાની અપેક્ષા રાખવામાં આવે છે. માનવતાનાં મૂલ્યો આપણે શિક્ષણ

દ્વારા વ્યક્તિમાં ઉતારવા માંગીએ છીએ. આ મૂલ્યો કેટલાં પ્રાપ્ત થયાં તે માટે આપણે મૂલ્યાંકન કરીએ છીએ.

દા.ત. –

૧〉 બાળકના શારીરિક વિકાસને લગતી એક વાત કરીએ, ૧૪ વર્ષની ધરતીની ઊંચાઈ માપવામાં આવે અને તે ઊંચાઈ ૮૦ સે.મી. થાય તો તે માપન કર્યું કહેવાય, પણ ૮૦ સે.મી. ઊંચાઈ ધરાવતી ધરતી ઊંચી કહેવાય કે નીચી કહેવાય તે નક્કી કરવાની ક્રિયાને મૂલ્યાંકન કહેવાય.

૨〉 ૯ વર્ષની નયનાના ૨૦ સરવાળામાં ૧૧ દાખલા સાચા છે, તે નક્કી કરવાની ક્રિયા માપન છે, ૧૧ દાખલા સાચા કરનાર નયના હોશિયાર, મધ્યમ કે નબળી કહેવાય તે નક્કી કરવાની ક્રિયા તે મૂલ્યાંકન કહેવાય.

- શૈક્ષણિક હેતુઓ કેટલે અંશે સિદ્ધ થાય છે તે નક્કી કરવાની પ્રક્રિયાને મૂલ્યાંકન કહે છે, તેથી મૂલ્યાંકન એ હેતુ કેન્દ્રી પ્રક્રિયા છે.
- હેતુલક્ષી શિક્ષણકાર્યનું માપન એટલે મૂલ્યાંકન.

## ૯.૩ મૂલ્યાંકન પ્રક્રિયાના લક્ષણો :

- મૂલ્યાંકન પ્રક્રિયાના લક્ષણો નીચે મુજબ છે :

**(૧) મૂલ્યાંકન સતત ચાલતી પ્રક્રિયા છે :**

- શિક્ષકે શક્ય હોય તેટલી બધી રીતે અને બધા જ પ્રસંગોએ બાળકોનું નિરીક્ષણ કરવું જોઈએ.
- આજે બાળકની પ્રગતિનું ચિત્ર ખાસ પ્રસંગે જ લેવામાં આવે છે. દા.ત. – પરીક્ષા લેવામાં આવે ત્યારે, પ્રગતિપત્રક ભરવામાં આવે ત્યારે, અન્ય પ્રસંગો પણ મૂલ્યાંકનના સાધનો બને છે. દા.ત. – મુખપાઠ, સ્વાધ્યાય, વાતચીત, વિદ્યાર્થી વડે થતી ક્રિયા, વર્તણૂંકની સામગ્રી વગેરે. જુદી જુદી રીતે મૂલ્યાંકન કરી વિદ્યાર્થી વિશેની મહત્ત્વની માહિતી ભેગી કરી શકાય. બધા જ પ્રસંગોએ બાળકનું નિરીક્ષણ કરવું જોઈએ. વિદ્યાર્થી શાળામાં દાખલ થાય ત્યારથી ઘેર પાછો જાય ત્યાં સુધી અનેક ક્રિયા કરે છે. દા.ત. – વર્ગમાં, લાયબ્રેરીમાં, પ્રયોગશાળામાં, રમતના મેદાનમાં, રીસેષમાં, આવતાં જતાં.

**(૨) મૂલ્યાંકન એ સર્વગ્રાહી પ્રક્રિયા છે :**

- મૂલ્યાંકન એ અમુક જ બાબતનું ન કરતાં, અન્ય પાસાઓ ધ્યાનમાં લેવા જોઈએ, શિક્ષકે શક્ય હોય ત્યાં સુધી બાળકનું મૂલ્યાંકન કરવાનું સતત ચાલું રાખવું જોઈએ. વિદ્યાર્થીનું વર્તન જોઈ શકાય તે બધી જ બાબતોનું મૂલ્યાંકન થઈ શકે, દરેક ક્ષેત્રમાં પરિવર્તન થવું જોઈએ.

  દા.ત. – જ્ઞાનાત્મક ક્ષેત્ર, ક્રિયાત્મક, ભાવાત્મક, ફેરફાર થાય તો જ બૌદ્ધિક વિકાસ થાય.
- શિક્ષણ એ બાળકનો સર્વાંગી વિકાસ સાધવાનો પ્રયત્ન છે,તેથી શિક્ષણના હેતુઓ અનેક હોય છે અને તે હેતુઓ બાળકના વિકાસના તમામ પાસાં જેવાં કે માનસિક, શારીરિક, બૌદ્ધિક, સામાજિક અને સાંવેગિક વગેરેને સ્પર્શતાં હોય છે. શિક્ષણના હેતુઓ અનેક હોય છે અને તે હેતુઓ બાળકના વિકાસના તમામ પાસાં જેવાં કે માનસિક, શારીરિક, બૌદ્ધિક, સામાજિક અને સાંવેગિક વગેરેને સ્પર્શતાં હોય છે.

- જુદાં જુદાં વિષયના હેતુઓ જુદાં જુદાં હોય છે. તે બધા જ હેતુઓની ચકાસણી કરવામાં આવે છે. જ્ઞાન, સમજ, ઉપયોગ, કૌશલ્ય વગેરે હેતુઓનો વિકાસ થવો જોઈએ. વિવિધ સાધનો અને ઉપકરણનો ઉપયોગ કરવો જોઈએ. દા.ત. – વાણી વ્યવહાર, અન્ય સાથે વ્યવહાર, કામ કરવાની ઢબ. એક પાસાનું મૂલ્યાંકન ન કરતાં બીજા પાસાંઓનું પણ મૂલ્યાંકન કરવામાં આવે છે. આથી કહી શકાય કે મૂલ્યાંકન એ વ્યાપક પ્રક્રિયા છે.

(૩) **મૂલ્યાંકન એ સાધન છે સાધ્ય નથી :**

- મૂલ્યાંકનનો ઉપયોગ હંમેશા ચોક્કસ હેતુઓ સિદ્ધ કરવા માટે કરવામાં આવે છે. શિક્ષક આ હેતુઓથી પૂરેપૂરા વાકેફ હોવા જોઈએ. કોઈ પણ જાતની સમજ વિદ્યાર્થીના આંખો મીંચીને એકઠી કરવામાં આવતી માહિતી, સમય તેમજ શક્તિનો વ્યય કરવા બરાબર છે. પરિણામના અર્થઘટનના જ્ઞાન વિના પ્રમાણભૂત કસોટીઓનો ઉપયોગ કરવો નકામો છે. મૂલ્યાંકન દ્વારા એકઠી કરેલ માહિતીને આધારે શૈક્ષણિક નિર્ણયો લેવાના હોય છે. જો માહિતી એકઠી કરવામાં ખામી રહે અથવા તો એકઠી કરેલ માહિતીનું યોગ્ય અર્થઘટન કરવામાં ન આવે તો શૈક્ષણિક નિર્ણયો લેવામાં ગંભીર ભૂલો થવાનો સંભવ છે. વિદ્યાર્થીઓની કક્ષા, ગુણવત્તા, સિદ્ધિ વગેરે જાણી શકાય. શૈક્ષણિક નિર્ણયો લેવામાં ગંભીર ભૂલો થવાનો સંભવ છે. વિદ્યાર્થીઓની કક્ષા, ગુણવત્તા, સિદ્ધિ વગેરે જાણી શકાય. શૈક્ષણિક અનુભવો અસરકારક રહ્યા કે કેમ તે જાણી શકાય, પરંતુ હેતુઓ શા માટે સિદ્ધ થયા નથી તે જાણી શકાતું નથી.

(૪) **મૂલ્યાંકન હેતુલક્ષી પ્રક્રિયા છે :**

- મૂલ્યાંકન ચોક્કસ હેતુ ધ્યાનમાં રાખીને જ કરવામાં આવે છે. મૂલ્યાંકનનો હેતુ સ્પષ્ટ ન થાય ત્યાં સુધી મૂલ્યાંકનનું સાધન, પ્રવિધિ કે પદ્ધતિ અપનાવવી સલાહ ભરેલું નથી.
- શૈક્ષણિક મૂલ્યાંકનના સંદર્ભમાં શૈક્ષણિક હેતુઓ અગ્રસ્થાને હોવા જરૂરી છે, જે હેતુની ચકાસણી કરવાની હોય તે હેતુ ધ્યાનમાં રાખી મૂલ્યાંકન કરવામાં આવે છે. મૂલ્યાંકનના પાયામાં જ હેતુઓ રહેલા છે. હેતુઓ પર આધારિત મૂલ્યાંકન થતું હોવાથી તે હેતુલક્ષી છે એમ કહી શકાય. વિદ્યાર્થીની બુદ્ધિ જાણવી હોય તો બુદ્ધિ કસોટીનો ઉપયોગ થઈ શકે.

(૫) **મૂલ્યાંકન એ માપન પ્રવિધિની પૂરક પ્રવિધિ છે :**

- મૂલ્યાંકન કરવા માટે માપનના પરિણામોની જરૂરિયાત મોટે ભાગે પડે છે. માપનના પરિણામને આધારે મૂલ્યાંકનનું પરિણામ જાણી શકાય છે. માપનમાં જે સંખ્યાત્મક પરિણામો મળે તે પરિણામનો આધાર લઈને કોઈ ચોક્કસ નિર્ણય તારવી મૂલ્યાંકન કરવામાં આવે છે.

દા.ત. –

૧〉 ૧૦ વર્ષની ધરતીની ઊંચાઈ ૧૦૦ સે.મી. છે. તેમની ઉંમરની છોકરીઓની સરાસરીની ઊંચાઈ ૯૦ સે.મી. છે. આમાં ૧૦ વર્ષની ધરતીની ઊંચાઈ ૧૦૦ સે.મી. છે તે નક્કી કરવું તે માપન પ્રક્રિયા છે. જ્યારે ધરતીની ઉંમરની છોકરીઓની સરાસરી ઊંચાઈ સાથે તેની ઊંચાઈ સરખાવીએ તો તે ઊંચી છે એવો અર્થ નીકળે છે, આ અર્થ કાઢવો તે મૂલ્યાંકન પ્રક્રિયા બને છે.

૨〉 આકાશ વાણિજ્યમાં ૮૦ ગુણ મેળવે છે, અહીંયા ૮૦ ગુણ છે તે નક્કી કરવું એ માપનની પ્રક્રિયા છે, જ્યારે આકાશને તેના વર્ગના અન્ય વિદ્યાર્થીઓના સરાસરી ગુણ સાથે સરખાવીએ તો તે હોંશિયાર છે આવો અર્થ નીકળે છે. આ અર્થ કાઢવો તે મૂલ્યાંકન પ્રક્રિયા બને છે.

(૬) **મૂલ્યાંકનથી વિદ્યાર્થીના સમગ્ર અસ્તિત્વનો અંદાજી ખ્યાલ આવે છે :**

- વિદ્યાર્થી કેવો છે ? હોશિયાર, મધ્યમ, નબળો વગેરે. શેમાં રસ છે ? શેનો વિકાસ થયો છે ? શારીરિક, બૌદ્ધિક, સાંવેગિક અને સામાજિક વગેરે વિકાસનાં પાસા અંગેની પ્રગતિનો ખ્યાલ આવે. વિદ્યાર્થીના વિકાસનાં અને વર્તન પરિવર્તનના અનેક પાસા–બુદ્ધિ, રસ, રૂચિ, વલણ, અભિયોગ્યતા, કૌશલ્ય વગેરે.

**(૭) મૂલ્યાંકન એ સંયુક્ત જવાબદારીથી થતી પ્રક્રિયા છે :**

- વિદ્યાર્થીની માપન કરવાની જવાબદારી માત્ર શાળા અને શિક્ષકની છે, જ્યારે મૂલ્યાંકનમાં તેમ નથી. વિદ્યાર્થીનાં અપેક્ષિત વર્તન—પરિવર્તન શાળા અને શિક્ષક તો જોઈ શકે છે, પરંતુ વિદ્યાર્થીનો સતત સંપર્ક ધરાવનાર મા—બાપ, ભાઈ—બહેન પડોશી, મિત્રો વગેરે અભિપ્રાય આપી શકે છે.
- આથી મૂલ્યાંકન કરવામાં સંયુક્ત હિસ્સો હોઈ શકે. વિદ્યાર્થી પોતે અભિપ્રાય આપી શકે. સ્વ—મૂલ્યાંકન થઈ શકે. મૂલ્યાંકનમાં વિદ્યાર્થીને ભાગીદાર બનાવવો જોઈએ. મૂલ્યાંકન માટે તાલીમ પણ આપવી જોઈએ.

**(૮) સર્વગ્રાહી મૂલ્યાંકન માટે મૂલ્યાંકનનાં યોગ્ય સાધનોનો ઉપયોગ જરૂરી છે :**

- સર્વગ્રાહી મૂલ્યાંકન માટે મૂલ્યાંકનના યોગ્ય સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે, જેવા પ્રકારનું મૂલ્યાંકન કરવું હોય તે પ્રમાણે સાધનો વાપરવામાં આવે છે.
- દા.ત. —એક તાસનું શૈક્ષણિક કાર્યનું મૂલ્યાંકન કરવું હોય તો ક્રમ માપદંડના સાધનનો ઉપયોગ કરી શકાય.

**(૯) મૂલ્યાંકન પરિવર્તનલક્ષી છે :**

- મૂલ્યાંકન પ્રક્રિયામાં જડતા ન હોય, શાળાના સમયપત્રક અને વિદ્યાર્થીઓ અનુસાર તેમાં ફેરફાર થઈ શકે. જરૂરિયાત પ્રમાણે ફેરફાર કરી શકાય.

**(૧૦) મૂલ્યાંકનથી શિક્ષણમાં ગતિશીલતા આવે છે :**

- મૂલ્યાંકનથી શિક્ષણ કાર્યમાં ગતિશીલતા લાવી શકાય છે. નક્કી કરેલ હેતુઓ સિદ્ધ થયા કે કેમ ? કેટલા પ્રમાણમાં વિદ્યાર્થીઓમાં વર્તન પરિવર્તન આવ્યું ? વગેરે બાબતોની જાણકારી મૂલ્યાંકન પ્રક્રિયાથી મેળવી શકાય છે.
- જો શિક્ષણમાં હેતુઓ પૂરતા પ્રમાણમાં સિદ્ધ થયા હોય તો તે માટેની અસરકારક પ્રવિધિ કઈ હતી ? તેમજ જો હેતુઓની સિદ્ધિમાં કચાશ હોય તો કેવા પ્રકારની અજમાઈશને કારણે કચાશ રહી ગઈ છે ?
- કાર્યની અસરકારકતા વધારવા અને ઈચ્છિત પરિણામ મેળવવા માટે મૂલ્યાંકન પ્રેરણા પૂરી પાડે છે, જેથી કહી શકાય કે મૂલ્યાંકનથી શિક્ષણમાં ગતિશીલતા આવે છે.

**(૧૧) મૂલ્યાંકન નિર્ણય પ્રક્રિયા છે :**

- શિક્ષણની પ્રક્રિયાને અંતે કરાતું મૂલ્યાંકન પરિણામલક્ષી હોય છે, જેનાથી વિદ્યાર્થીની કચાશ કેટલી છે ? કઈ અધ્યયન પદ્ધતિ વધારે અસરકારક છે ? અધ્યયન પ્રવિધિમાં શા ફેરફાર જરૂરી છે ? વગેરે જેવાં નિર્ણય મૂલ્યાંકનને કારણે લઈ શકાય છે. યોગ્ય નિર્ણયને કારણે અપેક્ષિત પરિણામ મેળવી શકાય છે.

## ૯.૪ મૂલ્યાંકન પ્રક્રિયાના સોપાનો :

- મૂલ્યાંકન હેતુલક્ષી પ્રક્રિયા છે. મૂલ્યાંકન કરતી વખતે ચોક્કસ હેતુઓને લક્ષમાં રાખીને મૂલ્યાંકન કરવામાં આવે છે. જુદાં જુદાં હેતુઓનું મૂલ્યાંકન કરવા માટે જુદાં જુદાં સાધનો કે પ્રયુક્તિઓનો ઉપયોગ કરવામાં આવે છે.
- મૂલ્યાંકન કરનાર વ્યક્તિ કોઈ ચોક્કસ હેતુઓનું મૂલ્યાંકન કરવા ઈચ્છતી હોય તો તેને મૂલ્યાંકન પ્રક્રિયાનાં ચોક્કસ સોપાનો જાણી લેવા જોઈએ.
- તેથી મૂલ્યાંકન કરનારે મૂલ્યાંકન પ્રક્રિયાનાં નીચે જણાવ્યા મુજબના સોપાનો ધ્યાનમાં રાખવા જોઈએ.

**(૧) મૂલ્યાંકન માટેના હેતુઓ નક્કી કરવા :**

- મૂલ્યાંકન હેતુલક્ષી પ્રક્રિયા છે, તેથી મૂલ્યાંકન પ્રક્રિયામાં પ્રથમ સોપાનમાં મૂલ્યાંકન માટેના હેતુઓ પ્રથમ નક્કી કરવામાં આવે છે. શિક્ષકે શિક્ષણ આપતી વખતે નક્કી કરેલા હેતુઓ ધ્યાનમાં રાખી શિક્ષણ કાર્ય કરવું જોઈએ. શિક્ષણ પ્રક્રિયાના બધાજ હેતુઓ મૂલ્યાંકન માટેના હેતુ હોય છે.

**(૨) નક્કી કરેલા હેતુઓનું સ્પષ્ટીકરણ કરવું :**

- મૂલ્યાંકનના હેતુઓ પસંદ કર્યા પછી તેનું સ્પષ્ટીકરણ કરવું પડે છે. વિદ્યાર્થીમાં કોઈ હેતુ સિદ્ધ થયો હોય તો તેનું અપેક્ષિત વર્તન પરિવર્તન કેવું થવું જોઈએ તે નક્કી કરીને તેનાં સ્પષ્ટીકરણો નક્કી કરવામાં આવે છે.
- દા.ત. – જો સામાજિક વિજ્ઞાન શિક્ષણનો હેતુ – 'વિદ્યાર્થીમાં કેટલાંક આવશ્યક કૌશલ્યો કેળવાય' તેમ હોય તો આવશ્યક કૌશલ્યો ધરાવતો વિદ્યાર્થી શું શું કરી શકે, તે હેતુનાં સ્પષ્ટીકરણો બને છે.
- સ્પષ્ટીકરણ :
  - ϕ વિદ્યાર્થી આકૃતિ દોરી શકશે.
  - ϕ વિદ્યાર્થી કોઠા ઉપરથી આકૃતિ દોરી શકશે.
  - ϕ વિદ્યાર્થી આકૃતિ ઉપરથી માહિતી આપી શકશે.
  - ϕ વિદ્યાર્થી બેંક સાથે વ્યવહાર કરી શકશે.
  - ϕ વિદ્યાર્થી આકૃતિમાં ભૂલો જણાવી શકશે.
  - ϕ વિદ્યાર્થી આકૃતિમાં નામ નિર્દેશ કરી શકશે.

**(૩) વિદ્યાર્થીઓમાં અપેક્ષિત વર્તન પરિવર્તન લાવી શકાય એવી પરિસ્થિતિઓનું નિર્માણ કરવું**

- હેતુઓનું સ્પષ્ટીકરણ કર્યા પછી હેતુઓ સિદ્ધ કરેલ વિદ્યાર્થી શું શું કરી શકે અને તેનું વર્તન કેવું હશે તેનું આયોજન કરવું. વિદ્યાર્થીઓમાં અપેક્ષિત વર્તન પરિવર્તન દેખી શકાય તેવી માહિતીની યાદી તૈયાર કરવી.

  દા.ત. – 'વિદ્યાર્થી આકૃતિ ઉપરથી માહિતી આપી શકશે.' એવી અપેક્ષા હોય તો તેને માટે શીખવેલા એકમ ઉપરથી આકૃતિ આપીને તેમાં સૂચવેલાં નંબરોના નામ જણાવવાનું કહી શકાય.
- આમ, આકૃતિ નું અર્થઘટન વિદ્યાર્થી બરાબર કરે છે તે જાણવા અપેક્ષિત વર્તન પરિવર્તનનું નિર્માણ કર્યું ગણાય.
- 'વિદ્યાર્થી ઝડપથી ગણતરી કરી શકે' એવું અપેક્ષિત વર્તન હોય તો તે ત્યારે જ નિહાળી શકાય કે જ્યારે વિદ્યાર્થીને જે તે પ્રકારની ગણતરીના પ્રશ્ન અમુક સમયમાં ગણવામાં આપવામાં આવે.
- ' વિદ્યાર્થી ઝડપથી વાંચન કરી શકે' એવું અપેક્ષિત વર્તન હોય તો તે વર્તન નિહાળવા માટેની યોગ્ય પરિસ્થિતિમાં બાળકને વાંચન કરવાની સામગ્રી અને નિશ્ચિચ સમયનો સમાવેશ થઈ શકે.
- શાળામાં થતી સહઅભ્યાસ પ્રવૃત્તિમાંથી કઈ પ્રવૃત્તિમાં વધુ રસ લઈ ભાગ લેતો થયો છે ? શિક્ષણ કાર્યની પ્રક્રિયામાં વિદ્યાર્થી કેટલો સક્રિય છે ? શાળાકીય વિષયવસ્તુના અનુસંધાનમાં સમસ્યાઓના ઉકેલ મેળવવા માટે કેટલો પ્રયત્નશીલ છે ?
- આમ, ઉપરની બધી જ બાબતોના ઉત્તરો વિદ્યાર્થીના હેતુઓનું અપેક્ષિત વર્તન પરિવર્તન કેટલું થયું છે તે નક્કી કરી આપે છે.

(૪) **મૂલ્યાંકન માટે યોગ્ય સાધનની પસંદગી :**

- વર્તન પરિવર્તન લાવી શકાય તેવી પરિસ્થિતિઓ નક્કી કર્યા પછી નક્કી કરેલા હેતુઓની સિદ્ધિ જાણવા માટે એકમને અનુરૂપ સાધન કે પ્રયુક્તિની પસંદગી કરવી પડે.

  દા.ત. – 'વિદ્યાર્થી આકૃતિ દોરી શકશે.' તે માહિતી તપાસવા માટે નિબંધ પ્રકારનો પ્રશ્ન આકૃતિવાળો આપી શકાય.

- 'ચેક એટલે શું ? તેનાં જુદાં જુદાં પ્રકારો આકૃતિ સાથે સમજાવો.' તેના માટે કસોટી પરીક્ષા લેવી.

- ઝડપથી ગણતરી કરવા માટે લેખિત કસોટી બનાવવી. ઝડપથી વાંચન માટે વાંચન માટેની જુદી જુદી કસોટી બનાવવી.

(૫) **મૂલ્યાંકનના સાધનની રચના કરવી :**

- મૂલ્યાંકનના સાધનની પસંદગી કર્યા પછી આવા સાધનની રચના કરવી પડે છે. આ સાધન અપેક્ષિત વર્તન પરિવર્તનના સંદર્ભમાં રચના કરવામાં આવે છે. ઝડપી ગણતરીની લેખિત કસોટી બનાવવી પડે છે, આ ઝડપી ગણતરીની લેખિત કસોટી ભલે પછી ગમે તે વ્યક્તિ વડે વપરાય.

(૬) **સાધનનો ઉપયોગ :**

- મૂલ્યાંકન માટેનું ઉચિત સાધન તૈયાર થઈ જાય ત્યારબાદ વિદ્યાર્થી ઉપર તેનો ઉપયોગ કરવાનો હોય છે. વિદ્યાર્થીઓના વર્તન પરિવર્તન અંગેના જે પૂરાવા મળે છે, તેની નોંધ કરવામાં આવે છે.

(૭) **મળેલા પૂરાવાઓનું અર્થઘટન કરવું :**

- વિદ્યાર્થીઓના અપેક્ષિત વર્તન પરિવર્તનો અંગે મળેલા પ્રત્યાઘાતો કે પરિણામોનું ચોક્કસ અર્થઘટન કરવું જોઈએ.
- વિદ્યાર્થીના અગાઉના પરિણામ સાથે મળેલ પરિણામ સરખાવવું, તેમાં વધારો થયો કે ઘટાડો થયો તે નક્કી કરવું.
- એક વિદ્યાર્થીના પરિણામ સાથે બીજા વિદ્યાર્થીઓના પરિણામની સરખામણી કરવી. આ બધા સંદર્ભનો વિચાર કર્યા બાદ વર્તન પરિવર્તન થવા બાબત જે નિર્ણય લેવાય તે મૂલ્યાંકન કહેવાય.

– **અર્થઘટન :**

ϕ કેટલે અંશે શિક્ષણના ઉદ્દેશો સિદ્ધ થયા ?

ϕ અનુભવો કેટલે અંશે સફળ થયા ? અપેક્ષિત વર્તન પરિવર્તનમાં

ϕ પાઠ્ય પુસ્તકમાં ખામી છે ?

ϕ પદ્ધતિમાં ખામી છે ?

ϕ અભ્યાસની રીત સુધારવા જેવી છે ?

ϕ વ્યક્તિગત માર્ગદર્શનની જરૂરી છે ? વગેરે બાબતો પણ જાણવાની જરૂર છે.

## ૯.૫ મૂલ્યાંકન પ્રક્રિયાનો ઉપયોગ :


- મૂલ્યાંકનની તમામ પ્રવૃત્તિઓનો એક માત્ર હેતુ બાળકોના નિદાનાત્મક અને ઉપચારાત્મક કાર્યનો જ છે, તેમ કરવા માટે મૂલ્યાંકનના વિવિધ ઉપયોગ કરવામાં આવે છે. મૂલ્યાંકનને આધારે મળેલ પરિણામો મળ્યા પછી તેનું અર્થઘટન કરી તેના ઉપયોગો કરવામાં આવે છે.
- શિક્ષણકાર્યના ત્રણ તબક્કા ગણાવી શકાય.

(૧) હેતુઓ

(૨) અભ્યાસક્રમ પદ્ધતિઓ, અધ્યયન પ્રવૃત્તિઓ

(૩) મૂલ્યાંકન

- શિક્ષણકાર્યના આ ત્રણ તબક્કા પરસ્પર ચક્રિય ક્રમમાં આકૃતિ પ્રમાણે સમજાવી શકાય.




- આપણા વર્ગ શિક્ષણમાં પાઠ આયોજન અને તેના અમલમાં આવું જ છે ને ? શિક્ષક તેના પાઠ માટેના હેતુઓ બાંધે છે તે મુજબ તેનો અભ્યાસક્રમ તેની પ્રવૃત્તિઓ અને પદ્ધતિઓનો અમલ કરે છે અને છેલ્લે મૂલ્યાંકન કરે છે.
- જો શિક્ષક તેના પાઠ આપવામાં મૂલ્યાંકનનું કાર્ય ન કરી શકે તો ? તો તેનું કાર્ય અધૂરું જ લેખાય, કારણ કે મૂલ્યાંકન થયેલ નથી. આમ, મૂલ્યાંકનમાં મળેલા પરિણામો જ અર્થઘટન કરવામાં આવે છે. મળેલા અર્થઘટનને આધારે મૂલ્યાંકનના ઉપયોગો કરવામાં આવે છે.
- મૂલ્યાંકનના ઉપયોગો નીચે પ્રમાણે ગણાવી શકાય :

(૧) **શિક્ષણકાર્ય હેતુલક્ષી બનાવવા :**

- મૂલ્યાંકન હેતુલક્ષી પ્રક્રિયા છે, તેથી શિક્ષણકાર્ય હેતુલક્ષી હોવું જોઈએ. શિક્ષક શિક્ષણકાર્ય કરે છે તે યોગ્ય છે કે નહીં ? વિદ્યાર્થી એક સારો નાગરિક બનશે કે કેમ ? સમાજને ઉપયોગી બનશે ? કુટુંબને ઉપયોગી બનશે ? જવાબદારી ઉપાડી શકશે ? ભાર રૂપ નહીં બનેને ?
- ઉપરની માહિતી મેળવીને શિક્ષણકાર્યને હેતુલક્ષી બનાવી શકાય.

(૨) **યોગ્યતાની ચકાસણી કરવા :**

- શિક્ષક જે રીતે શિક્ષણકાર્ય કરે છે તે યોગ્ય છે ? યોગ્ય પડશે ? યોગ્ય વિદ્યાર્થી એ કહેવાય કે તેને મળતાં શિક્ષણમાંથી સારામાં સારો ફાયદો ઉઠાવી શકે. પોતાનું અને સમાજનું જીવન ઘડી શકે ? જીવનનું ઘડતર કરે. મૂલ્યાંકન યોગ્યતા નક્કી કરે છે.

(૩) **શિક્ષકની કાર્યકુશળતા જાણવા :**

- શિક્ષક જે રીતે શિક્ષણકાર્ય કરે, શિક્ષણકાર્ય કરવા માટે જે પદ્ધતિ, આયોજન, સાધનો વગેરેનો ઉપયોગ કરે છે તે યોગ્ય છે કે કેમ તેની કાર્યકુશળતા જાણવા મૂલ્યાંકનનો ઉપયોગ કરવામાં આવે છે.
- વિદ્યાર્થીના જે તે વિષયમાં મળેલ પરિણામને આધારે શિક્ષકની કાર્યકુશળતા જાણી શકાય છે. મૂલ્યાંકનનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓએ પ્રાપ્ત કરેલ જ્ઞાન જાણી શકાય. વિદ્યાર્થીઓએ કેટલું જ્ઞાન પ્રાપ્ત કર્યું, તે બાબત શિક્ષકની કાર્યકુશળતા કેવા પ્રકારની છે તેના ઉપર આધારિત છે.

(૪) **શૈક્ષણિક સાધન સામગ્રીની સફળતાની જાણકારી મેળવવા :**

- સાધન સામગ્રી વાપરે છે તેના દ્વારા કેટલું જ્ઞાન પ્રાપ્ત કર્યું ?
- સાધન અસરકારક નીવડયું કે કેમ ? કયાં સાધનો ઉપયોગી છે ? વિદ્યાર્થીની કક્ષા પ્રમાણે કયું સાધન ઉપયોગી છે ? તેના દ્વારા કેટલું જ્ઞાન પ્રાપ્ત કર્યું ? સાધન સામગ્રીની સફળતા–નિષ્ફળતાની જાણકારી મેળવવા મૂલ્યાંકન ઉપયોગી થાય છે ?

(૫) **પરીક્ષાનું ટેન્શન દૂર કરવા :**


- પરીક્ષાનું અકુદરતી વર્ચસ્વ જે આજે અભ્યાસક્રમ, પાઠયપુસ્તક, શિક્ષણ પદ્ધતિઓ, વિદ્યાર્થીની અધ્યયન ટેવો વગેરેને ગૂંગળાવી નાખે છે તે દૂર થશે અને શિક્ષણકાર્યમાં તાજગી અને વૈવિધ્ય આવશે.
- પરીક્ષા પણ હેતુલક્ષી બનશે અને પરિણામો તેની પ્રમાણભૂતતા (validity) અને વિશ્વસનીયતા સારા પ્રમાણમાં વધશે. મૂલ્યાંકનના ઉપયોગ દ્વારા બાળકમાં રહેલી નબળાઈઓ જાણી તે અંગે જરૂરી માર્ગદર્શન આપી પરીક્ષાનો તનાવ કે ટેન્શન દૂર કરી શકાય છે.


(૬) **વિદ્યાર્થીના પ્રગતિપત્રક ભરવામાં ચોક્કસ સામગ્રી મેળવવા :**

- પ્રગતિ પત્રક ભરવામાં કેટલીક ચોક્કસ માહિતી પ્રાપ્ત થશે. મૂલ્યાંકનના ઉપયોગ દ્વારા વિદ્યાર્થીના રસ, વલણ, કસોટીનું પરિણામ, વાંચન, શોખ વગેરે.

(૭) **વિદ્યાર્થીઓની પસંદગી કરવા :**

- કોઈ ચોક્કસ પ્રકારના અભ્યાસક્રમમાં પ્રવેશ આપવામાં શક્તિઓ, કુશળતાઓ, અભિરૂચિ, વલણ વગેરેનું મૂલ્યાંકન કરી પસંદ કરવામાં આવે છે. અમુક પ્રકારનો અભ્યાસક્રમ પૂર્ણ કરનાર નોકરી આપવા માટે પણ મૂલ્યાંકન કરવામાં આવે છે. શાળામાં પ્રવેશ આપવા માટે ઉપયોગી બને છે.




- જુદાં જુદાં અભ્યાસક્રમ અને વ્યવસાયમાં સફળ થવા માટે જુદાં પ્રકારની શક્તિઓ બાળકોમાં અમુક નિશ્ચિત માત્રામાં હોવી જરૂરી છે, તેથી નીચી કક્ષાનાં બાળકો જે તે ક્ષેત્રમાં પ્રગતિ કરી ન શકે, તેથી અભ્યાસક્રમો કે વ્યવસાય માટે પસંદ કરી શકાય છે. ઘણી શાળાઓ તથા કૉલેજોમાં બાળકોને તેમના મૂલ્યાંકનનાં પરિણામોને આધારે જ પસંદ કરવાની પ્રથા હોય છે.

(૮) **વિદ્યાર્થીની અભ્યાસ કરવાની ટેવોનું ઘડતર કરવા :**

- પરીક્ષા જે પ્રમાણે લેવાતી હશે તે પ્રમાણે મૂલ્યાંકન કરી ટેવોનું ઘડતર કરશે.
- પરીક્ષા પદ્ધતિ કેવી ? પરીક્ષા જે રીતે લેવામાં આવે છે તે રીતે વિદ્યાર્થીને તૈયાર કરવામાં આવે છે.
- કેટલું વાંચવું જોઈએ ? કેવા પ્રકારની તૈયારી કરવી ? વગેરે માર્ગદર્શન આપવા મદદરૂપ થાય છે.

**(૯) અભ્યાસ અંગે જરૂરી માર્ગદર્શન આપવા :**

- મૂલ્યાંકન વિદ્યાર્થીની સિદ્ધિઓ અને શક્તિઓનું નિદાન કરે છે. નબળા અને સબળા પાસાં પ્રમાણે આયોજન થઈ શકે.
- વિદ્યાર્થીઓમાં નબળાઈઓ દૂર કરવા આયોજન થઈ શકે. નબળાઈઓ દૂર કરવા માટે ઉપચારલક્ષી કાર્ય હાથ ધરી શકાય છે, તેમજ વિદ્યાર્થીઓમાં સારા પાસાઓ વિકસવવા આયોજન થઈ શકે છે.
- અભ્યાસ અંગે વિદ્યાર્થીની સમસ્યા કઈ ? તે જાણવું જરૂરી છે.

**(૧૦) વિદ્યાર્થીઓનું યોગ્ય વર્ગીકરણ કરવા :**

- શિક્ષક શિક્ષણકાર્ય કરવા માટે જે પ્રવિધિઓનો ઉપયોગ કરે છે, તે પ્રવિધિઓ દ્વારા વર્ગના વિદ્યાર્થીઓએ જુદાં જુદાં વિષયોના વિવિધ હેતુઓ કેટલે અંશે સિદ્ધ કરી શક્યા છે તેની જાણકારી થાય છે.
- મૂલ્યાંકનના પરિણામોને આધારે વિદ્યાર્થીનું યોગ્ય રીતે વર્ગીકરણ કરી શકાય છે, જેવી કે કયા વિદ્યાર્થીની સિદ્ધિ ચઢિયાતી છે, મધ્યમ છે કે ઉતરતી છે તે જાણી શકાય છે. આમ, મૂલ્યાંકનના આધારે વિદ્યાર્થીઓનું તેમની સિદ્ધિ પ્રમાણે વર્ગીકરણ કરી શકાય છે.
- મૂલ્યાંકન વર્ષની વચ્ચે હોય તો વિદ્યાર્થીની પ્રગતિનો અહેવાલ વાલીઓને જણાવવામાં આવે છે.
- વાર્ષિક મૂલ્યાંકન હોય તો આ વર્ગીકરણને આધારે વિદ્યાર્થીઓને વર્ગ બઢતી અપાય છે.

**(૧૧) જૂથ વિભાજન કરવા :**

- ચોક્કસ કાર્ય કરવા માટે જૂથ વિભાજન કરવું જરૂરી છે. મૂલ્યાંકનના આધારે જૂથ વિભાજન કરવામાં મદદરૂપ થાય છે. દા.ત. – શાળામાંથી કોઈ પ્રોજેક્ટ લેવો હોય ત્યારે જૂથ વિભાજન કરવામાં મૂલ્યાંકન ઉપયોગી બને છે.

**(૧૨) વિદ્યાર્થીને યોગ્ય પ્રોત્સાહન પૂરા પાડવા :**

- આપણે સૌ જાણીએ છીએ કે બાળકો જે ભણે છે અને જેવી રીતે ભણે છે તે બાળકને મૂલવવાની પદ્ધતિ આધાર રાખે છે.
- વર્તમાન પરીક્ષા પદ્ધતિ મર્યાદિત હેતુઓ અને મર્યાદિત પ્રકારનાં મૂલ્યાંકનના સાધનો ઉપર આધારિત છે, તેથી બાળકો મર્યાદિત પ્રકારનો અભ્યાસ કરી મર્યાદિત પ્રમાણમાં હેતુઓ સિદ્ધ કરી શકે છે, પરિણામે તેમનું ભણતર સંકુચિત બને છે. મૂલ્યાંકન સર્વગ્રાહી પ્રક્રિયા હોઈ તેમાં શિક્ષણના તમામ હેતુઓને મૂલવવા. વિવિધ પ્રકારનાં મૂલ્યાંકનના સાધનો અને પ્રવિધિઓ ઉપયોગ થાય છે, પરિણામે વિદ્યાર્થીઓ તમામ પ્રકારના હેતુઓને લક્ષમાં રાખી અભ્યાસ કરવા પ્રેરાય છે, તેથી તેમનો સર્વદેશીય વિકાસ થઈ ભણતર વધુ ને વધુ સારું બને છે.

**(૧૩) વિદ્યાર્થીની કેટલીક વિશિષ્ટ શક્તિઓ જાણવા :**

- કયા કૌશલ્યનો યોગ્ય વિકાસ થયો છે ?

  દા.ત. – આકૃતિ દોરવી, નકશા દોરવા, વિષયવસ્તુનં જ્ઞાન, સમજ શક્તિ, નિર્ણય શક્તિ, તર્ક શક્તિ વગેરે વિશિષ્ટ શક્તિઓ મૂલ્યાંકનના ઉપયોગના આધારે જાણવા મળે છે.

**(૧૪) વિદ્યાર્થીઓની યોગ્ય આગાહી કરવા :**

- વિદ્યાર્થીઓએ શૈક્ષણિક સિદ્ધિ કરી છે કે નહીં, તેમજ ધંધામાં સફળ થશે કે નહીં વગેરે આગાહી માટે મૂલ્યાંકનનો ઉપયોગ કરવામાં આવે છે.

**(૧૫) શૈક્ષણિક સંસ્થાની મૂલવણી કરવા :**


- શૈક્ષણિક સંસ્થાની મૂલવણી કરવામાં મૂલ્યાંકન મદદરૂપ થાય છે, જે શાળાનું પરિણામ સારું આવે છે તે શાળાની બજારમાં છાપ સારી હોય છે, જે શાળાનું પરિણામ નીચું આવે છે તે શાળાની બજારમાં કિંમત ઓછી હોય છે.

**(૧૬) વિદ્યાર્થીઓનું યોગ્ય નિદાન કરવા :**

- મૂલ્યાંકનના આધારે વિદ્યાર્થીઓનું યોગ્ય નિદાન કરી હોંશિયાર, મધ્યમ, નબળા વગેરે વિદ્યાર્થીઓને જુદાં તારવવા માટે મૂલ્યાંકનનો ઉપયોગ થાય છે.

## ૯.૬ મૂલ્યાંકનના સાધનો :

- સામાજિક વિજ્ઞાનમાં મૂલ્યાંકનના સાધનો મહત્ત્વનું અંગ છે. શિક્ષણની પ્રક્રિયા દ્વારા વિદ્યાર્થીઓમાં કેટલાંક અપેક્ષિત વર્તન પરિવર્તન આવે છે.
- વિદ્યાર્થીઓમાં આવતા અપેક્ષિત વર્તન પરિવર્તન કોઈ એક પ્રકારની મૂલ્યાંકન પ્રવિધિ દ્વારા ચકાસી શકાતાં નથી.
- શિક્ષકે શિક્ષણના અંતે મૂલ્યાંકન કરવું જોઈએ કે જેથી શિક્ષકને ખબર પડે કે પોતે જે રીતે શિક્ષણકાર્ય કરે છે તે વિદ્યાર્થીઓ માટે યોગ્ય છે કે તેમાં ફેરફાર કરવાની જરૂર છે, તેનું દિશા સૂચન મળી રહે તે માટે મૂલ્યાંકનના જુદાં જુદાં સાધનોનો ઉપયોગ કરવો પડે છે. વિદ્યાર્થીઓના વર્તન પરિવર્તનોનું મૂલ્યાંકન કરવા માટે કોઈ એક જ મૂલ્યાંકનના સાધનનો ઉપયોગ પૂરતો નથી.
- વિભિન્ન વર્તન પરિવર્તન માપવા માટે વિવિધ મૂલ્યાંકનનાં સાધનોનો ઉપયોગ કરવો જોઈએ. મૂલ્યાંકનના વિવિધ સાધનો નીચે મુજબ છે :




- મૂલ્યાંકનના અન્ય સાધનો :

**(૧) નિરીક્ષણ : (Observation)**

– શિક્ષક વિદ્યાર્થીઓના વર્ગમાં, વર્ગ બહાર પ્રવૃત્તિઓનું નિરીક્ષણ કરી તેમનાં વલણ, કૌશલ્ય, રસ જાણી શકે છે.

- શિક્ષણને અંતે તેમાં કેવા ફેરફાર થયા છે તે નિરીક્ષણ દ્વારા જાણી શકાય છે. વિદ્યાર્થીઓ કોઈ કંપનીની મુલાકાતે ગયા હોય કે પ્રવાસ પર ગયા હોય ત્યારે નિરીક્ષણ દ્વારા મૂલ્યાંકન કરવાની ઘણી સારી તકો મળે છે.
- વિદ્યાર્થીઓ કઈ વસ્તુને કઈ રીતે જુએ છે, કેવી નોંધ કરે છે, કેટલી ચોકસાઈ રાખે છે, કેટલો રસ ધરાવે છે તેમને શું ગમે છે , શું નથી ગમતું વગેરે ઘણી બાબતો આ નિરીક્ષણ દ્વારા જાણી શકાય છે.
- સામાજિક વિજ્ઞાનમાં શૈક્ષણિક સાધનો તૈયાર કરવા આપવામાં આવે ત્યારે વિદ્યાર્થીઓ શૈક્ષણિક સાધનો તૈયાર કરવામાં કેવી ચીવટ રાખે છે તે નિરીક્ષણ દ્વારા જાણી શકાય તેમજ સામાજિક વિજ્ઞાનમાં સ્વાધ્યાય પદ્ધતિ, પ્રોજેક્ટ પદ્ધતિ, ટીમ ટીચિંગ વગેરે પદ્ધતિઓનો ઉપયોગ કરી નિરીક્ષણ કરી શકાય. આ જુદી જુદી પદ્ધતિઓમાં અધ્યયન ચાલતું હોય ત્યારે મૂલ્યાંકન કરવાની જરૂર પડે છે. આવા સમયે વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરવા નિરીક્ષણ પ્રવિધિ ખૂબ જ ઉપયોગી બને છે.

(૨) **મુલાકાત :** (Interview)

- મુલાકાત પણ મૂલ્યાંકનની મહત્ત્વની પ્રવિધિ છે. સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં પડતી મુશ્કેલીઓ, વ્યક્તિગત ભિન્નતાઓ, સામાજિક વિજ્ઞાનમાં રસ અને અભિરૂચિ વગેરે જાણવા વ્યક્તિગત મુલાકાત આવકારપાત્ર બને છે.
- દા.ત. : વૈયક્તિક તફાવતો જાણવા કોઈ વિદ્યાર્થી નેતાગીરી પૂરી પાડી શકશે કે કેમ તે જાણવા સામાજિક વિજ્ઞાનમાં પ્રોજેક્ટ પદ્ધતિ અને ટીમ ટીચિંગ પદ્ધતિમાં જૂથ પાડીને નેતાની પસંદગી કરવી પડે છે, તે બાબતે આ પદ્ધતિ કામ લાગે.
- વળી કેટલીક વખત શાળામાં વિદ્યાર્થીઓમાં રહેલી શક્તિઓ જાણવા માટે પણ આ પ્રવિધિ ઉપયોગી છે.

(૩) **પ્રશ્નાવલિ :** (Questionnaire)

- વિદ્યાર્થીઓમાં રૂચિઓ અને અભિપ્રાયો જાણવા માટે આ પ્રવિધિ ઉપયોગી નીવડે. કેટલીક વખત શરમાળ વિદ્યાર્થીઓ મુલાકાતમાં જવાબ આપતાં નથી, તેવે વખતે પ્રશ્નાવલિ મહત્ત્વનું સાધન બને છે.
- પ્રશ્નાવલિમાં વિદ્યાર્થીને ચોક્કસ હેતુ માટે યોજાયેલા પ્રશ્નો પ્રત્યે જે પ્રત્યાઘાતો આપે છે તે દ્વારા વિદ્યાર્થીઓનો રસ અને તેમનામાં વલણોનું મૂલ્યાંકન થઈ શકે છે.

(૪) **પરીક્ષા :** (Examination)

- આ પદ્ધતિ દ્વારા વિષયની ઉપલબ્ધિ જાણી શકાય છે. મૂલ્યાંકનમાં વિશેષ પ્રમાણમાં વપરાતી આ પરીક્ષા પદ્ધતિ છે, તે દ્વારા શિક્ષક પોતે શું ભણાવે છે તેનું ભાન થાય છે.
- પરીક્ષા પદ્ધતિઓ મૂલ્યાંકનની બીજી પદ્ધતિઓ કરતાં વધુ પ્રચલિત પ્રવિધિ છે. પરીક્ષા પ્રવિધિના પ્રકાર નીચે મુજબ જોવા મળે છે.

(૧) **મૌખિક પરીક્ષા :** (Oral Examination)

- આ પરીક્ષામાં પ્રશ્નો અને ઉત્તર બંનેની રજૂઆત મૌખિક રીતે થાય છે. મૌખિક પરીક્ષામાં વિદ્યાર્થી અને પરીક્ષક પ્રત્યક્ષ રીતે બંને મળે છે.
- આ પ્રકારની પરીક્ષા વિદ્યાર્થીઓને આત્મવિશ્વાસ, સંયમ, બોલવાની તેમજ વાતચીત કરવાની રીતભાત વગેરે જેવા વ્યક્તિગત ગુણોના વિકાસની જાણકારી પ્રાપ્ત થઈ શકે છે, પરંતુ આ પદ્ધતિમાં વ્યક્તિલક્ષીપણું ખૂબજ છે, તેનો ઉપયોગ લેખિત પરીક્ષાના પૂરક તરીકે થાય છે.

(૨) **પ્રાયોગિક પરીક્ષા :** (Practical Examination)

- આ પ્રકારની પરીક્ષા મોટે ભાગે વિજ્ઞાન, કૃષિ વિજ્ઞાન, ચિત્ર વગેરે જેવાં વિષયોમાં વિશેષ પ્રમાણમાં ઉપયોગ થાય છે. સામાજિક વિજ્ઞાનમાં પણ પ્રાયોગિક કાર્યો કરવાના હોય છે. આ પ્રાયોગિક કાર્યોના પરીક્ષણ માટે આ પરીક્ષા યોજી શકાય. દા.ત. –ચાર્ટ તૈયાર કરવા આપી શકાય.
- આ પ્રવિધિમાં વિદ્યાર્થી પોતાના કાર્યનો નમૂનો પરીક્ષક સામે રજૂ કરે છે. આ પ્રકારની પરીક્ષાર્થી વિદ્યાર્થીનું પ્રાયોગિક કૌશલ્ય ચકાસી શકાય છે. આ પ્રવિધિમાં પણ વ્યક્તિલક્ષીપણું વિશેષ છે, તેનો પણ ઉપયોગ કેટલાંક વિષયોમાં લેખિત પરીક્ષાના પૂરક તરીકે થાય છે.

(૩) **લેખિત પરીક્ષા :** (Writen Examination)

- જે પરીક્ષાના ઉત્તરો લખીને આપવાના હોય તેવી પરીક્ષાને લેખિત પરીક્ષા કહે છે. મૂલ્યાંકન માટે લેખિત પરીક્ષાની રીત સૌથી વધારે પ્રચલિત રીત છે. આ રીત ઘણી ઝડપી છે. એક સાથે ઘણા વિદ્યાર્થીઓ પરીક્ષા આપી શકે છે, તેમાં પક્ષપાત, વ્યક્તિત્વ વગેરેની ઘણી ઓછી અસર થાય છે, તે દ્વારા શિક્ષક પોતે શું ભણાવે છે તેનું ભાન થાય છે. શિક્ષકે શીખવેલી બાબતો વિદ્યાર્થીઓ કેટલી ગ્રહણ કરી છે તે જાણી શકાય છે.
- લેખિત મૂલ્યાંકનના ત્રણ પ્રકારના પ્રશ્નો દ્વારા મૂલ્યાંકન થઈ શકે :

૧〉 **નિબંધ પ્રકારના પ્રશ્નો :** (Essay type Question)

* નિબંધ પ્રકારની કસોટીમાં વિદ્યાર્થીઓને કેટલાંક પ્રશ્નો આપવામાં આવે છે, તે એવા પ્રશ્નો હોય છે કે જેનો જવાબ વિદ્યાર્થી પોતે પોતાની રીતે વિચારીને, પોતાની ભાષામાં આપે છે, તેમને કોઈ પણ જાતનું બંધન નડતું નથી.

★ આ પ્રશ્નોના ઉત્તર આપવામાં વિદ્યાર્થી પૂરતી સ્વતંત્રતા મેળવે છે. વળી એક જ પ્રશ્નના સાચા ઉત્તરો અનેક જાતના હોઈ શકે છે. વળી ઉત્તરો તદ્દન સાચાથી માંડીને તદ્દન ખોટાની વચ્ચે કોઈ પણ ગુણવત્તા ધરાવી શકે છે. આવા પ્રશ્નોના ઉત્તરો સ્વાભાવિક રીતે જ લાંબા હોય છે. આથી સરખી ગુણવત્તા ધરાવતા બે ઉત્તરોનું આયોજન વિષયવસ્તુ તદ્દન ભિન્ન હોઈ શકે છે.

* આ પ્રકારના પ્રશ્નોના ઉત્તર લખવામાં તેમજ ગુણાંકન કરવામાં વ્યક્તિલક્ષીપણું વિશેષ હોય છે.

* દા.ત. – ગ્રાહક સુરક્ષા એટલે શું ?

ગ્રાહક સુરક્ષાનું મહત્ત્વ જણાવો.

૨〉 **ટૂંકા પ્રશ્નો :** (Short Answer Type Question)

★ જે પ્રશ્નોના જવાબ ટૂંકમાં જ આપી શકાય તેવા પ્રશ્નોને ટૂંકા જવાબ પ્રશ્નો તરીકે સ્વીકારી શકાય.

★ આ પ્રકારના પ્રશ્નોના ઉત્તરો સામાન્ય રીતે બે ત્રણ લીટીથી આઠ દસ લીટીમાં આપવાના હોય છે.

★ આ પ્રકારના પ્રશ્નોના ઉત્તર આપવામાં તેમજ ગુણાંકન કરવામાં નિબંધ પ્રકારના પ્રશ્નનો સરખામણીમાં વ્યક્તિલક્ષી પ્રમાણમાં ઓછું હોય છે, છતાં આ પ્રકારના પ્રશ્નોના ઉત્તર આપવામાં અને તેનુ ગુણાંકન કરવામાં સંપૂર્ણપણે વસ્તુલક્ષીપણું આપી શકાતું નથી. દા.ત. – ગ્રાહક સુરક્ષા એટલે શું ?

★ આ પ્રકારના પ્રશ્નોની રચનાની મર્યાદા એ છે કે, કેટલાંક લોકો એમ માને છે કે નિબંધ પ્રકારના પ્રશ્નને અંતે ટૂંકમાં જવાબ આપો ઉમેરવાથી આ પ્રકારનો પ્રશ્ન બની જાય છે, પરંતુ આ માન્યતા ભૂલ ભરેલી છે.

૩) **વસ્તુલક્ષી પ્રશ્નો :** (Objective Type Question)

★ નિબંધ પ્રકારના પ્રશ્નના અનેક ઉત્તરો હોય છે. આ પ્રકારના પ્રશ્નમાં વ્યક્તિ પોતે પોતાની રીતે તેનો મુક્ત જવાબ આપે છે, જ્યારે વસ્તુલક્ષી પ્રશ્નોને એકમાત્ર નિશ્ચિત જવાબ હોય છે.

★ જે પ્રશ્નો સંપૂર્ણપણે અનાત્મલક્ષી થઈ શકે તે વસ્તુલક્ષી પ્રશ્નો તરીકે ઓળખાય છે, તેનું બીજું નામ અનાત્મલક્ષી પ્રશ્નો પણ છે. આવા પ્રશ્નોનું સ્વરૂપ ખૂબ જ નિશ્ચિત હોય છે, તેના જવાબો ખૂબ જ ટૂંકા, ચોક્કસ અને એક જ હોય છે.

★ આ પ્રશ્નની કસોટી ગમે તે પરીક્ષક ગમે ત્યારે તપાસે છતાં પણ તેનાં ગુણમાં કોઈ તફાવત આવતો નથી, પરિણામે તેનું ગુણાંકન સંપૂર્ણપણે વસ્તુલક્ષી બને છે. પરીક્ષકની માન્યતા કે ગમા–અણગમાની અસર ગુણાંકન પર થતી નથી.

(૫) **ક્રમ માપ દંડ :** (Rating Scale)

- કેટલાંક રસ, વલણ, કૌશલ્ય તેમજ જ્ઞાનનો ઉપયોગ અંગેનું મૂલ્યાંકન કરતા તેને ચોક્કસ ગુણ ન આપી શકાય તેમ હોય તો ક્રમ માપદંડનો ઉપયોગ કરી શકાય. વ્યક્તિમાં કેટલાંક લક્ષણો ગુણવત્તાની દૃષ્ટિએ કેટલી માત્રામાં વિકલ્પો છે તે બીજી વ્યક્તિ દ્વારા અવલોકન કરી પદ્ધતિસર રીતે નોંધ કરવાનું સાધન ક્રમ માપ દંડ છે.
- વિદ્યાર્થીઓમાં પ્રમાણિકતા, સત્યપાલન, આપસૂઝ, ખંત, નિષ્ઠા, નિયમિતતા વગેરેનું મૂલ્યાંકન સંખ્યાત્મક રીતે કરી શકાતું નથી.
- દા.ત. : આકૃતિ વાંચનના કૌશલ્ય માટે ચોક્કસ ગુણ ન આપી શકાય. ક્રમ માપ દંડ આવા માટે જે ઉદ્દેશોનું મૂલ્યાંકન કરવાનું હોય, તેનાં મહત્ત્વનાં લક્ષણો, મુદ્દા કે વિગતો સ્પષ્ટપણે નક્કી કરવામાં આવે છે. મૂલ્યાંકનમાં મુદ્દાઓને ઊભી હરોળમાં લખવામાં આવે છે અને ઉપરની સાદી હરોળમાં ગુણવત્તામાપક માપ માટેના શબ્દો જેવા કે 'ઉત્તમ', 'સામાન્ય', 'સામાન્ય થી ઉતરતું' વગેરે લખવામાં આવે છે.

(૬) **ચેકલિસ્ટ :** (Check list)

- આત્મ મૂલ્યાંકન માટે ઉપયોગ કરવામાં આવ છે. લક્ષણોની યાદી બનાવવામાં આવે છે. વ્યક્તિએ પોતાને જે લાગુ પડે તેની સામે ખરાની નિશાની કરવાની હોય છે. એના પરથી વિદ્યાર્થીમાં રસ, વલણ અને વ્યક્તિનાં લક્ષણો જાણી શકાય છે, પ્રમાણભૂત નથી.

(૭) **પ્રાસંગિક નોંધ :** (Anecdotal Record)

- વિદ્યાર્થીઓમાં સંવેદનશીલતા, લાગણીઓની સમતુલા અનુકૂલન શક્તિ, વલણ, અભિરૂચિ વગેરે બાબતોનું પ્રતિબિંબ એના વર્તનમાં સ્પષ્ટપણે પડતું હોય છે, તેથી વિવિધ પ્રસંગોએ વિદ્યાર્થીઓએ કરેલા વિશિષ્ટ વર્તનોની નોંધ રાખવામાં આવે છે, જે પ્રાસંગિક નોંધ તરીકે ઓળખાય છે. વિદ્યાર્થીના બહુમુખી વિકાસનું મૂલ્યાંકન કરવામાં આ પ્રવિધિ ખૂબ અસરકારક પૂરવાર થઈ છે. વિદ્યાર્થીના વ્યક્તિત્વનું મૂલ્યાંકન કરવામાં અને શૈક્ષણિક નિર્દેશન આપવામાં આવી નોંધ ખૂબ જ ઉપયોગી માહિતી પૂરી પાડે છે. વિદ્યાર્થીના જુદાં જુદાં સમયે, સ્થળે કે પ્રસંગે જુદાં જુદાં પ્રકારના વર્તનોની શિક્ષક દ્વારા અનાત્મલક્ષી નોંધ રાખવામાં આવે છે, જે પ્રાસંગિક નોંધ તરીકે ઓળખાય છે. પ્રાસંગિક નોંધ પરથી વિદ્યાર્થીના વ્યક્તિત્વના મૂલ્યાંકન કરવા ઉપયોગી સાબિત થાય છે.

(૮) **સામાજિકતા મિતિનો આલેખ :** (Sociogram)

- વર્ગ એક જૂથ છે, જે નાનાં નાનાં જૂથમાં વિભાજન થયેલ જોવા મળે છે. આ વર્ગ એક જૂથનું અવલોકન કરતા જણાશે કે કેટલાંકની વર્ગમાં લોકપ્રિયતા ખૂબ વધુ હોય છે. એમનો મિત્ર વર્ગ વિશાળ હોય છે. કેટલાંક પર સ્પષ્ટ મિત્રાચારી ધરાવે છે, તો કેટલાંક સાવ અટૂલાં પડી જાય છે. વર્ગમાં જે વિદ્યાર્થીઓ અટૂલાં તેમજ ઓછા મિત્રો ધરાવતાં હોય તેવા વિદ્યાર્થીઓને

શોધી કાઢી તેમનામાં સામાજિકતા વધે એવા પ્રયત્નો કરવા જરૂરી છે. વર્તમાન શિક્ષણ કાર્ય જૂથ ઉપર વધુ ભાર મૂકે છે. જૂથના કાર્યમાં વધુ સહકાર વધે તો જૂથ શિક્ષણ કાર્ય વધુ સારી રીતે થઈ શકે. આ સામાજિક મિતિ કોઈ એક પરિસ્થિતિના સંદર્ભમાં જુદાં જુદાં વિદ્યાર્થીનું 'પસંદગી મૂલ્ય' દર્શાવે છે.

- સામાજિક વિજ્ઞાન શિક્ષણ કાર્ય માટે જૂથ ચર્ચા, સેમિનાર, વર્કશોપ, પ્રોજક્ટ પદ્ધતિ વગેરે જેવી પ્રવૃત્તિઓ કરવા માટે નેતાની જરૂર રહે છે. આ સાધન દ્વારા નેતાની પસંદગી કરવા માટે ઉપયોગી સાધન છે.

(૯) **સંગૃહિત પ્રગતિપત્રક :** (Cumulative Record Card)

- વિદ્યાર્થીના શાળા દરમિયાનનો રિપોર્ટ આ પત્રકમાં મૂકવામાં આવે છે. વિદ્યાર્થીના સર્વાંગી વિકાસની નોંધ આ પત્રકમાં હોય છે. વિદ્યાર્થી કયા વિષયો અને કયા વ્યવસાયમાં યોગ્ય છે તેની માહિતી આ પત્ર પરથી મળે છે. માર્ગદર્શન આપનાર માટે આ પત્રક ઉપયોગી બને છે. આ પત્રક પરથી વિદ્યાર્થીનાં રસ, રૂચિ વગેરેની માહિતી જાણવા મળે છે.
- સંગૃહિત પ્રગતિપત્રક એ વિદ્યાર્થીના સમગ્ર શાળાના જીવનના માહિતીનો સંગ્રહ છે.
- વિદ્યાર્થીની કૌટુંબિક, સામાજિક, શૈક્ષણિક, સહઅભ્યાસ પ્રવૃત્તિઓ, તેના વ્યક્તિત્વના લક્ષણો, તેના રસ, રૂચિ વગેરે અંગેની વિશિષ્ટ માહિતીની નોંધ આ પત્રકમાં હોય છે.
- આ પત્રક દરેક વિદ્યાર્થીના સર્વાંગી મૂલ્યાંકન માટે તેમજ તેના શૈક્ષણિક અને વ્યાવસાયિક માર્ગદર્શન માટે આ એક મહત્ત્વનું સાધન ગણવામાં આવે છે.

## ૯.૭ મૂલ્યાંકનના હેતુઓ :

- શિક્ષણક્ષેત્રે કોઈ પણ વિષયમાં કરવામાં આવતું મૂલ્યાંકન સામાન્ય રીતે નીચે જેવા હેતુઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવતું

(૧) વિદ્યાર્થીઓની મુશ્કેલીઓ, ખામીઓ તથા ગુણો જોવા.

(૨) વિદ્યાર્થીઓના વિકાસને ગતિશીલ રાખવા.

(૩) વર્ગમાં વિદ્યાર્થીઓનું વર્ગીકરણ કરવા.

(૪) અભ્યાસક્રમમાં સુધારા વધારા કરવા.

(૫) વર્ગ શિક્ષણ પદ્ધતિની સફળતાનું અનુમાન બાંધવા.

(૬) વિદ્યાર્થીઓ ઉત્તમ રીતે શીખે તે માટે પ્રોત્સાહિત કરવા.

(૭) વિદ્યાર્થીઓને શૈક્ષણિક તેમજ વ્યાવસાયિક અભ્યાસક્રમો વિશે જરૂરી માર્ગદર્શન પૂરું પાડવા.

(૮) શિક્ષકની શિક્ષણ કાર્યની સફળતા અને નિષ્ફળતા અંગેની માહિતી મેળવવા.

(૯) શિક્ષણના હેતુઓની સિદ્ધિ જાણવા.

(૧૦) શિક્ષણની પ્રવૃત્તિઓ અને પ્રવિધિઓની ઉપયોગિતા જાણવા.

(૧૧) શિક્ષણની સફળતા જાણવા અને તેમાં જરૂરી સુધારા–વધારા કરવા.

## ૯.૮ પ્રશ્નનાં પ્રકાર :

- મૂલ્યાંકનના ઉપયોગથી બાળકના વર્તન પરિવર્તન અંગેના પૂરાવાઓ જોવામાં આવે છે. પ્રાપ્ત થયેલા પૂરાવાઓને આધારે બાળકના વિકાસનું મૂલ્યાંકન કરવામાં આવે છે. આવા પૂરાવાઓ મેળવવા માટે અનેક પ્રકારનાં મૂલ્યાંકનના સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે.
- મૂલ્યાંકનના એક સાધન તરીકે તેમાં પ્રશ્નોનાં પ્રકારનો સમાવેશ કરવામાં આવે છે.

પ્રશ્નનાં પ્રકાર

નિબંધ પ્રકારના પ્રશ્નો | ટૂંકા ઉત્તર પ્રશ્નો | અનાત્મલક્ષી પ્રશ્નો

(૧) **નિબંધ પ્રકારનાં પ્રશ્નો :** (Essay Types Questions)

(૧) **પ્રસ્તાવના :**

- મૂલ્યાંકનના એક સાધન તરીકે તેમાં નિબંધ પ્રકારના પ્રશ્નોવાળી કસોટીઓનો પણ સમાવેશ થાય છે.
- નિબંધ પ્રકારની કસોટીઓને મુક્ત જવાબી કસોટી પણ કહેવામાં આવે છે.
- જ્ઞાન પ્રપ્તિનું મૂલ્યાંકન કરવા માટે નિબંધ પ્રશ્નોનો આજે પણ વિશાળ પાયા પર ઉપયોગ થઈ રહ્યો છે.
- આ પ્રશ્નો સામાન્ય રીતે શિક્ષકોએ બાળકોને જે કંઈ શીખવ્યું છે તે બાળકોએ યોગ્ય રીતે ગ્રહણ કર્યું છે કે નહીં તેની ચકાસણી કરવા માટે શિક્ષકો નિબંધ પ્રકારના પ્રશ્નો તૈયાર કરીને પરીક્ષા આપે છે.

(૨) **નિબંધ પ્રકારની કસોટી એટલે શું ? :**

- નિબંધ પ્રકારની કસોટીમાં વિદ્યાર્થીને કેટલાંક પ્રશ્નો આપવામાં આવે છે, તે એવા પ્રશ્નો હોય છે કે જેનો જવાબ બાળક પોતે પોતાની રીતે વિચારીને પોતાની ભાષામાં અને પોતાના હસ્તાક્ષરમાં લખીને આપે છે.
- આ પ્રકારના પ્રશ્નના જવાબ વિદ્યાર્થી મુક્તપણે આપી શકે છે. જવાબ આપવા માટે કોઈ બંધન કે શરત સામાન્ય રીતે હોતી નથી, એટલે આવા પ્રકારના પ્રશ્નોને મુક્ત ઉત્તર પ્રશ્નો (કસોટી) કહેવામાં આવે છે.
- વિદ્યાર્થી મુક્તપણે પોતાના અભિપ્રાયો, મંતવ્યો, માન્યતાઓ, વલણો, રૂચિઓ વગેરેની અભિવ્યક્તિ કરી શકે છે.

(૩) **નિબંધ પ્રશ્નનું સ્વરૂપ :**

- આ પ્રકારના પશ્નના જવાબ પરીક્ષાર્થી મુક્તપણે આપી શકે છે. જવાબ આપવા માટે કોઈ બંધન કે શરત સામાન્ય રીતે હોતી નથી.
- એટલે આવા પ્રકારના પ્રશ્નને મુક્ત ઉત્તર કસોટી (Free Response Test) કહેવામાં આવે છે.
- બીજી રીતે કહીએ તો આવા પ્રશ્નનો જવાબ એક શબ્દ કે વાક્યમાં મળતો નથી, પરંતુ એકથી વધુ ફકરામાં કે પાંચ–સાત પાનામાં મળે છે. આ પ્રકારના પ્રશ્નના જવાબની બીજી પણ એક વિશિષ્ટતા છે કે એને તપાસનાર પાસે જે મુદ્દા ઉપર પ્રશ્ન પૂછાયેલો હોય તે મુદ્દાનું જ્ઞાન હોવું આવશ્યક છે.

(૪) **નિબંધ પ્રશ્નોના પ્રકાર :**

- આ પ્રકારના પ્રશ્નો સામાન્ય રીતે નીચેના શબ્દોથી શરૂ થતાં હોય છે
- શું ?, કોણ ?, ક્યારે, શા માટે ? આવા પ્રશ્નોના જવાબ આપવામાં બાળકને ક્યારેક હકીકતો શોધીને રજૂ કરવાની હોય છે. દા.ત. – જંગલોનું મહત્ત્વ આકૃતિ સાથે સમજાવો.
- કેટલાંક પ્રશ્નોના ઉત્તરોમાં બે બાબતો વચ્ચેનો તફાવત માંગવામાં આવે છે, તો કેટલાંક પ્રશ્નોના જવાબોમાં વ્યાખ્યા આપવાનું, વર્ણન કરવાનું સમજૂતી કે ઉદાહરણ આપવાનું કે કાર્યકારણનો સંબંધ સ્પષ્ટ કરવાનું અપેક્ષિત હોય છે.

- મનરો અને કાર્ટરે પ્રશ્નોના પ્રકારનું વર્ગીકરણ, પ્રશ્નો બાળકમાં કેવી માનસિક પ્રક્રિયાઓ ઉત્તેજે છે તે ઉપરથી કર્યું છે. તેમાંથી કેટલાંક ઉપયોગી ઉદાહરણો નીચે રજૂ કરવામાં આવ્યા છે.
  - તુલના કરવી • પૃથક્કરણ કરવું • ચર્ચા કરવી
  - ઉદાહરણ આપવા • વિવેચન કરવું • વર્ગીકરણ કરવું
  - આલેખન કરવું

– આ પ્રકારનાં પ્રશ્નોમાં શું ?, કોણ?, ક્યારે ?, કયું ?, કયાં ?, યાદી આપો, રૂપરેખા વર્ણવો, તફાવત દર્શાવો, સરખાવો, સમજાવો, ચર્ચો, વિચાર વિકસાવો, સારાંશ આપો,, મૂલ્યાંકન કરો વગેરે શબ્દો વાપરવામા આવે છે.

- ઉપરની ચર્ચાને આધારે નિબંધ પ્રકારના પ્રશ્નોને ત્રણેક પ્રકારમાં વહેંચી શકાય :

**૧〉 સ્મૃતિ પર આધારિત પ્રશ્નો :**

* આવા પ્રશ્નો સામાન્ય રીતે શું ?, કોણ?, ક્યાં ?, કેવી રીતે ? થી શરૂ થતાં હોય છે તેના જવાબ અત્યંત ટૂંકા હોય છે.

**૨〉 ટૂંકા પ્રશ્નો :**

★ આવા પ્રશ્નોના જવાબો આપવામાં એકાદ વાક્ય કે વાક્યાંશની જરૂર પડે છે, આવા પ્રશ્નોમાં 'વ્યાખ્યા આપો, ઓળખો, યાદ કરવો, શોધો, જણાવો' વગેરે જેવા ચાવીરૂપ શબ્દો હોય છે.

**૩〉 ચર્ચાના પ્રશ્નો :**

★ આ પ્રશ્નોના જવાબો પ્રમાણમાં સંકુલ અને લાંબા હોય છે. આવા પ્રશ્નોમાં ચર્ચા કરો, સમજાવો, વર્ણન કરવો, આલેખો વગેરે જેવા ચાવીરૂપ શબ્દોનો ઉપયોગ થતો હોય છે.

**(૫) નિબંધ પ્રકારના પ્રશ્નોના ફાયદા :**

- નિબંધ પ્રકારના પ્રશ્નોના ફાયદા નીચે મુજબ ગણાવી શકાય :

**૧〉 નિબંધ પ્રકારના પ્રશ્નોની રચના કરવી સહેલી છે :**

* નિબંધ પ્રકારના પ્રશ્નોની રચના કરવી ખૂબ સરળ છે. વસ્તુલક્ષી પ્રશ્નોની સરખામણીમાં આવા પ્રશ્નો બનાવવામાં એટલી બધી મહેનત કે નિપુણતાની જરૂર નથી પડતી.

★ સામાન્ય જ્ઞાન ધરાવનાર કોઈ પણ શિક્ષક આવા પ્રશ્નો ખૂબ સરળતાથી ટૂંક સમયમાં બનાવી શકે છે. પરીક્ષા શરૂ થવાની થોડી મિનિટો અગાઉ પણ આવા પ્રશ્નો બનાવી લેવામાં હરકત આવતી નથી.

* એકાદ પ્રશ્ન વિદ્યાર્થીને આપીને તેમને લખતાંકરીને પણ બાકીના પ્રશ્નો બનાવીને આપી શકાય.

**૨〉 નિબંધ પ્રકારના પ્રશ્નોનો ઉપયોગ કરવો સરળ છે :**

★ નિબંધ પ્રકારના પ્રશ્નો ઘણા સમયથી વ્યાપક પ્રમાણમાં વપરાતાં આવ્યાં છે. આ પ્રકારના પ્રશ્નો વાપરવા પણ ખૂબ સહેલા છે. આવા પ્રશ્નો વિદ્યાર્થીને લખવા આપવામાં પરીક્ષકના પક્ષે કોઈ વિશિષ્ટ આવડત, તૈયારી કે વિધિની જરૂરી પડતી નથી.

**૩〉 નિબંધ પ્રકારના પ્રશ્નો લગભગ બધા વિષયોમાં વાપરવા અનુકૂળ છે :**

★ શાળામાં શીખવવામાં આવતાં બધાં વિષયોના મૂલ્યાંકન માટે નિબંધ પ્રકારના પ્રશ્નો કોઈ ને કોઈ રીતે વાપરવા માટે અનુકૂળ છે. પછી એ વિષય ગમે તે હોય, ચિત્રકળા અને હસ્તઉદ્યોગ જેવા વિષયોમાં પણ આ પ્રકારના પ્રશ્નો વાપરી શકાય છે અને વપરાય છે.

**૪〉 ઉચ્ચ માનસિક શક્તિઓનું માપન શક્ય બને છે :**

★ કેટલીક શક્તિઓનું માપન વસ્તુલક્ષી પ્રશ્નોથી થઈ શકતું નથી, તેનું માપન નિબંધ પ્રકારના પ્રશ્નોથી શક્ય બને છે. 'ચર્ચા' પ્રકારના પ્રશ્ન દ્વારા 'તુલના કરવી, 'હકીકતું અર્થઘટન કરવું', 'વિવેચન કરવું', કોઈ બાબતનો બચાવ કે પ્રતિપાદન કરવા' વગેરે જેવી ઉચ્ચ માનસિક શક્તિઓ અને પ્રક્રિયાનું માપન આ રીતે થઈ શકે છે.

**૫〉 મુક્ત અભિવ્યક્તિની તક મળે છે :**

★ આ પ્રકારના પ્રશ્નના જવાબ પરીક્ષાર્થી મુક્તપણે આપી શકે છે, જવાબ આપવા માટે કોઈ બંધન કે શરત સામાન્ય રીતે હોતી નથી, પ્રશ્નનો જવાબ પરીક્ષાર્થી મુક્ત રીતે આપી શકતો હોવાથી મુક્ત રીતે પોતાની અભિવ્યક્તિ કરવાની તક આ પ્રકારના પ્રશ્નોમાં મળે છે.

**૬〉 ભાષાકીય અભિવ્યક્તિનું માપન અને ખિલવણી થઈ શકે છે :**

★ આ પ્રકારના પ્રશ્નોના જવાબો બાળક સ્વંતત્ર રીતે પોતાની રીતે વિસ્તારથી લખે છે, તેથી યોગ્ય વિચારો પસંદ કરીને પોતાની રીતે ગોઠવી ગૂંથીને એ લખવાના હોય છે. આમ હોવાથી બાળકની ભાષાકીય અભિવ્યક્તિ ખીલે છે. વળી બાળક કેવી રીતે વિચારો ગોઠવે છે તેના પરથી તેની ભાષાકીય અભિવ્યક્તિનું માપન થઈ શકે છે. આવા પ્રશ્નોના જવાબો લખવાથી બાળકને સાચી અને સારી ભાષા લખવાની તાલીમ મળે છે અને ટેવ પડે છે.

**૭〉 આ જાતના પ્રશ્નોના જવાબો નિદાન અને ઉપચાર માટે ઉપયોગ થઈ પડે છે :**

★ નિબંધ પ્રકારના પ્રશ્નોના જવાબના અર્થઘટન દ્વારા વિદ્યાર્થી કઈ જગ્યાએ, કેવા પ્રકારની ભૂલ કરે છે તેની માહિતી પ્રાપ્ત થાય છે. મળેલ માહિતીને આધારે ઉપચાર માટેનું કાર્ય શિક્ષક હાથ ધરી શકે છે.

**૮〉 ઓછું છપામણી ખર્ચ :**

★ નિબંધ પ્રકારના પ્રશ્નોમાં છપામણી ખર્ચ ખૂબ જ ઓછું આવે છે. આ પ્રકારના પ્રશ્નોની સંખ્યા ખૂબ જ ઓછી હોય છે, તેથી ઓછા કાગળ જોઈએ તેમજ પ્રશ્નો છાપવા માટે ઓછું ખર્ચ થાય છે.

**૯〉 બાળકનું મૂલ્યાંકન કરવું ખૂબ ઓછું ખર્ચાળ નીવડે છે :**

★ આ પ્રકારના પ્રશ્નો દ્વારા બાળકનું મૂલ્યાંકન કરવું ખૂબ ઓછું ખર્ચાળ નીવડે છે, કારણ કે પ્રશ્નપત્રની લંબાઈ ઓછી હોવાથી ઓછા સમયમાં બાળકનું મૂલ્યાંકન થઈ શકે છે, તેથી મૂલ્યાંકન કરવામાં ખૂબ ઓછું ખર્ચ આવે છે.

**૧૦〉 ચોરી કરવાનો ખૂબ ઓછો અવકાશ મળે છે :**

★ આ પ્રકારના પ્રશ્નો દ્વારા લેવાતી પરીક્ષામાં વસ્તુલક્ષી પ્રશ્નોવાળી પરીક્ષાના મુકાબલે ચોરી કરવાનો ખૂબ ઓછો અવકાશ મળે છે.

**૧૧〉 વિદ્યાર્થીના ચિંતન પ્રક્રિયા, પ્રત્યાઘાતો, મંતવ્યો, અભિપ્રાયો, વલણો વગેરેની માહિતી મળે છે :**

★ આ પ્રકારના પ્રશ્નોમાં વિદ્યાર્થીઓ મુક્ત જવાબ લખી શકતા હોવાથી, પ્રશ્નના ઉત્તરમાં વિદ્યાર્થીના ચિંતન પ્રક્રિયા, પ્રત્યાઘાતો, મંતવ્યો, અભિપ્રાયો, વલણો વગેરેની માહિતી જોવા મળે છે.

**૧૨〉 સમગ્ર અભ્યાસક્રમનો સમાવેશ :**

★ નિબંધ પ્રકારના પ્રશ્નોને કારણે સમગ્ર અભ્યાસક્રમનો સમાવેશ થઈ જાય છે.

**(૬) નિબંધ પ્રકારના પ્રશ્નોની મર્યાદા :**

● નિબંધ પ્રકારના પ્રશ્નોના કેટલાંક ફાયદા જોવા મળે છે, છતાં પણ તેમની કેટલીક મર્યાદા પણ જોવા મળે છે જે આ મુજબ છે :

**૧) મૂલ્યાંકનમાં ખામી :**

* આ પ્રકારના પ્રશ્નોના જવાબમાં ચોક્કસ જવાબનો અભાવ જોવા મળે છે. વિદ્યાર્થી પોતાની રીતે જવાબ લખે છે, અમુક જ મુદ્દા પર વધુ ભાર આપી લખે છે.

★ વિદ્યાર્થી જે જે મુદ્દા ઉપર વધુ ભાર આપે તે મુદ્દા ઉપર પરીક્ષકના મગજમાં એ વિશે કંઈક જુદું જ હોય છે, તેથી વિદ્યાર્થીનું મૂલ્યાંકન યોગ્ય રીતે થઈ શકતું નથી.

**૨) સંપૂર્ણ માહિતીનો અભાવ :**

★ આ પ્રકારના પ્રશ્નોમાં સમજાવો, ચર્ચા કરો વગેરેનો અર્થ હંમેશા એકસરખો હોતો નથી, જેથી પ્રશ્નો કયા હેતુ ચકાસવા માગે છે તે સ્પષ્ટ થતું નથી, પ્રશ્ન કેટલો લાંબો હોવો જોઈએ તે સ્પષ્ટ હોતું નથી, તેથી સંપૂર્ણ જવાબ લખી શકતાં નથી.

**૩) પ્રશ્નની ભાષા યોગ્ય ન હોય :**

★ આ પ્રકારના પ્રશ્નોમાં વારપવામાં આવતી ભાષા યોગ્ય ન હોય તો વિદ્યાર્થીઓ યોગ્ય જવાબ લખી શકતાં નથી.

★ દા.ત. – 'રાજીવ ગાંધીના કાર્યો વિશે તમે જે જાણતા હો તે લખો' – જેવાં પ્રશ્નો બહુ અસ્પષ્ટ હોય છે અને ખરેખર તો આવા પ્રશ્નનો જવાબ કોઈ આપે કે 'હું એ વિશે કંઈ જાણતો નથી' તો પણ તે પ્રમાણિક જવાબ ગણવો જોઈએ. પ્રશ્નની ભાષા અસ્પષ્ટ અને ગોળગોળ હોય ત્યારે વિદ્યાર્થીને પ્રશ્ન બરાબર સમજાતો નથી.

**૪) માપદંડનો અભાવ :**

★ આ પ્રકારના પ્રશ્નોના જવાબની ચકાસણી કરવા માટે પરીક્ષક પાસે કોઈ ચોક્કસ અને એકસરખો માપદંડ નથી. ગણિત કે વિજ્ઞાન જેવા વિષયમાં ૦ થી ૧૦૦ સુધીના પૂરા માપદંડનો ઉપયોગ થાય છે, એટલે કે કોઈને ૦ ગુણ પણ મેળે અને કોઈને ૧૦૦ ગુણ પણ મળે.

**૫) મૂલ્યાંકનમાં વિશ્વસનીયતાનો અભાવ :**

★ આ પ્રકારના પ્રશ્નોની તપાસણીમાં વિશ્વસનીયતાનું ધોરણ નીચું હોય છે. જો કોઈ પણ માપનનું સાધન કોઈ પણ એક વસ્તુનું માપ દરેક સમયે અને દરેક સંજોગોમાં એકસરખું બતાવે તો તે સાધન વિશ્વસનીય કહેવાય પણ જો તે જુદાં જુદાં સમયે જુદાં જુદાં સંજોગોમાં જુદું જુદું માપ બતાવે તો સાધનમાં વિશ્વસનીયતા ઉણપ કહેવાય.

★ એકના એક ઉત્તરની યાંત્રિક નકલો જુદાં જુદાં પરીક્ષકો તપાસે અથવા એક ને એક પરીક્ષક જુદાં જુદાં સમયે તપાસે ત્યારે તેમની મૂલવણીમાં આભ જમીન જેટલો ફેર પડે છે. આમ નિબંધ પ્રકારના પ્રશ્નોમાં વિશ્વસનીયાનો અભાવ રહેલો છે.

**૬) પરીક્ષકની માનસિક સ્થિતિ :**

★ પરીક્ષકની માનસિક સ્થિતિ મૂલ્યાંકન પર અસર કરે છે. માનસિક રીતે કંટાળેલા મગજે ઉત્તરવહી તપાસતાં પરિણામ નીચું આવવાનો સંભવ છે. ઓછી લાયકાતવાળો પરીક્ષક હોય તો વિદ્યાર્થીના ઉત્તરની કદર કરી શકતો નથી. પરીક્ષક ઉદાર હોય તો પરિણામ સારું આવે છે.

**૭) ગપ્પાં મારવાનો અવકાશ :**

★ આ પ્રકારના પ્રશ્નોમાં વિદ્યાર્થીને ગપ્પાં મારવાનો વધુ અવકાશ રહે છે. પરીક્ષક લાંબા ઉત્તરો વાંચની કંટાળે ત્યારે બધા ઉત્તરો વાંચતા નથી, તેથી વિદ્યાર્થીએ મારેલાં ગપ્પાં પકડી શકાતાં નથી. ઉત્તરની લંબાઈ જોઈને ગુણ આપવામાં આવે છે.

**૮) પરીક્ષકની જાતિની અસર :**

★ નિબંધ પ્રકારના પ્રશ્નોમાં મૂલ્યાંકન કરવામાં પરીક્ષકની જાતિની અસર થાય છે. પુરુષો કરતાં સ્ત્રીઓ ઉદાર હોય છે, તેમ ન્યુટનનો અભ્યાસ જણાવે છે. જો કે આ બધી બાબત યોગ્ય લાગતી નથી.

૯) **ઉત્તરોમાં સારા અક્ષરની અસર :**

★ વિદ્યાર્થીના ઉત્તરો લખવામાં સારા અક્ષરો હોય, પરંતુ વિષયની કક્ષા નીચી હોય તો પણ વધુ ગુણ મળે છે.

★ ખરાબ અક્ષર હોય પરંતુ વિષયની કક્ષા ઊંચી હોય તો પણ ઓછા ગુણ મળે છે. આમ, અક્ષરની મૂલ્યાંકન પર અસર થતી જોવા મળે છે.

૧૦) **ગુણાંકન આત્મલક્ષી બનવાની શક્યતા :**

★ કોઈ વિદ્યાર્થી સાથે પરીક્ષકને પૂર્વગ્રહ હોય તો તેની અસર ગુણાંકનમાં થાય છે. એટલે કે કોઈ પણ વિદ્યાર્થીના કેટલા ગુણ આપવા તે પરીક્ષકની વ્યક્તિગત ઈચ્છા પર આધારિત છે, તેથી કહી શકાય કે ગુણાંકન આત્મલક્ષી બનવાની શક્યતા રહેલી છે.

૧૧) **ઓછા અભ્યાસક્રમો સમાવેશ :**

★ આ પ્રકારના પ્રશ્નો દ્વારા તૈયાર થતી કસોટીમાં ખૂબ જ ઓછા પ્રશ્નોનો સમાવેશ થતો હોવાથી અભ્યાસક્રમના ઓછા પ્રશ્નોનો સમાવેશ થાય છે.

★ વળી, આ ઉપરાંત પરીક્ષક ઉત્તર આપનાર વિદ્યાર્થીનો પરિચય ધરાવતો હોય તો તેની અસર પર મૂલ્યાંકન ઉપર પડયા વગર રહેતી નથી, પરિણામે અગાઉ સારી છાપ પાડનાર વિદ્યાર્થીને અજાણપણે પણ વધુ સારો મૂલવવામાં આવે છે. અગાઉ નબળી છાપ પાડનાર વિદ્યાર્થીને અજાણપણે થોડો હલકો મૂલવી બેસાય છે.

★ મૂલ્યાંકન પર વ્યક્તિની જાણની પડતી આ અસરને ઓળખ અસર (Hello effect) કહેવામાં આવે છે.

★ અગાઉ તપાસેલાં ઉત્તરની અસર પર નવા ઉત્તરની મૂલવણી પર પડે છે. સારા ઉત્તર પછીનો નળબો ઉત્તર વધુ કે નબળો ઠરે અને નબળા ઉત્તર પછીનો સારો ઉત્તર વધુ સારો ઠરે છે. લખાણની લંબાઈ પણ સંજોગાનુસાર અનુકૂળ કે પ્રતિકૂળ અસરો ઊભી કરે છે.

★ આ પ્રકારના પ્રશ્નો તપાસવામાં ખૂબ સમય લાગે છે અને તપાસવાનું કાર્ય કંટાળાજનક નીવડે છે.

(૭) **સારા નિબંધ પ્રશ્નોની રચના :**

● નિબંધ પ્રકારના પ્રશ્નોની કેટલીક મર્યાદાઓ જોવા મળે છે. આ મર્યાદાઓ ઓછી કરવાના ઉપાયો પણ વિચારવા પડે.

● સારા નિબંધ પ્રકારના પ્રશ્નોની રચના કરતાં નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ, તેમજ કેટલાંક હેતુઓના મૂલ્યાંકન માટે શાળા કક્ષાએ નિબંધ પ્રશ્નો ખૂબ જ જરૂરી છે. આ સંજોગોમાં મૂલ્યાંકનનું સાધન ખૂબ અસરકારક રીતે કરી શકતું હોય તે જરૂર છે. જે શક્ય બનાવવા માટે પ્રશ્નો રચવામાં કેટલોક કાળજી આવશ્યક છે :

૧) **ગુણપ્રદાન યોજના તૈયાર કરો :**

* પ્રશ્નો તૈયાર કર્યા પછી તરત જ તેનો નમૂનારૂપ જવાબ તૈયાર કરો. જવાબ તૈયાર કરવામાં તમને પડતી મુશ્કેલીઓને કારણે તમે પ્રશ્નની ભાષા સુધારશો. જવાબમાં કયા મુદ્દા દીઠ કેટલા ગુણ આપવા તેની યોજના પણ તૈયાર કરો.

૨) **પ્રશ્નોમાં વિકલ્પો આપવા નહીં :**

★ નિબંધ પ્રશ્નોના ઉપયોગમાં વિકલ્પો આપવા તે એક દૂષણ છે. છ પ્રશ્નોમાંથી ત્રણ પ્રશ્નો લખવાનું કહીએ ત્યારે જુદાં જુદાં પ્રશ્નોની કઠિનતા જુદી જુદી હોવાથી એકસરખી ગુણવત્તા ધરાવનાર જુદાં જુદાં વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન જુદું આવે છે. આમ અમુક સંખ્યામાં પ્રશ્નોના જવાબ આપવાથી વિદ્યાર્થીઓની વિષય સિદ્ધિનું સાચું મૂલ્યાંકન થઈ શકતું નથી.

**૩〉 પ્રશ્નની ભાષા બાબત :**

★ દરેક પ્રશ્નની ભષા સ્પષ્ટ, સરળ અને ચોક્કસ હોવી જોઈએ. પ્રશ્નની ભાષા બાળકને સમજાય તેવી હોવી જોઈએ. પ્રશ્નમાં વપરાયેલ ભાષાને કારણે બાળક પ્રશ્નનો જવાબ ન લખી શકે તે અયોગ્ય ગણાય.

★ દા.ત. –'રાજીવ ગાંધી વિશે જે જાણતા હો તે લખો' આવા પ્રશ્નો ટાળવા જોઈએ. આવા પ્રશ્નોમાં શું અને કેટલું લખવું તે વિદ્યાર્થીને સમજાતું નથી.

**૪〉 ઉત્તર લાંબો આપે એમ હોય તો પ્રશ્નના પેટાવિભાગ પાડો :**

★ કોઈ એક આખો પ્રશ્ન પૂછવાને બદલે તે પ્રશ્નને પેટાવિભાગમાં વહેંચી નાખવો જોઈએ.

★ દા.ત. –શ્રીલંકાના લોકોનાં લોકજીવનની ચર્ચા કરો.' આમ આખો પ્રશ્ન પૂછવાને બદલે –

ϕ શ્રીલંકાના લોકોનો વ્યવસાય

ϕ શ્રીલંકાના લોકોનું રહેઠાણ

ϕ શ્રીલંકાના લોકોનો પહેરવેશ

ϕ શ્રીલંકાના લોકોનો ખોરાક

ϕ શ્રીલંકાના લોકોનો ઉત્સવ

★ એક આખો પ્રશ્ન પૂછવાને બદલે ઉપર પ્રમાણે તેનું પેટા વિભાગમાં વિભાજન કરવું. પેટા વિભાગમાં પ્રશ્ન અર્થપૂર્ણ અને નિશ્ચિત બને છે. વળી તેટલા જ સમયમાં વધુ પ્રશ્નો પૂછી શકાતા હોવાથી અભ્યાસક્રમને વધુ સારી રીતે આવરી લેવાય છે. આ રીતે પૂછાયેલાં પ્રશ્નોનું મૂલ્યાંકન કરવું પણ ઘણું સરળ બને છે.

**૫〉 પ્રશ્નપત્રમાં પ્રશ્નોની ગોઠવણી કઠિનતાની દૃષ્ટિએ ક્રમિક રીતે થવી જોઈએ :**

★ પ્રશ્નપત્રમાં શરૂઆતમાં સહેલા અને અંતમાં અઘરા પ્રશ્નો ગોઠવવા જોઈએ, શરૂઆતમાં જ અઘરા પ્રશ્નો ગોઠવવા જોઈએ નહીં. શરૂઆતમાં જ અઘરા પ્રશ્નો ગોઠવવાથી વિદ્યાર્થી માનસિક રીતે અસ્વસ્થ બની જવાની સંભાવના રહે છે. વિદ્યાર્થી આત્મવિશ્વાસ પણ ખોઈ બેસે છે.

**૬〉 પ્રશ્ન બનાવ્યા પછી તેની ચકાસણી કરી લેવી જોઈએ :**

★ પ્રશ્ન ગમે તેવી સારી રીતે બનાવ્યા પછી પણ તે પ્રશ્ન સારો બન્યો છે કે કેમ તેની ખાતરી કરી લેવી આવશ્યક બાબત છે. ખાતરી કરવા માટે પ્રથમ તો અનુભવી સહકાર્યકર પાસે ચર્ચા કરવાથી તેમાં રહેલી ખામીઓ છતી થઈ જાય છે, તેમજ તે પ્રશ્નનો આદર્શ જવાબ લખી પૂરી ચકાસણી કર્યા પછી જ તેને પરીક્ષાર્થી સમક્ષ રજૂ કરી શકાય.

**૭〉 જવાબ કેટલી લીટીમાં લખવાનો છે તે સ્પષ્ટ કરવું :**

★ પ્રશ્નપત્રમાં દર્શાવેલ પ્રશ્નનો જવાબ કેટલી લીટીમાં કે શબ્દોમાં લખવાનો છે તે સ્પષ્ટ કરવું, જેથી જવાબ મુદ્દાસર અને સચોટ બને. વિદ્યાર્થીઓ પણ પ્રશ્નનો જવાબ કેટલો લાંબો લખવાનો છે તે અંગે સ્પષ્ટ થાય તેમજ ખોટા ગપ્પાં ન મારે.

**૮〉 પ્રશ્ન વિદ્યાર્થીની શક્તિ પ્રમાણે પૂછવા :**

★ પ્રશ્નપત્રમાં નિબંધ પ્રકારના પ્રશ્નો વિદ્યાર્થીની શક્તિને ધ્યાનમાં રાખીને પૂછવા જોઈએ. 'તફાવત દર્શાવો, નાં કારણો આપો, નાં ઉદાહરણ આપો, અમુક બાબત કેમ બને છે, તે કેવી રીતે બને છે, અમુક બાબતની તરફેણમાં કે વિરુદ્ધમાં કારણ આપો' આવી શબ્દ રચનાવાળા પ્રશ્નો આ રીતે સારા પ્રશ્નો લેખાય છે. જ્યારે 'શું, કોણ, ક્યારે' વગેરે શબ્દોવાળા પ્રશ્નો માત્ર માહિતી જ કઢાવી શકતા હોવાથી નબળા પ્રશ્નો લેખાય છે, તેમજ 'જે જાણતા હો તે લખો, આ બાબત વિશે તમે શું ધારો છો ?, કે તમારો શો અભિપ્રાય છે ?' તેવા પ્રશ્ન સામાન્ય રીતે પૂછવા હિતાવહ નથી.

**૯〉 પ્રશ્નના ગુણ યોગ્ય રીતે ફાળવવા જોઈએ :**

★ ઘણીવાર નિબંધ પ્રકારના પ્રશ્નોમાં જેનો જવાબ ઓછી લંબાઈવાળો, ઓછો સમય, સહેલો

હોય, વગેરે બાબતો જોવા મળે છતાં તેના ગુણ વધુ રાખવામાં આવે છે. જ્યારે લંબાણ અને વધુ સમય માંગતા જવાબવાળા અને અઘરા પ્રશ્નના ગુણ ઓછા રાખવામાં આવે છે. આમ કરવાથી પ્રશ્નની વિશ્વસનીયતા જોખમાય છે, તેથી પ્રશ્નોના ગુણ ફાળવતી વખતે તેના જવાબની લંબાઈ, તે લખવામાં લાગતો સમય અને કઠિનતા લક્ષમાં રાખવા જોઈએ.

**૧૦〉 માત્ર માહિતી કેન્દ્રી પ્રશ્નો પૂછવા નહિ :**

★ વિદ્યાર્થી મેળવેલ જ્ઞાનનો ઉચિત ઉપયોગ કરીને પ્રશ્નોના જવાબ આપે તેવા પ્રશ્નો પૂછવા વધુ યોગ્ય છે. માત્ર માહિતી કેન્દ્રી પ્રશ્નો પૂછવાથી વિદ્યાર્થી યોગ્ય જ્ઞાનનો ઉપયોગ કરી શકતો નથી.

**૧૧〉 નિબંધ પ્રશ્નોનું કઠિનતા મૂલય યોગ્ય રાખવું :**

★ નિબંધ પ્રશ્નોનું કઠિનતા મૂલ્ય એવું હોવું જોઈએ કે જેથી વિષયનું જ્ઞાન ધરાવનાર વિદ્યાર્થી પ્રશ્નપત્ર માટે નિયત કરેલા સમયમાં બધાજ પ્રશ્નોનો જવાબ કોઈ પણ જાતની માનસિક તાણ કે તંગદીલી અનુભવ્યા વિના લખી શકે.

૧૨〉 વિદ્યાર્થીના સારા અક્ષર કે ભાષા માટે જરૂર હોય તો અલગ ગુણ રાખવા જોઈએ, પરંતુ તેના ઉત્તરને પ્રશ્નના વિષયની દૃષ્ટિએ જ મૂલવવા જોઈએ.

૧૩〉 વિદ્યાર્થીવાર ઉત્તરવહી તપાસતાં પહેલા દરેક પ્રશ્ન દીઠ થોડા ઉત્તરો વાંચી જવા જોઈએ અને પ્રશ્નનો અર્થ વિદ્યાર્થી ખોટો સમજ્યા નથી ને તેની ખાત્રી કરી લેવી જોઈએ.

૧૪〉 વિદ્યાર્થીઓની ઉત્તરવહી એક પછી એક તપાસવાને બદલે પ્રશ્નવાર એટલે કે એકેક પ્રશ્ન લઈ તેનો ઉત્તર બધા વિદ્યાર્થીઓની ઉત્તરવહીમાંથી તપાસવો વધારે યોગ્ય ગણાય.

**(૮) નિબંધ પ્રકારના પ્રશ્નોના ગુણાંકન માટેનાં સૂચનો :**

● નિબંધ પ્રકારના પ્રશ્નોની રચનાની જેમ એના ગુણાંકનમાં પણ ચોકસાઈ રાખવાની જરૂર છે. આજે નિબંધ પ્રશ્નોનું જે રીતે ગુણાંકન થાય છે એ આપણી પરીક્ષાઓની સૌથી વધુ નબળી કડી છે. પરદેશોમાં અને આપણે ત્યાં નિબંધ પ્રશ્નોના ગુણાંકન પર જે સંશોધનો થયાં છે તે આપણી આંખ ખોલી નાખે એવાં છે. એ બતાવે છે કે એનું મૂલ્યાંકન મનસ્વી રીતે થાય છે અને તેથી પ્રતિવર્ષ ઘણાય નિર્દોષ વિદ્યાર્થીઓનો ભોગ લેવાતો હોય છે. આમ ન થાય તે માટે આપણે નીચે મુજબનાં સૂચનો ધ્યાનમાં રાખવાં જોઈએ :

**૧〉 મુદ્દાસર ગુણાંકન નક્કી કરવું :**

★ નિબંધ પ્રકારના પ્રશ્નમાં કયા કયા મુદ્દાઓની ચર્ચા કરવાની છે તેમજ દરેક મુદ્દાની ચર્ચામાં શી શી વિગત, દાખલા, દલીલો વગેરે રજૂ કરવા ઘટે તેની નોંધ કરે. આ ગુણ વિભાજનને લક્ષમાં રાખી પ્રત્યેક પરીક્ષક ઉત્તરપોથીઓનું મૂલ્યાંકન કરે, ઉત્તરની અપેક્ષા બદલાતી અટકાવવા પ્રશ્નના આદર્શ ઉત્તર નક્કી કરી કેટલા અને કેવા લખાણ માટે કેટલા ગુણ આપવાના છે, તેની યોજના ઘડી કાઢી તેના આધારે ઉત્તરો તપાસવાં જોઈએ.

**૨〉 ડમી નંબરની વ્યવસ્થા કરવી :**

★ જવાબ આપનાર વ્યક્તિને જવાબ તપાસનાર વ્યક્તિ જાણતી હોય તો ઉત્તરના મૂલ્યાંકન પર 'હેલો ઈફેક્ટ' (ઓળખની અસર) થતાં વિશ્વસનીયતા ઉપર પ્રતિકૂળ અસર પડે છે, તેથી જવાબ તપાસનાર કોણ છે તેની જાણ પરીક્ષકને ના થાય તેવી વ્યવસ્થા કરવી જરૂરી છે. જાહેર પરીક્ષામાં નામને બદલે પરીક્ષા નંબર લખવાની વ્યવસ્થા આ જ કારણથી કરવામાં આવે છે.

**૩〉 એક સમયે એક જ પ્રશ્નના બધા ઉત્તરો તપાસવા :**

★ પ્રશ્નપત્રમાં જ્યારે એક કરતાં વધુ પ્રશ્ન હોય ત્યારે એક વ્યક્તિના બધા જ પ્રશ્નોના ઉત્તરો

તપાસવા કરતાં બધી વ્યક્તિના એક જ પ્રશ્નના ઉત્તરો તપાસવા વધુ અનુકૂળ રહે છે, તેમ કરવાથી વ્યક્તિ વ્યક્તિ વચ્ચેની તુલના કરવાથી વિશ્વસનીયતા જળવાઈ રહે છે.

૪) **એક કરતાં વધુ વ્યક્તિ પાસે મૂલ્યાંકન કરાવવું :**

★ નિબંધ પ્રશ્નોના ઉત્તરો એક કરતાં વધારે વ્યક્તિ પાસે તપાસાવાથી તેમના પરિણામોની સરાસરી કાઢવાથી પરીક્ષકનું આત્મલક્ષીપણું ઘણું ઓછું કરી શકાય છે.

૫) **શક્ય હોય ત્યાં સુધી પ્રશ્ન બનાવનાર જ મૂલ્યાંકન કરે :**

★ પ્રશ્ન બનાવનાર વ્યક્તિ અપેક્ષિત ઉત્તરની સૌથી વધુ જાણકારી ધરાવતી હોય છે, તેથી શક્ય હોય ત્યાં સુધી પ્રશ્ન બનાવનાર જ મૂલ્યાંકન કરે તે વધુ યોગ્ય ગણાય. શાળામાં આંતરિક પરીક્ષાઓમાં આ પ્રકારની વ્યવસ્થા થઈ શકે છે, પરંતુ જાહેર પરીક્ષામાં આ બાબતની વ્યવસ્થા કરવી મુશ્કેલ છે.

૬) જાહેર પરીક્ષાઓમાં અને કેટલીક શાળાઓમાં પરીક્ષાઓના અમુક જવાબપત્રોનું મૂલ્યાંકન ચાવી મોડરેટર કે ખાસ સમિતિ કરી આપે છે. પરીક્ષકે આ નમૂનારૂપ મૂલ્યાંકનને લક્ષમાં રાખી અન્ય ઉત્તરવહીઓનું મૂલ્યાંકન કરવાનું હોય છે.

૭) જવાબમાં જે અપેક્ષિત ન હોય તેવી બાબતો જેવી કે સારા અક્ષર (જોડણી દોષ), ભાષા વગેરેને ધ્યાનમાં લઈને ગુણાંકન કરવું જોઈએનહીં.

૮) પરીક્ષાર્થીઓની જાણકારી હોય ત્યાં પરીક્ષક પરીક્ષાર્થીઓના જવાબપત્રોની થપ્પીમાંથી ઉત્તમ, સારા, સામાન્ય અને નબળા એવા થોડા વિદ્યાર્થીઓના જવાબો વાંચી, કેવા જવાબોને ઉત્તમ, સારા, સામાન્ય અને નબળા ગણવા તે નક્કી કરે છે. આ ધોરણને લક્ષમાં રાખી તે બધી ઉત્તરવાહીઓનું મૂલ્યાંકન કરે છે. જાહેર પરીક્ષાઓ માટે આ રીત યોગ્ય બનશે નહીં.

● નિબંધ પ્રશ્નોની રચના અને ગુણાંકનમાં અહીં દર્શાવેલી બાબતો અમલમાં મૂકવામાં આવે તો આપણી ઘણી વગોવાયેલી પરીક્ષાઓની સુધારણામાં ક્રાંતિકારી પરિવર્તનો આણી શકાશે, તેમજ નિબંધ પ્રશ્નો મૂલ્યાંકનનું એક ખૂબ ઉપયોગી સાધન બની રહેશે તે નિઃશંક છે.

## ૯.૯ સારાંશ : Let us sum up

● **મૂલ્યાંકનનો અર્થ :**

'શૈક્ષણિક ધ્યેયો વિદ્યાર્થી પક્ષે કેટલે અંશે સિદ્ધ થયા તે જાણવાની પદ્ધતિસરની પ્રક્રિયાને મૂલ્યાંકન તરીકે ઓળખાવી શકાય.'

*— ગ્રાઉન્ડ લેન્ડ*

● **મૂલ્યાંકનનાં સાધનો :**

નિરીક્ષણ, મુલાકાત, પ્રશ્નાવલિ, પરીક્ષા, ક્રમમાપદંડ, ચેકલિસ્ટ, પ્રાસંગિક નોંધ, સામાજિકતામિતિનો આલેખ, સંગૃહિત પ્રગતિપત્રક

● **મૂલ્યાંકનના હેતુઓ :**

ચોક્કસ હેતુઓ ધ્યાનમાં રાખી મૂલ્યાંકન કરવામાં આવે છે. વિદ્યાર્થીઓની મુશ્કેલીઓ, ખામીઓ વગેરે જાણવા અને તેના ઉકેલ માટે પ્રયત્નો કરવા. અભ્યાસક્રમમાં જરૂરી સુધારા વધારા કરવા, વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન આપવું વગેરે.

● **નિબંધ પ્રકારની કસોટી એટલે શું ? :**

– વિદ્યાર્થી મુક્તપણે પોતાના અભિપ્રાયો, મંતવ્યો, માન્યતાઓ, વલણો, રૂચિઓ વગેરેની અભિવ્યક્તિ કરી શકે છે.

– વિદ્યાર્થી મુક્ત રીતે પ્રશ્નનો ઉત્તર આપી શકે તેવા પ્રશ્નોને નિબંધ પ્રકારના પ્રશ્નો કહે છે.

## ૯.૧૦ એકમ સ્વાધ્યાય : Unit Exercises

(૧) મૂલ્યાંકન એટલે શું ? ઉદાહરણ સાથે સમજાવો.

(૨) મૂલ્યાંકન પ્રક્રિયાના લક્ષણો જણાવો.

(૩) મૂલ્યાંકન પ્રક્રિયાના સોપાનો જણાવો.

(૪) મૂલ્યાંકન પ્રક્રિયાનો ઉપયોગ જણાવો.

(૫) મૂલ્યાંકનના સાધનો જણાવો.

(૬) મૂલ્યાંકનના હેતુઓ જણાવો.

(૭) નિબંધ પ્રકારની કસોટી એટલે શું ?

(૮) નિબંધ પ્રશ્નનું સ્વરૂપ જણાવો.

(૯) નિબંધ પ્રકારના પ્રશ્નોના પ્રકાર જણાવો.

(૧૦) નિબંધ પ્રકારના પ્રશ્નોના ફાયદા જણાવો.

(૧૧) નિબંધ પ્રકારના પ્રશ્નોની મર્યાદા જણાવો.

(૧૨) સારા નિબંધ પ્રશ્નોની રચના

(૧૩) નિબંધ પ્રકારના પ્રશ્નોના ગુણાંકન માટેના સૂચનો

## ૯.૧૧ તમારી પ્રગતિ ચકાસો :

(૧) મૂલ્યાંકનનો અર્થ જણાવો.

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

(૨) મૂલ્યાંકન પ્રક્રિયાનાં ત્રણ લક્ષણો જણાવો.

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

(૩) મૂલ્યાંકન પ્રક્રિયાના ત્રણ સોપાન જણાવો.

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

(૪) મૂલ્યાંકન પ્રક્રિયાના ત્રણ ઉપયોગ જણાવો.

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

(૫) મૂલ્યાંકન પ્રક્રિયાના ત્રણ સાધનો જણાવો.

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

(૬) મૂલ્યાંકનના ત્રણ હેતુઓ જણાવો.

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

(૭) નિબંધ પ્રકારની કસોટી એટલે શું ?

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

(૮) નિબંધ પ્રકારના ત્રણ ફાયદા જણાવો.

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

(૯) નિબંધ પ્રકારની ત્રણ મર્યાદા જણાવો.

..................................................................................

..................................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(૧૦) નિબંધ પ્રશ્નોની રચનાની ત્રણ બાબત જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(૧૧) નિબંધ પ્રકારના પ્રશ્નોના ગુણાંકન માટેના ત્રણ સૂચન જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

## ૯.૧૨ તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો : Answers to check your progress

**(૧) મૂલ્યાંકનનો અર્થ :**

- શૈક્ષણિક ધ્યેયો વિદ્યાર્થી પક્ષે કેટલે અંશે સિદ્ધ થયા તે જાણવાની પદ્ધતિસરની પ્રક્રિયાને મૂલ્યાંકન તરીકે ઓળખાવી શકાય.

**(૨) મૂલ્યાંકનના પ્રક્રિયાનાં ત્રણ લક્ષણો :**

〈૧〉 મૂલ્યાંકન સતત ચાલતી પ્રક્રિયા છે.

〈૨〉 મૂલ્યાંકન એ સર્વગ્રાહી પ્રક્રિયા છે.

〈૩〉 મૂલ્યાંકન હેતુલક્ષી પ્રક્રિયા છે.

**(૩) મૂલ્યાંકન પ્રક્રિયાના ત્રણ સોપાનો :**

〈૧〉 મૂલ્યાંકન માટેના હેતુનો નક્કી કરવા

〈૨〉 નક્કી કરેલાં હેતુઓનું સ્પષ્ટીકરણ કરવું

〈૩〉 મૂલ્યાંકન માટે યોગ્ય સાધનની પસંદગી

**(૪) મૂલ્યાંકન પ્રક્રિયાના ત્રણ ઉપયોગો :**

〈૧〉 શિક્ષણકાર્ય હેતુલક્ષી બનાવવા

〈૨〉 યોગ્યતાની ચકાસણી કરવા

〈૩〉 શિક્ષકની કાર્યકુશળતા જાણવા

**(૫) મૂલ્યાંકનના ત્રણ સાધનો :**

〈૧〉 નિરીક્ષણ

〈૨〉 મુલાકાત

〈૩〉 પ્રશ્નાવલિ

**(૬) મૂલ્યાંકનના ત્રણ હેતુઓ :**

〈૧〉 વિદ્યાર્થીઓની મુશ્કેલીઓ જાણવા

〈૨〉 વર્ગમાં વિદ્યાર્થીઓનું વર્ગીકરણ કરવા

〈૩〉 અભ્યાસક્રમમાં સુધારા વધારા કરવા

**(૭) નિબંધ પ્રકારની કસોટી એટલે શું ?**

- વિદ્યાર્થી મુક્તપણે પોતાના અભિપ્રાયો, મંતવ્યો, માન્યતાઓ, વલણો, રૂચિઓ વગેરેની અભિવ્યક્તિ કરી શકે છે.

**(૮) નિબંધ પ્રકારના પ્રશ્નોના ત્રણ ફાયદાઓ :**

〈૧〉 નિબંધ પ્રકારના પ્રશ્નોની રચના કરવી સરળ છે.

〈૨〉 નિબંધ પ્રકારના પ્રશ્નોનો ઉપયોગ કરવો સરળ છે.

〈૩〉 ઓછું છપામણી ખર્ચ

**(૯) નિબંધ પ્રકારના પ્રશ્નોની ત્રણ મર્યાદા :**

〈૧〉 મૂલ્યાંકનમાં ખામી

〈૨〉 સંપૂર્ણ માહિતીનો અભાવ

〈૩〉 માપદંડનો અભાવ

**(૧૦) નિબંધ પ્રકારની રચનાની ત્રણ બાબતો :**

〈૧〉 ગુણપ્રદાન યોજના તૈયાર કરો

〈૨〉 પ્રશ્નની ભાષા સરળ હોવી જોઈએ

〈૩〉 પ્રશ્નોમાં વિકલ્પો આપવા નહીં

**(૧૧) નિબંધ પ્રકારના પ્રશ્નોના ગુણાંકન માટેનાં ત્રણ સૂચનો**

〈૧〉 મુદ્દાસર ગુણાંકન નક્કી કરવું

〈૨〉 ડમી નંબરની વ્યવસ્થા કરવી

〈૩〉 એક સમયે એક જ પ્રશ્નના બધા ઉત્તરો તપાસવા.

## **૯.૧૨ સૂચિત વાંચન સામગ્રી :** Suggested Readings


૧. બારૈયા વી.વી. : શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન, પ્રતીક પ્રકાશન, આણંદ

૨. બારૈયા વી.વી. તથા અન્ય : અર્થશાસ્ત્ર શિક્ષણ પદ્ધતિ, પ્રતીક પ્રકાશન, આણંદ

૩. શાહ હેમા તેજસભાઈ : શિક્ષણમાં માપન અને મૂલ્યાંકન, અક્ષર પબ્લિકેશન, અમદાવાદ

એકમ 10

# સામાજિક વિજ્ઞાનમાં મૂલ્યાંકન - 2

## : રૂપરેખા :


૧૦.૦ ઉદ્દેશો

૧૦.૧ પ્રસ્તાવના

(૧) ટૂંકા ઉત્તર પ્રશ્નો
- (૧) પ્રસ્તાવના
- (૨) ટૂંકા ઉત્તર પ્રશ્નોનું સ્વરૂપ
- (૩) ટૂંકા ઉત્તર પ્રશ્નોના ફાયદા
- (૪) ટૂંકા ઉત્તર પ્રશ્નોની મર્યાદા
- (૫) રચના કરતી વખતે ધ્યાનમાં રાખવા જેવી બાબતો

(૨) અનાત્મલક્ષી કસોટી
- (૧) પ્રસ્તાવના
- (૨) અનાત્મલક્ષી કસોટીનો અર્થ
- (૩) અનાત્મલક્ષી કસોટીના ફાયદા
- (૪) અનાત્મલક્ષી કસોટીની મર્યાદા
- (૫) અનાત્મલક્ષી કસોટી બનાવવા માટે ધ્યાનમાં રાખવાની બાબતો
- (૬) અનાત્મલક્ષી પ્રશ્નોના પ્રકારો

(૩) સારા પ્રશ્નપત્રની રચના
- (૧) પ્રસ્તાવના
- (૨) બ્લ્યુ પ્રિન્ટની સંકલ્પના
- (૩) સારા પ્રશ્નપત્રની રચના શા માટે જરૂરી છે ?
- (૪) સારી કસોટીનાં લક્ષણો
- (૫) સારા પ્રશ્નપત્રના રચનાનાં સોપાનો
- (૬) સારા પ્રશ્નપત્રનો નમૂનો

૧૦.૨ સારાંશ

૧૦.૩ એકમ સ્વાધ્યાય

૧૦.૪ તમારી પ્રગતિ ચકાસો

૧૦.૫ તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

૧૦.૬ સૂચિત વાંચન સામગ્રી


## ૧૦..૦ ઉદ્દેશો : Objectives

- આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે ...

(૧) ટૂંકા ઉત્તર પ્રશ્નનો અર્થ સમજી શકશો.

(૨) ટૂંકા ઉત્તર પ્રશ્નનું સ્વરૂપ સમજી શકશો.

(૩) ટૂંકા ઉત્તર પ્રશ્નના ફાયદા સમજી શકશો.

(૪) ટૂંકા ઉત્તર પ્રશ્નની મર્યાદા સમજી શકશો.

(૫) ટૂંકા ઉત્તર પ્રશ્નની રચના વખતે ધ્યાનમાં રાખવા જેવી બાબતો સમજી શકશો.

(૬) અનાત્મલક્ષી કસોટીનો અર્થ સમજી શકશો.

(૭) અનાત્મલક્ષી કસોટીના ફાયદા સમજી શકશો.

(૮) અનાત્મલક્ષી કસોટીની મર્યાદા સમજી શકશો.

(૯) અનાત્મલક્ષી પ્રશ્નોના પ્રકારો સમજી શકશો.

(૧૦) અનાત્મલક્ષી કસોટી બનાવવા માટે ધ્યાનમાં રાખવાની બાબતો સમજી શકશો.

(૧૧) બ્લ્યુ પ્રિન્ટનો અર્થ સમજી શકશો.

(૧૨) સારી કસોટીનાં લક્ષણો સમજી શકશો.

(૧૩) સારા પ્રશ્નપત્રની રચના શા માટે જરૂરી છે તે સમજી શકશો.

(૧૪) સારા પ્રશ્નપત્રની રચનાના સોપાનો સમજી શકશો.

(૧૫) સારા પ્રશ્નપત્રના નમૂનાની ચર્ચા કરી શકશો

## ૧૦.૧ પ્રશ્નનાં પ્રકાર : Type of Question

### (૧) ટૂંકા ઉત્તર પ્રશ્નો : (short answer questions)

### (૧) પ્રસ્તાવના :

- આજના આપણા પ્રશ્નપત્રોમાં નિબંધ લક્ષી પ્રશ્નોનો ઉપયોગ વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. આ પ્રકારના પ્રશ્નોના જવાબ ટૂંકમાં આપવાના હોય છે. આ પ્રશ્નોના જવાબ મર્યાદિત હોય તે ખૂબ જરૂરી છે. પ્રશ્ન ટૂંકો નહીં પણ પ્રશ્નનો જવાબ ટૂંકમાં આપવાના હોય છે. આ પ્રશ્નોના જવાબ મર્યાદિત હોય તે ખૂબ જરૂરી છે. પ્રશ્ન ટૂંકો નહીં પણ જવાબ ટૂંકો હોય તેવા પ્રશ્નોને ટૂંકા પ્રશ્નો ગણવામાં આવે છે. આ પ્રકારના પ્રશ્નોના ઉત્તર સામાન્ય રીતે બે ત્રણ લીટીથી આઠ દસ લીટીમાં આપવાના હોય છે. આ પ્રકારના પ્રશ્નોના ઉત્તરો નિબંધ પ્રશ્નોના ઉત્તર કરતાં મર્યાદિત હોય છે. આ પ્રકારના પ્રશ્નોના ઉત્તર આપવામાં તેમજ ગુણાંકન કરવામાં નિબંધ પ્રકારના પ્રશ્નોની સરખામણીમાં વ્યક્તિલક્ષીપણું પ્રમાણમાં ખૂબ ઓછું હોય છે, છતાં આ પ્રકારના પ્રશ્નોના ઉત્તર આપવામાં અને તેનું ગુણાંકન કરવામાં સંપૂર્ણપણે વસ્તુલક્ષીપણું આવી શકતું નથી.

### (૨) ટૂંકા ઉત્તર પ્રશ્નનું સ્વરૂપ :

- આ પ્રકારના પ્રશ્નનો જવાબ તેના નામ પ્રમાણે ટૂંકમાં જ હોય છે. નિબંધ પ્રશ્નનો જવાબ એકાદ બે શબ્દો કે ચાર પાંચ લીટીમાં આવી શકતો નથી અને નિબંધ પ્રશ્ન લખવા માટે અડધો કલાક કે તેથી વધુ સમય પણ લાગે છે, જ્યારે ટૂંકા ઉત્તર પ્રશ્નનો જવાબ લખવા માટે એક મિનિટથી ચાર–પાંચ મિનિટ થાય છે.
- 'ટૂંકમાં જવાબ આપો' એમ ઉમેરવાથી ટૂંકો ઉત્તર પ્રશ્ન બની જાય છે, પરંતુ ખ્યાલ બરાબર નથી. નીચે આપેલાં ઉદાહરણો પરથી આ સ્પષ્ટ થશે :

* બેંકના કાર્યો ટૂંકમા જણાવો.

★ બેરર ચેક અને ઓર્ડર ચેક વચ્ચેનો તફાવત દર્શાવો.

★ ભાગીદારી પેઢીમાં નોંધણી કરાવવી મરજિયાત હોવા છતાં કરાવવામાં આવે છે કારણો આપો.

★ નાનાં બાળકોમાં આંખની કઈ ખોડ જોવા મળે છે ?

– આમ, ટૂંકા ઉત્તર પ્રશ્ન જણાવો, યાદ કરો, ઓળખો, કારણો આપો, વર્ગીકરણ કરો, દર્શાવો, વગેરે પ્રકારના હોય છે.

– જવાબ નિશ્ચિત લીટીઓમાં કે ફકરામાં

– સમય ૩ મિનિટથી ૧૦ મિનિટ જવાબ લખવામાં

– ટૂંકમાં જવાબ આપો, લખવાથી ટૂંકો પ્રશ્ન ન બની જાય

– ટૂંકમાં જવાબ શક્ય હોય, મુદ્દાનું સ્વરૂપ, સચોટતા આ પ્રશ્નનો આત્મા છે.

● ટૂંકા ઉત્તર પ્રશ્નોનાં ઉદાહરણો :

૧〉 અતિ ટૂંકા પ્રશ્નો :

* ગ્રાહક સુરક્ષા એટલે શું ?

★ ખડકોના પ્રકાર જણાવો, કયાં કયાં છે તેના નામ આપો.

૨〉 ટૂંકા પ્રશ્નો :

★ 'હિમાલય ભારતનું રક્ષણ કરતી કુદરતી દીવાલ છે' કઈ રીતે ?

★ નૈઋત્યના મોસમી પવનો ભારતમાં કેટલા ભાગમાં વહેંચાઈ જાય છે ? કયા કયા ?

**(૩) ટૂંકા ઉત્તર પ્રશ્નોના ફાયદા :**

● ટૂંકા ઉત્તર પ્રશ્નોના કેટલાંક ફાયદા નીચે પ્રમાણે છે :

૧〉 જ્ઞાન, સમજ, ઉપયોગ જેવા હેતુઓ ચકાસી શકાય છે.

૨〉 આ પ્રકારના પ્રશ્નો દરેક વિષયમાં અનુકૂળ છે.

૩〉 ટૂંકમાં ઉત્તર આપવાનો હોવાથી યોગ્ય આયોજન કરી સમય બચાવી શકાય છે.

૪〉 પ્રશ્નપત્રમાં ઘણા પ્રશ્નોને સમાવી શકાય છે.

૫〉 ઉત્તરો ટૂંકા હોવાથી ગુણાંકન સરળતાથી થઈ શકે છે.

૬〉 વિશ્ર્વસનીયતા પ્રમાણમાં વધારે છે.

૭〉 આ પ્રકારના પ્રશ્નોને કારણે વિદ્યાર્થીઓને ગહન રીતે અભ્યાસ કરવાની ટેવ પડે છે.

૮〉 આવા પ્રશ્નોથી વિષય મુદ્દાઓની ઊંડી સમજ સારી રીતે જાણી શકાય છે.

● ટૂંકમાં આવા પ્રશ્નોની વિશ્ર્વસનીયતા તથા સત્યતા વધુ સારી રીતે સચવાઈ રહે છે.

● ઓછા સમયમં પરીક્ષણ થઈ શકે છે. દા.ત.– ગ્રીન હાઉસ ઈફેક્ટની ચાર અસરો લખો.

**(૪) ટૂંકા ઉત્તર પ્રશ્નની મર્યાદા :**

● ટૂંકા ઉત્તર પ્રશ્નોમાં નીચે પ્રમાણેની કેટલીક મર્યાદાઓ જોવા મળે છે.

૧〉 આ પ્રકારના પ્રશ્નોથી વિદ્યાર્થીઓની અભિવ્યક્તિનો વિકાસ થતો નથી.

૨〉 પ્રશ્નોની રચના યોગ્ય ન હોય તો અયોગ્ય ઉત્તર આવવાની શક્યતા છે.

૩〉 મૌલિકતાનું મૂલ્યાંકન થઈ શકતું નથી.

૪〉 ભાષા શક્તિનું પણ મૂલ્યાંકન થઈ શકતું નથી.

૫〉 ઘણીવાર પ્રશ્નની સાથે ટૂંકનોંધ લખો એવો શબ્દપ્રયોગ મૂકી દેવાય છે પણ ખરેખર તેનાથી પ્રશ્નનો ઉત્તર ટૂંકો બનતો નથી.

**(૫) રચના કરતી વખતે ધ્યાનમાં રાખવા જેવી બાબતો :**

● આ પ્રકારના પ્રશ્નોમાં શરૂઆતમાં જવાબ કેટલા શબ્દો કે લીટીમાં લખવાનો છે તે સ્પષ્ટ દર્શાવવું જોઈએ.

- આ પ્રકારના પ્રશ્નની ભાષાકીય રચના સ્પષ્ટ અને સરળ હોવી જોઈએ.
- જવાબની ચકાસણી કરવા માટે જરૂરી ગુણાંકન યોજના તૈયાર કરવી જોઈએ.
- આ પ્રકારના પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં આપી શકાય તે પ્રકારનું વસ્તુ સ્વરૂપ હોવું જોઈએ. વિષયવસ્તુની ઊંડી સમજ આપવા માટે આ પ્રકારના પ્રશ્નનો વધુ પ્રમાણમાં ઉપયોગ કરવો.
- વિદ્યાર્થીઓમાં ચોક્કસ અપેક્ષિત વર્તન—પરિવર્તન લાવી શકાય તેવા પ્રશ્નો રચવા જોઈએ.
- સ્પષ્ટ સૂચના :

૧〉 પ્રશ્નના ઉત્તર આપવા માટે સ્પષ્ટ સૂચના આપવી જોઈએ.

દા.ત.– જણાવો, યાદી આપો, કારણ આપો, ઓળખો, વર્ગીકરણ કરો, તફાવતના મુદ્દા લખો વગેરે શબ્દ સ્પષ્ટ સૂચના લખવા

૨〉 સ્પષ્ટ ઉત્તર મળે તેવા પ્રશ્નો

★ પ્રશ્નનો ઉત્તર સ્પષ્ટ રીતે મળે તે રીતે પ્રશ્ન પૂછવો જોઈએ.

૩〉 સ્પષ્ટ ખાલી જગ્યા

★ એક પ્રશ્નમાં એક જ ખાલી જગ્યા મૂકવી. સ્પષ્ટ સૂચના આપવી.

(૩) **અનાત્મલક્ષી કસોટી :** (Objective test)

(૧) **પ્રસ્તાવના :**

- અનાત્મલક્ષી કસોટી માટે પ્રચલિત શબ્દ પ્રયોગ છે – વસ્તુલક્ષી પ્રશ્નો. અનાત્મલક્ષી કસોટીને અંગ્રેજીમાં (Objective test)કહેવામાં આવે છે. 'ઓબ્જેક્ટિવ' શબ્દમાં બે અર્થ ગર્ભિત છે, એનો અર્થ ગુણાંકનમાં વસ્તુલક્ષીપણું એવો થાય છે. મૂલ્યાંકનનાં લેખિત સાધનોમાં અનાત્મલક્ષી કસોટીઓ એક આગવું મહત્ત્વ ધરાવતું સાધન છે. આપણા દેશમાં અનાત્મલક્ષી કસોટીઓનો વ્યાપક ઉપયોગ થઈ રહ્યો છે, તેથી આવી કસોટીઓ વિશેની જાણકારીનું મહત્ત્વ વધુ છે.

(૨) **અનાત્મલક્ષી કસોટીનો અર્થ :**

- નિબંધ પ્રકારના પ્રશ્નના અનેક જવાબ હોય છે, તેમાં વ્યક્તિ પોતે પોતાની રીતે તેનો મુક્ત જવાબ આપે છે, તેનાથી ઊલટું અનાત્મલક્ષી પ્રશ્નોનો એકમાત્ર નિશ્ચિત જવાબ હોય છે, તેથી તેને વસ્તુલક્ષી કસોટી પણ કહેવામાં આવે છે. વળી અનાત્મલક્ષી કસોટીની બીજી વિશિષ્ટતા એ છે કે આ પ્રશ્ન કસોટીને ગમે તે પરીક્ષક ગમે ત્યારે તપાસે છતાં પણ તેના ગુણાંકનમાં કોઈ તફાવત આવતો નથી. આવા પ્રશ્નના મૂલ્યાંકનમાં આત્મલક્ષી તત્ત્વ પ્રવેશતું ન હોવાથી તેને અનાત્મલક્ષી કસોટી કહેવામાં આવે છે.
- અનાત્મલક્ષી કસોટી પ્રશ્નોનું સ્વરૂપ એવું નિશ્ચિત છે અને તેના જવાબો એવા ટૂંકા ચોક્કસ અને અફર છે કે જેથી તપાસનારાની મનની હાલત, તેની અંગત માન્યતાઓ, તેના ગમા અણગમા વગેરે જેવી વૈયક્તિક અસર ગુણાંકનમાં થતી નથી.
- જે પ્રકારની કસોટીના ગુણમાં કસોટી તપાસનારા કસોટીના જવાબ વિશેના અંગત અભિપ્રાયને સ્થાન ન હોય, જેનો જવાબ નિશ્ચિત હોવાને લીધે જુદી જુદી વ્યક્તિ તેના જવાબ તપાસે અથવા અમુક એક વ્યક્તિ તેના જવાબ જુદાં જુદાં સમયે તપાસે તો પણ જવાબ સરખા રહે તેને આત્મલક્ષી કસોટી કહે છે. અનાત્મલક્ષી કસોટીનો એક અર્થ આવો થશે : ૧〉 'ચોક્કસ નિશ્ચિત જવાબવાળી કસોટી'અનાત્મલક્ષી કસોટીના જવાબ નક્કી કરેલ હેતુઓ મુજબ જ તપાસવાના હોય છે, તેના જવાબ સાચા કે ખોટા નક્કી કરેલા હોય છે.
- **આ કસોટીનો બીજો અર્થ પ્રમાણે :**

★ કસોટી એવી હોવી જોઈએ કે તેનો જવાબ આપનાર જુદાં જુદાં વિદ્યાર્થી તેનો જુદોં જુદોં અર્થ ઘટાવી ન શકે પણ વિષય જાણનાર બધા જ વિદ્યાર્થીઓ તેનો સરખો જ અર્થ કરે છે.

★ પરીક્ષક પોતાની જાતને ધ્યાનમાં લીધા વગર પરીક્ષણનું કામ કરે છે. ફક્ત તેનો ઉત્તર ખોટો કે સાચો છે તેની માહિતી તપાસવાની હોય છે, કોઈ પણ પરીક્ષક એક જ વિદ્યાર્થીનું પેપર તપાસે તો તેના ગુણ એક જ સરખા આવે છે. એટલે જ પરીક્ષાનું મૂલ્ય એક સરખું થાય તેને અનાત્મલક્ષી પરીક્ષા કહેવામાં આવે છે.

★ પરીક્ષાનું મૂલ્ય એકસરખું રહે છે. શિક્ષક પરીક્ષામાં વિચાર કર્યા વગર પરીક્ષાના પેપરનું પરીક્ષણનું કામ કરી શકે છે. આ પ્રશ્નોના ઉત્તરો ગુણાંકન ચાવી (Scoring key) પ્રમાણે જ તપાસવાના હોવાથી વિષય ન જાણનાર પણ તેના જવાબ તપાસી શકે છે.

★ શિક્ષણની સમગ્ર પ્રક્રિયા હેતુલક્ષી હોય છે, તેથી શૈક્ષણિક મૂલ્યાંકનની કોઈ પણ કસોટી શિક્ષણના કોઈને કોઈ હેતુની સિદ્ધિની ચકાસણી કરવા રચાઈ હોય છે. શિક્ષણના કોઈ હેતુને કેન્દ્રમાં રાખીને રચાતી આવી કસોટીઓ માટે હેતુલક્ષી પ્રશ્નો એવા શબ્દપ્રયોગ પ્રચલિત થયો છે. આથી અનાત્મલક્ષી કસોટી દ્વારા પણ કોઈ ને કોઈ હેતુનું મૂલ્યાંકન થવું જોઈએ.

★ આમ 'ઓબ્જેક્ટિવ' પ્રશ્ન એટલે ચોક્કસ અને નિશ્ચિત જવાબવાળો તથા હેતુ સિદ્ધિની ચકાસણી કરતો હોય એવો પ્રશ્ન, વિષય જ્ઞાનના માપનમાં અનાત્મલક્ષી કસોટી પ્રશ્નોનો પ્રથમ ઉપયોગ કરવાનું બહુમાન જ્યોર્જ ફીશર' નામના એક અંગ્રેજ શિક્ષકને ફાળે જાય છે, પરંતુ વસ્તુલક્ષી પ્રશ્નોના ખરા શોધક તરીકે અમેરિકાના ડો. જે. એમ. રાઈસ ગણાય છે. આથી કહી શકાય છે અનાત્મલક્ષી કસોટીઓનો જન્મ તો અમેરિકામાં જ થયો છે.

★ ભારતમાં અનાત્લમક્ષી કસોટીઓનો પ્રચાર અમેરિકાની શિકાગો યુનિવર્સિટીના પરીક્ષા સંચાલન વિભાગના વડા ડો. બેન્જામીન બ્લૂમે આપેલી શૈક્ષણિક મૂલ્યાંકનની સંકલ્પના સાથે સંકળાયેલો છે, એમાંથી સારા શિક્ષણની આશા જન્મી છે.

★ આ માટે જ રાધાકૃષ્ણન્ યુનિવર્સિટી શિક્ષણપંચે અને કોઠારીપંચે પરીક્ષણમાં તેનો વિશાળ પાયા પર ઉપયોગ કરવાની ભલામણ કરી છે.

★ અનાત્મલક્ષી કસોટી પ્રશ્નો માપન અને મૂલ્યાંકનની પ્રચલિત પદ્ધતિઓને સંગીન ભૂમિકા પર મૂકવામાં સારો ફાળો આપી શકે છે.

(૩) **અનાત્મલક્ષી કસોટીના ફાયદા :**

● અનાત્મલક્ષી કસોટીના નીચે જેવા કેટલાંક ફાયદા છે :

૧〉 **વધુ પ્રમાણમાં અભ્યાસક્રમનો સમાવેશ :**

* નિબંધ પ્રકારના પ્રશ્નનો સરખામણીમાં અનાત્મલક્ષી કસોટી પ્રશ્નોના જવાબ અત્યંત ટૂંકા હોય છે, જેટલા સમયમાં સહેજે ૫૦ થી ૬૦ પ્રશ્નોના જવાબો આપી શકાય. વધુ પ્રશ્નોનો સમાવેશ થતો હોવાથી વધુ પ્રમાણમાં અભ્યાસક્રમનો સમાવેશ કરી શકાય છે.

૨〉 **તપાસવામાં ઝડપ અને સરળતા રહે છે :**

★ નિબંધ પ્રશ્નોની સરખામણીમાં આ પ્રકારના પ્રશ્નો ઝડપથી તપાસી શકાય છે. આ પ્રકારની કસોટીમાં જવાબો ખૂબ ટૂંકા હોય છે. દરેક જવાબ કાંતો સાચો કે ખોટો હોય છે. નિશ્ચિત જવાબ હોવાથી પરીક્ષકને પોતાની વિવેકબુદ્ધિનો ઉપયોગ કરવો પડતો નથી, તેથી પરીક્ષકને આવા જવાબો તપાસવામાં સરળતા રહે છે અને કંટાળાનો અનુભવો થતો નથી.

૩〉 **સમયનો કરકસરભર્યો ઉપયોગ થઈ શકે છે :**

★ અનાત્મલક્ષી પ્રશ્નો દ્વારા ટૂંકા સમયમાં વધુ પ્રશ્નો પૂછી અભ્યાસક્રમને વધુ સારા પ્રમાણમાં આવરી લઈ શકાય છે. મૂલ્યાંકન કાર્યમાં પણ વધુ ઝડપ જોવા મળે છે, તેથી ઓછા સમયમાં વધુ સારું કાર્ય થઈ શકે છે, તેથી સમયનો કરકસરભર્યો ઉપયોગ થઈ શકે છે.

૪〉 **મૂલ્યાંકનની વિશ્વસનીયતા ખૂબ જ ઊંચી હોય છે :**

★ અનાત્મલક્ષી પ્રશ્નનો નિશ્ચિત ઉત્તરો હોય છે, તેથી એકના એક ઉત્તર ગમે તે વ્યક્તિ ગમે ત્યારે

તપાસે તો પણ ગુણાંકનમાં ફેર પડતો નથી. આવા પ્રશ્નોના ઉત્તરો તપાસવામાં પરીક્ષકનું આત્મલક્ષીપણું પ્રવેશી શકતું ન હોવાથી તેની વિશ્વસનીયતા ઊંચી રહે છે.

**૫〉 બાળકોની ગપ્પાં મારવાની ટેવ ચાલતી નથી :**

★ દરેક અનાત્મલક્ષી પ્રશ્નને એક માત્ર જવાબ હોય છે. વળી તે જવાબ નિશ્ચિત હોય છે, તેથી બાળક ગપ્પાં મારીને પરીક્ષકને છેતરી શકતો નથી.

**૬〉 જ્ઞાન, સમજ અને ઉપયોગના હેતુઓ ચકાસી શકાય છે :**

★ આ પ્રકારની કસોટીમાં જ્ઞાન, સમજ અને ઉપયોગના હેતુઓને લગતા પ્રશ્નો મૂકવામાં આવે છે, તેથી જ્ઞાન, સમજ અને ઉપયોગના હેતુઓની ચકાસણી કરી શકાય છે.

**૭〉 પાઠ્યપુસ્તકનો ખૂબ ઝીણવટ પૂર્વક અભ્યાસ કરવાની ટેવ પડે છે :**

★ આ પ્રકારની કસોટીમાં તેના બધા પ્રકારના પ્રશ્નોનો સમાવેશ કરવા માટે પાઠ્યપુસ્તકના દરેક એકમ જોવા પડે છે, તેથી પાઠ્યપુસ્તકનો ખૂબ ઝીણવટ પૂર્વક અભ્યાસ કરવાની ટેવ પડે છે. બધા પ્રકારના જવાબ લખવા માટે વિદ્યાર્થીઓએ આખું પાઠ્યપુસ્તક જોવું પડે છે, તો જ બધા પ્રકારના જવાબ આપી શકે છે.

**૮〉 શિક્ષકના પૂર્વગ્રહની અસર થતી નથી :**

★ આ પ્રકારની કસોટીમાં નિશ્ચિત જવાબ હોવાથી તેમજ ગમે તે વ્યક્તિ તેનું મૂલ્યાંકન કરે તો મૂલ્યાંકનમાં કોઈ ફેર પડતો નથી, તેથી શિક્ષકના પૂર્વગ્રહની મૂલ્યાંકન પર કોઈ અસર થતી નથી.

**૯〉 બધા જ વિષયોમાં આ પ્રકારના પ્રશ્નો રચી શકાય છે.**

**૧૦〉 એકમનું ઝડપી પુનરાવર્તન કરવું હોય ત્યારે આ પ્રકારના પ્રશ્નો ખૂબ ઉપયોગી છે.**

**૧૧〉 હસ્તાક્ષર, ભાષા, વિરામ ચિન્હો જેવી બાબતોની ગુણાંકન પર અસર થતી નથી.**

**૧૨〉 આ પ્રશ્નોનું કઠિનાઈ મૂલ્ય અને તારવણી મૂલ્ય કાઢવું સરળ છે.**

**(૪) અનાત્મલક્ષી કસોટીની મર્યાદા :**

● અનાત્મલક્ષી કસોટીના ફાયદા છે તો તેની કેટલીક મર્યાદા પણ જોવા મળે છે :

● પરીક્ષા સુધારણાના ફૂંકાતા ઉત્સાહમાં અનાત્મલક્ષી કસોટીની મર્યાદાનો ખ્યાલ કર્યા સિવાય તેનો ઉપયોગ થતો રહ્યો છે, તેની સામે સાવધાન બનવાની ખાસ જરૂર છે, તેની મર્યાદા નીચે મુજબ છે :

**૧〉 વિચારોની અભિવ્યક્તિ રુંધાય છે :**

* અનાત્મલક્ષી પ્રશ્નોમાં જવાબ તદ્દન ટૂંકાણમાં આપવાનો હોય છે, તેમાં પરીક્ષાર્થીએ પોતાની ભાષાનો ઉપયોગ કરવાનો અવકાશ મળતો નથી, તેથી પરીક્ષાર્થીની ભાષાકીય અભિવ્યક્તિ વિકસતી અટકી જાય છે.

**૨〉 હકીકતોના જ્ઞાન પર વધુ ભાર અપાય છે :**

★ સામાન્ય સંજોગોમાં અનાત્મલક્ષી પ્રશ્નો હકીકતોના જ્ઞાન પર જ વધુ ભાર મૂકે છે, તેનાથી મૌલિક રીતે વિચારણા કરવી પડે કે કોઈ બાબત ઉપર વિવેચનાત્મક વિચારણા કરવી પડે તેવી પરિસ્થિતિ અનાત્મલક્ષી કસોટી દ્વારા રજૂ કરી શકતી નથી. પૃથક્કરણ કરી યોગ્ય માહિતી પસંદ કરી, સમસ્યા ઉકેલવાની પરિસ્થિતિ પણ આ પ્રકારની કસોટીમાં રજૂ થઈ શકતી નથી.

**૩〉 કસોટી બનાવવાનું કાર્ય મુશ્કેલરૂપ છે :**

★ નિબંધ પ્રશ્નોના મુકાબલે આ કસોટી ગમે તે શિક્ષક ગમે ત્યારે બનાવી શકતો નથી. તે બનાવવા માટે કસોટી બનાવવાનું જ્ઞાન, તાલીમ, કુશળતા અને અનુભવ અનિવાર્ય છે, તેથી આ

પ્રકારની કસોટી તપાસવી સહેલી હોવા છતાં પણ સરળતાથી બનાવવી મુશ્કેલ છે. તે માટે વિષયવસ્તુનું જ્ઞાન હોવું ખાસ જરૂરી છે.

૪〉 **વધુ ખર્ચાળ કસોટી છે :**

★ આ પ્રકારની કસોટીમાં ઉત્તર કરતાં પ્રશ્ન લાંબો હોય છે, તેથી તે બનાવવામાં કાગળ અને છપાઈનું ખર્ચ વધુ આવે છે. ઉપયોગમાં તે ખર્ચાળ નીવડે છે.

૫〉 **જવાબની અટકળ કરવાની ટેવ પડે છે :**

★ અનાત્મલક્ષી કસોટીમાં વિદ્યાર્થીને જવાબ ટૂંકાણમાં લખવાનો હોવાથી, તેમજ ઘણીવાર આપેલા વિકલ્પોમાંથી જ જવાબ પસંદ કરવાનો હોવાથી, વિદ્યાર્થીને જવાબ ન આવડે ત્યારે ગમે તે જવાબને સાચો ગણી અટકળે જવાબ લખવાની ટેવ પડે છે. વળી આ પ્રકારના પ્રશ્નો તૈયાર કરવા માટે પુસ્તક કે સંદર્ભ પુસ્તક વાંચી જઈ શકે નહીં તેથી અટકળ કરવાની ટેવ સવિશેષ પડે છે.

૬〉 **સૂચના ખૂબ લાંબી હોય છે :**

★ આ પ્રકારની કસોટીમાં કસોટીના પ્રકાર પ્રમાણે સૂચના ખૂબ લાંબી આપવી પડે છે. સૂચના લાંબી હોય તો જ વિદ્યાર્થીઓ સમજી શકે છે. ઘણી વખત સૂચના લાંબી હોય તો વિદ્યાર્થીઓ કંટાળાનો અનુભવ પણ કરે છે.

૭〉 **ચોરી કરવાનો અવકાશ :**

★ અનાત્મલક્ષી કસોટીમાં પ્રશ્નોના જવાબ બહુ જ ટૂંકા હોય છે. જો બેઠક વ્યવસ્થા યોગ્ય રીતે ન કરવામાં આવી હોય તો કોઈ પણ વિદ્યાર્થી બહુ જ સરળતાથી બાજુના પરીક્ષાર્થીમાંથી ચોરી કરી શકે છે. આપણી શાળાઓમાં જ્યાં યોગ્ય બેઠક વ્યવસ્થા માટેની રૂમની તંગી જોવા મળે છે, ત્યાં ચોરીનો પુષ્કળ અવકાશ રહે છે.

૮〉 **વિદ્યાર્થીનું સંપૂર્ણ મૂલ્યાંકન કરવું મુશ્કેલરૂપ :**

★ આ પ્રકારની કસોટીના આધારે મૂલ્યાંકન કરી વિદ્યાર્થીનો સમગ્ર ખ્યાલ બાંધી શકાતો નથી, તેથી વિદ્યાર્થીનું સંપૂર્ણ મૂલ્યાંકન કરવું મુશ્કેલરૂપ છે.

૯〉 **ગોખણપટ્ટીને વધુ અવકાશ :**

★ આ પ્રકારની કસોટીમાં વધુ પ્રશ્નો જોવા મળે છે, તેથી વિદ્યાર્થીને યાદ રાખવું મુશ્કેલરૂપ બની જાય છે, તેથી આ પ્રકારની કસોટીમાં ગોખણપટ્ટીનો વધુ અવકાશ જોવા મળે છે.

૧૦〉 **પ્રશ્નપત્રમાં ઘણીવાર પ્રશ્નોમાં જ જવાબનો સમાવેશ થઈ જાય છે.**

(૫) **અનાત્મલક્ષી કસોટી બનાવવા માટે ધ્યાનમાં રાખવાની બાબતો :**

● અનાત્મલક્ષી કસોટીના પ્રશ્નો બનાવવામાં ખાસ અનુભવ અને તાલીમની જરૂર છે. આ પ્રકારની કસોટીના પ્રશ્નો ગમે તે માણસ ગમે ત્યારે અને ગમે તે રીતે બનાવી શકે નહિ. આ પ્રકારની કસોટીના પ્રશ્નો બનાવવા માટે કઈ કઈ કાળજી રાખવી ઘટે તે અંગેના સિદ્ધાંતો સમજી લેવા જરૂરી છે. અનાત્મલક્ષી કસોટી બનાવવા માટે કેટલાંક સામાન્ય સિદ્ધાંતો છે જે નીચે મુજબ ગણાવી શકાય :

૧〉 **પ્રશ્નની ભાષા સરળ હોવી જરૂરી છે :**

* અનાત્મલક્ષી કસોટી પ્રશ્નનો ભાષા વિદ્યાર્થીઓ સમજી શકે તેવી સરળ હોવી જોઈએ, તેમાં વિદ્યાર્થીઓને સમજવામાં મુશ્કેલરૂપ થાય તેવા અઘરા શબ્દોનો ઉપયોગ થવો જોઈએ નહીં.

૨〉 **પ્રશ્નની ભાષા શુદ્ધ હોવી જોઈએ :**

★ અનાત્મલક્ષી કસોટી પ્રશ્નની ભાષા વ્યાકરણ અને રચનાની દૃષ્ટિએ તદ્દન શુદ્ધ હોવી જોઈએ. જોડણીના જ્ઞાનની કસોટી ન હોય તો પણ દરેક શબ્દની જોડણી તદ્દન શુદ્ધ હોવી જોઈએ.

**૩) પ્રશ્ન દ્વારા જ ઉત્તરનું સૂચન ન થવું જોઈએ :**

★ આ પ્રકારની કસોટીના કેટલાંક પ્રશ્નોની રચના એવી થઈ જાય છે કે તેમાંથી ઉત્તર કે ઉત્તરના પ્રકારનું સૂચન થાય છે. દા.ત. – ભારતના વડાપ્રધાન શ્રીમતી .................... હતા.

★ આ પ્રશ્નમાં ખાલી જગ્યા અગાઉ 'શ્રીમતી' શબ્દ એવું સૂચવે છે તેમાં કોઈ સ્ત્રીનું જ નામ આવી શકે, આમ 'શ્રીમતી' શબ્દ દ્વારા ઉત્તરના પ્રકારનું સૂચન કરવું ન જોઈએ.

**૪) પ્રશ્ન સ્પષ્ટ હોવો જોઈએ :**

★ પ્રશ્નની ભાષા અને રચના એવા હોવા જોઈએ જેથી પ્રશ્નનો અર્થ સ્પષ્ટ હોય, તેના વિશે બે મત પેદા ન થાય, ભાષા શુદ્ધ અને સરળ હોય તો પ્રશ્ન અસ્પષ્ટ કે દ્વિધા પેદા કરે તેવા ન હોય એ બાબતની કાળજી રાખવી જરૂરી છે.

દા.ત. – નાના બાળકને ................ દાંત હોય છે.

★ આ ખાલી જગ્યામાં દૂધિયા, નાના, પોચા, ઓછા, નબળા કે વીસ એમાંનો કોઈ પણ જવાબ આવી શકે. જો વીસ શબ્દ અપેક્ષિત ઉત્તર હોય તે પ્રશ્નને આમ સ્પષ્ટ બનાવવો જોઈએ.

દા.ત. – નાના બાળકના મોઢામાં દાંતની સંખ્યા ............. છે.

★ કોઈ પણ પ્રશ્ન સ્પષ્ટ છે કે કેમ તેની ખાતરી સહકાર્યકરો સાથે ચર્ચા કરી લેવી જોઈએ.

**૫) પ્રશ્નો પાઠ્યપુસ્તકની ભાષામાં રચવા ન જોઈએ :**

★ નાના બાળકોની સ્મૃતિ સતેજ હોય છે. પાઠ્યપુસ્તકના સળંગ ફકરા તેમને યાદ હોય છે, તેથી પાઠ્યપુસ્તકમાંનું કોઈ વાક્ય આવતાં ખૂટતાં શબ્દ પારખવામાં તે માત્ર સ્મૃતિનો જ ઉપયોગ કરે છે. આમ થાય તો આપણો પ્રશ્ન આપણી દૃષ્ટિએ ધ્યેયને સ્પર્શતો હોય તો પણ વિદ્યાર્થી માટે તે સ્મૃતિને સ્પર્શતો પ્રશ્ન બની જાય છે, પરિણામે કસોટીની સત્યતા જોખમાય છે. આથી પાઠ્યપુસ્તકની ભાષામાં બને ત્યાં સુધી આ પ્રકારની કસોટીના પ્રશ્નો રચવા જોઈએ નહીં.

**૬) પ્રશ્નમાં ગુણાત્મક શબ્દો ન વાપરવા, પણ પરિણામસૂચક શબ્દો વાપરવાથી પ્રશ્ન વધુ સ્પષ્ટ બને છે :**

★ દા.ત. – ગુજરાતમાં ઘણા શિક્ષિત માણસો દારૂબંધીનો ........... કરે છે. (વિરોધ, અનુરોધ)

★ આ પ્રશ્નમાં 'ઘણા' શબ્દ ગુણાત્મક શબ્દ છે. તે શબ્દના પ્રશ્નના અર્થ વિશે વાંચનારને ગેરમાર્ગે દોરનાર છે. 'ઘણા' શબ્દનો અર્થ અનિશ્ચિત છે. પાંચ, પાંચસો, પાંચ હજાર કે પાંચ લાખ. આમાંગી ગમે તે જન સંખ્યા 'ઘણા શબ્દ દ્વારા ઘટાવી શકાય. આ પ્રશ્ન સુધારીને આમ લખી શકાય.

મોટા ભાગના શિક્ષિત માણસો દારૂબંધીનો ........... કરે છે. (વિરોધ, અનુરોધ)

★ આ સુધારેલા પ્રશ્નમાં 'મોટા ભાગના' શબ્દ પરિણામસૂચક શબ્દ છે. આવા શબ્દના ઉપયોગથી પ્રશ્ન વધુ સ્પષ્ટ બન્યો છે, તેથી પ્રશ્નમાં થોડા, ઘણા, વધુ, ઓછું, મોટા, નાના, અગત્યના, બિન અગત્યના જેવાં ગુણાત્મક શબ્દોનો ઉપયોગ કરી કરવો જોઈએ નહીં.

**૭) પ્રશ્નો પરસ્પર સંબંધિત ન હોવા જોઈએ :**

★ કોઈ વખત એવું બને છે કે એક પ્રશ્નનો ઉત્તર તે જ સમયે પૂછેલાં બીજા કોઈ પ્રશ્નમાંથી મળી રહે છે.

★ દા.ત. – નવી દુનિયાની શોધ ................. નામના સાહસિકે કરી.

★ આ પ્રશ્ન પછી ત્રણ ચાર પ્રશ્ન બાદ એવો પ્રશ્ન હોય કે કોલંબસે નવી દુનિયાની શોધ ................ સાલમાં કરી.

★ પ્રથમ પૂછવામાં આવેલ પ્રશ્નનો જવાબ બીજા પ્રશ્ન દ્વારા મળી રહે છે. આવા પ્રશ્નને પરસ્પર સંબંધિત પ્રશ્નો કહેવાય. આ પ્રકારના પ્રશ્નો કસોટીમાં આવવા જોઈએ નહીં.

**૮〉 સ્પષ્ટ સૂચનો :**

★ પ્રશ્નોના જવાબો કઈ રીતે લખવાના તેની સ્પષ્ટ નોંધ સૂચનામાં આપવી જોઈએ, જેથી વિદ્યાર્થીઓ પ્રશ્નનો ઉત્તર યોગ્ય રીતે લખી શકે.

**૯〉 પ્રશ્નોના જવાબો વિષય મુદ્દાઓનું સાચું જ્ઞાન જાણનારને જ આવડે તેવી રચનાવાળા હોવાં જોઈએ :**

★ સામાન્ય બુદ્ધિથી વિદ્યાર્થીઓ સાચા જવાબો આપી શકે તેવા પ્રશ્નો ન હોવાં જોઈએ.

**૧૦〉 પ્રત્યેક કસોટી પ્રશ્નના ગુણની ચોક્કસ વહેંચણી કરેલી હોવી જોઈએ.**

**૧૧〉 બધા પ્રશ્નોના ઉત્તરો એક ઊભી હરોળમાં આવે તેવી વ્યવસ્થા કરવી જોઈએ :**

★ આ પ્રકારની કસોટીના પ્રશ્નો તપાસતી વખતે ખાલી જગ્યા આડા અવળા ક્રમમાં હોય તો તપાસવામાં કષ્ટ પડે છે. વળી ક્યારેક કોઈ ઉત્તર તપાસવાનો રહી જાય છે. ઉત્તરોની જગ્યા એક જ ઊભી હરોળમાં રાખવાથી તપાસવામાં સરળતા અને ઝડપ આવે છે, તેમજ કોઈ પ્રશ્ન તપાસવાનો રહી ગયો હોય તો તરત જ ખ્યાલ આવી જાય છે.

**૧૨〉 સ્વભાવિક જવાબવાળા કે માત્ર સામાન્ય બુદ્ધિથી ઉત્તર આપી શકાય તેવા પ્રશ્નો ન પૂછવા જોઈએ :**

★ કેટલાંક પ્રશ્નો એવા હોય છે કે જેનો ઉત્તર તદ્દન સ્વાભાવિક હોય છે.

★ દા.ત. – દારૂ પીવાથી માણસની તંદુરસ્તીને ............... થાય છે.

**(૬) અનાત્મલક્ષી પ્રશ્નોના પ્રકારો :** (Types of Objective Questions)

● વર્તમાન સમયમાં અનાતમલક્ષી પ્રશ્નોનો વધુ પ્રમાણમાં ઉપયોગ થઈ રહ્યો છે, જેમાં ખાલી જગ્યા, જોડકાં, બહુ વિકલ્પ જેવા અનાત્મલક્ષી પ્રશ્નોનો બહોળો ઉપયોગ થતો હોવાનું વર્તાય છે. તે સિવાય પણ અનાત્મલક્ષી પ્રશ્નોના અન્ય પ્રકાર છે. વિવિધ પ્રકારનાં અનાત્મલક્ષી પ્રશ્નો સમજવા માટે પ્રયત્ન કરીશું.

**૧〉 જવાબ આપો પ્રકાર :** (Supply Type Test)

* આ પ્રકારના પ્રશ્નોમાં અંતે ખાલી જગ્યા આપવામાં આવે છે . આ પ્રકારમાં ટૂંકા ઉત્તરવાળા પ્રશ્ન પૂછવામાં આવે છે, જેનો જવાબ અમુક નિશ્ચિત સંખ્યા કે શબ્દમાં આવતો હોય છે. ખાલી જગ્યાનો જ એક પ્રકાર ગણાવી શકાય.

★ દા.ત. –

૧} ૫ %ના દરે રૂા. ૩૦૦નું ૧ વર્ષનું વ્યાજ કેટલું થશે ? ..........

૨} 'મંગલસૂત્ર' વાર્તાના લેખક કોણ છે ? .........

૩} રાષ્ટ્રીયકૃત બેંકો બચત ખાતામાં કેટલું વ્યાજ આપે છે ? ............

૪} ભાગીદારી પેઢીમાં ઓછાંમા ઓછી કેટલી સંખ્યા હોય છે ? ......

**૨〉 ખાલી જગ્યા પ્રકાર :** (Completion Test)

★ આ પ્રકારની કસોટીમાં વિધાનમાં આપેલી ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ મૂકી વિધાન પૂરું કરવાનું હોય છે. એક વિધાનમાં એકથી વધુ ખાલી જગ્યા મૂકી શકાય. આ પ્રકારનીકસોટીમાં જ્ઞાન પ્રાપ્તિનો હેતુ સારી રીતે તપાસી શકાય.

★ દા.ત. – નીચેનું વિધાન સાચું બને તેમ ખાલી જગ્યા પૂરો.

૧} ............ રકમનું ૧૦% લેખે ૨ વર્ષનું વ્યાજ રૂા. ૧૫૦ થાય.

૨}	બેરર ચેકનો વ્યવહાર કરવો ............... છે.

૩}	'મંગલસૂત્ર' પાઠના લેખક ................ છે.

૪}	આપણા બંધારણની શરૂઆત .................. થી થાય છે.

૫}	બંધારણના અધ્યક્ષ ................... હતા.

૬}	ભારતે ................. શાસન પદ્ધતિ અપનાવી છે.

૩〉	**જોડકાં જોડો કસોટી : (matching test)**

★	વર્તમાન સમયમાં આ પ્રકારની કસોટીનો ઉપયોગ વધુ પ્રમાણમાં થઈ રહ્યો છે. માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષાનાં જુદાં જુદાં વિષયોનાં પ્રશ્નપત્રોમાં આ પ્રકારના પ્રશ્નોમાં બે ઊભી હરોળ હોય છે, તેમાંથી ડાબી બાજુની હરોળમાં વિગતો આપવામાં આવે છે, તેને ઉત્તેજના (Stimulus) તરીકે ઓળખવામાં આવે છે અને જમણી બાજુની વિગતો પ્રત્યુત્તર (Response) તરીકે ઓળખવામાં આવે છે. પરીક્ષાર્થીને ડાબી બાજુની હરોળમાં આપેલી વિગતને જમણી બાજુએ આપેલી વિગતો પૈકીની સાચી વિગતો સાથે જોડવાનું કહેવામાં આવે છે. આમાં કેટલીક વખત ઉત્તેજકો અને પ્રત્યુત્તરો સરખા આપવામાં આવે છે, જ્યારે કેટલીક વખત ઉત્તેજકો કરતાં પ્રત્યુત્તરોની સંખ્યા વધારે આપવામાં આવે છે. આ બંનેમાંથી બીજો પ્રકાર વધારે સારો ગણાય છે, કારણ કે વિદ્યાર્થીઓ દરેક પ્રત્યુત્તર પસંદ કરતાં વિચાર કરવો પડે છે. આથી અટકળો નિવારી શકાય છે.

★	દા.ત. – નીચેનામાંથી સાચું જોડકું જોડી સાચો ક્રમ પસંદ કરો.

| **મંદિર** | **રાજ્ય** |
|---|---|
| A. ઉપરકોટ | a. અમદાવાદ |
| B. સીદી સૈયદની જાળી | b. પાટણ |
| C. રાણીની વાવ | c. ખદીર બેટ |
| D. ધોળાવીરા | d. જૂનાગઢ |

(A - a) (B - c) (C - b) (D - a)

૪〉	**બહુવિકલ્પ કસોટી :** (Mltiple choice test)

★	આ પ્રકારનની કસોટીમાં ત્રણ કે વધુ વિકલ્પો આપેલાં હોય છે. બાળકે તેમાંથી સૂચના પ્રમાણે સાચો ઉત્તર પસંદ કરવાનો હોય છે. વધુ વિકલ્પો આપવામાં આવતા હોવાથી આવી કસોટીને બહુ વિકલ્પ કસોટી કહેવામાં આવે છે. આ પ્રકારની કસોટીમાં વિકલ્પોની સંખ્યા સરખી રાખવીજોઈએ.

★	શૈક્ષણિક માપન અને મૂલ્યાંકનમાં વપરાતી અનાત્મલક્ષી કસોટીઓમાં બુહ વિકલ્પ પ્રકારની કસોટીઓ ઉત્તમ ગણાય છે. જાહેર પરીક્ષામાં આ પ્રકારની કસોટીનો ઉપયોગ થઈ રહ્યો છે.

★	દા.ત. –

૧}	નીચેનામાંથી કઈ આપત્તિ માનવ સર્જિત છે ?

૧) ભૂકંપ	૨) ચક્રાવાત	૩) પૂર	**૪) હુલ્લડ**

૨}	મોટે ભાગે લોકો પૂરની ઘટનાને શેની સાથે જોડે છે ?

૧) નદી	**૨) મહાસાગર**	૩) પર્વત	૪) ટાપુ

૩}	ત્સુનામી શબ્દનો અર્થ જાપાનીઝ ભાષામાં કયો છે ?

૧) તરતાં મોજાં	૨) ભમ્મરિયાં મોજાં

૩) વિનાશક મોજાં	૪) ભૂકંપીય મોજાં

૪}　પૂર ઓસર્યા બાદ પીવા માટે કયું પાણી ગાળીને વાપરશો ?

૧) બે વાર ગાળેલું　૨) વહેતા પ્રવાહનું　૩) ચોખ્ખું દેખાતું　**૪) ઉકાળેલું**

**૫〉 સાચા ખોટા જવાબની કસોટી :** (true false test)

★ આ પ્રકારની કસોટી બનાવવી સરળ છે, તેમાં કેટલાંક વિધાનો આપવામાં આવે છે. એમાંનાં કેટલાંક વિધાનો સાચાં હોય અને કેટલાંક વિધાનો ખોટાં હોય છે. એ વિધાનોમાંથી સાચાં ખોટાં શોધવાનું કહેવામાં આવે છે. કેટલીક વખત 'સાચું', 'ખોટું' કહેવાનું કે પછી '√', '×'નું ચિહ્ન કરવાનું કહેવામાં આવે છે. આ પ્રશ્નોમાં વિદ્યાર્થીઓ અટકળો ખૂબ કરે છે. કેટલીક વખત સમજ્યા વિના કે વિચાર કર્યા વિના 'ખરું', 'ખોટું' કહી દે છે. આ અટકળો નિવારવા ખોટું વિધાન સુધારી ફરી લખવા કહેવામાં આવે છે. આ વિધાન ફક્ત એક જ રીતે સુધરે તેવાં હોવાં જોઈએ.

★ દા.ત. – નીચેના વિધાનો ખરાં કે છે ક ખોટાં તે જણાવો. ખોટું વિધાન સુધારી ફરી લખો.

૧}　જાહેર કંપનીમાં ઓછામાં ઓછા ૧૦ સભ્યો હોવાં જોઈએ.

૨}　ચીનમાં શિયાળામાં સખત ઠંડી પડે છે.

૩}　આર્યોનું મૂળ વતન મધ્ય અમેરિકા હતું એમ મનાય છે.

૪}　બેરર ચેકનો વ્યવહાર કરવો સલામતીભર્યો છે.

૫}　અર્ધ બેકારી એટલે સમાજના અર્ધા ભાગના લોકોની બેકારી.

૬}　ભારત કુદરતી સંપત્તિની દૃષ્ટિએ ગરીબ નથી.

**૬〉 ગુરુ ચાવી પ્રકાર :** (the master key test)

★ આ પ્રકારની કસોટી જોડકાં પ્રકાર અને બહુ વિકલ્પ પ્રકારની કસોટીનું મિશ્ર સ્વરૂપ છે. એમાં બે વિભાગો આપવામાં આવે છે. એક વિભાગમાં ચાવીઓ અને બીજા વિભાગમાં કેટલાંક વિધાનો કે શબ્દો આપેલાં હોય છે. પહેલા વિભાગની ચાવીઓ પૈકી જે બીજા વિભાગના વિધાન કે શબ્દોને લાગુ પડતી હોય તેની સામે આપેલો ક્રમ કે અક્ષર વિધાન કે શબ્દ સામે મૂકેલા ચોરસમાં લખવાનો હોય છે. આ પ્રકારની કસોટી પ્રશ્નમાં એક ચાવી એક કરતાં વધારે વિધાનોને પણ લાગુ પડી શકે.

★ દા.ત. – નીચે એશિયાના દેશોની યાદી આપી છે. આ દેશો મુખ્યત્વે ક્યારે વરસાદ મેળવે છે તે તમારે જણાવવાનું

| | |
|---|---|
| ૧} મુખ્યત્વે ઉનાળુ વરસાદ | ૨} મુખ્યત્વે શિયાળું વરસાદ |
| ૩} બારેમાસ વરસાદ | ૪} બારેમાસ નહિવત્ વરસાદ |

**– એશિયાના દેશો :**

| | |
|---|---|
| ૧] ઈન્ડોનેશિયા | ☐ |
| ૨] જાપાન | ☐ |
| ૩] પાકિસ્તાન | ☐ |
| ૪] ભારતનો પશ્ચિમ કિનારો | ☐ |
| ૫] શ્રીલંકા | ☐ |
| ૬] મલેશિયા | ☐ |
| ૭] બાંગ્લાદેશ | ☐ |
| ૮] ઈઝરાયેલ | ☐ |

૯]  તિબેટ  [ ]

૧૦]  અરબસ્તાન  [ ]

૭〉 **વર્ગીકરણ કરો :** (Classification Test)

★ આ પ્રકારની કસોટીમાંબધી વિગતો એકી સાથે આપવામાં આવે છે, ત્યારપછી સૂચના પ્રમાણે વર્ગીકરણ કરવાનું કહેવામાં આવે છે.

★ ઉદાહરણ – ૧

ϕ નીચે વાણિજ્યના વિવિધ પ્રકારનાં દસ્તાવેજોનાં નામ આપેલાં છે, તેમને વાણિજ્યના દસ્તાવેજોના પ્રકાર પ્રમાણે વર્ગીકરણ કરો.

વિનિયમ પત્ર, ક્વોટેશન, બિલ ઓફ લેડિંગ, વાઉચર, મેઈલ ટ્રાન્સફર, કુપન, કાચું ભરતિયું, ડિવિડંડ, વોરંટ, કેશમેમો, ઉત્પત્તિનું પ્રમાણપત્ર, પાસબુક, શેર સર્ટિફિકેટ, લોરી રસીદ, વીમા પોલીસી

| **વેચાણ સંબંધી દસ્તાવેજો** | **વસ્તુ માલિકીના દસ્તાવેજો** | **નાણાંકીય દસ્તાવેજો** | **માલિકી દસ્તાવેજો** | **હિસાબી દસ્તાવેજો** |
|---|---|---|---|---|
| | | | | |

★ **ઉદાહરણ – ૨**

ϕ નીચે ભારતની નદીઓની યાદી આપી છે, તેને ઉત્તરભારતની નદીઓ અને દક્ષિણ ભારતની નદીઓમાં વર્ગીકૃત કરો.

કૃષ્ણા, કાવેરી, ગંગા, શોણ, યમુના, સિંધુ, નર્મદા, તાપી, બ્રહ્મપુત્રા, મહા

૧} ઉત્તર ભારતની નદીઓ ..................................................

૨} દક્ષિત ભારતની નદીઓ ..................................................

૮〉 **ક્રમ નિર્ણાયક કસોટી :** (Aggrement Test)

★ આ પ્રકારની કસોટીમાં તેના નામ પ્રમાણે હકીકતો કે ઘટનાઓનો ક્રમ આપવાનો હોય છે. અથવા તો હકીકતોને ક્રમ અનુસાર ગોઠવવાની હોય છે. આ પ્રકારની કસોટીમાં આપેલી વિગતો કે હકીકતોનો ક્રમ નિશ્ચિત હોવો જોઈએ. હકીકતોનો ક્રમ વિશે કોઈ પણ જાતનો મતમતાંતર ન હોવો જોઈએ. જ્યાં ઘટનાક્રમ વિવાદાગ્રસ્ત હોય ત્યાં આ પ્રકારના કસોટી પ્રશ્નોનો ઉપયોગ કરવો નકામો છે. વળી વિગતોના ક્રમનો ચઢતા ક્રમમાં ગોઠવવાનો હોય કે ઉતરતા ક્રમમાં ગોઠવવાનો છે તેની સ્પષ્ટ સૂચના આપવી જોઈએ. આ પ્રકારની કસોટી પ્રશ્ન સામાન્ય રીતે કોઈ પણ વિષયમાં કે ઐતિહાસિક ઘટનાઓને ક્રમ આપવા માટે ઉપયોગી છે. જો કે આ કસોટીનો ઉપયોગ મર્યાદિત જ છે.

★ ઉદાહરણ –

માણસ ડૂબી ગયો હોય ત્યારે આપવામાં આવતી પ્રાથમિક સારવારનાં કેટલાંક પગથિયાં નીચે આપ્યાં છે. સારવાર આપવાનાં ક્રમને લક્ષમાં રાખી તેમનો યોગ્ય ક્રમ આપેલ કૌંસમાં લખો.

( ) ૧} દર્દીના ભીનાં કપડાં કાઢી નાખવાં.

( ) ૨} દર્દીનું મોં એક બાજુ રહે તેમ ઊંધો સુવાડો.

( ) ૩} દર્દીનું મોં, નાક, ગળું સાફ કરવાં

( ) ૪} દર્દીનું શરીર લૂંછી નાંખવું

( ) ૫} દર્દીના પેટ નીચે ઓશીકું મૂકવું.

( ) ૬} દર્દીને કૃત્રિમ શ્વાસોચ્છવાસ કરાવવા.

( ) ૭} દર્દીને પાણી બહાર કાઢવો.

( ) ૮} દર્દીને પીઠ પર દબાણ આપી અથવા ઊંધો લટકાવી પી ગયેલ પાણી બહાર કાઢી નાંખવું.

**(૪) સારા પ્રશ્નપત્રની રચના : (Formation for a fair question paper)**

**(૧) પ્રસ્તાવના :**

- કોઈ મકાન બનાવનાર ઈજનેર સૌ પ્રથમ મકાન બનાવવા માટે આયોજન વિચારે છે અને તે માટે નકશો બનાવવાનું વિચારે છે. ઈજનેરને નિર્જિવ વસ્તુ સાથે સંબંધ છે, છતાં પણ એક એક બાબતનું આયોજન વિચારે છે. નકશાના આધારે મકાનના વિસ્તારની લંબાઈ, પહોળાઈ, ઊંચાઈ જેવી વિગતપૂર્ણ બાબતો જાણવા મળે છે. તે નકશાના આધારે મકાનનું બાંધકામ શરૂ થાય છે. નકશાને બ્લ્યુ પ્રિન્ટ તરીકે ઓળખવામાં આવે છે. આજે બ્લ્યુ પ્રિન્ટનું નામ સારા પ્રશ્નપત્ર માટે પણ વપરાય છે. મકાનની જેમ આદર્શ પ્રશ્નપત્ર રચનાનું કામ પણ તે માટેની બ્લ્યુ પ્રિન્ટ પરથી જ થાય છે. પ્રશ્નપત્રની રચનામાં નકશાની જરૂર પડે છે.
- શિક્ષકને તો જીવતાં જાગતાં બાળકો સાથે સંબંધ છે. શિક્ષકને પ્રશ્નપત્ર વિદ્યાર્થીઓની મહેનત અને ભાવિ કારકિર્દીના સ્વપ્નો સાથે સંકળાયેલું છે. આથી પ્રશ્નપત્રની જેટલી કાળજી રાખીએ તેટલી ઓછી છે. પ્રાચીન સમયમાં મૂલ્યાંકન મૌખિક રીતે થતું જોવામાં આવતું.
- દા.ત. – જનક રાજાના દરબારમાં પુત્રીના લગ્ન માટે સ્વયંવર.
- ધીમે ધીમે મૂલ્યાંકનની નવી પદ્ધતિઓની શોધ થતી ગઈ. લેખિત મૂલ્યાંકનની શરૂઆત થઈ.
- ૧૯૫૬માં ભારત સરકારના આમંત્રણને પરિણામે શિકાગો યુનિવર્સિટીના પરીક્ષા સંચાલન વિભાગના વડા ડો. બેન્જામીન બ્લૂમે ભારતની મુલાકાત લીધી, પરીક્ષા સુધારણા માટે તેમણે પ્રવચન કર્યા, જરૂરી માર્ગદર્શન આપ્યું. પરીક્ષા પદ્ધતિની કેટલીક ખામીઓ દર્શાવી પરીક્ષા સુધારણા માટે કેટલાંક સૂચનો કર્યા.

**(૨) બ્લ્યુ પ્રિન્ટની સંકલ્પના :** (blue print)

- સારા પ્રશ્નપત્રની રચના કરતા પહેલા હેતુઓ, પ્રશ્નનો સ્વરૂપ અને અભ્યાસક્રમને ધ્યાનમાં રાખીને જે તખ્તો તૈયાર કરવામાં આવે છે તેને બ્લ્યુ પ્રિન્ટના નામથી ઓળખવામાં આવે છે.
- પ્રશ્નપત્રની રચનાના પાયામાં વિષયવસ્તુ, હેતુઓ અને પ્રશ્ન પ્રકાર જેવાં ત્રણ પરિણામો છે. એ ત્રણેયનું કેટલું સ્થાન છે તે બાબતનો નકશો એટલે બ્લ્યુ પ્રિન્ટ. હેતુ સિદ્ધ કરવા કયા કયા અને કેવા સ્વરૂપના પ્રશ્નો પૂછવા તે માટે કેટલો અભ્યાસક્રમ આવરી લેવો, જુદાં જુદાં વિભાગોને કેટલો ભાર આપવો વગેરે બાબતનું આયોજન એટલે બ્લ્યુ પ્રિન્ટ.
- બ્લ્યુ પ્રિન્ટ એટલે પ્રશ્નપેપરનું આયોજન. પ્રશ્ન કાઢવાની શરૂઆત પહેલાં જે પૂર્વ તૈયારી છે તેને બ્લ્યુ પ્રિન્ટ કહીશું.

**(૩) સારા પ્રશ્નપત્રની રચના શા માટે જરૂરી છે ?**

- સારા પ્રશ્નપત્રની રચના નીચેની બાબતો માટે જરૂરી છે :

૧〉 વિવિધ હેતુઓની ચકાસણી કરવા.

૨〉 સારા પ્રશ્નપત્રમાં દરેક એકમને સરખો ન્યાય આપવા.

૩〉 સારા પ્રશ્નપત્રની રચના દ્વારા સમય મર્યાદાની યોગ્ય જાળવણી કરવા.

૪) સારા પ્રશ્નપત્રની રચના દ્વારા વ્યક્તિગત તફાવતો પ્રમાણે આયોજન કરવા.

૫) વર્તમાન પરીક્ષા પદ્ધતિની કેટલીક મર્યાદાઓ જોવા મળે છે તે ખામી દૂર કરવા.

૬) પ્રશ્નપત્રની રચનામાં પ્રશ્નોના વિવિધ સ્વરૂપોના પ્રશ્નો મૂકી પ્રશ્નોના સ્વરૂપમાં વિવિધતા લાવવા.

૭) યોગ્ય પ્રશ્નપત્રની રચના દ્વારા વિદ્યાર્થીઓનું સાચું મૂલ્યાંકન થઈ શકે તે માટે.

૮) શિક્ષકને ઉપયોગી માહિતીની પ્રાપ્તિ માટે.

૯) જુદાં જુદાં વિભાગો વચ્ચે સમતલોપણું જાળવવા.

**(૪) સારી કસોટી – સારા પ્રશ્નપત્રના લક્ષણો :** (Characteristics of good Test)

- વર્તમાન પ્રશ્નપત્રનું પૃથક્કરણ કરતાં જણાયું કે મોટાભાગના પ્રશ્નપત્ર માત્ર માહિતી ચકાસે છે. ઘણી વખત તો માત્ર યાદદાસ્તની જ કસોટી બની જતી હોય છે. આવા આજના આપણા ચીલાચાલુ પ્રશ્નપત્રોમાં પરિવર્તન લાવવા માટે સારા પ્રશ્નપત્રનાં લક્ષણો વિશે વિચારી લેવું પડશે. તે લક્ષણોને ધ્યાનમાં રાખી હવે પછીને પ્રશ્નપત્ર તૈયાર કરવા જોઈએ. કોઈપણ માપન અને મૂલ્યાંકનનું સાધન જે કાર્ય માટે રચાયું હોય તે કાર્ય શ્રેષ્ઠ રીતે પાર પાડી શકે તેવું હોવું જોઈએ.

- ઉદાહરણ – સુથારને સુંદર ફર્નિચર બનાવવાનું કહેવામાં આવે તો તે ઉત્તમ ગુણવત્તાવાળું ફર્નિચર બનવવાનો પ્રયત્ન કરશે. ઉત્તમ પ્રકારનું ફર્નિચર બનાવવા માટે તેને પ્રવર્તમાન ધોરણનું જ્ઞાન અને સમજ હોવા જરૂરી છે.

- સારું પ્રશ્નપત્ર, કસોટી કે મૂલ્યાંકનનું કોઈ પણ સાધન બનાવવું હોય તો પણ તેની રચના માટે પ્રવર્તમાન ગુણવત્તાનું ધોરણ જાળવવું જરૂરી છે. અર્થાત્ સારી કસોટી કે સારું પ્રશ્નપત્ર કે સારો પ્રશ્ન કયા ગુણો કે લક્ષણો ધરાવે તો તે સારો ગણાય તે જાણવું જરૂરી છે. સારી કસોટીનાં લક્ષણો નીચે પ્રમાણે છે :

**૧) અભ્યાસક્રમનાં મુદ્દાઓનું પ્રતિનિધિત્વ :**

* અભ્યાસક્રમનાં બધા જ મુદ્દાઓ પર પ્રશ્નો કાઢી પ્રશ્નપત્ર બનાવવો વ્યવહારિક દૃષ્ટિએ શક્ય નથી. જો અભ્યાસક્રમના પ્રત્યેક મુદ્દાને સ્થાન આપવામાં આવે તો પ્રશ્નપત્ર ખૂબ લાંબો બની જાય. આજની આપણી પ્રશ્નપત્રના જવાબ આપવાની સમય મર્યાદા જે ત્રણ કલાક છે તે અને ૧૦૦ ગુણ રાખીએ છીએ તે પણ ઓછાં પડે અભ્યાસક્રમના મુદ્દાઓના પ્રતિનિધિત્વ દ્વારા અભ્યાસક્રમને આવરી લેવા પેપર સેટર પ્રયત્ન કરવો જોઈએ.

**૨) બધા જ હેતુઓની ચકાસણી કરતા પ્રશ્નો હોય :**

★ મૂલ્યાંકન સંબંધી બધાજ હેતુઓની ચકાસણી કરતાં પ્રશ્ન હોય, પ્રશ્નો જ્ઞાન, સમજ, ઉપયોગ અને કૌશલ્ય વગેરેની ચકાસણી માટેના હોય, ફક્ત પાઠ્યપુસ્તકો કે શીખવેલી બાબતો પર જ આધારિત ન હોય.

**૩) પ્રશ્નોના સ્વરૂપ અંગેનો નિર્ણય :**

★ આ સોપાનોમાં નિબંધ પ્રકારના પ્રશ્નો, ટૂંકા ઉત્તર પ્રશ્નો, વસ્તુલક્ષી પ્રશ્નો વગેરેનું પ્રમાણ કેટલું રાખવું છે તેનો નિર્ણય કરવાનો હોય છે. આપણે નિબંધ પ્રકારનાં પ્રશ્નો જે રીતે અને જે ભાષામાં બનાવીએ છીએ તે યોગ્ય નથી. એક જ પ્રશ્નના જવાબો જુદાં જુદાં જોવા મળે છે. આમાં પણ ફેરફાર કરવાની જરૂર છે. આ માટે પ્રશ્ન વધુ ચોક્કસ અને તેની ભાષા પણ સ્પષ્ટ હોવી જોઈએ, જેથી દરેક વિદ્યાર્થી તેને વાંચી સરખો તારવે અને જવાબ સરખા મળે.

**૪) પ્રશ્નપત્રના જવાબ આપવા માટેની સમય મર્યાદા :**

★ વર્તમાન પ્રશ્નપત્રમાં ૮ થી ૧૨ પ્રશ્ન હોય છે, પરંતુ હવે પછી જે પ્રશ્નપત્ર વિદ્યાર્થીઓના હાથમાં મૂકવામાં આવશે તેમાં પ્રશ્નની સંખ્યા ૮, ૧૨ કે ૧૫ નહીં હોય, વસ્તુલક્ષી પ્રશ્નને

કારણે પ્રશ્નોની સંખ્યા વધી જશે. વધેલા પ્રશ્નોની સંખ્યાને કારણે ત્રણ કલાક સમય મર્યાદા પૂરતી છે કે કેમ તે પણ જોઈ લેવું જરૂરી છે. સમય મર્યાદામાં પણ પ્રશ્નની સંખ્યા અને સ્વરૂપને લક્ષમાં રાખી ફેરફાર કરવો ઘટે. વસ્તુલક્ષી કસોટીઓ માટે કેટલો સમય ફાળવવો છે અને તે ક્યારે પરત મેળવવાની છે તે પણ નક્કી કરવું પડશે. સામાન્ય રીતે A વિભાગની વસ્તુલક્ષી કસોટીઓ માટે પ્રારંભમાં ૩૦—૪૦ મિનિટનો સમય અનુકૂળ પડશે.

૫〉 **પ્રમાણભૂતતા :**

★ પ્રશ્નપત્ર પ્રમાણભૂત હોય એટલે કે હેતુસર પરીક્ષા લેવાની હોય તેવા હેતુ માટેના જ પ્રશ્નો તેમાં હોય.

★ ઉદાહરણ : હેતુ જો નિદાન માટેનો હોય તો પ્રશ્નો નિદાન જાણવા માટેના હોય, હેતુ વિદ્યાર્થીની બઢતી કે સિદ્ધિ માટેની જાણકારી મેળવવાનો હોય તો પ્રશ્નો તે રીતના હોય.

૬〉 **વિશ્વસનીયતા :**

★ પ્રશ્નપત્ર વિશ્વસનીય હોય એટલે કે તેના પ્રશ્નોના જવાબ ચોક્કસ હોય, દરેક વિદ્યાર્થી કે પરીક્ષક તેના સાચા ઉકેલ વિશે એક મત હોય. બીજી રીતે સમજીએ તો પરીક્ષાર્થી, પરીક્ષક કે સમય બદલાતાં જે પ્રશ્નના જવાબ તેના તે નીકળતા હોય, કોઈ એક કસોટી આજે એક જૂથને આપવામાં આવે અને આ જ કસોટી તે જ જૂથને થોડા સમય બાદ આપવામાં આવે આ બંને વખતના માપનના પરિણામો મહદ્અંશે સરખા જ આવે તો તે કસોટીમાં વિશ્વસનીયતાનો ગુણ કહેવામાં આવે છે.

૭〉 **પ્રશ્નનું કઠિનતા મૂલ્ય :**

★ કઠિન, સામાન્ય અને સહેલા પ્રશ્નોનું પ્રમાણ કેટલું રાખવું છે તે પણ પેપર સેટરે અગાઉથી નક્કી કરવું જોઈએ. સામાન્ય સમૂહના વિદ્યાર્થીઓ માટે કઠિન, સામાન્ય અને સહેલા પ્રશ્નોનું પ્રમાણ અનુક્રમે ૧૫%, ૭૦% તથા ૧૫% રાખવામાં આવે તો પ્રશ્નપત્ર વધારે અઘરો કે વધારે સહેલો નહીં બની જાય, તેમાં એવા પ્રશ્ન ન હોય જે વર્ગના બધાને આવડે તથા એવા પ્રશ્ન ન હોય કે જે બધાને ન આવડે.

૮〉 **પ્રશ્નોપત્રમાં તારવણી મૂલ્ય :**

★ પ્રશ્નપત્રમાં તારવણી મૂલ્ય યોગ્ય પ્રશ્નો હોય, પ્રશ્ન એવા હોય કે જે બુદ્ધિશાળી અને મંદબુદ્ધિ બાળકોના ભેદ મેળવી આપી શકે. કેટલાંક પ્રશ્નો એવા પણ હોય કે બુદ્ધિશાળી બાળકો જ તેનો જવાબ આપી શકે.

૯〉 **પ્રશ્નોની ભાષા :**

★ નિબંધ પ્રકારના પ્રશ્નોના ઉત્તરો વાંચતા આપણે સૌએ અનુભવ્યું છે કે એક જ પ્રશ્નનો જુદાં જુદાં વિદ્યાર્થીઓ જુદોં જુદોં ઉત્તર લખે છે. આથી ખાસ કરીને નિબંધ પ્રશ્નો અને ટૂંકા ઉત્તર પ્રશ્નનો ભાષા વધુ ચોક્કસ અને સ્પષ્ટ બનાવવી જોઈએ, જેથી દરેક પરીક્ષાર્થી તે વાંચીને એક સરખો જ અર્થ તારવે.

૧૦〉 **પ્રશ્નપત્રના વિભાગો :**

★ નિબંધ પ્રકારના પ્રશ્નો, ટૂંકા ઉત્તર પ્રશ્નો અને વસ્તુલક્ષી કસોટીઓ એ ત્રણેયનો સમાવેશ થતો હોય એવા પ્રશ્નપત્ર બે વિભાગમાં વહેંચવો પડશે. A વિભાગમાં વસ્તુલક્ષી કસોટીઓ અને B વિભાગમાં ટૂંકા ઉત્તર પ્રશ્નો તથા નિબંધ પ્રકારના પ્રશ્નોનો સમાવેશ થશે.

૧૧〉 **વિકલ્પોની યોજના :**

★ કેટલાંક પ્રશ્નપત્રની નીચે પ્રમાણે સૂચના હોય છે. ‘બધા જ પ્રશ્નોના ગુણ સરખા છે, કોઈ પણ પાંચના ઉત્તર લખો’ આ રીતે સમગ્ર તથા (Overall) વિકલ્પો આપવાની પ્રથા શાસ્ત્રીય નથી.

★ ઉદાહરણ : દરેક પ્રશ્નનું કઠિનતા મૂલ્ય એક સરખું નથી. કોઈ સહેલો, તો કોઈ ખૂબ અઘરો હોય છે. આ દષ્ટિએ પ્રશ્નપત્ર સમતોલ રહેતું નથી. દરેક પ્રશ્ન જુદાં જુદાં ઉદ્દેશો અને માનસિક પ્રક્રિયાઓ ચકાસે છે. આ માટે આંતરિક વિકલ્પો આપવાની પદ્ધતિ સ્વીકારવી જોઈએ. એટલે કે કોઈ એક પ્રશ્નના વિકલ્પે બીજો પ્રશ્ન આપી શકાયય. વિકલ્પોના પ્રશ્નો સરખા હોવા જોઈએ.

**૧૨〉 જવાબોનું ગુણાંકન :**

★ વિદ્યાર્થીઓએ લખેલાં જવાબપત્રોનું મૂલ્યાંકન (Marking) બને તેટલી ચોકસાઈથી અને બીન અનાત્મલક્ષીપણાથી થવું જોઈએ. આજે નિબંધ પ્રશ્નોની જે મોટી અપૂર્ણતા છે તે પરીક્ષાર્થીઓના જવાબપત્રોની ગુણાંકન અચોકસાઈ અને આત્મલક્ષણીપણાને લીધે છે.

**(૫) સારા પ્રશ્નપત્ર રચનાનાં સોપાનો :**

● પ્રશ્નપત્ર પણ મૂલ્યાંકનનું એક ઉપયોગ સાધન છે, તેથી તેનામાં મૂલ્યાંકનના સાધન તરીકેનાં લક્ષણો હોવા આવશ્યક છે, જેવાં કે અનાત્મલક્ષીપણું, વિશ્વસનીયતા અને સત્યતા, તેથી પ્રશ્નપત્રની ખૂબ કાળજીપૂર્વક રચના થવી જોઈએ. સારું પ્રશ્નપત્ર તૈયાર કરવાનું કામ પણ આજની પરીક્ષા પદ્ધતિની સુધારણામાં મહત્ત્વનો ફાળો આપે છે. સારા પ્રશ્નપત્રની રચના કરવા માટે નીચેનાં સોપાનો ધ્યાનમાં રાખવા જરૂરી થઈ પડે છે :

**૧〉 હેતુઓ પ્રમાણે ગુણભારની ફાળવણી :**

* હેતુઓ પ્રમાણે ગુણભારની ફાળવણી કરવા નીચેનો કોઠો / ટેબલ ધ્યાનમાં લેવો જોઈએ :

| ક્રમ | હેતુઓ | ફાળવેલા ગુણ | ભારાંક |
|---|---|---|---|
| ૧ | જ્ઞાન | | |
| ૨ | સમજ | | |
| ૩ | ઉપયોગ | | |
| ૪ | કૌશલ્ય | | |
| | **કુલ** | | |

★ પશ્નપત્રનાં માળખામાં હેતુઓ પ્રમાણે યોગ્ય ગુણભારની ફાળવણી કરવી જોઈએ.

**૨〉 વિષયવસ્તુનાં પેટા એકમ પ્રમાણે ગુણભારની ફાળવણી :**

★ વિષયવસ્તુમાં વિવિધ પેટા એકમોનો કેટલો ગુણધાર આપવો તેનો પણ પ્રથમથી વિચાર કરીને નીચેના કોઠામાં જણાવ્યા પ્રમાણે રજૂઆત કરવી. આમ કરવામાં એ ધ્યાન રાખવું જોઈએ કે અભ્યાસક્રમનો કોઈ મુદ્દો રહી જતો નથી. સારો પ્રશ્નપત્ર અભ્યાસક્રમનું પૂરતું આવરણ (Coverage) ધરાવે તે આવશ્યક છે.

| ક્રમ | વિષયવસ્તુના મુદ્દા | ફાળવેલા ગુણ | ભારાંક |
|---|---|---|---|
| ૧ | | | |
| ૨ | | | |
| ૩ | | | |
| ૪ | | | |
| કુલ | | | |

**૩〉 પ્રશ્ન સ્વરૂપ પ્રમાણે ગુણભારની ફાળવણી :**

★ આયોજનમાં હેતુઓ, વિષયવસ્તુની વિચારણા કર્યા પછી તેમાં પૂછવાના વિવિધ પ્રકારનાં પ્રશ્નો અને તે દરેકની સંખ્યા તથા તે માટે ફાળવવાના ગુણની વિચારણા પણ કરી લેવી પડે છે,

તેથી પ્રશ્નપત્રમાં સમાવવાનાં પ્રશ્નનાં પ્રકાર તથા તે દરેક માટે ફાળવવાનાં ગુણ નીચે દર્શાવેલ કોઠામાં દર્શાવવા જોઈએ.

★ પ્રશ્નમાં વિવિધતા આવવાથી ઉત્તર લખનારને પણ કંટાળો ઓછો આવે છે. વધુ પ્રકારના પ્રશ્નો રાખવાથી વિવિધ હેતુઓની ચકાસણી શક્ય બને છે.

| ક્રમ | પ્રશ્ન સ્વરૂપ | પ્રશ્નોની સંખ્યા | ફાળવેલા ગુણ | ભારાંક |
|---|---|---|---|---|
| ૧ | નિબંધ પ્રકારના પ્રશ્નો | | | |
| ૨ | ટૂંકા ઉત્તરવાળા પ્રશ્નો | | | |
| ૩ | વસ્તુલક્ષી પ્રશ્નો | | | |
| | કુલ | | | |

**૪〉 ત્રિપરિમાણિક દર્શક ચાર્ટ (બ્લ્યુ પ્રિન્ટ) :**

★ પ્રશ્નપત્રમાં હેતુઓ, વિષયવસ્તુ, પ્રશ્નસ્વરૂપ અને તે પ્રત્યેકનાં ફાળવેલા ગુણ અને પ્રશ્નોની સંખ્યા વગેરે બધી બાબતો નીચેના કોઠામાં દર્શાવવામાં આવે છે. આ કોઠો પ્રશ્નપત્રનું આયોજન છે તે બ્લ્યુ પ્રિન્ટના નામે કે ત્રિપરિમાણ દર્શન ચાર્ટના નામે ઓળખવામાં આવે છે.

| હેતુઓ | જ્ઞાન | | | સમજ | | | ઉપયોગ | | | કૌશલ્ય | | | કુલ | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પ્રશ્ન સ્વરૂપ પેટા એકમ | નિ | ટૂં | વ | નિ | ટૂં | વ | નિ | ટૂં | વ | નિ | ટૂં | વ | નિ | ટૂં | વ | |
| (1) | | | | | | | | | | | | | | | | |
| (2) | | | | | | | | | | | | | | | | |
| (3) | | | | | | | | | | | | | | | | |
| કુલ | | | | | | | | | | | | | | | | |
| કુલ | | | | | | | | | | | | | | | | |

★ ઉપરના કોઠામાં મૂકેલાં ગુણ અને પ્રશ્નનો સંખ્યા માટે સ્પષ્ટ સૂચના લખવી.

* ઉદાહરણ : આ કોઠામાં કૌંસમાં ( ) મૂકેલાં આંકડા ગુણ સૂચવે છે. અને તેની બાજુનાં આંકડા પ્રશ્નની સંખ્યા દર્શાવે છે.

★ ઉપરના ત્રણેય કોઠાની વિગતો એક જ કોઠામાં આવી જાય છે. નવા પરીક્ષકને આ કોઠાની વિવિધ વિગતો મેળ બેસાડવામાં તકલીફ પડે છે, પરંતુ અનુભવ અને મહાવરાથી તકલીફ ધીમે ધીમે દૂર થાય છે.

**૫〉 પ્રશ્નપત્રની રચના કરવી :**

★ ત્રિપરિમાણ દર્શક ચાર્ટ બની ગયા પછી તેમાં દર્શાવેલા વિવિધ હેતુઓને ચકાસે તેવા, વિષયવસ્તુના પેટા એકમને સ્પર્શતા, વિવિધ પ્રકારના પ્રશ્નો બનાવવા જોઈએ. દરેક પ્રકારના પ્રશ્નો જરૂર કરતાં થોડા વધુ બનાવવા જોઈએ, જેથી અયોગ્ય પ્રશ્નો હોય તો મુશ્કેલી ઊભી ન થાય. શક્ય હોય તો ત્યાં સુધી શિક્ષકે જાતે પ્રશ્નો બનાવવા જોઈએ. જરૂર પડે તો બીજા શિક્ષકની મદદ લેવી જોઈએ.

**૬〉 પ્રશ્નપત્રનું આયોજન પ્રશ્નવાર પૃથક્કરણ :**

★ પ્રશ્નપત્ર તૈયાર કર્યા પછી તેનું પ્રશ્નપત્રનું પ્રશ્નવાર પૃથક્કરણ કરવું જોઈએ. આ પ્રકારનું પૃથક્કરણ કરવાથી ત્રિપરિમાણદર્શક ચાર્ટ પ્રમાણે પ્રશ્નપત્ર તૈયાર થયું છે કે કેમ તેની ખબર પડે છે. પ્રશ્નપત્રનું પૃથક્કરણ નીચે દર્શાવેલા કોઠા પ્રમાણે કરવામાં આવે છે.

| | હેતુ વર્તન | અપેક્ષિત વર્તન | પેટા એકમ | પ્રશ્નનું સ્વરૂપ | ગુણ | ભારાંક |
|---|---|---|---|---|---|---|
| (1)<br>(2)<br>(3) | | | | | | |

★ ઉપર જણાવેલા કોઠા પ્રમાણે પ્રશ્નપત્રનું પ્રશ્નવાર પૃથક્કરણ કરી શકાય.

★ હેતુના ખાનામાં દરેક પ્રશ્ન કયા હેતુને સ્પર્શે છે તે લખવામાં આવે છે. જેમ કે– જ્ઞાન, સમજ, ઉપયોગ, કૌશલ્ય વગેરે. તેની બાજુના ખાનામાં અપેક્ષિત વર્તન પરિવર્તન લખવામાં આવે છે.જેમ કે, અમુક બાબતો યાદ કરે, અમુક બાબતોનો તફાવત દર્શાવે વગેરે. વિષયવસ્તુના પેટા એકમના મુદ્દાઓ લખવામાં આવે છે જે તે પ્રશ્ન કયા પેટા એકમના મુદ્દામાંથી લેવામાં આવેલો છે તે દર્શાવવામાં આવે છે. આટલી બાબતો નક્કી થયા બાદ પ્રશ્નનું સ્વરૂપ કયા પ્રકારનું છે, તેમજ કયા સ્વરૂપના કેટલા ગુણ મુકવા તે નોંધવામાં આવે છે. દરેક પ્રશ્ન લખવા માટે અંદાજે કેટલો સમય જોઈએ તે પણ નોંધવામાં આવે છે.

★ આ પ્રકારના પ્રશ્નપત્રનું પ્રશ્નવાર પૃથક્કરણ કરવાથી વિદ્યાર્થીઓને પ્રશ્નપત્ર સહેલું પડશે તે બાબત સ્પષ્ટ રીતે જાણી શકાય છે. પૃથક્કરણ ઉપરથી લાગે છે કે સમય વધુ જશે તો પ્રશ્નપત્રમાં ફેરફાર કરી શકાય છે.

**૭〉 ગુણાંકન યોજના :**

★ પ્રશ્નપત્રની યોગ્ય રીતે રચના થયા પછી વિદ્યાર્થીઓએ લખેલા ઉત્તરો જોવા માટે શિક્ષકે ગુણાંકન યોજના નીચેના કોઠામાં કરવી જોઈએ.

| પ્રશ્ન ક્રમ | અપેક્ષિત ઉત્તર | મુદ્દાઓ પ્રમાણે | ગુણભાર | કુલ ગુણ |
|---|---|---|---|---|
| | | | | |

**(૬) સારા પ્રશ્નપત્રો નમૂનોઃ**

- પ્રશ્નપત્ર

**〈૧〉 હેતુઓ પ્રમાણે ગુણભારની ફાળવણી :**

| ક્રમ | હેતુઓ | ફાળવેલા ગુણ | ભારાંક |
|---|---|---|---|
| ૧ | જ્ઞાન | ૧૫ | ૩૦ |
| ૨ | સમજ | ૯ | ૧૮ |
| ૩ | ઉપયોગ | ૧૧ | ૨૨ |
| ૪ | કૌશલ્ય | ૧૫ | ૩૦ |
| | **કુલ** | **૫૦** | **૧૦૦%** |

〈૨〉 **વિષયવસ્તુના પેટા એકમ પ્રમાણે ગુણભારની ફાળવણી :**

| ક્રમ | વિષયવસ્તુના પેટા એકમ | ફાળવેલા ગુણ | ભારાંક |
|---|---|---|---|
| ૧ | વૃદ્ધિ અર્થ | ૫ | ૧૦ |
| ૨ | વૃદ્ધિના લક્ષણો | ૫ | ૧૦ |
| ૩ | વૃદ્ધિ મહત્ત્વ | ૫ | ૧૦ |
| ૪ | વૃદ્ધિ | ૯ | ૧૮ |
| ૫ | વૃદ્ધિ | ૧૧ | ૨૨ |
| ૬ | વૃદ્ધિ અને વિકાસ | ૧૫ | ૩૦ |
| | કુલ | ૫૦ | ૧૦૦% |

〈૩〉 **પ્રશ્નસ્વરૂપ પ્રમાણે ગુણભારની ફાળવણી :**

| ક્રમ | પ્રશ્ન સ્વરૂપ | પ્રશ્નોની સંખ્યા | ફાળવેલા ગુણ | ભારાંક |
|---|---|---|---|---|
| ૧ | નિબંધ પ્રકારના પ્રશ્નો | ૪ | ૨૫ | ૫૦ |
| ૨ | ટૂંકા ઉત્તરવાળા પ્રશ્નો | ૧૧ | ૧૬ | ૩૨ |
| ૩ | વસ્તુલક્ષી પ્રશ્નો | ૦૯ | ૦૯ | ૧૮ |
| | કુલ | ૨૯ | ૫૦ | ૧૦૦% |

〈૫〉 **ત્રિપરિમાણદર્શક ચાર્ટ (બ્લ્યુ પ્રિન્ટ) :**

| હેતુઓ | જ્ઞાન | | | સમજ | | | ઉપયોગ | | | કૌશલ્ય | | | કુલ | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પ્રશ્ન સ્વરૂપ પેટા એકમ | નિ | ટૂં | વ | નિ | ટૂં | વ | નિ | ટૂં | વ | નિ | ટૂં | વ | નિ | ટૂં | વ | |
| (1) | 5 | | | | | | | | | | | | 5 | | | 5 |
| (2) | 5 | | | | | | | | | | | | 5 | | | 5 |
| (3) | 5 | | | | | | | | | | | | 5 | | | 5 |
| (4) | | | | | 5 | 4 | | | | | | | | 5 | 4 | 9 |
| (5) | | | | | | | | 6 | 5 | | | | | 6 | 5 | 11 |
| (6) | | | | | | | | | | 10 | 5 | | 10 | 5 | | 15 |
| કુલ | 15 | | | 9 | | | 11 | | | 15 | | | 25 | 16 | 9 | 50 |
| | | | | | | | | | | | | | 50 | | | |

## આણંદ હાઈસ્કૂલ, આણંદ

## પ્રથમ કસોટી

વિષય : સામાજિક વિજ્ઞાન — સમય : ૨ કલાક

ધોરણ : ૯ — ગુણ : ૫૦

પ્ર. ૧ આપત્તિ વ્યવસ્થાપન એટલે શું ? ઉદાહરણ સાથે સમજાવો. (૫)

પ્ર. ૨ આપત્તિની માનવ જીવન પર અસરો સવિસ્તાર જણાવો. (૫)

પ્ર. ૩ આપત્તિઓ પછીનું પુનઃસ્થાપન કેવી રીતે કરવામાં આવે તે જણાવો. (૫)

પ્ર. ૪ (A) નીચેના વિધાનો ખરાં કે ખોટાં તે જણાવી ખોટા હોય તે સુધારી ફરી લખો. (૫)

૧) આગ લાગવી તે કુદરતી આપત્તિ છે.

૨) ભૂકંપ એ માનવ સર્જિત આપત્તિ છે.

૩) આપત્તિના સમયે જંગમ મિલકતને નુકસાન થતું નથી.

૪) આપત્તિને લીધે લોકોનું જીવન સારું બને છે.

૫) આપત્તિમાં લોકોનું સ્થળાંતર થાય છે.

(B) નીચેના પ્રશ્નો માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી લખો. (૪)

૧) મોટે ભાગે લોકો પૂરની ઘટનાને શેની સાથે જોડે છે ?

(૧) નદી (૨) મહાસાગર (૩) પર્વત (૪) ટાપુ

૨) નીચેનામાંથી કઈ આપત્તિ માનવ સર્જિત છે ?

(૧) ભૂકંપ (૨) ચક્રવાત (૩) પૂર (૪) હુલ્લડ

૩) પૂર ઓસર્યા બાદ પીવા માટે ગાળેલું કયું પાણી ગાળીને વાપરશો ?

(૧) બે વાર ગાળેલું (૨) વહેતા પ્રવાહનું

(૩) ચોખ્ખું દેખાતું (૪) ઉકાળેલું

૪) ભોપાલ ગેસ કાંડમાં ગળતર થયેલો વાયુ કયો હતો ?

(૧) ઓઝોન (૨) મીક

(૩) સલ્ફરડાયોક્સાઈડ (૪) મિથેન

પ્ર. ૫ (A) નીચે આપેલ (A) વિભાગની માહિતી (B) વિભાગ સાથે યોગ્ય રીતે જોડો. (૫)

| (A) | (B) |
|---|---|
| ૧) કુદરતી આપત્તિ | ૧) વિનાશ |
| ૨) માનવ સર્જિત આપત્તિ | ૨) સમુદ્રમાં વિનાશ |
| ૩) વાવાઝોડું | ૩) લાંબા સમયનો પ્રકોપ |
| ૪) ત્સુનામી | ૪) હુલ્લડ |
| ૫) દુષ્કાળ | ૫) ભૂકંપ |

(B) નીચેના વિધાનો સમજાવો. (૬)

૧) પૂર સમયે વધુ સમય પાણીમાં રહેવું પડે છે.

૨) આપત્તિ પછી પુનઃ સ્થાપનમાં પ્રથમ કામગીરી બચાવની કેમ કરવામાં આવે છે ?

૩) પૂર સમયે પાણી ઉકાળીને કેમ પીવામાં આવે છે ?

પ્ર. ૬ (A) આપત્તિના પ્રકાર આકૃતિ સાથે સમજાવો. (૧૦)

(B) આપત્તિઓની માનવ જીવન પર અસરો આકૃતિ સાથે સમજાવો. (૫)

**પ્રશ્નપત્રનું પ્રશ્નવાર પૃથક્કરણ**

| પ્રશ્ન ક્રમ | હેતુ | અપેક્ષિત વર્તન | પેટા એકમ | પ્રશ્નનું સ્વરૂપ | ગુણ | સમય મિનિટ |
|---|---|---|---|---|---|---|
| ૧ | જ્ઞાન | યાદ કરે | | નિબંધ | ૫ | ૧૫ |
| ૨ | જ્ઞાન | વર્તન કરે | | નિબંધ | ૫ | ૧૨ |
| ૩ | જ્ઞાન | જણાવે | | નિબંધ | ૫ | ૧૨ |
| ૪ A | સમજ | અર્થઘટન કરે | | ટૂંકા | ૧ | ૨ |
| | સમજ | અર્થઘટન કરે | | ટૂંકા | ૧ | ૨ |
| | સમજ | અર્થઘટન કરે | | ટૂંકા | ૧ | ૨ |
| | સમજ | અર્થઘટન કરે | | ટૂંકા | ૧ | ૨ |
| | સમજ | અર્થઘટન કરે | | ટૂંકા | ૧ | ૨ |
| ૪ B | સમજ | અર્થઘટન કરે | | વસ્તુલક્ષી | ૧ | ૨ |
| | સમજ | અર્થઘટન કરે | | વસ્તુલક્ષી | ૧ | ૨ |
| | સમજ | અર્થઘટન કરે | | વસ્તુલક્ષી | ૧ | ૨ |
| | સમજ | અર્થઘટન કરે | | વસ્તુલક્ષી | ૧ | ૨ |
| ૫ A | ઉપયોગ | શોધી કાઢે | | વસ્તુલક્ષી | ૫ | ૪ |
| B | ઉપયોગ | શોધી કાઢે | | ટૂંકા | ૩ | ૬ |
| | ઉપયોગ | શોધી કાઢે | | ટૂંકા | ૩ | ૬ |
| ૬ A | કૌશલ્ય | આકૃતિ દોરે | | નિબંધ | ૧૦ | ૧૫ |
| B | કૌશલ્ય | આકૃતિ દોરે | | ટૂંકા | ૫ | ૧૦ |
| | | કુલ | | | ૫૦ | ૧૨૦ |

## ૧૦.૨ સારાંશ : Let us sum up

- **ટૂંકા ઉત્તર પ્રશ્ન એટલે શું ?**

– જે પ્રશ્નનો ઉત્તર ટૂંકમાં આપવાનો હોય તેવા પ્રશ્નને ટૂંકા ઉત્તર પ્રશ્ન કહે છે. – ત્રણથી ચાર લીટીમાં જવાબ આપવાનો હોય છે.

દા.ત. – ગ્રાહક સુરક્ષા એટલે શું ?

– ટૂંકા ઉત્તર પ્રશ્નની રચના કરતી વખતે ખાસ ધ્યાનમાં રાખી રચના કરવી જોઈએ. સૂચના સ્પષ્ટ આપવી જોઈએ. સ્પષ્ટ ઉત્તર મળે તેવા પ્રશ્નો પૂછવાં જોઈએ.

- **અનાત્મલક્ષી કસોટીનો અર્થ :**

– ચોક્કસ જવાબવાળી કસોટીને અનાત્મલક્ષી કસોટી કહે છે.

– ગમે તે તપાસે તો મૂલ્યાંકન તફાવત આવતો નથી.

– અનાત્મલક્ષી કસોટી બનાવવા માટે ખાસ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ. પ્રશ્નની ભાષા સરળ, પ્રશ્ન સ્પષ્ટ હોવો જોઈએ. સૂચના પણ પ્રકાર પ્રમાણે સ્પષ્ટ હોવી જોઈએ.

- **બ્લ્યુ પ્રિન્ટનો અર્થ :**

  સારા પ્રશ્નપત્રની રચના કરતા પહેલા હેતુઓ, પ્રશ્નનું સ્વરૂપ અને અભ્યાસક્રમને ધ્યાનમાં રાખીને જે તખ્તો તૈયાર કરવામાં આવે છે તેને બ્લયુ પ્રિન્ટના નામે ઓળખવામાં આવે છે.

## ૧૦.૩ એકમ સ્વાધ્યાય : Unit Exercises

(૧) ટૂંકા ઉત્તર પ્રશ્નોનું સ્વરૂપ જણાવો.

(૨) ટૂંકા ઉત્તર પ્રશ્નોના ફાયદા જણાવો.

(૩) ટૂંકા ઉત્તર પ્રશ્નોની મર્યાદા જણાવો.

(૪) ટૂંકા ઉત્તર પ્રશ્નોની રચના કરતી વખતે ધ્યાનમાં રાખવા જેવી બાબતો જણાવો.

(૫) અનાત્મલક્ષી કસોટીનો અર્થ આપો.

(૬) અનાત્મલક્ષી કસોટીના ફાયદા જણાવો.

(૭) અનાત્મલક્ષી કસોટીની મર્યાદા જણાવો.

(૮) અનાત્મલક્ષી કસોટી બનાવવા માટે ધ્યાનમાં રાખવાની બાબતો જણાવો.

(૯) અનાત્મલક્ષી પ્રશ્નોના પ્રકારો જણાવો.

(૧૦) બ્લ્યુ પ્રિન્ટની સંકલ્પના સ્પષ્ટ કરો.

(૧૧) સારા પ્રશ્નપત્રની રચના શા માટે જરૂરી છે ?

(૧૨) સારા પ્રશ્નપત્ર રચનાનાં સોપાનો જણાવો.

(૧૩) આપેલ વિધાનની નીચે જણાવેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.

૧) સારા પ્રશ્નપત્રની રચના કરવામાં પ્રથમ કઈ બાબત વિચારવામાં આવે છે ?

(૧) હેતુ પ્રમાણ ગુણભાર (૨) વિષય વસ્તુના પેટા મુદ્દા
(૩) નિબંધ પ્રકારના પ્રશ્નો (૪) એક પણ નહિ

૨) સારા પ્રશ્નપત્રની રચનામાં કઈ બાબત જોવા મળે છે ?

(૧) અભ્યાસક્રમના મુદ્દાઓનું પ્રતિનિધિત્વ (૨) એકમ વિભાજન
(૩) આખો અભ્યાસક્રમ (૪) અલ્પ અભ્યાસક્રમ

૩) ફક્ત ખાલી જગ્યા પૂરો – કયો હેતુ સ્પષ્ટ કરે છે ?

(૧) જ્ઞાન (૨) સમજ (૩) ઉપયોગ (૪) કૌશલ્ય

૪) ફક્ત ખરાં–ખોટા વિધાન નક્કી કરો તે કયો હેતુ સ્પષ્ટ કરે છે ?

(૧) જ્ઞાન (૨) સમજ (૩) ઉપયોગ (૪) કૌશલ્ય

૫) ખાલી જગ્યા વિકલ્પવાળી કયો હેતુ સ્પષ્ટ કરે છે ?

(૧) જ્ઞાન (૨) સમજ (૩) ઉપયોગ (૪) કૌશલ્ય

૬) ખરા–ખોટા વિધાન સુધારી જણાવવા તે કયો હેતુ સ્પષ્ટ કરે છે ?

(૧) જ્ઞાન (૨) સમજ (૩) ઉપયોગ (૪) કૌશલ્ય

૭) જોડકાં વાળા પ્રશ્નો કયો હેતુ સ્પષ્ટ કરે છે ?

(૧) જ્ઞાન (૨) સમજ (૩) ઉપયોગ (૪) કૌશલ્ય

- **બહુવિકલ્પ પ્રશ્નોના જવાબ :**

〈૧〉 હેતુ પ્રમાણ ગુણભાર

〈૨〉 અભ્યાસક્રમના મુદ્દાઓનું પ્રતિનિધિત્વ

〈૩〉 જ્ઞાન

〈૪〉 જ્ઞાન

〈૫〉 સમજ

〈૬〉 સમજ

〈૭〉 ઉપયોગ

**૪. તમારી પ્રગતિ ચકાસો :**

(૧) ટૂંકા ઉત્તર પ્રશ્ન એટલે શું ?

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

(૨) ટૂંકા ઉત્તર પ્રશ્નોના બે ફાયદા જણાવો.

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

(૩) ટૂંકા ઉત્તર પ્રશ્નોની બે મર્યાદા જણાવો.

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

(૪) ટૂંકા ઉત્તર પ્રશ્નોની રચના માટે ધ્યાનમાં રાખવાની ત્રણ બાબતો જણાવો.

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

(૫) અનાત્મલક્ષી કસોટીનો અર્થ જણાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

(૬) અનાત્મલક્ષી કસોટીના બે ફાયદા જણાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

(૭) અનાત્મલક્ષી કસોટીની બે મર્યાદા જણાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

(૮) અનાત્મલક્ષી કસોટી બનાવવા માટે ધ્યાનમાં રાખવાની ત્રણ બાબતો જણાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

(૯) અનાત્મલક્ષી કસોટીના ત્રણ પ્રકારો જણાવો

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

(૧૦) બ્લ્યુ પ્રિન્ટનો અર્થ જણાવો.

..........................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(૧૧) સારી કસોટીના ત્રણ લક્ષણો જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(૧૨) સારા પ્રશ્નપત્રની રચના શા માટે જરૂરી છે તે જણાવો. (કોઈ પણ ત્રણ)

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(૧૩) હેતુ પ્રમાણે ગુણભારમાં કઈ બાબત જોવામાં આવે છે.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

## ૧૦.૫ તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો : Answers to check your progress

**(૧) ટૂંકા ઉત્તર પ્રશ્ન એટલે :**

- જે પ્રશ્નનો ઉત્તરટૂંકમાં આપવાનો હોય તેવા પ્રશ્નોને ટૂંકા ઉત્તર પ્રશ્નો કહે છે, જેનો જવાબ ચાર–પાંચ લીટીમાં આપવાનો હોય છે.

દા.ત. – બેંકના કાર્યો ટૂંકમાં જણાવો. – આપણી આસપાસ શું હોય છે ?

**(૨) ટૂંકા ઉત્તર પ્રશ્નોના બે ફાયદા :**

〈૧〉 જ્ઞાન, સમજ, ઉપયોગ, જેવા હેતુઓ ચકાસી શકાય છે.

〈૨〉 આ પ્રકારના પ્રશ્નો દરેક વિષયમાં અનુકૂળ છે.

**(૩) ટૂંકા ઉત્તર પ્રશ્નોની બે મર્યાદા :**

〈૧〉 વિદ્યાર્થીઓની અભિવ્યક્તિ અટકે છે

〈૨〉 મૌલિકતાનું મૂલ્યાંકન થતું નથી

**(૪) ટૂંકા ઉત્તર પ્રશ્નોની રચના વખતે ધ્યાનમાં રાખવાની ત્રણ બાબતો :**

〈૧〉 સ્પષ્ટ સૂચના આપવી

〈૨〉 સ્પષ્ટ ઉત્તર મળે તેવા પ્રશ્નો પૂછવા

〈૩〉 સ્પષ્ટ ખાલી જગ્યા પૂછવી

**(૫) અનાત્મલક્ષી કસોટીનો અર્થ :**

- જેનો જવાબ ચોક્કસ હોય, નિશ્ચિત હોય તેવા પ્રશ્નોને અનાત્મલક્ષી કસોટી કહે છે.
- ચોક્કસ નિશ્ચિત જવાબવાળી કસોટીને અનાત્મલક્ષી કસોટી કહે છે.

**(૬) અનાત્મલક્ષી કસોટીના બે ફાયદા :**

〈૧〉 વધુ પ્રમાણમાં અભ્યાસક્રમનો સમાવેશ

〈૨〉 તપાસવામાં ઝડપ અને સરળતા રહે છે

**(૭) અનાત્મલક્ષી કસોટીની બે મર્યાદા :**

〈૧〉 વિચારોની અભિવ્યક્તિ રુંધાય છે

〈૨〉 કસોટી બનાવવાનું કાર્ય મુશ્કેલરૂપ છે.

**(૭) અનાત્મલક્ષી કસોટીની રચના વખતે ધ્યાનમાં રાખવાની ત્રણ બાબતો :**

〈૧〉 પ્રશ્નની ભાષા સરળ હોવી જોઈએ

〈૨〉 પ્રશ્નની ભાષા શુદ્ધ હોવી જોઈએ

〈૩〉 પ્રશ્ન સ્પષ્ટ હોવો જોઈએ

**(૯) અનાત્મલક્ષી કસોટીના ત્રણ પ્રકારો :**

〈૧〉 ખાલી જગ્યા પ્રકાર

〈૨〉 જોડકાં જોડો કસોટી

〈૩〉 બહુ વિકલ્પ કસોટી

**(૧૦) બ્લ્યુ પ્રિન્ટનો અર્થ :**

- બ્લ્યુ પ્રિન્ટ એટલે પ્રશ્ન પેપરનું આયોજન
- પ્રશ્ન કાઢવાની શરૂઆત પહેલાં જે પૂર્વ તૈયારી છે તેને બ્લ્યુ પ્રિન્ટ કહીશું

**(૧૧) સારી કસોટીના ત્રણ લક્ષણો :**

〈૧〉 અભ્યાસક્રમનાં મુદ્દાઓનું પ્રતિનિધિત્વ આપવા

〈૨〉 બધા જ હેતુઓની ચકાસણી કરવા

〈૩〉 વિશ્વસનીયતા ચોક્કસ હોય છે

**(૧૨) સારા પ્રશ્નપ્રની રચના શા માટે જરૂરી છે ? ત્રણ બાબતો :**

〈૧〉 વિવિધ હેતુની ચકાસણી કરવા

〈૨〉 દરેક એકમને સરખો ન્યાય આપવા

〈૩〉 પ્રશ્નના પ્રકારને યોગ્ય ચકાસણી કરવા

## ૧૦.૬ સૂચિત વાંચન સામગ્રી : Suggested Readings

૧. બારૈયા વી.વી. : શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન, પ્રતીક પ્રકાશન, આણંદ

૨. બારૈયા વી.વી. : શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન, પ્રતીક પ્રકાશન, આણંદ (ફેબ્રુઆરી–૧૯)

૩. બારૈયા વી.વી. તથા અન્ય : અર્થશાસ્ત્ર શિક્ષણ પદ્ધતિ, પ્રતીક પ્રકાશન, આણંદ

૪. શાહ હેમા તેજસભાઈ : શિક્ષણમાં માપન અને મૂલ્યાંકન, અક્ષર પબ્લિકેશન, અમદાવાદ

# એકમ 11 સામાજિક વિજ્ઞાનમાં શૈક્ષણિક સાધનો - 1

## : રૂપરેખા :

૧૧.૦ ઉદ્દેશો
૧૧.૧ પ્રસ્તાવના
૧૧.૨ શૈક્ષણિક ઉપકરણોની સંકલ્પના
૧૧.૩ દૃશ્ય–શ્રાવ્ય સાધનોના પ્રકાર
૧૧.૪ દૃશ્ય–શ્રાવ્ય સાધનના ઉપયોગના ફાયદા
૧૧.૫ દૃશ્ય–શ્રાવ્ય સાધનોના ઉપયોગમાં નડતી મુશ્કેલીઓ
૧૧.૬ શૈક્ષણિક સાધનોની પસંદગી
૧૧.૭ શૈક્ષણિક સાધનો
(૧) નકશા
૧) પ્રસ્તાવના
૨) નકશાનો અર્થ
૩) નકશાનાં લક્ષણો
૪) નકશાના પ્રકાર
૫) નકશાની ઉપયોગિતા
૬) સામાજિક વિજ્ઞાનના શિક્ષણમાં નકશાનો ઉપયોગ
૭) નકશાના ઉપયોગ વખતે ધ્યાનમાં રાખવાની બાબતો
(૨) ચાર્ટ્સ
૧) પ્રસ્તાવના
૨) ચાર્ટ્સનો અર્થ
૩) ચાર્ટ્સના ઉપયોગનું મહત્ત્વ
૪) ચાર્ટ્સના પ્રકારો
૫) ચાર્ટનો ઉપયોગ કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો
૬) શિક્ષણમાં ચાર્ટનો ઉપયોગ
૧૧.૮ સારાંશ
૧૧.૯ એકમ સ્વાધ્યાય
૧૧.૧૦ તમારી પ્રગતિ ચકાસો
૧૧.૧૧ તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો
૧૧.૧૨ સૂચિત વાંચન સામગ્રી

## ૧૧.૦ ઉદ્દેશો : Objectives

- આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે ...

(૧) શૈક્ષણિક ઉપકરણોની સંકલ્પના સમજી શકશો.

(૨) દૃશ્ય–શ્રાવ્ય સાધનોના પ્રકાર સમજી શકશો.

(૩) દૃશ્ય–શ્રાવ્ય સાધનના ઉપયોગના ફાયદા સમજી શકશો.

(૪) દૃશ્ય–શ્રાવ્ય સાધનોના ઉપયોગમાં નડતી મુશ્કેલીઓ સમજી શકશો.

(૫) શૈક્ષણિક સાધનોની પસંદગીની બાબતો સમજી શકશો.

(૬) નકશાનો અર્થ સમજી શકશો.

(૭) નકશાનાં લક્ષણો સમજી શકશો.

(૮) નકશાનાં પ્રકાર સમજી શકશો.

(૯) નકશાનો ઉપયોગ વખતે ધ્યાનમાં રાખવાની બાબતોની ચર્ચા કરી શકશો.

(૧૦) નકશાની ઉપયોગિતા સમજી શકશો.

(૧૧) ચાર્ટ્સનો અર્થ સમજી શકશો.

(૧૨) ચાર્ટ્સના ઉપયોગનું મહત્ત્વ સમજી શકશો.

(૧૩) ચાર્ટ્સના પ્રકારો સમજી શકશો.

(૧૪) શિક્ષણમાં ચાર્ટનો ઉપયોગ સમજી શકશો.

(૧૫) ચાર્ટનો ઉપયોગ કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો સમજી શકશો.

## ૧૧.૧ પ્રસ્તાવના :

- સામાજિક વિજ્ઞાન એ હકીકતો અને વ્યવહારિકતા સાથે વધુ સંબંધ ધરાવે છે. શિક્ષણના હેતુઓની સિદ્ધિ માટે તેમજ અધ્યયન અધ્યાપન પ્રક્રિયાને વધુ અસરકારક અને જીવંત બનાવવા માટે કેટલાંક માધ્યમો કે સાધનોનો ઉપયોગ અનિવાર્ય બની રહે છે. શિક્ષણ પ્રક્રિયાને અસરકારક બનાવવા માટે વિદ્યાર્થીઓની વૈયક્તિક ભિન્નતાના વલણો, રૂચિ, મૂલ્યો અને અભિરૂચિ સંતોષવા માટે દૃશ્ય–શ્રાવ્ય સાધનો જરૂરી બન્યા છે.
- માનવી તેની પાંચ જ્ઞાનેન્દ્રિયો દ્વારા જ્ઞાન મેળવે છે. (૧) આંખ દ્વારા જોવું (૨) કાન દ્વારા સાંભળવું (૩) નાક દ્વારા સૂંઘવું (૪) જીભ દ્વારા ચાખવું (૫) ત્વચા દ્વારા સ્પર્શવું. એ અનુભવોથી જ્ઞાન મેળવે છે. જ્ઞાન પ્રાપ્તિના કાર્યોમાં જેમ વધુ સંખ્યામાં જ્ઞાનેન્દ્રિયો જોડાયેલી હોય તેમ મેળવેલાં જ્ઞાનનું ધારણ (retention) વધે છે. શિક્ષકોએ વિદ્યાર્થીઓને વય કક્ષાને અનુરૂપ અધ્યયન અનુભવો પૂરા પાડવા જોઈએ. સામાજિક વિજ્ઞાન વિષય એ માત્ર વ્યાખ્યાન દ્વારા શીખવી શકાય નહીં, તેમાં વાંચવું, લખવું, વર્ગીકરણ કરવું, ઉપરાંત ચાર્ટ્સ, ચિત્રો, ફિલ્મ સ્ટ્રીપ, ફિલ્મ, ટી.વી., વી.સી.આર. ઓવરહેડ પ્રોજેક્ટર, ફિલ્મ સ્ટ્રીપ પ્રોજેક્ટર અને કમ્પ્યુટર વગેરે જેવા શૈક્ષણિક ઉપકરણોનો વર્ગખંડમાં ઉપયોગ કરવો જોઈએ.
- સામાજિક વિજ્ઞાનના શિક્ષણમાં શૈક્ષણિક ઉપકરણોને મહત્ત્વનું સ્થાન આપવામાં આવે છે. શૈક્ષણિક સાધનોના ઉપયોગથી સામાજિક વિજ્ઞાનનું શિક્ષણ સરળતાથી અને અસરકારક રીતે આપી શકાય છે. શૈક્ષણિક સાધનોના ઉપયોગથી વિદ્યાર્થી સક્રિય બને છે અને વિદ્યાર્થીઓની સામાજિક વિજ્ઞાન વિષય પ્રત્યે અભિરૂચિ જાગૃત થાય છે, તેથી દૃશ્ય–શ્રાવ્ય સાધનોનો ઉપયોગ સામાજિક વિજ્ઞાનના શિક્ષણમાં કરવામાં આવે છે.

## ૧૧.૨ શૈક્ષણિક ઉપકરણોની સંકલ્પના :

- શિક્ષક વર્ગખંડમાં શૈક્ષણિક હેતુઓની સિદ્ધિ માટે શિક્ષણને રસપ્રદ બનાવવા માટે વિવિધ અધ્યયન અનુભવો પૂરા પાડવા માટે, જે ઉપકરણોનો ઉપયોગ કરે છે તેને શૈક્ષણિક ઉપકરણ કહે છે.
- શિક્ષણ આપવાની પ્રક્રિયા સરળ બને તે માટે વાપરવામાં આવતાં સાધનો એટલે શૈક્ષણિક સાધનો.

- વર્ગમાં અધ્યાપન માટે ઉપયોગી શૈક્ષણિક ઉપકરણો—વર્ગીકરણ (સાધનો)

(૧) **દશ્ય સાધનો :**

- જે સાધનોના ઉપયોગથી ફક્ત માહિતી જોઈ શકાય તેવા સાધનોને દશ્ય સાધનો કહેવાય છે.
- દા.ત. – શ્યામ ફલક, ચાર્ટ્સ, ચિત્રો, ગ્રાફ, કોષ્ટક, બુલેટિન બોર્ડ, ફલેનલ બોર્ડ, ફિલ્મ સ્ટ્રીપ, ફિલ્મ સ્લાઈડ, ફિલ્મ સ્ટ્રીપ પ્રોજેક્ટર, ઓવરહેડ પ્રોજેક્ટર, એપિડાયોસ્કોપ, એપિસ્કોપિક કાર્ડ, નમૂના, નકશા, કોઠા, આલેખ, આકૃતિઓ, પાઠ્યપુસ્તક, સામયિકો, દસ્તાવેજી પત્રક, સ્લાઈડ, આલ્બમ, સ્કેપ બુક, વર્તમાનપત્રો.

(૨) **શ્રાવ્ય સાધનો :**

- જે સાધનોના ઉપયોગથી ફક્ત માહિતી સાંભળી શકાય તેને શ્રાવ્ય સાધનો કહેવામાં આવે છે.
દા.ત. – રેડિયો, ટેપરેકોર્ડર, સંવાદ

## ૧૧.૩ દશ્ય–શ્રાવ્ય સાધનોના પ્રકાર :

- દશ્ય–શ્રાવ્ય સાધનોના પ્રકાર

(૧) શૈક્ષણિક ઉપકરણો

(૨) શિક્ષણપયોગી સામગ્રી

**દશ્ય સાધનો**

૧) બ્લેક બોર્ડ (કા.પા.)
૨) નકશો
૩) પૃથ્વીનો ગોળો
૪) પ્રદર્શન
૫) બુલેટિન બોર્ડ
૬) માઈક્રો પ્રોજેક્ટર
૭) પ્રવાસ–પર્યટન
૮) શાળાબાગ
૯) પ્રયોગ નિદર્શન
૧૦) માઈક્રો ફિલ્મ
૧૧) સંગ્રહાલય
૧૨) ઓવરહેડ પ્રોજેક્ટર
૧૩) ફિલ્મ સ્ટ્રીપ અને ફિલ્મ પ્રોજેક્ટર
૧૪) જાદુઈ ફાનસ
૧૫) ફલેનલ બોર્ડ
૧૬) સાદાં ચિત્રો
૧૭) ગ્રાફિક ચિત્રો, ચાર્ટ, આકૃત્તિ, પોસ્ટર, સ્કેચ, કાર્ટૂન, આલેખ
૧૮) ત્રિપરિમાણવાળાં સાધનો – મૉડેલ્સ, ઘન પદાર્થો, નમૂના
૧૯) એપિસ્કોપ અને એપિડાયોસ્કોપ

**શ્રાવ્ય સાધનો**

૧) ગ્રામોફોન
૨) રેડિયો
૩) લાઉડ સ્પીકર
૪) ટેપરેકોર્ડર

**દશ્ય શ્રાવ્ય સાધનો**

૧) નાટયાત્મક પ્રવૃત્તિઓ
૨) ટેલિવિઝન
૩) ધ્વનિયુક્ત પ્રોજેક્ટર ફિલ્મ

(૧) **શૈક્ષણિક ઉપકરણો : Teaching Aids**

– શિક્ષક શિક્ષણ કાર્ય વખતે આ સાધનોનો ઉપયોગ કરે છે.

(૨) **શિક્ષણોપયોગી સામગ્રી : Insrtuction Aids**

શિક્ષક ભણાવવા જતાં પહેલાં પૂર્વ તૈયારીમાં પોતે આ સાધનોનો ઉપયોગ કરે છે.

દા.ત. – પાઠ્યપુસ્તકો, જોડણી કોષ, શિક્ષક દ્વારા નિર્મિત સાહિત્ય અન્ય સામગ્રી જેવી કે – સંદર્ભ પુસ્તકો, સામયિકો, વર્તમાન પેપર

- દૃશ્ય શ્રાવ્ય સાધનનો અર્થ :

(૧) અહલુ વાલિયા :

– 'આંખ અને કાન દ્વારા વિચાર તથા અનુભવોને પ્રાપ્ત કરી શકાય તેવાં સાધનોનો સમાવેશ દૃશ્ય–શ્રાવ્ય સાધનોમાં થાય છે. જ્ઞાન પ્રાપ્ત કરવાની પ્રક્રિયામાં આ ઉપકરણો મૂર્ત અને અશાબ્દિક અનુભવો પૂરો પાડવામાં સહાયરૂપ બને છે.'

- મનોવૈજ્ઞાનિક પ્રયોગોના આધારે સ્પષ્ટ થયું છે કે, વિદ્યાર્થીઓ દૃશ્ય–શ્રાવ્ય સાધનો દ્વારા ૯૦% અનુભવ સાથે જ્ઞાન પ્રાપ્ત કરે છે. ધ્વનિ અને પ્રકાશ સાથેનાં સાધનો શિક્ષણ કાર્યને જીવંત બનાવે છે.
- વિદ્યાર્થી આંખ દ્વારા, વિવિધ પ્રકારની પ્રયુક્તિ દ્વારા શીખે તેને દૃશ્ય સાધન કહે છે, જ્યારે શ્રાવણેન્દ્રિય દ્વારા જે પ્રયુક્તિઓથી શીખાય તેને શ્રાવ્ય સાધન કહે છે.

### ૧૧.૪ દૃશ્ય–શ્રાવ્ય સાધનના ઉપયોગના ફાયદા :

(૧) **ચર્ચાનું પ્રમાણ ઘટાડે :**

- શિક્ષક જ્યારે કેટલીક હકીકતો શીખવે છે ત્યારે કાં તો તે હકીકત અંગેનો પ્રત્યક્ષ અનુભવ વિદ્યાર્થીને આપે છે. કોઈ પણ બાબત સમજાવવા માટે જરૂરી શૈક્ષણિક સાધનનો ઉપયોગ કરી ચર્ચાનું પ્રમાણ ઘટાડે છે.

(૨) **અનુભવમાં વાસ્તવિકતાઃ**

- શબ્દચિત્રથી જે બાબતો કેવળ કલ્પવામાં આવે છે તે કરતાં વાસ્તવિક અનુભવ થાય છે ત્યારે તેમાં ખુબ જ સ્પષ્ટતા રહેલી હોય છે. જ્યારે વિદ્યાર્થીની યાદ તાજી કરે છે, ત્યારે તેની આગળ સ્પષ્ટ ચિત્ર ખડું થાય છે અને જેટલે અંશે આવા અનુભવમાં સમૃદ્ધિ હશે તેટલે અંશે સ્પષ્ટતા હશે અને તેટલા પ્રમાણમાં વિચારમાં અનુકૂળતા આવશે.

(૩) **વિકાસમાં મદદરૂપ :**

- દૃશ્ય શ્રાવ્ય દ્વારા ખ્યાલને સ્પષ્ટ કરવામાં મદદરૂપ થાય છે. ખ્યાલના સ્પષ્ટીકરણમાં મૂળમાં અનુભવો રહેલા હોય છે. ખ્યાલ સ્પષ્ટ થવાથી વિકાસ કરવામાં મદદરૂપ થશે.

(૪) **શિક્ષણ કાયમી બને :**

- જ્યારે અનુભવમાં સમૃદ્ધિ હોય છે, ત્યારે તેની યાદ સરળતાથી લાવી શકાય છે. સામાન્ય પ્રકારના શિક્ષણ કાર્યથી વિદ્યાર્થીઓને અમુક સમય પછી વિષય અંગે જેટલું યાદ રહે છે, તેનાં કરતાં શિક્ષણની સાથે ને વિષયને લગતી ફિલ્મ બતાવવાથી તેમને વિશેષ હકીકત લાંબા સમય પછી યાદ રહેલી માલુમ પડી છે.

(૫) **ક્રિયાશીલ પ્રવૃત્તિ :**

- કેટલીક ફિલ્મ જોયા પછી વિદ્યાર્થીઓને કાંઈક કામ કરવાની પ્રેરણા મળે છે. બીજાં દેશમાં વિદ્યાર્થીઓ શું કાર્ય કરે છે તે જાણી તેવા જ પ્રકારનું કાર્ય કરવા વિદ્યાર્થીઓ પ્રેરાય છે. કયા પ્રકારનું કાર્ય કરી શકાય અથવા કઈ રીતે કાર્ય કરી શકાય તે અંગેનો ખ્યાલ જો વિદ્યાર્થીઓ

ફિલ્મમાં જોઈ મેળવે અથવા રેડિયો—વાર્તાલાપ સાંભળી મેળવે તે તેમને પણ લાગે કે તેઓ પણ આવું કંઈક કરી શકે તેમ હોય છે.

**(૬) રસવૃત્તિ જાળવી રાખે :**

- દશ્ય—સાધનોથી વિદ્યાર્થીઓને જે અનુભવો મળે છે, તેનાથી કેવળ મૌખિક શિક્ષણકાર્યથી ઉત્પન્ન થતી નીરસતા દૂર થાય છે. વિદ્યાર્થી જ્યારે ચિત્ર જુએ છે, ત્યારે ચિત્ર જોવામાં એટલો તલ્લીન થાય છે કે તેની આજુબાજુ શું બને છે તે પણ ભૂલી જાય છે. લાંબા સમય સુધી તેની અસરમાંથી છૂટી શકતો નથી.

**(૭) ક્રમિકતા આવે :**

- જે વિષય વસ્તુ માટે દશ્ય શ્રાવ્ય સાધનોનો ઉપયોગ કરવામાં આવે તે અથવા સળંગ રીતે બતાવવામાં આવે છે. વધુ ચિત્રો હોય તો એક પછી એક બતાવવામાં આવે છે, જેથી વિષયવસ્તુમાં ક્રમિકતા લાવી શકાય છે.

**(૮) અશક્ય લાગતા અનુભવો આપવા :**

- દશ્ય શ્રાવ્ય સાધનો દ્વારા એવા અનુભવો આપી શકાય છે, જે સામાન્ય સંજોગોમાં આપવા લગભગ અશક્ય લાગે છે. સમય અને સ્થળ અંગેની મર્યાદાઓ તોડી શકાય છે અને કેટલાંય અનુભવો જે શાળામાં આપવા જરૂર હોવા છતાં આપી શકાય તેમ નથી ત્યાં દશ્ય શ્રાવ્ય સાધનો વાપરી અનુભવો આપી શકાય છે.

**(૯) શિક્ષણકાર્યમાં વિવિધતા લાવી શકાય :**

- દશ્ય શ્રાવ્ય સાધનોથી વિષય વસ્તુની માહિતી શીખવવા માટે વિવિધતા લાવી શકાય છે. એક જ પદ્ધતિથી વિદ્યાર્થીઓને શીખવવામાં આવે છે ત્યારે તેઓને શિક્ષણમાં રસ રહેતો નથી, પણ વધુ સાધનોથી શીખવતાં તેમાં વિવિધતા આવે છે ત્યારે તેમાં રસ જાગે છે.

**(૧૦) અસરકારક શિક્ષણકાર્ય :**

- શિક્ષકની પાસે જરૂરી દશ્ય શ્રાવ્ય સાધનો હોય તો વિષયને લગતી બાબતો માટે જે સાધનની જરૂર હોય અથવા જે રીતે વધારે સારી હોય તેનો ઉપયોગ કરી શકે છે, જેથી શિક્ષણ કાર્ય અસરકારક રીતે થઈ શકે છે.

**(૧૧) પછાત બાળકોના અધ્યયન પર વધુ અસર :**

- શિક્ષણકાર્ય જરૂરી સાધનોનો ઉપયોગ થવાથી પછાત બાળકોના અધ્યયન પર વધુ સારી અસર થાય છે. શિક્ષણકાર્યમાં તેમનો રસ જળવાઈ રહે છે.

**(૧૨) યાદ શક્તિમાં વધારો :**

- શિક્ષણકાર્યમાં જરૂરી સાધનોનો ઉપયોગ થવાથી વિદ્યાર્થીઓનો રસ વધી જાય છે. ધ્યાનપૂર્વક સાધનને જૂએ છે, લાંબો સમય સુધી યાદ રાખી શકે છે, જેથી કરીને યાદ શક્તિમાં વધારો થાય છે.

**(૧૩) જૂથ ચર્ચા :**

- વિષય વસ્તુ અંગે જે સાધનનો ઉપયોગ કરવામાં આવેલ હોય, તેના ઉપયોગ પછી જૂથ ચર્ચા ગોઠવી શકાય છે. આ અંગેની માહિતી અગાઉથી વિદ્યાર્થીઓને આપવામાં આવે છે, જેથી ધ્યાનપૂર્વક અવલોકન કરે છે.

**(૧૪) સ્વ અધ્યયન ટેવનો વિકાસઃ**

– દરેક એકમમાં તે પ્રકરણમાં કઈ કઈ માહિતી આપેલી છે તેનો ટૂંકમાં સારાંશ મૂકાયેલો હોવો જોઈએ.

**(૧૫) વિચાર શક્તિનો વિકાસ :**

- એક વખત સાધનનો ઉપયોગ કર્યા પછી વિચાર આવે છે, પછી વિચાર શક્તિનો વિકાસ થાય છે. સાધનનો શિક્ષક ઉપયોગ કરે છે, તે સાધન વિશે વિદ્યાર્થીઓ વિચારે છે.

**(૧૬) લાંબો સમય યાદ રાખી શકે :**

- શૈક્ષણિક સાધનમાં વિદ્યાર્થીઓને વધુ રસ પડે છે, એક વખત જોયેલ સાધન કાયમ માટે યાદ રહી જાય છે, જેથી લાંબો સમય યાદ રાખી શકે છે.

**(૧૭) ઓછા સમયમાં વધુ માહિતી આપી શકાય :**

- જરૂરી સાધનોનો ઉપયોગ થવાથી ઓછા સમયમાં વધુ માહિતી આપી શકાય છે. દા.ત.– ગ્રાહકના હક્કો, ફરજો.

**(૧૮) વ્યક્તિ તફાવતો સંતોષાય :**

- નબળા વિદ્યાર્થીઓની શીખવાની ગતિ ધીમી હોય છે. જરૂરી સાધનોનો ઉપયોગ થવાથી નબળા વિદ્યાર્થીઓની ગતિમાં વધારો થાય છે.

**(૧૯) અન્ય વિષય સાથે અનુબંધ બાંધી શકાય :**

– સામાજિક વિજ્ઞાન શીખવતી વખતે અન્ય વિષય સાથે અનુબંધ બાંધી શિક્ષણ કાર્ય કરાવી શકાય છે.

**(૨૦) પ્રેરણા પૂરી પાડે :**

– શિક્ષણ કાર્યમાં જરૂરી સાધનોનો ઉપયોગ થવાથી અભ્યાસ માટે, વાંચન માટે, સ્વ અધ્યયન માટે પ્રેરણા જાગે છે.

**(૨૧) શિક્ષકની મર્યાદા દૂર કરે :**

- શિક્ષણ કાર્ય માટે શિક્ષકની રજૂઆત અંગે કોઈ મુશ્કેલી હોય તો તે મુશ્કેલી જરૂરી સાધનોના ઉપયોગ થવાથી શિક્ષકની મર્યાદા દૂર થાય છે.

**(૨૨) થાક અને કંટાળાની અસરો ઘટાડે :**

- જરૂરી સાધનનો ઉપયોગ થવાથી વિદ્યાર્થીઓને તે સાધનમાં ઉપયોગમાં વધુ રસ પડે છે. વધુ ધ્યાન કેન્દ્રિત કરે છે. વધુ આનંદ આવે છે, જેથી કરીને વિદ્યાર્થીઓને થાક અને કંટાળાની અસર ઓછી થાય છે.

## ૧૧.૫ દશ્ય–શ્રાવ્ય સાધનોના ઉપયોગમાં નડતી મુશ્કેલીઓ–મર્યાદા :

**(૧) ઓછો ઉપયોગ :**

- દશ્ય શ્રાવ્ય સાધનોનો ઓછો ઉપયોગ થાય છે. શાળામાં પણ ઓછા પ્રમાણમાં સાધનો જોવા મળે છે. શિક્ષકને પણ જરૂરી સાધનોનો ઉપયોગ કરવામાં ઓછો રસ પડે છે.

**(૨) મોંઘા સાધનો :**

- દશ્ય શ્રાવ્ય સાધનો ખૂબ જ મોંઘા પડે છે, જેથી શાળાઓ વસાવી શકતી નથી, તે માટે ઉપયોગ કરવા અંગે ભૌતિક સગવડતાઓ પણ ઓછી જોવા મળે છે.

**(૩) ખર્ચાળ સાધનો :**

- જરૂરી સાધનો વસાવ્યા પછી તેને સમારકામ કરવા અંગે ખર્ચા વધુ થાય છે. શાળામાં વધુ સમારકામ ખર્ચ અંગે જોગવાઈ ન હોવાથી મુશ્કેલી ઊભી થાય છે. શિક્ષકો સાધનોનો ઉપયોગ કરવાનું ટાળે છે.

**(૪) ગ્રામ વિસ્તારનો પ્રશ્ન :**

- જરૂરી સાધનોનો ઉપયોગ કરવા માટે જરૂરી ભૌતિક સગવડતાઓ જરૂરી છે. ગ્રામ વિસ્તારમાં શાળામાં ભૌતિક સગવડતાં ન હોવાથી તેનો ઉપયોગ ઓછો થાય છે.

**(૫) સાધનો વાપરવા અંગે શિક્ષકની અણ આવડત :**

– જરૂરી દૃશ્ય શ્રાવ્ય સાધનો વાપરવા અંગે શિક્ષક પાસે કૌશલ્ય હોવું જોઈએ.

**(૬) વય કક્ષા પ્રમાણે સાધનોનો અભાવ :**

– સામાજિક વિજ્ઞાન સેકન્ડરી શાળાના વિદ્યાર્થીઓ માટેનો વિષય છે. સેકેન્ડરીના વિદ્યાર્થીઓ માટેનાં સાધનો હોવાં જોઈએ. સામાજિક વિજ્ઞાનના અભ્યાસક્રમ પ્રમાણેના સાધનો હોવા જોઈએ, વય કક્ષા પ્રમાણે સાધનો નથી.

**(૭) ભૌતિક સગવડતાનો અભાવ :**

- દૃશ્ય શ્રાવ્ય સાધનોના ઉપયોગ માટે ભૌતિક સગવડતાઓ જરૂરી છે. શાળામાં ભૌતિક સગવડતાઓ ન હોય તો, યોગ્ય ઉપયોગ થઈ શકતો નથી.

**(૮) બીજા પર આધારિત :**

- દૃશ્ય શ્રાવ્ય સાધનના ઉપયોગ અંગે જ્ઞાન મેળવવું જરૂરી છે. શિક્ષક પાસે જ્ઞાન હોય તો બીજા પર આધાર રાખવો પડે છે.

**(૯) ચર્ચાનો અભાવ :**

- દૃશ્ય શ્રાવ્ય સાધનોનો ઉપયોગ કરવામાં આવતો હોય ત્યારે વચ્ચે વચ્ચે ચર્ચા થઈ શકતી નથી. વિદ્યાર્થીઓને વચ્ચે વચ્ચે પ્રશ્ન ઊભો થાય ત્યારે પ્રશ્નોત્તરી થઈ શકતી નથી.

**(૧૦) શિક્ષકની જવાબદારીમાં વધારો :**

- શિક્ષક જરૂરી સાધનોનો ઉપયોગ કરે તો તેનું આયોજન કરવું પડે છે, તેમાં વધુ સમય જાય છે, તેથી શિક્ષકો સાધનો વાપરવાનું પસંદ કરતાં નથી.

**(૧૧) પ્રાપ્ત સ્થાનની જાણકારીનો અભાવ :**

– કયા સાધનો કઈ જગ્યાએથી પ્રાપ્ત થશે એની માહિતી ન હોવાથી, સાધનો વધુ પ્રમાણમાં વસાવી શકાતાં નથી.

**(૧૨) સાધનોના ઉપયોગમાં લાગતો શ્રમ અને સમય :**

– જરૂરી સાધનનો ઉપયોગમાં વધુ શ્રમ કરવો પડે છે, તેમજ સમય વધુ જાય છે. શિક્ષકો તેનો ઉપયોગ કરવાનું ટાળે છે.

## ૧૧.૬ શૈક્ષણિક સાધનોની પસંદગી :

- વર્ગ વ્યવહાર અસરકારક બનાવવા માટે તેમજ વિદ્યાર્થીઓને સારા અનુભવો પૂરા પાડવા માટે શૈક્ષણિક સાધનોની પસંદગી નીચેના જેવી કેટલીક બાબતો ધ્યાનમાં રાખી થવી જોઈએ :

**(૧) વિદ્યાર્થીઓની માનસિક કક્ષા :**

- શૈક્ષણિક સાધનોની પસંદગી વિદ્યાર્થીઓની માનસિક કક્ષા પ્રમાણે કરવી જોઈએ. વિદ્યાર્થીઓ કઈ કક્ષાના છે તે બાબત ધ્યાનમાં રાખવી જોઈએ. સેકેન્ડરીના વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક સાધનનો ઉપયોગ કરવો હોય તો તે પ્રમાણે પસંદગી કરવી.

**(૨) ટકાઉપણું:**

– સાધનો વધુ સમય માટે ટકી શકે તેવા પસંદ કરવાં જોઈએ.

**(૩) રસવૃત્તિને ઉત્તેજિત કરે :**

– શૈક્ષણિક સાધનો એવા પસંદ કરવા જોઈએ કે જે વિદ્યાર્થીઓની રસવૃત્તિને ઉત્તેજિત કરે.

(૪) **આકર્ષક :**

- શૈક્ષણિક સાધનો એવા પસંદ કરવા જોઈએ કે જે વધુ આકર્ષક હોય, વિદ્યાર્થીઓનું ધ્યાન ખેંચે તેવા હોય તો તેને વધુ રસ પડે. રંગીન ચાર્ટ, ચિત્રો, પ્રોજેક્ટર પસંદ કરવા.

(૫) **વિષયવસ્તુ સાથે સુસંગત :**

– શૈક્ષણિક સાધનો વિષયવસ્તુ સાથે સુસંગત હોવાં જોઈએ. વધુ સ્પષ્ટીકરણ કરે તેવા હોવાં જોઈએ.

(૬) **હેતુઓની સિદ્ધિમાં મદદરૂપ :**

- સામાજિક વિજ્ઞાનના શૈક્ષણિક સાધનો એવા પસંદ કરવા જોઈએ કે સામાજિક વિજ્ઞાન શિક્ષણના હેતુઓની સિદ્ધિ કરવામાં મદદરૂપ બને.

(૭) **જરૂરી માહિતીનો સમાવેશ :**

– સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં ઉપયોગી હોય તેવી જ જરૂરી માહિતીનો સમાવેશ થાય તેવા સાધનો પસંદ કરવા જોઈએ.

(૮) **વર્ગ વ્યવસ્થાને અનુરૂપ સાધનો :**

– સામાજિક વિજ્ઞાન શિક્ષણ માટે વર્ગ વ્યવસ્થાને અનુરૂપ હોય તેવા સાધનો પસંદ કરવાં જોઈએ.

(૯) **સ્પષ્ટ અને ટૂંકી માહિતીનો સમાવેશ :**

- સામાજિક વિજ્ઞાનના શૈક્ષણિક સાધનોમાં મુકેલી માહિતી સ્પષ્ટ અને ટૂંકી હોવી જોઈએ. ભૂલો વગરની માહિતી હોવી જોઈએ.

(૧૦) **પ્રત્યક્ષ અનુભવો પૂરાં પાડે :**

- શૈક્ષણિક સાધનો એવા પસંદ કરવા જોઈએ કે જે પ્રત્યક્ષ અનુભવો વિદ્યાર્થીઓને પૂરાં પાડે.
- શૈક્ષણિક સાધનો મનોરંજન માટેના સાધનો નથી. શૈક્ષણિક સાધનો તો શિક્ષણ કાર્ય સરળ, અસરકારક, વાસ્તવિક, જીવંત અને રસપ્રદ બનાવવામાં મદદરૂપ થાય તેવાં હોવા જોઈએ. ઉપરની બાબતો ધ્યાનમાં રાખી શૈક્ષણિક સાધનોની પસંદગી થવી જોઈએ.

## ૧૧.૭ શૈક્ષણિક સાધનો :

(૧) **નકશા :**

(૧) **પ્રસ્તાવના :**

★ આખી દુનિયાને એના મૂળ સ્વરૂપે વર્ગખંડમાં લઈ જઈ શકાય નહીં કે બતાવી શકાય નહીં, વિશ્વમાં વિવિધ સ્થળોએ બનતી આર્થિક બાબતોને વર્ગમાં હંમેશા પ્રત્યક્ષ જોવાનું શક્ય બનતું નથી.

★ નકશો એ એક એવું સાધન છે, જેના દ્વારા વર્ગખંડમાં દુનિયામાં બનતા આર્થિક, સામાજિક, રાજકીય, સાંસ્કૃતિક બનાવોનાં સ્થળોનું દર્શન કરાવવાનું શક્ય બને છે.

★ મોટર વ્યવહાર, રેલવે વ્યવહાર, હવાઈ વ્યવહાર કરતી વખતે પણ નકશાની જરૂર પડે છે. શાળાઓમાં સામાજિક વિજ્ઞાન કે અન્ય વિષયમાં નકશાઓનો ઉપયોગ કરવો પડે છે.

★ આર્થિક પ્રવૃત્તિના વિકાસને સમજાવવા નકશાની જરૂર પડે છે. નકશો એક અગત્યનું સાધન છે. નકશો પૃથ્વી કે તેના કોઈ પણ એક ભાગની, નિશ્ચિત માપ મુજબ રંગ, રેખાઓ, સંકેત ચિન્હો અને શબ્દો દ્વારા બનાવેલી પ્રતિકૃતિ છે. કોઈ પણ દેશની ખેતી, ઉદ્યોગ, ઔદ્યોગિક કેન્દ્રો, ઊર્જાનાં સાધનો નાના ઉદ્યોગોનાં કેન્દ્રો, વાહન વ્યવવહારનાં સાધનો વગેરે નકશા દ્વારા સ્પષ્ટ થાય છે. સામાજિક વિજ્ઞાનના શિક્ષણમાં વિદ્યાર્થીઓને વિવિધ પાકના પ્રદેશો, ખેતી વિકાસ, વાહન વ્યવહારનાં સાધનો તથા તેનો વિકાસ, આંતરિક અને આંતરરાષ્ટ્રીય

વેપાર વગેરેની સમજૂતી માટે નકશાઓનો ઉપયોગ કરી શકાય.

★ સામાજિક વિજ્ઞાનના પાઠયપુસ્તકમાં ઉદ્યોગ, જમીન, શ્રમ, મૂડી, નિયોજક વગેરેની સમજૂતીમાં નકશાનો શક્ય ઉપયોગ થઈ શકે.

★ અક્ષાંશ–રેખાંશ એકમમાં પણ નકશાનો ઉપયોગ થઈ શકે.સામાજિક વિજ્ઞાનના પાઠ્યપુસ્તકમાં આંતરરાષ્ટ્રીય વેપાર, વ્યાપારનીતિ, આર્થિક પદ્ધતિઓ, મૂડીવાદ સામૂહિક અર્થતંત્ર, મિશ્ર અર્થતંત્ર.

(૨) **નકશાનો અર્થ :**

★ નકશા માટે અંગ્રેજીમાં Map શબ્દ વપરાય છે. આ શબ્દ લેટિન ભાષા પરથી ઉતરી આવ્યો છે. 'Mappa Mundi' શબ્દ પરથી ઉતરી આવેલ છે. Nicon નામના સાધુએ સૌ પ્રથમ વખત Map શબ્દ પ્રયોજ્યો છે, જેનો અર્થ હાથરૂમાલના કદનો સામાન્ય ટૂકડો કે જે પૃથ્વી વિશે કંઈક કહે છે તેવો થાય છે.

★ વિવિધ ભાષામાં નકશા માટે જુદાં જુદાં અર્થ કરવામાં આવે છે. હિન્દીમાં નકશા માટે માનચિત્ર, ઉર્દૂમાં 'નકશે' અને ગુજરાતીમાં 'નકશા' શબ્દ વપરાય છે. જોડણી કોશમાં તેનો અર્થ 'જગા કે પ્રદેશનો માપસર આલેખ' તેવો આવેલ છે.

★ 'નકશો એટલે વિશિષ્ટ પ્રમાણ, માપ તથા વિશિષ્ટ પ્રક્ષેપણ પદ્ધતિના અવલંબન દ્વારા ઉપરથી નીચે જોતાં ગોળાકાર એવી પૃથ્વીની સપાટી કે તેના ભાગ પરની દશ્યમાન કે અદશ્યમાન બાબતોને યથોચિત મહત્ત્વ આપીને નકશાકારે તૈયાર કરેલ સાંકેતિક ચિત્ર.'

★ 'નકશાઓ વક્રાકાર પૃથ્વી કે તેના કોઈ પણ ભાગનું કે આકાશીય પદાર્થો ઉપરથી જોતાં દેખાતા નાના કદનું આલેખન છે.'

★ પૃથ્વી સપાટીને કાગળ પર માપ, પ્રક્ષેપો, રૂઢ સંજ્ઞાઓ, દિશા અને આકાર દ્વારા પ્રદર્શિત કરવામાં આવે તે નકશો છે.

★ નકશા વિવિધ સ્થળો અને પ્રદેશોનો, એકબીજા સાથેનું દિશામાન, તેઓ વચ્ચેનું ચોક્કસ અંતર વગેરે દર્શાવે છે. નકશા પૃથ્વી પરના પ્રદેશોના આકાર અને કદ પણ દર્શાવે છે.

★ નકશા એટલે ...

* જુદાં જુદાં પ્રદેશો, દેશો, શહેરો, ગામ, તાલુકા, જિલ્લા, રાજ્યની સીમા દર્શાવતી આકૃતિ.
* શબ્દો, રંગો, સંજ્ઞાઓ, રેખાઓ વગેરે દ્વારા સ્થળ વિષયક માહિતી પૂરું પાડતું સાધન કે ઉપકરણ છે.
* ચોક્કસ આકાર કે પ્રમાણ માપવાની આકૃતિ કે ચિત્ર.
* પ્રમાણ માપ દ્વારા દોરેલી આકૃતિ એટલે બે સ્થળો વચ્ચેનું ચોક્કસ અંતર તેમજ કોઈ પણ ગામ, તાલુકા, જિલ્લા, રાજ્ય, શહેર, દેશ કે પ્રદેશનું ક્ષેત્રફળ દર્શાવતી આકૃતિ.
* નકશો પૃથ્વી કે તેના કોઈ પણ એકભાગની નિશ્ચિત માપ મુજબ રંગ, રેખાઓ, સંકેત ચિન્હો અને શબ્દો દ્વારા બનાવેલી આકૃતિ છે.

(૩) **નકશાનાં લક્ષણો :**

★ નકશાનાં લક્ષણો નીચે મુજબ દર્શાવી શકાય :

૧〉 **અક્ષાંશ–રેખાંશ :**

● પૃથ્વી પરના સ્થળોને ચોક્કસ સ્થળોને દર્શાવવા નકશામાં અક્ષાંશ–રેખાંશ દર્શાવેલાં હોય છે. કોઈ પણ સ્થળની અક્ષાંશ–રેખાંશની માહિતી પ્રાપ્ત થાય છે.

૨〉 **રંગ :**

- નકશામાં વપરાતા રંગ આંતરરાષ્ટ્રીય ધોરણો પ્રમાણિત હોય છે. રંગનું ખૂબ જ મહત્ત્વ હોય છે. મેદાનો માટે લીલો, ઉચ્ચ પ્રદેશ માટે પીળો, પર્વતો માટે કથ્થઈ અને પાણી માટે વાદળી રંગ વપરાય છે. નકશામાં વપરાયેલા રંગોની ઓળખ ચાવી પણ નકશાની નીચે એક બાજુએ દર્શાવેલી હોય છે.

૩〉 **ચિહ્નોની ઓળખ – ચાવી :**

- નકશામાં દર્શાવેલી વિગતો માટે આંતર રાષ્ટ્રીય ધોરણે માન્ય ચિહ્નો કે સંકેતો વાપર્યા હોય છે. ચિહ્નોને આધારે માહિતી મેળવી શકાય છે. ચિહ્નો વિષે બાજુમાં માહિતી આપેલ હોય છે.

૪〉 **ચિહ્નો :**

- નકશામાં વિગતો દર્શાવવા માટે આંતર રાષ્ટ્રીય ધોરણે માન્ય ચિહ્નો વપરાય છે, જેથી નકશાવાંચન અને તેના અર્થઘટનમાં સરળતા રહે છે.


૫〉 **પ્રમાણમાપ :**

- પૃથ્વી પરના બે સ્થળો વચ્ચેનું અંતર અને નકશા પરના તે બે સ્થળો વચ્ચેના અંતરને સંબધ છે. આ સંબંધને 'પ્રમાણમાપ' કહે છે. નકશામાં વાપરવામાં આવેલું પ્રમાણમાપ નકશામાં નીચે દર્શાવેલું હોવું જોઈએ.

૬〉 **પ્રક્ષેપ :**

- પૃથ્વીની વક્રાકાર સપાટીને સમતલ સપાટી પર આલેખવાની પદ્ધતિને પ્રક્ષેપ કહે છે. પ્રક્ષેપ દ્વારા પૃથ્વીનાગોળાને નકશામાં આલેખતાં તેના આકાર, કદ કે દિશામાનમાં ઓછામાં ઓછી ભૂલો આવે છે.

(૪) **નકશાનાં પ્રકાર :**




૧〉 માપને આધારે પ્રકાર :

૧} સર્વે માટેના નકશા :

- ભૂમિમાપન, ખેતરો તથા મકાનો વગેરેની હદ દર્શાવે છે.

૨} નકશાપોથીના નકશા :

- પાઠ્યપુસ્તકો, સંદર્ભ સાહિત્ય કે નકશાપોથીમાં આવતા નાના સ્વરૂપના નકશા તે કદમાં નાના હોય છે. વિગતોનું પ્રમાણ ઓછું હોય છે.

૩} ભીંતે ટીંગાડવાના નકશા :

- કદમાં મોટા હોય છે. કાગળ, કાપડ કે પ્લાસ્ટિક પર તૈયાર કરેલાં હોય છે. વર્ગ શિક્ષણ માટે ઉપયોગ છે.

૨〉 વિગતોને આધારે પ્રકાર :

પ્રાકૃતિક નકશાઓ

૧) પ્રાકૃતિક–ભૂપૃષ્ઠના

૨) આબોહવાના

૩) હવામાનના

૪) કુદરતી વનસ્પતિના

૫) જમીનના

૬) સામાજિક

૭) ઐતિહાસિક

સાંસ્કૃતિક નકશાઓ

૧) રાજકીય

૨) આર્થિક

૩) વાહન વ્યવહાર

૪) વસ્તીના

૫) અંક વિષયક

**(૫) નકશાની ઉપયોગિતા :**

- નકશાની ઉપયોગિતા નીચે મુજબ છે :

**૧〉 વિષયવસ્તુની સ્પષ્ટ સમજ :**

- નકશાના આધારે વિષયવસ્તુની સ્પષ્ટ સમજ મેળવી શકાય છે. દા.ત. – જમીન અંગેની માહિતી નકશાના આધારે આપી શકાય. વેપાર અંગેની માહિતી આપી શકાય.

**૨〉 વિવિધ કૌશલ્યનો વિકાસ :**

- નકશાને આધારે વિવિધ કૌશલ્યનો વિકાસ થાય છે. દા.ત. નકશાવાંચન, નકશાપૂરણી, નકશાનું અર્થઘટન, નકશા દોરવા વગેરે.

**૩〉 અર્થઘટન કરતાં શીખે :**

- નકશાના આધારે નકશામાં વપરાતા વિવિધ પ્રકારનાં સંકેત ચિહ્નો, રંગોનો અર્થ સમજી અર્થઘટન કરતા શીખે છે. નકશાની ભાષા સમજી શકાય છે.

**૪〉 વિદ્યાર્થીઓની ભાગીદારીમાં વધારો :**

- નકશાના આધારે વિદ્યાર્થીઓની ભાગીદારીમાં વધારો કરી શકાય છે. નકશાના આધારે પ્રશ્નો પૂછીને વિદ્યાર્થીઓને ભાગીદાર બનાવી શકાય છે.

**૫〉 સ્થળની માહિતી :**

- નકશાના આધારે વિશ્વના કોઈ પણ સ્થળની માહિતી પ્રાપ્ત થાય છે. કયું સ્થળ કઈ જગ્યાએ આવેલ છે તેની માહિતી મેળવી શકાય છે.

**૬〉 દેશના વિકાસની માહિતી :**

★ નકશાના આધારે વિકાસની માહિતી પ્રાપ્ત થાય છે. કયાં ક્ષેત્રમાં વિકાસ થયો, તેની માહિતી નકશાને આધારે મેળવી શકાય છે.

**૭〉 વિદ્યાર્થીઓને પ્રવૃત્તિશીલ બનાવવા :**

★ નકશાને આધારે વિદ્યાર્થીઓને કાર્ય આપીને પ્રવૃત્તિશીલ બનાવવા મદદરૂપ થાય છે.
દા.ત. – ઉદ્યોગના વિકાસની માહિતી નકશામાં બતાવવી.

**૮〉 સમયનો યોગ્ય ઉપયોગ કરતાં શીખે :**

- નકશાના આધારે વિદ્યાર્થીઓ નવરાશના સમયનો યોગ્ય ઉપયોગ કરી શકે છે.

**૯〉 પૃથ્વી પરની માહિતીનો ખ્યાલ :**

★ પૃથ્વી પરના સાગરો, મહાસાગરો, નદીઓ, સરોવરો, પર્વતો, મેદાનો અને રણપ્રદેશ વગેરેનો ખ્યાલ આવે છે.

**૧૦〉 આર્થિક વિકાસ :**

★ નકશા દ્વારા આર્થિક વિકાસનાં પરિબળો સ્પષ્ટ કરી શકાય છે.

**૧૧〉 સ્થાનની ઓળખ :**

★ નકશા દ્વારા વિવિધ દેશો, વિવિધ સ્થળો, નદીઓ, પર્વતો, ડુંગરો, રણો, ઉચ્ચ પ્રદેશો, અખાતો, ભૂશરો વગેરેના સ્થાનને ઓળખે છે, તેની અગત્યતા અંગેની સમજ વ્યાપારી માર્ગોની સમજ, બે સ્થળ વચ્ચેનું અંતર, ઉદ્યોગો, પાકો, અંતર વગેરેના વિકાસ અંગેની સમજ મળે છે.

**૧૨〉 વિશેષ ઉપયોગ :**

★ વ્યક્તિને કોઈ વિશેષ મેળવવી હોય તો નકશાને આધારે મેળવી શકાય છે. દા.ત. – દેશ–વિદેશના વિવિધ બનાવોનો પરિચય મેળવવો હોય, વર્તમાનપત્રોમાં આવતાં સમાચારોની સમજ મેળવવાની હોય, લશ્કરી આયોજનની ગોઠવણી કરવાની હોય, મુસાફરી કરવાની હોય તો નકશો અવશ્ય ઉપયોગી બને છે.

**૧૩〉 રસનો વિકાસ :**

★ નકશાના આધારે વિદ્યાર્થીઓમાં રસનો વિકાસ થાય છે. સામાજિક વિજ્ઞાનમાં રસ લેતા થાય છે. સમયનો યોગ્ય ઉપયોગ કરે છે. વર્ગમાં ભાગીદારી વધે છે.

**૧૪〉 સમજ મેળવવામાં સરળતા :**

★ સામાજિક વિજ્ઞાન વિષયની વિગતોને સમજવામાં સરળતા રહે છે. દા.ત. – ભારતમાં ખનીજ, ખેતીના પાક વગેરે કયા વિસ્તારમાં કયો ખેતી પાક થાય છે, તે સરળતાથી જાણી શકાય છે.

**૧૫〉 માહિતીની તારવણી :**

★ વિદ્યાર્થીઓ નકશાના આધારે વિવિધ માહિતી પ્રાપ્ત કરી શકાય છે. દા.ત.–વિદ્યાર્થીઓ નકશાના આધારે દેશોના આકાર, કદ, પર્વતો, નદીઓ, ક્ષેત્રફળ, સ્થાન, અંતર, મહત્ત્વનાં સ્થળો, ઉદ્યોગો, ખનિજ, ખેતીના પાક, વસ્તી, વાહન વ્યવહાર વગેરેની માહિતી મેળવી, તારવણી કરી શકે છે.

**૧૬〉 તુલનાત્મક સમજે :**

★ વિદ્યાર્થીઓ નકશાના આધારે વિવિધ ક્ષેત્રના વિવિધ દેશોના વર્તમાન અને ભૂતકાલીન બનાવોના–ઘટનાઓનો પરિચય મેળવીને તુલનાત્મક સંબંધ સમજે છે.

★ આમ, નકશો વિદ્યાર્થીઓ, શિક્ષકો અને અન્યો માટે પણ ઉપયોગી છે. વર્ગમાં શિક્ષણકાર્ય માટે ઉપયોગી સાથીદાર તરીકે કાર્ય કરે છે.

**(૬) સામાજિક વિજ્ઞાનના શિક્ષણમાં નકશાનો ઉપયોગ :**

★ સામાજિક વિજ્ઞાનના શિક્ષણમાં નીચે જેવી બાબતો માટે નકશાઓનો ઉપયોગ કરી શકાય :

૧〉 જમીન, કૃષિનાં પાકો, સિંચાઈ, ખનીજના વિસ્તારો બનાવવા.

૨〉 બહુહેતુક યોજનાઓના સ્થળો બતાવવા.

૩〉 ઉદ્યોગ કેન્દ્ર, વિદ્યુત મથકો, બંધો વગેરે બતાવવા.

૪〉 વસ્તી ગીચતા, જાતિપ્રમાણ, સ્થળાંતર, શહેરીકરણ વગેરેનાં પ્રમાણ સંદર્ભે તુલનાત્મક અભ્યાસ માટે રાજ્યો, દેશો બનાવવા.

૫〉 વાહનવ્યવહારના માર્ગો અંગેની સમજ આપી, તેમજ તેના સ્થળો બતાવવા.
દા.ત. – જળમાર્ગ, જમીનમાર્ગ, હવાઈમાર્ગ વગેરે.

૬〉 આંતરરાષ્ટ્રીય વેપાર અંગેની માહિતી આપવા. દા.ત. – આયાત–નિકાસ

૭〉 દેશમાં વિકસિત, અલ્પવિકસિત અને વિકાસશીલ દેશો બનાવવા.

૮〉 વિષય પ્રવેશ માટે નકશાનો ઉપયોગ કરવામાં આવે છે.

૯〉 વિવિધ સ્થળોએ યુદ્ધની બનેલી ઘટનાઓની સમજ આપવા માટે.

૧૦〉 ઐતિહાસિક ઘટનાનું મહત્ત્વ સમજાવવા.

૧૧〉 પારિભાષિક શબ્દોની સમજ આપવા. દા.ત.–અખાત, ટાપુ

૧૨〉 પ્રાકૃતિક નકશાના આધારે ઐતિહાસિક બનાવોનો સંબંધ તારવવા માટે.

૧૩〉 બે સ્થળ વિશેના અંતરનો ખ્યાલ મેળવવા.

૧૪〉 વિશ્વના વિવિધ ધર્મોના ઉદ્‌ભવ સ્થાન અને ફેલાવાનો વિસ્તાર દર્શાવવા.

**(૭) નકશાના ઉપયોગ વખતે ધ્યાનમાં રાખવાની બાબતો :**

★ નકશાનો ઉપયોગ વખતે નીચેની બાબતો ધ્યાનમાં રાખી ઉપયોગ કરવો જોઈએ. :

૧〉 નકશાની વિગતો વિદ્યાર્થીઓ સ્પષ્ટ રીતે સરળતાથી વાંચી શકે તેવી હોવી જોઈએ.

૨〉 નકશાની પસંદગી એકમને અનુરૂપ હોવી જોઈએ.

૩〉 નકશાની વિગતો સાચી, સ્પષ્ટ, આધુનિક હોવી જોઈએ.

૪〉 નકશામાં પ્રમાણિત રંગનો ઉપયોગ થયેલ હોવો જોઈએ.

૫〉 વર્ગમાં નકશા ટીંગાડવાની વ્યવસ્થા હોવી જોઈએ. તપાસ કરી વ્યવસ્થા કરવી જોઈએ.

૬〉 નકશાનો ઉપયોગ કરવાનો હોય ત્યારે લટકાવવો જોઈએ.

૭〉 નકશામાં મૂકવામાં આવેલ વિગતો મર્યાદિત હોવી જોઈએ.

૮〉 નકશાના ઉપયોગ વખતે વિદ્યાર્થીઓની ભાગીદારી વધે તેવા પ્રયત્નો કરવા.

૯〉 નકશામાં લખાણની ભાષા સ્થાનિક સ્થળને અનુરૂપ હોવી જોઈએ.

૧૦〉 નકશા ટકાઉ અને લાંબો સમય ટકે તેવાં હોવાં જોઈએ.

૧૧〉 નકશામાં દર્શાવેલ નામ અંગે ચકાસણી કરી લેવી જોઈએ. જૂના નામ અને નવા નામ.

૧૨〉 નકશો વર્ગમાં બધા વિદ્યાર્થી જોઈ શકે તે રીતે લટકાવવો જોઈએ.

૧૩〉 નકશામાં દર્શાવેલ વિગતો દર્શાવવા માટે પોઈન્ટરનો ઉપયોગ કરવો જોઈએ.

★ ટૂંકમાં સ્થાનિક વિદ્યાર્થીઓને ઉપયોગી માહિતી મળી રહે, સ્વ અધ્યયન કરી શકે તેવી રીતે તૈયાર થયેલ હોવાં જોઈએ. નકશાનું છાપકામ સ્પષ્ટ અને આકર્ષક હોવું જરૂરી છે.

★ નકશા લેમિનેશન કરેલા કે પ્લાસ્ટિક કોટેડ હોય તો ખૂબ જ સારું.

★ નકશાને કાપડ કે પ્લાસ્ટિકની કોથળીમાં સુરક્ષિત રાખી શકાય તેવી વ્યવસ્થા કરવી.

★ પ્રત્યેક નકશાને ચોક્કસ જગ્યાએ મૂકવા.

**(૨) ચાર્ટ્સ : (Charts)**

**(૧) પ્રસ્તાવના :**

વિષયના મુખ્ય વિચારો કે હકીકતો વચ્ચેના સંબંધને વ્યવસ્થિત દશ્ય સ્વરૂપે જોવા માટે રેખા, ચિત્ર અને શબ્દના સમન્વયી માધ્યમને ચાર્ટ કહી શકાય.

ચાર્ટ એ કોઈ પણ વિષયવસ્તુના મુદ્દાની ક્રમિક અને તાર્કિક રજૂઆત માટે કરકસરયુક્ત છતાં અસરકારક શૈક્ષણિક સાધન છે. ચાર્ટ એ રેખાઓ, ચિત્રો અને શબ્દોના સંયોજનનું એવું સ્વરૂપ છે કે જેના વડે વિષયના મુખ્ય વિચારો અને હકીકતો વચ્ચેનો સંબંધ ક્રમબદ્ધ રીતે દશ્યમાન બને છે. કોઈ પણ વિષયને સરળતાથી સમજાવવા કે વધુ સ્પષ્ટ કરવા જે ચિત્રો કે આકૃતિઓ, રેખાકૃતિઓ તૈયાર કરીએ છીએ તેને ચાર્ટસ્ કહી શકાય.આકૃતિઓ કે કોઠા સાથે વિગતો રજૂ કરવાનું એક સુંદર માધ્યમ ચાર્ટ્સ છે.

કોઈ પણ બાબતને ધ્યાનમાં રાખીને ચાર્ટ તૈયાર કરવામાં આવે તો તેનું શૈક્ષણિક મૂલ્ય ઘણું વધી જાય છે.

– આકર્ષક રંગો વડે અને સુંદર પ્રતીકો વડે તૈયાર કરેલા ચાર્ટ્સ વિદ્યાર્થીઓનું ધ્યાન કેન્દ્રિત કરવામાં અસરકારક રીતે ઉપયોગી બને છે, તેના દ્વારા વિષયવસ્તુની રજૂઆત સરળતાથી કરી શકાય છે. શિક્ષક પણ સ્વનિર્મિત ચાર્ટ તૈયાર કરી શકે છે.

હવે તો પ્લાસ્ટિકના અક્ષરો, પટ્ટીઓ અને પ્રતીકો જે જાતે ચોંટી જાય તેવા પ્રકારની સામગ્રી પ્રાપ્ત થતી હોવાથી ચાર્ટ્સ બનાવવાનું સરળ બની જાય છે.

(૨) **ચાર્ટ્સનો અર્થ :**

- ચિત્ર, આકૃતિ, રેખાકૃતિ, પ્રતીકો કે શબ્દસમૂહોનો ઉપયોગ કરી હકીકતોનું સંક્ષેપમાં રજૂ કરતાં સાધનોને ચાર્ટ કહે છે.
- શીખવવાના કોઈ એક એકમકે તેના કોઈ એક મુદ્દાને ચિત્ર, આકૃતિ, રેખાકૃતિ, નકશા, પ્રતીકોનો કે કોઈ એકનો ઉપયોગ કરી જરૂર જણાય ત્યાં શબ્દો કે શબ્દ સમૂહોનો ઉપયોગ કરી રજૂઆત કરવામાં આવે તેને ચાર્ટ કહેવાય.
- મૂળભૂત હકીકતો અને વિચારો વચ્ચેનો સંબંધ ચિત્રાત્મક માધ્યમની મદદથી રજૂ કરાય તેને ચાર્ટ્સ કહેવાય.
- વિષય વસ્તુને સરળતાથી સમજાવવા કે તેને વધુ સ્પષ્ટ કરવા માટે ચિત્રો, આકૃતિઓ કે રેખાકૃતિઓ દ્વારા વિગતોને કે માહિતીને રજૂ કરનારું સાધન એટલે ચાર્ટ્સ.
- 'ચાર્ટ્સમાં મૂળભૂત હકીકતો અને વિચારોની વચ્ચે સંબંધ સ્થાપવા માટે ગ્રાફિક અને ચિત્રાત્મક માધ્યમોનું આયોજન કરવામાં આવે છે.'

***– વીટ્ટીચ અને શ્રુલ્લર***

– ચાર્ટ્સ એ રેખા અને ચિત્રોના સંયોજનનું એક એવું સ્વરૂપ છે કે જેના વડે ચાવીરૂપ હકીકતો અને વિચારો વચ્ચેનો સંબંધ ક્રમિક અને તાર્કિક રીતે દશ્યમાન થાય છે.

***– એસ. કે. કોચર***

★ ચાર્ટ્સ એ આકૃતિ કે કોઠા સાથે વિગતોને રજૂ કરવા માટેનું એક અસરકારક અને ઉપયોગી માધ્યમ છે.

★ વ્યાખ્યાઓને આધારે ચાર્ટ્સ એટલે...

★ આકૃતિ, રેખાઓ અને ચિત્રોનું સંયોજન.

★ સાદું અને સરળ દશ્ય સાધન.

★ ઓછું ખર્ચાળ અને હેરફેરમાં સરળ પડે તેવું સાધન.

★ ચાવીરૂપ હકીકતો અને વિચારો વચ્ચેનો સંબંધ ક્રમિક અને તાર્કિક રીતે રજૂ કરતું સાધન.

★ વિવિધ આકાર જેવાં કે ગોળાકાર, ચોરસ, લંબચોરસ, વૃક્ષાકાર, પુષ્પાકાર વગેરે ધરાવતું સાધન.

★ કાગળ, રંગો, કાપડ, રેક્ઝિન વગેરે વસ્તુના ઉપયોગથી તૈયાર થતું સાધન.

**(૩) ચાર્ટ્સના ઉપયોગનું મહત્ત્વ :**

★ ચાર્ટ્સનો શિક્ષણકાર્યમાં ઉપયોગ કરવામાં આવે તો નીચે પ્રમાણે લાભો મેળવી શકાય છે :

**૧〉 ધ્યાન કેન્દ્રિત કરવા :**

★ વર્ગ શિક્ષણમાં ચાર્ટનો ઉપયોગ કરવામાં આવે તો વિદ્યાર્થીઓનું ધ્યાન કેન્દ્રિત કરી શકાય છે. વિદ્યાર્થીઓને વધુ રસ પડે છે.

**૨〉 સમયની બચત :**

★ ઓછા સમયમાં વધુ માહિતી રજૂ કરી શકાય છે, તેથી સમયની બચત થાય છે. સમયની બચત કરવા ચાર્ટનો ઉપયોગ જરૂરી છે.

**૩〉 ક્રમિક રજૂઆત :**

★ ચાર્ટની મદદથી ક્રમિક રજૂઆત થઈ શકે છે, જે મુદ્દા માટે ચાર્ટનો ઉપયોગ કરવો હોય તે મુદ્દા માટે થઈ શકે છે.

**૪〉 વિદ્યાર્થીઓની ભાગીદારી :**

★ ચાર્ટના ઉપયોગથી વર્ગમાં વિદ્યાર્થીઓની ભાગીદારી વધે છે. વધુ રસ પડવાને કારણે ભાગીદારી વધે છે, ઉત્સાહ વધે છે.

**૫〉 વિચાર શક્તિનો વિકાસ :**

★ ચાર્ટનું નિરીક્ષણ કરવાથી વિદ્યાર્થીઓમાં વિચાર શક્તિનો વિકાસ થાય છે. ચાર્ટ જોઈને વિચાર આવે છે, તેથી વિચાર શક્તિનો વિકાસ થાય છે.

**૬〉 ફૂરસદના સમયનો ઉપયોગ :**

★ ચાર્ટની મદદથી નવરાશના સમયે ઉપયોગ કરીને સમય બચાવી તેનો ઉપયોગ કરી શકાય છે.

**૭〉 ટૂંકાણમાં રજૂઆત :**

★ ચાર્ટ મૂકવામાં આવેલ માહિતી ટૂંકાણમાં હોય છે. સમજાવવામાં સરળતા રહે છે.

**૮〉 શિક્ષણકાર્ય રસવંતુ :**

★ ચાર્ટ જોવાનું વિદ્યાર્થીઓને ગમે છે, તેથી શિક્ષણકાર્ય રસવંતુ બને છે. રસપૂર્વક ચાર્ટ જુએ છે. જાતે સ્વ અધ્યયન પણ કરે છે.

**૯〉 વર્ગનું વાતાવરણ જીવંત બને :**

● ચાર્ટના ઉપયોગથી વિદ્યાર્થીઓની ભાગીદારી વધવાને કારણે, વર્ગનું વાતાવરણ જીવંત બને છે. વિદ્યાર્થીની જીજ્ઞાસાવૃત્તિ વધે છે. વધુ રસ પડે છે. વધુ ધ્યાન આપે છે.

**૧૦〉 વિદ્યાર્થીના વર્તનમાં ફેરફાર :**

★ ચાર્ટના ઉપયોગ કરવાથી વિદ્યાર્થીના વર્તનમાં પરિવર્તન આવે છે. વધુ રસ પડવાને કારણે, વધુ ધ્યાન આપે છે. ભાગીદારી વધે છે. આથી શિક્ષકના પ્રશ્નોના જવાબ આપી શકે છે.

**૧૧〉 શબ્દ સંકલ્પના સ્પષ્ટ બને :**

★ ચાર્ટના મદદથી કેટલીક શબ્દ સંકલ્પના સ્પષ્ટ બને છે. દા.ત.– ગ્રાહક જાગૃતિ.

**૧૨〉 તુલનાત્મક શક્તિ વધે :**

★ ચાર્ટના ઉપયોગથી વિદ્યાર્થીઓની તુલનાત્મક શક્તિ વધે છે. દા.ત. – આયાત–નિકાસ, આંતરિક અને આંતર રાષ્ટ્રીય વેપાર વગેરે.

**૧૩〉 માહિતી યાદ રાખવામાં સરળતા :**

★ ચાર્ટની મદદથી કેટલીક માહિતી યાદ રાખવામાં સરળતા રહે છે. ચાર્ટની મદદથી માહિતીને ચર્ચા કરી શકે છે. રજૂઆત કરી શકે છે.

**૧૪⟩ માનસિક શક્તિનો વિકાસ :**

★ ચાર્ટની મદદથી વિષયવસ્તુ સ્પષ્ટ થાય છે. બે બાબતોની સરખામણી કરી શકે છે. વિદ્યાર્થીઓ વિષયવસ્તુ અંગે સમજ, તુલના, નિર્ણય, ચર્ચા, તારવણી વગેરે કરી શકે છે.

**૧૫⟩ પ્રશ્નોત્તરી રસપ્રદ :**

★ વર્ગ શિક્ષણકાર્યમાં વિદ્યાર્થીઓને ભાગીદાર બનાવવા જરૂરી છે. સામાજિક વિજ્ઞાનમાં સમજવી મુશ્કેલરૂપ છે. ચાર્ટના આધારે માહિતી સમજવાની સરળતા રહે છે. ચાર્ટની મદદથી પ્રશ્નોત્તરી કરી શકાય છે. પ્રશ્નોત્તરી રસપ્રદ બને છે. વિદ્યાર્થીઓ ચાર્ટનું અવલોકન કરીને પ્રશ્નોના જવાબો આપી શકે છે.

**૧૬⟩ અમૂર્ત ખ્યાલોનું સ્પષ્ટીકરણ :**


★ ચાર્ટની મદદથી અમૂર્ત ખ્યાલોનું સ્પષ્ટીકરણ થાય છે. મુશ્કેલરૂપ બાબતો સમજી શકાય છે, અમૂર્ત ખ્યાલોને વિચારોને મૂર્ત સ્વરૂપે ચાર્ટ દ્વારા રજૂ કરીને તેનું સ્પષ્ટીકરણ કરવામાં સરળતા રહે છે. વિદ્યાર્થીઓ કેટલેક અંશે સ્પષ્ટ અને પ્રત્યક્ષ અનુભવ પ્રાપ્ત કરી શકે છે.

**(૪) ચાર્ટ્ના પ્રકારો :**

★ ચાર્ટ્ના પ્રકારો નીચે મુજબ દર્શાવી શકાય છે :

**૧⟩ વૃક્ષ ચાર્ટ :**

* વૃક્ષ ચાર્ટ દ્વારા એક વિષયના અનેક ઉપભાગોને દર્શાવી શકાય.મુખ્ય વસ્તુને વૃક્ષના થડમાં દર્શાવી તેમાંથી બનતી વિવિધ વસ્તુઓને ડાળી અને પાંદડાના સ્વરૂપમાં દર્શાવી શકાય. દા.ત. – વાહન વ્યવહારના પ્રકાર, બેંકના પ્રકારો અને કાર્યો, બજારના પ્રકારો વગેરે.




**૨⟩ સમય ચાર્ટ :**

★ આ પ્રકારના ચાર્ટનો ઉપયોગ ભૂગોળમાં વધારે પ્રમાણમાં ઉપયોગ થાય છે. દા.ત. – ભૂકંપ, જ્વાળામુખી, દુષ્કાળ વગેરે ઘટનાઓ દર્શાવવા ભૂગોળમાં તેનો ઉપયોગ થઈ શકે.

★ સામાજિક વિજ્ઞાનમાં આયાત–નિકાસની માહિતી માસિક દર્શાવવા માટે સમય ચાર્ટનો ઉપયોગ કરી શકાય. જાહેર સાહસો અને તેની સ્થાપનાનાં વર્ષો વગેરે.

**૩⟩ વિકાસ ચાર્ટ :**

★ કોઈપણ પ્રક્રિયાનો વિકાસ અને તેમાં થયેલી અભિવૃદ્ધિ દર્શાવવા આ પ્રકારનો ચાર્ટનો ઉપયોગ કરવામાં આવે છે. દા.ત. – ઔદ્યોગિક વિકાસની માહિતીનો ચાર્ટ બનાવી શકાય.

૪〉 **કોઠો દર્શાવતા ચાર્ટ :**

● આ પ્રકારના ચાર્ટમાં ઘટનાઓ, વિવરણ વગેરે ઘણાં ખાનાઓ પાડી અનુક્રમે દર્શાવવામાં આવે છે. ભારતમાં રાષ્ટ્રીય આવક તથા માથાદીઠ આવકનાં વલણોની રજૂઆત કોઠા ચાર્ટ દ્વારા થઈ શકે.

● પંચવર્ષીય યોજનાઓ દરમિયાન થયેલ વિકાસનો તુલનાત્મક ખ્યાલ કોઠા દ્વારા આપી શકાય.

| * વસ્તુની કિંમત રૂા. | વસ્તુની માંગ (એકમમાં) |
|---|---|
| ૨ | ૨૦ |
| ૪ | ૧૫ |
| ૬ | ૧૦ |
| ૮ | ૫ |
| ૧૦ | ૩ |

★ આયાત – નિકાસ બતાવવા માટે

(૪) **ચાર્ટનો ઉપયોગ કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો :**

★ ચાર્ટનો ઉપયોગ વખતે નીચેની બાબતો ધ્યાનમાં રાખી ઉપયોગ કરવો જોઈએ :

૧〉 ચાર્ટનો ઉપયોગ કરતાં પહેલા શિક્ષકે ચાર્ટ વિશે યોગ્ય ભૂમિકા સ્થાપી વિદ્યાર્થીઓને ઉત્તેજિત કરવા જોઈએ.

૨〉 ચાર્ટનો ઉપયોગ કર્યા પછી વિદ્યાર્થીઓને તેના ઉપર આધારિત કાર્ય આપવું.

૩〉 વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખી રજૂઆત કરવી જોઈએ.

૪〉 ચાર્ટની માહિતી સ્પષ્ટ, ટૂંકી અને સાચી હોવી જોઈએ.

૫〉 વિદ્યાર્થીઓના મનમાં ગેરસમજ ઊભી ન થાય એવો ચાર્ટ હોવો જોઈએ.

૬〉 ચાર્ટ સુંદર હોવો જોઈએ.

૭〉 ચાર્ટ એકમને ધ્યાનમાં રાખી તૈયાર કરવો જોઈએ.

૮〉 તેની યોગ્ય સંભાળ અને જાળવણી અંગે વિચારવું.

૯〉 ચાર્ટ્સ પ્રભાવશાળી, તરત સમજાય તેવો અને અસરકારક હોવો જોઈએ.

૧૦〉 વિષયવસ્તુની સાચી માહિતી રજૂ કરતો હોવો જોઈએ.

૧૧〉 ચાર્ટના ઉપયોગ પછી તેને વ્યવસ્થિત વીંટાળી યથાયોગ્ય સ્થળે મૂકવો, જેથી પુનઃજરૂર પડે ત્યારે સહેલાઈથી પ્રાપ્ત થઈ શકે.

૧૨〉 ચાર્ટના ઉપયોગમાં વિદ્યાર્થીઓની ભાગીદારી વધારી શકાય તેવો હોવો જોઈએ.

૧૩〉 ચાર્ટનું કદ યોગ્ય હોવું જોઈએ, વાંચી શકે તેવું હોવું જોઈએ.

(૬) **વર્ગ શિક્ષણમાં ચાર્ટનો ઉપયોગ :**

★ વર્ગ શિક્ષણમાં નીચેની બાબતો માટે ચાર્ટનો ઉપયોગ કરી શકાય :

૧〉 પાઠ્યપુસ્તકને સારાંશરૂપે રજૂ કરી શકાય.

૨〉 વિદ્યાર્થીઓની અર્થગ્રહણશક્તિ વિકસાવવા માટે

૩〉 શિક્ષણકાર્યના પ્રારંભ માટે ઉપયોગ કરી શકાય.

૪) વિષયવસ્તુની રજૂઆત અને સ્પષ્ટીકરણ કરાવવા માટે.

૫) વિષયવસ્તુઓમાં હેતુઓ, મહત્ત્વ, લાભ, ગેરલાભ વગેરેની રજૂઆત માટે.

૬) વિષયવસ્તુના અર્થ, પ્રકારો અને મહત્ત્વની રજૂઆત માટે

૭) ઈતિહાસના વિવિધ આંદોલનોનાં કારણો, બનાવો, પરિણામોની રજૂઆત માટે.

૮) ઈતિહાસમાં વિવિધ શાસન પદ્ધતિઓનાં લક્ષણો અને અસરોના સ્પષ્ટીકરણ માટે.

૯) ઈતિહાસમાં વિવિધ મહાપુરુષોના કાર્યોની રજૂઆત માટે.

૧૦) ઈતિહાસમાં વિવિધ ઘટનાઓનાં કારણો, પરિણામો, અસરોના સ્પષ્ટીકરણ માટે

૧૧) ઈતિહાસમાં વિવિધ રાજાઓ, ગર્વનર જનરલો, સંસ્થાઓની માહિતી–કાર્યોની રજૂઆત માટે. આમ ઘણી બધી બાબતોની રજૂઆત અને તેનાં સ્પષ્ટીકરણ માટે વર્ગકાર્યમાં ચાર્ટ્સનો ઉપયોગ થઈ શકે છે.

૧૨) કાર્યના મૂલ્યાંકન માટે રજૂઆત કરવા માટે.

## ૧૧.૮ સારાંશ : Let us sum up

★ **શૈક્ષણિક ઉપકરણોનો અર્થ :**

– શૈક્ષણિક વર્ગખંડમાં શૈક્ષણિક હેતુઓની સિદ્ધિ માટે શિક્ષણને રસપ્રદ બનાવવા માટે વિવિધ અધ્યાપન અનુભવો પૂરાં પાડવા માટે, જે ઉપકરણોનો ઉપયોગ કરે છે તેને શૈક્ષણિક ઉપકરણ કહે છે.

★ **દશ્ય શ્રાવ્ય સાધનોના પ્રકાર :**

શૈક્ષણિક ઉપકરણો — શિક્ષણ ઉપયોગી સામગ્રી

શૈક્ષણિક ઉપકરણો:

દશ્ય સાધનો — શ્રાવ્ય સાધનો — દશ્ય–શ્રાવ્યા સાધનો

★ **શૈક્ષણિક ઉપકરણોનો અર્થ :**

– શિક્ષક શૈક્ષણિક કાર્ય વખતે સાધનોનો ઉપયોગ કરે છે.

– શિક્ષણોપયોગી સામગ્રી – Instruction Aids

– શિક્ષક ભણાવવા જતાં પહેલાં પૂર્વ તૈયારીમાં પોતે આ સાધનોનો ઉપયોગ કરે છે.

દા.ત. – પાઠ્યપુસ્તકો, જોડણીકોશ

## ૧૧.૯ એકમ સ્વાધ્યાય : Unit Exercises

(૧) દશ્ય–શ્રાવ્ય સાધનોના પ્રકાર જણાવો.

(૨) દશ્ય–શ્રાવ્ય સાધનોના ફાયદા જણાવો.

(૩) દશ્ય–શ્રાવ્ય સાધનોની મર્યાદા જણાવો.

(૪) દશ્ય–શ્રાવ્ય સાધનોનો પ્રકાર જણાવો.

(૫) શૈક્ષણિક સાધનોની પસંદગીમાં કઈ બાબતો ધ્યાનમાં રાખશો ?

(૬) આપેલ વિધાનની નીચે જણાવેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.

૧) દશ્ય સાધન શું છે ?

(૧) પાઠ્યપુસ્તક (૨) રેડિયો

(૩) ટેપરેકોર્ડર (૪) ટી.વી.

૨) નીચેનામાંથી કયું સાધન દશ્ય નથી ?

(૧) આલેખ (૨) નકશા

(૩) કોઠા (૪) રેડિયો

૩) શ્રાવ્ય સાધન કયું છે ?

(૧) ચિત્રો (૨) ગ્રાફ

(૩) બુલેટિન બોર્ડ (૪) રેડિયો

૪) દશ્ય–શ્રાવ્ય સાધન કયું છે ?

(૧) રેડિયો (૨) ટેપરેકોર્ડર

(૩) ફિલ્મ પ્રોજેક્ટર (૪) ટી.વી.

૫) દશ્ય–શ્રાવ્ય સાધનનો ઉપયોગ કરવાથી કયો ફાયદો પ્રાપ્ત થાય છે ?

(૧) શિક્ષકનું કાર્ય વધે (૨) જૂથ ચર્ચા ન થાય

(૩) વિચાર શક્તિ અટકે (૪) લાંબો સમય યાદ રાખી શકે

૬) દશ્ય–શ્રાવ્ય સાધનનો ઉપયોગ કરવામાં કઈ મુશ્કેલી પડે છે ?

(૧) શિક્ષકની જવાબદારી ઘટે (૨) ભૌતિક સગવડતાઓનો અભાવ

(૩) વ્યક્તિગત તફાવત સંતોષાય (૪) વધુ ઉપયોગ

૭) શૈક્ષણિક સાધનોની પસંદગી કરવામાં કઈ બાબત ધ્યાનમાં રાખશો ?

(૧) વધુ માહિતી (૨) ટકાઉપણું

(૩) ઓછી સંખ્યા (૪) મોટાવર્ગ

૮) ચાર્ટનો ઉપયોગ કરવાથી શું પ્રાપ્ત થાય છે ?

(૧) સમયની બચત (૨) વધુ સમય

(૩) વિદ્યાર્થી બેધ્યાન (૪) જવાબદારી વધે

૯) ચાર્ટનો ઉપયોગ કરવા માટે કઈ બાબત ધ્યાનમાં રાખશો ?

(૧) સ્પષ્ટ માહિતી (૨) લાંબી માહિતી

(૩) લાંબો ચાર્ટ (૪) ટૂંકો ચાર્ટ

- **બહુવિકલ્પ પ્રશ્નોના જવાબ :**

〈૧〉 પાઠ્યપુસ્તક 〈૨〉 રેડિયો

〈૩〉 રેડિયો 〈૪〉 ટી.વી.

〈૫〉 લાંબો સમય યાદ રાખી શકે 〈૬〉 ભૌતિક સગવડતાઓનો અભાવ

〈૭〉 ટકાઉપણું 〈૮〉 સમયની બચત

〈૯〉 સ્પષ્ટ માહિતી

**૧૧.૧૦ તમારી પ્રગતિ ચકાસો :**

(૧) દૃશ્ય સાધનો એટલે શું ?

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(૨) શ્રાવ્ય સાધનો એટલે શું ?

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(૩) દૃશ્ય–શ્રાવ્ય સાધનો એટલે શું ?

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(૪) દૃશ્ય–શ્રાવ્ય સાધનોના બે ઉદાહરણ આપો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(૫) દૃશ્ય–શ્રાવ્ય સાધનોના બે ફાયદા જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(૬) દૃશ્ય–શ્રાવ્ય સાધનોની બે મર્યાદા જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(૭) શૈક્ષણિક સાધનોની પસંદગીની બે બાબત જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(૯) નકશાનાં બે લક્ષણો જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(૧૦) નકશાનાં પ્રકાર જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(૧૧) નકશાની બે ઉપયોગિતા જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(૧૨) નકશાના ઉપયોગ વખતે ધ્યાનમાં રાખવાની બે બાબતો જણાવોઃ

..................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(૧૩) ચાર્ટનો અર્થ :

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(૧૪) ચાર્ટના ઉપયોગની બે બાબત જણાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

## ૧૧.૧૧ તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો : Answers to check your progress

**(૧) દશ્ય સાધનો એટલે :**

જે સાધનોના ઉપયોગથી ફક્ત માહિતી જોઈ શકાય તેવા સાધનોને દશ્ય સાધનો કહે છે.

**(૨) શ્રાવ્ય સાધનો એટલે :**

જે સાધનોના ઉપયોગથી ફક્ત માહિતી સાંભળી શકાય તેવા સાધનોને શ્રાવ્ય સાધનો કહે છે.

**(૩) દશ્ય–શ્રાવ્ય સાધનો એટલે :**

- આંખ અને કાન દ્વારા વિચાર તથા અનુભવોને પ્રાપ્ત કરી શકાય તેવા સાધનોનો સમાવેશ દશ્ય–શ્રાવ્ય સાધનોમાં થાય છે.

***– વાલિયા***

**(૪) દશ્ય–શ્રાવ્ય સાધનોના બે ઉદાહરણ :**

〈૧〉 ટી.વી.

〈૨〉 ધ્વનિયુક્ત પ્રોજેક્ટ ફિલ્મ

**(૫) દશ્ય–શ્રાવ્ય સાધનોના બે ફાયદા :**

〈૧〉 ચર્ચાનું પ્રમાણ ઘટાડે

〈૨〉 શિક્ષણ કાયમી બને

**(૬) દશ્ય–શ્રાવ્ય સાધનોની બે મર્યાદા :**

〈૧〉 ઓછો ઉપયોગ

〈૨〉 મોંઘા સાધનો

**(૭) શૈક્ષણિક સાધનોની પસંદગીની બે બાબતો :**

〈૧〉 ટકાઉપણું

〈૨〉 વિદ્યાર્થીઓની માનસિક કક્ષા પ્રમાણે

**(૮) નકશાનો અર્થ :**

નકશો એટલે વિશિષ્ટ પ્રમાણ, માપ તથા વિશિષ્ટ પ્રક્ષેપણ પદ્ધતિના અવલંબન દ્વારા ઉપરથી નીચે જોતાં ગોળાકાર એવી પૃથ્વીની સપાટી કે તેના ભાગ પરની દશ્યમાન કે અદશ્યમાન બાબતોને યથોચિત મહત્ત્વ આપીને નકશાકારે તૈયાર કરેલ સાંકેતિક ચિત્ર.

**(૯) નકશાનાં બે લક્ષણો :**

〈૧〉 આક્ષાંશ–રેખાંશ

〈૨〉 રંગ

**(૧૦) નકશાનાં પ્રકાર :**

〈૧〉 માપને આધાર પ્રકાર

〈૨〉 વિગતોને આધારે પ્રકાર

**(૧૧) નકશાની બે ઉપયોગિતા :**

〈૧〉 વિષય વસ્તુની સ્પષ્ટ સમજ

〈૨〉 વિવિધ કૌશલ્યોનો વિકાસ

**(૧૨) નકશાના ઉપયોગ વખતે ધ્યાનમાં રાખવાની બે બાબતો :**

〈૧〉 નકશાની પસંદગી એકમ પ્રમાણે કરવી

〈૨〉 નકશામાં રંગનો ઉપયોગ કરવો

**(૧૩) ચાર્ટનો અર્થ :**

- ચિત્ર, આકૃતિ, રેખાકૃતિ, પ્રતીકો કે શબ્દ સમૂહોનો ઉપયોગ કરી હકીકતોનું સંક્ષેપમાં રજૂ કરતાં સાધનોને ચાર્ટ કહે છે.

**(૧૪) ચાર્ટના બે ઉપયોગ :**

〈૧〉 ધ્યાન કેન્દ્રિત કરવા

〈૨〉 સમયની બચત

## ૧૧.૧૨ સૂચિત વાંચન સામગ્રી : Suggested Readings


૧. બારૈયા વી.વી. : શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન, પ્રતીક પ્રકાશન, આણંદ

૨. બારૈયા વી.વી. તથા અન્ય : મનોવિજ્ઞાન શિક્ષણ પદ્ધતિ, પ્રતીક પ્રકાશન, આણંદ

૩. બારૈયા વી.વી. તથા અન્ય : અર્થશાસ્ત્ર શિક્ષણ પદ્ધતિ, પ્રતીક પ્રકાશન, આણંદ

૪. શુક્લ સતીશ પ્રકાશ : શિક્ષણમાં માધ્યમનો વિનિયોગ, ક્ષિતિ પબ્લિકેશન, અમદાવાદ

એકમ 12

# સામાજિક વિજ્ઞાનમાં શૈક્ષણિક સાધનો - 2

## : રૂપરેખા :


૧૨.૦ ઉદ્દેશો

૧૨.૧ પ્રસ્તાવના

૧૨.૨ શૈક્ષણિક સાધનો

(૩) ટેલિવિઝન – દૂરદર્શન

૧) પ્રસ્તાવના

૨) દૂરદર્શન પર રજૂ થતાં શૈક્ષણિક કાર્યક્રમો

૩) ટેલિવિઝનનું મહત્ત્વ

૪) દૂરદર્શનની મર્યાદાઓ

(૪) કમ્પ્યુટર

૧) પ્રસ્તાવના

૨) ઉપયોગ

૩) મર્યાદાઓ

(૫) સમય રેખા

૧) પ્રસ્તાવના

૨) સમયરેખાની ઉપયોગિતા

૩) સમયરેખાના ઉપયોગ સમયે ધ્યાનમાં રાખવાની બાબતો

(૬) પૃથ્વીનો ગોળો

૧) પ્રસ્તાવના

૨) પૃથ્વીના ગોળાની ઉપયોગિતા

૩) ગોળાની પસંદગી

૪) વર્ગ અધ્યાપનમાં ગોળાનો ઉપયોગ

(૭) ચિત્રો

૧) પ્રસ્તાવના

૨) ચિત્રોનું મહત્ત્વ

૩) ચિત્રનો અસરકારક ઉપયોગ કરવા માટે ધ્યાનમાં રાખવાની બાબતો

(૮) ટેપરેકોર્ડર

૧) પ્રસ્તાવના

૨) ટેપરેકોર્ડરનું મહત્ત્વ

૩) ટેપરેકોર્ડિંગનો ઉપયોગ અંગે ધ્યાનમાં રાખવાની બાબતો

૧૨.૩ સારાંશ

૧૨.૪ એકમ સ્વાધ્યાય

૧૨.૫ તમારી પ્રગતિ ચકાસો

**૧૨.૬ તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો**

**૧૨.૭ સૂચિત વાંચન સામગ્રી**

## ૧૨.૦ ઉદ્દેશો : Objectives

- આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે ...

(૧) ટેલિવિઝનનું મહત્ત્વ સમજી શકશો.

(૨) ટેલિવિઝનની મર્યાદા સમજી શકશો.

(૩) કમ્પ્યુટરનો ઉપયોગ સમજી શકશો.

(૪) કમ્પ્યુટરની મર્યાદાઓ સમજી શકશો.

(૫) સમયની રેખાની ઉપયોગિતા સમજી શકશો.

(૬) પૃથ્વીના ગોળાની ઉપયોગિતા સમજી શકશો.

(૭) ચિત્રોનું મહત્ત્વ સમજી શકશો.

(૮) ચિત્રોના અસરકારક ઉપયોગ કરવા માટે ધ્યાનમાં રાખવાની બાબતોની ચર્ચા કરી શકશો.

(૯) ટેપરેકોર્ડરનું મહત્ત્વ સમજી શકશો.

(૧૦) ટેપરેકોર્ડરનો ઉપયોગ અંગે ધ્યાનમાં રાખવાની બાબતોની ચર્ચા કરી શકશો.

## ૧૨.૧ પ્રસ્તાવના :

- શૈક્ષણિક સાધનો હવે માનવ જીવન સાથે એવા વણાઈ ગયા છે કે તેમના વિના માનવના વ્યવહારિક જીવન અંગે કલ્પના કરવી પણ અશક્ય છે.
- દા.ત. – ટેલિવિઝન, કમ્પ્યુટર, ટેપરેકોર્ડર વગેરે
- ટેલિવિઝન માનવ જીવન સાથે વણાઈ ગયેલ છે, તેના વગર કલ્પના કરવી મુશ્કેલરૂપ છે. દુનિયાને કોઈ પણ ખૂણે બનતા બનાવની માહિતી તરત જ જાણી શકાય છે. દરેક વ્યક્તિ રસ પ્રમાણે તેનો ઉપયોગ કરી શકે છે.
- શિક્ષણના ક્ષેત્રમાં તેનો ઉપયોગ હવે દિવસે દિવસે વધતો જાય છે. વિશાળ પ્રમાણમાં ઈન્ટરનેટની મદદથી વિષયવસ્તુ અંગેની માહિતી મેળવી શકે છે.
- કમ્પ્યુટરની મદદથી તદ્દન આધુનિક માહિતી પ્રાપ્ત કરી શકાય છે, શિક્ષકે માહિતી બતાવ્યા પછી વિદ્યાર્થી સ્વ અધ્યયન દ્વારા ઉપયોગ કરી શકે છે.
- ટેલિવિઝન, કમ્પ્યુટર બંને સાધનોનો ઉપયોગ શિક્ષણક્ષેત્રે હવે વધુ ઉપયોગ થવા લાગ્યા છે, નબળા વિદ્યાર્થીઓ માટે વધુ ફાયદાકારક નીવડે છે. વિષયવસ્તુ અંગેની માહિતી વધુ ઝડપી શીખે છે.

## ૧૨.૨ શૈક્ષણિક સાધનો :

(૩) **ટેલિવિઝન (દૂરદર્શન):** (televison)

(૧) **પ્રસ્તાવના :**

- દૂરદર્શન અર્થાત્ દૂરની વસ્તુનું દર્શન, દૂરદર્શન દ્વારા દશ્ય અને શ્રાવ્ય બંને પ્રકારના અનુભવો મેળવી શકાય છે. દૂરદર્શન ઉપર શિક્ષણ માટેના કાર્યક્રમો પણ રજૂ થાય છે. દૂરદર્શન એ વર્તમાન સમયનું સૌથી વધુ બળવાન અને અસરકારક સમૂહ માધ્યમ છે.
- આપણા દેશમાં દૂરદર્શન દ્વારા શૈક્ષણિક કાર્યક્રમો દિલ્હીથી અને પ્રાદેશિક કક્ષાએ જુદાં જુદાં કેન્દ્રો પરથી પ્રસારણ કરવામાં આવે છે.

- ગુજરાત રાજ્યમાં શૈક્ષણિક કાર્યક્રમોનું પ્રસારણ ગુજરાતી ભાષામાં ૧૨.૦૦ થી ૧૨.૪૫ અને તેનું પુનઃપ્રસારણ ૩.૦૦ થી ૩.૪૫ દરમિયાન કરવામાં આવે છે.
- ઉચ્ચત્તર માધ્યમિક અને માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓને વિષયવસ્તુના સંદર્ભમાં આવા કાર્યક્રમો ઉપયોગી નીવડે છે. આ કાર્યક્રમોના પ્રસારણની યાદી અગાઉથી જાહેર કરવામાં આવે છે.
- આવા કાર્યક્રમો દ્વારા વિષયમુદ્દાની સમજ સ્પષ્ટ કરી શકાય તેમજ વિવિધ કૌશલ્યની તાલીમ પણ આપી શકાય છે.
- સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં નીચે જેવાં મુદ્દાઓમાં પ્રસારિત થતા ટેલિવિઝન કાર્યક્રમો ઉપયોગી નીવડી શકે.
  - પ્રવર્તમાન સમસ્યાઓ
  - પ્રાકૃતિક રચના
  - બેકારી
  - ભાવનીતિ
  - મોંઘવારી
  - વિવિધ દેશની વ્યાપારનીતિ
  - સ્થળાંતર
  - આયાત–નિકાસ
  - શહેરીકરણ
  - ઉદ્યોગ
  - આંતરરાષ્ટ્રીય વેપાર
  - વાહનવ્યવહાર

★ સંદેશા વ્યવહાર

– ટેલિવિઝન કાર્યક્રમો દ્વારા સામાજિક વિજ્ઞાન શિક્ષણ તાદશ્ય બને છે. સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં વિવિધતા આવે છે. વિદ્યાર્થીઓને દેશ અને વિશ્વના તાત્કાલિક સમાચારના દર્શન થાય છે. સામાજિક વિજ્ઞાનના વિશિષ્ટ એકમોનું શિક્ષણ રસપ્રદ અને અસરકારક બને છે. એકસાથે સમૂહને સામાન્ય અનુભવો પૂરાં પાડે છે.

★ ટેલિવિઝનના પ્રસારણના કાર્યક્રમો નિષ્ણાંત તજ્જ્ઞો દ્વારા તૈયાર કરવામાં આવે છે, તેથી તે જ્ઞાનનો લાભ વિદ્યાર્થીઓને મળે છે

- બધાં જ દશ્ય–શ્રાવ્ય સાધનોમાં ટી.વી. આગવું અને વિશિષ્ટ સ્થાન ધરાવે છે. વિચાર પ્રસારણના પ્રબળ માધ્યમ તરીકે અને પ્રજાની જીવનશૈલીમાં ચમત્કારીક તેમજ ક્રાંતિકારી પરિવર્તન લાવવામાં ટી.વી.નું મહત્ત્વપૂર્ણ યોગદાન છે.
- ટી.વી. એ ઘેર બેઠા વિદ્યાપીઠની ગરજ સારતું ઘણું જ ઉપયોગી શૈક્ષણિક સાધન છે, તેનો અસરકારક, ફળદાયી અને વિવેકપૂર્વક ઉપયોગ કરવામાં આવે તો એ 'ઈડિયટ બોક્સ' બનવાને બદલે જ્ઞાન સમૃદ્ધિનો અમૃતકુંભ બની રહે એ નિઃશંક છે. ટી.વી.ના શૈક્ષણિક મૂલ્યોની ઉપેક્ષા–અવગણના કરવાનું આપણને પોષય–પાલવે તેમ નથી.

**(૨) દૂરદર્શન પર રજૂ થતાં શૈક્ષણિક કાર્યક્રમો :**

- ઈન્દિરા ગાંધી ઓપન યુનિવર્સિટીના દૂરવર્તી શિક્ષણના કાર્યક્રમો, તે દરરોજ રજૂ થાય છે. તે ઉચ્ચ શિક્ષણના વિવિધ વિષયો ઉપર આધારિત હોય છે.
- પ્રાદેશિક કાર્યક્રમોમાં પણ શૈક્ષણિક કાર્યક્રમો રજૂ થાય છે.
- કેન્દ્રિય બજેટનું જીવંત પ્રસારણ
- કેન્દ્રિય બજેટની સમીક્ષા
- યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન દ્વારા રજૂ થતા કાર્યક્રમો, કેટલાંક કાર્યક્રમોના સમય દૂરદર્શન ૬.૦૦, યુ.જી.સી. ૬.૩૦, ઈગ્નુ ૯.૩૦ નેશનલ લિટરસી મિશન કાર્યક્રમ.
- દૂરદર્શન દ્વારા રજૂ થતા શૈક્ષણિક કાર્યક્રમો વિષયવસ્તુના નિષ્ણાંતોના માર્ગદર્શન હેઠળ કુશળ સ્ક્રીપ્ટ લેખક દ્વારા લખાવ્યા પછી તૈયાર કરવામાં આવે છે.
- આ કાર્યક્રમોની તૈયારીમાં શૈક્ષણિક સાધનો અને કુશળ કલાકારોની પણ મદદ લેવામાં આવે છે.

- દૂરદર્શનના શૈક્ષણિક કાર્યક્રમોનો શિક્ષણકાર્યમાં વિનિયોગ શિક્ષણકાર્યને વધુ અસરકારક બનાવે છે.
- આ કાર્યક્રમો અસંખ્ય વર્ગખંડોમાં એક જ સમયે પહોંચી શકે છે, તેથી કાર્યક્રમ વધુ અસરકારક અને રસવંતો બને છે.

(૩) **ટેલિવિઝનનું મહત્ત્વ :**

- ટેલિવિઝનનું શૈક્ષણિક મૂલ્ય અનેકગણું વધી જાય છે. વર્ગશિક્ષણમાં ટેલિવિઝનનો ઉપયોગનો ઉપયોગ કરવાનું મહત્ત્વ નીચે મુજબ છે :

૧〉 **પ્રત્યક્ષ જ્ઞાન :**

* ટેલિવિઝનના ઉપયોગ પ્રત્યક્ષ જ્ઞાન મળે છે. એકમ આધારિત ટેલિવિઝનનો ઉપયોગ કરી શકાય છે.

૨〉 **જ્ઞાનમાં વધારો :**

★ ટેલિવિઝનના ઉપયોગથી જ્ઞાનમાં વધારો થાય છે. નવી નવી બાબતો ટેલિવિઝન દ્વારા જાણવા મળે છે. પ્રત્યક્ષ જ્ઞાન પણ મળે છે.

૩〉 **વિવિધ અનુભવો પ્રાપ્ત થાય :**

- ટેલિવિઝનના ઉપયોગથી વિદ્યાર્થીઓને વિવિધ અનુભવો પ્રાપ્ત થાય છે. ટેલિવિઝન પર વિવિધ માહિતી આવવાને કારણે વિવિધ અનુભવો પ્રાપ્ત થાય.

૪〉 **અન્ય વિષયો સાથે અનુબંધ :**

- સામાજિક વિજ્ઞાનનો અન્ય વિષયો સાથે અનુબંધ બાંધવામાં સરળતા રહે છે. અર્થશાસ્ત્ર વાણિજ્ય વગેરે સાથે અનુબંધ બાંધી શકાય છે.

૫〉 **સંવેદનશીલતા વિકસાવે :**

★ સ્થાનિક દેશ અને વિશ્વની વિવિધ સમસ્યાઓ પરત્વે વિદ્યાર્થીઓમાં સંવેદનશીલતા વિકસાવે છે. સમસ્યા પ્રત્યે જાણકારી પ્રાપ્ત થાય છે. સમસ્યા ઉકેલ માટે મદદરૂપ થાય છે.

૬〉 **નિષ્ણાંત વ્યક્તિઓનો લાભ :**

★ ટેલિવિઝનના ઉપયોગથી નિષ્ણાંત વ્યક્તિઓના ચિંતન અને અનુભવોનો લાભ મળે છે. અનુભવ વ્યક્તિઓ દ્વારા જે કાર્યક્રમો તૈયાર કરવામાં આવે છે, તેનો લાભ મળે છે.

૭〉 **વિવિધ શક્તિનો વિકાસ :**

- વિદ્યાર્થીઓમાં સમસ્યા ઉકેલપદ્ધતિ, તર્કશક્તિ, સર્જનાત્મકશક્તિ, અભિવ્યક્તિશક્તિ વગેરેનો વિકાસ થાય છે.

૮〉 **વર્તમાન અને ભૂતકાળની માહિતી :**

★ ટેલિવિઝન પર વર્તમાન અને ભૂતકાળની માહિતીની રજૂઆત થતી હોય છે. ઘટનાઓનો તાદશ્ય સ્વરૂપે રજૂ કરે છે.

૯〉 **ગમ્મત સાથે જ્ઞાન :**

★ ટેલિવિઝનના શિક્ષણથી વિદ્યાર્થીઓને ગમ્મત સાથે જ્ઞાન મળે છે, જોવાનું જ્ઞાન મળે છે, રસ પડે છે. કંટાળાનો અનુભવ કરવો પડતો નથી.

૧૦〉 **વિવિધ પદ્ધતિનો ઉપયોગ :**

★ ટી.વી. દ્વારા વિવિધ પદ્ધતિઓ, ઘટનાઓ, પ્રસંગો, સમસ્યાઓ, પરિસ્થિતિ અને માહિતીને વિવિધ અભિગમો, પ્રયુક્તિઓનો ઉપયોગ કરી રજૂ કરવામાં આવે છે.

**૧૧〉 વિવિધ સંકલ્પનાઓમાં મદદરૂપ :**

★ સામાજિક વિજ્ઞાનમાં વિવિધ સંકલ્પનાઓનું સ્પષ્ટીકરણ કરવામાં સહાયરૂપ બને છે.

**૧૨〉 વિશ્વના વિવિધ સમાચારની પ્રાપ્તિ :**

★ વિશ્વના વિવિધ ઐતિહાસિક, રાજકીય, ભૌગોલિક, સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક ઘટનાઓનું પ્રત્યક્ષ અને વાસ્તવિક જ્ઞાન આપે છે.

**૧૩〉 લાંબો સમય યાદ રહે :**

★ ટી.વી. પર આવતી લાંબો સમય સુધી યાદ રહે છે.માહિતીનું પ્રત્યક્ષ દર્શન થાય છે. જોવાનું ગમે છે તેથી લાંબો સમય સુધી યાદ રહે છે.

**(૪) દૂરદર્શનની મર્યાદાઓ :**

★ દૂરદર્શનના ફાયદાઓની સાથે મર્યાદાઓ પણ જાણવી જરૂરી છે :

૧〉 શૈક્ષણિક કાર્યક્રમ રજૂ થવાનો સમય શાળા સમયથી જુદોં હોય છે.

૨〉 શૈક્ષણિક કાર્યક્રમ પ્રાદેશિક ભાષામાં આવતો નથી. આ કાર્યક્રમને હિન્દી અને અંગ્રેજી ભાષામાં રજૂ થાય છે.

૩〉 કાર્યક્રમ ચાલુ હોય ત્યારે ચર્ચાનો અભાવ જોવા મળે છે.

૪〉 શાળામાં ભૌતિક સગવડતાનો અભાવ હોવાથી તેનો સરળતાથી ઉપયોગ થઈ શકતો નથી.

૫〉 શિક્ષકની જવાબદારીમાં વધારો થાય છે.

૬〉 ટી.વી.માં મહદ્અંશે એકપક્ષીય વ્યવહાર હોય છે.

૭〉 વિષયવસ્તુના સ્પષ્ટીકરણનો અભાવ જોવા મળે છે.

૮〉 ટી.વી.ના કાર્યક્રમમાં પુનરાવર્તનનો અવકાશ નથી.

૯〉 અભ્યાસક્રમના બધા જ મુદ્દાઓનો સમાવેશ થતો નથી.

૧૦〉 ઘણીવાર પ્રસારણ સમયે જ વીજપ્રવાહ અટકી જાય છે.

૧૧〉 ટી.વી. બગડે ત્યારે એના સમારકામ માટે શાળાઓમાં ઘણાં વિલંબ થતો હોય છે.

**(૪) કમ્પ્યુટર :**

**(૧) પ્રસ્તાવના :**

● શિક્ષણમાં ઉપયોગી કમ્પ્યુટર ઈલેક્ટ્રોનિક ટેકનોલોજી અને માઈક્રો પ્રોસેસિંગ ચિપ્સ સાથે સંકળાયેલ છે. વીડિયો ડિસ્કમાં અસંખ્ય ચિત્રો અંકિત કરીને સંગ્રહી શકાય છે. તે ચિત્રોનું સૂચિપત્ર વીડિયો કમ્પ્યુટર સંગ્રહિત તંત્રમાં હોય છે. વીડિયો ડિસ્કમાં અંકિત ચિત્રોમાંથી ઈચ્છા અનુસારનું ચિત્ર કમ્પ્યુટરના પડદા પર માઈક્રો કમ્પ્યુટરની મદદથી મેળવી શકાય છે. આ ઉપરાંત ડિસ્કમાં અંકિત ધ્વનિ પણ સાંભળી શકાય છે.

● શિક્ષણ માટેનો કાર્યક્રમ કમ્પ્યુટરમાં ફીડ કરીને વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ કરી શકાય છે. કમ્પ્યુટર સહાયિત અભિક્રમ સોફટવેર તૈયાર કરીને વિદ્યાર્થીઓને કમ્પ્યુટરની મદદથી સ્વ અધ્યયન કરાવી શકાય છે. વિદ્યાર્થી પોતાની ગતિ અનુસાર શીખી શકે છે. કમ્પ્યુટર પ્રશ્નો પૂછે, વિદ્યાર્થી તેનો ઉત્તર આપે અને તરત જ વિદ્યાર્થીને તે ઉત્તર સાચો હતો કે ખોટો તે કમ્પ્યુટર જણાવે. કમ્પ્યુટર પરીક્ષા લઈ શકે અને પરીક્ષાના અંતે તરત જ વિદ્યાર્થીને તેણે મેળવેલા પ્રાપ્તાંક પણ જણાવી શકે. ઈન્ટરનેટની મદદથી અધ્યયન કરવા માટે પણ કમ્પ્યુટર એ અનિવાર્ય ઉપકરણ છે.

– ઈ.સ. ૧૮૩૫માં ચાર્લ્સ બેબેજે કમ્પ્યુટરની સૈદ્ધાંતિક શોધ કરી હતી. ઈ.સ. ૧૯૪૪માં હાવર્ડ યુનિવર્સિટીએ પ્રવર્તમાન કમ્પ્યુટરને મળતું આવતું કમ્પ્યુટર બનાવ્યું, ત્યારબાદ ક્રમશઃ

કમ્પ્યુટરનો વિકાસ થવા લાગ્યો. એમ કહેવાય છે કે ૧૦ વર્ષમાં કમ્પ્યુટરની પેઢી બદલાય છે. આજે ૨૧મી સદીમાં વર્ગખંડમાં કમ્પ્યુટરનો ઉપયોગ અનિવાર્ય લેખાય છે. શાળામાં અપાતા તમામ વિષયોમાં કમ્પ્યુટરનો ઉપયોગ થવા લાગ્યો છે.

(૨) **ઉપયોગ :**

★ કમ્પ્યુટરનો સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં ઉપયોગ કરવાથી નીચેના ફાયદાઓ મેળવી શકાય :

૧〉 **સ્વ અધ્યયન કરવામાં ઉપયોગી :**

★ કમ્પ્યુટરનો સામાજિક વિજ્ઞાનમાં ઉપયોગ કરવાથી વિદ્યાર્થીઓને સ્વ અધ્યયન કરવામાં ઉપયોગી બને છે. વિદ્યાર્થીઓ વિષયવસ્તુને ધ્યાનમાં રાખી કમ્પ્યુટરના ઉપયોગથી સ્વ અધ્યયન કરતાં થાય છે.

૨〉 **વિદ્યાર્થી ગતિ પ્રમાણે શીખી શકે :**

★ વર્ગમાં વ્યક્તિગત તફાવત જોવા મળે છે. નબળા વિદ્યાર્થીઓની કામ કરવાની ગતિ ધીમી હોય છે. વિદ્યાર્થીઓ કમ્પ્યુટરનો ઉપયોગ પોતાની ગતિ પ્રમાણે કરી શકે છે.

૩〉 **પ્રશ્નોત્તરી કાર્યક્રમ થઈ શકે :**

★ કમ્પ્યુટરનો ઉપયોગ કર્યા પછી પ્રશ્નોત્તરી અંગેનો કાર્યક્રમ રાખી શકાય. વિષય વસ્તુ અંગે જે કંઈ માહિતી જોઈ હોય, તે માહિતી ઉપર પ્રશ્નોત્તરી અંગેનો કાર્યક્રમ રાખી ચર્ચા કરી શકાય.

૪〉 **પરીક્ષા લઈ શકાય :**

★ કમ્પ્યુટર ઉપર જોયેલ માહિતી ઉપરથી પરીક્ષા લઈ શકાય જે તે માહિતી વિદ્યાર્થીઓ ધ્યાનપૂર્વક જુએ છે.

૫〉 **વિષય વસ્તુની માહિતી જાણવા :**

★ કમ્પ્યુટર ઉપરથી સામાજિક વિજ્ઞાન વિષયની બધી માહિતી પ્રાપ્ત થાય છે. વિષયવસ્તુ અંગેની માહિતી જાણવા મળે છે.

૬〉 **વિશાળ માહિતી પ્રાપ્ત થાય :**

★ સામાજિક વિજ્ઞાન વિષયની માહિતી ઈન્ટરનેટ ઉપર વિશાળ પ્રમાણમાં પ્રાપ્ત થાય છે. માહિતી ચિત્રો તેમજ ઉદાહરણ સાથેની હોય છે.

૭〉 **અભ્યાસ માટે પ્રેરણા જાગે :**

★ કમ્પ્યુટર ઉપર વિશાળ પ્રમાણમાં માહિતી અવેલી હોવાથી, માહિતી જોવા માટે વિદ્યાર્થીઓમાં રસ ઉત્પન્ન થાય છે. વધુ અભ્યાસ માટે પ્રેરણા જાગે છે.

૮〉 **લાંબો સમય યાદરાખી શકે :**

● ઈન્ટરનેટ ઉપર માહિતી જોવાનું વિદ્યાર્થીઓને ગમે છે. વધુ રસ પડે છે. વધુ ધ્યાન આપે છે, જેથી વિષયવસ્તુની માહિતી લાંબો સમય યાદ રાખી શકે છે.

૯〉 **નવી માહિતી જાણવા મળે :**

★ ઈન્ટરનેટ ઉપર માહિતી નવી નવી મૂકવામાં આવતી હોય છે, તેથી નવીન માહિતી જાણવા મળે છે. ચિત્રો સાથેની માહિતી હોય છે.

૧૦〉 **વિશેષ માહિતી જાણવા મળે :**

★ પાઠ્યપુસ્તક સિવાયની કેટલીક વધારાની માહિતી ઈન્ટરનેટ ઉપર જોવા મળે છે. ઈન્ટરનેટ ઉપર વિશેષ માહિતી જાણવા મળે છે.

**૧૧〉 ઊંડાણપૂર્વકની માહિતી જાણવા મળે :**

★ પાઠ્યપુસ્તક સિવાયની કેટલીક વધારાની માહિતી ઈન્ટરનેટ ઉપર જાણવા મળે છે. વિદ્યાર્થીઓને તેમજ શિક્ષકને વિષય વસ્તુ અંગેની ઊંડાણપૂર્વકની માહિતી જોવી હોય તો જોવા મળે છે.

**૧૨〉 વ્યક્તિગત તફાવત સંતોષી શકાય :**

★ વર્ગના બધા જ વિદ્યાર્થીઓ માટે કમ્પ્યુટરનો ઉપયોગ થાય છે. વર્ગમાં હોંશિયાર, મધ્યમ અને નબળા બધા જ પ્રકારના વિદ્યાર્થીઓ માટે ઉપયોગ કરી શકાય છે.

**૧૩〉 એકમ પ્રમાણે પ્રોગ્રામ :**

★ કમ્પ્યુટરની મદદથી કોઈ પણ એકમનો પ્રોગ્રામ તૈયાર થઈ શકે છે.

**૧૪〉 શિક્ષણની ગુણવત્તા સુધારે :**

★ વર્ગમાં કમ્પ્યુટરનો ઉપયોગ થવાથી શિક્ષણની ગુણવત્તામાં સુધારો થાય છે. વિદ્યાર્થીઓને વધુ રસ પડે છે. વધુ ધ્યાન આપે છે. ભાગીદાર પણ બને છે. આથી શિક્ષણની ગુણવત્તા સુધરે છે.

**૧૫〉 સક્રિયતામાં વધારો :**

★ વર્ગમાં કમ્પ્યુટરનો ઉપયોગ કરવાથી વિદ્યાર્થીઓને વધુ રસ પડે છે. ભાગીદારીમાં વધારો થાય છે. આથી વિદ્યાર્થીઓની સક્રિયતામાં વધારો થાય છે.

**૧૬〉 વિષયવસ્તુનું પુનરાવર્તન થઈ શકે :**

★ વર્ગમાં કમ્પ્યુટરનો ઉપયોગ થવાથી વિષય વસ્તુની સમજ વધુ મેળવવા પુનરાવર્તન કરવું હોય તો કરી શકાય છે.

**(૩) મર્યાદાઓ :**

★ કેટલાંક ફાયદાઓ હોવા છતાં કેટલીક મર્યાદાઓ પણ જોવા મળે છે :

**૧〉 ખર્ચાળ સાધન :**

* કમ્પ્યુટર ઉપર ઈન્ટરનેટનો ઉપયોગ કરવો વધુ ખર્ચાળ બની જાય છે. ઈન્ટરનેટ કનેક્શન લેવું પડે છે, તેનો ખર્ચ થાય છે. સમારકામ અંગેનો પણ ખર્ચ થાય છે.

**૨〉 ઓછો ઉપયોગ :**

★ વધુ ખર્ચાળ હોવાથી શિક્ષકની જવાબદારીમાં વધારો થતો હોવાથી ઓછો ઉપયોગ થતો જોવા મળે છે.

**૩〉 બીજા ઉપર આધારિત :**

● કમ્પ્યુટરમાં ઈન્ટરનેટ ચલાવવા માટે શિક્ષકને તે અંગેનું જ્ઞાન ન હોય તો બીજા ઉપર આધાર રાખવો પડે છે.

**૪〉 શિક્ષકની જવાબદારી વધે :**

★ ઈન્ટરનેટનો ઉપયોગ કરવાની શિક્ષકની જવાબદારી વધે છે. જવાબદારી વધતી હોવાથી શિક્ષકો ઉપયોગ કરવાનું ટાળે છે.

**૫〉 વધુ સમય :**

★ ઈન્ટરનેટનો ઉપયોગ કરવામાં વધુ સમય જાય છે. વધુ સમય જતો હોવાથી શિક્ષકો તેનો ઉપયોગ કરવાનું ટાળે છે.

**૬〉 ભૌતિક સગવડતાનો અભાવ :**

★ ઈન્ટરનેટનો ઉપયોગ કરવામાં વધુ સમય જાય છે. વધુ સમય જતો હોવાથી શિક્ષકો તેનો ઉપયોગ કરવાનું ટાળે છે.

**૭〉 સાધનો વાપરવા અંગે શિક્ષક પાસે ઓછું જ્ઞાન :**

★ ઈન્ટરનેટનો ઉપયોગ કરવા માટે શિક્ષક પાસે જ્ઞાન હોવું જોઈએ. જ્ઞાન ન હોય તો ઉપયોગ કરવો મુશ્કેલરૂપ બની જાય છે.

**૮〉 ગ્રામ વિસ્તારનો પ્રશ્ન :**

★ ભૌતિક સગવડતાનો અભાવ હોવાથી ઈન્ટરનેટનો ગ્રામ વિસ્તારમાં ઉપયોગ કરવો મુશ્કેલરૂપ બની જાય છે.

**૯〉 અનુભવી નિષ્ણાંતોની તંગી :**

★ કમ્પ્યુટરનો ઉપયોગ કરવા માટે અનુભવી શિક્ષકની જરૂર પડે છે, તે અંગેનું જ્ઞાન પણ મેળવવું પડે છે. શિક્ષક પાસે કમ્પ્યુટરનો ઉપયોગ કરવાનું જ્ઞાન ન હોય તો તેનો વર્ગમાં ઉપયોગ થતો નથી.

**૧૦〉 સારા સોફ્ટવેરનો અભાવ :**

★ શિક્ષણ કાર્ય કરવા માટે શૈક્ષણિક એકમ ઉપર આધારિત પ્રોગ્રામ તૈયાર કરવો પડે છે, જે તૈયાર ન હોય તો તેનો ઉપયોગ થઈ શકતો નથી. બજારમાં સારા સોફ્ટવેરનો અભાવ જોવા મળે છે.

**(૫) સમય રેખા :**

**(૧) પ્રસ્તાવના :**

★ સામાજિક વિજ્ઞાનમાં સમય કે રેખાનું મહત્ત્વ વધારે છે. ખાસ કરીને ઈતિહાસ વિષયમાં વધારે તેનો ઉપયોગ કરવામાં આવે છે. ઐતિહાસિક ઘટનાઓને સમય પ્રમાણે નિશ્ચિત કરેલ માપ અનુસાર નિશ્ચિત સમયગાળા પ્રમાણે રજૂ કરતી રેખાને સમય રેખા કહે છે. કોઈ એક ચોક્કસ સ્કેલ પ્રમાણે દોરવામાં આવેલી રેખા પર વર્ષ અને બનાવો નોંધવામાં આવે ત્યારે તેને સમયરેખા કહે છે.

★ સમયરેખા ઐતિહાસિક ઘટનાઓને સમયના સંદર્ભમાં સમજાવવાનું ઉત્તમ અને અસરકારક સાધન છે. ઐતિહાસિક સમયના સંદર્ભમાં સમજાવવાનું ઉત્તમ અને અસરકારક સાધન છે. ઐતિહાસિક ઘટનાઓનો સમયના ક્રમમાં દર્શાવે છે.

★ સમયરેખા વિદ્યાર્થીઓને સમયજ્ઞાન આપે છે. સમયરેખા બનાવવા માટે નિશ્ચિત સમયગાળા પ્રમાણે સ્કેલ માપ લેવામાં આવે છે. આ સ્કેલ માપ પ્રમાણે બે ઊભી રેખાને નિશ્ચિત સમયગાળા માટે આડી રેખાથી જોડવામાં આવે છે. સમય રેખાની ડાબી બાજુએ સમયગાળો દર્શાવવામાં આવે છે, જ્યારે જમણી બાજુએ વર્ષ અને ઘટના દર્શાવવામાં આવે છે.

**(૨) સમય રેખાની ઉપયોગિતા :**

★ શિક્ષણકાર્યમાં સમયરેખાની ઉપયોગથી વિદ્યાર્થીઓને નીચેના લાભ મળે છે :

**૧〉 સમયની સમજ આપવા :**

★ વિદ્યાર્થીઓને સમયની સમજ આપવા માટે સમયરેખાનો ઉપયોગ કરવામાં આવે છે. સમય રેખાને આધારે કયા વર્ષમાં કયો બનાવ બનેલ છે તેની માહિતી ક્રમમાં જાણી શકાય છે.

**૨〉 બનાવોની નોંધ કરવા :**

★ સમયરેખા પરથી સમયના ક્રમમાં બનાવોની નોંધ કરવાની ટેવ વિકસે છે.

૩〉 **અર્થઘટન કરવાની સૂઝ વિકસાવવા :**

● સમયરેખાનું અવલોકન કરી અર્થઘટન કરવાની સૂઝ વિકસે છે. સમય રેખાનું અવલોકન કરાવીને ધીમે ધીમે તે અંગેની સૂઝ આવે તે માટે જરૂરી છે.

૪〉 **સમયનું અંતર જાણવા :**

● તેનાથી વર્તમાનથી બનાવ પૂર્ણ થયા સુધીના સમયનું અંતર જાણવામાં સરળતા રહે છે.

૫〉 **યાદ રાખવામાં સરળતા :**

● સમયરેખાના ઉપયોગથી ઐતિહાસિક બનાવોને યાદગાર બનાવો તરીકે યાદ રાખવામાં સરળતા રહે છે.

૬〉 **વિદ્યાર્થીઓને સક્રિય રાખવા :**

● સમયરેખાનો ઉપયોગ કરી વિદ્યાર્થીઓને વર્ગમાં સક્રિય રાખી શકાય છે. વિદ્યાર્થીઓને એકવખત સમયરેખાનું અવલોકન કરાવીને અન્ય સમયરેખાનો અભ્યાસ જાતે કરે તેવી જ્ઞાન આપી સક્રિય રાખી શકાય.

૭〉 **ઘટનાઓની તુલના કરવા :**

● વિદ્યાર્થીઓ વિવિધ ઐતિહાસિક ઘટનાઓ વચ્ચે તુલના કરી શકે છે. પ્રથમ કયો બનાવ બન્યો, બીજો ક્યારે બન્યો વગેરે.

૮〉 **વિદ્યાર્થીઓમાં કૌશલ્ય વિકસાવવા :**

★ વિદ્યાર્થીઓમાં સમયરેખા દોરવાનું, સમયરેખા પર બનાવો દર્શાવવાનું કૌશલ્ય વિકસે છે. સમય રેખા પરથી વર્ષ પ્રમાણે નોંધ કરે, અવલોકન કરે વગેરે.

૯〉 **સરળતાથી યાદ રાખવા :**

★ સમયરેખાના ઉપયોગથી બનાવોને સરળતાથી યાદ રાખવામાં સરળતા રહે છે. સરળતાથી યાદ રાખી શકાય છે.

૧૦〉 **ઝડપથી પુનરાવર્તન કરવા :**

★ વિદ્યાર્થીઓને જે તે કાળની ઘટનાઓનું ઝડપથી પુનરાવર્તન કરવામાં ઉપયોગી બને છે.

૧૧〉 **શબ્દોની સમજ :**

★ સમય રેખા સાથે વિદ્યાર્થીઓમાં ઈ.સ. પૂર્વે દાયકો, સદી, શતક, શતાબ્દી વગેરે શબ્દોની સમજ સ્પષ્ટ થાય છે.

(૩) **સમયરેખાના ઉપયોગ સમયે ધ્યાનમાં રાખવાની બાબતો :**

★ સમયરેખાના ઉપયોગ સમયે નીચેના જેવી કેટલીક બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ :

૧〉 વિદ્યાર્થીઓ દ્વારા કા.પા. પર સમયરેખા દોરવા આમંત્રણ આપી શકાય જેથી વિદ્યાર્થીઓ સક્રિય રહે.

૨〉 સમયરેખા પરના બનાવોનું લખાણ સ્પષ્ટ અને સુંદર હોવું જોઈએ.

૩〉 વિદ્યાર્થીઓને સક્રિય રાખવા માટે ડ્રોઈંગ પેપર પર સમય રેખાઓ દોરાવી શકાય, જેથી વિદ્યાર્થીઓમાં સર્જનાત્મક કળાનો વિકાસ થાય.

૪〉 સમયરેખા પર મર્યાદિત માહિતી મૂકવી જોઈએ. વધુ માહિતી મૂકવી નહીં.

૫〉 સમયરેખા દોરતી વેળા પ્રથમ સ્કેલમાપ નક્કી કરી સમયરેખા દોરવી.

૬〉 સમયરેખા પરના બનાવોને સમય ચોક્કસ હોવો જરૂરી છે.

૭〉 સમયરેખામાં રંગીન ચોકનો ઉપયોગ કરી તેને સુંદર બનાવી શકાય.

૮〉 વિષયવસ્તુની ચર્ચા સાથે વિદ્યાર્થીઓના સહકારથી સમયરેખા તૈયાર કરાવવી જેથી વિદ્યાર્થીને બનાવોની ચોક્કસ ક્રમમાં નોંધ કરવાની ટેક વિકસે.

૯〉 વિશાળ ફલક પર તૈયાર કરેલ સમયરેખાનો ઉપયોગ પાઠના પ્રારંભ માટે કરવામાં આવે. આ માટે જરૂરી પ્રશ્નોત્તરી કરી, ચર્ચામાં સામેલ કરી શકાય.

**(૬) પૃથ્વીનો ગોળો :**

**(૧) પ્રસ્તાવના :**

★ સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં પૃથ્વીનો ગોળો ખાસ મહત્ત્વનો અને અસરકારક સાધન છે. ખાસ કરીને ભૂગોળનું શિક્ષણકાર્ય કરવા માટે વિશેષ પ્રમાણમાં પૃથ્વીનો ગોળાનો ઉપયોગ કરવામાં આવે છે.

★ પૃથ્વીનો ગોળો એ પૃથ્વીની પ્રતિકૃતિ છે. પૃથ્વીની આસપાસના અભ્યાસ માટે પૃથ્વીનો ગોળો સૌથી વધુ અનુકૂળ દૃશ્ય સાધન છે. ભૂગોળનો અભ્યાસ પૃથ્વીના ગોળા વિના મુશ્કેલરૂપ છે.

★ પૃથ્વીના ગોળાથી વિષયવસ્તુ અંગેની માહિતી સ્પષ્ટ રીતે જાણવા માટે ઉપયોગ કરવામાં આવે છે. ભૂગોળમાં દિવસ–રાત્રિ, ગ્રહણો, પૃથ્વી પરના ખંડો, ઋતુઓ, સાગરો, પર્વતો વગેરે જેવી અનેક બાબતોનો ખ્યાલ પૃથ્વીનાં ગોળાથી આપી શકાય છે.

★ નકશા દ્વારા પૃથ્વી વિશેની ઘણી બધી માહિતી પ્રાપ્ત થાય છે. નકશા દ્વારા વિદ્યાર્થીને દિશા, અંતર, અક્ષાંશ, રેખાંશ, આકાશ, ક્ષેત્રફળ સ્થળ વગેરેનો ખ્યાલ આપવામાં સરળતા રહેતી હોય છે, પરંતુ પૃથ્વીના ગોળાથી એ માહિતીનું સ્પષ્ટીકરણ સહેલાઈથી કરી શકાય છે.

★ પૃથ્વીનો વાસ્તવિક ખ્યાલ તો પૃથ્વીના ગોળા દ્વારા જ આપી શકાય. ભૂગોળમાં ઘણી બધી એવી બાબતો છે જેને માત્ર નકશા કે ચિત્રો દ્વારા આપણે સ્પષ્ટ કરી શકતા નથી. પૃથ્વીના વિભિન્ન ભાગોનો વાસ્તવિક અને સાપેક્ષ આકાર, પૃથ્વી પરના જલાવરણનું વિતરણ, પૃથ્વી અને સૂર્યનો સંબંધ, ચંદ્ર તથા પૃથ્વીનો સંબંધ, ચંદ્રકળાઓ, દિવસ–રાત જેવી અનેક બાબતોનો ખ્યાલ પૃથ્વીના ગોળાની મદદથી જ વિદ્યાર્થીઓને આપી શકાય. આ કારણે જ નકશાઓની સાથે સાથે પૃથ્વીના ગોળાનો પણ ઉપયોગ શાળાઓમાં થવો જોઈએ.

★ પૃથ્વી ગોળાકાર હોવાથી તેની સપાટીને સમતલ નકશાઓમાં રજૂ કરવામાં કંઈકને કંઈક ખામી રહી જાય છે. દિશા–આકાર, ક્ષેત્રફળ અને અંતરનો સાચો ખ્યાલ નકશાઓ દ્વારા બરાબર આપી શકાતો નથી. એને કારણે વિદ્યાર્થીઓમાં ખોટા ખ્યાલો બાંધવાનો ભય રહે છે. પૃથ્વીનો વાસ્તવિક ખ્યાલ ગોળા વગર આપી શકાય તેમ નથી, તેથી ભૂગોળના શિક્ષણમાં પૃથ્વીના ગોળાનો વિશેષ ઉપયોગ કરવામાં આવે છે. વિદ્યાર્થીઓને પૃથ્વી વિશેની સાચી માહિતી આપવા માટે તેનો ઉપયોગ કરવો જરૂરી છે.

**(૨) પૃથ્વીના ગોળાની ઉપયોગિતા :**

★ પૃથ્વીના ગોળાની ઉપયોગિતા નીચે મુજબ દર્શાવી શકાય :

**૧〉 પૃથ્વીનો સાચો ખ્યાલ મેળવવા :**

★ પૃથ્વીનો સાચો ખ્યાલ ગોળા વડે જ મેળવી શકાય. પૃથ્વી સપાટ નથી, પણ ગોળ છે તેવો સાચો ખ્યાલ ગોળાવડે જ આપી શકાય છે.

**૨〉 ચતુચક્રની માહિતી આપવા :**

★ પૃથ્વીની દૈનિક ગતિ, પરિભ્રમણ, વાર્ષિક ગતિ, અક્ષાંશ, રેખાંશ, કટિબંધો અને ઋતુચક્ર વગેરે સંકલ્પનાઓનું સ્પષ્ટીકરણ પૃથ્વીના ગોળા વડે શક્ય બને છે.

**૩〉 પૃથ્વીના પ્રમાણનો ખ્યાલ :**

★ પૃથ્વી પરના જમીન અને પાણીના પ્રમાણનો ખ્યાલ આવે છે. પૃથ્વી પર જમીન કેટલી છે, પાણી કેટલું છે તેનું પ્રમાણ જાણવા માટે ગોળાનો ઉપયોગ કરવામાં આવે છે.

**૪) અંતરનો ખ્યાલ :**

★ ભારત અને વિદેશ વચ્ચેના સ્થળો વચ્ચે કેટલું અંતર છે તેનો ખ્યાલ મેળવવા ગોળાનો ઉપયોગ થાય છે. વિવિધ દેશો અને વિવિધ સ્થળો વચ્ચેના અંતરનો ખ્યાલ વધુ સ્પષ્ટ થાય છે.

**૫) વાંચન કૌશલ્ય વિકસાવવા :**

● પૃથ્વીના ગોળાની મદદથી વિદ્યાર્થીઓમાં વાંચન કૌશલ્ય વિકસાવી શકાય છે. કયું સ્થળ ક્યાં આવેલ છે તે વાંચવી પડે છે. તેના લીધે વાંચન, કૌશલ્યનો વિકાસ થાય છે. દા.ત. – દેશો, શહેરો, નદીઓ વગેરે.

**૬) પ્રાયોગિક કાર્ય કરવા :**

★ પૃથ્વીના સંદર્ભમાં કેટલાંક પ્રાયોગિક કાર્યો હાથ ધરવામાં તે મહત્ત્વનું શૈક્ષણિક સાધન છે.

**૭) પૃથ્વીના માર્ગોનો ખ્યાલ :**

★ પૃથ્વી પરના હવાઈ, દરિયાઈ અને જમીન માર્ગોનો ખ્યાલ સ્પષ્ટ કરી શકાય છે.

**૮) રાજકીય પ્રદેશોની માહિતી :**

★ પૃથ્વીના ગોળાની મદદથી રાજકીય પ્રદેશોની માહિતી સરળતાથી આપી શકાય છે. ભારતના નકશામાં કઈ દિશામાં જે તે સ્થળ આવેલ છે તેની માહિતી સરળતાથી મળે છે. દા.ત. – ભારતના નકશામાં ગુજરાત કઈ જગ્યાએ આવેલ છે તેની માહિતી જાણી શકાય છે.

**૯) કુદરતી પ્રદેશોની માહિતી :**

★ પૃથ્વી પર કુદરતી પ્રદેશો કઈ જગ્યાએ આવેલ છે તેની માહિતી ગોળાની મદદથી જાણી શકાય છે.

**૧૦) અવર જવરના માર્ગોનો ખ્યાલ :**

★ માલની અવર જવરના માર્ગોનો સ્પષ્ટ ખ્યાલ પૃથ્વીના ગોળાની મદદથી આવે છે. માલ કઈ જગ્યાએથી કયા દેશમાં જાય છે. કયા દેશમાંથી ભારતમાં માલ આવે છે તેનો સ્પષ્ટ ખ્યાલ મેળવવા ગોળાનો ઉપયોગ કરવામાં આવે છે.

**(૩) ગોળાની પસંદગી :**

★ ગોળાની પસંદગીમાં નીચેની બાબતો ધ્યાનમાં રાખી ગોળાની પસંદગી કરવી :

**૧) ગોળાનું કદ :**

★ શિક્ષણ માટે કાર્ય કરતી વખતે વર્ગના બધા જ વિદ્યાર્થીઓ સહેલાઈથી જોઈ શકે અને તેના પરની વિગતો વાંચી શકે એ માટે ૪૦ સે.મી. વ્યાસવાળો ગોળો પસંદ કરવો.

**૨) રંગ :**

★ નકશામાં ભૂપૃષ્ઠ દર્શાવવા વપરાતા માન્ય રંગોવાળા ગોળાની પસંદગી કરવી જોઈએ, જેથી રંગોનું અર્થઘટન સરળતાથી કરી શકાય.

**૩) વિગતોની ચોકસાઈ :**

★ ગોળા પર રજૂ કરવામાં આવેલી વિગતો પ્રમાણિત હોય તે જરૂરી છે. ચોક્કસ સ્કેલ માપનો ઉપયોગ થયેલો હોવો જોઈએ.

**૪) વિગતોની પ્રમાણ :**

★ પૃથ્વીન ગોળા પર છાપેલી વિગતોની રજૂઆત સ્પષ્ટ અને આકર્ષક હોવી જોઈએ. વિગતોનું પ્રમાણ વધુ ન હોવું જોઈએ. મર્યાદિત વિગતો હોય તે જરૂરી છે.

**૫) બનાવટ :**

● પૃથ્વીનો ગોળો પસંદ કરતાં ગોળાની બનાવટ પણ ધ્યાનમાં લેવી જોઈએ. ગોળો લાંબો સમય

ચાલે તેવો અને તેના પરનું લખાણ કે રંગ પણ લાંબો સમય સુધી ટકે તેવાં હોવાં જોઈએ. પૃથ્વીનો ગોળો ટકાઉ અને સારી બનાવટનો પસંદ કરવો જોઈએ.

(૪) **વર્ગ અધ્યાપનમાં ગોળાનો ઉપયોગ :**

- પ્રાથમિક કક્ષાએથી જ પૃથ્વીના ગોળાનો ઉપયોગ થાય તે જરૂરી છે. ભૂગોળને લગતું પાયાનું જ્ઞાન પ્રાથમિક કક્ષાએથી જ મેળવે તે જરૂરી છે.પૃથ્વીનો વાસ્તવિક ખ્યાલ વિદ્યાર્થીઓને મળી રહે એ માટે પ્રથમ ગોળાનો ઉપયોગ કરવો ખૂબ જરૂરી છે.
- પૃથ્વીના ગોળાનો ઉપયોગથી વિદ્યાર્થીઓને ભૂગોળને લગતી શબ્દ વ્યંજનાઓ કે પારિભાષિક શબ્દોનો શબ્દ ખ્યાલ મેળવવા માટે પૃથ્વીના ગોળાનો ઉપયોગ કરવો જોઈએ. દા.ત. – સંકલ્પનાઓ, ખ્યાલો વગેરે.
- પૃથ્વીના ગોળાથી વિદ્યાર્થીઓને વાસ્તવિક જ્ઞાન સરળ, સચોટ અને અસરકારક રીતે આપી શકાય છે. પૃથ્વીનો ગોળો વિદ્યાર્થીઓને કેટલાંક પ્રત્યક્ષ અનુભવો પૂરા પાડે છે, જે નીચેની બાબતોથી સ્પષ્ટ થાય છે

૧〉 પૃથ્વી પર જમીન અને પાણીના ભાગનો ખ્યાલ આપવા ઉપયોગ કરી શકાય.

૨〉 વિવિધ સ્થળો અને દેશો વચ્ચેના અંતરનો ખ્યાલ સ્પષ્ટ કરવા.

૩〉 દરિયાઈ અને જમીન માર્ગનો ખ્યાલ આપવા સાથે સાથે કુદરતી અને રાજકીય પ્રદેશોનું જ્ઞાન આપવા.

૪〉 દેશો અને સ્થળોની ચોક્કસ દિશા બતાવવા કયો દેશ અને કયું સ્થળ કઈ દિશામાં આવેલ છે તેનો સ્પષ્ટ ખ્યાલ આપવા.

૫〉 વિદ્યાર્થીઓમાં કેટલાંક પ્રાયોગિક કાર્યો હાથ ધરવા.

૬〉 નકશા વાંચન અને નકશા પૂરણીનું કૌશલ્ય વિકસાવવા. ભારતના નકશામાં વિવિધ રાજ્યોના સ્થળ નક્કી કરી, તેની નકશામાં પૂરણી કરે.

૭〉 આકાશના વિવિધ ગ્રહો, સૂર્ય, તારાઓ, ચંદ્ર વગેરેનું પૃથ્વીનું સ્થાન સમજાવવા.

૮〉 પૃથ્વીની પ્રદક્ષિણા પૂર્વે કે પશ્ચિમ તરફથી થઈ શકે તેની સમજ આપવા.

૯〉 પૃથ્વી પર ઋતુચક્રનો ખ્યાલ આપવા. દા.ત. – પૃથ્વીની દૈનિક ગતિ, વાર્ષિક ગતિ, દિવસ–રાત, અક્ષાંશ–રેખાંશ, કટિબંધો, પવનો, ઋતુઓ, સ્થાનિક અને પ્રમાણ સમય, સૂર્ય અને ચંદ્રગ્રહણ, ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવ, ભરતી અને ખોટ જેવી સંકલ્પના સ્પષ્ટ કરવા.

૧૦〉 મહાસાગરના પ્રવાહોથી માહિતગાર કરવા.

૧૧〉 પૃથ્વીનો આકાર કેવો છે તેનો સ્પષ્ટ ખ્યાલ આપવા. દા.ત.– પૃથ્વી સપાટ નથી ગોળ છે તેની માહિતી આપવા.

(૭) **ચિત્રો :**

(૧) **પ્રસ્તાવના :**

- શિક્ષણ પ્રક્રિયાની અસરકારકતા વધારવામાં અને વિષયવસ્તુના સ્પષ્ટીકરણમાં ચિત્રોનું મહત્ત્વપૂર્ણ પ્રદાન છે. આથી જ કહેવાય છે કે એક ચિત્ર બરોબર એક હજાર શબ્દો જે કામ એક હજાર શબ્દો નથી કરી શકતા તે એક ચિત્ર કરી શકે છે.
- એકમને ધ્યાનમાં રાખી ચિત્રનો ઉપયોગ મૂકવામાં આવે તો શિક્ષણકાર્ય ખૂબ જ સારી રીતે થઈ શકે છે. શિક્ષણકાર્ય અસરકારક રીતે, રસવંતુ બનાવી શકાય છે, તેના ઉપયોગથી વિદ્યાર્થીઓનું ધ્યાન કેન્દ્રિત કરાવી શકાય છે, તેમજ વિદ્યાર્થીઓની જિજ્ઞાસા સંતોષાય છે, તેનીકલ્પના શક્તિને ઉત્તેજન મળે છે.

- ચિત્રોનો ઉપયોગ કરવાથી શિક્ષકનાં સમય અને શક્તિ બચે છે. શાબ્દિક કથનનું ભારણ ઘટે છે. ચિત્રો વિદ્યાર્થીઓ માટે રસનો વિષય છે. નવીન દૃષ્ટિ ખોલી આપે છે.
- સામાજિક વિજ્ઞાનમાં ચિત્રોનો વધુ ઉપયોગ વધુ પ્રમાણમાં થઈ શકે તેમ છે. ચિત્રોના વિવિધ પ્રકારો છે, તેની પસંદગી કાળજીપૂર્વક થવી જોઈએ.
- ચિત્રોના પ્રાપ્તિ સ્થાન અનેક છે, તેને મેળવીને સંગ્રહ કરી, જ્યારે જરૂર હોય ત્યારે તેનો ઉપયોગ કરી શકાય છે.
- ચિત્રો જોવાનું બાળકોને વધુ ગમે છે.

(૨) **ચિત્રોનું મહત્ત્વ :**

- ચિત્રોનું મહત્ત્વ નીચે પ્રમાણે દર્શાવી શકાય.

૧) **શાબ્દિક કથનમાં ઘટાડો :**

★ શિક્ષકને બોલવાનું ઓછું થાય છે. ચિત્રની મદદથી એકમને ધ્યાનમાં રાખી શિક્ષણમકાર્ય કરી શકે છે. વિદ્યાર્થીઓ પાસે નિરીક્ષણ કાર્ય કરાવીને, પ્રશ્નોત્તરી દ્વારા ચર્ચા થઈ શકે છે.

૨) **વિવિધ કૌશલ્યનો વિકાસ કરવા :**

★ ચિત્રો વિદ્યાર્થીઓના વિવિધ કૌશલ્યો વિકસાવવામાં મદદરૂપ થાય છે. વિદ્યાર્થીઓની વિચારશક્તિ, તર્કશક્તિ, કલ્પનાશક્તિ, અવલોકન શક્તિ વગેરેનો વિકાસ કરવામાં મદદરૂપ થાય છે.

૩) **શિક્ષણકાર્ય જીવંત બનાવવા :**

★ ચિત્રોની મદદથી શિક્ષણકાર્ય જીવંત બનાવી શકાય છે. રસવંતુ બનાવી શકાય છે. ચિત્રો જોવાનું વિદ્યાર્થીઓને ગમે છે. રસપૂર્વક જુએ છે. શિક્ષક અને વિદ્યાર્થી બંને સક્રિય બને છે.

૪) **જ્ઞાનની વૃદ્ધિ કરવા :**

★ વિદ્યાર્થીના અવલોકન દ્વારા જ્ઞાનની વૃદ્ધિ કરવામાં મદદરૂપ થાય છે. વિવિધ પ્રવૃત્તિઓ આપી જ્ઞાનમાં વધારો કરી શકાય છે.

૫) **વિવિધ પ્રવૃત્તિઓના આયોજન માટે :**

★ વિવિધ પ્રવૃત્તિઓના આયોજન કરવા માટે ચિત્રો મદદરૂપ થાય છે. દા.ત. – ચિત્રો ભેગા કરવા, સ્કેચ બુક બનાવવી, ચિત્રો કાપવાં, પૂંઠા પર ચોંટાડવા, માઉન્ટ કરવાં બુલેટિન બોર્ડ પર પ્રદર્શિત કરવા, પ્રદર્શન યોજવું વગેરે જેવી પ્રવૃત્તિઓ આપી શકાય છે.

૬) **ફૂરસદના સમયનો યોગ્ય ઉપયોગ કરવા :**

★ વિવિધ પ્રવૃત્તિઓ આપીને ફૂરસદના સમયેનો યોગ્ય ઉપયોગ કરવામાં મદદરૂપ થાય છે. વિવિધ પ્રવૃત્તિ આપી, નવરાશના સમયનો યોગ્ય ઉપયોગ કરી શકાય છે.

૭) **વિદ્યાર્થીઓની ભાગીદારી વધારવા :**

★ વિદ્યાર્થીઓની ભાગીદારી ચિત્રોની મદદથી વધારી શકાય છે. ચિત્રો ઉપરથી પ્રશ્નોત્તરી કરી ચર્ચામાં સામેલગીરી વધારી શકાય છે. વિદ્યાર્થીઓને વધુ રસ પડે છે, તેથી ભાગીદારી વધારી શકાય છે.

૮) **વિષયવસ્તુની સ્પષ્ટતા કરવા :**

★ ચિત્રો દ્વારા ખ્યાલો અને વિચારો, હકીકતો, સિદ્ધાંતો, નિયમો સ્પષ્ટ થાય છે. વિષયવસ્તુની સ્પષ્ટતા કરવામાં ચિત્રો મદદરૂપ થાય છે.

૯) **શિક્ષણમાં રસ લેતા કરવા :**

★ વિદ્યાર્થીઓને ચિત્રો દ્વારા શિક્ષણકાર્ય કરાવાથી શિક્ષણમાં રસ લેતા કરાવી શકાય છે. સામાજિક વિજ્ઞાનમાં રસવૃત્તિ વધારી શકાય છે. રસ પ્રમાણે પ્રવૃત્તિ પણ આપી શકાય છે.

**૧૦〉 સર્જનાત્મક શક્તિ વિકસાવવા :**

★ ચિત્રોની મદદથી સર્જનાત્મક શક્તિ વિકસાવવામાં મદદરૂપ થાય છે. વિદ્યાર્થીની શક્તિ પ્રમાણે, આવડત પ્રમાણે પ્રવૃત્તિ કરાવીને સર્જનાત્મક શક્તિ વિકસાવી શકાય છે.

**૧૧〉 ચિત્રો ઓળખવાની શક્તિ વિકસાવવા :**

★ વિવિધ પ્રકારના ચિત્રો તૈયાર કરાવીને ચિત્રો ઓળખવાની શક્તિ વિકસાવી શકાય છે. એકમને અનુરૂપ ચિત્રો કયા છે તેની ખબર પડે છે. ચિત્ર વાંચન શક્તિ પણ વિકસાવી શકાય છે.

**૧૨〉 લઘુતાગ્રંથી દૂર કરવા :**

★ ચિત્રોની મદદથી વિદ્યાર્થીઓ લઘુતાગ્રંથી જે હોય તે દૂર કરવામાં મદદરૂપ થાય છે. ચિત્રો ઉપરથી પ્રશ્નોત્તરી કરી, જવાબ મેળવવા, ચિત્રો તૈયાર કરવા, પ્રદર્શન ગોઠવવું અન્યની મદદ લેવી પડે છે. એકબીજાં સાથે બોલતા થાય છે. આત્મવિશ્વાસ વધે છે.

**૧૩〉 કલાની સૂઝ વિકસાવવા :**

★ ચિત્રોની મદદથી વિદ્યાર્થીઓમાં કલાની સૂઝ વિકસાવી શકાય છે. ચિત્રો તૈયાર કરવા, વિવિધ પ્રકારના ચિત્રો તૈયાર કરવા વગેરે.

**૧૪〉 સંગ્રહનું વલણ વિકસાવવા :**

★ ચિત્રો ભેગા કરવાથી સંગ્રહ કરવાનું વલણ વિકસાવી શકાય છે.

દા.ત. – ચલણ સંગ્રહ, ટિકિટ સંગ્રહ વગેરે.

**૧૫〉 પ્રારંભ કાર્ય કરવા :**

★ એકમનો પ્રારંભ કરવા માટે ચિત્રો મદદરૂપ થાય છે, તેનાથી વાતાવરણ સારું ઊભું કરી શકાય છે. એકમ પર આધારિત ચિત્રની મદદથી પ્રારંભ કરી શકાય છે.

**૧૬〉 પ્રત્યક્ષ–પરોક્ષ અનુભવો પૂરા પાડવા :**

★ ચિત્રોની મદદથી શિક્ષણકાર્ય કરવાથી વિદ્યાર્થીઓમાં પ્રત્યક્ષ–પરોક્ષ અનુભવો પૂરા પાડી શકાય છે. ચિત્રો એકમને લગતી માહિતી પૂરી પાડે છે. ચિત્રોની મદદથી પ્રત્યક્ષ કેટલીક માહિતી પ્રાપ્ત થાય છે. પરોક્ષ રીતે પણ માહિતી પૂરી પાડી શકાય છે.

★ બાળકોની સૌંદર્ય દષ્ટિને વિકસાવવામાં ચિત્રો મદદરૂપ થાય છે.

★ ચિત્રો પરથી અહેવાલ તૈયાર કરી શકે છે.

★ ચિત્રો દોરવા પ્રેરણા મળે.

**(૩) ચિત્રનો અસરકારક ઉપયોગ કરવા માટે ધ્યાનમાં રાખવાની બાબતો :**

● ચિત્રના ઉપયોગ સમયે નીચેના જેવી કેટલીક બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ :

૧〉 વર્ગમાં સ્પષ્ટ જોઈ શકાય તેવું ચિત્ર તૈયાર કરવું.

૨〉 એકમ પ્રમાણે ચિત્ર રજૂ કરવું.

૩〉 ચિત્ર ઉપરથી અર્થઘટન કરાવવું.

૪〉 ચિત્ર ઉપરથી પ્રશ્નોત્તરી કરવી.

૫〉 ચિત્ર ઉપર આધારિત પ્રવૃત્તિઓ કરાવવી.

૬〉 બુલેટિન બોર્ડ પર ચિત્રો લગાવવા.

૭〉 ચિત્રો સુંદર, આકર્ષક, યોગ્ય રંગનો ઉપયોગ કરવો.

૮〉 ચિત્રોમાં રજૂ થયેલ માહિતી સાચી હોવી જોઈએ.

૯〉 ચિત્રો સામાન્ય હેતુઓ, વિશિષ્ટ હેતુઓ અને અપેક્ષિત વર્તન પરિવર્તનનો હેતુ સિદ્ધ કરવામાં સહાયરૂપ હોય તેવાં હોવાં જોઈએ.

૧૦〉 ચિત્ર કક્ષા પ્રમાણે તૈયાર કરવા.

૧૧〉 ચિત્રને સંપૂર્ણ રીતે જોવા માટે પૂરતો સમય ફાળવવો જોઈએ.

૧૨〉 ચિત્રમાં મૂકવામાં આવેલી માહિતી પ્રમાણસર હોવી જોઈએ, વધુ માહિતી ન મૂકવી.

૧૩〉 ગુણવત્તાની દૃષ્ટિએ અને કલાની દૃષ્ટિએ પણ ચિત્રો અસરકારક હોવાં જોઈએ.

**(૮) ટેપરેકોર્ડર :**

**(૧) પ્રસ્તાવના :**

- વર્તમાન સમયમાં ટેપરેકોર્ડરનું મહત્ત્વ વધતું જાય છે. ગ્રામોફોનમાં રેકોર્ડ પર ધ્વનિ મુદ્રિત કરેલો હોય છે. જ્યારે ટેપરેકોર્ડરમાં ટેપ પર ધ્વનિ નોંધ કરવામાં આવે છે. ઘણુંનાનું અને હલકું તથા સુગમ સાધન તરીકે તેનો ખૂબ સારો ઉપયોગ વર્ગ શિક્ષણમાં થઈ શકે.
- ટેપરેકોર્ડર એ ધ્વનિમુદ્રણ કરનારું શ્રાવ્ય સાધન છે. આજે મોટાભાગની શાળાઓમાં રેડિયો કમ ટેપની સુવિધા ધરાવતું સાધન પ્રાપ્ય હોય છે. ટેપરેકોર્ડરની મદદ વડે મુદ્રિત થયેલ વાર્તાલાપ, નાટ્યકરણ, સંવાદ, કાવ્યગાન, વાયુ વાર્તાલાપો, વગેરેને પુનઃ પુનઃ સાંભળી શકાય છે, તેથી તેનું શૈક્ષણિક મહત્ત્વ વિશેષ છે.

– ટેપરેકોર્ડર એ ધ્વનિમુદ્રણ કરનારું શ્રાવ્ય સાધન છે. આજે મોટાભાગની શાળાઓમાં રેડિયો કમ ટેપની સુવિધા ધરાવતું સાધન પ્રાપ્ય હોય છે. ટેપરેકોર્ડરની મદદ વડે મુદ્રિત થયેલ વાર્તાલાપ, નાટ્યકરણ, સંવાદ, કાવ્યગાન, વાયુ વાર્તાલાપો, વગેરેને પુનઃ પુનઃ સાંભળી શકાય છે, તેથી તેનું શૈક્ષણિક મહત્ત્વ વિશેષ છે.

- ટેપરેકોર્ડર એ એવું યાંત્રિક સાધન છે જે દ્વારા વ્યક્તિ તેના અવાજને નોંધી શકે છે. નોંધાયેલો અવાજ પુનઃ પુનઃ સાંભળી શકાય છે. વીજળી પ્રવાહ અને બેટરી એમ બંને દ્વારા ચાલતું આ સાધન હવે ભારતમાં બને છે અને સહેલાઈથી ઉપલબ્ધ છે.
- વર્ગશિક્ષણમાં ટેપરેકોર્ડરનો ઉપયોગ વ્યાપક પ્રમાણમાં થવા લાગ્યો છે. શિક્ષણની જુદી જુદી વિગતો જુદી જુદી રીતે ટેપ કરી શિક્ષક તેનો વર્ગશિક્ષણમાં સરળતાપૂર્વક ઉપયોગ કરી શકે છે.

**(૨) ટેપરેકોર્ડનું મહત્ત્વ :**

- શિક્ષણમાં ટેપરેકોર્ડરનું મહત્ત્વ નીચે પ્રમાણે દર્શાવી શકાય :

**૧〉 પ્રોક્સી તાસ માટે :**

★ શિક્ષક ગેર હાજર હોય ત્યારે તેની ગેરહાજરીમાં ટેપનો ઉપયોગ કરવામાં મદદરૂપ થાય છે. ટેપરેકોર્ડરથી પ્રોક્સી તાસમાં કાર્ય કરી શકાય.

**૨〉 સસ્તુ સાધન :**

★ ટેપરેકોર્ડર સસ્તુ સાધન છે. ઓછી કિંમતે પ્રાપ્ત થાય છે. દરેક શાળામાં તેનો ઉપયોગ કરી શકાય તેમ છે. શાળામાં વસાવું સરળ રહે છે.

**૩〉 હેરફેરમાં સરળતા :**

★ ટેપરેકોર્ડર એક જગ્યાએથી બીજી જગ્યાએ સરળતાથી હેરફેર થઈ શકે છે. વજનમાં હલકું હોય છે.

**૪〉 શિક્ષણકાર્ય રસપ્રદ અને અસરકારક બનાવવા :**

★ શિક્ષણકાર્ય રસપ્રદ અને અસરકારક બનાવી શકાય છે. બાળકોને સાંભળવું ગમે છે. એકમને ધ્યાનમાં રાખી રેકોર્ડિંગ કરેલ માહિતી વર્ગમાં વિદ્યાર્થીઓને સંભળાવી શકાય છે.

**૫〉 વધુ વખત ઉપયોગ કરવા :**

★ ટેપ રેકોર્ડિંગનો વધુ વખત, જરૂરિયાત પ્રમાણે ઉપયોગ કરી શકાય છે. લાંબો સમય સુધી ચાલે છે. વિદ્યાર્થીઓ પણ જાતે ઉપયોગ કરી શકે છે.

**૬〉 વચ્ચે ચર્ચા કરવા :**

★ વર્ગમાં ટેપનો ઉપયોગ કરવામાં આવેલ હોય ત્યારે વિદ્યાર્થીઓને જે બાબતમાં સમજણ ન પડી હોય તે બાબત માટે પ્રશ્નો પૂછી શકે છે. શિક્ષણકાર્ય ચાલુ હોય ત્યારે વચ્ચે ચર્ચા થઈ શકે છે.

**૭〉 પ્રવચનનો ઉપયોગ કરવા :**

★ વિષય નિષ્ણાંતનું પ્રવચન રેકોર્ડિંગ કરેલ હોય તો જ્યારે જરૂર પડે ત્યારે તેનો ઉપયોગ કરી શકાય છે.

**૮〉 યાદગાર પ્રસંગો ફરી સાંભળવા :**

★ ઉજવણીના યાદગાર પ્રસંગોની સંપૂર્ણ ધ્વનિ નોંધ કાયમને માટે જાળવી રખાય છે. જરૂર પડે ત્યારે તેનો ઉપયોગ કરી શકાય છે.

**૯〉 બિનજરૂરી વિગતો દૂર કરવા :**

★ ધ્વનિ મુદ્રિત વિગત બિનજરૂરી લાગે કે જૂની લાગે તો તેને સહેલાઈથી દૂર કરી શકાય છે.

- ટેપરેકોર્ડરમાં વાર્તાલાપ, પ્રવચનો, સંવાદો, નાટક, એકપાત્રીય અભિનય વગેરે મુદ્રિત થઈ શકે છે. સાગરના ઘુઘવાટા, વર્ગના વાતાવરણને જીવંત બનાવી શકાય છે.
- નિષ્ણાંત વ્યક્તિઓના અનુભવો, સાહસિકોના અનુભવો, રેડિયો પર આવતા સામાજિક વિજ્ઞાન પરના વાર્તાલાપ કે રેડિયો પાઠને રેકોર્ડ કરીને અનુકૂળ સમયે વિદ્યાર્થીઓને સંભળાવી શકાય છે. વર્ગ શિક્ષણમાં તેનો ઉપયોગ કરી શકાય છે. શિક્ષકની ગેરહાજરીમાં પ્રોક્સીનું કાર્ય કરે છે. રેકોર્ડ કરેલ પ્રવચન ફ્રી તાસમાં મૂકી શકાય છે. શિક્ષણકાર્ય રસપ્રદ અને અસરકારક બનાવી શકાય છે.

**(૩) ટેપરેકોર્ડરનો ઉપયોગ અંગે ધ્યાનમાં રાખવાની બાબતો :**

- ટેપરેકોર્ડનો ઉપયોગકરતી વખતે નીચેના જેવી કેટલીક બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ :

૧〉 ટેપરેકોર્ડરના ઉપયોગ અંગે જરૂરી કૌશલ્ય હસ્તગત કરવું જોઈએ..

૨〉 રેકોર્ડ કરેલ કાર્યક્રમોની પસંદગી વિદ્યાર્થીની કક્ષા પ્રમાણેની હોવી જોઈએ.

૩〉 વીજળી પૂરવઠો ખોરવાઈ જાય તો તે સમયે ડ્રાય સેલની વૈકલ્પિક વ્યવસ્થા રાખવી.

૪〉 વર્ગમાં રેકોર્ડરનો ઉપયોગ થતો હોય ત્યારે બહારથી અવાજ ન આવે તેની કાળજી રાખવી..

૫〉 જે રેકોર્ડિંગનો ઉપયોગ કરવાનો હોય તે બાબત વર્ગ સમક્ષ રજૂ કરતાં પહેલા શિક્ષકે તેનું શ્રવણ કરી લેવું જોઈએ, તેથી ચર્ચા માટે અનુકૂળતા રહે છે.

૬〉 કાર્યક્રમની રજૂઆતના અંતે વિદ્યાર્થીઓના મૂલ્યાંકન માટે યોગ્ય કસોટી તૈયાર કરવી જોઈએ.

૭〉 શ્રવણ વખતે વિદ્યાર્થીઓને જરૂરી બાબતોની નોંધ કરવા કહેવું જોઈએ.

## ૧૨.૩ સારાંશ : Let us sum up

- ટેલિવિઝન, કમ્પ્યુટર, સમયરેખા, પૃથ્વીનો ગોળો, ચિત્રો, ટેપરેકોર્ડર વગેરે શૈક્ષણિક સાધનો મહત્ત્વનાં સાધનો છે.
- માનવજીવન સાથે ટેલિવિઝન, કમ્પ્યુટર સંકળાયેલ સાધનો છે. છેલ્લમાં છેલ્લી માહિતી મેળવવા માટે આ સાધનો ખૂબ જ ઉપયોગી છે.

- શૈક્ષણિક કાર્ય સાથે આ બધા સાધનો સંકળાયેલ છે. શિક્ષણકાર્ય ખૂબ જ રસવંતુ,અસરકારક, ચેતનંતુ બનાવવામાં મહત્ત્વનો ફાળો આપે છે.
- ટેલિવિઝન વિષય વસ્તુની માહિતી છેલ્લામાં છેલ્લી વિશાળ પ્રમાણમાં મેળવવામાં મદદરૂપ થાય છે. શૈક્ષણિક કાર્યક્રમો વિષય પ્રમાણે દરરોજ રજૂ થાય છે, તેનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓને માહિતી આપી શકાય.
- ટેલિવિઝનનું ખૂબ જ મહત્ત્વ રહેલું છે, જેમ કે પ્રત્યક્ષ જ્ઞાન, જ્ઞાનમાં વધારો, વિવિધ અનુભવો પ્રાપ્ત થાય, અન્ય વિષય સાથે અનુબંધ બાંધી શકાય, સંવેદનશીલતા વિકસાવે, નિષ્ણાંત વ્યક્તિનો લાભ, વિવિધ શક્તિઓ વિકસાવી શકાય, ગમ્મત સાથે જ્ઞાન, વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ વગેરે.
- ટેલિવિઝન કેટલાંક ફાયદાઓ હોવા છતાં કેટલીક મર્યાદાઓ રહેલી છે.

– શૈક્ષણિક કાર્યક્રમો જ્યારે રજૂ થાય ત્યારે શાળાના સમય સાથે બંધ બેસતો નથી.

- કાર્યક્રમ ચાલુ હોય ત્યારે ચર્ચા થઈ શકતી નથી.
- પ્રાદેશિક ભાષામાં કાર્યક્રમ રજૂ થતાં નથી.
- શિક્ષકની જવાબદારી વધે છે.
- એક ધ્રુવી પ્રક્રિયા છે.
- અભ્યાસક્રમનો સમાવેશ થતો નથી
- કમ્પ્યુટરનો ઉપયોગ દિવસે દિવસે વધતો જાય છે. વિદ્યાર્થીઓ સ્વ અધ્યયન પણ કરી શકેછે. વિશાળ માહિતી મેળવી શકાય છે.
- કમ્પ્યુટરનું મહત્ત્વ રહેલું છે છતાં પણ તેની કેટલીક મર્યાદા રહેલી છે, ખર્ચાળ સાધન, ઓછો ઉપયોગ, બીજા પર આધારિત, વધુ સમય, ગ્રામ વિસ્તારનો પ્રશ્ન, સારા સોફ્ક્ટવેરનો અભાવ વગેરે.
- સમયરેખા પણ સામાજિક વિજ્ઞાનમાં ખૂબ જ ઉપયોગી થાય છે. ઐતિહાસિક માહિતીના ઉપયોગ માટે વધુ ઉપયોગ થાય છે.
- પૃથ્વીનો ગોળો, ચિત્રો, ટેપરેકોર્ડર વગેરનો ઉપયોગ વધતો જાય છે. સામાજિક વિજ્ઞાનમાં ધોરણ પ્રમાણે માહિતી મેળવી શકાય છે.

## ૧૨.૪ એકમ સ્વાધ્યાય : Unit Exercises

(૧) ટેલિવિઝનનું મહત્ત્વ જણાવો.

(૨) ટેલિવિઝનની મર્યાદા જણાવો.

(૩) કમ્પ્યુટરનું મહત્ત્વ જણાવો.

(૪) કમ્પ્યુટરની મર્યાદા જણાવો.

(૫) સમયરેખાની ઉપયોગિતા જણાવો.

(૬) સમયરેખાના ઉપયોગ સમયે ધ્યાનમાં રાખવાની બાબતો જણાવો.

(૭) પૃથ્વીના ગોળાની ઉપયોગિતા જણાવો.

(૮) પૃથ્વીના ગોળાની પસંદગી કઈ રીતે કરશો ?

(૯) પૃથ્વીના ગોળાનો ઉપયોગ કેવી રીતે કરશો ?

(૧૦) ચિત્રોનું મહત્ત્વ જણાવો.

(૧૧) ચિત્રોનો વધુ સારો ઉપયોગ કરવા માટે કઈ બાબતો ધ્યાનમાં રાખશો તે જણાવો.

(૧૨) ટેપરેકોર્ડરનું મહત્ત્વ જણાવો.

(૧૩) ટેપરેકોર્ડરના ઉપયોગ વખતે ધ્યાનમાં રાખવાની બાબતો જણાવો.

## ૧૨.૫ તમારી પ્રગતિ ચકાસો :

(૧) ટેલિવિઝનના ઉપયોગની બે બાબતો જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(૨) ટેલિવિઝનના ઉપયોગની મર્યાદા જણાવો

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(૩) કમ્પ્યુટરના બે ઉપયોગ જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(૪) કમ્પ્યુટરના ઉપયોગની બે મર્યાદા જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(૫) સમયરેખાની બે ઉપયોગિતા જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(૬) સમયરેખાના ઉપયોગ વખતે ધ્યાનમાં રાખવાની બે બાબત જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(૭) પૃથ્વીના ગોળાની બે ઉપયોગિતા જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(૮) પૃથ્વીના ગોળાની પસંદગી કરવામાં પસંદગી માટે ધ્યાનમાં રાખવાની ત્રણ બાબત જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(૯) ચિત્રોનું મહત્ત્વની બે બાબત જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(૧૦) ચિત્રોનો વધુ સારો ઉપયોગ કરવા કઈ કઈ બાબતો ધ્યાનમાં રાખશો તેની ત્રણ બાબત જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(૧૧) ટેપરેકોર્ડરના મહત્ત્વની બે બાબત જણાવો.

..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................

(૧૨) ટેપરેકોર્ડરના ઉપયોગ વખતે ધ્યાનમાં રાખવાની ત્રણ બાબત જણાવો.

..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................

## ૧૨.૬ તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો : Answers to check your progress

**(૧) ટેલિવિઝનના ઉપયોગની બે બાબત :**

〈૧〉 પ્રત્યક્ષ જ્ઞાન પ્રાપ્ત થાય

〈૨〉 જ્ઞાનમાં વધારો થાય.

**(૨) ટેલિવિઝનની બે મર્યાદાઃ**

〈૧〉 શાળાના સમય દરમિયાન કાર્યક્રમ રજૂ થતો નથી

〈૨〉 શિક્ષકની જવાબદારીમાં વધારો

**(૩) કમ્પ્યુટરના ઉપયોગની બે બાબત :**

〈૧〉 વિદ્યાર્થીઓ સ્વ અધ્યયન કરી શકે છે

〈૨〉 વિદ્યાર્થીઓની પરીક્ષા પણ લઈ શકાય.

**(૪) કમ્પ્યુટરના ઉપયોગની બે મર્યાદા :**

〈૧〉 ખર્ચાળ સાધન છે

〈૨〉 ઓછો ઉપયોગ થાય છે

**(૫) સમયરેખાની બે ઉપયોગિતા :**

〈૧〉 સમયની સમજ પ્રાપ્ત થાય

〈૨〉 સમય અંતર જાણવા મળે છે

**(૬) સમયરેખાના ઉપયોગ વખતે ધ્યાનમાં રાખવાની બાબતો :**

〈૧〉 મર્યાદિત માહિતી મૂકવી જોઈએ

〈૨〉 સમય રેખાનો સમય ચોક્કસ હોવો જોઈએ

**(૭) પૃથ્વીના ગોળાની બે ઉપયોગિતા :**

〈૧〉 પૃથ્વીનો સાચો ખ્યાલ મેળવી શકાય

〈૨〉 પૃથ્વીના પ્રમાણનો ખ્યાલ મેળવી શકાય

**(૮) પૃથ્વીના ગોળાની પસંદગીમાં ધ્યાનમાં રાખવાની ત્રણ બાબત :**

〈૧〉 ગોળાના કદ યોગ્ય રાખવું

〈૨〉 વિગતોની ચોકસાઈ રાખવી

〈૩〉 વિગતોનું પ્રમાણ યોગ્ય રાખવું

**(૯) ચિત્રોની મહત્ત્વની બે બાબત :**

〈૧〉 શાબ્દિક કથનમાં ઘટાડો થાય છે

〈૨〉 શિક્ષણકાર્ય જીવંત બનાવી શકાય.

**(૧૦) ચિત્રોના ઉપયોગ વખતે ધ્યાનમાં રાખવાની ત્રણ બાબત :**

〈૧〉 એકમ પ્રમાણે ચિત્ર તૈયાર કરવું

〈૨〉 બુલેટિન બોર્ડ પર ચિત્રો લગાવવા

〈૩〉 ચિત્રો પર આધારિત પ્રવૃત્તિ કરાવવી

**(૧૧) ટેપરેકોર્ડરની બે ઉપયોગિતા :**

〈૧〉 પ્રોક્સી તાસ તરીકે ઉપયોગ કરી શકાય

〈૨〉 વધુ વખત ઉપયોગ કરી શકાય.

**(૧૨) ટેપરેકોર્ડરના ઉપયોગ વખતે ધ્યાનમાં રાખવાની ત્રણ બાબત :**

〈૧〉 જરૂરી કૌશલ્ય હસ્તગત કરવા

〈૨〉 ઉપયોગ વખતે વર્ગમાં બહારથી અવાજ ન આવવો જોઈએ

〈૩〉 શ્રવણ વખતે વિદ્યાર્થીઓ જરૂરી નોંધ કરે તેવી સૂચના આપવી

## ૧૨.૭ સૂચિત વાંચન સામગ્રી : Suggested Readings


૧. બારૈયા વી.વી. તથા અન્ય : વાણિજ્ય શિક્ષણ પદ્ધતિ, પ્રતીક પ્રકાશન, આણંદ

૨. બારૈયા વી.વી. તથા અન્ય : મનોવિજ્ઞાન શિક્ષણ પદ્ધતિ, પ્રતીક પ્રકાશન, આણંદ

૩. બારૈયા વી.વી. તથા અન્ય : અર્થશાસ્ત્ર શિક્ષણ પદ્ધતિ, પ્રતીક પ્રકાશન, આણંદ

૪. ભાવસાર ધીરજલાલ તથા અન્ય : દૃશ્ય–શ્રાવ્ય શિક્ષણ, અનડા બુક ડીપો, અમદાવાદ

૫. શુક્લ સતીશ પ્રકાશ : શિક્ષણમાં માધ્યમનો વિનિયોગ, ક્ષિતિ પબ્લિકેશન, અમદાવાદ

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# ES-113
# સામાજિક વિજ્ઞાનનું અધ્યાપન
# Teaching of Social Science

વિભાગ

# 4

એકમ-13 સામાજિક વિજ્ઞાન ખંડ

એકમ-14 સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં અનુબંધ

એકમ-15 ક્રિયાત્મક સંશોધન

એકમ-16 સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં પ્રયુક્તિઓ

# ES-113, સામાજિક વિજ્ઞાનનું અધ્યાપન (વિભાગ-4)


**લેખક**

**ડૉ. વાઘજીભાઈ વી. બારૈયા (નિવૃત્ત)** આણંદ એજ્યુકેશન કૉલેજ, આણંદ

**પરામર્શક (વિષય)**

**ડૉ. રાકેશભાઈ પટેલ** પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ

**પરામર્શક (ભાષા)**

**ડૉ. બીજલ આર. મિસ્ત્રી** આણંદ એજ્યુકેશન કૉલેજ, આણંદ.

**સંપાદન અને સંયોજન**

**પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** નિયામકશ્રી (શિક્ષણશાસ્ત્ર)
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી.
અમદાવાદ.

**સંયોજન સહાય**

**ડૉ. મીના આઈ. રાજપૂત** ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી.
અમદાવાદ.



**પ્રકાશક :** કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ-382481

**આવૃત્તિ :** પ્રથમ આવૃત્તિ-2020, **નકલ :** 600
દ્વિતીય આવૃત્તિ-2020, **નકલ :** 260
તૃતીય આવૃત્તિ-2021, **નકલ :** 1200

**ISBN : 978-93-5598-105-9**



Copyright © Registrar, Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad.
December 2020

While all efforts have been made by editors to check accuracy of the content, the representation of facts, principles, descriptions and methods are that of the respective module writers. Views expressed in the publication are that of the authors, and do not necessarily reflect the views of Dr. Babasaheb Ambedkar Open University. All products and services mentioned are owned by their respective copyrights holders, and mere presentation in the publication does not mean endorsement by Dr. Babasaheb Ambedkar Open University. Every effort has been made to acknowledge and attribute all sources of information used in preparation of this Self Learning Material. Readers are requested to kindly notify missing attribution, if any.

## ES-113 સામાજિક વિજ્ઞાનનું અધ્યાપન

**વિભાગ-1 : સામાજિક વિજ્ઞાન અને તેનું શિક્ષણ**

1. સામાજિક વિજ્ઞાનનો અર્થ અને મહત્ત્વ
2. સામાજિક વિજ્ઞાન શિક્ષણના ધ્યેયો અને હેતુઓ
3. સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં આયોજન
4. સામાજિક વિજ્ઞાનનો અભ્યાસક્રમ

**વિભાગ-2 : સામાજિક વિજ્ઞાનના મહત્ત્વના પાસાંઓ**

5. સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં શિક્ષણ પદ્ધતિઓ
6. સામાજિક વિજ્ઞાન પાઠ્યપુસ્તક
7. સામાજિક વિજ્ઞાન શિક્ષક
8. સામાજિક વિજ્ઞાન મંડળ

**વિભાગ-3 : મૂલ્યાંકન અને સાધનો**

9. સામાજિક વિજ્ઞાનમાં મૂલ્યાંકન-૧
10. સામાજિક વિજ્ઞાનમાં મૂલ્યાંકન-૨
11. સામાજિક વિજ્ઞાનમાં શૈક્ષણિક સાધનો-૧
12. સામાજિક વિજ્ઞાનમાં શૈક્ષણિક સાધનો-૨

**વિભાગ-3 : સંશોધન અને પ્રયુક્તિઓ**

13. સામાજિક વિજ્ઞાન ખંડ
14. સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં અનુબંધ
15. ક્રિયાત્મક સંશોધન
16. સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં પ્રયુક્તિઓ

## દૂરવર્તી અધ્યયનમાં સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીની ભૂમિકા

દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં અસરકારક સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રી અનિવાર્ય છે. આ અભ્યાસ-સામગ્રીના લેખકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એકબીજાથી ઘણાં દૂર અને ક્યારેક તો ક્યારેય ન મળી શકે તેવી સ્થિતિમાં હોવાથી આવી અધ્યયન સામગ્રી સુગમ અને અસરકારક હોવી જરૂરી છે. દૂરવર્તી શિક્ષણ માટેની અભ્યાસ-સામગ્રીમાં વિદ્યાર્થીના બૌદ્ધિક ચિંતનને ઉદ્દીપ્ત કરવાની ક્ષમતા તથા આવશ્યક તમામ અધ્યયન પ્રવૃત્તિઓ હોવી જોઈએ. આ સામગ્રી પાઠ્યક્રમના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓના અનુસંધાને વિદ્યાર્થીને પર્યાપ્ત માર્ગદર્શન આપવા સક્ષમ હોવી જોઈએ. સ્વ-અધ્યયન સામગ્રીમાં અભ્યાસક્રમમાં સૂચિત તમામ બાબતોનો સમાવેશ થાય તે જરૂરી છે.

અસરકારક અધ્યયન સિદ્ધ કરવા માટે અનેક પ્રકારના આયોજનનો ઉપયોગ કરવામાં આવે છે; જેનાથી વિદ્યાર્થી જ્ઞાનોપાર્જન કરી શકે. બૌદ્ધિક અને મનોશારીરિક કૌશલ્યો કેળવી શકે અને વર્તન તથા અભિગમમાં આવશ્યક પરિવર્તનો સાધી શકે. આથી જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન પણ પાઠ્યસામગ્રીમાં આવરી લેવામાં આવ્યું છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન અભ્યાસ સામગ્રીમાં ઉપયોગમાં લેવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સ્વરૂપ તે શિક્ષણના જ્ઞાનાત્મક, ભાવાત્મક કે મનોશારીરિક હેતુમાંથી કયા હેતુને સંલગ્ન છે ? તેના પર આધારિત છે. આ હેતુઓ ભવિષ્યમાં અનુક્રમે જ્ઞાન, બૌદ્ધિક કૌશલ્યો અને મનોશારીરિક કૌશલ્યોની ઉપલબ્ધિમાં પરિણમે છે. વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનની પ્રાપ્તિ, ઉપયોગ અને અભિવ્યક્તિ કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો અને અનુભવોનો આધાર લઈને રચવામાં આવેલ શિક્ષણ સામગ્રી દ્વારા બૌદ્ધિક કૌશલ્યના હેતુને સિદ્ધ કરી શકાય છે અને તેના દ્વારા નવીન જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ પ્રશસ્ત થાય છે.

અભ્યાસ-સામગ્રીમાં સ્વાધ્યાય પ્રોજેક્ટ અને પ્રતિપૃષ્ટિ(Feedback)ના સ્વરૂપે અભ્યાસનું આયોજન જરૂરી છે. શારીરિક કૌશલ્ય સંબંધિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ચિત્રાત્મક રજૂઆત હોવી જોઈએ અને ત્યારબાદ ઉચિત અભ્યાસનું આયોજન હોવું જોઈએ. વર્તન અને અભિગમમાં પરિવર્તન માટે આયોજિત શિક્ષણ પ્રવૃત્તિઓ રસ જન્માવે તેવી તથા આ પરિવર્તન દ્વારા થતાં લાભ અને તેની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે તેવી હોવી જોઈએ. ત્યાર પછી નવાં અભિગમોને અપનાવવાની અને તે સંબંધિત પ્રક્રિયાના યોગ્ય અભ્યાસનું ઉચિત આલેખન થવું જોઈએ.

**દૂરવર્તી શિક્ષણની ભૂમિકા.**

પ્રત્યક્ષ અધ્યાપનમાં જોવા મળતી પ્રત્યાયનની વિશેષતાઓ; જેવી કે અંતરાલાપ, પૂર્વઅભિસંધાન, યોગ્ય સ્થાને વિરામ, આરોહ-અવરોહ, ભાવ-ભંગીમાં, સ્વરભાર વગેરે દૂરવર્તી અધ્યયનમાં ઉપલબ્ધ નથી. આ ઉણપ વિશેષતઃ મુદ્રિત સાહિત્યમાં (લેખિત સાહિત્યમાં) જોવા મળે છે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના વ્યવહારની આ ખૂટતી કડીને જોડવા માટે જ દૂરવર્તી સ્વ-અધ્યયન સામગ્રીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. માટે જ આવી પ્રવૃત્તિઓનું આયોજન વૈકલ્પિક નહીં; પરંતુ અનિવાર્ય છે.

સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીને નાના એકમોમાં વિભાજિત કરીને શિક્ષણના ઉત્તમ સાધન તરીકે વિકસાવવાની સંકલ્પના છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય દ્વારા શિક્ષણના વિવિધ ક્ષેત્રના હેતુઓ સિદ્ધ થાય તેવો પ્રયત્ન કરવાનો છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન સામગ્રીનું આયોજન પૂર્વનિશ્ચિત શૈક્ષણિક નીપજને ધ્યાનમાં લઈને કરવાનું હોવાથી તેના હેતુઓ અને ધ્યેયો નિશ્ચિત હોય છે. વળી અધ્યેતાઓ દૂરસ્થ હોવાથી આ સામગ્રી દ્વારા તેઓ નિશ્ચિત અધ્યયન પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહે તેવું આયોજન કરવામાં આવે છે. જેથી અધ્યેતાઓ સંબંધિત સંકલ્પનાઓને બરાબર સમજી શકે. સ્વ-અધ્યયન સામગ્રીમાં સાથે સંકળાયેલ સ્વાધ્યાયો, પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને પ્રકલ્પોનો પણ આ જ હેતુ છે. આ સામગ્રી માટે ઉચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની ઉદાહરણરૂપ સૂચિ ઘણી મોટી હોઈ શકે. આ સંદર્ભે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને અભિપ્રેરિત કરે છે, માર્ગદર્શન આપે છે અને વિદ્યાર્થીની પ્રગતિ અને પ્રદર્શનનું સતત માપન-મૂલ્યાંકન પણ કરે છે.

## એકમ 13

# સામાજિક વિજ્ઞાન ખંડ

## : રૂપરેખા :

૧૩.૦ ઉદ્દેશો
૧૩.૧ પ્રસ્તાવના
૧૩.૨ સામાજિક વિજ્ઞાન ખંડનું મહત્ત્વ
૧૩.૩ સામાજિક વિજ્ઞાન ખંડ માટે આવશ્યક સાધન સામગ્રી
૧૩.૪ સામાજિક વિજ્ઞાન ખંડની સજાવટ
૧૩.૫ સામાજિક વિજ્ઞાન ખંડના નિર્માણમાં શાળામાં નડતી મુશ્કેલીઓ
૧૩.૬ સામાજિક વિજ્ઞાન ખંડનો ઉપયોગ
૧૩.૭ સારાંશ
૧૩.૮ એકમ સ્વાધ્યાય
૧૩.૯ તમારી પ્રગતિ ચકાસો
૧૩.૧૦ તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો
૧૩.૧૧સૂચિત વાંચન સામગ્રી

## ૧૩.૦ ઉદ્દેશો : Objectives

- આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે ...

(૧) સામાજિક વિજ્ઞાન ખંડનો અર્થ સમજી શકશો.

(૨) સામાજિક વિજ્ઞાન ખંડનું મહત્ત્વ સમજી શકશો.

(૩) સામાજિક વિજ્ઞાન ખંડ માટે આવશ્યક સાધન સામગ્રીની ચર્ચા કરી શકશો.

(૪) સામાજિક વિજ્ઞાન ખંડનો ઉપયોગની ચર્ચા કરી શકશો.

(૫) સામાજિક વિજ્ઞાન ખંડના નિર્માણમાં શાળામાં નડતી મુશ્કેલીઓ સમજી શકશો.

## ૧૩.૧ પ્રસ્તાવના :

- રાષ્ટ્રિય શિક્ષણ જગતમાં વિદ્યાર્થી કેન્દ્રી શિક્ષણ પર ભાર મૂકવામાં આવેલ છે. આ અભિગમની સફળતા માટે શાળામાં સામાજિક વિજ્ઞાન ખંડ હોય તે જરૂરી છે. આપણી કમનસીબી છે કે, ઘણી શાળાઓ પાસે પૂરતાં પ્રમાણમાં વર્ગખંડ નથી, ત્યારે અલગ સામાજિક વિજ્ઞાન ખંડની કલ્પના કરવી મુશ્કેલરૂપ બાબત છે.
- વર્તમાન સમયમાં સામાજિક વિજ્ઞાન માટે અલગ ખંડ હોય તે ખાસ જરૂરી છે. સામાજિક વિજ્ઞાન ખંડ દ્વારા શિક્ષણ કાર્ય સારી રીતે કરી શકાય તેમ છે, તેમજ જરૂરી ચાર્ટ અલગ રૂમની અંદર વ્યવસ્થિત રીતે મૂકી શકાય.
- વિજ્ઞાન માટે વિજ્ઞાનની પ્રયોગશાળાને વિજ્ઞાન ખંડ, ભાષાની પ્રયોગ શાળા, ચિત્ર ખંડ, ઉદ્યોગ ખંડ વગેરે જેવા વિષયોમાં અલગ ખંડ જોવા મળે છે, તો સામાજિક વિજ્ઞાન ખંડનું મહત્ત્વ સ્વીકારવું જ રહ્યું.
- આજે સામાજિક વિજ્ઞાનનું મહત્ત્વ વધી રહ્યું છે. સામાજિક વિજ્ઞાન શિક્ષણ માટે વિવિધ પ્રકારની સામગ્રી ઉપલબ્ધ છે ત્યારે તેમનો ઉપયોગ વિષય શિક્ષણની સમૃદ્ધિ વધારવા અને શિક્ષણની ગુણવત્તા વધારવા થવી જોઈએ.

- જરૂરી સામગ્રીનો ઉપયોગ કરવાની શક્યતા અલગ સામાજિક વિજ્ઞાન ખંડ હોય તો વધી જાય છે.
- વિદ્યાર્થીઓને સ્વ અધ્યયનની માત્રા વધારવા માટે શિક્ષણ માટેની સગવડતામાં વધારો કરવા અનુકૂળ વાતાવરણ ઊભું કરવા માટે અલગ ખંડની આવશ્યકતા રહે છે.
- આ બધી દૃષ્ટિએ વિચારણાં કરતાં શાળામાં અલગ સામાજિક વિજ્ઞાન ખંડની આવશ્યકતા અને ઉપયોગિતાનો સ્વીકાર કરવો જ જોઈએ.
- સામાજિક વિજ્ઞાન શિક્ષણની સમૃદ્ધિ વધારવા, વિષયવસ્તુના શિક્ષણને તેજસ્વી અને પ્રાણવાન તથા જીવંત અને ગતિશીલ બનાવવા શિક્ષણની ગુણવત્તા ઊંચી લાવવા, શિક્ષણની સામગ્રીનો ઉચિત સમયે અસરકારક ઉપયોગ કરવા સામાજિક વિજ્ઞાન ખંડની આવશ્યકતા રહે છે. વિદ્યાર્થીને જાતે શીખતો કરવા, તેને ઉચિત સામાજિક વિજ્ઞાનને લગતું વાતાવરણ પૂરું પાડવા સામાજિક વિજ્ઞાન ખંડની જરૂર પડે છે.
- સામાજિક વિજ્ઞાન ગતિશીલ અને સમાજનો વિષય છે, તેમાં અનેક પ્રકારનાં પ્રાયોગિક કાર્યોની શક્યતા રહેલી છે. આ બધા દૃષ્ટિકોણથી વિચારીએ તો વ્યવસ્થાની સુસજ્જ દરેક શાળા માટે સામાજિક વિજ્ઞાન ખંડની જરૂરિયાતો સ્વીકાર કરવો આવશ્યક નહીં પણ અનિવાર્ય ગણી શકાય.

## ૧૩.૨ સામાજિક વિજ્ઞાન ખંડનું મહત્ત્વ : (Importance of Social Science)

- સામાજિક વિજ્ઞાન ખંડનું મહત્ત્વ નીચે મુજબ દર્શાવી શકાય :

**(૧) શૈક્ષણિક સાધનનો ઉપયોગ વધારવા :**

- સામાજિક વિજ્ઞાનનું શિક્ષણ કાર્ય સારું કરવા માટે શિક્ષક દૃશ્ય–શ્રાવ્ય સાધનોનો ઉપયોગ કરવો પડે છે. શૈક્ષણિક સાધન સામગ્રીનો ઉપયોગની શક્યતાઓ ત્યારે જ વધે જ્યારે જરૂરી સાધન સામગ્રી હાથવગી હોય. મોટાભાગના શિક્ષકો વર્ગખંડમાં સાધન સામગ્રી લઈ જવાનું પસંદ કરતાં નથી.

**(૨) સાધનોની જાળવણી કરવા :**

- સાધનો એકજ જગ્યાએ હોય તો તેની જાળવણી યોગ્ય રીતે થઈ શકે. વજનદાર સાધનો એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવાનું મુશ્કેલરૂપ છે.

**(૩) શિક્ષકના સમયની બચત કરવા :**

- વર્ગખંડમાં સાધનો લઈ જવાના હોય તો લઈ જવા માટે સમય જોઈએ, પરંતુ અલગ ખંડમાં સાધનો હોય તો તરત જ તેનો ઉપયોગ કરી શકાય છે, જેથી શિક્ષકના સમયની બચત કરી શકાય છે.

**(૪) વિવિધ નોંધણી કરવા :**

- સામાજિક વિજ્ઞાન મંડળ દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ કરવી પડે છે. અલગ રૂમ હોય તો વિવિધ પ્રવૃત્તિઓ સરળતાથી થઈ શકે છે.

**(૫) બુલેટિન બોર્ડની સજાવટ કરવા :**

– અલગ સામાજિક વિજ્ઞાન ખંડ હોય તો જરૂરી સામાજિક વિજ્ઞાનને લગતી માહિતી બુલેટિન બોર્ડ પર મૂકી શકાય છે.

**(૬) સમસ્યાનું સમાધાન કરવા :**

- વિદ્યાર્થીઓને સામાજિક વિજ્ઞાનને લગતી સમસ્યા ઊભી થાય ત્યારે સ્વ પ્રયત્ન દ્વારા કે શિક્ષકને પૂછીને સમસ્યાનું સમાધાન કરી શકે છે.

**(૭) યોગ્ય વાતાવરણ ઊભું કરવા :**

- વિવિધ પ્રકારની શૈક્ષણિક સાધન સામગીથી સજ્જ અને વ્યવસ્થિત રીતે સજાવટ પામેલો સામાજિક વિજ્ઞાનનો ખંડ સામાજિક વિજ્ઞાનના અભ્યાસ માટે પ્રેરક વાતાવરણ સર્જવામાં મહત્ત્વપૂર્ણ ભાગ ભજવે છે.

**(૮) સાધન સામગ્રીનો લાંબા સમય સુધી ઉપયોગ કરવા :**

– સાધનોની યોગ્ય ચકાસણી કરવામાં આવેલ હોય તો લાંબા સમય સુધી આપણે તેનો ઉપયોગ કરી શકીએ છીએ.

**(૯) શિક્ષણ કાર્ય અસરકારક કરવા :**

- શિક્ષણ કાર્ય કરવા માટે અલગ ખંડમાં સગવડતાઓ વધારી શકાય છે. જરૂરી સાધનસામગ્રીનો ઉપયોગ સરળતાથી થઈ શકે છે, જેથી કરીને શિક્ષણ કાર્ય વધુ અસરકારક અને રસવંતુ બનાવવા માટે જરૂરી છે.

**(૧૦) વિદ્યાર્થીઓને સામાજિક વિજ્ઞાનમાં રસ લેતા કરવા :**

- સામાજિક વિજ્ઞાનને લગતી સાધન સામગ્રી ઉપલબ્ધ હોય તો વિદ્યાર્થીઓને સામાજિક વિજ્ઞાનમાં વધુ રસપડે તે સ્વાભાવિક છે. અલગ ખંડ હોય તો જરૂરી સાધન સામગ્રીનો ઉપયોગ સળરતાથી કરી શકાય છે.

**(૧૧) વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ કરવા :**

- સામાજિક વિજ્ઞાન માટે અલગ ખંડ હોય તો વિવિધ પદ્ધતિઓનાં ઉપયોગ કરવાની આવશ્યકતા વધી જાય છે.
- દા.ત. – પ્રોજેક્ટ, સેમિનાર જૂથ ચર્ચા, પ્રદર્શન, સ્વાધ્યાય, સમસ્યા ઉકેલ પદ્ધતિ વગેરે જેવી પદ્ધતિઓનો અસરકારક અને ફળદાયી ઉપયોગ થઈ શકે. આ પદ્ધતિના ઉપયોગ માટે અલગ ખંડ હોય તો ઉપયોગ કરવાની અનુકૂળતા વધી જાય છે.

**(૧૨) સાધનો સરળતાથી મેળવવા :**

- સામાજિક વિજ્ઞાનને લગતી શૈક્ષણિક સાધનો સરળતાથી મેળવવા માટે અલગ ખંડ હોય તો સરળતાથી સાધનો મેળવી શકાય છે. સાધનોને વ્યવસ્થિત રીતે ગોઠવવામાં આવે છે, જેથી સરળતાથી મળી શકે છે.

**(૧૩) સાધનો લાંબો સમય ટકાવવા :**

- સામાજિક વિજ્ઞાનનો અલગ ખંડ હોય તો સાધનો લાંબો સમય ટકાવવા માટે જરૂરી છે. અલગ ખંડ હોવાથી વ્યવસ્થિત રીતે ગોઠવવામાં આવે છે. કાપડની કોથળીમાં મૂકવામાં આવે છે.

**(૧૪) પ્રદર્શન ગોઠવવા :**

- સામાજિક વિજ્ઞાનનો અલગ ખંડ હોય તો જ્યારે પ્રદર્શન ગોઠવવાની જરૂરિયાત હોય તો તરત જ ગોઠવી શકાય છે. પ્રદર્શન ગોઠવવામાં સરળતા રહે છે.

**(૧૫) નકશા કાર્ય કરવા :**

- સામાજિક વિજ્ઞાનનો અલગ ખંડ હોય તો વિદ્યાર્થીઓને નકશા કાર્ય અંગેની પ્રવૃત્તિઓ કરાવી શકાય છે, તે અંગેની સ્પર્ધા પણ ગોઠવી શકાય છે.

**(૧૬) દસ્તાવેજી ચિત્રો જોવા :**

- સામાજિક વિજ્ઞાનના અલગ ખંડ હોય તો દસ્તાવેજી ચિત્રો જોવાં હોય તો સરળતાથી જોઈ શકાય છે. ખાસ કરીને ઈતિહાસ વિષયમાં દસ્તાવેજી ચિત્રો સરળતાથી જોઈ શકાય છે.

**(૧૭) ચિત્રો તૈયાર કરવા :**

- સામાજિક વિજ્ઞાન ખંડની અલગ વ્યવસ્થા હોય તો સામાજિક વિજ્ઞાનના વિષયમાં ચિત્રો તૈયાર કરાવી શકાય છે. અન્ય વિષય માટે પણ ઉપયોગમાં લઈ શકાય. વિદ્યાર્થીઓ પાસે રચનાત્મક પ્રવૃત્તિઓ કરાવી શકાય છે. ચિત્ર સ્પર્ધા પણ ગોઠવી શકાય છે.

**(૧૮) ઊંડાણ પૂર્વકનો અભ્યાસ કરવા :**

- સામાજિક વિજ્ઞાનનો અલગ ખંડ હોય તો સામાજિક વિજ્ઞાન વિષયમાં ઊંડાણપૂર્વકનું કાર્ય થઈ શકે છે, જે માહિતી જોઈએ તે તરત જ મળી રહે છે. એકમ અંગે ઊંડાણપૂર્વકનો અભ્યાસ અલગ ખંડને કારણે થઈ શકે છે.

**(૧૯) વિષય શિક્ષણમાં નાવીન્ય લાવવા :**

- અલગ ખંડ હોવાથી વિષય શિક્ષણમાં નાવીન્ય લાવી શકાય છે. શિક્ષણ કાર્ય કરવા માટે શિક્ષક વિવિધ રીતો અપનાવી શકે છે. ચાર્ટ, ચિત્રો, નમૂનો, નકશાઓ વગેરેનો ઉપયોગ કરીને શિક્ષણમાં નાવીન્ય લાવી શકાય છે.

**(૨૦) નવરાશના સમયનો યોગ્ય ઉપયોગ કરવા :**

- અલગ ખંડ હોવાથી વિદ્યાર્થી પોતાના નવરાશના સમયનો ઉપયોગ કરી શકે છે, તેના લીધે સામાજિક વિજ્ઞાન વિષયમાં રસ પણ પડે છે.

**(૨૧) ઊચિત માર્ગદર્શન આપવા :**

- વિદ્યાર્થીઓને વધારાના માર્ગદર્શન આપવાની જરૂરિયાત હોય તો અલગ ખંડ હોવાથી આપી શકાય. નબળા વિદ્યાર્થીઓને વધારાના કાર્ય કરાવી શકાય છે.

**(૨૨) હકારાત્મક વલણ વિકસાવવા :**

– સામાજિક વિજ્ઞાન વિષયને લગતાં હકારાત્મક વલણો વિકસાવવામાં અલગ ખંડ મદદરૂપ થાય છે.

**(૨૩) વિવિધ કૌશલ્યો વિકસાવવા :**

- અલગ ખંડ હોવાથી વિવિધ કૌશલ્યો વિકસાવવા મદદરૂપ થાય છે.
- દા.ત. – નકશાકાર્ય, દસ્તાવેજી ચિત્રો જોવાં, આલેખો, ચાર્ટ તૈયાર કરવા, આલ્બમ તૈયાર કરવા, નકશા વાંચન કરવા, પ્રદર્શન ગોઠવવા, પ્રાયોગિક કાર્ય કરવા વગેરે વિવિધ કૌશલ્યો વિકસાવવા અલગ ખંડ ઉપયોગી બને છે.
- સામાજિક વિજ્ઞાનનો અલગ ખંડ હોય તો શિક્ષણની નૂતન અધ્યાપન પદ્ધતિઓ જેવી કે સેમિનાર, પ્રોજેક્ટ, વર્કશોપ, જૂથ ચર્ચા, પ્રદર્શન, નાટ્યીકરણ વગેરેનો ફળદાયી અને અસરકારક ઉપયોગ થઈ શકે.
- આલ્બમ તૈયાર કરવા, સ્વ નિર્મિત શૈક્ષણિક ઉપકરણનું નિર્માણ કરવું. અલગ સામાજિક વિજ્ઞાનનો ખંડ હોય તો સમૂહમાં વિદ્યાર્થી પ્રવૃત્તિ રસપૂર્વક કરીને આનંદ–પ્રમોદની વિવિધ શિક્ષણેત્તર પ્રવૃત્તિઓ કરી શકે છે.

## ૧૩.૩ સામાજિક વિજ્ઞાન ખંડ માટે આવશ્યક સાધન સામગ્રી :

- અર્થશાસ્ત્ર વર્ગખંડ કરતાં સામાજિક વિજ્ઞાન ખંડ મોટો હોવો જોઈએ તે સમજી શકાય તેવી બાબત છે
- ખંડ આશરે ૧૨૦૦ થી ૧૫૦૦ ચોરસ ફૂટનું ક્ષેત્રફળ ધરાવતો હોવો જોઈએ.
- સામાજિક વિજ્ઞાન ખંડ જેટલો મોટો તેટલા પ્રમાણમાં સાધન સામગ્રી વધુ સારી રીતે, વ્યવસ્થિત ગોઠવી શકાય, વધુ પ્રમાણમાં કબાટ સાથે સાધન સામગ્રી રાખી શકાય, તેમજ તેની જાળવણી સારી રીતે કરી શકાય.

- ખંડ મોટો હોય તો વિદ્યાર્થીઓને બેસવાની પ્રવૃત્તિઓ કરવા માટે સગવડતામાં વધારો થઈ શકે.
- સામાજિક વિજ્ઞાન ખંડ માટે જરૂરી સાધન સામગ્રીની દષ્ટિએ બે વિભાગમાં વહેંચી શકાય.
  (૧) બિન શૈક્ષણિક સાધન સામગ્રી
  (૨) શૈક્ષણિક સાધન સામગ્રી

**(૧) બિન શૈક્ષણિક સાધન સામગ્રી :**

**૧〉 શિક્ષક માટે ટેબલ ખુરશીની વ્યવસ્થાઃ**

★ સામાજિક વિજ્ઞાનના શિક્ષક માટે ટેબલ અને ખુરશીની વ્યવસ્થા હોવી જોઈએ, જેથી કરીને શિક્ષક જરૂરી શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરી શકે.

**૨〉 વિદ્યાર્થીઓને બેસવાની વ્યવસ્થાઃ**

★ વિદ્યાર્થીઓ વર્ગમાં સળરતાથી બેસી શકે તે માટે જરૂરી પાટલીઓની વ્યવસ્થા હોવી જોઈએ.

**૩〉 મોટા ટેબલની વ્યવસ્થાઃ**

★ સામાજિક વિજ્ઞાન શિક્ષક વર્ગમાં પ્રાયોગિક કાર્ય સરળતાથી કરી શકે તે માટે મોટા ટેબલની વ્યવસ્થા હોવી જોઈએ.

★ તેના ઉપર જરૂરી સાધનો રાખીને શિક્ષણ કાર્ય કરી શકે. દા.ત.— એટલાસ અને નકશાપોથી

**૪〉 લાઈટની વ્યવસ્થાઃ**

★ જરૂરી શૈક્ષણિક સાધનોના ઉપયોગ માટે ખંડમાં લાઈટની વ્યવસ્થા હોવી જોઈએ.

★ સ્લાઈડ પ્રોજેક્ટ, ફિલ્મ સ્ટ્રીપ પ્રોજેક્ટ, ઓવર હેડ પ્રોજેક્ટ કે અન્ય સાધનોનો સરળતાથી ઉપયોગ કરી શકાય તે માટે ખંડમાં લાઈટની વ્યવસ્થા હોવી જોઈએ.

**૫〉 અલગ સ્ટેન્ડની વ્યવસ્થા :**

★ જરૂરી નમૂનાઓ, પ્રતિકૃતિઓ કે કાયમી ઉપયોગમાં લઈ શકાય તેવા સાધનોને મૂકવા માટે અલગ સ્ટેન્ડની વ્યવસ્થા હોવી જોઈએ.

**૬〉 કાચના કબાટની વ્યવસ્થા :**

★ ખંડમાં કાચના કબાટની વ્યવસ્થા હોવી જોઈએ, જેથી જ્યારે ઉપયોગમાં લેવાના હોય ત્યારે સરળતાથી પ્રાપ્ત થઈ શકે તે માટે કાચનો કબાટ હોય તો તરત જ જોઈને સાધનો મેળવી શકાય.

**૭〉 સ્ટીલના કબાટની વ્યવસ્થા :**

★ પાઠ્યપુસ્તકો, સંદર્ભ સાહિત્ય, નકશા વગેરે મૂકવા માટે સ્ટીલના કબાટની વ્યવસ્થા હોવી જોઈએ.

**૮〉 ખાનાવાળા ઘોડાની વ્યવસ્થા :**

★ ખંડમાં ખાનાવાળા ઘોડાની વ્યવસ્થા હોવી જોઈએ, જેથી તેમાં જરૂરી સાધનો મૂકી શકાય.

**૯〉 કાળા પાટિયાની વ્યવસ્થા :**

★ ખંડમાં જરૂરી પહોળાઈ અને લંબાઈ ધરાવતું કાળું પાટિયું હોવું જોઈએ, જેથી વર્ગમાં જરૂરી નોંધ કરવાની જરૂરિયાતો થઈ શકે.

**૧૦〉 બુલેટિન બોર્ડની વ્યવસ્થા :**

★ મંડળમાં જરૂરી બુલેટિન બોર્ડની વ્યવસ્થા હોવી જોઈએ, જેથી જરૂરી માહિતી બુલેટિન બોર્ડ પર મૂકી શકાય.

**૧૧〉 સ્ટેજની વ્યવસ્થા :**

★ ખંડને જરૂરી પદ્ધતિઓનો ઉપયોગ કરવા માટે સ્ટેજની વ્યવસ્થા હોવી જોઈએ.

* દા.ત. – નમૂનાઓ બનાવવા, નાટ્યીકરણ પદ્ધતિનો ઉપયોગ, પ્રદર્શન વગેરે.

**૧૨〉 ડાર્કરૂમની વ્યવસ્થા :**

★ ખંડમાં ડાર્ક રૂમ કરી શકાય તેવી વ્યવસ્થા હોવી જોઈએ. વર્ગમાં ઓવરહેડ પ્રોજેક્ટર, ફિલ્મ સ્ટ્રીપ જેવા સાધનોનો ઉપયોગ માટે વર્ગને અંધારીયો કરવાની જરૂર પડે છે.

**૧૩〉 અભેરાઈની વ્યવસ્થા :**

★ ખંડમાં જરૂરી અભેરાઈની વ્યવસ્થા હોવી જોઈએ, જેથી કરીને જરૂરી સાધનો અભેરાઈ પર મૂકી શકાય.

**૧૪〉 રોલર બોર્ડની વ્યવસ્થા :**

★ ખંડમાં રોલર બોર્ડ હોવાં જોઈએ, જેમાં સરકતા બે કાળા પાટિયાં હોય છે, જેમાં નોંધ કરી શકાય, જરૂર હોય તો બોર્ડનો ઉપયોગ કરી શકાય.

**(૨) શૈક્ષણિક સાધન સામગ્રી :**

● વિજ્ઞાન અને ટેકનોલોજીના ઝડપી વિકાસને કારણે નવા નવા સાધનો શોધાતા જાય છે. શૈક્ષણિક સાધન સામગ્રી વિનાનો સામાજિક વિજ્ઞાન ખંડ માત્ર બિન અસરકારક પૂરવાર થાય છે. ઘણી બાબત આર્થિક પ્રશ્નોને કારણે શાળા માટે વસાવવા શક્ય બનતા નથી.

● સામાજિક વિજ્ઞાન માટે જેટલા જરૂરી હોય તેટલા જ સાધનો વસાવવા જ રહે. જરૂરી સાધન સામગ્રીની યાદી નીચે પ્રમાણે આપી શકાય :

**૧〉 પ્રદર્શન બોર્ડની વ્યવસ્થા :**

★ સામાજિક વિજ્ઞાન ખંડમાં પ્રદર્શન બોર્ડની વ્યવસ્થા હોવી જોઈએ. ઉપયોગી ચિત્રો, ચાર્ટ, રેખાચિત્રો, નમૂના, સૂચિઓ, કોઠાઓ, અનુસૂચિઓ વગેરે.

**૨〉 પ્રોજેક્ટર પડદાની વ્યવસ્થા :**

★ સામાજિક વિજ્ઞાન વિષય વસ્તુ અંગે ફિલ્મ, ઓવરહેડ પ્રોજેક્ટર વગેરે બતાવવા માટે પડદાની વ્યવસ્થા હોવી જોઈએ.

**૩〉 સંદર્ભ સાહિત્ય :**

★ સામાજિક વિજ્ઞાન ખંડમાં સંદર્ભ સાહિત્ય માટેના પુસ્તકો હોવા જોઈએ.

**૪〉 સંગ્રહાલયની વ્યવસ્થા :**

★ ખંડના એક ખૂણામાં નાનકડું સંગ્રહાલય અથવા સામાજિક વિજ્ઞાન કોર્નરની વ્યવસ્થા હોવી જોઈએ, જેમાં ફોટા, સિક્કા, ટપાલ ટિકિટ, નમૂના વગેરે મૂકી શકાય.

**૫〉 જરૂરી સાધનોની વ્યવસ્થા :**

★ સામાજિક વિજ્ઞાન જરૂરી દશ્ય–શ્રાવ્ય તથા દશ્ય અને શ્રાવ્ય સાધનોની વ્યવસ્થા હોવી જોઈએ. જ્યારે જરૂર હોય ત્યારે તેનો ઉપયોગ કરી શકાય. દા.ત. – ટી.વી., ફિલ્મ પ્રોજેક્ટર, કમ્પ્યુટર વગેરે

**૬〉 આર્થિક નકશાઓની વ્યવસ્થા :**

★ આ પુસ્તકાલયમાં આર્થિક વિકાસ, બેરોજગારી, બેકારી, બજેટ, આર્થિક કરારો, બેકિંગ વ્યાપાર, આર્થિક ભૂગોળ, વસતિ, ગરીબી, શહેરીકરણ, કૃષિ ઉત્પાદન, ભારતના ઉદ્યોગો, ગ્રાહકનું વર્તન, બજાર, ઉત્પાદનના સાધનો વગેરેની માહિતી આપતાં સંદર્ભ પુસ્તકો હોવા જોઈએ, આર્થિક નકશાઓની વ્યવસ્થા હોવી જોઈએ.

★ સામાજિક વિજ્ઞાન વિષય વસ્તુને ધ્યાનમાં રાખી જરૂરી સાધનો હોવા જોઈએ. દા.ત. રેડિયો, ટી.વી., એપિડાયોસ્કોપ, ઓવરહેડ પ્રોજેક્ટર, ફિલ્મ સ્ટ્રીપ, ફિલ્મ, સ્લાઈડ પ્રોજેક્ટર, ટેપરેકોર્ડર, ઓડિયો કેસેટ્સ, વીસીઆર વગેરે.

★ સમાજશાસ્ત્રીઓના જીવન ચરિત્રો, પારિભાષિક શબ્દકોષ, જ્ઞાનકોષ, સામયિકો, વર્તમાન પત્રો વગેરે વાંચન સાહિત્ય રાખી શકાય.

– આ ઉપરાંત અન્ય શૈક્ષણિક સાધન સામગ્રી

| | |
|---|---|
| * પૃથ્વીનો ગોળો | * સામયિકો |
| * રેખાચિત્રો | * રોલઅપ બોર્ડ |
| * નકશાપોથી | * થરમોમિટર |
| * હોકાયંત્ર | * પ્રાચીન સમયના હથિયરો |
| * હવાભાર માપકયંત્ર | * વરસાદ માપક |
| * ઓડિયો વીડિયો સાધન | * એટલાસ |
| * વીસીઆર | * ચિત્રો |
| * ફલેનલ બોર્ડ | * ચાર્ટ |
| * જ્ઞાનકોશ | * વિવિધ પ્રકારના નકશા |
| * વેશભૂષા | * સિક્કા |
| * ભારતનું બંધારણ | * ટપાલ ટિકિટો |

## ૧૩.૪ સામાજિક વિજ્ઞાન ખંડની સજાવટ :

● વિદ્યાર્થીઓને સામાજિક વિજ્ઞાનનો વિષય અઘરો લાગે છે. આ વિષય વિદ્યાર્થીઓને ખૂબ જ સરળ લાગે તે માટે શિક્ષકે કાળજીપૂર્વક સામાજિક વિજ્ઞાન ખંડની સજાવટ કરવી જોઈએ.

● શિક્ષક ઉત્સાહપૂર્વક સામાજિક વિજ્ઞાનના ખંડની સજાવટ કરવી જોઈએ. સાથે સાથે સજાવટમાં વિદ્યાર્થીઓને ભાગીદાર બનાવવા જોઈએ, જેથી વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાનના શિક્ષણમાં વધુ રસ લેતા થાય.

● સામાજિક વિજ્ઞાનના ખંડની સજાવટ એવી રીતે કરવી જોઈએ કે વિદ્યાર્થીઓ ખંડમાં પ્રવેશની સાથે સાથે ઉત્સાહ પ્રેરક ભાગ લે, વાતાવરણ સુંદર લાગે તેવી રીતે રચના કરવી જોઈએ.

● સામાજિક વિજ્ઞાનના ખંડની ગોઠવણી વખતે અધ્યયન અધ્યાપન કાર્યમાં શ્રમ અને સમયનો બચાવ થાય તેનો ખ્યાલ રાખવો જોઈએ. સામાજિક વિજ્ઞાન ખંડમાં પ્રવેશની સાથે વિદ્યાર્થીઓના દિલ અને દિમાગ પર વિશેષ પ્રભાવ પાડે તેવી વ્યવસ્થા હોવી જોઈએ.

● દરેક કલામાં તેની કલાનો કસબી પોતાની આગવી સૂઝ–બૂઝથી પોતાની કલાકૃતિનું નિર્માણ કરતો હોય છે અને એ રીતે સજાવટમાં પણ સામાજિક વિજ્ઞાનના શિક્ષકની સૂઝ અને દૃષ્ટિ પર સજાવટનો મુખ્ય આધાર છે.


● સામાજિક વિજ્ઞાન ખંડમાં વિદ્યાર્થી દાખલ થાય ત્યાંથી વાતાવરણ મળી રહે. ખંડમાં ઊઠવા બેસવાની તકલીફ ન પડે, હવા ઉજાસનો પ્રોબ્લેમ ના રહે તથા ખંડનું પર્યાવરણ તેને કંટાળો ઉપજાવે તેવું ન બની રહે તેમ છતાં દરેક સાધન તેના ઉચિત ઉપયોગવાળું બની રહે તેમ ગોઠવવું એ કલા માગી લેતું કામ છે.

● આ રીતે ધ્યાનમાં લઈને કરેલી સજાવટ વિદ્યાર્થીઓમાં રૂચિ, રસ અને અભ્યાસ કરવાનું વાતાવરણ પૂરું પાડે છે.

● સામાજિક વિજ્ઞાન ખંડ માટે આવશ્યક સાધન સામગ્રીની વ્યવસ્થા હોવી જોઈએ. શાળાની

નીચે ગ્રાઉન્ડ ફલોર પર ખંડની વ્યવસ્થા કરવી જોઈએ. પાણી પૂરવઠાની વ્યવસ્થા ખંડમાં મળી રહે તેવી વ્યવસ્થા રાખવી જોઈએ.

- સામાજિક વિજ્ઞાન ખંડના સજાવટ ગોઠવણી માટે માર્ગદર્શનરૂપ આકૃતિની રજૂઆત કરી છે.
- શાળાની જરૂરિયાત પ્રમાણે સામાજિક વિજ્ઞાન ખંડની વ્યવસ્થા થઈ શકે.




## ૧૩.૫ સામાજિક વિજ્ઞાન ખંડના નિર્માણમાં શાળામાં નડતી મુશ્કેલીઓ :

- સામાજિક વિજ્ઞાન ખંડની જરૂરિયાત છે તેનો સ્વીકાર કરવામાં આવ્યો છે. શિક્ષણ કાર્યની સફળતા–નિષ્ફળતાનો આધાર સામાજિક વિજ્ઞાન ખંડનું મૂલ્યવાન પ્રદાન છે.
- અપણા દેશમાં ભાગ્યેજ કોઈ શાળામાં સામાજિક વિજ્ઞાન ખંડ હશે. ભાગ્યે જ કોઈ શાળામાં અલગ ખંડની વ્યવસ્થા હશે.

- આ કમનસીબ પરિસ્થિતિમાં શાળાને કેટલીક મુશ્કેલીઓ નડે છે તે કારણભૂત હોય તેવું અનુમાન થઈ શકે. આ મુશ્કેલીઓ નીચે મુજબ દર્શાવેલ છે.

**(૧) શાળામાં અપૂરતી જગ્યાઓ :**

- ભાગ્યે જ કોઈ શાળા હશે જેની પાસે અલગ ખંડ માટે પૂરતા પ્રમાણમાં જગ્યા હોય. અપૂરતી જગ્યાઓને કારણે ખંડની વ્યવસ્થા નથી.

**(૨) શિક્ષકને ઓછો રસ :**

- અલગ ખંડ માટે શિક્ષકને ઓછો રસ, ઉત્સાહ કારણરૂપ હોય તેવું જોવા મળે છે. શિક્ષકની સભાનતા અલગ ખંડ માટે નથી તેવું જોવા મળે છે.

**(૩) આર્થિક મુશ્કેલી :**

- શાળા પાસે અલગ ખંડ બનાવવા માટે આર્થિક સગવડ નથી, સરકાર પણ તે માટે વધારાની ગ્રાંટ આપતી નથી, આર્થિક મુશ્કેલીને કારણે અલગ રૂમ નથી.

**(૪) દશ્ય–શ્રાવ્ય સાધનો ખરીદવા આર્થિક મુશ્કેલી :**

- જરૂરી સામાજિક વિજ્ઞાન માટે દશ્ય–શ્રાવ્ય સાધનો ખરીદવા માટે આર્થિક મુશ્કેલી હોવાથી અલગ ખંડની વ્યવસ્થા ઊભી કરવામાં મુશ્કેલી પડે છે.

**(૫) ખંડની જાળવણીનો પ્રશ્ન :**

- સામાજિક વિજ્ઞાનનો ખંડ બનાવ્યા પછી તેની જાળવણીનો પ્રશ્ન ઊભો થાય છે, તેની દરરોજ સફાઈ કરવી પડે, સાધનોનું રીપેરિંગ કરાવવું પડે વગેરે બાબતોને લીધે ખંડની જાળવણીનો પ્રશ્ન ઊભો થાય છે.

**(૬) આળસુ શિક્ષક :**

- કેટલીકવાર આળસુ શિક્ષક હોય તો અલગ ખંડ બનાવવા માટે ઓછો રસ લે છે, તેઓ એવું માને છે કે મારી જવાબદારી વધી જશે તેના લીધે તેઓ પસંદ કરતાં નથી.

**(૭) સમયનો બગાડ:**

- અલગ ખંડમાં સાધનો હોય તો, વર્ગમાં સાધનો લઈ જવા માટે સમયનો બગાડ થાય છે તેવું શિક્ષક માને છે. સાધનો લઈ જવા અને પાછા મૂકવા જવા વગેરે પાછળ સમય જાય છે.

**(૮) શિસ્તના પ્રશ્નો ઊભા થાય :**

- અલગ ખંડ હોય તો શિસ્તના પ્રશ્નો ઊભા થવાની શક્યતાઓ રહેલી છે.
- આ ઉપરાંત...
- વિદ્યાર્થીઓ, શિક્ષકો, આચાર્યોમાં જાગૃતિનો અભાવે શિક્ષણમાં સાધન સામગ્રીના વપરાશમાં વધુ ઉત્સાહ–ઉમંગ જોવા મળતાં નથી.
- શિક્ષકને જ સામાજિક વિજ્ઞાન ખંડનું મૂલ્ય સમજાતું ન હોય એવું બની શકે.
- સામાજિક વિજ્ઞાનના શિક્ષક પાસે સાધનોના વપરાશની સમજ અને વલણનો અભાવ હોય છે.
- આચાર્ય અને સંચાલક મંડળ પાસે અલગ ખંડ માટેની સમજનો અભાવ છે.

## ૧૩.૬ સામાજિક વિજ્ઞાન ખંડનો ઉપયોગ :

- સામાજિક વિજ્ઞાન ખંડ શાળાની પ્રતિષ્ઠા રૂપે હોય તે અયોગ્ય ગણાય. સામાજિક વિજ્ઞાન ખંડ એ શિક્ષણ કાર્ય માટે અસરકારક અને પ્રાણવાન શિક્ષણ માટે જીવંત અધ્યયન કેન્દ્ર છે. સામાજિક વિજ્ઞાન ખંડનો ફળદાયી ઉપયોગ થાય તે બાબત જરૂરી છે :

**(૧) વિવિધ પ્રાયોગિક કાર્યના આયોજન માટે :**

– જુદાં જુદાં પ્રાયોગિક કાર્યના આયોજન માટે ખંડનો ઉપયોગ થઈ શકે.

**(૨) દસ્તાવેજી સામગ્રીની સમીક્ષા કરવા :**

- અધ્યયન મુદ્દાને સંબંધી દસ્તાવેજી ચિત્ર, ચલચિત્ર, ફિલ્મ વગેરે જોવા તેમની સમીક્ષા કરવા માટે ખંડનો ઉપયોગ થઈ શકે.

**(૩) વિવિધ અધ્યયન મુદ્દાઓના સંદર્ભમાં સમીક્ષા કરવા :**

- વિવિધ અધ્યયન મુદ્દાઓના સંદર્ભમાં વિશેષ અને વાસ્તવિક માહિતી પ્રાપ્ત કરવા તેમજ તે અંગેની તેની સમીક્ષા કરવા ઉપયોગ થઈ શકે.

**(૪) દૂરદર્શન કાર્યક્રમ જોવા :**

- દૂરદર્શન ચેનલ પર રજૂ થતાં સામાજિક વિજ્ઞાનને લગતા કાર્યક્રમો, રજૂ થતી સિરિયલ જોવા, સમીક્ષા કરવા, ચર્ચા કરવા વગેરે માટે ઉપયોગ કરી શકાય.

**(૫) શૈક્ષણિક સાધનોનું નિર્માણ કરવા :**

- સામાજિક વિજ્ઞાનને લગતા જરૂરી શૈક્ષણિક સાધનોનું નિર્માણ કરવા ઉપયોગ કરી શકાય.
- દા.ત. : ચાર્ટ, ચિત્ર, સ્કેચબુક, નમૂના, હસ્તલિખિત અંક વગેરે.

**(૬) વિવિધ સ્પર્ધાનું આયોજન કરવા :**

- વિવિધ સ્પર્ધાનું આયોજન કરવા ઉપયોગ કરી શકાય.
- દા.ત. : વકતૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, ક્વિઝ સ્પર્ધા વગેરેના આયોજન માટે ઉપયોગ કરી શકાય.

**(૭) વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ કરવા :**

- સામાજિક વિજ્ઞાનને લગતી વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ કરવા આયોજન થઈ શકે.
- દા.ત. : જૂથ ચર્ચા, સેમિનાર, સ્વાધ્યાય પદ્ધતિ, સમસ્યા ઉકેલ પદ્ધતિ વગેરે.

**(૮) વિવિધ તહેવારોની ઉજવણી કરવા :**

– સામાજિક વિજ્ઞાનને લગતા તેમજ અન્ય વિવિધ તહેવારોની ઉજવણી કરવા માટે ઉપયોગ કરી શકાય.

**(૯) વિવિધ સંદર્ભ સાહિત્યનો અભ્યાસ કરવા :**

– વિવિધ સંદર્ભ સાહિત્યનો અભ્યાસ કરવા નવું જ્ઞાન પ્રાપ્ત કરવા, વિશેષ માહિતી શોધવા ઉપયોગ થઈ શકે.

## ૧૩.૭ સારાંશ : Let us sum up

- સામાજિક વિજ્ઞાન ખંડનું મહત્ત્વ ખૂબ જ રહેલું છે. શૈક્ષણિક સાધનોનો ઉપયોગ વધારવા, સાધનોની જાળવણી કરવા, શિક્ષકના સમયની બચત કરવા, બુલેટિન બોર્ડની સજાવટ કરવા, વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ કરવા, સાધનો લાંબા સમય ટકાવવા, નકશા કાર્ય કરવા વગેરે.
- સામાજિક વિજ્ઞાન ખંડ માટે આવશ્યક સાધન સામગ્રીની ખાસ જરૂર પડે છે. સાધન સામગ્રી વગર સાધનોનો ઉપયોગ કરવો મુશ્કેલરૂપ છે. સાધનોની જાળવણી તેમજ તેને અસરકારક ઉપયોગ કરવા માટે ખંડની આવશ્યકતા છે તેમજ તેની સજાવટની સામગ્રી જરૂર પડે છે.
- **શૈક્ષણિક સાધન સામગ્રી :**

– જરૂરી શિક્ષણકાર્ય માટે ઉપયોગમાં લેવામાં આવતી સાધન સામગ્રીને શૈક્ષણિક સાધન સામગ્રી કહે છે. દા.ત. – સંદર્ભ સાહિત્ય, નકશાઓ, પ્રદર્શન બોર્ડ વગેરેનો સમાવેશ થાય છે.

- **બિન શૈક્ષણિક સાધન સામગ્રી :**

– ભૌતિક સગવડતાઓને બિન શૈક્ષણિક સામગ્રી કહે છે.

દા.ત. : શિક્ષક માટે ટેબલ ખુરશીની વ્યવસ્થા, વિદ્યાર્થીઓને બેસવાની વ્યવસ્થા, કાચના કબાટ, સ્ટીલના કબાટ, સ્ટેજની વ્યવસ્થા, બુલેટિન બોર્ડની વ્યવસ્થા વગેરેનો સમાવેશ થાય છે.

- સામાજિક વિજ્ઞાન ખંડની સજાવટ ખૂબ જ જરૂરી છે. સજાવટ વગર શિક્ષણકાર્ય કરવું મુશ્કેલ છે. શિક્ષણકાર્ય અસરકારક કરવા માટે ખંડની સજાવટ જરૂરી છે.
- ખંડના નિર્માણમાં શાળામાં મુશ્કેલી જોવા મળે છે. શાળામાં અપૂરતી જગ્યાઓ, શિક્ષકને ઓછો રસ, આળસુ શિક્ષક, આર્થિક મુશ્કેલી વગેરેનો સમાવેશ થાય છે.
- **ખંડની ઉપયોગિતા :**

– વિવિધ પ્રાયોગિક કાર્ય કરવા

- વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવા
- વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ કરવા
- વિવિધ તહેવારોની ઉજવણી કરવા વગેરે.

## ૧૩.૮ એકમ સ્વાધ્યાય : Unit Exercises

(૧) સામાજિક વિજ્ઞાન ખંડનું મહત્ત્વ જણાવો.

(૨) સામાજિક વિજ્ઞાન ખંડનું મહત્ત્વ જણાવો.

(૩) સામાજિક વિજ્ઞાન ખંડની સમજાવટ કેવી રીતે કરશો તે જણાવો.

(૪) સામાજિક વિજ્ઞાન ખંડના નિર્માણમાં શાળામાં પડતી મુશ્કેલીઓ જણાવો.

(૫) સામાજિક વિજ્ઞાન ખંડનો ઉપયોગ કઈ રીતે કરશો તે જણાવો.

(૬) આપેલ વિધાનની નીચે જણાવેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.

૧) સામાજિક વિજ્ઞાન ખંડમાં કોનું મહત્ત્વ વધારે હોય છે ?

(૧) વિદ્યાર્થીઓનું (૨) શિક્ષકનું

(૩) આચાર્યનું (૪) મંડળનું

૨) સામાજિક વિજ્ઞાન ખંડ એટલે શું ?

(૧) અલગ રૂમ (૨) અલગ મેદાન

(૩) અલગ શાળા (૪) અલગ લાયબ્રેરી

૩) સામાજિક વિજ્ઞાન ખંડનું શું મહત્ત્વ છે ?

(૧) શૈક્ષણિક સાધનોનો ઉપયોગ (૨) શૈક્ષણિક સાધનોનો ઉપયોગ ઘટાડવા

(૩) શિક્ષકની જવાબદારી વધે (૪) શિક્ષકની જવાબદારી ઘટે

૪) સામાજિક વિજ્ઞાન ખંડ માટે કેટલા ચો.મી.ની જગ્યાની જરૂરિયાત રહે છે ?

(૧) ૧૨૦૦ થી ૧૫૦૦ (૨) ૨૦૦૦ થી ૫૦૦૦

(૩) ૫૦૦ થી ૭૦૦ (૪) ૧૦૦૦ થી ૧૨૦૦

૫) સામાજિક વિજ્ઞાન ખંડના નિર્માણમાં શાળામાં કઈ મુશ્કેલીનો સામનો કરવો પડે છે ?

(૧) અપૂરતી જગ્યા (૨) શિક્ષકનો અભાવ

(૩) માહિતીનો અભાવ (૪) આચાર્યને ઓછો રસ

૬) સામાજિક વિજ્ઞાન ખંડ માટે નીચેનામાંથી કઈ સામગ્રી ઉપયોગી નથી ?

(૧) લાયબ્રેરીની વ્યવસ્થા (૨) પાણીની વ્યવસ્થા

(૩) કબાટ (૪) રમતનું મેદાન

- **બહુવિકલ્પ પ્રશ્નોના જવાબ :**

〈૧〉 વિદ્યાર્થીઓનું 〈૨〉 અલગ રૂમ

〈૩〉 શૈક્ષણિક સાધનોનો ઉપયોગ 〈૪〉 ૧૨૦૦ થી ૧૫૦૦

〈૫〉 અપૂરતી જગ્યા 〈૬〉 રમતનું મેદાન

**૧૩.૯ તમારી પ્રગતિ ચકાસો :**

(૧) સામાજિક વિજ્ઞાન ખંડ એટલે શું ?

................................................................................
................................................................................
................................................................................
................................................................................
................................................................................
................................................................................

(૨) સામાજિક વિજ્ઞા ખંડના મહત્ત્વની બે બાબત જણાવો.

................................................................................
................................................................................
................................................................................
................................................................................
................................................................................
................................................................................

(૩) સામાજિક વિજ્ઞાન ખંડની આવશ્યક બે સામગ્રી જણાવો.

................................................................................
................................................................................
................................................................................
................................................................................
................................................................................
................................................................................

(૪) સામાજિક વિજ્ઞાન ખંડની સજાવટમાં કઈ બાબતોનો સમાવેશ થાય છે તે જણાવો.

................................................................................
................................................................................
................................................................................
................................................................................
................................................................................
................................................................................

(૫) સામાજિક વિજ્ઞાન ખંડના નિર્માણમાં શાળામાં નડતી બે મુશ્કેલી જણાવો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

(૬) સામાજિક વિજ્ઞાન ખંડની બે ઉપયોગિતા જણાવો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

## ૧૩.૧૦ તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો : Answers to check your progress

**(૧) સામજિક વિજ્ઞાન ખંડ એટલે શું ?**

- સામાજિક વિજ્ઞાન ખંડ એટલે શિક્ષણકાર્ય કરવા માટે શૈક્ષણિક સાધનો રાખવા માટે અલગ રૂમની વ્યવસ્થાને ખંડ તરીકે ઓળખવામાં આવે છે.

**(૨) સામજિક વિજ્ઞાન ખંડની મહત્ત્વની બે બાબતો :**

〈૧〉 શૈક્ષણિક સાધનોનો ઉપયોગ વધારવા

〈૨〉 સાધનોની જાળવણી કરવા

**(૩) સામજિક વિજ્ઞાન ખંડની આવશ્યક બે સામગ્રીની બાબતો :**

〈૧〉 બિન શૈક્ષણિક સાધન સામગ્રી 〈૨〉 શૈક્ષણિક સાધન સામગ્રી

- શિક્ષક માટે ટેબલ ખુરશીની વ્યવસ્થા
- લાઈટની વ્યવસ્થા
- પ્રદર્શન બોર્ડની વ્યવસ્થા
- સંદર્ભ સાહિત્ય

**(૪) સામજિક વિજ્ઞાન ખંડની સજાવટ :**

〈૧〉 વિદ્યાર્થીની બેઠક વ્યવસ્થા

〈૨〉 શિક્ષક માટે ટેબલ

〈૩〉 નકશા સ્ટેન્ડ

〈૪〉 કબાટ

〈૫〉 સંગ્રહાલય

〈૬〉 આલેખ બોર્ડ

〈૭〉 બ્લેક બોર્ડ

〈૮〉 રેખાંકિત નકશા

〈૯〉 સ્ટેજ

〈૧૦〉 સ્ટેન્ડ

〈૧૧〉 પુસ્તક કબાટ

**(૫) સામાજિક વિજ્ઞાન ખંડની સજાવટમાં બે મુશ્કેલીઓ :**

〈૧〉 શાળામાં અપૂરતી જગ્યા

〈૨〉 શિક્ષકને ઓછો રસ

**(૬) સામાજિક વિજ્ઞાન ખંડની બે ઉપયોગિતા**

〈૧〉 વિવિધ પ્રાયોગિક કાર્યના આયોજન માટે

〈૨〉 દૂરદર્શન કાર્યક્રમ જોવા

## ૧૩.૧૧ સૂચિત વાંચન સામગ્રી : Suggested Readings


| | | |
|---|---|---|
| ૧. બારૈયા વી.વી. | : | નામાનાં મૂળતત્ત્વો શિક્ષણ પદ્ધતિ, પ્રતીક પ્રકાશન, આણંદ |
| ૨. બારૈયા વી.વી. તથા અન્ય | : | અર્થશાસ્ત્ર શિક્ષણ પદ્ધતિ, પ્રતીક પ્રકાશન, આણંદ |
| ૩. બારૈયા વી.વી. તથા અન્ય | : | વાણિજ્ય અધ્યાપન પરિશીલન, બી.એસ. શાહ પ્રકાશન, અમદાવાદ |
| ૪. પંડ્યા પ્રતાપરાય તથા અન્ય | : | સમાજવિદ્યાનું આદર્શ અધ્યાપન, વારિષેણ પ્રકાશન, અમદાવાદ |
| ૫. રાવલ નટુભાઈ તથા અન્ય | : | સમાજવિદ્યાનું અભિનવ અધ્યાપન, નીરવ પ્રકાશન, અમદાવાદ |

એકમ 14

# સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં અનુબંધ

## : રૂપરેખા :


૧૪.૦ ઉદ્દેશો

૧૪.૧ પ્રસ્તાવના

૧૪.૨ અનુબંધનો અર્થ

૧૪.૩ સંકલ્પના

૧૪.૪ હેતુઓ

૧૪.૫ આદર્શ અનુબંધના લક્ષણો

૧૪.૬ અનુબંધના પ્રકાર

૧૪.૭ અનુબંધના ફાયદા

૧૪.૮ સામાજિક વિજ્ઞાનનો અન્ય વિષયો સાથે અનુબંધ

(૧) ઈતિહાસનો ભૂગોળ સાથે અનુબંધ

(૨) ઈતિહાસનો નાગરિકશાસ્ત્ર સાથે અનુબંધ

(૩) સામાજિક વિજ્ઞાન અને વિજ્ઞાન

(૪) સામાજિક વિજ્ઞાન અને કલા

૧૪.૯ અનુબંધ અધ્યાપન કાર્યની મર્યાદાઓ

૧૪.૧૦ સારાંશ

૧૪.૧૧ એકમ સ્વાધ્યાય

૧૪.૧૨ તમારી પ્રગતિ ચકાસો

૧૪.૧૩ તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

૧૪.૧૪ સૂચિત વાંચન સામગ્રી


## ૧૪.૦ ઉદ્દેશો : Objectives

- આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે ...

(૧) સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં અનુબંધનો અર્થ સમજી શકશો.

(૨) સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં અનુબંધની સંકલ્પના સમજી શકશો.

(૩) સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં અનુબંધના હેતુઓ સમજી શકશો.

(૪) સામાજિક વિજ્ઞાનશિક્ષણમાં અનુબંધના લક્ષણની ચર્ચા કરી શકશો.

(૫) સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં અનુબંધના પ્રકાર સમજી શકશો.

(૬) સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં અનુબંધના ફાયદા સમજી શકશો.

(૭) સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં અનુબંધઅધ્યાપન કાર્યની મર્યાદાઓ સમજી શકશો.

(૮) સામાજિક વિજ્ઞાનનો અન્ય વિષયો સાથે અનુબંધ સમજી શકશો.

## ૧૪.૧ પ્રસ્તાવના :

- જ્ઞાન અખંડ અને અવિભાજ્ય છે, તેને અનેક વિભાગોમાં વહેંચી શકાય નહીં. વર્તમાન યુગ પ્રત્યેક જ્ઞાનની શાખાના વિશિષ્ટ અધ્યયનનો યુગ છે, પરંતુ આથી દરેક વિષય પોત પોતાની

ચાર દીવાલો વચ્ચે જ બંધિયાર રહે છે, એવો આપણો અનુભવ છે.

- વાસ્તવમાં જ્ઞાન એક એકમ છે. માત્ર શિક્ષણ કાર્યની સગવડતા ખાતર જ જુદાં જુદાં વિષયોનું ઉપશાખાઓમાં વર્ગીકરણ કરવામાં આવ્યું છે.
- બાળકોનો સર્વાંગી વિકાસ કરવો હોય તો બધા વિષયો અલગ અલગ સ્વરૂપે ન શીખવતાં એક વિષયના શિક્ષણમાં બીજા વિષય ગૂંથાઈ જાય તે રીતે શીખવવાં જોઈએ.
- વિશ્વમાં થયેલી અવનવી શોધોને કારણે વિજ્ઞાન અને ટેક્નોલોજીમાં ઝડપી વિકાસ થયો છે. જ્ઞાનની ક્ષિતિજો વધતી જાય છે. દિન—પ્રતિદિન માહિતીનો ધોધ વધતો રહે છે. ખરેખર આ યુગ વિવિધ વિષયોની માહિતીના અધ્યયનનો યુગ છે. આપણે શાળા મહાશાળાઓમાં ગણિત— વિજ્ઞાન, ભાષાઓ અને સામાજિક વિજ્ઞાનનું અધ્યયન કરીએ છીએ. આ અધ્યયનતો એક માત્ર સુવિધા છે, તો પછી આ બધા એકબીજાંથી ભિન્ન છે શું ? શું આ બધા વિષયો એકબીજાથી ભિન્ન છે ? એમની વચ્ચે કોઈ સંબંધ જ નથી ? વિષય—વિષય વચ્ચે શું અભેદ્ય દીવાલ છે ?
- ના.. હરગિજ નહી. જ્ઞાન તો એક અખંડિત છે. પ્રત્યેક વિષય અન્ય વિષય સાથે ચોક્કસ પ્રકારનો સંબંધ ધરાવે છે. સાચું પૂછો તો વિષયોને અલગ અલગ શીખવવાનું શક્ય જ નથી.
- સામાજિક વિજ્ઞાનનો ઈતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર જેવી તેની ઉપશાખાઓ અને ગણિત— વિજ્ઞાન, ભાષાઓ જેવાં અન્ય વિષયો સાથે ચોક્કસ સંબંધ છે. સામાજિક વિજ્ઞાનનું અધ્યાપન કાર્ય કરતી વખતે શિક્ષકે અવશ્ય ખ્યાલ રાખવો જોઈએ કે તેના એકમ—મુદ્દા સાથે સંબંધ જોડીને—સ્થાપીને કાર્ય કરે. આમ કરવાથી શિક્ષણની અસરકારકતા તો વધે જ છે, સાથે સાથે વિદ્યાર્થી પક્ષે અન્ય લાભો પણ થાય છે.
- સામાજિક વિજ્ઞાનના કોઈ પણ એકમનું શિક્ષણ આપતી વખતે તેને અનુબંધિત તેની ઉપશાખાઓ કે ભાષાઓ અને ગણિત—વિજ્ઞાન જેવાં વિષયોના જ્ઞાન સાથે સુસંકલિત સ્વરૂપ જોડીને શિક્ષણ આપે ત્યારે તે અનુબંધ દ્વારા શિક્ષણ આપ્યું તેમ કહેવાય. સામાજિક વિજ્ઞાનનો અન્ય વિષયો સાથે અનુબંધ સહજ સ્થાપી શકાય તે અંગે શિક્ષકે પૂરતી વિચારણા અને કાળજી રાખવી આવશ્યક છે.

## ૧૪.૨ અનુબંધનો અર્થ : (Meaning of Correcation)

- અનુબંધ એટલે સમવાય, સમન્વય કે સહસંબંધ. આપણે જે જ્ઞાન મેળવવું છે તેનું અન્ય જ્ઞાન સમૂહ સાથેનું જોડાણ. અન્ય જ્ઞાન સાથેની સમન્વયની પ્રક્રિયા છે. 'સમ' એટલે સારી રીતે અને 'વાય' એટલે વણવું. એ રીતે વિચારીએ તો સામાજિક વિજ્ઞાનના વિષય વસ્તુને અન્ય વિગત સાથે સરખી રીતે વણીને સમજાવવાની પ્રક્રિયાને સમવાયી કે અનુબંધિત શિક્ષણ કહે છે. આ પ્રક્રિયામાં સમવાય, સમન્વય કે સહસંબંધ જોવા મળે છે.
- શિક્ષણ પ્રાપ્તિની સરળતા રહે તે હેતુ માટે શાળા—મહાશાળાઓમાં સમગ્ર અખંડ જ્ઞાનને અનેક પેટા વિભાગોમાં વિભાજિત કરવામાં આવ્યું છે, એ દરેક ભાગને આપણે અલગ અલગ વિષયના નામથી ઓળખીએ છીએ. વાસ્તવમાં જ્ઞાન તો અખંડ છે, જેથી પ્રત્યેક વિષય વચ્ચે ઓછાવત્તા પ્રમાણમાં સંબંધ તો રહેલો જ છે. જ્ઞાનનું વિભાજન શક્ય નથી. વિષય વિષય વચ્ચે અભેદ્ય દિવાલ સંભવી શકે જ નહીં.
- દરેક વિષયને પોતાના સ્વરૂપ અનુસાર કેટલીક વિશેષતાઓ હોય છે. વિદ્યાર્થીના વિકાસમાં દરેક વિષય કઈ રીતે અવશ્ય સહાયરૂપ થાય છે.
- શિક્ષણકાર્ય દરમિયાન શિક્ષક વિષય કે વિષયાંગને અન્ય વિષયો કે તેના વિષયાંગો કે વિષયની ઉપશાખાના મુદ્દાઓ સાથે અરસ—પરસ ઉચિત રીતે સાંકળીને શીખવવામાં આવે તો વિદ્યાર્થીઓને ભણવામાં આનંદ આવે અને વિષય સંબંધી રૂચિ વધારી શકાય.
- સામાજિક વિજ્ઞાનનો તેની ઉપશાખાઓ કે એકજ વિષયના વિવિધ વિષયાંગો વચ્ચેના

પારસ્પરિક સંબંધને અનુબંધ કહે છે. પ્રસિદ્ધ શિક્ષણશાસ્ત્રી હબર્ટે સૌ પ્રથમ અનુબંધનો વિચાર રજૂ કર્યો એવું મનાય છે. એમનું એમ કહેવું હતું કે બધા જ વિષયોને અરસપરસ સંબંધિત કરીને શીખવવા જોઈએ કે જેથી વિદ્યાર્થીના સંપૂર્ણ મનનો વિકાસ થાય.

- એમનો મત આ મુજબ હતો – જે શિક્ષક બાળકના મનમાં સારી રીતે અરસપરસ વિષયને સંબંધિત ઉત્તમ વિચારોનું નિર્માણ કરીને ગતિશીલ બનાવી શકે તે જ ઉત્તમ અધ્યાપન કાર્યનો અહેસાસ માણી શકે છે. આમ કોઈ પણ એક વિષયને અન્ય વિષયો સાથે સંબંધિત કરીને શીખવવાનો આ વિચાર શિક્ષણ જગતમાં સર્વ સ્વીકૃત બન્યો છે.

ટૂંકમાં એમ કહી શકાય કે –

(૧) જ્ઞાન સમગ્ર અને અખંડ છે.

(૨) જ્ઞાનનું વિભાજન કરવું શક્ય નથી.

(૩) કોઈ પણ વિષયનું શિક્ષણકાર્ય કરતી વખતે તેનો અન્ય સંબંધિત વિષયો સાથે સંબંધ જોડવો જરૂરી છે. સારા શિક્ષણ માટે તે હંમેશાં ઉપકારક છે.

(૪) આમ જ્યારે કોઈ પણ એક વિષયને તેના શિક્ષણ કાર્ય દરમિયાન વિષયના વિવિધ એકમો કે અન્ય વિષયના એકમો–મુદ્દાઓને અરસ–પરસ ઘનિષ્ટતાથી સાંકળી લઈને જોડીને શીખવવામાં આવે ત્યારે તે અનુબંધ પદ્ધતિ બને છે.

(૫) દરેક વિષય એકબીજા સાથે કોઈને કોઈ રીતે અનુબંધ ધરાવે છે કે ખ્યાલ બાળકોમાં શરૂઆતથી જ વિકસવો જોઈએ તો જ અનુબંધ અસરકારક બની શિક્ષણ પ્રક્રિયા જીવંત અને અસરકારક બનાવી શકે.

- ગાંધીજીએ અને વિનોબાજીએ... અનુબંધ શિક્ષણને સમવાયી શિક્ષણ કહ્યું છે. તેઓએ અનુબંધ માટે મુખ્ય ત્રણ કેન્દ્રો બતાવ્યા છે. આ ત્રણ વાતાવરણો નીચે મુજબના છે :-

(૧) ઔદ્યોગિક વાતાવરણ

(૨) પ્રાકૃતિક વાતાવરણ

(૩) સામાજિક વાતાવરણ

- ઉપરોક્ત વાતાવરણને કોઈને કોઈ રીતે બાળકે જ્ઞાન પ્રાપ્તિમાં મહત્ત્વનો ફાળો હોય છે. ટૂંકમાં અનુબંધની શૈક્ષણિક ફિલસૂફી કે વિચારધારામાં નીચે જણાવેલાં વિચારો સમાયેલા છે.

(૧) અખંડિત સ્વરૂપે જ્ઞાન આપવું

(૨) બાળકની પ્રવૃત્તિ–પ્રવિધિના અનુભવ દ્વારા શિક્ષણ આપવું

(૩) વાતાવરણને આધાર તરીકે લઈને વિષય સાથે અરસપરસ સાંકળીને શિક્ષણ આપવા પર ભાર મૂક્યો છે.

- અનુબંધના ખ્યાલને સમજતા પહેલાં શિક્ષકે કાળજી લેવી જોઈએ.
- અનુબંધિત શિક્ષણ માટે શિક્ષકે સમજ કેળવવી જરૂરી છે. અનુબંધને સમવાય તરીકે પણ ઓળખવામાં આવે છે. સમવાય એટલે સારી રીતે વણી લેવું–ગૂંથી લેવું કે જોડી દેવું. આમ જ્ઞાનના સંકલિત–કરીને શીખવવું તે અનુબંધ.
- કોઈ પણ વિષયનું જ્ઞાન એક અખંડિત સ્વરૂપ છે, તેને ખંડિત કરવું શક્ય નથી. વિષયવસ્તુનું જ્ઞાન સુસંકલિત રૂપે બાળકને આપી શકાય. આ પ્રક્રિયાને કેળવણીકારો અનુબંધ કહે છે.

## ૧૪.૩ સંકલ્પના : (Concept)

- જ્ઞાનની અખિલાઈના સંદર્ભમાં એક વિષયનો અન્ય વિષયો સાથેનો યોગ્ય ભૂમિકા પરનો

સંબંધ એટલે અનુબંધ.

- અનુબંધ એટલે સમન્વય કે સહસંબંધ.
- વિવિધ વિષયો અને વિષયની ઉપશાખાઓ વચ્ચે પારસ્પરિક સંબંધને આપણે સહસંબંધ કહીશું, એ સહસંબંધ જોડવાની પ્રક્રિયાને અનુબંધ કહી શકાય.
- બાળકને તેના અનુભવોની કક્ષા અનુસારશિક્ષણ આપવું એટલે જ અનુબંધ શિક્ષણની પ્રક્રિયામાં દોરવો એમ કહેવાય.
- શિક્ષણમાં અનુબંધ એ શાખાના જુદાં જુદાં વિષયોનો શક્ય એટલા પ્રમાણમાં પરસ્પર સાથે સંબંધ સ્થાપવા પ્રયત્ન કરે છે.
- એક વિષયને બીજા વિષય સાથે જોડવાનો સિદ્ધાંત સામાન્ય રીતે શિક્ષક અનુબંધના નામથી ઓળખાય છે.

(૧) શિક્ષણમાં અનુબંધ સ્થાપવો એટલે એક વિષયનો બીજા વિષય સાથેનો કે તેના પેટા એકમોનો આપસ આપસનો સંબંધ.

(૨) બી.એસ. શાહ :

અનુબંધિત શિક્ષણ એટલે બીજું કંઈ નહીં પણ બાળકને તેના અનુભવના સ્તર અનુસાર શીખવવું.

(૩) એચ.બી. બર્નાર્ડ :

અનુબંધ શાળાના વિવિધ વિષયોનો એકબીજા સાથે શક્ય તેટલા વધુને વધુ સંબંધિત બનાવવા પ્રયત્ન કરે છે.

(૪) ડનવીલે :

સામાન્ય રીતે એક વિષય બીજા વિષયોનો ગૌણ વિષય હોવાનો સિદ્ધાંત અનુબંધના નામનો ઉલ્લેખ કરે છે.

- ટૂંકમાં કોઈ એક વિષયનું શિક્ષણ અન્ય વિષયો સાથે સંબંધ જોડીને અખંડિત, સુસંકલિત અને સમન્વિત રીતે આપવામાં આવે ત્યારે અનુબંધ દ્વારા શિક્ષણ આપ્યું કહેવાય.
- પાઠ્યક્રમના વિવિધ વિષયો અને વિષયની વિવિધ શાખાઓ એકબીજા સાથે કોઈને કોઈ રીતે ઘનિષ્ઠ સંબંધ ધરાવે જ છે. વિષયોના અલગ અલગ કોઠા હોઈ શકે નહીં કારણ કે જ્ઞાન સમગ્ર છે – અવિભાજ્ય છે. કોઈ એક વિષયનું જ્ઞાન અન્ય વિષયના કેટલાક પાયાના ખ્યાલો અને સમજના સંબંધો દ્વારા પૂર્ણ રીતે આપી શકાય.
- અભ્યાસક્રમના વિષયનું શિક્ષણ અન્ય વિવિધ ઉપશાખાઓ સાથે સંબંધ જોડી અખંડિત, સુસંકલિત અને સમન્વિત રીતે આપવામાં આવે છે ત્યારે અનુબંધ દ્વારા શિક્ષણ આપ્યું કહેવાય.
- અનુબંધ એટલે સમન્વય, વિવિધ વિષયો અને વિષયની ઉપશાખાઓ વચ્ચેના પારસ્પરિક સંબંધને આપણે સહસંબંધ કહીશું અને એ સંબંધને જોડવાની પ્રક્રિયાને અનુબંધ કહીશું.

## ૧૪.૪ હેતુઓઃ (Objectives)

- સામાજિક વિજ્ઞાનના શિક્ષણમાં અનુબંધ નીચેના કારણોસર જરૂરી છે :

**(૧) અભ્યાસક્રમનું ભારણ ઓછું કરવું :**

- આજે વધુ વિષયો હોવાથી વિદ્યાર્થીઓને અભ્યાસનુંભારણ વધુ લાગે છે. અભ્યાસક્રમ બોજારૂપ બની ગયો છે. અનુબંધ સ્થાપવાનો મુખ્ય હેતુ વિદ્યાર્થી અભ્યાસક્રમનું ભારણ ઓછું કરવાનો છે. આથી જુદાં જુદાં વિષયોને એકબીજા સાથે અનુબંધ સ્થાપી શીખવવામાં આવે તો અભ્યાસક્રમ

સરળ બની જાય છે.

(૨) **સમયની બચત કરવા :**

- એક વિષયનો એકમ બીજા વિષયમાં આવતો હો તો : દા.ત.– ભાગીદારી, બેંક વગેરે.
- એક વિષયમાં ભાગીદારી એકમ શીખવવાને કારણે, વિષયમાં ભાગીદારીનો એકમ આવતાં, આ એકમ શીખવવાની જરૂર પડતી નથી. એક જ મુદ્દો બે વાર શીખવવો પડતો નથી. સમયની બચત કરી શકાય.

(૩) **શિક્ષણ કાર્યમાં રસ જાગૃત કરવા :**

– સામાજિક વિજ્ઞાનનું શિક્ષણ કાર્ય કરતી વખતે શિક્ષક અન્ય સાથે અનુબંધ બાંધી શિક્ષણ કાર્ય રસપ્રદ બનાવે છે.

(૪) **વ્યવહારિક જ્ઞાન પૂરું પાડવું :**

- સામાજિક વિજ્ઞાનનું જ્ઞાન વિદ્યાર્થીઓને દૈનિક જીવનમાં ઉપયોગી બને છે. સામાજિક વિજ્ઞાનના સૈદ્ધાંતિક જ્ઞાનની સાથે સાથે વ્યાવહારિક જ્ઞાન આપવામાં આવે છે. વ્યાવહારિક જીવન સાથે સંબંધ સ્થાપી વિદ્યાર્થીઓને વ્યવહારિક જ્ઞાન આપી શકાય છે.
- દા.ત. : વસ્તુની ખરીદી, ગ્રાહક જાગૃતિ

(૫) **દૃષ્ટિકોણ વિશાળ બનાવવા :**

- સામાજિક વિજ્ઞાનનો અન્ય વિષયો સાથે અનુબંધ સ્થાપવાથી અન્ય વિષયો પણ અર્થશાસ્ત્રના શિક્ષણ જેટલું જ મહત્ત્વ ધરાવે છે. એવો ખ્યાલ વિદ્યાર્થીઓને આવે છે, પરિણામે વિદ્યાર્થીઓની તે વિષયો જોવાની હકારાત્મક બને છે, જેથી દૃષ્ટિકોણ વિશાળ બને છે.

(૬) **માનવીય સંબંધોની જાણકારી આપવા :**

- સામાજિક વિજ્ઞાનનો અન્ય વિષયો સાથે અનુબંધ સ્થાપી માનવીય સંબંધોની જાણકારી આપવામાં અનુકૂળતા પ્રાપ્ત થાય છે. સામાજિક વિજ્ઞાનને વાણિજ્ય અને અર્થશાસ્ત્ર સાથે સંબંધ છે. આથી સામાજિક વિજ્ઞાનના શિક્ષણ કાર્ય કરતી વખતે વાણિજ્ય સાથે સંબંધ સ્થાપીને વિદ્યાર્થીઓને માનવીય સંબંધો જાણકારી આપી શકાય.

(૭) **સ્વ અધ્યયનની ટેવ પાડવા :**

– એક વિષયનો બીજા વિષય સાથે અનુબંધ બાંધી શીખવવાથી સ્વ અધ્યયનની વિદ્યાર્થીઓમાં ટેવ પાડી શકાય.

(૮) **અધ્યયન કાર્યમાં વૈવિધ્ય લાવવા :**

– અન્ય વિષયો સાથે અનુબંધ બાંધવાથી અધ્યયન કાર્યમાં વૈવિધ્ય લાવી શકાય.

## ૧૪.૫ આદર્શ અનુબંધના લક્ષણો : (Characteristics of Ideal Correlation)

- આદર્શ અનુબંધ લક્ષણો નીચે મુજબ છે :

(૧) **વિષયાંતર ન થાય તેની કાળજી રાખવી :**

- અનુબંધ બાંધતી વખતે વિષયાંતર ન થાય તેની કાળજી રાખવી જોઈએ.સામાજિક વિજ્ઞાનના શિક્ષણકાર્ય કરતી વખતે અન્ય વિષય સાથે અનુબંધ બાંધતા વિષયાંતર ન થાય તેની કાળજી રાખવી.

(૨) **સ્વાભાવિક શિક્ષણ કાર્ય :**

– અનુબંધ બાંધવાથી શિક્ષણ કાર્ય સ્વાભાવિક લાવવું જોઈએ.મારી મચેડીને અનુબંધ કરવા

ખાતર ન કરવું જોઈએ.

(૩) **વિદ્યાર્થીઓનું પૂર્વજ્ઞાન ધ્યાનમાં લેવું :**

- વિદ્યાર્થીઓ પાસે જે પૂર્વ જ્ઞાન છે તેનો આધાર લઈ અનુબંધ બાંધવું જોઈએ. પૂર્વજ્ઞાન પર આધારિત માહિતી આપવાથી વિદ્યાર્થીઓને માહિતી સરળ લાગે.

(૪) **જરૂરી ઉદાહરણ રજૂ કરવા :**

- અનુબંધ બાંધતી વખતે એકમને અનુરૂપ જરૂરી ઉદાહરણ દ્વારા માહિતી આપી અનુબંધ સરળ બનાવવા પ્રયત્ન કરવો જોઈએ.

(૫) **વ્યવહારિક જીવન સાથે સંબંધ :**

- અનુબંધની માહિતી વિદ્યાર્થીઓના વ્યવહારિક જીવન સાથે સંબંધ ધરાવતી હોય તેવી માહિતી અને ઉદાહરણ રજૂ કરી અનુબંધ બાંધવા પ્રયત્ન કરવો જોઈએ.

(૬) **વિદ્યાર્થીઓની ભાગીદારી :**

- અનુબંધમાં શિક્ષણ કાર્ય કરતી વખતે વિદ્યાર્થીઓની ભાગીદારી ધ્યાનમાં લઈ આયોજન કરવું જોઈએ. વિદ્યાર્થીઓ વધુમાં વધુ ભાગીદાર બને તેવું આયોજન કરવું.

(૭) **અનુબંધની સરળતા :**

- અનુબંધ સરળ બને તે બાબત ધ્યાનમાં રાખી શિક્ષકે આયોજન વિચારવું જોઈએ. અનુબંધ સરળતા માટે વિદ્યાર્થીઓના જીવન સાથે સંબંધ ધરાવતાં ઉદાહરણો રજૂ કરવા જોઈએ.

(૮) **સ્પષ્ટ માહિતીઃ**

– અનુબંધની માહિતી સ્પષ્ટ અને સરળ હોવી જોઈએ તે બાબત ધ્યાનમાં લેવી જોઈએ.

(૯) **સમય મર્યાદા :**

- નિશ્ચિત સમય ગાળામાં અનુબંધનું કાર્ય પૂર્ણ થાય તેવું આયોજન વિચારવું. ખાસ કરીને વિષયાંતર ન થાય તેની કાળજી રાખવી, જેથી સમય બચાવી શકાય.

(૧૦) **અગાઉથી આયોજન :**

- અનુબંધ સારું બને તે માટે અગાઉથી આયોજન વિચારવું જોઈએ. સામાજિક વિજ્ઞાનનો કલા સાથે કયા એકમનું અનુબંધ કેવી રીતે આવે છે તેનું અગાઉથી આયોજન કરવું જોઈએ.

## ૧૪.૬ અનુબંધના પ્રકાર : (Types of Correlation)

અનુબંધના પ્રકાર નીચે મુજબ છે :

(૧) **એકલક્ષી અનુબંધ :**

- શિક્ષણકાર્ય દરમિયાન કોઈ પ્રસંગ કે બનાવને અન્ય બાબતો સાથે જોવામાં આવે તેને એકલક્ષી કહે છે.
- કોઈ એક પ્રસંગે કે બનાવનો બીજો પ્રસંગ કે બનાવને પરિસ્થિતિ સાથે અનુબંધ સ્થાપવામાં આવે ત્યારે તે એકલક્ષી અનુબંધ કહેવાય.
- એક જ વિષયમાં વિવિધ અંગનો પરસ્પર અનુબંધ સ્થાપવામાં આવે છે. એક ધોરણમાં તે વિષયના મુદ્દાઓ જ્ઞાન ઉપલા ધોરણના વિવિધ મુદ્દાઓ સમજાવવામાં ઉપયોગી થઈ પડે. એક સંકલ્પના સમજાવવામાં અગાઉ શીખવેલ સંકલ્પનાઓનો આધાર લઈ શકાય. દા.ત. – સામાજિક વિજ્ઞાન કોઈ એકમ શીખવતી વખતે તેની સાથે અસર કરતી બાબતો સાથે અનુબંધ સ્થાપવો જોઈએ.

(૨) **વિવિધલક્ષી અનુબંધ :**

- જ્યારે કોઈ પ્રવૃત્તિ સાથે બે કે બેથી વધુ વિષયો પરસ્પર અનુબંધ સાંકળવામાં આવે ત્યારે વિવિધલક્ષી અનુબંધ કહેવાય.
- સામાજિક વિજ્ઞાનનું શિક્ષણ કાર્ય કરતી વખતે વિષયાંગને અન્ય વિષય સાથે આકસ્મિક પણે અને આયોજિત અનુબંધ સ્થાપવાનો પ્રયત્ન કરવો જોઈએ.
- સામાજિક વિજ્ઞાનના શિક્ષણ એકમને શીખવતી વખતે તે મુદ્દા સાથે સંબંધિત બીજા વિષયનાં ઉદાહરણ આકસ્મિક રીતે રજૂ કરીને શિક્ષણકાર્ય રસપ્રદ બનાવી શકાય.
- તે વિષયનાં મુદ્દા સાથે સંબંધ ધરાવતાં અન્ય વિષયના મુદ્દામાંથી પૂર્ણ વિચારણા કરી ઉદાહરણ આપે તો તે પ્રકારે સ્થાપેલ અનુબંધ છે. દા.ત.—સામાજિક વિજ્ઞાનમાં ગ્રાહક સુરક્ષા મુદ્દાની રજૂઆત કરતી વખતે અર્થશાસ્ત્રમાં ગ્રાહક સુરક્ષા મુદ્દાની રજૂઆત કરવામાં આવે. ગ્રાહક સુરક્ષા અંગે વાત કરી અર્થશાસ્ત્ર સાથે અનુબંધ સ્થાપી શકાય.

(૩) **સહલક્ષી અનુબંધ (સક્રિય) :**

- આ પ્રકારના અનુબંધમાં શિક્ષક પ્રવૃત્તિની સાથે જ વિષયોનું શિક્ષણ જોડી દે છે.
- વિદ્યાર્થીઓ આર્થિક વ્યવહારોની જાણકારીની સાથે સાથે આર્થિક વ્યવહારોનું પ્રેક્ટિકલ જ્ઞાન મેળવે.
- બેંક વિષેના વ્યવહારોના જ્ઞાન સાથે બેંકના વિવિધ ખાતાઓની માહિતી આપી શકાય.
- વિદ્યાર્થી પ્રગતિ કરતાં કરતાં આપમેળે જ્ઞાન ગ્રહણ તેને સહલક્ષી અનુબંધ કહેવાય.
- વિષયના જુદાં જુદાં પેટા એકમો વચ્ચેનો અનુબંધ બાંધી શકાય.
- દા.ત. : ગ્રાહક સુરક્ષા

## ૧૪.૭ અનુબંધના ફાયદા :

- સામાજિક વિજ્ઞાનના શિક્ષણમાં અનુબંધ સ્થાપવાથી નીચે જેવા ફાયદાઓ થાય છે. અનુબંધ દ્વારા અપાયેલું શિક્ષણ ઉત્તમ છે. બાળકની સમગ્ર શક્તિઓનો વિકાસ કરવામાં મદદરૂપ. બાળકનો સર્વાંગી વિકાસ એ શિક્ષણનો મહત્ત્વનો હેતુ.

(૧) **સ્વાભાવિક શિક્ષણ બને :**

- અનુબંધ દ્વારા શિક્ષણ કાર્ય સ્વાભાવિક બનાવી શકાય છે. એક વિષયનું શિક્ષણ કાર્ય કરતાં બીજા વિષયની માહિતી આપી, શિક્ષણ કાર્ય સ્વાભાવિક બનાવી શકાય. શિક્ષણકાર્ય યંત્રની માફક ચાલતું નથી, જડ ચોકઠાંની બહાર લઈ જઈ આપી શકાય છે.

(૨) **અન્ય વિષયની પ્રેરણા જાગે :**

– એક વિષયના શિક્ષણ કાર્ય દ્વારા બીજા વિષયની માહિતી આપીને અન્ય વિષયની પ્રેરણા પૂરું પાડી શકાય.

(૩) **અવલોકન શક્તિનો વિકાસ :**

– સામાજિક વિજ્ઞાનના શિક્ષણ દ્વારા અન્ય વિષય જોવાને કારણે અવલોકન શક્તિનો વિકાસ થાય છે.

(૪) **ક્રિયાત્મક શિક્ષણનો આનંદ :**

– સામાજિક વિજ્ઞાનનો અન્ય વિષય સાથે અનુબંધ બાંધવાથી કંઈક કર્યાનો આનંદ થાય છે.

(૫) **પ્રવૃત્તિ પ્રત્યે પ્રેરણા જાગે :**

- સામાજિક વિજ્ઞાનનો અન્ય વિષય સાથે અનુબંધ બાંધવાથી અન્ય વિષય જોવાને કારણે પ્રવૃત્તિ કરવી પડે છે, જેથી પ્રવૃત્તિ પ્રત્યે પ્રેરણા જાગે છે.

**(૬) અન્ય વિષયો સમજાવવામાં મદદરૂપ :**

- સામાજિક વિજ્ઞાન અન્ય વિષય સાથે અનુબંધ બાંધવાથી અન્ય વિષયો સરળતાથી સમજાવી શકાય છે. દા.ત.– ગ્રાહક સુરક્ષાનો એકમ સમજાવતા વાણિજ્યમાં પણ ગ્રાહક સુરક્ષાની વાત કરી શકાય.

**(૭) શિક્ષણ કાર્યમાં સરળતા લાવી શકાય :**

- સામાજિક વિજ્ઞાનનો અન્ય વિષય સાથે અનુબંધ બાંધવાથી અર્થશાસ્ત્ર સાથે સંબંધ ધરાવતા વિષયો સરળતાથી શિક્ષણકાર્ય થઈ શકે છે.

**(૮) સમસ્યા ઉકેલવામાં મદદરૂપ થાય :**

- સામાજિક વિજ્ઞાનનો અન્ય વિષય સાથે અનુબંધ બાંધવાથી સમસ્યા ઉકેલવામાં મદદરૂપ થાય છે. સામાજિક વિજ્ઞાનની સમસ્યા ઉકેલવાથી અન્ય વિષય વાણિજ્યની સમસ્યા ઉકેલવામાં મદદરૂપ થાય છે.

**(૯) ધ્યાન કેન્દ્રિત કરાવી શકાય :**

- સામાજિક વિજ્ઞાનના શિક્ષણ કાર્ય કરતી વખતે અન્ય વિષય સાથે અનુબંધ બાંધવાથી, વિદ્યાર્થીઓનું ધ્યાન કેન્દ્રિત કરાવી શકાય. દા.ત. – સામાજિક વિજ્ઞાનમાં ગ્રાહક સુરક્ષા એકમ શીખવતી વખતે અર્થશાસ્ત્રમાં ગ્રાહક સુરક્ષાની માહિતી આપી વિદ્યાર્થીઓનું ધ્યાન કેન્દ્રિત કરાવી શકાય.

**(૧૦) લાંબા સમય સુધી યાદ રાખી શકાય :**

- સામાજિક વિજ્ઞાનના શિક્ષણકાર્ય કરતી વખતે અન્ય વિષય સાથે અનુબંધ બાંધી, વિદ્યાર્થીઓને લાંબા સમય સુધી માહિતી યાદ રહે છે.

**(૧૧) જુદાં જુદાં શિક્ષકનો લાભ મળે :**

- સામાજિક વિજ્ઞાનના કોઈપણ એકમને ધ્યાનમાં રાખી પ્રવચન માટે અન્ય શિક્ષકને બોલાવી, તેના જ્ઞાનનો લાભ મેળવી શકાય છે, તેમજ જુદાં જુદાં વિષયના પુસ્તકનો ઉપયોગ કરી, જુદાં જુદાં શિક્ષકનો લાભ મળે છે.

**(૧૨) વિદ્યાર્થીઓ કંટાળામાંથી મુક્ત :**

- સામાજિક વિજ્ઞાનના શિક્ષણકાર્ય કરતી વખતે અન્ય વિષયનો અનુબંધ બાંધવાથી વિદ્યાર્થીઓને કંટાળાનો અનુભવ થતો નથી.

**(૧૩) સ્વ અધ્યયનની ટેવ પડે :**

- સામાજિક વિજ્ઞાનના શિક્ષણકાર્ય કરતી વખતે વાણિજ્ય સાથે અનુબંધની વાત કરવામાં આવે તો, વિદ્યાર્થીઓમાં વાણિજ્યમાં શિક્ષણકાર્ય કરતાં થાય છે.

**(૧૪) સ્વાધ્યાય કાર્ય આપી શકાય :**

– સામાજિક વિજ્ઞાનમાં શિક્ષણકાર્ય કરી, વાણિજ્યના વિષય સાથે અનુબંધ બાંધી તે અંગેનું સ્વાધ્યાય કામ આપી શકાય.

**(૧૫) શિક્ષણકાર્યમાં વૈવિધ્ય લાવી શકાય :**

- સામાજિક વિજ્ઞાનના શિક્ષણકાર્ય કરતી વખતે અન્ય વિષય સાથે અનુબંધ બાંધવાથી શિક્ષણમાં વૈવિધ્ય લાવી શકાય. જુદાં જુદાં ઉદાહરણ આપી શકાય તેમજ જુદાં જુદાં શિક્ષકનો લાભ પણ મળે.

**(૧૬) માનસિક શક્તિનો વિકાસ :**

- જુદાં જુદાં વિષયો સાથે અનુબંધ બાંધવાથી વિદ્યાર્થીઓની માનસિક શક્તિનો વિકાસ થાય છે. જુદાં જુદાં વિષયો વચ્ચે સરખામણી કરવાથી માનસિક શક્તિનો વિકાસ થાય છે.

**(૧૭) વિષયવસ્તુ સરળતાથી અને રસપ્રદ શીખવી શકાય :**

– સામાજિક વિજ્ઞાનનો અન્ય વિષય સાથે અનુબંધ બાંધવાથી વિષયવસ્તુ સરળતાથી અને રસપ્રદ શીખવી શકાય છે.

**(૧૮) ચોક્કસ સમયમાં અભ્યાસક્રમ પૂર્ણ કરી શકાય :**

– સામાજિક વિજ્ઞાનનો અનુબંધ અન્ય વિષયો સાથે બાંધવાથી ઓછા સમયમાં અભ્યાસક્રમ પૂર્ણ કરી શકાય છે.

## ૧૪.૮ સામાજિક વિજ્ઞાનનો અન્ય વિષયો સાથે અનુબંધ : (Correlation With Other Subjects)

**(૧) ઈતિહાસનો ભૂગોળ સાથે અનુબંધ :**

- સામાજિક વિજ્ઞાનમાં ઈતિહાસ અને ભૂગોળ વચ્ચે અરસ પરસ અતિ ઘનિષ્ઠ સંબંધ છે. બંને વિષયો 'એક સિક્કાની બે બાજુઓ' સમાન છે. બંને વિષયો સામાજિક વિજ્ઞાનના વિષયો છે બંનેનું ધ્યેય પણ સમાન છે.'
- બંને વિષયો વિશ્વના માનવ સમાજની ગતિ–પ્રગતિ તેમની વિકાસયાત્રા અને વિવિધક્ષેત્રે તેમની સિદ્ધિઓનું સ્પષ્ટીકરણ કરે છે.
- ઈતિહાસના શિક્ષણ માટે ભૂગોળના જ્ઞાનનો આધાર લેવાનું આવશ્યક છે. કોઈ પણ દેશના ઈતિહાસને ઘડવામાં – આકાર આપવામાં તે દેશની ભૌગોલિક પરિસ્થિતિનું મહત્ત્વપૂર્ણ યોગદાન હોય છે.
- ડો. જોન્સનના મત પ્રમાણે... ભૂગોળ વિના ઈતિહાસ અને ઈતિહાસ વિના ભૂગોળનીકલ્પના કરવી અસંભવ છે.
- પ્રો. વી.ડી. ઘાટ જણાવે છે કે... ઈતિહાસ એ માનવ વ્યવહારોનો સંગ્રહ છે, જ્યારે ભૂગોળ આ વ્યવહારો જે સ્થળે બન્યા હોય તે સ્થળનો નિર્દેશ કરતો વિષય છે.
- ઈતિહાસના પ્રસંગો ઘટનાઓ થવાનાં કારણો તે સ્થળની ભૂગોળથી પરિચિત થવાથી જાણી શકાય છે.

– ભૂગોળને મહદ્અંશે વર્તમાન સાથે સંબંધ છે, જ્યારે ઈતિહાસને અતીત સાથે સંબંધ છે. – માનવ જે સ્થળે ગયો અને વ્યવહાર કર્યો અને જુદી જુદી સંસ્કૃતિઓ વિકસાવી તેનું વર્ણન ઈતિહાસ કરે છે. ટૂંકમાં, ઈતિહાસ જે બન્યું તે દર્શાવે છે, જ્યારે ભૂગોળ માનવની વર્તમાન રહેણી–કરણી, તેની આર્થિક પ્રવૃત્તિઓનું વર્ણન કરે છે.

- 'ધ નેચર ઓફ જ્યોગ્રાફી' નામના પુસ્તકમાં બંને વચ્ચેનો સંબંધ આ મુજબ સ્પષ્ટ કરે છે : સમયનો આધાર લઈ વર્ણન કરવું એ ભૂગોળ છે. ભૂગોળ એ ઈતિહાસથી માત્ર સમય અને વિસ્તારની દૃષ્ટિએ ભિન્ન છે. ઘટના કયા સમયે ઘટી, બનાવ કયા સ્થળે બન્યો એ ઈતિહાસ દ્વારા જાણી શકાય છે. ભૂગોળ એ ઘટના સ્થળ, સ્થાન અંગેની વિસ્તૃત માહિતીની જાણકારી આપે છે.
- ભૂગોળ એ ઈતિહાસને સમજવાની દૃષ્ટિ છે, ઈતિહાસની ભવ્ય ઈમારતોનો પાયો જ ભૌગોલિક પરિવેશ છે. માનવ જીવનની વિકાસયાત્રામાં, સાંસ્કૃતિક યાત્રામાં, તેની સિદ્ધિ કે સફળતામાં કે નિષ્ફળતામાં 'ભૌગોલિક પરિવેશ' મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.
- ઈતિહાસ આખરે તો પૃથ્વી પર ચાલતી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું જ વર્ણન છે. રંગમંચ અને નાટક વચ્ચે જેવો ઘનિષ્ઠ સંબંધ છે તેવો જ પારસ્પરિક નિકટનો નાતો ભૂગોળ અને ઈતિહાસ, ઈતિહાસ અને ભૂગોળ વચ્ચે છે.

- કોઈ પણ દેશની ભૌગોલિક પરિસ્થિતિ જ એના ઈતિહાસને ઘડે છે, તે એના ઈતિહાસનો આધાર છે.
- 'ભૌગોલિક સ્થિતિ ઈતિહાસનો આધાર છે. માનવના ખોરાક, પોશાક, આહાર–વિહાર વગેરે પર ભૌગોલિક વાતાવરણનો પ્રભાવ પડે છે.'

*– ઈસા બૌમેહા*

- **ઉદાહરણો :**

(૧) મહારાષ્ટ્રની ભૌગોલિક અનુકૂળતાને શિવાજીને વિજય અપાવ્યો.

(૨) નદી તટની સંસ્કૃતિઓ

(૩) પ્રાચીન સમયમાં દિલ્હી રાજધાની શા માટે ?

(૪) ભારત–પાકિસ્તાન ભાગલા

(૫) બાંગ્લાદેશનો ઉદય

- કોઈ પ્રદેશ–દેશની પ્રજાનાં લક્ષણો, નદી કિનારાની સંસ્કૃતિ, યુદ્ધો, યુદ્ધનાં પરિણામો, આક્રમણનાં માર્ગો, રાજ્ય વિસ્તાર, બંદરોનો વિકાસ અને વેપાર વગેરેની સમજ ભૂગોળનો અનુબંધ સાધવાથી વિકસે છે. ઈતિહાસના બનાવો સમજવા ત્યાંની ભૌગેલિક પરિસ્થિતિનો અભ્યાસ આવશ્યક છે. ઈતિહાસ એ નાટકનાં પાત્રો છે તે ભૂગોળ એ નાટક ભજવવા માટે પાત્રોનો તખતો છે.

**(૨) ઈતિહાસ અને નાગરિકશાસ્ત્ર :**

- સામાજિક વિજ્ઞાન વિષયના બંને વિષયો છે. બંને એક સિક્કાની બે બાજુ સમાન છે. ઈતિહાસને નાગરિકશાસ્ત્ર વગર અને નાગરિકશાસ્ત્રને ઈતિહાસ વગર ચાલી શકે તેમ નથી.
- નાગરિકશાસ્ત્ર માનવીઓનાં કાર્યોને નાગરિક સાથે સાંકળીને અભ્યાસ કરે છે, જ્યારે ઈતિહાસ માનવીનાં કાર્યોને સમાજ સાથે સાંકળીને વર્ણવે છે.
- નાગરિકશાસ્ત્રમાં વર્તમાન શાસનતંત્રના સ્વરૂપનું વર્ણન હોય છે, જ્યારે ઈતિહાસ ભૂતકાલીન શાસન વ્યવસ્થા વર્ણવે છે.
- નાગરિકશાસ્ત્ર વર્તમાન સમયની સામાજિક અને રાજકીય સમસ્યાઓનું વર્ણન કરે છે, જ્યારે ઈતિહાસ ભૂતકાલીન માનવ સમાજનો વિકાસ વર્ણવે છે.
- ઈતિહાસ એટલે ભૂતકાલીન રાજ્ય વ્યવસ્થા – પ્રો. ફ્રીમેન. તો પ્રો. જોન્સનના કહેવા પ્રમાણે : 'શાળાઓમાં ઈતિહાસના અધ્યાપનમાં સરકારની વ્યવસ્થા, તેના સ્વરૂપો તથા પરિવર્તનો અને કાર્યોનું જ્ઞાન અપાય છે.' કૌટિલ્યનું અર્થશાસ્ત્ર જેટલો રાજનીતિ શાસ્ત્રનો ગ્રંથ છે તેટલો જ ઈતિહાસનો ગ્રંથ છે.
- ઈતિહાસનું ક્ષેત્ર વ્યાપક છે તથા માનવીની પ્રત્યેક ક્રિયા સાથે જોડાયેલ છે ત્યારે નાગરિકશાસ્ત્રનું ક્ષેત્ર સિમિત છે.
- ઈતિહાસ માનવના ભૂતકાળની વ્યાખ્યા કરે છે, જ્યારે નાગરિકશાસ્ત્ર વર્તમાન તથા ભૂતકાળ બંનેની ચર્ચા કરે છે.
- એસ.કે.કોચર આ અંગે જણાવે છે કે 'જેમ વનસ્પતિશાસ્ત્રનો સંબંધ વનસ્પતિ સાથે અને જીવશાસ્ત્રનો સંબંધ પ્રાણીઓ સાથે છે તેમ શાસનતંત્ર સાથે ઈતિહાસનો સંબંધ છે.' ઈતિહાસને રાજનીતિ સાથે સંબંધ છે. ઈતિહાસ એ ભૂતકાલીન રાજનીતિ છે.
- ટૂંકમાં, શાસન વ્યવસ્થાનું વર્ણન ઈતિહાસ કરે છે, પરંતુ શાસનતંત્રના સ્વરૂપો તથા નાગરિકના અધિકારો અને ફરજોની સમજ નાગરિકશાસ્ત્ર દ્વારા મળે છે.
- નાગરિકશાસ્ત્ર માનવીઓના કાર્યોને નાગરિક સાથે સાંકળીને અભ્યાસ કરે છે, જ્યારે ઈતિહાસ

માનવીનાં કાર્યોને સમાજ સાથે સાંકળીને વર્ણવે છે. આમ, સમાજમાં અને રાષ્ટ્રમાં વ્યક્તિની નાગરિક તરીકેનાં કાર્યો, ફરજો કઈ છે ? કેવી રીતે ફરજો અદા કરવી ? ઈતિહાસમાં શાસન વ્યવસ્થા શીખવતા નેતા તરીકેની ફરજો, કાર્યોની સમજ આપતાં નાગરિકશાસ્ત્ર સાથે ફરજ અને કાર્યોની સમજ આપી અનુબંધની વાત થઈ શકે. ફરજ અને કાર્યો વિષે નાગરિકશાસ્ત્ર શીખવે છે. વ્યવસ્થાતંત્ર એ ઈતિહાસનો વિષય છે.

- નાગરિકશાસ્ત્ર વર્તમાન સમયની રાજકીય અને સામાજિક સમસ્યાઓનું વર્ણન કરે છે. દહેજ પ્રથા, ગરીબી, કુટુંબ નિયોજન, ભ્રૂણ હત્યા વગેરે જેવી સમાજમાં સમસ્યા છે. આ સમસ્યાઓના નિવારણનો માર્ગ ઈતિહાસના અભ્યાસથી આવે છે. આમ ઈતિહાસ અને નાગરિકશાસ્ત્ર બંને વિષયો એકબીજા સાથે પરસ્પર સંકળાયેલા છે.
- વર્તમાન ઈતિહાસની અનેક ઘટનાઓમાં નાગરિકની ફરજો અને તેમના અધિકારોની સમજ આપી અનુબંધ સાધી શકાય. દા.ત. : ગાંધીજી જેવા જે નેતાઓ થઈ ગયા તેની સાથે નાગરિકશાસ્ત્રને સાંકળીને ચર્ચા થઈ શકે. ગાંધીજીનાં કાર્યો સમજ આપી, તે કાર્યો નાગરિકશાસ્ત્ર સાથે સંબંધ ધરાવે છે. બંને વિષયને એકબીજા સાથે અનુબંધ બાંધી સમજ આપી શકાય.

(૩) **સામાજિક વિજ્ઞાન અને વિજ્ઞાનઃ**

- સામાજિક વિજ્ઞાન અને વિજ્ઞાન બંને વિષયો એકબીજા સાથે સંકળાયેલ છે. બંનેનો વિકાસ એકબીજા પર આધારિત છે. સામાજિક વિજ્ઞાન પ્રાકૃતિક વિજ્ઞાન સાથે સંબંધ ધરાવે છે. બંનેનું ધ્યેય માનવ વિકાસ અને માનવીય સુખાકારીનું છે. માનવીનું કલ્યાણ થાય અને સુખ સગવડ વધે તેવા પ્રયત્નો થતા જોવા મળે છે.
- **પ્રાકૃતિક વિજ્ઞાન :**

  માનવ જીવનને સમૃદ્ધ બનાવવામાં મહત્ત્વનો ફાળો આપે છે. પ્રાકૃતિક વિજ્ઞાનમાં અનેકવિધ શોધોને કારણે માનવ જીવનમાં સુખ સગવડ વધી છે, તેથી માનવજાત પર તેનો ઉપકાર રહેલો છે.
- **રસાયણ વિજ્ઞાન :** (Chemistry)

  રસાયણ વિજ્ઞાનની ઘણી શોધોએ રોગો પર કાબૂ મેળવ્યો છે. ખનિજ, ઓક્સિજન, નાઈટ્રોજન ચક્ર વગેરેનો સમાવેશ થાય છે. ઓક્સિજન માનવ જીવનની સુખાકારી વધારી છે. બીમારીમાં મદદરૂપ થાય છે.
- **ભૌતિક વિજ્ઞાન :** (physics)

  આબોહવા, હવામાન, ઋતુ ચક્ર, વરસાદ વગેરેનો સમાવેશ થાય છે. વીજળી, ઉષ્મા, વરાળ શક્તિ, અણુશક્તિ વગેરેનો ઉપયોગ કરી માનવીએ સગવડ વધારી છે.
- આ રીતે વિશ્વ કક્ષાએ સમગ્ર માનવને મંગલકારી અને સુખ સગવડતા ભરી જીવનશૈલી પ્રદાન કરવામાં વિજ્ઞાને અમૂલ્ય ફાળો આપ્યો છે.
- **ઉદાહરણો :**

| | | | |
|---|---|---|---|
| (૧) | પ્રાકૃતિક વિજ્ઞાન | : | પ્રાકૃતિક વિજ્ઞાન એ સામાજિક વિજ્ઞાન પર પાયારૂપ છે. |
| (૨) | વનસ્પતિશાસ્ત્ર (બોટોની) | : | ખેતી, અનાજ ઉત્પાદન પર આધારિત છે. |
| (૩) | સમુદ્રશાસ્ત્ર (ઓસ્નોગ્રાફી) | : | મહાસાગરો, પ્રવાહો, સમુદ્ર સંપત્તિ વગેરેનો સમાવેશ થાય છે. |
| (૪) | પ્રાણીશાસ્ત્ર (ઝુઓલોજી) | : | પ્રાણી સૃષ્ટિ, પશુ, પક્ષીઓ વગેરેનો સમાવેશ થાય છે. |
| (૫) | જીવ વિજ્ઞાન (બાયોલોજી) | : | માનવજીવન અને તેના લક્ષણો સાથે સંબંધ ધરાવે છે. |

(૬) ભૂસ્તરશાસ્ત્ર (જીયોલોજી) : પૃથ્વીની રચના, પોપડો, જમીનનું બંધારણ વગેરેનો સમાવેશ થાય છે.

(૭) ખગોળ વિજ્ઞાન : નાગરિકશાસ્ત્ર, ગ્રહ, ઉપગ્રહ, સૂર્યમંડળ, બ્રહ્માંડ વગેરેનો સમાવેશ થાય છે.

- ભૌતિક વિજ્ઞાન જ્ઞાનમાંથી આબોહવા, હવામાન, ઉષ્ણતામાન, વરસાદ, ભેજનું પ્રમાણ, પવનો, વાદળો વગેરે મુદ્દાઓ વિજ્ઞાનના મુદ્દાઓ જ હોય એમ લાગે છે.
- રહેઠાણ, ખોરાક, પોશાક, ધંધા વગેરે બાબતો ભૌગોલિક પરિસ્થિતિ પર આધારિત છે.

(૪) **સામાજિક વિજ્ઞાન અને કલાઃ**

- સામાજિક વિજ્ઞાનનો કલા સાથે ખાસ સંબંધ છે. કલાના મુખ્યત્વે બે વિભાગ છે.

  (૧) લલિતકલા (૨) લલિતેતર કલા
- કલા એ માનવજીવન સાથે સંકળાયેલ છે, તે માનવજાતની ભાવનાઓની અભિવ્યક્તિ છે. ચિત્ર, શિલ્પ, સંગીત, નૃત્ય વગેરે ભાવનાસભર કલાઓ છે.
- કલા એ વિશ્વ સાથે સંકળાયેલ છે. કોઈ પણ દેશની સંસ્કૃતિનો વારસો છે. વિશ્વની સંસ્કૃતિનો વારસો છે. કલા એ વિશ્વ વ્યાપી છે. તેને કોઈ બંધન નથી, સરહદો નડતી નથી.
- સામાજિક વિજ્ઞાનમાં ઈતિહાસની અભિવ્યક્તિ એ કલા છે. કલાના કોઈ પણ નમૂનાને ઈતિહાસકાર શબ્દદેહ આપી તેનું વર્ણન કરે છે.
- પ્રાચીન સંસ્કૃતિ સમયનું સ્થાપત્ય પિરામિડો, ચિત્ર, શિલ્પનાં વિવિધ સ્થળોનાં વર્ણનમાં કલાના નમૂના છે. ભારતના અવશેષો, દેરીઓ, પાળિયાઓ, વાવ, સ્મારકો, મંદિરો, મસ્જિદો વગેરે કલાના અખૂટ ભંડારો છે. આપણા સંગીતનો નૃત્યનો પણ ભવ્ય વારસો છે.
- ઈતિહાસ–કલા વચ્ચેનો સંબંધ સ્પષ્ટ, આલેખ દોરવા, ચિત્રો દોરવાં, દશ્યો તૈયાર કરવાં વગેરે સામાજિક વિજ્ઞાન માટે અનિવાર્ય છે.
- શિક્ષક પાસે ચિત્રકળાની સૂઝ, જ્ઞાન, આવડત હોય તો સામાજિક વિજ્ઞાન વિષય રસપ્રદ અને અસરકારક બનાવી શકે છે.

## ૧૪.૯ અનુબંધ અધ્યાપન કાર્યની મર્યાદાઓ :

- અનુબંધ અધ્યાપન કાર્યની મર્યાદાઓ નીચે મુજબ છે :

(૧) **મર્યાદિત મુદ્દાનો સમાવેશ :**

– અભ્યાસક્રમના બધા મુદ્દાઓનું શિક્ષણકાર્યમાં સામેલ સાધવાનું શક્ય બનતું નથી.

(૨) **શિક્ષક પાસે મર્યાદિત કૌશલ્ય :**

- અનુબંધ બાંધવામાં વિવિધ કૌશલ્યની જરૂર પડે. શિક્ષક પાસે સૂઝ, સમજ, આવડત ન હોય તો યોગ્ય અનુબંધ સાધવામાં મુશ્કેલી પડે છે.

(૩) **કૃત્રિમ અનુબંધની શક્યતા :**

- ઘણીવાર કૃત્રિમ અનુબંધની શક્યતા રહેલી છે. શિક્ષક પાસે આવડત, અગાઉથી આયોજન ન હોય તો કૃત્રિમ અનુબંધની શક્યતાઓ રહેલી છે.

(૪) **પરીક્ષાલક્ષી કાર્ય :**

– આપણી શિક્ષણ કાર્યની પ્રણાલી પરીક્ષાલક્ષી હોવાથી અન્ય વિષયો સાથે અનુબંધ બાંધવાનું શક્ય બનતું નથી.

(૫) **અનુબંધનો મર્યાદિત ખ્યાલ :**

- અભ્યાસક્રમની રચના કરતી વખતે અનુબંધનો ખ્યાલ રાખવામાં ન આવે તો ઉપયોગ મર્યાદિત

બની જાય છે.

- અભ્યાસક્રમ અનુબંધને કેન્દ્રમાં રાખી ઘડવામાં આવતો નથી.
- અનુબંધને પ્રવૃતિલક્ષી ન બનાવી શકાય તો અર્થ સરતો નથી.
- સંકુલ પરથી સરળ પર લઈ જવા અઘરું પડે છે. શિક્ષક આ માટે તૈયાર હોતો નથી, વધુ મહેનત કરવી પડે છે.

## ૧૪.૧૦ સારાંશ : Let us sum up

- એક વિષયના શિક્ષણ કાર્ય કરતી વખતે બીજા વિષયની માહિતી આપવી તેને અનુબંધ કહે છે. શિક્ષણકાર્યમાં અનુબંધ બાંધવું ખાસ જરૂરી છે. એક વિષયના શિક્ષણકાર્ય વખતે બીજા વિષયની માહિતી આપવી.
- **આદર્શ અનુબંધના લક્ષણો :**

– વિષયાંતર ન થાય તેની કાળજી રાખવી, જરૂરી ઉદાહરણ આપી અનુબંધ બાંધવું, વ્યાવહારિક જીવન સાથે સંબંધ

- વિદ્યાર્થીઓને ભાગીદારી વધારીને શિક્ષણકાર્ય સરળ થઈ શકે.
- **અનુબંધના ફાયદાઃ**
- શિક્ષણકાર્ય સ્વાભાવિક બને, અવલોકન શક્તિનો વિકાસ થાય, પ્રવૃત્તિ પ્રત્યે પ્રેરણા જાગે, શિક્ષણકાર્ય સરળ બને છે. સમસ્યા ઉકેલવામાં મદદરૂપ થાય છે, તેમજ વિદ્યાર્થીઓ લાંબો સમય યાદ રાખી શકે છે. જુદાં જુદાં શિક્ષકનો લાભ મળે છે.
- **અનુબંધની મર્યાદાઃ**
- શિક્ષક પાસે મર્યાદિત કૌશલ્ય, મર્યાદિત મુદ્દાનો સમાવેશ, પરીક્ષાલક્ષી કાર્ય, અનુબંધનો મર્યાદિત ખ્યાલ રહેલો છે.
- અનુબંધનો જુદાં જુદાં વિષયો સાથે અનુબંધ બાંધી શકાય છે.

## ૧૪.૧૧ એકમ સ્વાધ્યાય : Unit Exercises

(૧) અનુબંધનો અર્થ સ્પષ્ટ કરો.

(૨) અનુબંધનું મહત્ત્વ સમજાવો.

(૩) ઈતિહાસનો ભૂગોળ સાથેનો અનુબંધ ઉદાહરણ સાથે સ્પષ્ટ કરો.

(૪) ઈતિહાસનો નાગરિકશાસ્ત્ર સાથનો અનુબંધ ઉદાહરણ સથે સ્પષ્ટ કરો.

(૫) અનુબંધના પ્રકારો જણાવો.

(૬) ધોરણ–૧૦ના પાઠ્યપુસ્તકમાં આવતા ઈતિહાસના વિષયવસ્તુને ભૂગોળ સાથે અનુબંધ સાધવા ઉદાહરણો સાથે ચર્ચા કરો.

(૭) ધોરણ–૮ના પાઠ્યપુસ્તકમાં આવતા ઈતિહાસના વિષયવસ્તુમાં નાગરિકશાસ્ત્રનો અનુબંધ કયા કયા મુદ્દા સાથે કરશો તે સમજાવો.

(૮) આપેલ વિધાનની નીચે જણાવેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો :

૧) અનુબંધ કરવાથી સમય કેવો જાય છે ?

(૧) ઓછો સમય (૨) સૌથી વધુ સમય

(૩) મધ્યમ સમય (૪) સમયનું બંધન નથી

૨) અનુબંધ એટલે શું ?

(૧) એક વિષયનો બીજા વિષય સાથેનો સંબંધ

(૨) પેટા મુદ્દા સાથેનો સંબંધ (૩) એકમના મુદ્દા સાથેનો સંબંધ

(૪) બે એકમ વચ્ચેનો સંબંધ

૩) એકલક્ષી અનુબંધમાં શું હોય છે ?

(૧) એક વિષયને બીજા વિષય સાથે જોડવું (૨) બે એકમ વચ્ચે જોડાણ કરવું

(૩) બે પેટા મુદ્દા વચ્ચે જોડાણ કરવું (૪) બે થી વધુ વિષય સાથે જોડવું

૪) વિવિધલક્ષી અનુબંધમાં શું હોય છે ?

(૧) બે થી વધારે વિષય સાથે જોડવું (૨) એક વિષયને બીજા વિષય સાથે જોડવું

(૩) બે પેટા મુદ્દા વચ્ચે જોડાણ કરવું (૪) બે એકમ વચ્ચે જોડાણ

૫) અનુબંધ બાંધવાથી કયો લાભ મળે છે ?

(૧) લાંબા સમય સુધી યાદ રાખી શકે (૨) ટૂંકા સમય માટે યાદ રાખી શકે

(૩) શિક્ષકનો બોજ વધે (૪) શિક્ષકનો બોજ ઘટે

૬) અનુબંધ બાંધવાથી કયો ગેરલાભ થાય ?

(૧) મર્યાદિત મુદ્દાનો સમાવેશ (૨) વધુ મુદ્દાનો સમાવેશ

(૩) શિક્ષકની તૈયારી વધે (૪) શિક્ષકની તૈયારી ઘટે

૭) અનુબંધની સફળતાનો આધાર કોના પર છે ?

(૧) શિક્ષક પર (૨) વિદ્યાર્થી પર

(૩) આચાર્ય પર (૪) વાલી પર

૮) અનુબંધ બાંધવાથી કઈ મર્યાદા જોવા મળતી નથી ?

(૧) મર્યાદિત મુદ્દાનો સમાવેશ (૨) શિક્ષક પાસે મર્યાદિત કૌશલ્ય

(૩) પરીક્ષાલક્ષી કાર્ય (૪) શિક્ષકની તૈયારી વધે

- **બહુવિકલ્પ પ્રશ્નોના જવાબ :**

〈૧〉 ઓછો સમય

〈૨〉 એકવિષયનો બીજા વિષય સાથેનો સંબંધ

〈૩〉 એક વિષયને બીજા વિષય સાથે જોડવું

〈૪〉 બે થી વધારે વિષય સાથે જોડવું

〈૫〉 લાંબા સમય સુધી યાદ રાખી શકે

〈૬〉 મર્યાદિત મુદ્દાનો સમાવેશ

〈૭〉 શિક્ષક પર

〈૮〉 શિક્ષકની તૈયારી વધે

## ૧૪.૧૨ તમારી પ્રગતિ ચકાસો :

(૧) અનુબંધનો અર્થ જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

..................................................................

..................................................................

(૨) અનુબંધની સંકલ્પના સ્પષ્ટ કરો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(૩) અનુબંધના બે હેતુ જણાવો

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(૪) અનુબંધના બે લક્ષણ જણાવો

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(૫) એકલક્ષી અનુબંધ એટલે શું ?

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(૬) વિવિધલક્ષી અનુબંધ એટલે શું ?

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(૭) સહલક્ષી અનુબંધ એટલે શું ?

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

(૮) અનુબંધના બે ફાયદા જણાવો

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

(૯) અનુબંધની બે મર્યાદા જણાવો

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

(૧૦) ઈતિહાસનો ભૂગોળ સાથેનો અનુબંધ જણાવો

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

## ૧૪.૧૩ તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો : Answers to check your progress

**(૧) અનુબંધનો અર્થ :**

- વિષયવસ્તુને અન્ય વિગત સાથે સરખી રીતે વણીને સમજાવવાની પ્રક્રિયાને સમવાયી કે અનુબંધિત શિક્ષણ કહે છે.
- અનુબંધ એટલે સહસંબંધ

**(૨) અનુબંધની સંકલ્પના :**

- જ્ઞાનની અખિલાઈના સંદર્ભમાં એક વિષયનો અન્ય વિષયો સાથેનો યોગ્ય ભૂમિકા પરનો સંબંધ એટલે અનુબંધ

- શિક્ષણમાં અનુબંધ સ્થાપવો એટલે એક વિષયનો બીજા વિષય સાથેનો કે તેના પેટા એકમોનો આપસ આપસનો સંબંધ.
- **બી. એસ. શાહ**

  'અનુબંધિત શિક્ષણ એટલે બીજું કંઈ નહીં પણ બાળકને તેના અનુભવના સ્તર અનુસાર શીખવવું.'

**(૩) અનુબંધના બે હેતુ :**

〈૧〉 અભ્યાસક્રમનું ભારણ ઓછું કરવું

〈૨〉 સમયની બચત કરવા

**(૪) અનુબંધના લક્ષણો :**

〈૧〉 વિષયાંતર ન થાય તેની કાળજી રાખવી

〈૨〉 જરૂરી ઉદાહરણ રજૂ કરવા

**(૫) એકલક્ષી અનુબંધ એટલે શું ?**

- શિક્ષણકાર્ય દરમિયાન કોઈ પ્રસંગ કે બનાવને અન્ય બાબતો સાથે જોવામાં આવે તેને એકલક્ષી અનુબંધ કહે છે.

**(૬) વિવિધલક્ષી અનુબંધ એટલે શું ?**

- જ્યારે કોઈ પ્રવૃત્તિ સાથે બે કે બેથી વધુ વિષયો પરસ્પર અનુબંધ સાંકળવામાં આવે ત્યારે વિવિધલક્ષી અનુબંધ કહેવાય.

**(૭) સહલક્ષી અનુબંધ એટલે શું ?**

- આ પ્રકારના અનુબંધમાં શિક્ષક પ્રવૃત્તિની સાથે જ વિષયોનું શિક્ષણ જોડી દે છે.
- બેંક વિષેના વ્યવહારોના જ્ઞાન સાથે બેંકના વિવિધ ખાતાઓની માહિતી આપી શકાય.

**(૮) અનુબંધના બે ફાયદા :**

〈૧〉 સ્વાભાવિક શિક્ષણ બને

〈૨〉 સમસ્યા ઉકેલવામાં મદદરૂપ થાય

**(૪) અનુબંધની બે મર્યાદા :**

〈૧〉 મર્યાદિત મુદ્દાનો સમાવેશ

〈૨〉 શિક્ષક પાસે મર્યાદિત કૌશલ્ય

**(૧૦) ઈતિહાસનો ભૂગોળ સાથે અનુબંધ :**

- બંને વિષયો વિશ્વના માનવ સમાજની ગતિ—પ્રગતિ તેમની વિકાસયત્રા અને વિવિધક્ષેત્રે તેમની સિદ્ધિઓનું સ્પષ્ટીકરણ કરે છે.
- ઈતિહાસના શિક્ષણ માટે ભૂગોળના જ્ઞાનનો આધાર લેવાનું આવશ્યક છે. કોઈ પણ દેશના ઈતિહાસને ઘડવામાં—આકાર આપવામાં તે દેશની ભૌગોલિક પરિસ્થિતિનું મહત્ત્વપૂર્ણ યોગદાન હોય છે.

## ૧૪.૧૪ સૂચિત વાંચન સામગ્રી : Suggested Readings


૧. બારૈયા વી.વી. તથા અન્ય : અર્થશાસ્ત્ર શિક્ષણ પદ્ધતિ, પ્રતીક પ્રકાશન, આણંદ

૨. બારૈયા વી.વી. તથા અન્ય : વાણિજ્ય શિક્ષણ પદ્ધતિ, પ્રતીક પ્રકાશન, આણંદ

૩. રાવલ નટુભાઈ તથા અન્ય : સમાજવિદ્યાનું અભિનવ અધ્યાપન, નીરવ પ્રકાશન, અમદાવાદ

૪. પટેલ સી.કે. તથા અન્ય : ભૂગોળ અધ્યાપન પદ્ધતિ, અનડા બુક ડીપો, અમદાવાદ

૫. પટેલ મોતીભાઈ એમ. તથા અન્ય : સમાજવિદ્યાનું અધ્યાપન પરિશીલન, બી.એસ.શાહ પ્રકાશન, અમદાવાદ

૬. પંડ્યા પ્રતાપરાય તથા અન્ય : સમાજવિદ્યાનું આદર્શ અધ્યાપન, વારિષેણ પ્રકાશન, અમદાવાદ

૭. જાની ગૌરાંગ તથા અન્ય : સમાજશાસ્ત્ર ધોરણ–૧૧, ૧૨ ગુજરાત રાજય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર

એકમ 15

# ક્રિયાત્મક સંશોધન

## : રૂપરેખા :

૧૫.૦ ઉદ્દેશો

૧૫.૧ પ્રસ્તાવના

૧૫.૨ ક્રિયાત્મક સંશોધનની સંકલ્પના

૧૫.૩ ક્રિયાત્મક સંશોધનનું મહત્ત્વ

૧૫.૪ ક્રિયાત્મક સંશોધનનાં હેતુઓ

૧૫.૫ ક્રિયાત્મક સંશોધનનો ઉપયોગ

૧૫.૬ ક્રિયાત્મક સંશોધનના પ્રકારો

૧૫.૭ ક્રિયાત્મક સંશોધન ક્યારે ઉચિત ગણાય ?

૧૫.૮ ક્રિયાત્મક સંશોધન કયાં કયાં ?

૧૫.૯ ક્રિયાત્મક સંશોધનની શરતો

૧૫.૧૦ ક્રિયાત્મક સંશોધનની મર્યાદાઓ

૧૫.૧૧ ક્રિયાત્મક સંશોધનના સોપાન

૧૫.૧૨ નમૂનાની રૂપરેખા

(૧) નમૂનો : ૧—સમસ્યા

(૨) નમૂનો : ૨—સમસ્યા

૧૫.૧૩ સારાંશ

૧૫.૧૪ એકમ સ્વાધ્યાય

૧૫.૧૫ તમારી પ્રગતિ ચકાસો

૧૫.૧૬ તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

૧૫.૧૭ સૂચિત વાંચન સામગ્રી

## ૧૫.૦ ઉદ્દેશો : Objectives

- આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે ...

(૧) સામાજિક વિજ્ઞાનમાં ક્રિયાત્મક સંશોધનની સંકલ્પના સમજી શકશો.

(૨) ક્રિયાત્મક સંશોધનનાં હેતુઓ સમજી શકશો.

(૩) ક્રિયાત્મક સંશોધનનું મહત્ત્વ સમજી શકશો.

(૪) ક્રિયાત્મક સંશોધનનો ઉપયોગની ચર્ચા કરી શકશો.

(૫) ક્રિયાત્મક સંશોધનના પ્રકારોની ચર્ચા કરી શકશો.

(૬) ક્રિયાત્મક સંશોધન ક્યારે ઉચિત ગણાય તેની ચર્ચા કરી શકશો.

(૭) ક્રિયાત્મક સંશોધન ક્યાં ક્યાં થઈ શકે તેની ચર્ચા કરી શકશો.

(૮) ક્રિયાત્મક સંશોધનની શરતો સમજી શકશો.

(૯) ક્રિયાત્મક સંશોધનની મર્યાદા સમજી શકશો.

(૧૦) ક્રિયાત્મક સંશોધનના સોપાન સમજી શકશો.

(૧૧) ક્રિયાત્મક સંશોધનનો નમૂનાની ચર્ચા કરી શકશો. (ધોરણ:૮, ૯, ૧૦ સામાજિક વિજ્ઞાન)

## ૧૫.૧ પ્રસ્તાવના :

- શિક્ષણ સંસ્થાઓને પોતાના દૈનિક કામકાજમાં અનેક પ્રકારની સમસ્યાઓનો સામનો કરવો પડે છે. શાળા સંચાલનના પ્રશ્નો, અભ્યાસક્રમ અંગેના પ્રશ્નો, પાઠયપુસ્તકો અંગેના પ્રશ્નો, પરીક્ષણ અને મૂલ્યાંકન અંગેના પ્રશ્નો, શાળાવ્યવસ્થા અંગેના પ્રશ્નો વગેરે અનેક પ્રકારના પ્રશ્નોનું વૈજ્ઞાનિક ઢબે નિરાકરણ લાવવામાં ક્રિયાત્મક સંશોધનની પદ્ધતિ અત્યંત ઉપયોગી બને છે.

- પોતાનું રોજબરોજનું કામ કરતાં જે નાના મોટા પ્રશ્નો ઉદ્‌ભવે તેનો ઉકેલ કાઢવા માટે કોઈ તજ્જ્ઞ પાસે દોડવાનું કોઈને પણ ન પાલવે. જીવનના મોટા ભાગના પ્રશ્નોનો નિકાલ માણસ પોતાની આપબુદ્ધિથી અને પ્રત્યક્ષ કાર્યમાંથી મળેલા અનુભવને આધારે લાવતો હોય છે. એમ કરવામાં એને નિષ્ફળતા મળે તો તેમાંથી જેટલું શીખાય તેટલું શીખીને આગળ ચાલવાનું રહે છે. જો આમ ન થાય તો ખેડૂતને દરરોજ ખેતીવાડી ખાતાની ઓફિસે ધક્કા ખાવા પડે, લુહારને રોજ કોઈ એન્જિનિયરને મળવું પડે અને શિક્ષકને દિવસમાં દસ વખત કોઈ કેળવણીકારનો સંપર્ક સાધવો પડે. આમ નથી કરવું પડતું એનું કારણ એ છે કે મનુષ્ય પાસે વિચારવાની અને વ્યવહારુ નિર્ણય લેવાની શક્તિ છે, પોતાના ક્ષેત્રમાં ઊભી થતી સમસ્યાનો ઉકેલ લાવવા માટે પ્રયત્નો કરનારો માણસ ક્રિયાત્મક સંશોધન ક્ષેત્રમાં પ્રવેશ કરે છે તેમ કહી શકાય.

## ૧૫.૨ ક્રિયાત્મક સંશોધનની સંકલ્પના :

- શાળાનાં રોજબરોજનાં કાર્યમાં કેટલાક પ્રશ્નો આપણી સમક્ષ ઉપસ્થિત થાય છે, તે પ્રશ્નોના ઉકેલ માટે આપણે આપણા સહકાર્યકરો અને મિત્રોની મદદથી પ્રશ્નો સમજવા પ્રયત્નો કરીએ છીએ, પ્રશ્નોની ચર્ચા–વિચારણા કરી ઉકેલ લાવવા માટે આપણે પ્રયત્નો કરીએ છીએ. વળી તેમાં પણ કેટલાક પ્રશ્નો એવા પણ હોય જે માટે આપણે વૈજ્ઞાનિક રીત અપનાવવી પડે છે, આ પ્રક્રિયાને 'ક્રિયાત્મક સંશોધન' કહેવામાં આવે છે.

- કેળવણીક્ષેત્રે ક્રિયાત્મક સંશોધનનો વિચાર સૌ પ્રથમ ડો. સ્ટીફન કોરે આપ્યો, તેઓએ ક્રિયાત્મક સંશોધનની વ્યાખ્યા નીચે મુજબ આપી છે.

★ ''પૂર્વગ્રહ કે પક્ષપાત વગર વૈજ્ઞાનિક અને પરલક્ષી દૃષ્ટિથી જે સંશોધનો પ્રશ્નોના કે કોયડાઓના ઉકેલ માટે થાય તેને ક્રિયાત્મક સંશોધન કહી શકાય.''

* "The process by which practitioners attempt to study their problems scientifically, in order to guide, correct and evaluate their decisions and action is called Action Research."

★ ''વર્ગમાં શિક્ષણકાર્ય કરતાં કે શાળામાં વિદ્યાર્થીઓની પ્રવૃત્તિઓનું અવલોકન કરતાં શિક્ષક કેટલીક મૂંઝવણો અનુભવે છે, આ મૂંઝવણોનો મનોવૈજ્ઞાનિક રીતે અભ્યાસ કરી તેમનો ઉકેલ લાવવાનો ઉપયોગી માર્ગ તે ક્રિયાત્મક સંશોધન.''

* "Action Research is to be a first hand study, it's chief function is to bridge the gap between theory and practice."

- ''આમ, ક્રિયાત્મક સંશોધન એ શિક્ષકોનું, શિક્ષકો માટેનું, શિક્ષકો દ્વારા થતું સંશોધન છે. શિક્ષક પોતાના શિક્ષણકાર્ય અંગેની સમસ્યા ઉકેલવા પોતાના જ માટે, પોતે જ સંશોધન હાથ ધરે છે. ક્રિયાત્મક સંશોધન એ શિક્ષક માટેનું અને વર્ગકાર્યની મુશ્કેલીઓ દરમિયાન ઉદ્‌ભવતું સંશોધન છે.''

- ક્રિયાત્મક સંશોધન એટલે ''શિક્ષકને તેના શિક્ષણકાર્યમાં ચોક્કસ મુશ્કેલીઓ નડી, તે મુશ્કેલીના તે સમસ્યાના ઉકેલ માટે વૈજ્ઞાનિક ઢબે વિચારીને કામ કરવું તે.''
- ક્રિયાત્મક સંશોધન એ ''શિક્ષકનું સંશોધન છે, શિક્ષક માટેનું સંશોધન છે, પોતાના હૈયાસૂઝની નીપજ છે, શિક્ષકની ક્રિયા મુખ્ય હોઈ તે શિક્ષક પોતાના શિક્ષણકાર્ય સાથે કરી શકે છે.''
- ક્રિયાત્મક સંશોધન એ શિક્ષણ માટેનું અને વર્ગકાર્યની મુશ્કેલીઓ દરમિયાન ઉદ્‌ભવતું સંશોધન છે. કેળવણીક્ષેત્રની એ નાની સિંચાઈ યોજના છે. આ સંશોધન મોટું સંશોધન નથી, પરંતુ નાનકડું સંશોધન છે. ક્રિયાત્મક સંશોધન દ્વારા શિક્ષક આત્મ અવલોકન કરે છે અને પોતાના શિક્ષણકાર્યને વધારે અસરકારક બનાવવા પ્રયત્ન કરે છે, જેથી એ પોતાના વિષયમાં, વર્ગમાં અને શાળામાં પરિવર્તન કરીને શિક્ષણ સુધારણાના કાર્યમાં પોતાનો ફાળો આપી શકે છે.

**૧૫.૩ ક્રિયાત્મક સંશોધનનું મહત્ત્વ :**

- ક્રિયાત્મક સંશોધન એ ખરેખર એક અતિ મહત્ત્વનો અને અસરકારક આધુનિક પ્રવાહ છે, એ નીચેની બાબતો પરથી સ્પષ્ટ થાય છે.

(૧) વર્ગખંડની શાળાની વિવિધ સમસ્યાઓનો વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ કરવાનું શક્ય બને છે.

(૨) સંશોધનનો ગાળો ટૂંકો હોય છે, એટલે સમસ્યાઓનો તાત્કાલિક અને યોગ્ય ઉકેલ લાવવામાં આ પ્રકારનું સંશોધન ઉપકારક બને છે.

(૩) ક્રિયાત્મક સંશોધન દ્વારા શિક્ષણકાર્ય વધુ અસરકારક અને સફળ બનાવી શકાય છે.

(૪) શૈક્ષણિક કાર્યક્રમોની ગુણવત્તા વધારવામાં અને શિક્ષણનું સ્તર ઊંચું લાવવામાં ક્રિયાત્મક સંશોધન ખૂબ જ ઉપયોગી બની રહે છે.

(૫) શાળાના કાર્યકરોમાં સહકાર, સુમેળ અને સંવાદિતાનું વાતાવરણ સર્જવામાં ક્રિયાત્મક સંશોધન ઘણો જ મહત્ત્વનો ભાગ ભજવે છે કારણ કે સૌએ મળીને સામૂહિક રીતે આવું સંશોધન કાર્ય કરવાનું હોય છે.


(૬) ક્રિયાત્મક સંશોધન શાળાના સમગ્ર આયોજન અને કાર્ય પદ્ધતિમાં સુધારણા લાવવામાં અત્યંત ઉપયોગી થઈ પડે છે.

(૭) શાળાના જડ, પ્રણાલિગત અને યંત્રવત્ વાતાવરણમાં ગતિશીલતા અને પરિવર્તન લાવી શકાય છે.


(૮) સમાજજીવનની બદલાતી પરિસ્થિતના સંદર્ભમાં શિક્ષણક્ષેત્રે પણ સમયની માગને અનુરૂપ પરિવર્તન લાવવા માટે ક્રિયાત્મક સંશોધન યોગ્ય દષ્ટિકોણ આપે છે.

(૯) વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ સાધવા ક્રિયાત્મક સંશોધનની નોંધપાત્ર ઉપયોગિતા છે.


**૧૫.૪ ક્રિયાત્મક સંશોધનનાં હેતુઓ :**




## ૧૫.૫ ક્રિયાત્મક સંશોધનનો ઉપયોગ :





## ૧૫.૬ ક્રિયાત્મક સંશોધનના પ્રકારો :



## ૧૫.૭ ક્રિયાત્મક સંશોધન ક્યારે ઉચિત ગણાય ?




## ૧૫.૮ શાળામાં ક્રિયાત્મક સંશોધન ક્યાં ક્યાં ? :




## ૧૫.૯ ક્રિયાત્મક સંશોધનની શરતો :

- ક્રિયાત્મક સંશોધન નીચેની કેટલીક બાબતો ધ્યાનમાં રાખી હાથ ધરવું જોઈએ :

(૧) સમસ્યા સાદી અને તેનું ક્ષેત્ર મર્યાદિત હોવું જોઈએ.

(૨) શાળાના અન્ય શિક્ષકોના કામમાં મુશ્કેલી કે અવરોધ ન થવો જોઈએ.

(૩) શાળા, શિક્ષક અને શિક્ષણકાર્ય વગેરેને સમસ્યાથી લાભ થવો જોઈએ.

(૪) ક્રિયાત્મક સંશોધનના પરિણામે કોઈ ખોટા ખ્યાલો બંધાવા ન જોઈએ.

(૫) શિક્ષક તેમજ સહકાર્યકરોના સહકારથી સમસ્યાનો ઉકેલ લાવવા માટે પ્રયત્ન કરવો જોઈએ.

(૬) સંશોધનકર્તા અને વિદ્યાર્થીઓ વચ્ચે નિકટ સંબંધ હોવો જોઈએ.

(૭) સમસ્યા ઉકેલનો આધાર શિક્ષક પર છે, તેથી તેના ઉકેલ માટે શિક્ષક પાસે રસ હોવો જોઈએ.

## ૧૫.૧૦ ક્રિયાત્મક સંશોધનની મર્યાદાઓ :

- ક્રિયાત્મક સંશોધનના કેટલાંક લાભો હોવા છતાં તેની નીચેના જેવી કેટલીક મર્યાદાઓ અને અવરોધો જોવા મળે છે:

(૧) આપણા દેશમાં આ પ્રકારના સંશોધનો માટેનું વાતાવરણ હજુ જામ્યું નથી. શાળાઓ, આચાર્યો, શિક્ષકો અને નિરીક્ષકો પણ ઉદાસીનતા દાખવે છે.

(૨) સંશોધન ખાતર સંશોધન કરવામાં આવે તો તેનાથી કશો હેતુ સરે નહિ, શિક્ષકે વૈજ્ઞાનિક પદ્ધતિને વળગી રહેવું જોઈએ.

(૩) વર્ગોમાં વિદ્યાર્થીઓની વધુ સંખ્યા, લાંબા અભ્યાસક્રમો, શિક્ષકપક્ષે સમયનો અભાવ વગેરે કારણોને લીધે પણ ક્રિયાત્મક સંશોધન શક્ય બનતું નથી.

(૪) કેળવણીખાતું, નિરીક્ષકો, શિક્ષણાધિકારીઓ વગેરે તરફથી પૂરતા પ્રોત્સાહનનો અભાવ હોય છે. એમનો આવાં સંશોધનમાં નહિવત્ સહકાર હોય છે.

(૫) સામાન્ય શિક્ષકો માટે આવું વૈજ્ઞાનિક ઢબે સંશોધન કરવાનું કાર્ય મુશ્કેલ બને એ સ્વાભાવિક છે, જેને વૈજ્ઞાનિક ઢબે સંશોધન કરવાની સૂઝ પ્રાપ્ત થઈ હોય અને તાલીમ મળી હોય તેવા શિક્ષકો જ ક્રિયાત્મક સંશોધનના કાર્યને યોગ્ય ન્યાય આપી શકે.

- આમ છતાં, સાચા શિક્ષકે આ બધી મર્યાદાઓને પાર કરી પોતાનું અધ્યાપનકાર્ય અને શિક્ષણની ગુણવત્તા સુધારવા આ પ્રકારનાં ક્રિયાત્મક સંશોધનો હાથ ધરતાં રહેવું જોઈએ.

## ૧૫.૧૧ ક્રિયાત્મક સંશોધનના સોપાન :

- ક્રિયાત્મક સંશોધન દ્વારા વર્ગ સમસ્યાને ટૂંકાગાળામાં હલ કરવાનો પ્રયાસ થાય છે. ક્રિયાત્મક સંશોધન સફળ રીતે કરવા માટે નીચે જણાવેલ સોપાનો ધ્યાનમાં રાખવાં જરૂરી છે.

(૧) **સમસ્યા** (Problem) :

- ક્રિયાત્મક સંશોધનનો પ્રારંભ સમસ્યાને ઓળખવાથી થાય છે, જ્યાં સુધી સમસ્યાને ઓળખી શકાય નહીં ત્યાં સુધી તેનું કાર્ય આગળ વધી શકે નહીં. ઘણીવાર શાળાઓમાં યંત્રવત્ કાર્ય થતું હોય છે, તેથી જ્યાં સુધી કાર્યમાં કોઈ વિઘ્ન આવે નહીં ત્યાં સુધી સમસ્યાને ઓળખવાનો પ્રયત્ન થતો નથી, સામાન્ય રીતે ''વર્ગમાં નિષ્ક્રિય રહેતા વિદ્યાર્થીઓ'' ઘરકામ નહીં લાવતા વિદ્યાર્થીઓ જેવી સમસ્યાઓ''માંથી ગમે તે સમસ્યા લઈ શકાય નહિ. સમસ્યા સ્પષ્ટ હોવી જોઈએ. ઉપરથી સમસ્યા કઈ શ્રેણીમાં કયા વિષય માટે છે એનો ખ્યાલ આમાંથી આવતો નથી
- દા.ત. – ધોરણ ૧૧ના વિદ્યાર્થીઓ મનોવિજ્ઞાનમાં સ્વાધ્યાય કાર્ય કરી લાવતા નથી.
- સમસ્યા એટલે ક્રિયાત્મક સંશોધનનો વિષય. સમસ્યાનું રૂપ સાદું અને સ્પષ્ટ હોવું જોઈએ.

(૨) **સમસ્યાક્ષેત્ર** (Problem Area) :

- સમસ્યા વિધાન કર્યા પછી પણ સંશોધનકાર સંશોધનના હેતુની સ્પષ્ટતા માટે અને કાર્યક્રમની સુગમતા અને સઘનતા માટે સમસ્યા ક્ષેત્ર નક્કી કરે છે.
- સમસ્યા વર્ગ પૂરતી છે, વિષય પૂરતી છે, એક વિદ્યાર્થી માટે છે, સમગ્ર માટે છે, એક વિષયાંગ માટે છે, કયા ધોરણ માટે છે, કઈ શાળા માટે છે, વગેરે તેનું ક્ષેત્ર થયું ગણાય.
- દા.ત. – જિલ્લો, તાલુકો, શહેર, શાળા, ધોરણ, વર્ગ, વિષય, સમય વગેરે બાબતો

(૩) **સમસ્યાનાં સંભવિત કારણો** (Problem Causes) **:**

- સમસ્યા અને સમસ્યાક્ષેત્ર નક્કી કર્યા પછી શિક્ષક સમસ્યાનાં સંભવિત કારણો નક્કી કરે છે પોતાના અનુભવો અને દરરોજનાં અવલોકનો પરથી આ કારણો નક્કી કરવામાં આવે છે, જ્યારે પણ સમસ્યા ઊભી થાય ત્યારે માનવીની સહજવૃત્તિએ સમસ્યાના શક્ય કારણો કયાં હોઈ શકે એવું વિચારવાની હોય છે.

- કયા કારણસર સમસ્યા ઉત્પન્ન થઈ છે, તેની યાદી તૈયાર કરવાની હોય છે. શિક્ષક સમસ્યાને સ્પર્શતા વિચારો, પ્રશ્નો, કારણો વિચારે અને યાદી તૈયાર કરે, યાદી બહુ મોટી નહીં તેમજ બહુ નાની પણ ના હોવી જોઈએ.
- દા.ત. – ઘરમાં ટેબલ પર બેસીને વાંચતી વખતે એકાએક લાઈટ બંધ થાય તો તરત જ આવું વિચારવા પ્રેરાઈએ છીએ.

* આખા મહોલ્લામાં કે શહેરમાં લાઈટ ગઈ હોય

★ ફયુઝ ઊડી ગયો હોય

★ લેમ્પ શોટ થઈ ગયો હોય

★ કોઈકે મેઈન સ્વિચ બંધ કરી હોય

★ વર્ગખંડમાં ઊભી થયેલી સમસ્યાક્ષેત્રના સંભવિત કારણોને નીચે જેવા કોઠામાં દર્શાવી શકાય.

| ક્રમ | સંભવિત કારણો | કારણોનો આધાર શો છે ? | | શિક્ષક એમાં કંઈ કરી શકે ? | | પ્રથમ શું કરવું તેનું મહત્વ દર્શાવતો અગ્રતાક્રમ |
|---|---|---|---|---|---|---|
| | | હકીકત | ધારણા | હા | ના | |
| | | | | | | |

**(૪) પાયાની જરૂરી માહિતી** (Baseline Data) **:**

- સમસ્યાનાં સંભવિત કારણો નક્કી કર્યા પછી તે હકીકત કે ધારણા છે તે નક્કી કરવા જરૂરી માહિતી એકત્ર કરવી પડે છે. આવી પાયાની માહિતી મેળવવા મુખ્યત્વે નીચે મુજબ માર્ગ અપનાવી શકાય.

  – મુલાકાત – પ્રશ્નાવલિ – અવલોકન

**(૫) ઉત્કલ્પનાઓ (Hypothesis) :**

- સમસ્યાનાં સંભવિત કારણો પરથી શિક્ષક એ કારણો દૂર કરવા માટે જે ઉપાય વિચારે તે થઈ શિક્ષકની ઉત્કલ્પના. ઉત્કલ્પના સાચી છે કે ખોટી તેની ચકાસણી પણ કરવી પડે અને સાચીને મહત્ત્વ આપવું તે થયું ઉત્કલ્પનાનું પરીક્ષણ.

૧) શેરીની લાઈટ તો ચાલુ છે એટલે ઘર પૂરતી જ આ સમસ્યા મર્યાદિત છે

૨) ઘરના બીજા રૂમોમાં પણ લાઈટ નથી એટલે મારા રૂમનો જ લેમ્પ શોટ થઈ ગયો હોય એવી સંભાવના ઓછી છે.

૩) ઘરના બીજાં માણસોને પૂછતાં ખબર પડી કે મેઈન સ્વિચ કોઈએ બંધ કરી નથી.

૪) હવે ફયુઝ ઊડી ગયો એવી પૂરી સંભાવના છે.

- જો ફયુઝનો તાર જોડવામાં આવે તો લાઈટ શરૂ થાય. આ '' જો ............ તો'' વાળું વિધાન એ થઈ રાશ્વીની ઉત્કલ્પના.
- ઉત્કલ્પના એટલે કાલ્પનિક કક્ષાએ સમસ્યાનો ઉકેલ.

- સંશોધનની સરાણે ચઢયા પહેલાંની સંશોધકની માન્યતા, ધારણા, કલ્પના.

  સંભવિત કારણોનું પૃથક્કરણ કરતાં કેટલાંક કારણો એવાં માલૂમ પડે છે જેના નિવારણ અંગે શિક્ષક કાંઈ કરી શકે એમ નથી. આવાં કારણોનો ઉકેલ અન્ય કોઈ રીતે પણ શક્ય ન હોય તો આવાં કારણોને પડતાં મૂકી અન્ય કારણો જેમાં શિક્ષક પોતે કંઈ કરી શકે એમ હોય છે તે અંગેની ઉત્કલ્પનાઓ તેણે વિચારવી જોઈએ.

**(૬) પ્રયોગકાર્યની રૂપરેખા** (Action Plan) :

- ક્રિયાત્મક સંશોધનનું આ સૌથી વધુ મહત્ત્વનું સોપાન છે. આમાં કંઈક કરવાની વાત આવે છે, જે ઉકેલ વૈચારિક કક્ષાએ જડયો હોય તેનો અમલ અહીં શરૂ થાય છે. પ્રયોગ કાર્યની રૂપરેખા નીચેના પ્રશ્નો ધ્યાનમાં રાખી વિચારાય છે. સમસ્યા પ્રમાણે એમાં ઘટતા ફેરફારો થઈ શકે.

★ પાયાની માહિતી

★ કઈ કઈ માહિતી જરૂરી છે ?

★ કેટલો સમય જોઈશે ?

★ માહિતી કઈ રીતે મેળવવાની ?

★ કાર્યક્રમનું સમયપત્રક કેવું રાખીશું ?

★ હું શું કરું ? વિદ્યાર્થીઓ શું કરે ?

★ બીજાં શું કરે ?

- ટૂંકમાં સમય અને કાર્ય સાધનો ધ્યાનમાં રાખવા જોઈએ. ક્રિયાત્મક સંશોધનને અમલમાં મૂકવાની પ્રવિધિ જોઈએ. નીચેના કોઠા પરથી એનો ખ્યાલ આવશે.

| ઉત્કલ્પના ક્રમ | આપવાનો સમય | વાપરવાનાં કાર્ય સાધન | અપનાવવાની મૂલ્યાંકન પ્રવિધિ |
|---|---|---|---|
| | | | |

| ક્રમ | વિધાન | સહમત | અસહમત |
|---|---|---|---|
| | | | |

- ઉપરના કોઠા પ્રમાણે 'હા' વાળા વિધાન અંગે સંપૂર્ણ વાક્યમાં ફરી વિધાનો તૈયાર કરવા. આ વિધાનો અંગે વિદ્યાર્થીઓનો અભિપ્રાય મેળવી લેવો.

**(૭) મૂલ્યાંકન** (Evaluation) **:**

સંશોધન હોય ત્યાં મૂલ્યાંકન હોય જ. એ મૂલ્યાંકનની રીતમાં ફરે પડે, એના પ્રકારમાં ફેર પડે, પણ મૂલ્યાંકન તો હોવાનું જ. સમસ્યા નિવારવાના ઉપાયો વિચાર્યા, અમલમાં મૂક્યા પરંતુ તેમાં કેટલી સફળતા મળી તે નક્કી કરવું આવશ્યક છે. મૂલ્યાંકન પરથી ઉત્કલ્પના સાચા – ખોટાપણાની ચકાસણી થાય છે. રાશ્વી ફયુઝનો તર જોડે પછી જો લાઈટ ચાલુ થાય તો એની ઉત્કલ્પના સાચી હતી એમ કહી શકાય, જો એમ ન થાય તો એણે ઉત્કલ્પના બદલવી રહી. એક રીતે જોઈએ તો આમા સમગ્ર કાર્યક્રમનું મૂલ્યાંકન થઈ જાય છે. આ મૂલ્યાંકન ઘણી રીતે થઈ શકે. નીચેનામાંથી અનુકૂળ રીતનો ઉપયોગ કરી શકાય :

{૧} દેખીતો ફેરફાર

{૨} સરખામણી અને અનુમાન

{૩} અનુભવ અને પ્રતીતિ

{૪} ચાર્ટ તૈયાર કરીને

{૫} પ્રશ્નોત્તરી દ્વારા

{૬} મુલાકાત દ્વારા

{૭} શિક્ષકે બનાવેલી કસોટી દ્વારા

{૮} પ્રમાણિત કસોટી દ્વારા

{૯} એકથી વધુ શિક્ષકના અભિપ્રાય દ્વારા

{૧૦} અવલોકન દ્વારા

{૧૧} કોઠાના રૂપમાં

{૧૨} પરીક્ષારૂપે

{૧૩} વસ્તુલક્ષી કસોટીરૂપે જેને કોઈએ પ્રમાણિત કરી હોય.

**(૮) તારણ, પરિણામ અને અનુકાર્ય (Conclusion, Result and Follow-up work) :**

- મૂલ્યાંકન દ્વારા કેટલા પ્રમાણમાં સફળતા સાંપડી તે નક્કી થાય છે. જો સમસ્યા નિવારવામાં કોઈ કચાશ માલુમ પડે તો તે અંગેનું અનુકાર્ય પણ હાથ ધરી શકાય, સંશોધનમાં કેટલા પ્રમાણમાં સફળતા મળી તે અંગેનાં તારણો કાઢી તેની નોંધ લેવામાં આવે તો તે અન્ય શિક્ષક મિત્રોને પણ આ પ્રકારના સંશોધન માટે ઉપયોગી બને છે.
- મૂલ્યાંકન પરિણામ જ પ્રયોગની સફળતા વિષે ઘણું કહી જાય છે. આ પરિણામો અંગે શિક્ષકે થોડો સંયમ રાખવો જરૂરી છે. એ તો સાફ વાત છે કે સારા પરિણામથી શિક્ષક ઘણો રાજી થવાનો, એને જાહેર કરવાની ઈચ્છા એ રોકી ન જ શકે. જો પ્રયોગ કાર્ય અને મૂલ્યાંકન ચોકસાઈથી થયું હોય તો એમ કરવામાં વાંધો પણ નથી. આમ છતાં શિક્ષકે ક્રિયાત્મક સંશોધનની મર્યાદાઓ સમજી લેવી જોઈએ, એની વાસ્તવિકતા ગમે તેટલી હોય, વિસ્તાર મર્યાદિત જ રહેવાનો
- આગળના કોઠામાં દર્શાવ્યા પ્રમાણે વિદ્યાર્થીઓના અભિપ્રાય ઉપરથી માહિતીનું પૃથક્કરણ કરવામાં આવે છે. કરેલા પૃથક્કરણ ઉપરથી તેનું કારણ કાઢવામાં આવે છે.

## ૧૫.૧૨ નમૂનાની રૂપરેખા :

### સમસ્યા – ૧

**(૧) સમસ્યા :**

- કોઈ એક હાયર સેકન્ડરી શાળામાં ધોરણ ૧૧ ના ૨૦% વિદ્યાર્થીઓ સ્વાધ્યાય કાર્ય કરવામાં મૂંઝવણ અનુભવે છે.

**(૨) સમસ્યા ક્ષેત્ર :**

શહેર : – આણંદ

શાળા : – હાયર સેકન્ડરી હાઈસ્કૂલ

ધોરણ :– ૧૧

વર્ગ : – અ

જિલ્લો : – આણંદ      તાલુકો : – આણંદ

(૩) **સમસ્યાના સંભવિત કારણો :**

- ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં સ્વાધ્યાય કાર્ય એક ઉપયોગી અને અગત્યનું અંગ બની રહે છે. આજે શિક્ષણ વિસ્તાર એટલો બધો વધી રહ્યો છે કે શિક્ષક વર્ગમાં બધુ શીખવી શકે તેમ નથી, તેથી સ્વાધ્યાય કાર્યની દિશામાં વિદ્યાર્થીઓને વાળવાના રહે છે. સ્વાધ્યાય કાર્ય એ શાળાની શિસ્ત અને શાળાના વાતાવરણ સાથે સંબંધ ધરાવે છે. એ મૂંઝવતી સમસ્યા ઉકેલવા આ ક્રિયાત્મક સંશોધન હાથ ધર્યું છે જેને માટેનાં સંભવિત કારણો નીચે મુજબ લાગે છે. સંભવિત કારણ હકીકત છે કે ધારણા તે નક્કી કરવાની પ્રયુક્તિ આ પછી જણાવી છે. તે અંગે શિક્ષક કંઈ કરી શકે ? એ પ્રશ્નો જવાબ જો 'હા' હોય તો કઈ બાબત પ્રથમ હાથ ધરવી તે વિચારી તેને અગ્રતાક્રમ આપ્યો છે. શિક્ષક જેમાં કંઈ કરી શકે તેમ નથી તેને ક્રમ આપવાની કાંઈ જરૂર જણાતી નથી.

| ક્રમ | સંભવિત કારણો | કારણોનો આધાર શો છે ? | | શિક્ષક એમાં કંઈ કરી શકે ? | | પ્રથમ શું કરવું તેનું મહત્ત્વ દર્શાવતો |
|---|---|---|---|---|---|---|
| | | હકીકત | ધારણા | હા | ના | અગ્રતાક્રમ |
| ૧ | શિક્ષક સ્વાધ્યાય કાર્યની બરાબર સમજૂતી આપતા ન હોય. | √ | | √ | | ૧ |
| ૨ | શિક્ષક સ્વાધ્યાય કાર્ય અંગે સંદર્ભ પુસ્તકો અંગે માર્ગદર્શન આપતા ન હોય. | √ | | √ | | ૨ |
| ૩ | શાળામાં સંદર્ભ પુસ્તકોનો અભાવ હોય. | | √ | | √ | * |
| ૪ | શિક્ષકને સ્વાધ્યાય કાર્યમાં રસ ન હોય. | | √ | √ | | ૩ |
| ૫ | શિક્ષક આળસુ વૃત્તિના હોય. | √ | | √ | | ૪ |
| ૬ | સ્વાધ્યાયના પ્રશ્નો વિવિધતાવાળા ન હોય. | √ | | √ | | ૫ |
| ૭ | સ્વાધ્યાય વિદ્યાર્થીઓની કક્ષા પ્રમાણે ન હોય. | | √ | √ | | ૬ |
| ૮ | વિદ્યાર્થીઓ પાસે પૂરતા પ્રમાણમાં પુસ્તકો ન હોય. | | √ | | √ | * |
| ૯ | સ્વાધ્યાય કાર્યમાં થતી ભૂલો જણાવવામાં આવતી ન હોય. | √ | | √ | | ૭ |
| ૧૦ | સ્વાધ્યાય કાર્ય કરવા માટે પૂરતો સમય આપવામાં આવતો ન હોય. | √ | | √ | | ૮ |
| ૧૧ | શિક્ષકનો અવાજ બરાબર ન હોય. | √ | | √ | | ૯ |
| ૧૨ | શિક્ષક તરફ વિદ્યાર્થીઓને તિરસ્કાર હોય. | √ | | √ | | ૧૦ |
| ૧૩ | શિક્ષક ભેદભાવભર્યું વલણ અપનાવતા હોય. | √ | | √ | | ૧૧ |
| ૧૪ | શિક્ષકનો સ્વભાવ કડક હોય. | √ | | √ | | ૧૨ |
| ૧૫ | સ્વાધ્યાય કાર્યમાં આપેલ પ્રશ્નો વિદ્યાર્થીઓ સમજી શકતા ન હોય. | | √ | √ | | ૧૩ |
| ૧૬ | વિદ્યાર્થીઓ પર ઘરકામનું વધુ પડતું ભારણ હોય. | | √ | | √ | * |
| ૧૭ | સ્વાધ્યાય કાર્ય પ્રમાણમાં વધારે પડતું આપવામાં આવતું હોય. | √ | | √ | | ૧૪ |
| ૧૮ | સ્વાધ્યાય કાર્યની નિયમિત તપાસણી થતી ન હોય. | | √ | √ | | ૧૫ |

**(૪) પાયાની જરૂરી માહિતી :**

♦ સમસ્યાના સંભવિત કારણો જાણવા માટે પાયાની જરૂરી માહિતી જાણવી ખૂબ જરૂરી છે, તે માટે નીચેનાં સાધોનોનો ઉપયોગ કરી શકાય :

**〈૧〉 મુલાકાત :**

♦ મુલાકાત ક્રિયાત્મક સંશોધન કાર્યમાં સૌથી વધુ ઉપયોગી પ્રવિધિ છે. સંશોધક વિદ્યાર્થીઓની, શિક્ષકની, આચાર્યની વગેરેની સાથે આત્મીયતાથી બેસી, પ્રેમપૂર્ણ વ્યવહાર દ્વારા વિશ્વાસ સંપાદન કરીને વિચાર વિનિમય કરવા માટેની આ પ્રક્રિયા છે.

● અભ્યાસનાં સંભવિત કારણો નક્કી કરવા માટે મુલાકાત દ્વારા કેટલાંક કારણો જાણી શકાય છે, જેના દ્વારા ચોક્કસ માહિતી જાણવા મળે છે. વિદ્યાર્થીની મુલાકાત દ્વારા સ્વાધ્યાય કાર્ય અંગે મૂંઝવણના કેટલાંક કારણો જાણવા મળ્યાં.

**〈૨〉 અવલોકન :**

● ચાલુ શાળાએ શિક્ષક અને વિદ્યાર્થીઓના કાર્યનું અવલોકન કરવામાં આવે તો સ્વાધ્યાય કાર્યમાં મૂંઝવણ અંગેનાં કારણો જાણવા મળે. સ્વાધ્યાય કાર્યમાં મૂંઝવણ અંગે કેટલાંક કારણો અવલોકન દ્વારા જાણવા મળ્યાં.

**〈૩〉 પ્રશ્નાવલિ :**

♦ પ્રશ્નાવલિનો ઉપયોગ કરીને સ્વાધ્યાય કાર્યમાં મૂંઝવણ અંગે કારણો જાણવા મળ્યાં.

**〈૪〉 ઉત્કલ્પનાઓ :**

● શિક્ષક કાંઈ કરી શકે એમ છે તેથી તેમને લગતી ઉત્કલ્પનાઓ નીચે મુજબ વિચારી શકાય.

● **કારણ – ૧**

ϕ જો શિક્ષક સ્વાધ્યાય કાર્યની બરાબર સમજૂતી આપતા ન હોય તો,

{૧} શિક્ષક સ્વાધ્યાય કાર્યની બરાબર સમજૂતી આપે તો,

{૨} શિક્ષક સ્વાધ્યાય કાર્યની સમજૂતી સરળ ભાષામાં આપે તો આ કારણ નિવારી શકાય.

● **કારણ – ૨**

ϕ જો શિક્ષક સ્વાધ્યાય કાર્ય અંગે સંદર્ભ પુસ્તકો અંગે માર્ગદર્શન આપતા ન હોય તો,

{૧} શિક્ષક સ્વાધ્યાય કાર્ય અંગે સંદર્ભ પુસ્તકો અંગે જરૂરી માર્ગદર્શન આપે તો,

{૨} સ્વાધ્યાય કાર્ય અંગે સંદર્ભ પુસ્તકો વિદ્યાર્થીઓને પૂરાં પાડવામાં આવે તો આ કારણ નિવારી શકાય.

● **કારણ – ૩**

ϕ જો શિક્ષકને સ્વાધ્યાય કાર્યમાં રસ ન હોય તો,

{૧} શિક્ષક સ્વાધ્યાય કાર્યમાં રસ કેળવે તો,

{૨} આચાર્ય દ્વારા પ્રેરણા અને પ્રોત્સાહન પૂરાં પાડવામાં આવે તો આ કારણ નિવારી શકાય.

● **કારણ – ૪**

ϕ જો શિક્ષક આળસુ વૃત્તિના હોય તો,

{૧} શિક્ષક આળસુ વૃત્તિ દૂર કરે તો,

{૨} શાળા તરફથી શિક્ષકની આળસુ વૃત્તિ દૂર થાય તે માટેના પ્રયત્નો કરવામાં આવે તો, આ કારણ નિવારી શકાય.

● **કારણ – ૫**

ϕ જો સ્વાધ્યાયના પ્રશ્નો વિવિધતાવાળા ન હોય તો,

{૧} સ્વાધ્યાયના પ્રશ્નો વિવિધતાવાળા આપવામાં આવે તો,

{૨} સ્વાધ્યાયના પ્રશ્નો વ્યક્તિગત તફાવતને ધ્યાનમાં રાખી આપવામાં આવે તો, આ કારણ નિવારી શકાય.

● **કારણ – ૬**

ϕ જો સ્વાધ્યાય વિદ્યાર્થીઓની કક્ષા પ્રમાણે ન હોય તો,

{૧} સ્વાધ્યાયના પ્રશ્નો વિદ્યાર્થીઓની કક્ષા પ્રમાણે આપવામાં આવે તો,

{૨} સ્વાધ્યાયના પ્રશ્નો વ્યક્તિગત તફાવતોને ધ્યાનમાં રાખી આપવામાં આવે તો, આ કારણ નિવારી શકાય

● **કારણ –૭**

ϕ જો સ્વાધ્યાય કાર્યમાં થતી ભૂલો જણાવવામાં આવતી ન હોય તો,

{૧} સ્વાધ્યાય કાર્યમાં થતી ભૂલો જણાવવામાં આવે તો,

{૨} સ્વાધ્યાય કાર્યમાં થતી ભૂલો અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવે તો, આ કારણ નિવારી શકાય.

* **કારણ : ૮**

ϕ જો સ્વાધ્યાય કાર્ય કરવા માટે પૂરતો સમય આપવામાં આવતો ન હોય તો,

{૧} સ્વાધ્યાય કાર્ય કરવા માટે પૂરતો સમય આપવામાં આવે તો,

{૨} સ્વાધ્યાય કાર્ય કરવા આપતા પહેલા યોગ્ય માર્ગદર્શન આપવામાં આવે તો, આ કારણ નિવારી શકાય

● **કારણ : ૯**

ϕ જો શિક્ષકનો અવાજ બરાબર ન હોય તો,

{૧} શિક્ષક પોતાનો અવાજ બરાબર કરે તો,

{૨} શિક્ષક પોતાના અવાજ અંગેપૂરતી કાળજી લે તો આ કારણ નિવારી શકાય.

● **કારણ : ૧૦**

જો શિક્ષક તરફ વિદ્યાર્થીઓને તિરસ્કાર હોય તો,

{૧} શિક્ષક વિદ્યાર્થીઓના તિરસ્કારનાં કારણો જાણે તો,

{૨} શિક્ષક વિદ્યાર્થીઓ સાથે પ્રેમભર્યો વ્યવહાર કરે તો,

{૩} શાળા તરફથી પ્રવાસનું અયોજન કરવામાં આવે તો આ કારણ નિવારી શકાય.

* **કારણ : ૧૧**

જો શિક્ષક ભેદભાવભર્યું વલણ અપનાવતા હોય તો,

{૧} શિક્ષક ભેદભાવભર્યું વલણ ન રાખે તો,

{૨} શિક્ષક બધા વિદ્યાર્થીઓ સાથે પ્રેમભર્યો વ્યવહાર કરે તો આ કારણ નિવારી શકાય.

* **કારણ :૧૨**

જો શિક્ષકનો સ્વભાવ કડક હોય તો,

{૧} શિક્ષક બધા વિદ્યાર્થીઓ સાથે પ્રેમભર્યો વ્યવહાર કરે તો,

{૨} શિક્ષક પોતાનો સ્વભાવ સુધારે તો આ કારણ નિવારી શકાય.

**કારણ :૧૩**

ϕ જો સ્વાધ્યાય કાર્યમાં આપેલ પ્રશ્નો વિદ્યાર્થીઓ સમજી શકતા ન હોય તો,

{૧} પ્રશ્નો સરળ ભાષામાં આપવામાં આવે તો,

{૨} આપેલા સ્વાધ્યાયના પ્રશ્નો સમજાવવામાં આવે તો, આ કારણ નિવારી શકાય

**〈૬〉 મૂલ્યાંકન :**

★ ઉપર પ્રમાણે પ્રયોગકાર્ય કર્યા પછી પરિણામો જાણવા નીચે પ્રમાણે ઉપાયો હાથ ધરી શકાય :

{૧} સ્વાધ્યાય કાર્યની તપાસણી કરવી.

{૨} વિદ્યાર્થીઓની મુલાકાત લેવી અને તેમના વિચારો જાણવા.

{૩} અન્ય વિષય શિક્ષકોના અભિપ્રાયો મેળવવા.

{૪} ટૂંકી પ્રશ્નાવલિ આપી વિદ્યાર્થીઓઓના અભિપ્રાય જાણવા.

{૫} વિદ્યાર્થીઓના વાલીની મુલાકાત લેવી.

{૬} કસોટી દ્વારા

**〈૭〉 તારણ, પરિણામ અને અનુકાર્ય :**

ઉપર જણાવેલ મૂલ્યાંકન માહિતી એકત્ર કરી તે ઉપરથી તારણો કાઢવા નીચે પ્રમાણેના પ્રશ્નોના ઉત્તર શોધવા.

{૧} વિદ્યાર્થીઓ સ્વાધ્યાયકાર્ય નિયમિત લાવતા થયા ?

{૨} વિદ્યાર્થીઓઓ હવે સ્વાધ્યાયકાર્યમાં મૂંઝવણ અનુભવે છે ?

{૩} તેઓ સ્વાધ્યાયના પ્રશ્નો અંગે સમજ મેળવવા પ્રયત્ન કરે છે ખરા ?

{૪} સ્વાધ્યાય કાર્યમાં મોટા કે ન સમજાતા પ્રશ્નો અંગે માર્ગદર્શન મેળવવા પ્રયત્ન કરે છે ?

**〈૮〉 પ્રયોગકાર્યની રૂપરેખાઃ**

● પ્રયોગકાર્ય માટે નીચેની પ્રવિધિ અપનાવી શકાય :

| ક્રમ | વિધાન | સંમત | અસંમત |
|---|---|---|---|
| ૧ | શિક્ષક સ્વાધ્યાય કાર્યની બરાબર સમજ આપતા નથી. | 80 | h0 |
| ૨ | શિક્ષક સંદર્ભ પુસ્તકો અંગે જરૂરી માર્ગદર્શન આપતા નથી. | 75 | h5 |
| ૩ | શિક્ષક સ્વાધ્યાય કાર્યમાં રસ લેતા નથી. | 60 | 40 |
| ૪ | શિક્ષક વધુ પડતા આળસુ વૃત્તિના છે. | 70 | 30 |
| ૫ | શિક્ષક સ્વાધ્યાયના પ્રશ્નો વિવિધતાવાળા તૈયાર કરતાં નથી | 75 | h5 |
| ૬ | શિક્ષક સ્વાધ્યાયના પ્રશ્નો વિદ્યાર્થીઓની કક્ષા પ્રમાણે આપતાં નથી. | 80 | h0 |
| ૭ | સ્વાધ્યાય કાર્યમાં થતી ભૂલો અંગે શિક્ષક જણાવતાં નથી | 50 | 50 |
| ૮ | સ્વાધ્યાય કાર્ય કરવા અંગે શિક્ષક પૂરતો સમય આપતાં નથી. | 90 | 10 |
| ૯ | વર્ગમાં શિક્ષકનો અવાજ બરાબર હોતો નથી. | 60 | 60 |
| ૧૦ | શિક્ષક પ્રત્યે વિદ્યાર્થીઓને તિરસ્કાર છે. | 60 | 60 |
| ૧૧ | શિક્ષક વર્ગમાં ભેદભાવભર્યું વલણ અપનાવે છે. | 60 | 60 |
| ૧૨ | વર્ગમાં શિક્ષકનો સ્વભાવ કડક જોવા મળે છે. | 70 | 30 |

| | | | |
|---|---|---|---|
| ૧૩ | સ્વાધ્યાય કાર્યમાં આપેલ પ્રશ્નો વિદ્યાર્થીઓ સમજી શકતા નથી. | 50 | 40 |
| ૧૪ | સ્વાધ્યાય કાર્ય વધુ પડતું આપવામાં આવે છે. | 80 | h0 |
| ૧૫ | સ્વાધ્યાય કાર્યની નિયમિત તપાસણી થતી નથી. | 40 | 60 |

**〈૯〉 માહિતીનું પૃથક્કરણઃ**

- પ્રયોગકાર્ય ઉપરની માહિતીનું પૃથક્કરણ નીચે પ્રમાણે કરી શકાય :

| ક્રમ | વિધાન | સંમત % | અસંમત % | કુલ |
|---|---|---|---|---|
| ૧ | શિક્ષક સ્વાધ્યાય કાર્યની બરાબર સમજ આપતા નથી. | 80 | h0 | 100 |
| ૨ | શિક્ષક સંદર્ભ પુસ્તકો અંગે જરૂરી માર્ગદર્શન આપતા નથી. | 75 | h5 | 100 |
| ૩ | શિક્ષક સ્વાધ્યાય કાર્યમાં રસ લેતા નથી. | 60 | 40 | 100 |
| ૪ | શિક્ષક વધુ પડતા આળસુવૃત્તિના છે. | 70 | 30 | 100 |
| ૫ | શિક્ષક સ્વાધ્યાયના પ્રશ્નો વિવિધતાવાળા તૈયાર કરતા નથી | 75 | h5 | 100 |
| ૬ | શિક્ષક સ્વાધ્યાયના પ્રશ્નો વિદ્યાર્થીઓની કક્ષા પ્રમાણે આપતા નથી. | 80 | h0 | 100 |
| ૭ | સ્વાધ્યાય કાર્યમાં થતી ભૂલો અંગે શિક્ષક જણાવતા નથી | 50 | 50 | 100 |
| ૮ | સ્વાધ્યાય કાર્ય કરવા અંગે શિક્ષક પૂરતો સમય આપતા નથી. | 90 | 10 | 100 |
| ૯ | વર્ગમાં શિક્ષકનો અવાજ બરાબર હોતો નથી. | 60 | 60 | 100 |
| ૧૦ | શિક્ષક પ્રત્યે વિદ્યાર્થીઓને તિરસ્કાર છે. | 60 | 60 | 100 |
| ૧૧ | શિક્ષક વર્ગમાં ભેદભાવભર્યું વલણ અપનાવે છે. | 60 | 60 | 100 |
| ૧૨ | વર્ગમાં શિક્ષકનો સ્વભાવ કડક જોવા મળે છે. | 70 | 30 | 100 |
| ૧૩ | સ્વાધ્યાય કાર્યમાં આપેલ પ્રશ્નો વિદ્યાર્થીઓ સમજી શકતા નથી. | 50 | 40 | 100 |
| ૧૪ | સ્વાધ્યાય કાર્ય વધુ પડતું આપવામાં આવે છે. | 80 | h0 | 100 |
| ૧૫ | સ્વાધ્યાય કાર્યની નિયમિત તપાસણી થતી નથી. | 40 | 60 | 100 |

**〈૧૦〉 તારણો :**

- **કારણ – ૧**

ϕ શિક્ષક સ્વાધ્યાય કાર્યની બરાબર સમજ આપતાં નથી.

{૧} ૮૦ % વિદ્યાર્થીઓ આ વિધાન અંગે સંમત છે.

{૨} ૨૦ % વિદ્યાર્થીઓ આ વિધાન અંગે અસંમત છે.

- **કારણ – ૨**

ϕ શિક્ષક સંદર્ભ પુસ્તકો અંગે જરૂરી માર્ગદર્શન આપતાં નથી.

{૧} ૭૫ % વિદ્યાર્થીઓ આ વિધાન અંગે સંમત છે.

{૨} ૨૫ % વિદ્યાર્થીઓ આ વિધાન અંગે અસંમત છે.

- **કારણ – ૩**

ϕ શિક્ષક સ્વાધ્યાય કાર્યમાં રસ લેતાં નથી.

{૧} ૬૦ % વિદ્યાર્થીઓ આ વિધાન અંગે સંમત છે.

{૨} ૪૦ % વિદ્યાર્થીઓ આ વિધાન અંગે અસંમત છે.

- **કારણ – ૪**

ϕ શિક્ષક વધુ પડતા આળસુ વૃત્તિ છે.

{૧} ૭૦ % વિદ્યાર્થીઓ આ વિધાન અંગે સંમત છે.

{૨} ૩૦ % વિદ્યાર્થીઓ આ વિધાન અંગે અસંમત છે.

- **કારણ – ૫**

ϕ શિક્ષક સ્વાધ્યાયના પ્રશ્નો વિવિધતાવાળા તૈયાર કરતાં નથી.

{૧} ૭૫ % વિદ્યાર્થીઓ આ વિધાન અંગે સંમત છે.

{૨} ૨૫ % વિદ્યાર્થીઓ આ વિધાન અંગે અસંમત છે.

- **કારણ – ૬**

ϕ સ્વાધ્યાયના પ્રશ્નો વિદ્યાર્થીઓની કક્ષા પ્રમાણે આપતાં નથી.

{૧} ૮૦ % વિદ્યાર્થીઓ આ વિધાન અંગે સંમત છે.

{૨} ૨૦ % વિદ્યાર્થીઓ આ વિધાન અંગે અસંમત છે.

- **કારણ –૭**

ϕ સ્વાધ્યાય કાર્યમાં થતી ભૂલો અંગે શિક્ષક જણાવતાં નથી.,

{૧} ૫૦ % વિદ્યાર્થીઓ આ વિધાન અંગે સંમત છે.

{૨} ૫૦ % વિદ્યાર્થીઓ આ વિધાન અંગે અસંમત છે.

- **કારણ : ૮**

ϕ સ્વાધ્યાય કાર્ય કરવા માટે અંગે શિક્ષક પૂરતો સમય આપતાં નથી.

{૧} ૯૦ % વિદ્યાર્થીઓ આ વિધાન અંગે સંમત છે.

{૨} ૧૦ % વિદ્યાર્થીઓ આ વિધાન અંગે અસંમત છે.

- **કારણ : ૯**

ϕ વર્ગમાં શિક્ષકનો અવાજ બરાબર હોતો નથી.

{૧} ૪૦ % વિદ્યાર્થીઓ આ વિધાન અંગે સંમત છે.

{૨} ૬૦ % વિદ્યાર્થીઓ આ વિધાન અંગે અસંમત છે.

- **કારણ : ૧૦**

શિક્ષક તરફ વિદ્યાર્થીઓને તિરસ્કાર છે.

{૧} ૬૦ % વિદ્યાર્થીઓ આ વિધાન અંગે સંમત છે.

{૨} ૪૦ % વિદ્યાર્થીઓ આ વિધાન અંગે અસંમત છે.

- **કારણ : ૧૧**

શિક્ષક ભેદભાવભર્યું વલણ અપનાવે છે.

{૧} ૬૦ % વિદ્યાર્થીઓ આ વિધાન અંગે સંમત છે.

{૨} ૪૦ % વિદ્યાર્થીઓ આ વિધાન અંગે અસંમત છે.

- **કારણ :૧૨**

વર્ગમાં શિક્ષકનો સ્વભાવ કડક જોવા મળે છે.

{૧} ૭૦ % વિદ્યાર્થીઓ આ વિધાન અંગે સંમત છે.

{૨} ૩૦ % વિદ્યાર્થીઓ આ વિધાન અંગે અસંમત છે.

● **કારણ :૧૩**

સ્વાધ્યાય કાર્યમાં આપેલ પ્રશ્નો વિદ્યાર્થીઓ સમજી શકતાં નથી.

૧} ૫૦ % વિદ્યાર્થીઓ આ વિધાન અંગે સંમત છે.

૨} ૫૦ % વિદ્યાર્થીઓ આ વિધાન અંગે અસંમત છે.

● **કારણ :૧૪**

સ્વાધ્યાય કાર્ય વધારે પડતું આપવામાં આવે છે.

૧} ૮૦ % વિદ્યાર્થીઓ આ વિધાન અંગે સંમત છે.

૨} ૨૦ % વિદ્યાર્થીઓ આ વિધાન અંગે અસંમત છે.

● **કારણ :૧૫**

ϕ સ્વાધ્યાય કાર્યની નિયમિત તપાસણી થતી નથી.

{૧} ૪૦ % વિદ્યાર્થીઓ આ વિધાન અંગે સંમત છે.

{૨} ૬૦ % વિદ્યાર્થીઓ આ વિધાન અંગે અસંમત છે.

**સમસ્યા – ૨**

**દૂરવર્તી શિક્ષણમાં વિદ્યાર્થીઓ અભ્યાસમાં મૂંઝવણ અનુભવે છે.**

**શિક્ષણમાં ક્રિયાત્મક (Research in Education)**

**૧. પ્રસ્તાવના :**

- શિક્ષણ સંસ્થાઓને પોતાના દૈનિક કામકાજમાં અનેક પ્રકારની સમસ્યાઓનો સામનો કરવો પડે છે. શાળા સંચાલનના પ્રશ્નો, અભ્યાસક્રમ અંગેના પ્રશ્નો, પાઠયપુસ્તકો અંગેના પ્રશ્નો, પરીક્ષણ અને મૂલ્યાંકન અંગેના પ્રશ્નો, શાળાવ્યવસ્થા અંગેના પ્રશ્નો વગેરે અનેક પ્રકારના પ્રશ્નોનું વૈજ્ઞાનિક ઢબે નિરાકરણ લાવવામાં ક્રિયાત્મક સંશોધનની પદ્ધતિ અત્યંત ઉપયોગી બને છે.
- પોતાનું રોજબરોજનું કામ કરતાં જે નાના મોટા પ્રશ્નો ઉદ્‌ભવે તેનો ઉકેલ કાઢવા માટે કોઈ તજ્જ્ઞ પાસે દોડવાનું કોઈને પણ ન પાલવે. વ્યક્તિએ મોટાભાગના પ્રશ્નોનું નિરાકરણ પોતાની રીતે લાવવાનું હોય છે. માણસ પોતાની રીતે ઉકેલ લાવવાનો પ્રયત્ન કરે છે ત્યારે ક્રિયાત્મક સંશોધન ક્ષેત્રમાં પ્રવેશ કરે છે.
- દૂરવર્તી શિક્ષણમાં અભ્યાસમાં વિદ્યાર્થીઓને ઘણી બધી સમસ્યાઓનો સામનો કરવો પડે છે. સમસ્યા ઓછી બને તે માટેના પ્રયત્નો થવા જોઈએ.

**૨. ક્રિયાત્મક સંશોધનની સંકલ્પના :**

- ''વર્ગમાં શિક્ષણકાર્ય કરતાં કે શાળામાં વિદ્યાર્થીઓની પ્રવૃત્તિઓનું અવલોકન કરતાં શિક્ષક કેટલીક મૂંઝવણો અનુભવે છે. આ મૂંઝવણોનો મનોવૈજ્ઞાનિક રીતે અભ્યાસ કરી તેમનો ઉકેલ લાવવાનો ઉપયોગી માર્ગ તે ક્રિયાત્મક સંશોધન.''
- ક્રિયાત્મક સંશોધન એટલે ''શિક્ષકને તેના શિક્ષણ કાર્યમાં ચોક્કસ મુશ્કેલીઓ નડી, તે મુશ્કેલીના તે સમસ્યાના ઉકેલ માટે વૈજ્ઞાનિક ઢબે વિચારીને કામ કરવું તે.''
- ક્રિયાત્મક સંશોધન એ ''શિક્ષકનું સંશોધન છે. શિક્ષક માટેનું સંશોધન છે. શિક્ષકની હૈયાસૂઝની નીપજ છે. શિક્ષકની ક્રિયા મુખ્ય હોઈ તે શિક્ષક પોતાના શિક્ષણ કાર્યની સાથે કરી શકે છે.''
- સંશોધન કે જે સ્થાનિક સમસ્યા દ્વારા પ્રેરિત છે અને જે તે પરિસ્થિતિમાં માત્ર તે સમસ્યા ઉકેલવા પૂરતું મર્યાદિત છે તે ક્રિયાત્મક સંશોધન.''

- ક્રિયાત્મક સંશોધન એ શિક્ષકો, વહીવટદારો કે શિક્ષણશાસ્ત્રીઓ દ્વારા શાળા પ્રક્રિયામાં ગુણવત્તા સુધારણા માટેની સમસ્યાઓ ઉકેલવા માટે હાથ ધરાતું સંશોધન છે. એમાં હકીકત અને સિદ્ધાંત બંને સમાયેલાં હોઈ શકે છે.
- ક્રિયાત્મક સંશોધનનું વિશેષ લક્ષણ એ છે કે એનાં તારણો સંબંધિત જૂથ સિવાય લાગુ પડતાં નથી.

૩. **સમસ્યાના હેતુઓ :**

ક્રિયાત્મક સમસ્યાનો હેતુ નીચે મુજબ છે :

(૧) તાત્કાલિક સમસ્યાઓનો ઉકેલ લાવવાનો પ્રયાસ કરવો.

(૨) શાળાકીય વ્યવહારોને સુધારવા.

(૩) સંકુલ વાસ્તવિક માળખા સંબંધિત કાર્ય અને નિર્ણયો સુધારવા.

(૪) સેવાકાલીન પ્રશિક્ષણ દ્વારા શિક્ષકોને નવા કૌશલ્યો અને પદ્ધતિઓથી સજ્જ કરવા, શિક્ષકની વિશ્લેષણાત્મક શક્તિને તીક્ષ્ણ બનાવવી અને તેનું સ્વ જાગૃતતાનું સ્તર ઊંચું લાવવું.

(૫) વિશિષ્ટ પરિસ્થિતિમાં નિદાન પામેલી સમસ્યાઓનો ઉપચાર કરવો

(૬) નવા વિચાર અને પરિવર્તનનો વિરોધ કરનારા ચીલા – ચાલુ તંત્રમાં અધ્યયન – અધ્યાયનના નવા અભિગમો દાખલ કરવાં.

(૭) શૈક્ષણિક સંશોધક અને વ્યવસાયી વચ્ચેના નબળા પ્રત્યાયનને સુધારવું.

(૮) વર્ગ શિક્ષણની સમસ્યાને પસંદગીયુક્ત રીતે ઉકેલવી.

(૯) શાળાની રોજીંદી સમસ્યાઓનો વૈજ્ઞાનિક રીતે અભ્યાસ કરવો.

(૧૦) શાળા આચાર્ય તથા શિક્ષણગણને શૈક્ષણિક સંશોધનમાં ભાગ લેતાં કરવા.

(૧૧) સમસ્યાઓ પર વિચાર કરી શાળાના કાર્યમાં પ્રગતિ આણવી.

(૧૨) આચાર્ય તથા શિક્ષકો વૈજ્ઞાનિક દૃષ્ટિ કેળવે અને શૈક્ષણિક પરિસ્થિતિમાં પોતાની રૂચિ, પૂર્વગ્રહ, ઈત્યાદિથી પર રહીને નિર્ણયો લે.

(૧૩) આચાર્ય તથા શિક્ષકગણ પોતાના કાર્યમાં વધુ ચેતનશીલ, સંવેદનશીલ બને તથા પોતાના કાર્યની સુધારણા અને મૂલ્યાંકન વસ્તુલક્ષી રીત અપનાવે.

૪. **સમસ્યા :**

દૂરવર્તી શિક્ષણમાં વિદ્યાર્થીઓ અભ્યાસમાં મૂંઝવણ અનુભવે છે.

(કોઈ એક સેન્ટરમાં)

૫. **સમસ્યાક્ષેત્ર :**

શહેર – આણંદ

કૉલેજ – દૂરવર્તી શિક્ષણના વિદ્યાર્થીઓ

ધોરણ – ચાલતા બધાં જ અભ્યાસક્રમો

જિલ્લો– આણંદ

તાલુકો – આણંદ

ગામ– વિદ્યાનગર

૬. **પાયાની જરૂરી માહિતી :**

- સમસ્યાના સંભવિત કારણોની તપાસ કરવા માટે દૂરવર્તી શિક્ષણના વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખી માહિતી મેળવવામાં આવી. તેના માટે નીચેના સાધનનો ઉપયોગ કરવામાં આવ્યો.

(૧) **મુલાકાત :**

- વિદ્યાર્થીઓની મુલાકાત લઈને સમસ્યાની માહિતી મેળવવા પ્રયત્ન કરવામાં આવ્યો.

(૨) **અવલોકન :**

★ સ્થળ પર અવલોકન કરીને માહિતી મેળવવામાં આવી.

(૩) **પ્રશ્નાવલિ :**

★ સમસ્યાના સંભવિત કારણો માટે પ્રશ્નાવલિ તૈયાર કરીને બી. એડ. તથા અન્ય વિદ્યાર્થીઓ પાસેથી ભરાવીને માહિતી મેળવવામાં આવી.

(૪) **નમૂનાની સંખ્યા :**

- બી. એડ. કોલેજના ૧૦૦ તાલીમાર્થી પસંદ કરવામાં આવ્યાં તથા અન્ય વિદ્યાર્થીઓ પાસેથી માહિતી મેળવી.

૭. **સમસ્યાના સંભવિત કારણો :** (Problem Cause)

| ક્રમ | સંભવિત કારણો | કારણોનો આધાર શો છે ? | | શિક્ષક એમાં કંઈ કરી શકે ? | | પ્રથમ શું કરવું તેનું મહત્ત્વ દર્શાવતો અગ્રતાક્રમ |
|---|---|---|---|---|---|---|
| | | હકીકત | ધારણા | હા | ના | |
| ૧ | વિદ્યાર્થીઓને અભ્યાસના સેન્ટરની માહિતીની ખબર ન હોય. | √ | | √ | | ૧ |
| ૨ | વિદ્યાર્થીઓની આર્થિક પરિસ્થિતિ નબળી હોય. | | √ | | | ૨ |
| ૩ | દૂરવર્તી શિક્ષણના સેન્ટર પર સંચાલકની અનિયમિત હાજરી હોય. | √ | | | √ | ૩ |
| ૪ | વિદ્યાર્થીઓ દૂરના સ્થળે રહેતા હોય. | √ | | | √ | ૪ |
| ૫ | વિદ્યાર્થીને દૂરના સ્થળેથી સેન્ટર સુધી આવવા માટે ટાઈમસર વ્યવસ્થા મળતી ન હોય. | √ | | | √ | ૫ |
| ૬ | સેન્ટર ખૂલવાનો અને બંધ કરવાનો સમય અનિયમિત હોય | √ | | √ | | ૬ |
| ૭ | સેન્ટરના સંચાલક આળસુ હોય. | | √ | √ | | ૭ |
| ૮ | સેન્ટર પર લાયબ્રેરીની વ્યવસ્થા ન હોય. | √ | | | | ૮ |
| ૯ | સેન્ટર પર લાયબ્રેરીમાં પૂરતા સંદર્ભ પુસ્તકો ન હોય. | √ | | | | ૯ |
| ૧૦ | સેન્ટર પર લાયબ્રેરીમાં પૂરતા સંદર્ભ પુસ્તકો આપવા લેવાની વ્યવસ્થા ન હોય. | √ | | | √ | ૧૦ |
| ૧૧ | સેન્ટર પર લાયબ્રેરીમાં પૂરતા સંદર્ભ પુસ્તકો અવ્યવસ્થિત ગોઠવેલા હોય. | √ | | | √ | ૧૧ |
| ૧૨ | સેન્ટર મોટા ભાગે બંધ જ રહેતું હોય. | √ | | | √ | ૧૨ |
| ૧૩ | સેન્ટર નિયમિત રીતે કાર્ય કરે છે કે કેમ તેની ચકાસણી થતી ન હોય. | √ | | | √ | ૧૩ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૪ | સેન્ટરમાં ખર્ચના બજેટ અંગે અનિયમિતતા હોય. | √ | | | √ | ૧૪ |
| ૧૫ | સ્થળ સંચાલકન પૂરતું મહેનતાણું આપવામાં આવતું ન હોય. | √ | √ | | √ | ૧૫ |
| ૧૬ | સેન્ટરની જગ્યા નાની હોય. | √ | | | √ | ૧૫ |
| ૧૭ | સેન્ટર પર બેઠક વ્યવસ્થા બરાબર ન હોય. | √ | | | √ | ૧૬ |
| ૧૮ | સેન્ટર પર અભ્યાસક્રમને લગતું મટીરીયલ મળતું ન હોય. | √ | | √ | | ૧૮ |
| ૧૯ | સેન્ટર પર જરૂરી માર્ગદર્શન આપવામાં આવતું ન હોય. | √ | | √ | | ૧૯ |
| ૨૦ | વિદ્યાર્થીઓને ઘરની જવાબદારી સંભાળવી પડતી હોય. | √ | | | √ | ૨૦ |
| ૨૧ | સંચાલકનો સ્વભાવ કડક હોય. | | √ | √ | | ૨૧ |
| ૨૨ | વિદ્યાર્થીઓને પરીક્ષાના માળખાની ખબર ન હોય. | | √ | √ | | ૨૨ |
| ૨૩ | પરીક્ષાનું પરિણામ ઓછું આવે તેવું માનતા હોય. | | √ | √ | | ૨૩ |

**૮. પ્રયોગકાર્યની રૂપરેખા :**

| ઉત્કલ્પના ક્રમ | આપવાનો સમય | વાપરવાના કાર્ય સાધન | અપનાવવાની મૂલ્યાંકન પ્રવિધિ |
|---|---|---|---|
| ૧ | ૧ માસ | વિદ્યાર્થીઓને અભ્યાસના સેન્ટરની જાહેરાત કરવામાં આવે. | અવલોકન |
| ૨ | પ્રસંગોપાત | વિદ્યાર્થીઓની આર્થિક મદદ કરવી. | અવલોકન |
| ૩ | હંમેશાં | સંચાલક હાજર રહે તેવી વ્યવસ્થા કરવી. | અવલોકન |
| ૪ | પ્રસંગોપાત | બસની વ્યવસ્થા વધે તેવા પ્રયત્નો કરવા. | અવલોકન |
| ૫ | પ્રસંગોપાત | બસની વ્યવસ્થા વધે તેવા પ્રયત્નો કરવા. | અવલોકન |
| ૬ | હંમેશાં | સેન્ટરનો સમય નક્કી કરવો | મુલાકાત |
| ૭ | ૨ કલાક | સેન્ટરના સંચાલકને સમજ આપવામાં આવે. | અવલોકન |
| ૮ | હંમેશાં | લાયબ્રેરીની વ્યવસ્થા કરવી. | મુલાકાત |
| ૯ | ૧ દિવસ | સેન્ટર પર લાયબ્રેરીમાં પૂરતા સંદર્ભ પુસ્તકોની વ્યવસ્થા કરવી. | અવલોકન |
| ૧૦ | ૧ માસ | વ્યવસ્થા ગોઠવવી. | મુલાકાત |
| ૧૧ | ૧ વીક | પુસ્તકો વિષય પ્રમાણે ગોઠવવા. | મુલાકાત |
| ૧૨ | ૧ વીક | સેન્ટર ખુલ્લું રહે તેવી વ્યવસ્થા કરવી. | મુલાકાત |
| ૧૩ | ૧ વીક | નિયમિત ચકાસણી થાય તેવી વ્યવસ્થા કરવી. | મુલાકાત |
| ૧૪ | ૧ દિવસ | નિયમિત બજેટ મળે તે માટે પત્ર વ્યવહાર કરવો. | મુલાકાત |
| ૧૫ | ૨ દિવસ | વધુ મહેનતાણા માટે પત્ર વ્યવહાર કરવો. | મુલાકાત |
| ૧૬ | ૧ દિવસ | મોટા સેન્ટર માટે વ્યવસ્થા કરવી. | મુલાકાત |
| ૧૭ | ૧ વીક | બેઠક વ્યવસ્થા યોગ્ય કરવી. | અવલોકન |

| ઉત્કલ્પના ક્રમ | આપવાનો સમય | વાપરવાના કાર્ય સાધન | અપનાવવાની મૂલ્યાંકન પ્રવિધિ |
|---|---|---|---|
| ૧૮ | ૨ વીક | સેન્ટર પર અભ્યાસક્રમનું મટીરીયલ મળે તેવી વ્યવસ્થા કરવી. | મુલાકાત |
| ૧૯ | ૧ માસ | વધુ મહેનતાણા માટે પત્ર વ્યવહાર કરવો. | મુલાકાત |
| ૨૦ | ૨ વીક | વાલીને મુલાકાત દ્વારા સમજ આપવી. | મુલાકાત |
| ૨૧ | ૧ વીક | સ્વભાવ સુધારવા સમજ આપવી. | મુલાકાત |
| ૨૨ | ૧ વીક | પરીક્ષાના માળખાની સમજ આપવી. | મુલાકાત |
| ૨૩ | ૨ માસ | પરિણામ સારું આવે તેવા પ્રયત્નો કરવા. | મુલાકાત |

**૯. મૂલ્યાંકન : (Evaluation)**

- સંશોધન હોય ત્યાં મૂલ્યાંકન હોય જ. એ મૂલ્યાંકનની રીતમાં ફેર પડે, એના પ્રકારમાં ફેર પડે, પણ મૂલ્યાંકન તો હોવાનું જ. સમસ્યા નિવારણના ઉપાયો વિચાર્યા, અમલમાં મૂક્યા પરંતુ તેમાં કેટલી સફળતા મળી તે નક્કી કરવું આવશ્યક છે. મૂલ્યાંકન માટે અનુકૂળ રીતનો ઉપયોગ કરી શકાય :

(૧) સેન્ટરની મુલાકાત લેવી.

(૨) સેન્ટર ખુલવાનો અને બંધ કરવાનો સમય નક્કી કરેલ હોય તેની ચકાસણી કરવી.

(૩) લાયબ્રેરીમાં સંદર્ભ પુસ્તકો ગોઠવાયેલ છે કે કેમ તેની મુલાકાત લઈ ચકાસણી કરવી.

(૪) બેઠક વ્યવસ્થામાં ફેરફાર થયો કે કેમ તેની મુલાકાત લઈ ચકાસણી કરવી.

(૫) વિદ્યાર્થીઓની મુલાકાત લેવી, સેન્ટરની માહિતી મેળવવી.

(૬) વાલી મુલાકાત લેવી – માહિતી મેળવવી.

(૭) સંચાલકની મુલાકાત લઈ માહિતી મેળવવી.

(૮) વિદ્યાર્થીઓના પરિણામની ચકાસણી કરવી, પરિણામમાં સુધારો થયો કે કેમ? તે જાણવું.

(૯) બસની વ્યવસ્થામમાં વધારો થયો કે કેમ તેની માહિતી મેળવવી.

**૧૦. તારણ, પરિણામ અને અનુકાર્ય :**

- ઉપર જણાવેલ મૂલ્યાંકન કરી માહિતી એકત્ર કરી તે ઉપરથી તારણો કાઢવા નીચેના પ્રશ્નોના ઉત્તર શોધવા :

(૧) સેન્ટર નિયમિત ખુલે છે ?

(૨) વિદ્યાર્થીઓ અભ્યાસમાં હવે મૂંઝવણ અનુભવે છે ?

## ૧૫.૧૩ સારાંશ : Let us sum up

★ વર્ગમાં શિક્ષણકાર્ય કરતાં કે શાળામાં વિદ્યાર્થીઓની પ્રવૃત્તિઓનું અવલોકન કરતાં શિક્ષક કેટલીક મૂંઝવણો અનુભવે છે, આ મૂંઝવણનો મનોવૈજ્ઞાનિક રીતે અભ્યાસ કરી તેમનો ઉકેલ લાવવાનો ઉપયોગી માર્ગ તે ક્રિયાત્મક સંશોધન.'

★ ક્રિયાત્મક સંશોધનનું ખૂબ જ મહત્ત્વ રહેલું છે. વર્ગખંડની શાળાની વિવિધ સમસયાઓનો વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ કરવાનું શક્ય બને છે. ક્રિયાત્મક સંશોધન દ્વારા શિક્ષણકાર્ય સારું અને અસરકારક બનાવી શકાય છે.

★ શાળાનું પરિણામ પણ સુધારી શકાય છે. શાળાનું વાતાવરણ ઉત્તમ પ્રકારનું બનાવી શકાય છે.

★ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ કરવામાં ઉપયોગી બને છે.

★ જ્યારે કોઈ પણ સમસ્યા ઊભી થાય ત્યારે સમસ્યાનાં સંભવિત કારણો શોધવામાં આવે છે, કારણો ઉપરથી ક્રિયાત્મક સંશોધન સોપાનોને ધ્યાનમાં રાખી હાથ ધરવામાં આવે છે. આ માટે શિક્ષક સક્રિય હોવા જોઈએ તો જ સફળ બની શકે છે.

## ૧૫.૧૪ એકમ સ્વાધ્યાય : (Unit Exercises)

**૧. મુદ્દાસર ઉત્તર આપો :**

(૧) ક્રિયાત્મક સંશોધન એટલે શું ? તેનું મહત્ત્વ જણાવો.

(૨) ક્રિયાત્મક સંશોધનના હેતુઓ જણાવો.

(૩) ક્રિયાત્મક સંશોધનનો ઉપયોગ જણાવો.

(૪) ક્રિયાત્મક સંશોધનની શરતો જણાવો.

(૫) ક્રિયાત્મક સંશોધનની મર્યાદાઓ જણાવો.

(૬) ક્રિયાત્મક સંશોધનના સોપાન જણાવો.

(૭) ક્રિયાત્મક સંશોધન માં કોઈ એક સમસ્યા લઈ નોંધ તૈયાર કરો.

**૨. ટૂંકમાં ઉત્તર આપો :**

(૧) ક્રિયાત્મક સંશોધન એટલે શું ?

(૨) ક્રિયાત્મક સંશોધનની બે મહત્ત્વની બાબતો જણાવો.

(૩) ક્રિયાત્મક સંશોધનની બે શરત જણાવો.

(૪) ક્રિયાત્મક સંશોધનની બે મર્યાદાઓ જણાવો.

(૫) ક્રિયાત્મક સંશોધનના બે સોપાન જણાવો.

(૬) ક્રિયાત્મક સંશોધનની કોઈ બે સમસ્યાઓ જણાવો.

**૧૫. તમારી પ્રગતિ ચકાસો :**

(૧) ક્રિયાત્મક સંશોધન એટલે શું ?

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

(૨) ક્રિયાત્મક સંશોધનના હેતુઓ જણાવો.

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

(૩) ક્રિયાત્મક સંશોધનનું મહત્ત્વ જણાવો. (કોઈ પણ ત્રણ)

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

(૪) ક્રિયાત્મક સંશોધનના ઉપયોગના ત્રણ મુદ્દા જણાવો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

(૫) ક્રિયાત્મક સંશોધન ક્યારે ઉચિત ગણાય ?

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

(૬) ક્રિયાત્મક સંશોધન કયા કયા ?

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

(૭) ક્રિયાત્મક સંશોધનની શરતો (કોઈ પણ ત્રણ)

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

(૮) ક્રિયાત્મક સંશોધનની મર્યાદા (કોઈ પણ ત્રણ)

..............................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

(૯) ક્રિયાત્મક સંશોધનના સોપાન જણાવો. (કોઈ પણ ચાર)

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

## ૧૫.૧૬ તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો : Answers to check your progress

**(૧) ક્રિયાત્મક સંશોધન એટલે શું ?**

★ પૂર્વગ્રહ કે પક્ષપાત વગર વૈજ્ઞાનિક અને પરલક્ષી દૃષ્ટિથી જે સંશોધનો, પ્રશ્નોના કે કોયડાઓના ઉકેલ માટે થાય તેને ક્રિયાત્મક સંશોધન કહી શકાય.

**(૨) ક્રિયાત્મક સંશોધનના હેતુઓ :**

★ તાત્કાલિક સમસ્યાનો ઉકેલ લાવવાનો પ્રયાસ કરવો.

★ શાળાકીય વ્યવહારોને સુધારવા

★ સંકુલ વાસ્તવિક માળખા સંબંધિત કાર્યો અને નિર્ણયો સુધારવા

★ શિક્ષકોને નવા કૌશલ્યોથી સજ્જ કરવા

★ પદ્ધતિઓથી સજ્જ કરવા

★ શિક્ષકની જાગૃતતા વધારવી

**(૩) ક્રિયાત્મક સંશોધનનું મહત્ત્વ :**

★ વર્ગખંડની શાળાની વિવિધ સમસ્યાઓનો વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ કરવા.

★ સમસ્યાનો ઉકેલ લાવવા

★ શિક્ષણકાર્ય વધુ અસરકારક બનાવવા

**(૪) ક્રિયાત્મક સંશોધનના ઉપયોગ :**

★ વર્ગશિક્ષણની સમસ્યા ઉકેલવા

★ સ્થાનિક પરિસ્થિતિની હાલ તુરતની સમસ્યા ઉકેલવા

★ સમસ્યાનું નિદાન કરવા

**(૫) ક્રિયાત્મક સંશોધન ક્યારે ઉચિત ગણાય ?**

★ પ્રગતિના અવલોકન માટે

★ પ્રવર્તમાન તંત્રમાં કોઈક નવીન અભિગમ દાખલ કરવાનો હોય ત્યારે

★ ચાલુ તંત્રમાં પ્રતિપુષ્ટિ આપવા

- ★ વિશિષ્ટ પરિસ્થિતિમાંની વિશિષ્ટ સમસ્યા માટે વિશિષ્ટ જ્ઞાનની જરૂર પડે ત્યારે

**(૬) ક્રિયાત્મક સંશોધન કયા કયા ?**

- ★ અધ્યયન વ્યૂહ રચનાઓ રચવા
- ★ મૂલ્યાંકન પદ્ધતિઓમાં સુધારણા કરવા
- ★ વલણો વિકસાવવા
- ★ મૂલ્યોમાં પરિવર્તન લાવવા
- ★ સેવાકાલીન વિકાસ સાધવા
- ★ વ્યવસ્થાપન અને નિયંત્રણ કરવા
- ★ વહીવટી સક્ષમતા વધારવા
- ★ નવીન શિક્ષણ પદ્ધતિથી કાર્ય કરવા

**(૭) ક્રિયાત્મક સંશોધનની શરતો :**

- ★ સમસ્યા સાદી અને તેનું ક્ષેત્ર મર્યાદિત હોવું જોઈએ.
- ★ શાળાના અન્ય શિક્ષકોના કામમાં મુશ્કેલી ન આવવી જોઈએ.
- ★ ક્રિયાત્મક સંશોધનના પરિણામે કોઈ ખોટા ખ્યાલો બંધાવા ન જોઈએ.

**(૮) ક્રિયાત્મક સંશોધનની મર્યાદા :**

- ★ સંશોધન માટે હજી વાતાવરણ જામ્યું નથી.
- ★ લાંબો અભ્યાસક્રમ.
- ★ સંશોધન કરવા ખાતર જ કરવામાં આવે છે.

**(૯) ક્રિયાત્મક સંશોધનના સોપાન :**

- ★ સમસ્યા
- ★ સમસ્યાક્ષેત્ર
- ★ સમસ્યાના સંભવિત કરણો
- ★ પાયાની જરૂરિયાત
- ★ ઉત્કલ્પનાઓ
- ★ પ્રયોગકાર્યની રૂપરેખા
- ★ મૂલ્યાંકન
- ★ તારણ, પરિણામ અને અનુકાર્ય

## ૧૫.૧૭ સૂચિત વાંચન સામગ્રી (Suggested Readings)


૧. બારૈયા વી.વી. : શિક્ષણમાં પ્રાયોગિક કાર્ય, પ્રતીક પ્રકાશન, આણંદ

૨. બારૈયા વી.વી. તથા અન્ય : અર્થશાસ્ત્ર શિક્ષણ પદ્ધતિ, પ્રતીક પ્રકાશન, આણંદ

૩. પટેલ મોતીભાઈ એમ. તથા અન્ય : ભૂગોળ અધ્યાપનનું પરિશીલન, બી. એસ. શાહ પ્રકાશન, અમદાવાદ

એકમ 16

# સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં પ્રયુક્તિઓ

## : રૂપરેખા :


૧૬.૦ ઉદ્દેશો

૧૬.૧ પ્રસ્તાવના

૧૬.૨ પ્રયુક્તિ એટલે શું ?

૧૬.૩ પ્રયુક્તિઓનું મહત્ત્વ

૧૬.૪ સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં વિવિધ પ્રયુક્તિઓ

૧૬.૫ ક્ષેત્રકાર્ય

(૧) પ્રસ્તાવના

(૨) ક્ષેત્રકાર્ય વખતે ધ્યાનમાં રાખવાની બાબતો

(૩) ક્ષેત્રકાર્યનું મહત્ત્વ

(૪) ક્ષેત્રકાર્ય અંગે પદ્ધતિ

૧૬.૬ મુલાકાત

(૧) પ્રસ્તાવના

(૨) અર્થ

(૩) ઉપયોગિતા

(૪) મુલાકત ગોઠવી શકાય તેવા સ્થળો

(૫) તમારા વિસ્તારમાં આવેલ ઔદ્યોગિક કંપનીની મુલાકાતનું આયોજન કેવી રીતે કરશો ?

(૬) શિક્ષક દ્વારા મુલાકાત લેતી વખતે વિદ્યાર્થીઓએ કઈ કઈ બાબતનીજાણકારી મેળવી તે અંગે જણાવશો.

૧૬.૭ પ્રશ્ન પ્રયુક્તિ

(૧) પ્રસ્તાવના

(૨) પ્રશ્ન પ્રયુક્તિના ઉદ્દશો

(૩) કેવા પ્રશ્ન પૂછવા

(૪) કેવા પ્રશ્ન ન પૂછવા

(૫) પ્રશ્ન પૂછવાની પ્રક્રિયા

(૬) પ્રશ્ન પ્રયુક્તિના લાભ

(૭) પ્રશ્ન પ્રયુક્તિની મર્યાદાઓ

૧૬.૮ ઉદાહરણ પ્રયુક્તિ

(૧) પ્રસ્તાવના

(૨) પ્રયુક્તિનું મહત્ત્વ

(૩) ઉદાહરણ પ્રયુક્તિઓની મર્યાદાઓ

**૧૬.૯ કથન પ્રયુક્તિ**

(૧) **પ્રસ્તાવના**

(૨) **કથન પ્રયુક્તિનો અર્થ**

(૩) **કથન પ્રયુક્તિના ફાયદા**

(૪) **કથન પ્રયુક્તિની મર્યાદા**

(૫) **કથન પ્રયુક્તિને અસરકારક બનાવવાનાં સૂચનો**

**૧૬.૧૦ વર્ણન પ્રયુક્તિ**

(૧) **પ્રસ્તાવના**

(૨) **વર્ણન પ્રયુક્તિ એટલે શું ?**

(૩) **વર્ણન પ્રયુક્તિનું મહત્ત્વ**

(૪) **વર્ણન પ્રયુક્તિની મર્યાદાઓ**

(૫) **વર્ણન પ્રયુક્તિના ઉપયોગને અસરકારક બનાવવા ધ્યાનમાં લેવાની બાબતો**

**૧૬.૧૧ મોજણી**

(૧) **પ્રસ્તાવના**

(૨) **મોજણીનો અર્થ**

(૩) **મોજણીના ફાયદા**

(૪) **મોજણીની મર્યાદા**

(૫) **મોજણીના સોપાનો**

(૬) **મોજણી પદ્ધતિનો અમલ**

**૧૬.૧૨ સારાંશ**

**૧૬.૧૩ એકમ સ્વાધ્યાય**

**૧૬.૧૪ તમારી પ્રગતિ ચકાસો**

**૧૬.૧૫ તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો**

**૧૬.૧૬ સૂચિત વાંચન સામગ્રી**

---

## ૧૬.૦ ઉદ્દેશો : Objectives

- આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે ...

(૧) સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં પ્રયુક્તિનો અર્થ સમજી શકશો.

(૨) સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં પ્રયુક્તિઓનું મહત્ત્વ સમજી શકશો.

(૩) સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં ક્ષેત્રકાર્ય સમજી શકશો.

(૪) સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં મુલાકાત સમજી શકશો.

(૫) સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં પ્રશ્ન પ્રયુક્તિ વિશે સમજી શકશો.

(૬) સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં ઉદાહરણ પ્રયુક્તિ વિશે સમજી શકશો.


(૭) સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં કથન પ્રયુક્તિ વિશે સમજી શકશો.

(૮) સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં વર્ણન પ્રયુક્તિ વિશે સમજી શકશો.

(૯) સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં મોજણી વિશે સમજી શકશો.

## ૧૬.૧ પ્રસ્તાવના :

- ટેકનિક અંગ્રેજી શબ્દ છે. આનો અર્થ થાય છે કલાત્મક વસ્તુ નિર્માણ કરવાની રીત–પ્રક્રિયા, કલા–કૌશલ્ય. ગુજરાતીમાં પ્રયુક્તિ શબ્દ વપરાય છે.
- બાળ કેન્દ્રી શિક્ષણને સરળ બનાવવા માટે અનેક પદ્ધતિઓ આવી. આ પદ્ધતિનો ઉપયોગ કરવા માટે ચોક્કસ પગથિયાં હોય છે.
- શિક્ષણ કાર્ય કરવા અંગેનું આયોજનનું માળખું કંઈક અંશે પદ્ધતિ નક્કી કરી આપે છે, પરંતુ વર્ગમાં ગયા પછી આ પદ્ધતિ અનુસાર શિક્ષણને સફળ બનાવવાનું કાર્ય પ્રયુક્તિ દ્વારા થઈ શકે.
- જુદી જુદી પ્રયુક્તિઓનો ઉપયોગ સામાન્ય રીતે પદ્ધતિને વધુ અસરકારક અને રસવંતુ બનાવવા જ થતો હોય છે.
- ટૂંકમાં શિક્ષણ પ્રક્રિયાને સરસ, સરળ અને સહજ બનાવવા શિક્ષકે અધ્યાપન પ્રયુક્તિનો ઉપયોગ કરવો જોઈએ.
- **પ્રયુક્તિઓનું વર્ગીકરણ :**




- આમ અર્થની દૃષ્ટિએ જોતાં....
- અધ્યાપન–અધ્યયન દરમિયાન કલાત્મક રીતે શિક્ષણકાર્ય થાય તે માટેનું કલાકૌશલ્ય વિશિષ્ટ યુક્તિ કે કરામત તે જ પ્રયુક્તિ.
- પ્રયુક્તિના કારણે યોજેલી પદ્ધતિ વધારે અસરકારક બનાવી શકાય છે. શિક્ષણકાર્યને વધુ અસરકારક અને રસપ્રદ બનાવવા માટે પ્રયુક્તિઓ કે પ્રવિધિઓનો ઉપયોગ કરવામાં આવે છે.

## ૧૬.૨ પ્રયુક્તિ એટલે શું ? : (Meaning of Technique)

- અધ્યાપન–અધ્યયન દરિમયાન કલાત્મક રીતે શિક્ષણકાર્ય કાર્ય થાય તે માટે કલા કૌશલ્ય વિશિષ્ટ યુક્તિ કે કરામત તે જ પ્રયુક્તિ.
- પ્રયુક્તિ એટલે ટેકનિક.
- પ્રવિધિ એટલે ખાસ યુક્તિ, ખાસ કુશળતા, વિશિષ્ટ કૌશલ્યો.
- વાણિજ્ય શિક્ષણમાં વિવિધ પ્રયુક્તિઓનો ઉપયોગ થાય છે.
- દા.ત. –કથન પ્રયુક્તિ, પ્રશ્ન પ્રયુક્તિ, નાટ્ય પ્રયુક્તિ, દૃઢીકરણ પ્રયુક્તિ, ઉદાહરણ પ્રયુક્તિ વગેરે જેવી પ્રયુક્તિઓનો ઉપયોગ થાય છે.
- પ્રયુક્તિના ઉપયોગથી શીખેલી વસ્તુનું અર્થગ્રહણ અસરકારક રીતે થાય છે. શિક્ષણ પ્રક્રિયા રસપ્રદ, જીવંત અને અસરકારક બને છે. વિદ્યાર્થીઓ પ્રવૃત્તિશીલ રહે છે. શિક્ષણકાર્ય ચેતનવંતું બને છે. વિદ્યાર્થીઓને વૈવિધ્યપૂર્ણ શૈક્ષણિક અનુભવો પ્રાપ્ત થાય છે.

- વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ અનુભવો થતાં હોવાથી ગોખણપટ્ટીથી બચી જાય છે. વિષયવસ્તુનું સ્પષ્ટ સ્પષ્ટીકરણ થાય છે.
- આમ અર્થની દષ્ટિએ જોતાં :
– અધ્યાપન–અધ્યયન દરમિયાન કલાત્મક રીતે શિક્ષણકાર્ય થાય તે માટેનું કલા કૌશલ્ય વિશિષ્ટ યુક્ત કે કરામત તે જ પ્રયુક્તિ.
– પ્રયુક્તિના કારણે યોજેલી પદ્ધતિને વધારે અસરકારક બનાવી શકાય છે. શિક્ષણકાર્યને વધુ અસરકારક અને રસપ્રદ બનાવવા માટે પ્રયુક્તિઓ કે પ્રવિધિઓનો ઉપયોગ કરવામાં આવે છે.
- કેટલીક વખત પ્રવિધિ કે પ્રયુક્તિ એક જ અર્થમાં વપરાય છે, પણ એવું નથી. પ્રવિધિમાં નીચેની બાબતો આવે છે.

પ્રવિધિ (Device)

(૧) એજ્યુકેશનલ ટેક્નોલોજી

(૨) શૈક્ષણિક સાધનો

- પરંતુ વિશાળ અર્થમાં જોઈએ તો, અધ્યયન–અધ્યાપનની પ્રક્રિયામાં પદ્ધતિના જ એક ભાગ તરીકે પ્રવિધિ અને પ્રયુક્તિઓને ગણાવી શકીએ.
- શિક્ષણ અસરકારક રીતે આપી શકાય તે માટે અનેક પદ્ધતિઓ આવી. આમાં વિષયવસ્તુની ગોઠવણી રજૂઆતની બાબતો ક્રમિક આગળ વધવું તે માટે નિશ્ચિત પગથિયાં વગેરે આવે છે. અધ્યાપનનું આયોજન માળખું મોટેભાગે પદ્ધતિ નક્કી કરી આપે છે, પરંતુ જે તે પદ્ધતિ અનુસાર શિક્ષણને સફળ બનાવવા માટે પ્રયુક્તિઓ મહત્ત્વનો ભાગ ભજવે છે.
- સંક્ષિપ્તમાં શિક્ષણ પ્રક્રિયાને સરળ, સરસ અને સહજ બનાવવા માટે શિક્ષકે અધ્યાપન પ્રયુક્તિનો ઉપયોગ કરવો જોઈએ.
- ટૂંકમાં :
- 'Teaching devices are the Teacher's tools and if good work is to be produced, the rights way.'

***- A.H. Garlick***

- વર્ગ વ્યવહાર હંમેશાં પરિસ્થિતિજન્ય હોય છે. આયોજનનું જડબેસલાક માળખું ચાલી શકતું નથી. ઉપરાંત પદ્ધતિને અસરકારક બનાવવા પ્રયુક્તિઓ વાપરવી જ પડે છે. ક્યાંક વર્ણન કરવું પડે, ક્યાંક સ્પષ્ટતાઓ કરવી પડે, ઉદાહરણથી સિદ્ધાંત સમજાવવો પડે. શિક્ષણ રસપ્રદ બને અને વિદ્યાર્થીઓની સામેલગીરી માટે સતત પ્રશ્નો પૂછવા પડે. ભલે પદ્ધતિ કથન ચર્ચા હોય તે સફળ બને છે. આ બધી પ્રયુક્તિઓના કારણે.

## ૧૬.૩ પ્રયુક્તિઓનું મહત્ત્વ : Importance of Technique

★ પ્રયુક્તિઓનું મહત્ત્વ નીચેના મુદ્દાઓ દ્વારા સમજી શકાય :

(૧) પદ્ધતિને સફળ બનાવવામાં સહાયક બને છે.

(૨) શિક્ષણકાર્ય અસરકારક બનાવી શકાય છે.

(૩) શિક્ષણ કાર્ય રસમય બને છે.

(૪) વિદ્યાર્થીઓની સક્રિયતામાં વધારે કરી શકાય છે.

(૫) શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે વિચાર વિનિમય વધે છે.

(૬) વિદ્યાર્થીઓ પોતાના વિષયની પૂરક માહિતી મેળવી શકે છે.

(૭) વિષયવસ્તુ અંગેની સંકલ્પના સ્પષ્ટ થાય છે. પારિભાષિક શબ્દો અને વિચારોની સ્પષ્ટતા થાય છે.

(૮) સમય મર્યાદામાં અભ્યાસક્રમ પૂરો કરવામાં મદદરૂપ થાય છે.

(૯) વિદ્યાર્થીઓ ગોખણપટ્ટીમાંથી મુક્ત બને છે.

(૧૦) વિદ્યાર્થીઓને વિવિધ અનુભવો પ્રાપ્ત થાય છે.

(૧૧) આયોજનના જડબેસલાક માળખાની મર્યાદાઓ દૂર કરે છે.

(૧૨) શિક્ષણ કાર્ય ઉત્તમ અને પ્રાણવાન બને છે.

(૧૩) વર્ગખંડમાં સમૃદ્ધ જીવન સર્જાય છે.

## ૧૬.૪ સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં વિવિધ પ્રયુક્તિઓ :

★ સામાજિક વિજ્ઞાન શિક્ષણ કાર્ય વધુ અસરકારક બને તે માટે વિવિધ પ્રયુક્તિઓનો ઉપયોગ કરવામાં આવે છે. શિક્ષણકાર્ય વધુ ઉત્તમ અને ક્રિયાશીલ બનાવવા માટે પ્રયુક્તિનો ઉપયોગ કરવો જરૂરી છે. શિક્ષણકાર્ય વધુ રસવંતુ અને વાસ્તવિક બનાવવા પ્રયુક્તિનો ઉપયોગ કરવો જરૂરી છે.

★ પ્રયુક્તિઓ :

* પ્રશ્ન પ્રયુક્તિ * કથન પ્રયુક્તિ * વર્ણન પ્રયુક્તિ * ઉદાહરણ પ્રયુક્તિ
* ક્ષેત્રકાર્ય * મુલાકાત * મોજણી * નિદર્શન પ્રયુક્તિ
* અવલોકન પ્રયુક્તિ * નાટ્યીકરણ પ્રયુક્તિ
* દ્રઢીકરણ પ્રયુક્તિ * સમીક્ષા પ્રયુક્તિ

★ આમ સામાજિક વિજ્ઞાનમાં વિવિધ પ્રયુક્તિઓનો ઉપયોગ થાય છે. વિવિધ પ્રયુક્તિઓનો ઉપયોગ જુદાં જુદાં હેતુઓ સિદ્ધ કરવા અલગ અલગ પ્રસંગે થાય છે, તેના ઉપયોગથી જ્ઞાનની પ્રાપ્તિ પ્રભાવશાળી અને સરળ બને છે. પ્રયુક્તિઓનો સામાન્ય રીતે સ્વતંત્રપણે ઉપયોગ થતો નથી, તે કોઈને કોઈ શિક્ષણ પદ્ધતિ સાથે સંકળાયેલી હોય છે.

## ૧૬.૫ ક્ષેત્રકાર્ય : (Field Work)

**(૧) પ્રસ્તાવના :**

★ ક્ષેત્રકાર્ય એટલે સ્થળ પર જઈને કરવાનું કાર્ય. ક્ષેત્રકાર્ય માટે સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં વિશાળક્ષેત્ર પડેલું છે.

★ સ્થાનિક સર્વે અને આર્થિક બાબતોની સામાજિક મોજણી એક પ્રકારનાં ક્ષેત્રકાર્યો છે, તેમજ બેંકની મુલાકાત, કંપની મુલાકાત.

★ સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં ક્ષેત્રકાર્ય વધારે ઉપકારક બની રહે છે કારણ કે ક્ષેત્રકાર્યથી સ્થળ વિશેષ કે પ્રદેશ વિષેશનો અથાર્થ ખ્યાલ મેળવી શકાય છે. ક્ષેત્રકાર્ય દ્વારા વિદ્યાર્થીઓને પ્રાયોગિક કાર્યની તાલીમ મળી રહે છે.

★ સામાજિક વિજ્ઞાન વિષયક પ્રવૃત્તિઓની સ્પષ્ટ સમજ મેળવવા, વધુ અભ્યસ માટે માહિતી એકઠી કરવા ક્ષેત્રકાર્ય અત્યંત આવશ્યક છે. વિદ્યાર્થીઓ અવલોકન, સંગ્રહ, મુલાકાત, પ્રશ્નોત્તરી વગેરે સામાજિક વિજ્ઞાન શિક્ષણ મેળવે તો તે વ્યવહારુ બની રહે છે.

★ ક્ષેત્રકાર્ય અંગે હજી શિક્ષણક્ષેત્રે બેદરાકરી પ્રવર્તે છે, પરંતુ આયોજિત ક્ષેત્રકાર્ય પુસ્તકોની પણ પૂર્તિ કરે છે.

**(૨) ક્ષેત્રકાર્ય કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો :**

★ ક્ષેત્રકાર્ય કરવા માટે પહેલા આયોજનની જરૂરી પડે છે. આયોજન વગર કોઈ પણ કાર્ય સફળ બની શકે નહીં.

★ દા.ત. – બેંકની મુલાકાતે જવાનું હોય તો પહેલા તે અંગેનું આયોજન કરવું ખાસ જરૂરી છે.

★ ક્ષેત્રકાર્યનું આયોજન કરતી વખતે નીચેની બાબતોનું ધ્યાન રાખવું જોઈએ :

**આયોજન**

| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) |
|---|---|---|---|---|---|---|
| એકમની પસંદગી | હેતુઓ માટેની પદ્ધતિ | કાર્ય અનુભવો | શૈક્ષણિક | તારણ | પરિણામ | મૂલ્યાંકન |

**[૧] એકમની પસંદગી :**

★ ક્ષેત્રકાર્ય માટે એકમની પસંદગી અગાઉથી કરવી જોઈએ. એકમની પસંદગી વિદ્યાર્થીઓના વિસ્તારને ધ્યાનમાં રાખી કરવી જોઈએ. દા.ત. – બેંકની મુલાકાત, ઉદ્યોગો

**[૨] હેતુઓ :**

★ ક્ષેત્રકાર્ય શા માટે તેનો પ્રથમ વિચાર કરવો જોઈએ. કયો હેતુ સ્પષ્ટ કરવાનો છે તે વિચારવું જોઈએ. હેતુ નક્કી કર્યા પછી તે પ્રમાણે તેનું આયોજન વિચારી શકાય. દા.ત. – જ્ઞાન, સમજ, ઉપયોગ, કૌશલ્ય વગેરે.

**[૩] કાર્ય માટેની પદ્ધતિ :**

★ જે સ્થાનનું ક્ષેત્રકાર્ય કરવાનું છે તે સ્થળ અંગેની માહિતી કઈ પદ્ધતિને ધ્યાનમાં રાખીને કરવાનું છે તે પ્રથમ નક્કી કરવું જોઈએ. પદ્ધતિની પસંદગી પ્રમાણે વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન આપવું જોઈએ.

**[૪] શૈક્ષણિક અનુભવો :**

★ ક્ષેત્રકાર્ય દ્વારા વિદ્યાર્થીઓમાં કયા શૈક્ષણિક અનુભવો પૂરા પાડવાના છે તે પ્રથમ નક્કી કરવું જોઈએ.

**[૫] તારણો, પરિણામ :**

★ વિદ્યાર્થીઓએ સ્થળ ઉપર રૂબરૂ જઈને મેળવેલી માહિતીના આધારે તારણોની યાદી તૈયાર કરવી જોઈએ. ક્ષેત્રકાર્ય દરમિયાન શું પ્રાપ્ત થયું ?

**[૬] મૂલ્યાંકન :**

★ સમગ્ર ક્ષેત્રકાર્યની કામગીરી પૂર્ણ થયા બાદ વિદ્યાર્થીઓએ શું મેળવ્યું તેની ચકાસણી થવી જોઈએ. મૂલ્યાંકનના પરિણામના આધારે હેતુઓની સિદ્ધિ જાણી શકાય છે.

**(૩) ક્ષેત્રકાર્યનું મહત્ત્વ :**

– ક્ષેત્રકાર્યનું મહત્ત્વ નીચે પ્રમાણે છે :

[૧] વિદ્યાર્થીને પ્રત્યક્ષ મુલાકાતા દ્વારા એકમને લગતું શિક્ષણ પ્રાપ્ત થાય છે.

[૨] વિદ્યાર્થી પોતાના વિસ્તાર એકમોથી માહિતગાર થાય છે.

[૩] વિદ્યાર્થીઓ હિસાબી નોંધની શાસ્ત્રીય સમજ કેળવાય છે.

[૪] વિદ્યાર્થી પોતાના વિસ્તારમાં આવેલ સંસ્થાની માહિતી એકત્ર કરવાનું કૌશલ્ય પ્રાપ્ત થાય છે.

[૫] વિદ્યાર્થીઓની અવલોકન વૃત્તિને ઉત્તેજન પ્રાપ્ત થાય છે.

[૬] વિદ્યાર્થીઓમાં લોકશાહી ઢબે કામ કરવાની ટેવનો વિકાસ થાય છે.

[૭] વિદ્યાર્થીઓમાં હિસાબી ચોપડાઓ, પત્રકો ફાઈલિંગ વગેરે તૈયાર કરવાનું કૌશલ્ય પ્રાપ્ત થાય છે.

[૮] વિદ્યાર્થીઓને પ્રાયોગિક કાર્ય કરવની તાલીમ મળે છે.

[૯] વિદ્યાર્થીઓ કેટલાંક પારિભાષિકશબ્દોની સ્પષ્ટતા કરી શકે છે.

[૧૦] વિદ્યાર્થીઓ અન્ય વિષય સાથેનો સંબંધ જાણીને સમજી શકે છે.

[૧૧] વિદ્યાર્થીઓમાં હિસાબી નોંધને લગતાં દસ્તાવેજોની સંગ્રહ કરવાની ટેવનો વિકાસ થાય છે.

**(૪) ક્ષેત્રકાર્ય અંગેની કાર્યપદ્ધતિ :**

★ ક્ષેત્રકાર્યની કાર્ય પદ્ધતિ વૈજ્ઞાનિક, વ્યવસ્થિત અને તર્કબદ્ધ હોવી જોઈએ. પ્રશ્નોત્તરી અને ચર્ચા દ્વારા આવી સમગ્ર કાર્યપદ્ધતિ નક્કી થવી જોઈએ. પૂર્વ તૈયારી રૂપે નીચેની બાબતો ધ્યાનમાં રાખી કાર્યપદ્ધતિ નક્કી કરવી જોઈએ :

[૧] મુલાકાતનો સમય અને દિવસ નક્કી કરી લેવો જોઈએ. સમયગાળો પણ નિશ્ચિત કરી લેવો જોઈએ.

[૨] માર્ગદર્શકની વ્યવસ્થા કરી લેવી જોઈએ.

[૩] જૂથકાર્યની સોંપણી વ્યવસ્થિત રીતે કરવી જોઈએ.

[૪] જરૂરી સામગ્રી પ્રત્યેક જૂથને આપવી જોઈએ.

[૫] વિદ્યાર્થીઓને ક્ષેત્રકાર્યનાં વિવિધ સાધનોથી પરિચિત કરવાં જોઈએ.

[૬] જૂથ રચના વ્યવસ્થિત રીતે કરવી જોઈએ

## ૧૬.૬ મુલાકાત : (Interview)

**(૧) પ્રસ્તાવના :**

★ વિદ્યાર્થીઓ જે વિસ્તારમાં રહેતાં હોય તે વિસ્તારના લોકોના, સંસ્થાઓ વગેરે કેવી રીતે કામકાજ કરે છે, કેવી રીતે ઉત્પાદન થાય છે. ઉત્પાદન કરવા માટે કાચો માલ, તૈયાર વગેરેની માહિતી મેળવવી જરૂરી બને છે. ઉત્પાદન પ્રક્રિયામાં કઈ કઈ વસ્તુઓની જરૂર પડે છે. સંસ્થાની મુલાકાત એ એક પ્રકારનો સ્થાનિક સર્વેક્ષણનું કાર્ય છે.

★ આજુબાજુના વિસ્તારોમાં આવેલાં કારખાનાનો સર્વે કરવાનો, કારખાના વિશે, કામદારો વિશે, તૈયાર થતાં માલ વિશે સર્વે કરવો અને તેના આધારે માહિતી મેળવવી.

★ ગામની નજીકની ફેક્ટરી, કારખાનાં, કુટિર ઉદ્યોગો કે મિલોની મુલાકાત ગોઠવવી.

★ દા.ત. – આણંદમાં નજીક આવેલ અમુલ ડેરીની મુલાકાત લઈ માહિતી મેળવવી.

★ નિરીક્ષણ કે અવલોકનથી સ્થાનિક સર્વેક્ષણ થઈ શકે છે. આ માટે પૂર્વ આયોજન કરવું જરૂરી છે તો જ અપેક્ષિત માહિતી એકઠી કરી શકાય.

★ આ માહિતી મેળવવા માટે મુલાકાત, પ્રશ્નાવલિનો ઉપયોગ કરી શકાય. મળેલ માહિતીનો એક અહેવાલ તૈયાર કરવાનો હોય છે.

**(૨) અર્થ :**

★ સામાજિક વિજ્ઞાનનો વિદ્યાર્થી જે વિસ્તારમાં વસતો હોય તે વિસ્તારના લોકોની આર્થિક મોજણી કે સર્વેક્ષણ કરવું તેને સ્થાનિક સર્વેક્ષણ કહેવામાં આવે છે.

★ સ્થાનિક સર્વેક્ષણ કરવા માટે મુલાકાત કરવી પડે તેને મુલાકાત કહેવામાં આવે છે.

- જે તે સ્થળની માહિતી મેળવવા માટે સ્થળ પર જવું તેને મુલાકાત કહેવામાં આવે છે.
- સામાજિક વિજ્ઞાનનાં વિદ્યાર્થીઓને સૈદ્ધાંતિક જ્ઞાનને વ્યવહારિક અને જીવંત જ્ઞાનની ભૂમિકા પૂરી પાડવા માટે ખૂબ મહત્ત્વનું ગણવામાં આવે છે. વિદ્યાર્થીઓ વિવિધ સંસ્થાઓના અવલોકન દ્વારા જ્ઞાન મેળવીને સમજવાનો પ્રયત્ન જાતે કરે છે.
- મુલાકાત એટલે કે બે કે તેથી વધુ વ્યક્તિઓ વચ્ચે કોઈ હેતુસર કરવામાં આવતી વાતચીત.
- સામાજિક વિજ્ઞાનનાં વિષયમાં વિદ્યાર્થીઓને પ્રાયોગિક કાર્ય શીખવવું ખૂબ જરૂરી છે, તે માટે સંસ્થાની મુલાકાત કરવી જરૂરી બને છે. વિદ્યાર્થીઓને વર્ગમાં આવતું શિક્ષણ અને વાસ્તવિક ધંધાકીય માહિતી વચ્ચેનો સેતુ બને છે. પ્રત્યક્ષ મુલાકાત દ્વારા દર્શન કરી માહિતી એકત્રિત કરવી, પ્રત્યક્ષ હિસાબોનું નિરીક્ષણ કરવું જે એક અસરકારક પ્રયુક્તિ છે.
- અધ્યાપન પ્રક્રિયામાં મુલાકાત એ સૌથી વધુ ઉપયોગી અને અસરકારક પ્રવિધિ છે, જે માત્ર વ્યક્તિની માહિતી મેળવવાનું જ સાધન ન બની રહેતાં વ્યક્તિનાં વર્તન—વ્યવહાર તેમજ વ્યક્તિમાં રહેલ શક્તિઓને ઓળખવાનું ઉત્તમ માધ્યમ બની શકે છે. શિક્ષક અને વિદ્યાર્થી બંને એક જ પ્લેટફોર્મ પર પ્રત્યક્ષ રીતે મળે છે, બંને વચ્ચે કોઈક ઉદ્દેશથી કરવામાં આવેલ ગંભીર વાતચીત .
- સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં મુલાકાતો ખૂબ ઉપયોગી અને અસરકારક પ્રવિધિ છે. સામાજિક વિજ્ઞાનમાં મુલાકાત દ્વારા વિદ્યાર્થીઓને ઘણુંબધું શીખવી શકાય તેમ છે. મુલાકાત દ્વારા વિદ્યાર્થીઓ પ્રત્યક્ષ શિક્ષણ દ્વારા સાચું અને સમૃદ્ધ શિક્ષણ પ્રાપ્ત કરી શકે તેમ છે.

**(૩) ઉપયોગિતા :**

– સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં મુલાકાત દ્વારા નીચે પ્રમાણે ફાયદાઓ પ્રાપ્ત કરી શકાય :

[૧] મુલાકાત દ્વારા જે તે એકમનું પ્રત્યક્ષ અવલોકન કરી શકે છે.

[૨] જે તે એકમની સમસ્યાનું સમાધાન કરી શકે છે.

[૩] જે તે એકમની સ્થાપના અંગે વિચારણા કરી શકે છે.

[૪] જે તે એકમની ઉપયોગિતાની મુલવણી કરી શકે છે.

[૫] જે તે એકમની મુલાકાત દ્વારા વ્યાવહારિક જીવનમાં ઉપયોગ કરી શકે છે.

[૬] જે તે એકમમાં વ્યવહાર આત્મવિશ્વાસ સાથે કરી શકે છે.

[૭] વિદ્યાર્થીઓમાં આંતરસૂઝનો વિકાસ કરાવી શકાય છે.

[૮] જે તે એકમની મુલાકાત દ્વારા જે તે એકમના અધિકારીની જવાબદારી કેવી હોય છે, તેનું ભાન થાય છે.

[૯] જે તે એકમની ઉત્પાદન પ્રક્રિયા કઈ રીતે થાય છે તેનું પ્રત્યક્ષ દર્શન કરી શકે છે.

*** બેંકોની મુલાકાત :**

– આજુબાજુમાં આવેલી વિવિધ બેંકોની મુલકાત દ્વારા વિદ્યાર્થીઓ નીચેની માહિતી પ્રાપ્ત કરી શકે :

[૧] બેંક એટલે શું તેની સમજ પ્રાપ્ત કરી શકે.

[૨] બેંકમાં ખાતું ખોલાવવાની વિધિ અંગે સમજ મેળવે.

[૩] બેંકના પ્રકાર વિશે માહિતી મેળવે, જેવી કે વ્યાપારી બેંકો, વિનિયમ બેંકો, ઔદ્યોગિક બેંકો, સહકારી બેંકો, જમીન વિકાસ બેંકો, મધ્યસ્થ બેંક, આંતરરાષ્ટ્રીય બેંક વગેરે.

[૪] બેંકોના કાર્યો વિશે માહિતી મેળવે.

[૫] બેંક વ્યાજ અંગે મહિતી મેળવે.

[૬] બેંકની કુલ થાપણો કેટલી તે અંગે માહિતી મેળવે.

[૭] સેલ્ફ ડિપોઝિટ વોલ્ટ તેમજ તેનું ભાડું વગેરેથી માહિતગાર બને.

[૮] ચેક અને તેના પ્રકાર વિશે જાણે.

[૯] ડ્રાફ્ટ અંગે જાણકારી મેળવે.

[૧૦] હૂંડીના પ્રકારથી માહિતગાર થાય.

★ પ્રથમ સત્રમાં જુદી જુદી બેંકોની મુલાકાત લઈ જરૂરી માહિતી ભેગી કરી શકાય. ભેગી કરેલી માહિતી ઉપરથી તેના ઉપર ચર્ચા કરી શકાય. ભેગી કરેલી માહિતીની જરૂરી ચર્ચા થવાથી બેંક વિશેનો ખ્યાલ સ્પષ્ટ થઈ શકે. બેંક વિશેના વિદ્યાર્થીનો ખ્યાલ સ્પષ્ટ થઈ શકે તેમ જ તેમને વ્યાવહારિક જીવનમાં ઉપયોગી થઈ શકે.

* **ભાગીદારી પેઢી :**

– ભાગીદારી પેઢીની મુલાકાત દ્વારા નીચેના જેવી કેટલીક બાબતો સ્પષ્ટ થઈ શકે :

[૧] ભાગીદારી પેઢી એટલે શું ? તેનાં લક્ષણો વિશે માહિતી મેળવી શકે.

[૨] ભાગીદારી કરાર એટલે શું ? તેનું મહત્ત્વ શું છે તેની માહિતી મેળવી શકે.

[૩] ભાગીદારીના પ્રકારો વિશેની માહિતી પ્રાપ્ત કરે.

[૪] ભાગીદારી પેઢીની નોંધણીમાં સમાવેશ કરવામાં આવતી કેટલીક બાબતો અંગે ખ્યાલ મેળવી શકે.

[૫] ભાગીદારી પેઢીના પ્રકારો વિશે જરૂરી માહિતી મેળવી શકે.

[૬] ભાગીદારી કયા ધંધામાં અનુકૂળ છે તેનો સ્પષ્ટ ખ્યાલ આવી શકે.

★ ભાગીદારી પેઢીની જેમ અન્ય એકમોની મુલાકાત દ્વારા જરૂરી માહિતી પ્રાપ્ત કરી શકે. દા.ત. – વૈયક્તિક માલિકી કંપની, સહકારી મંડળી, ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર કંપની, ઈફ્કો, ઉદ્યોગ, કૃષિ વગેરે.

**(૪) મુલાકાત ગોઠવી શકાય તેવા સ્થળો :**

| | |
|---|---|
| [૧] વિવિધ સ્થળોની મુલાકાત | [૧૦] કુદરતી સંસાધનો |
| [૨] વિશિષ્ટ વ્યક્તિઓની મુલાકાત | [૧૧] કૃષિ |
| [૩] બેંકોની મુલાકાત | [૧૨] ઉદ્યોગ |
| [૪] બજારની મુલાકાત | [૧૩] વન્ય જીવન |
| [૫] ડેરીની મુલકાત | [૧૪] ભૂસ્તરીય રચના |
| [૬] વિવિધ સ્થળોની મુલાકાત | [૧૫] જળ |
| [૭] ભાગીદારી પેઢીની મુલાકાત | |
| [૮] કંપનીની મુલાકાત | |
| [૯] સહકારી મંડળીની મુલાકાત | |

**(૫) તમારા વિસ્તારમાં આવેલી ઔદ્યોગિક કંપનીની મુલાકાતનુંઆયોજન કઈ રીતે કરશો ? :**

★ વિદ્યાર્થીઓ ઔદ્યોગિક સંસ્થાની મુલાકાત લે તે ખૂબ જરૂરી છે. મુલાકાત દ્વારા કંપની વિશેની માહિતી ભેગી કરી શકે છે, તેના આધારે મેળવેલ માહિતીને આધારે તેનો અહેવાલ તૈયાર કરવો જરૂરી છે.વાણિજ્યનાં વિષયમાં રસ ઉત્પન્ન થાય છે.

[૧] સૌ પ્રથમ તમારા વિસ્તારમાં કઈ કંપની આવેલી છે તેની માહિતી ભેગી કરવાનું જણાવવામાં આવ્યું.

[૨] વિદ્યાર્થીઓ ઔદ્યોગિક એકમની પસંદગી કરીને આવ્યાં અને પછી જણાવવામાં આવે કે તમારે નક્કી કરેલ કંપનીની મુલાકાત લેવાની છે. દા.ત. – એલીકોન કંપની

**(૬) શિક્ષક દ્વારા મુલાકાત લેતી વખતે વિદ્યાર્થીઓએ કઈ કઈ બાબતની જાણકારી મેળવવી તે અંગે જણાવશો દા.ત. – એલીકોન કંપની, આણંદ**

[૧] પ્રથમ કંપનીમાં સ્થાપવાનું વર્ષ, કંપનીનો અર્થ, આર્ટિકલ્સ ઓફ એસોસિએશન વગેરે.

[૨] એલિકોન કંપનીમાં કઈ વસ્તુઓ બને છે તેની મહિતી મેળવવી.

[૩] વર્ષ દરમિયાન કુલ વાર્ષિક ટર્ન ઓવર કેટલું થાય છે તેની માહિતી મેળવવી.

[૪] કંપનીની હિસાબો કેવી રીતે લખે છે તેનો પ્રત્યક્ષ અનુભવો મેળવવો.

[૫] કંપનીમાં રાખવામાં આપવાં ચોપડાઓ અંગેની પ્રત્યક્ષ માહિતી મેળવવી.

[૬] કામદારોની કુલ સંખ્યા, પગાર ધોરણ, કામનો પ્રકાર, લાયકાત વગેરે.

[૭] ટીમવર્ક, સહકારની ભાવના, નેતાગીરી વગેરેની માહિતી મેળવશે.

★ મુલાકાતનું સ્થળ, તારીખ, સમય વગેરેનું આયોજન શું જોવા માંગે છે તે અંગેની નોંધ તૈયાર કરી જણાવવી.

★ કંપની મુલાકાતની તારીખ, સમય અને જવાબદારી જેને આપવામાં આવેલ છે તેનું નામ જણાવશે.

★ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓ 'એલીકોન કંપની' વિશે માહિતી મેળવશે.

★ કંપનીનું વાર્ષિક ટર્ન ઓવર, હિસાબોનું ઓડિટીંગ, વહીવટી ખર્ચ, ખરીદ–વેચાણનું પ્રમાણ, ફાઈલિંગ, રજીસ્ટરો અને ચોપડાઓ યોગ્ય છે.

## ૧૬.૭ પ્રશ્ન પ્રયુક્તિ : (Questioning Technique)

**(૧) પ્રસ્તાવના :**

★ વર્ગખંડમાં શિક્ષક આ પ્રયુક્તિનો ઉપયોગ કરે છે. આ પ્રયુક્તિ વર્ગ ખંડમાં, રોજબરોજના શિક્ષણમાં પ્રશ્ન એ ઉત્તમ ઉત્તેજક છે. શિક્ષકે વિદ્યાર્થીઓને સતત પ્રશ્નો પૂછવા પડે છે.

★ વર્ગમાં વિદ્યાર્થીઓને સક્રિય રાખવાના હોય છે. અધ્યયન પ્રક્રિયાને અસરકારક અને પ્રભાવશાળી બનાવવા પ્રશ્ન પ્રયુક્તિનો ઉપયોગ જરૂરી છે.

– વિદ્યાર્થીઓના જ્ઞાનની ચકાસણી કરવાનો હેતુ હોય છે.

★ વિષયવસ્તુના પેટા મુદ્દાને ગોઠવીને પ્રશ્નો પૂછવામાં આવે છે. પ્રશિક્ષણર્થીઓને પ્રશ્ન પ્રયુક્તિઓના ઉપયોગ અંગે વિશિષ્ટ તાલીમ આપવામાં આવે છે

★ પ્રશ્ન પ્રયુક્તિ એ શિક્ષક અને વિદ્યાર્થી બંને માટે સંયુક્ત પ્રવૃત્તિ છે. શિક્ષક પ્રશ્નો પૂછે, વિદ્યાર્થીઓ સાંભળે, પ્રશ્નનો જવાબ આપે, ઉત્તર વિચારે, શિક્ષક ફરી પ્રશ્ન પૂછે, ઉત્તરમાં સુધારા–વધારા કરે.

★ વર્ગમાં વિદ્યાર્થી–વિદ્યાર્થી વચ્ચે પ્રશ્નોત્તરી થાય છે. આમ પ્રશ્ન પ્રયુક્તિનું સ્થાન વાણિજ્ય શિક્ષણમાં મહત્ત્વનું સ્થાન છે.

**(૨) પ્રશ્ન પ્રયુક્તિના ઉદ્દેશો :**

– નીચેના ઉદ્દેશો ધ્યાનમાં રાખી પ્રશ્ન પ્રયુક્તિનો ઉપયોગ થવો જોઈએ :

[૧] વિદ્યાર્થીઓને સર્જનાત્મક વિચારણા કરવા.

[૨] વિષય મુદ્દાઓની સ્પષ્ટતા માટે.

[૩] વિદ્યાર્થીઓના વિચારોની અસંગતતા દૂર કરવા માટે.

[૪] વિદ્યાર્થીઓની કલ્પના શક્તિના વિકાસ માટે

[૫] વિચાર પ્રેરક પ્રશ્નો દ્વારા વિચારશક્તિને વધારે ઉત્તેજિત કરવા

[૬] પ્રશ્નો–ઉપપ્રશ્નો દ્વારા ચર્ચાનું વાતાવરણ ઊભું કરવા. શા માટે ? કેમ ? કેવી રીતે ? તમારું શું માનવું છે ? જેવા પ્રશ્નો દ્વારા વિવેચનાતમક જાગૃતિ વધારવા.

**(૩) કેવા પ્રશ્ન પૂછવા (સારાં પ્રશ્નના લક્ષણો) :**

[૧] પ્રશ્ન વ્યાકરણ અને ભાષાની દૃષ્ટિએ યોગ્ય હોવા જોઈએ.

[૨] ટૂંકા હોવાં જોઈએ.

[૩] સ્પષ્ટ હોવાં જોઈએ.

[૪] જે તે વિષય મુદ્દા સાથે સુસંગત હોવાં જોઈએ.

[૫] એક જ સંભવિત ઉત્તરવાળા હોય.

[૬] વિદ્યાર્થીના વયકક્ષા અને પૂર્વ જ્ઞાન અનુસાર હોય.

**(૪) કેવા પ્રશ્ન ન પૂછવા :**

[૧] ‘હા’ ‘ના’ માં ઉત્તર મળે તેવા પ્રશ્નો

[૨] પડઘા પ્રશ્નો ન પૂછવા

[૩] સૂચનશીલ પ્રશ્નો ન પૂછવા

[૪] અટકળ જવાબ મળે તેવા પ્રશ્નો ન પૂછવા

[૫] અનિશ્ચિત પ્રશ્નો ટાળવા

[૬] પ્રશ્નોનું પુનરાવર્તન ટાળવું

[૭] સમર્થન માગતાં પ્રશ્નો ન પૂછવા

**(૫) પ્રશ્ન પૂછવાની પ્રક્રિયા :**

[૧] સમગ્ર વર્ગ સમક્ષ પ્રશ્ન મૂકવો.

[૨] પ્રશ્ન પૂછયા પછી વિદ્યાર્થીને થોડો વિરામ આપો.

[૩] યોગ્ય ઝડપે–અવાજથી પ્રશ્નો પૂછવા

[૪] પ્રશ્નનો અગત્યના શબ્દો પર ભાર મૂકવો

[૫] પ્રશ્ન પછી કથન પછી પ્રશ્નચર્ચા એમ બનવું જોઈએ

[૬] જરૂર હોય ત્યારે જરૂરી હાવભાવ કરવા.

**(૬) પ્રશ્ન પ્રયુક્તિના લાભ :**

[૧] અધ્યાપન કાર્ય સરળ બને છે.

[૨] શિક્ષક–વિદ્યાર્થી વચ્ચે વધારે આંતર વ્યવહાર થાય છે.

[૩] વર્ગ ખંડમાં શૈક્ષણિક વાતાવરણ સર્જાય છે.

[૪] વધારે વિદ્યાર્થીઓ શિક્ષણકાર્યમાં ભાગીદાર બને છે.

[૫] શિક્ષકને પક્ષે વધારે બોલવાની જરૂર પડતી નથી.

[૬] વિદ્યાર્થી કેન્દ્ર સ્થાન–તેને વિચારવાની તક આપવામાં આવે છે, વિચારનો સ્વીકાર થાય છે.

[૭] વિદ્યાર્થીઓની માનસિક શક્તિઓનો વિકાસ થાય છે.

[૮] વિદાર્થીઓ સ્વ અધ્યયન કરતો થાય છે.

[૯] શૈક્ષણિક સાધનોનો અર્થ પૂર્ણ ઉપયોગ થાય છે.

[૧૦] વિદ્યાર્થી ધ્યાન કેન્દ્રીત કરતાં થાય છે.

**(૭) પ્રશ્ન પ્રયુક્તિની મર્યાદાઓ :**

[૧] પ્રશ્નનું બંધારણ બરાબર ન હોય તો ધાર્યા ઉત્તર મળતાં નથી, ત્યારે શિક્ષકને મૂંઝવણ ઊભી થાય છે.

[૨] વધુ પ્રશ્નો પૂછવાથી વિદ્યાર્થીઓ કંટાળાનો અનુભવ કરે છે.

[૩] પ્રશ્નો ક્રમિક ન હોય તો ત્યારે વિદ્યાર્થીઓની વિચાર પ્રક્રિયામાં અવરોધ ઊભા થાય છે.

[૪] લાંબો પ્રશ્ન કે ઝડપથી પૂછાયેલો પ્રશ્ન અવ્યવસ્થા સર્જે છે.

## ૧૬.૮ ઉદાહરણ પ્રયુક્તિ : (Illustration Technique)

**(૧) પ્રસ્તાવના :**

- સિદ્ધાંત, નિયમ કે ખ્યાલને વધારે સારી રીતે સમજાવવા માટે ઉદાહરણ પ્રયુક્તિ અસરકારક ઉપાય છે.
- પરિસ્થિતિ, પદાર્થ, ખ્યાલ, બોધ, સિદ્ધાંત નિયમ, વગેરે જેમાં લાગુ પડતું હોય તે ઉદાહરણ.
- ઉદાહરણનો અર્થ થાય છે દાખલો, દૃષ્ટાંત. આપણે રોજબરોજના વ્યવહારમાં પણ કેટલાક દૃષ્ટાંત આપીને સામેની વ્યક્તિને આપણી વાત ઠસાવી શકીએ છીએ.
- ઉદાહરણ વિના વિષયવસ્તુની માહિતી સ્પષ્ટ થતી નથી. જુદાં જુદાં વિષયોમાં ઉદાહરણ આપી પાઠો આપવાથી વધુ અસરકારક બને છે.
- ઉદાહરણો કક્ષા પ્રમાણે, સાદા, સરળ અને વ્યવહારું પ્રમાણમાં રજૂ થાય તેટલા પ્રમાણમાં શિક્ષણમાં સફળતા મળે છે.
- જે ઉદાહરણો આપવામાં આવે છે તે ટૂંકા અને વિષયનેઅનુરૂપ હોવાં જોઈએ, તેમજ વિષય વસ્તુને અનુકૂળ ઉદાહરણનું વિષયાંતર ન થાય તેની કાળજી રાખવી જોઈએ.

**(૨) ઉદાહરણ પ્રયુક્તિનું મહત્ત્વ :**

[૧] વિષયવસ્તુની સ્પષ્ટતા કરાવી શકાય.

[૨] ઉત્તમ વાતાવરણ ઊભું કરાવી શકાય.

[૩] વિદ્યાર્થીઓની જિજ્ઞાસાવૃત્તિનો વિકાસ કરાવી શકાય.

[૪] શિક્ષણ કાર્ય અસરકારક બનાવવા.

[૫] વિદ્યાર્થીઓ લાંબો સમય સુધી યાદ રાખી શકે.

[૬] નિગમન પદ્ધતિનો સરળતાથી ઉપયોગ થઈ શકે.

[૭] પારિભાષિક શબ્દોની સ્પષ્ટતા થઈ શકે.

[૮] વિદ્યાર્થીઓની કલ્પના શક્તિનો વિકાસ કરવા.

[૯] શિક્ષક–વિદ્યાર્થી વચ્ચેનું અંતર ઘટાડવા.

**(૩) ઉદાહરણ પ્રયુક્તિની મર્યાદા :**

[૧] વિષયાંતર થવાની શક્યતા રહેલી છે.

[૨] વધુ સમય જાય છે.

[૩] સામાન્ય શિક્ષક માટે મુશ્કેલરૂપ બને છે.

[૪] શિક્ષક પક્ષે વધુ તૈયારી કરવાની જરૂર પડે છે.

## ૧૬.૯ કથન પ્રયુક્તિ (પ્રવિધિ) (Discussion Technique)

**(૧) પ્રસ્તાવના :**

- વિવિધ પ્રયુક્તિઓમાં ઉચ્ચત્તર માધ્યમિક કક્ષાએ પ્રયુક્તિનો ઉપયોગ વધુ પ્રમાણમાં થતો જોવા મળે છે. સામાજિક વિજ્ઞાનમાં શિક્ષક દ્વારા વિષયવસ્તુની સમજ આપવી જરૂરી છે. સામાજિક વિજ્ઞાન માત્ર સ્વ અધ્યયનો વિષય નથી. શિક્ષક જે તે એકમ અંગે જ્ઞાન મેળવીને વિદ્યાર્થીઓ સમક્ષ એકમ અંગેની માહિતી આપે છે. વિદ્યાર્થીઓ સારી રીતે સમજી શકે તે માટે માહિતી આપવી જરૂરી છે, તેથી જ સામાજિક વિજ્ઞાન શિક્ષક માટે કથન પ્રયુક્તિ ખૂબ જ જરૂરી છે. કથન પ્રયુક્તિ રસપ્રદ અને અસરકારક હોય તે માટે રસ જળવાઈ રહે, તેમજ વિષયવસ્તુ અંગે સ્પષ્ટ માહિતી મેળવી શકે.

**(૨) કથન પ્રયુક્તિનો અર્થ :**

- કથન એટલે બીજાને કંઈક કહેવું.
- જે વ્યક્તિએ કથન કરવાનું છે તે વ્યક્તિ માહિતી મેળવીને બીજી વ્યક્તિને આપે છે, એટલે કે શિક્ષક જે તે એકમની માહિતી મેળવીને વિદ્યાર્થીઓને જણાવે છે.
- એક વ્યક્તિ બીજી વ્યક્તિને જરૂરી માહિતી રજૂ કરવાની કળાને કથન પ્રયુક્તિ કહે છે.
- આ પ્રયુક્તિમાં શિક્ષક જે તે બનાવ, ઘટના કે અન્ય બાબત વિશે જે કંઈ બન્યું હોય તે માહિતી મેળવેલ હોય તે જ કહે છે તે એમાં કોઈ પોતાની વાત ઉમેરતો પણ નથી કે કાંઈ બાદ પણ કરતો નથી.
- આ પ્રયુક્તિના ઉપયોગ માટે શિક્ષક પાસે પ્રત્યાયન કૌશલ્ય હોવું જરૂરી છે. કોઈ પણ શિક્ષક માટે આ પ્રયુક્તિના ઉપયોગની કળા પાયાની બાબત છે.
- કથન એક કળા છે, અને શિક્ષકે તેની રજૂઆત વખતે વિષયવસ્તુને કેન્દ્રમાં રાખવાનું હોય છે. આ પ્રયુક્તિમાં ઘટનાઓને તેના અસલ સ્વરૂપમાં રજૂ કરવામાં આવે છે. અહીં શિક્ષકની રજૂઆતની શૈલી મહત્ત્વની બની જાય છે. જો શિક્ષક ઘટનાઓની મૂળ સ્વરૂપે સફળતાથી રજૂ કરી શકે તો શિક્ષણ પ્રક્રયાને સફળ બનાવી શકે છે.
- અહીં શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેનો સંપર્ક જરૂરી છે. સંપર્કનું માધ્યમ તે ઘટનાઓ છે. આ પ્રયુક્તિની સફળતાનો આધાર શિક્ષક પર છે.
- કથન પ્રયુક્તિમાં ...

* વિષય વસ્તુ મહત્ત્વનું હોય છે તેના પર ભાર આપવામાં આવે છે.

- શિક્ષક ઘટના કે બનાવોને અસલ સ્વરૂપે રજૂ કરે છે.
- રજૂઆતમાં ક્રમ સાચવવો પડે છે.
- વાર્તા કથન જેવું તત્ત્વ વધુ જોવા મળે છે.
- હાવભાવને મહત્ત્વ આપવામાં આવે છે.

**(૩) કથન પ્રયુક્તિના ફાયદા :**

**[૧] વર્ગમાં વધુ સંખ્યા :**

- વર્ગમાં વધુ સંખ્યા હોય ત્યારે આ પ્રયુક્તિનો ઉપયોગ કરવો ખૂજ બજ જરૂરી છે. ખાસ કરીને ઉચ્ચત્તર માધ્યમિક કક્ષાએ આ પ્રયુક્તિને વ્યાપક પ્રમાણમાં ઉપયોગ થાય છે.

**[૨] રસદાયી પ્રવૃત્તિ :**

- જો શિક્ષક દ્વારા આપવામાં આવેલ કથન રસપ્રદ હોય, ટૂંકું અને સ્પષ્ટ હોય, હાવભાવ સાથે રજૂઆત કરવામાં આવે તો શિક્ષણની પ્રવૃત્તિ વધારે રસદાયી બનાવી શકાય છે.

**[૩] અભ્યાસક્રમ નિયત સમયમાં પૂર્ણ :**

- કથન પ્રયુક્તિમાં ફક્ત કથન કરવામાં આવતું હોવાથી અભ્યાસક્રમ ઝડપથી પૂર્ણ કરી શકાય છે, કારણ કે કથન એ ઝડપથી ચાલતી પ્રક્રિયા બને છે.

**[૪] વર્ગશિક્ષણ આગળ વધારવા :**

- વર્ગશિક્ષણ આગળ વધારવા આ પ્રયુક્તિ ઉપયોગી બને છે. વચ્ચે કોઈ પ્રશ્નોત્તરી ન થાય તો જે તે એકમ અંગે કથન ચાલતું હોય તે આગળ વધે છે, ઝડપી અભ્યાસક્રમ પૂર્ણ કરી શકાય છે.

**[૫] શિક્ષકની સારી છાપ ઊભી થાય :**

- શિક્ષક તૈયારી સાથે, આયોજનપૂર્વક, હાવભાવ સાથે કથન કરે તો શિક્ષકની સારી છાપ ઊભી કરી શકાય છે. શિક્ષકનું ભાષા પર પ્રભુત્વ હોવું જરૂરી છે.

**(૪) કથન પ્રયુક્તિની મર્યાદા :**

[૧] શિક્ષક દ્વારા રજૂ કરવામાં આવતું કથન લાંબુ હોય, સ્પષ્ટ ન હોય તો વિદ્યાર્થીઓમાં કંટાળો પેદા થાય છે..

[૨] કેટલીકવાર કથન હાયર સેકન્ડરીના વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખીને આપવામાં ન આવે તો કથન કંટાળાજનક બને છે.

[૩] શૈક્ષણિક સાધનોનો ઉપયોગ આ પ્રયુક્તિમાં ખૂબ જ ઓછા પ્રમણમાં થાય છે.

[૪] કથન પ્રયુક્તિમાં વિષયાંતર થવાની શક્યતા રહેલી છે.

[૫] કથન પ્રયુક્તિમાં ક્રમિકતા યોગ્ય રીતે જળવાતી નથી.

[૬] આ પ્રયુક્તિની સફળતાનો આધાર શિક્ષક પર છે. કથન કરવાની શિક્ષકની આવડત જરૂરી છે. તે ન હોય તો સફળતા મળતી નથી. કથન કંટાળાજનક બની જાય છે.

**(૫) કથન પ્રયુક્તિને અસરકારક બનાવવાનાં સૂચનો :**

[૧] જરૂર પૂરતું જ કથન કરવું, સરળતા માટે શિક્ષણકાર્ય કરવા અન્ય પ્રયુક્તિઓનો ઉપયોગ કરવો.

[૨] કથન પ્રયુક્તિમાં જરૂરી ઉદાહરણ પૂરા પાડવા.

[૩] ઉદાહરણ ઉપર પ્રશ્નોત્તરી પ્રયુક્તિનો ઉપયોગ કરવો.

[૪] વિવિધ પ્રકારના શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરીને પણ કથન રસપ્રદ બનાવી શકાય.

[૫] વય કક્ષાને ધ્યાનમાં રાખી કથન પ્રવૃત્તિ કરવી જોઈએ.

[૬] કથન જરૂરી હાવભાવ સાથે અસરકારક બને તે રીતે આયોજન વિચારવું જોઈએ.

[૭] શિક્ષણકાર્ય કરતાં પહેલા અગાઉથી તેનું આયોજન કરવું.

[૮] વિદ્યાર્થીઓ વધુ ભાગીદાર બને તે રીતે આયોજન વિચારવું જોઈએ.

[૯] વિદ્યાર્થીઓમાં રસ વધે તેવું આયોજન વિચારવું જોઈએ.

## ૧૬.૧૦ વર્ણન પ્રયુક્તિ : (Narration Technique)

**(૧) પ્રસ્તાવના :**

- કથન અને વર્ણનમાં સૂક્ષ્મ ભેદ છે. કથન પ્રયુક્તિમાં શિક્ષક જે કાંઈ બન્યું હોય તેનું જ કથન કરે છે, એમાં ઉમેરણ કે બાદબાકી કરવામાં આવતી નથી. જ્યારે વર્ણન પ્રયુક્તિમાં સામાજિક વિજ્ઞાન વિષયક ઘટનાઓ કે બનાવોમાં કલ્પના શક્તિને યોગ્ય રીતે વિકસાવી અને ત્યારબાદ વિદ્યાર્થીઓ તાદૃશ માનસચિત્ર રજૂ કરવાનો સક્રિય પ્રયત્ન કરવાનો હોય છે.
- વર્ણનમાં વિદ્યાર્થીઓ સમક્ષ કાલ્પનિક ચિત્ર રજૂ કરવાનો સતત પ્રયાસ થાય છે. સારી ભાષા

પ્રભુત્વ તેમજ કલ્પના શક્તિ ધરાવતા શિક્ષકો સામાજિક વિજ્ઞાન વિષયક ઘટના કે બનાવનું વર્ણન સારી રીતે કરી શકે છે. શિક્ષણકાર્ય સારું થાય, અસરકારક બને તે માટે શિક્ષક સતત પ્રયત્નશીલ રહે છે.

- વિદ્યાર્થીઓનો વિષય પ્રત્યેનો રસ જગાવવા દરેક શિક્ષકે આ કળા હસ્તગત કરવી જ રહી. વિદ્યાર્થીઓનો શિક્ષણકાર્ય પ્રત્યે રસ જળવાઈ રહે તે પ્રમાણે કૌશલ્ય વિકસાવવું પડે.

**(૨) વર્ણન પ્રયુક્તિ એટલે શું ? :**

- વર્ણન એટલે બીજાને કંઈક કહેવું.
- શિક્ષક જે બનાવ અંગે જે કાંઈ બન્યું હોય તે બાબત અંગે પોતાના વિચારો ઉમેરે છે. કોઈ પણ બનાવ કે ઘટના અંગે વાર્તાના રૂપમાં વર્ણન પોતાની ભાષામાં કરે છે.
- અર્થની દૃષ્ટિએ અંગ્રેજી શબ્દ narration એ narrate માંથી આવ્યો છે. જેનો અર્થ થાય છે વિગતવાર હકીકત કહેવી.
- Narration (નેરેશન)નો અર્થ થાય છે – કથન, બયાન. જ્યારે Narrative (નેરેટિવ)નો અર્થ થાય – કહેલો વૃત્તાંત–કથા વાર્તાના રૂપમાં.

– ગુજરાતી શબ્દ કોશ પ્રમાણે –
વર્ણન એટલે વર્ણવવું કે વર્ણવેલું તેનું બયાન.

- વર્ણનનો પર્યાયી શબ્દ કથન પણ વપરાય છે.
- કથન એટલે કહેવું કે બોલ, વર્ણન, વિવેચન.... આમ ટૂંકમાં જોતાં વર્ણનનો અર્થ 'વાર્તારૂપે હકીકતનું બયાન કરવું તે' એવો થાય.
- વર્ણન કેવું હોય ?

* ટૂંકું હોય
* આરોહ અવરોહવાળું હોય
* સ્પષ્ટ હોય
* રજૂઆત યોગ્ય હોય
* શૈલી આકર્ષક હોય
* વર્ણન સાથે શૈક્ષણિક ઉપકરણનો ઉપયોગ કર્યો હોય

– દરેક વિષયમાં એવી ઘણી બાબતો હોય છે કે વિદ્યાર્થી સ્વપ્રયાસથી સમજી શકતા નથી, તેમાં રહેલાં સિદ્ધાંતો, ઉપયોજન, પ્રક્રિયા, નિષ્કર્ષો વગેરે શિક્ષકે સમજાવવાનાં રહે છે.

- કથન પ્રયુક્તિની મર્યાદાઓ દૂર કરીને, તેમાં વાર્તાનું તત્ત્વ ઉમેરીએ એટલે વર્ણન બને.
- વિષય વસ્તુમાં વાર્તાનું સ્વરૂપ ઉમેરવાથી રસમય બની શકે. વર્ણન દ્વારા શિક્ષક કોઈ પ્રસંગ કે સ્થાનનું ચિત્ર આબેહૂબ ઉપજાવી શકે.
- શિક્ષક આયોજન, વ્યવસ્થાતંત્ર, કર્મચારી વ્યવસ્થા, પ્રોત્સાહન, ઉદ્યોગ, કૃષિ વગેરે બાબતોનું વર્ણન કરીને સમજાવી શકે. શિક્ષક આયોજનનું વર્ણન સરળતાથી વર્ગમાં તેનું સુંદર ચિત્ર ખડું કરી શકે છે, પરંતુ વધુ વર્ણન થાય તો શુષ્કતા આવી જાય.

**(૩) વર્ણન પ્રયુક્તિનું મહત્ત્વઃ**

**[૧] આબેહૂબ ચિત્ર ઉપસાવવા :**

- વર્ણન દ્વારા કોઈ પ્રસંગ, ઘટના, સ્થળ, વ્યક્તિ, મનોભાવનું આબેહૂબ ચિત્ર ઉપસાવી શકાય છે.

[૨] **રજૂઆતમાં ક્રમિકતા લાવવા :**

- વર્ણનને કારણે રજૂઆતમાં ક્રમિકતા આવે છે. ક્રમિકતા આવવાથી વિદ્યાર્થીઓનો રસ જળવાઈ રહે છે.

[૩] **ધ્યાન કેન્દ્રીત કરવા:**

- વર્ણનને કારણે બાળકોનું ધ્યાન વિષયમાં કેન્દ્રીત બને છે. વધુ ધ્યાન આપવાથી વિષય પ્રત્યે રસ વધે છે.

[૪] **રસ જાગૃત કરવા :**

- વર્ણનના આધારે વિદ્યાર્થીઓમાં રસ જાગૃત થાય છે. વિદ્યાર્થીઓ વધુ ધ્યાન આપે છે, રસ ઉત્પન્ન થાય છે.

[૫] **વિષય પ્રત્યે રસ વધારવા :**

- વર્ણનને કારણે વિષય પ્રત્યે રસ વધે છે. વર્ણન વાર્તાના રૂપમાં હોય છે. વાર્તા સાંભળવી વિદ્યાર્થીઓને ગમે છે. વિષય પ્રત્યે રસ વધે છે.

[૬] **કંટાળો દૂર કરવા :**

- વર્ણનના આધારે વિદ્યાર્થીઓમાં કંટાળો દૂર કરવામાં મદદરૂપ થાય છે. વર્ણન રસપૂર્વક કરવામાં આવે છે, એટલે વિદ્યાર્થીઓએ કંટાળાનો અનુભવ કરવો પડતો નથી.

[૭] **આરોહ—અવરોહ વધારવા :**

વર્ણન દ્વારા શિક્ષણકાર્યમાં આરોહ—અવરોહ વધે છે. આરોહ—અવરોહને કારણે જ વર્ણન રસવાળુ બને છે. વર્ણન રસવાળું બનાવવા માટે આરોહ—અવરોહ જરૂરી બને છે.

[૮] **શ્રવણ કૌશલ્ય વિકસાવવા :**

વર્ણન દ્વારા વિદ્યાર્થીઓમાં શ્રવણ કૌશલ્ય વિકસે છે. વર્ણન વિદ્યાર્થીઓએ સાંભળવાનું રહે છે.

[૯] **અભ્યાસક્રમ નિયત સમયમાં પૂર્ણ કરવા :**

- વર્ણનનું કાર્ય ઝડપી થાય છે. ઓછા સમયમાં વધુ માહિતી આપી શકાય છે. અભ્યાસક્રમ નિયત સમયે પૂર્ણ થાય છે. — આ ઉપરાંત....

* નીચલા ધોરણમાં મનગમતી પ્રવૃત્તિ છે.

- શિક્ષક ઉત્તમ વક્તા બને છે.
- ઉત્તમ વર્ણન તેજસ્વી વિદ્યાર્થીઓ માટે પ્રેરણારૂપ બને છે.

(૪) **વર્ણન પ્રયુક્તિની મર્યાદાઓ :**

[૧] **વિદ્યાર્થીઓ નિષ્ક્રિય રહે :**

- વિદ્યાર્થી નિષ્ક્રિય બની, મૂક શ્રોતા બની રહે છે. શિક્ષકનું વર્ણન આરોહ—અવરોહવાળું ન હોય તો વિદ્યાર્થી નિષ્ક્રિય બની જાય છે.

[૨] **આંતર વ્યવહારનો અભાવ :**

- વર્ગમાં શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે ખાસ કોઈ આંતર વ્યવહાર થતો નથી. શિક્ષક દ્વારા જે કંઈ કહેવામાં આવે તે સાંભળવાનું જ રહે છે.

[૩] **શિક્ષકની વિષયવસ્તુ પર ઓછી પકડ:**

- શિક્ષકની વિષય વસ્તુ પર ઓછી પકડ હોય તો આ પ્રયુક્તિ સફળ થતી નથી. શિક્ષકનું વિષય પર પ્રભુત્વ હોવું ખાસ જરૂરી છે.

**[૪] ક્રમિકતાનો અભાવ :**

- વર્ણન ક્રમિક રીતે કરવામાં ન આવે તો વર્ણન વૈજ્ઞાનિક લાગતું નથી. ક્રમિક રસ જાળવવા જરૂરી છે.

**[૫] કંટાળાનો અનુભવ :**

- વર્ણન આયોજન વગરનું, આરોહ—અવરોહ વગરનું તેમજ અન્ય સાધનોનો ઉપયોગ ન કરવામાં આવે હોય તો વિદ્યાર્થીઓને કંટાળાનો અનુભવ થાય છે.

**(૫) વર્ણન પ્રયુક્તિને અસરકારક બનાવવા ધ્યાનમાં રાખવાની બાબતો :**

[૧] એકમને ધ્યનમાં રાખી વર્ણન રજૂ કરવું.

[૨] વર્ણનમાં ક્રમિકતા જળવાય તે બાબત ધ્યાનમાં રાખવી.

[૩] મહત્ત્વના મુદ્દા કે બનાવોનું પુનરાર્વતન કરવું જોઈએ.

[૪] વર્ણનને અનુરૂપ દશ્ય—શ્રાવ્ય સાધનોનો ઉપયોગ કરવો જોઈએ.

[૫] વર્ણન યોગ્ય હોવું જોઈએ, તે લાંબુ ન હોવું જોઈએ તેમજ ટૂંકું પણ ન હોવું જોઈએ.

[૬] રજૂઆત આરોહ—અવરોહ, હાવભાવ સાથે થાય તો કાર્ય રસપૂર્વક થાય.

## ૧૬.૧૧ મોજણી – સર્વેક્ષણ : (Survey)

**(૧) પ્રસ્તાવના :**

- મોજણી એક પ્રકારનું કાર્યક્ષેત્ર જ ગણવામાં આવે છે. વિદ્યાર્થી જે વિસ્તારમાંથી આવતો હોય તે વિસ્તારની મોજણી સાથે સંબંધ સંકળાયેલ છે. વર્ગ ખંડમાં સૈદ્ધાંતિક જ્ઞાન આપવામાં આવે છે, તેનું વ્યાવહારિક જ્ઞાન સ્થાનિક મોજણી દ્વારા મેળવે તો મેળવેલ જ્ઞાન વધુ અસરકારક બને છે.
- કોઈ પણ સ્થળ કે સ્થળની આજુબાજુના પ્રદેશની ધંધાદારી સંસ્થાઓની મોજણી કરવાથી તેની સંપૂર્ણ વિગતો અને હિસાબો બંગેની માહિતી પ્રાપ્ત થાય છે.
- અવલોકનથી પણ સ્થાનિક મોજણી થઈ શકે છે. આ માટે પૂર્વ આયોજન કરવું જરૂરી છે. જરૂરી માહિતી મોજણી દ્વારા મેળવી શકાય છે. તે અંગેનો રીપોર્ટ પણ વિદ્યાર્થીઓ તૈયાર કરી શકે છે.
- દા.ત. – ઉદ્યોગ, કૃષિ, કંપની, સહકારી મંડળી, અમૂલ ડેરી વગેરેની મુલાકાત કરીને જરૂરી માહિતી મેળવી શકાય છે.

**(૨) મોજણીનો અર્થ :**

- વિદ્યાર્થીઓના આસપાસના પ્રદેશના આર્થિક અને પ્રાકૃતિક વાતાવરણનું અધ્યયન એટલે મોજણી.
- સામાજિક વિજ્ઞાનના વિદ્યાર્થી દ્વારા તેના આસપાસનાં વિસ્તાર કે ધંધાકીય એકમોનું અધ્યયન એટલે મોજણી.
- સામાજિક વિજ્ઞાનનો વિદ્યાર્થી જે વિસ્તારમાં નિવાસ કરતો હોય તે વિસ્તારના લોકો તેમજ ઉદ્યોગ—વેપાર, ધંધાને લગતી માહિતી પ્રાપ્ત કરે છે તેને મોજણી કહે છે.
- વિદ્યાર્થીઓને વર્ગખંડની ચાર દિવાલોમાંજ શિક્ષણ આપવાને બદલે શાળા બહાર જ્ઞાન પ્રાપ્ત કરવાના હેતુને ધ્યાનમાં રાખી આ પ્રયુક્તિની રચના કરવામાં આવી છે.
- વિદ્યાર્થી વર્ગખંડમાં સૈદ્ધાંતિક જ્ઞાન મેળવે છે. તેનું વ્યવહારિક જ્ઞાન વર્ગની બહાર મેળવે તે જરૂરી છે. તે જ્ઞાન ચિરસ્થાયી હોય છે. લાંબો સમય સુધી યાદ રાખી શકે છે. મેળવેલ જ્ઞાન

અંગે કોઈ સમસ્યા હોય તો તેનો ઉકેલ મોજણી દ્વારા આવે છે. વિદ્યાર્થીઓને આ જ્ઞાન આપવું જરૂરી છે.

- સ્થાનિક મોજણી કરવાથી વિદ્યાર્થીઓમાં વિવિધ કૌશલ્યો વિકસાવવામાં મદદરૂપ થાય છે, તેમજ વિદ્યાર્થીઓને ક્રિયાશીલ બનાવી શકાય છે. વિદ્યાર્થીઓને પ્રવૃત્તિ પણ આપી શકાય છે.
- જ્ઞાન મેળવવાના સાધનથી પરિચિત પણ થાય છે. લઘુતાગ્રંથિ પણ દૂર થાય છે. અભિવ્યક્તિ કરવાનો વિકાસ પણ થાય છે. સંકોચ ધરાવનાર વિદ્યાર્થીઓ નાના જૂથમાં બોલતા થાય છે.
- દા.ત. – ઉદ્યોગ, કૃષિ, વન્ય જીવન, ગ્રાહક સુરક્ષા

**(૩) મોજણીના ફાયદા :**

– મોજણી પ્રયુક્તિના ફાયદા નીચે પ્રમાણે મેળવી શકાય છે :

**[૧] વ્યક્તિગત તફાવતો સંતોષાય :**

- મોજણી પ્રયુક્તિથી વિદ્યાર્થી પાસે જે પ્રકારની શક્તિ હોય તે પ્રમાણે કાર્ય કરી શકે છે. ધીમા વિદ્યાર્થીઓ પોતાની શક્તિ પ્રમાણે કાર્ય કરી શકે છે.

**[૨] સામાજિકતાનો વિકાસ :**

- વિદ્યાર્થીઓમાં સામાજિકતાનો વિકાસ થઈ શકે છે. મોજણીનું કાર્ય સાથે જૂથમાં કરવાનું હોય છે. એકબીજાના સહકારથી કાર્ય કરવાનું હોય છે. આથી સામાજિકતાનો વિકાસ વિદ્યાર્થીઓમાં થાય છે.

**[૩] મેળવેલ જ્ઞાન લાંબો સમય યાદ રાખી શકે :**

- પ્રાપ્ત કરેલ જ્ઞાન ચિરસ્થાયી બને છે, તેથી વિદ્યાર્થીઓ લાંબો સમય સુધી યાદ રાખી શકે છે. મોજણીનું જ્ઞાન પ્રત્યક્ષ મળે છે.

**[૪] નવરાશના સમયનો ઉપયોગ :**

- વિદ્યાર્થીઓ જો નવરાશના સમયે વિવિધ સંસ્થાઓની મુલાકાત લે તો વિવિધ માહિતી એકત્રિત કરી શકે છે. વિદ્યાર્થી ફાજલ સમયનો યોગ્ય ઉપયોગ કરી શકે છે.

**[૫] વ્યવહારિક જીવનમાં ઉપયોગી :**

- મોજણી દ્વારા મેળવેલ જ્ઞાન વિદ્યાર્થીઓના વ્યવહારિક જીવનમાં ઉપયોગી બને છે. સ્થાનિક મોજણી દ્વારા હિસાબી ચોપડાઓ તૈયાર કરવાનું કૌશલ્ય નમૂનાઓ, પત્રકો, દસ્તાવેજો વગેરેનો સર્વે કરીને વ્યાવહારિક જીવનમાં ઉપયોગી બને છે.

**[૬] વિવિધ સંસ્થાઓની માહિતી :**

- મોજણી દ્વારા વિદ્યાર્થીઓને પોતાના વિસ્તારમાં કઈ સંસ્થા આવેલી છે. આવેલ સંસ્થાઓની મુલાકાત લે છે, તેનાથી પરિચિત થાય છે. વિદ્યાર્થીઓ પોતાના વિસ્તારની ધંધાદારી સંસ્થાઓ, તેનાં કાર્યો અને ઉપજથી માહિતગાર બને છે.

**[૭] વિષયવસ્તુના જ્ઞાનની સ્પષ્ટતા :**

- મોજણી દ્વારા વિષય વસ્તુ અંગેનું જ્ઞાન સ્પષ્ટ બને છે.
- દા.ત. – બેંકની મુલાકાત લેવાથી વિદ્યાર્થીઓને બેંકના વિવિધ ખાતાઓ, બેંકના કાર્યો, ચેક અને તેના પ્રકાર, કાર્ય વ્યવસ્થા વગેરેથી પરિચિત થાય છે. ઉદ્યોગની મુલાકત લેવાની વિષયવસ્તુની સ્પષ્ટતા થાય.

**[૮] વિવિધ કૌશલ્યનો વિકાસ :**

- મોજણી દ્વારા વિદ્યાર્થીઓમાં વિવિધ કૌશલ્યોનો વિકાસ કરાવી શકાય છે.

- દા.ત. – અવલોકન શક્તિ, નિરીક્ષણ શક્તિ, તર્કશક્તિ, નોંધ કરવાની શક્તિ, ચિંતન કરવાની શક્તિ વગેરે.

**[૯] પારિભાષિક શબ્દોની સમજ :**

- મોજણી દ્વારા વિવિધ વિસ્તારોની સંસ્થાઓની મુલાકાત લેવામાં આવતી હોવાને કારણે અધ્યેતામાં કેટલાંક પારિભાષિક શબ્દોની સમજ વધુ સ્પષ્ટ બને છે.
- દા.ત. – સંદેશા વ્યવહાર અને વ્યાપાર

**[૧૦] રોજગારીની તકોની માહિતી :**

- વ્યવહારુ, રોજગારીની તકોથી વાકેફ થાય છે. પોતાના વિસ્તારમાં કઈ રોજગારીની તકો રહેલી છે. તે માટે જરૂરી લાયકાત વગેરેનો ખ્યાલ આવે છે. રોજગારી માટે કેવી શક્તિ જોઈએ તેનાથી માહિતગાર થાય છે.

**(૪) મોજણીની મર્યાદા :**

**[૧] વધુ સમય :**

- આ પ્રયુક્તિનો ઉપયોગ કરવામાં વધુ સમય જાય છે, તેનું આયોજન કરવું પડે છે. મુલાકાત લેવામાં વધુ સમય જાય છે.

**[૨] ખર્ચાળ :**

- મોજણી પદ્ધતિમાં વિવિધ સંસ્થાઓની મુલાકાત લેવામાં આવતી હોવાથી મુલાકાત માટેનો ખર્ચ કેટલીકવાર ખૂબ જ વધુ પ્રમાણમાં આવે છે. સ્થળ પર આવવા જવાના ભાડાનો ખર્ચ, જમવાનો ખર્ચ અને ચા–પાણી નાસ્તાનો ખર્ચ થાય છે. આ ઉપરાંત કેટલીકવાર દૂર સ્થળ હોય તો રહેવાનો ખર્ચ પણ વધે છે..

**[૩] આયોજનનો અભાવ :**

- મોજણી કાર્ય કરતાં પહેલાં શિક્ષકે યોગ્ય આયોજન કરવું પડે છે અને મોજણીની બધી જ વિગતો નક્કી કરવી પડે છે તથા તે પ્રમાણે યોગ્ય આયોજન દ્વારા આગળ વધવાનું હોય છે, પરંતુ કેટલીકવાર અસરકારક આયોજન કરવામાં આવ્યું ન હોય તો મોજણીનો હેતુ સ્પષ્ટ થતો નથી. શિક્ષક પાસે આયોજન કરવાની આવડત ન હોય તો પણ નિષ્ફળ જાય છે.

**[૪] જટિલ વહીવટી પ્રશ્નો :**

- મોજણી માટે જટિલ વહીવટી પ્રશ્નો ઊભા થાય છે. શાળામાંથી બહાર જવું હોય તો મંડળની પરવાનગી, જે સ્થળે જવાનું છે તેની પરવાનગી લેવી પડે છે. પરવાનગી લેવામાં ઘણા બધા વહીવટી પ્રશ્નો ઊભા થાય છે.

**[૫] આળસુ શિક્ષક :**

- મોજણી કરવા માટે વિદ્યાર્થીઓને તૈયાર કરવા, પરવાનગી લેવી, આયોજન કરવું, ખર્ચનો અંદાજ મેળવવો વગેરે માટે શિક્ષકની આવડત માગી લે છે. આળસુ શિક્ષક આ બધી બાબતો કરી શકતો નથી. આયોજન વગર કાર્ય સફળ થતું નથી.

**(૫) મોજણીના સોપાનો :**

[૧] મોજણી માટેનો એકમ નક્કી કરવો.

[૨] મોજણીનો હેતુ સ્પષ્ટ કરવો.

[૩] મોજણી અંગેનો સમય નક્કી કરવો.

[૪] મોજણી અંગેની પદ્ધતિ અને સાધન સામગ્રી નક્કી કરવા.

[૫] મોજણી અંગે અવારનવાર મુશ્કેલી અંગે વિદ્યાર્થીઓને વાકેફ કરવા.

[૬] મોજણી અંગેનો અહેવાલ તૈયાર કરવો.

[૭] મોજણી અંગે જૂથ વિભાજન કરવું.

[૮] મોજણીનું મૂલ્યાંકન કરવું.

[૯] યોગ્ય નેતાની પસંદગી કરવી.

**(૬) મોજણી પદ્ધતિનો અમલ :**

**[૧] એકમની પસંદગી :**

- સામાજિક વિજ્ઞાનના વિષયમાં વિદ્યાર્થીઓને સૌ પ્રથમ જણાવવામાં આવે છે કે તમારા વિસ્તારમાં આવેલ કોઈ પણ ધંધાદારી સંસ્થાની પસંદગી કરીને આવે. વિદ્યાર્થીઓ ઔદ્યોગિક એકમની પસંદગી કરીને આવે છે અને શિક્ષકને જણાવે છે.

**[૨] જરૂરી માર્ગદર્શન :**

- પસંદ કરેલ એકમ અંગે શિક્ષકે વિદ્યાર્થીઓએ કઈ કઈ બાબતો અંગેની માહિતી પ્રાપ્ત કરવી તેની જાણકારી અને માર્ગદર્શન આપે છે.
- દા.ત. – ભૂમિ અને લોકો, કુદરતી વનસ્પતિ, લોકજીવન

**[૩] જૂથ વિભાજન :**

- એકમ પસંદ કર્યા પછી મુલાકાત માટેનું આયોજન કરવાનું હોય છે.
- એકમના પેટા વિભાગ કેટલાં છે, તે પ્રમાણે જૂથમાં કાર્ય આપી શકાય.
- મુલાકાતનો સમય મેળવવામાં આવે.

**[૪] મુલાકાતનો સમય નક્કી કરવો :**

- આયોજન કર્યા પછી મુલાકાત માટેનો સમય નક્કી કરવામાં આવે. કયા ઉદ્યોગની મુલાકાત માટે જવાનું છે તે માટે મુલાકાતનો સમય નક્કી કરવામાં આવે. મેનેજર સાથે પત્ર વ્યવહાર કરવામાં આવે. તારીખ અને સમય નક્કી કરવો.

**[૫] મુલાકાતનો હેતુ જણાવવો :**

- મેનેજરને મુલાકાતનો હેતુ જણાવવામાં આવે. બેંક વિશે કઈ કઈ માહિતી મેળવવા માગીએ છીએ તે જણાવવામાં આવે. મેળવવાની માહિતી અંગે નોંધ કરવામાં આવે તેમજ અગાઉથી તૈયારી કરવામાં આવે.

**[૬] મુલાકાતની પરવાનગી આપવી :**

- કોઈ પણ ધંધાદારી સંસ્થા મોજણી માટેની છૂટ આપે છે. મોજણી માટે સંસ્થામાંથી કોઈ વ્યક્તિને જવાબદારી સોંપવામાં આવે છે, તેની જાણ પણ આપણને કરવામાં આવે છે. પત્રમાં મુલાકાતની તારીખ અને સમય જણાવવામાં આવે છે.

**[૭] મુલાકાતે જવું :**

- નક્કી કરેલાં સમયે અને તારીખે મુલાકાતે મોજણી માટે વિદ્યાર્થીઓ જાય છે ઘણાં વિદ્યાર્થીઓ પ્રત્યક્ષ અનુભવો પણ પ્રાપ્ત કરે છે.
- ઉદ્યોગ વિશેની જરૂરી માહિતી મેળવવામાં આવે છે. તેની જરૂરી નોંધ કરવામાં આવે છે. રીપોર્ટર તેની નોંધ કરે છે. પ્રશ્નોત્તરી દ્વારા માહિતી મેળવવામાં આવે છે.

**[૮] અહેવાલ વાંચન :**

- નક્કી કરેલ મુલાકાત દરમિયાન કરેલ ઉદ્યોગ વિશેની નોંધનો અહેવાલ વર્ગ સમક્ષ રજૂ કરવામાં આવે છે, તેમાં જરૂર જણાય તો સુધારા વધાર સાથે રીપોર્ટ તૈયાર કરવામાં આવે છે.

[૯] **મૂલ્યાંકન કાર્ય :**

- મોજણી પછી વિદ્યાર્થીઓએ કરેલું જ્ઞાન પ્રાપ્ત કર્યું તેનું મૂલ્યાંકન કરવામાં આવે છે, તેમાં રહેલી ખામી જણાય તો ફરી વખત મોજણી સમયે સુધારી શકાય.
- શિક્ષક પોતાની અનુકૂળતા મુજબ મૂલ્યાંકન કરે છે. જેમ કે,

  ૧) મૌખિક

  ૨) લેખિત

  ૩) રીપોર્ટના આધારે

  ૪) જૂથચર્ચા દ્વારા

– આ રીતે સામાજિક વિજ્ઞાનમાં બેંક વિશેની મોજણી કરીને માહિતી મેળવીને નોંધ કરી, રીપોર્ટ તૈયાર કરવામાં આવે છે.

- બીજા એકમોમાં પણ મોજણી કાર્ય હાથ ધરી શકાય.
- દા.ત.

  ૧) ઉદ્યોગ

  ૨) વન્ય જીવન

  ૩) આબોહવા

  ૪) કુદરતી વનસ્પતિ

  ૫) લોકજીવન

## ૧૬.૧૨ સારાંશ : Let us sum up

- પ્રયુક્તિને ટેકનિક કહેવાય છે. કલાત્મક વસ્તુ નિર્માણ કરવાની રીત–પ્રક્રિયા, કલા–કૌશલ્ય.
- ટૂંકમાં શિક્ષણ પ્રક્રિયાને સરસ, સરળ અને સહજ બનાવવા શિક્ષકે અધ્યાપન પ્રયુક્તિનો ઉપયોગ કરવો જોઈએ.
- **પ્રયુક્તિઓનું વર્ગીકરણ :**

  - અધ્યાપન પ્રયુક્તિઓ (શિક્ષકલક્ષી)
    - વર્ણન
    - ઉદાહરણ
    - સ્પષ્ટીકરણ
    - પ્રશ્નો પૂછવા
  - અધ્યયનની પ્રયુક્તિઓ (વિદ્યાર્થીલક્ષી)
    - કા.પા. કાર્ય
    - ગૃહકાર્ય
    - પૂરક વાંચન

- અધ્યાપન–અધ્યયન દરયિમાન કલાત્મક રીતે શિક્ષણકાર્ય થાય તે માટેનું કલાકૌશલ્ય વિશિષ્ટ યુક્તિ કે કરામત તે જ પ્રયુક્તિ.
- શિક્ષણકાર્ય વધુ સારું અને અસરકારક બનાવવા માટે વિવિધ પ્રયુક્તિનો ઉપયોગ કરવામાં આવે છે. શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે વિચાર વિનિમય વધે છે. વિદ્યાર્થીઓની સક્રિયતામાં વધારો થાય છે.
- **ક્ષેત્રકાર્ય :**

– સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં સ્થળ પર જઈ માહિતી મેળવવામાં આવે છે.

દા.ત. – ભારતનું ન્યાયતંત્ર

– કુદરતી વનસ્પતિ આપત્તિ

– વ્યવસ્થાપન ઉદ્યોગો

– કુદરતી સંસાધનો

– હસ્ત અને લલિતકલા

– ઉપરોક્ત બાબતો અંગે સ્થળ પર કાર્ય થઈ શકે તેમ છે. સ્થળ પર જઈ વિશેષ પ્રમાણમાં માહિતી મેળવી શકાય છે.

- **મુલાકાત :**

– મુલાકાત દ્વારા પણ વિશેષ પ્રમાણમાં માહિતી મેળવી શકાય છે.

– કુદરતી વનસ્પતિ અંગે સ્થળ પર જરૂરી માહિતી મેળવી શકાય છે.

– શિક્ષણકાર્ય વધુ સારું બને તે માટે વિવિધ પ્રયુક્તિનો ઉપયોગ કરી શકાય છે.

– પ્રશ્ન પ્રયુક્તિ, વર્ણન પ્રયુક્તિ, ઉદાહરણ પ્રયુક્તિ, કથન પ્રયુક્તિ

– ચારેય પ્રયુક્તિઓ શિક્ષણકાર્ય સારું બનાવવા માટે વર્ગમાં ઉપયોગ થાય છે.

- **મોજણી :**

વિદ્યાર્થી જે વિસ્તારમાંથી આવતો હોય તે વિસ્તારમાં આવેલ માહિતીનું સર્વેક્ષણ કરવું.

## ૧૬.૧૩ એકમ સ્વાધ્યાય : Unit Exercises

**૧. મુદ્દાસર ઉત્તર આપો :**

(૧) મુલાકાત એટલે શું ?

(૨) મુલાકાત ગોઠવી શકાય તેવા સ્થળોની માહિતી આપો.

**૨. ટૂંકા ઉત્તર આપો :**

(૧) પ્રયુક્તિ એટલે શું ?

(૨) પ્રયુક્તિની બે મહત્ત્વની બાબતો જણાવો.

(૩) સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં બે પ્રયુક્તિઓ જણાવો.

(૪) ક્ષેત્રકાર્ય એટલે શું ?

(૫) ક્ષેત્રકાર્યમાં ધ્યાનમાં રાખવાની બે બાબતો જણાવો.

(૬) ક્ષેત્રકાર્યના મહત્ત્વની બે બાબતો જણાવો.

(૭) મુલાકાતનો અર્થ જણાવો.

(૮) મુલાકાતની બે ઉપયોગિતા જણાવો.

(૯) મુલાકાત ગોઠવી શકાય તેવા બે સ્થળો જણાવો.

(૧૦) ઉદાહરણ પ્રયુક્તિ એટલે શું ?

(૧૧) ઉદાહરણ પ્રયુક્તિની મહત્ત્વની બે બાબતો જણાવો.

(૧૨) ઉદાહરણ પ્રયુક્તિની બે મર્યાદાઓ જણાવો.

(૧૩) કથન પ્રયુક્તિ એટલે શું ?

(૧૪) કથન પ્રયુક્તિના બે ફાયદાઓ જણાવો.

(૧૫) કથન પ્રયુક્તિની બે મર્યાદાઓ જણાવો.

(૧૬) મોજણી એટલે શું ?

૩. **બહુ વિકલ્પ પ્રશ્નો**

૧) સંસ્થાની મુલાકાત શા માટે જરૂરી છે ?

(૧) પ્રત્યક્ષ જ્ઞાન આપવા (૨) મનોરંજન કરવા

(૩) કંટાળો દૂર કરવા (૪) પ્રવાસ કરવા

૨) સંસ્થાની મુલાકાત દ્વારા વિદ્યાર્થીઓમાં કયા ગુણો વિકસાવી શકાય ?

(૧) સહકારની ભાવના (૨) બૌદ્ધિક વિકાસ

(૩) મનોરંજનની ભાવના (૪) શારીરિક વિકાસ

૩) વિદ્યાર્થીઓને મુલાકાત દ્વારા સંસ્થામાંથી શું જાણવા મળે છે ?

(૧) હિસાબો લખવાની રીત (૨) બેંક સાથેની મુલાકાત

(૩) મેનેજરની માહિતી (૪) કુલ ઉત્પાદન

૪) પ્રયુક્તિ એટલે શું ?

(૧) ખાસ યુક્તિ (૨) ખાસ વાતચીત

(૩) વ્યવહાર (૪) એક પણ નહિ

૫) પ્રયુક્તિ શા માટે જરૂરી છે ?

(૧) ગોખણપટ્ટીમાંથી મુક્તિ (૨) વિચાર વિનિમય ઘટે

(૩) સ્વ અધ્યયન કરતાં શીખે (૪) સ્વયં શિસ્ત આવે

- **બહુવિકલ્પ પ્રશ્નોના જવાબ :**

〈૧〉 પ્રત્યક્ષ જ્ઞાન આપવા 〈૨〉 સહકારની ભાવના

〈૩〉 હિસાબો લખવાની રીત 〈૪〉 ખાસ યુક્તિ

〈૫〉 ગોખણપટ્ટીમાંથી મુક્તિ

**૧૬.૧૪ તમારી પ્રગતિ ચકાસો :**

(૧) પ્રયુક્તિ એટલે શું ?

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(૨) પ્રયુક્તિઓના બે મહત્ત્વ જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(૩) ક્ષેત્રકાર્ય એટલે શું ?

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(૪) ક્ષેત્રકાર્ય વખતે ધ્યાનમાં રાખવાની બે બાબતો

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(૫) ક્ષેત્રકાર્યના બે મહત્ત્વ જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(૬) ક્ષેત્રકાર્ય અંગેની બે કાર્ય પદ્ધતિ જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(૭) મુલાકાત એટલે શું ?

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(૮) મુલાકાતની બે ઉપયોગિતા જણાવો.

.................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

(૯) મુલાકાત ગોઠવી શકાય તેવા બે સ્થળોના નામ

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

(૧૦) પ્રશ્ન પ્રયુક્તિ એટલે શું ?

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

(૧૧) પ્રશ્ન પ્રયુક્તિના બે ઉદ્દેશ જણાવો.

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

(૧૨) સારા પ્રશ્નનાં બે લક્ષણ જણાવો

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

(૧૩) કેવા પ્રશ્ન ન પૂછવાં જોઈએ તે જણાવો. (કોઈ પણ બે)

....................................................................

....................................................................

....................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

(૧૪) પ્રશ્ન પૂછવાની બે પ્રક્રિયા જણાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

(૧૫) પ્રશ્ન પ્રયુક્તિના બે લાભ જણાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

(૧૬) પ્રશ્ન પ્રયુક્તિની બે મર્યાદા જણાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

(૧૭) ઉદાહરણ પ્રયુક્તિનો અર્થ

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

(૧૮) ઉદાહરણ પ્રયુક્તિના બે મહત્ત્વ જણાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

(૧૯) ઉદાહરણ પ્રયુક્તિની બે મર્યાદા જણાવો.

..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................

(૨૦) કથન પ્રયુક્તિનો અર્થ

..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................

(૨૧) કથન પ્રયુક્તિના બે ફાયદા જણાવો.

..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................

(૨૨) કથન પ્રયુક્તિની બે મર્યાદા જણાવો.

..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................

(૨૩) કથન પ્રયુક્તિને અસરકારક બનાવવાની બે બાબતો જણાવો.

..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................

(૨૪) વર્ણન પ્રયુક્તિ એટલે શું ?

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

(૨૫) વર્ણન પ્રયુક્તિના મહત્ત્વની બે બાબત જણાવો

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

(૨૬) વર્ણન પ્રયુક્તિની બે મર્યાદા જણાવો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

(૨૭) વર્ણન પ્રયુક્તિને અસરકારક બનાવવાની બે બાબત જણાવો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

(૨૮) મોજણીનો અર્થ

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

(૨૯) મોજણીના બે ફાયદા જણાવો.

..............................................................................

..............................................................................

..............................................................................

........................................................................
........................................................................
........................................................................

## ૧૬.૧૬ તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો : (Answers to Check Your Progress)

**(૧) પ્રયુક્તિ એટલે શું ?**

- પ્રયુક્તિ એટલે ટેકનિક
- અધ્યાપન–અધ્યયન દરમિયાન કલાત્મક રીતે શિક્ષણકાર્ય થાય તે માટે કલા કૌશલ્ય વિશિષ્ટ યુક્તિ કે કરામત તે જ પ્રયુક્તિ.

**(૨) પ્રયુક્તિઓના મહત્ત્વની બે બાબતો :**

〈૧〉 શિક્ષણકાર્ય રસમય બને છે.

〈૨〉 વિદ્યાર્થીઓની સક્રિયતામાં વધારો કરી શકાય છે.

**(૩) ક્ષેત્રકાર્યનો અર્થ :**

- ક્ષેત્રકાર્ય એટલે સ્થળ પર જઈને કરવાનું કાર્ય.

**(૪) ક્ષેત્રકાર્ય વખતે ધ્યાનમાં રાખવાની બે બાબતો :**

- જતાં પહેલાં આયોજન કરવું

〈૧〉 એકમની પસંદગી કરવી

〈૨〉 હેતુઓ સ્પષ્ટ કરવાં

**(૫) ક્ષેત્રકાર્ય મહત્ત્વની બે બાબતો :**

〈૧〉 વિદ્યાર્થીને પ્રત્યક્ષ મુલાકાત દ્વારા એકમને લગતું શિક્ષણ પ્રાપ્ત થાય છે.

〈૨〉 વિદ્યાર્થી પોતાના વિસ્તારના એકમોથી માહિતગાર થાય છે.

**(૬) ક્ષેત્રકાર્ય અંગેની કાર્ય પદ્ધતિ– બે બાબતો**

〈૧〉 મુલાકાતનો સમય અને તારીખ નક્કી કરવી.

〈૨〉 માર્ગદર્શકની વ્યવસ્થા કરવી.

**(૭) મુલાકાતનો અર્થ :**

- સામાજિક વિજ્ઞાનનો વિદ્યાર્થી જે વિસ્તારમાં વસતો હોય તે વિસ્તારના લોકોની આર્થિક મોજણી કે સર્વેક્ષણ કરવું તેને સ્થાનિક સર્વેક્ષણ કહેવામાં આવે છે.

**(૮) મુલાકાતની બે ઉપયોગિતા**

〈૧〉 સમસ્યાનું સમાધાન થાય છે.

〈૨〉 જે તે એકમની સ્થાપના અંગે વિચારણા કરી શકે છે.

**(૯) મુલાકાત ગોઠવી શકાય તેવી બે બાબતો :**

〈૧〉 ડેરીની મુલાકાત

〈૨〉 બેંકોની મુલાકાત

**(૧૦) પ્રશ્ન પ્રયુક્તિનો અર્થ :**

- પ્રશ્ન પૂછવાની ટેકનિકને પ્રયુક્તિ કહેવાય છે.
- કેવા પ્રશ્નો, કઈ રીતે, હાવભાવ સાથે વગેરેનો વિચાર એટલે પ્રશ્ન પ્રયુક્તિ કહી શકાય.

**(૧૧) પ્રશ્ન પ્રયુક્તિઓના બે ઉદ્દેશો :**

〈૧〉 વિદ્યાર્થીઓમાં સર્જનાત્મક વિચારણા કરાવવી

〈૨〉 વિષયમુદ્દાની સ્પષ્ટતા માટે.

**(૧૨) સારા પ્રશ્નના બે પ્રકારો :**

〈૧〉 પ્રશ્ન વ્યાકરણ અને ભાષાની દૃષ્ટિએ યોગ્ય હોવાં જોઈએ.

〈૨〉 ટૂંકા પ્રશ્નો હોવાં જોઈએ

**(૧૩) કેવાં પ્રશ્ન ન પૂછવાં જોઈએ ?**

〈૧〉 'હા' કે 'ના' માં ઉત્તર આપે તેવા પ્રશ્નો ન પૂછવાં જોઈએ.

〈૨〉 સૂચનશીલ પ્રશ્નો ન પૂછવાં જોઈએ.

**(૧૪) પ્રશ્ન પૂછવાની પ્રક્રિયાની બે બાબતો :**

〈૧〉 સમગ્ર વર્ગ સમક્ષ પ્રશ્ન મૂકવો.

〈૨〉 પ્રશ્ન પૂછ્યા પછી વિદ્યાર્થીઓને થોડો વિરામ આપવો.

**(૧૫) પ્રશ્ન પ્રયુક્તિના બે લાભ :**

〈૧〉 અધ્યાપન કાર્ય સરળ બને છે.

〈૨〉 શિક્ષક–વિદ્યાર્થી વચ્ચે વધારે આંતરિક વ્યવહાર થાય છે.

**(૧૬) પ્રશ્ન પ્રયુક્તિની બે મર્યાદા :**

〈૧〉 પ્રશ્નનું બંધારણ અયોગ્ય હોય તો પ્રશ્નનો ઉત્તર મળતો નથી.

〈૨〉 પ્રશ્ન ખૂબ લાંબો હોય.

**(૧૭) ઉદાહરણ પ્રયુક્તિનો અર્થ :**

- ઉદાહરણનો અર્થ થાય છે દાખલો, દૃષ્ટાંત
- વિષય વસ્તુની માહિતી સ્પષ્ટ કરવા માટે ઉદાહરણનો ઉપયોગ કરીએ છીએ.

**(૧૮) ઉદાહરણ પ્રયુક્તિની મહત્ત્વની બે બાબતો :**

〈૧〉 વિષયવસ્તુની સ્પષ્ટતા કરાવી શકાય.

〈૨〉 શિક્ષણકાર્ય અસરકારક બનાવી શકાય.

**(૧૯) ઉદાહરણ પ્રયુક્તિની બે મર્યાદા :**

〈૧〉 વિષયાંતર થવાની શક્યતા રહેલી છે.

〈૨〉 વધુ સમય જાય છે.

**(૨૦) કથન પ્રયુક્તિનો અર્થ :**

- કથન એટલે બીજાને કંઈક કહેવું.
- એક વ્યક્તિ બીજી વ્યક્તિને જરૂરી માહિતી રજૂ કરવાની કળાને કથન પ્રયુક્તિ કહે છે.

**(૨૧) કથન પ્રયુક્તિના બે લાભ :**

〈૧〉 વર્ગમાં વધુ સંખ્યા હોવાથી જરૂરી બન્યો છે.

〈૨〉 રસદાયી પ્રવૃત્તિ છે.

**(૨૨) કથન પ્રયુક્તિના બે મર્યાદા :**

〈૧〉 કથન ખૂબ જ લાંબું હોય તો વિદ્યાર્થીઓમાં કંટાળાનો અનુભવો થાય છે.

〈૨〉 શૈક્ષણિક સાધનોનો ઓછો ઉપયોગ થાય છે.

**(૨૩) કથન પ્રયુક્તિને અસરકારક બનાવવાની બે બાબતો :**

〈૧〉 જરૂર પડે તેટલું જ કથન કરવું.

〈૨〉 કથન પ્રયુક્તિમાં જરૂરી ઉદાહરણ મૂકવા.

**(૨૪) વર્ણન પ્રયુક્તિનો અર્થ :**

- વર્ણન એટલે બીજાને કંઈક કહેવું.

**(૨૫) વર્ણન પ્રયુક્તિની મહત્ત્વની બે બાબતો :**

〈૧〉 આબેહૂબ ચિત્ર ઉપસાવવા.

〈૨〉 રજૂઆતમાં ક્રમિકતા લાવી શકાય.

**(૨૬) વર્ણન પ્રયુક્તિની બે મર્યાદા :**

〈૧〉 વિદ્યાર્થીઓ નિષ્ક્રિય રહે છે.

〈૨〉 આંતર વ્યવહારનો અભાવ

**(૨૭) વર્ણન પ્રયુક્તિને અસરકારક બનાવવાની બે બાબતો :**

〈૧〉 એકમને ધ્યાનમાં રાખી વર્ણન કરવું.

〈૨〉 વર્ણનમાં ક્રમિકતા જળવાઈ રહે તે બાબત ધ્યાનમાં રાખવી.

**(૨૮) મોજણીનો અર્થ :**

- વિદ્યાર્થીઓના આસપાસના પ્રદેશના આર્થિક અને પ્રાકૃતિક વાતાવરણનું અધ્યયન એટલે મોજણી.

**(૨૯) મોજણીના બે ફાયદા :**

〈૧〉 વ્યક્તિગત તફાવત સંતોષાય

〈૨〉 સામાજિકતાનો વિકાસ

## ૧૬.૧૭ સૂચિત વાંચન સામગ્રી : Suggested Readings


૧. બારૈયા વી.વી. તથા અન્ય : અર્થશાસ્ત્ર શિક્ષણ પદ્ધતિ, પ્રતીક પ્રકાશન, આણંદ

૨. બારૈયા વી.વી. તથા અન્ય : વાણિજ્ય શિક્ષણ પદ્ધતિ, પ્રતીક પ્રકાશન, આણંદ